Extra Ordinary Part - IX / 1994

Extra No.	Date	Department
Extra No.1	19-01-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.2	21-01-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.3	21-01-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.4	27-01-1994	Legal Department
Extra No.5	31-01-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.6	10-02-1994	Gujarat Legislature Secretariat
Extra No.7	10-02-1994	Gujarat Legislature Secretariat
Extra No.8	11-02-1994	Gujarat Legislature Secretariat
Extra No.9	15-02-1994	Gujarat Legislature Secretariat
Extra No.10	15-02-1994	Gujarat Legislature Secretariat
Extra No.11	16-02-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.12	22-02-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.13	22-02-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.14	03-03-1994	Gujarat Legislature Secretariat
Extra No.15	03-03-1994	Gujarat Legislature Secretariat
Extra No.16	03-03-0994	Gujarat Legislature Secretariat
Extra No.17	06-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.18	08-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.19	15-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.20	16-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.21	16-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.22	17-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.23	24-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.24	31-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.25	31-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.26	31-03-1994	Legislative & Parliamentary Affairs Department

Extra No.	Date	Department
Extra No.27	31-03-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.28	13-04-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.29	22-04-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.30	27-04-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.31	12-05-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.32	16-05-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.33	31-05-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.34	07-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.35	09-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.36	10-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.37	10-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.38	11-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.39	11-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.40	13-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.41	13-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.42	13-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.43	18-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.44	23-06-1994	Gujarat Legislature Secretariat
Extra No.45	23-06-1994	Gujarat Legislature Secretariat
Extra No.46	28-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.47	28-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.48	30-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.49	30-06-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.50	01-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.51	06-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.52	06-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.53	13-07-1994	Gujarat Legislature Secretariat

Extra No.	Date	Department
Extra No.54	13-07-1994	Gujarat Legislature Secretariat
Extra No.55	13-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.56	14-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.57	15-07-1994	Gujarat Legislature Secretariat
Extra No.58	15-07-1994	Gujarat Legislature Secretariat
Extra No.59	22-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.60	27-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.61	27-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.62	27-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.63	27-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.64	27-07-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.65	04-08-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.66	05-08-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.67	08-08-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.68	11-08-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.69	18-08-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.70	31-08-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.71	14-09-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.72	17-09-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.73	29-09-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.74	17-10-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.75	17-10-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.76	17-10-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.77	28-10-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.78	14-11-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.79	09-12-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.80	16-12-1994	Legislative & Parliamentary Affairs Department

Extra No.	Date	Department
Extra No.81	17-12-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.82	17-12-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.83	17-12-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.84	21-12-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.85	23-12-1994	Legislative & Parliamentary Affairs Department
Extra No.86	23-12-1994	Legislative & Parliamentary Affairs Department

Extra No. 1

REGISTERED NO. G/GNR/4

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JANUARY 19, 1994/PAUSA 29, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪.

તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 1 OF 1994.

THE GUJARAT MOTOR TRANSPORT VEHICLES TOLL (AMENDMENT) BILL, *1994.*

A BILL

to amend the Gujarat Motor Transport Vehicles Toll Act, 1992.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ—૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧.

ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા અધિનિયમ, ૧૯૯૨ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી રાશી અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા (સુધારા) અધિનિયમ ૧૯૯૪' કહેવાશે.

(૨) તે સન ૧૯૯૩ના સપ્ટેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૯૨નો ગુજરાતનો ૭મો.

સન ૧૯૯૨ના ગુજરાતના ૭ મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

૨. ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા અધિનિયમ ૧૯૯૨ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં કલમ ૩માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૧) તત્સમય પૂરતા અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગુજરાત રાજ્યની બહાર હકૂમત ધરાવતા સત્તાધિકારીએ મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ હેઠળ આપેલ અથવા આપેલ હોવાનું ગણવામાં આવેલ પરમિટ હેઠળ ફેરવવામાં આવતાં મોટર ટ્રાન્સપોર્ટ વાહનના ગુજરાત રાજ્યમાંના દરેક પ્રવેશ ઉપર, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા દરે દરેક વાહન દીઠ રૂપિયા એકસોથી વધુ ન હોય તેટલા દરે નાકાવેરો લેવો અને વસૂલ કરવો જોઈશે."

સન ૧૯૯૩નો ગુજરાત વટહુકમ.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) ગુજરાત ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા (સુધારા) વટહુકમ ૧૯૯૩ આથી રદ કરવામા આવે છે.

(૨) એવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ટ્રક ચાલકોના મુખ્ય યુનિયન અખિલ ભારતીય મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસે જુદાં જુદાં રાજ્યોની બહાર રજિસ્ટર થયા, પ્રમાણેના ટ્રાન્સપોર્ટ વાહનોના, તેવા રાજ્યોમાં તેમના પ્રવેશ વખતે તેવા રાજ્યોએ નાંખેલ પથકર (નાકાવેરો) નાબૂદ કરવાની માંગણી કરી હતી. કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય હતો કે આ રીતે કર નાંખવાનું આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યને પ્રોત્સાહિત કરવા માટે હિતકારક નથી. એવી ધારણા છે કે આવો વેરો જ્યાં જ્યાં અમલમાં છે ત્યાંથી તે નાબૂદ કરવામાં નહિ આવે તો, દરેક રાજ્ય, આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યને વધુ અવરોધો તરફ દોરી જતો વેરો નાંખશે જે સક્રિય હિતમાં નથી. વાહનવ્યવહાર વિકાસ સમિતિ જેમાં રાજ્ય સરકાર પણ પક્ષકાર હતી તેણે બોલાવેલી સભામાં, તારીખ ૧લી સપ્ટેમ્બર ૧૯૯૩ થી પથકર નાબૂદ કરવા માટે સર્વાનુમતે

INDEX

સામાન્ય નીતિ વિષયક નિર્ણય લેવામાં આવ્યો હતો. આના લીધે રાજ્યોને થતી આવકની ખાદ્ય ભરપાઈ કરવા માટે રાષ્ટ્રીય પરમિટની સંયુકત ફીના દર સુધારીને વધારવાનું નક્કી કરવામાં આવ્યું હતું, તેથી રાજ્યપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરવામાં આવે, તેવા રૂપિયા એકસોથી વધુ ન હોય તેવા દરે મોટર વાહનો ઉપર નાકાવેરા લેવા માટે રાજ્ય સરકારને અધિકૃત કરવા માટે ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા અધિનિયમ, ૧૯૯૨ની કલમ--૩ સુધારવાનું જરૂરી જણાયું હતું. આથી, તે અધિનિયમ, કાયદાના પુસ્તકમાં યથાવત ચાલુ રહેશે પણ રાજ્ય સરકાર તે મતલબનું જાહેરનામું કાઢે નહિ ત્યાં સુધી કોઈપણ નાકાવેરો લઈ શકાશે નહિ.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા અધિનિયમ, ૧૯૯૨ સુધારવા માટે ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૩ ઉપર્યુકત હેતુ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

રામસિંહ પરમાર.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ--૨ :—આ કલમથી મૂકવા ધારેલી કલમ ૩ની પેટા-કલમ (૧), થી રાજ્ય સરકારને, રાજ્યપત્રમાં જાહેરનામાથી, વાહન દીઠ એકસો રૂપિયાથી વધુ ન હોય તેવા દરે નાકાવેરો લેવાનું નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૪.

રામસિંહ પરમાર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪.

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 2 REGISTERED NO. G/GV/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JANUARY 21, 1994/MAGHA 1, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 2 OF 1994.

THE BOMBAY ANIMAL PRESERVATION (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay Animal Preservation Act, 1954.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે:--

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨.

મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત વિધેયક.

એ સિદ્ધ હકીકત છે કે ગાય અને તેનો વંશ વૈજ્ઞાનિક રીતે સમતોલ આહારમાં અતિ આવશ્યક ચીજ એવું જીવન ટકાવનાર દૂધ રાષ્ટ્રના આરોગ્યને ટકાવી રાખે છે;

અને જોતરવાના કામમાં આવતા બળદો આપણી ખેતી માટે અનિવાર્ય છે, કારણ કે બીજા કોઈપણ પશુઓ કરતાં વધારે શકિત ધરાવે છે;

અને જોતરવાના કામમાં આવતા બળદો, ખેતરો ખેડવા માટે, કૂવામાંથી પાણી ખેંચવા માટે વારંવાર ઉપયોગી હોય છે અને ખેતરોમાંથી ખેડૂતોના નિવાસસ્થાન સુધી તેમજ ખેત બજાર યાર્ડ સુધી અનાજ અને ઘાસ-ચારાની હેરફેર માટે ગાડાઓ ખેંચવાના કામમાં પણ ઘણાજ ઉપયોગી છે;

અને પશુઓનું છાણ કૃત્રિમ ખાતરો કરતાં વધારે સસ્તુ છે અને બાયો-ગેસના ઉત્પાદનમાં ખૂબ જ ઉપયોગી છે;

અને એ સિદ્ધ થયું છે કે ગાય અને તેનો વંશ ભારતની ખેતીના આધાર સ્તંભો છે તેમ કહી શકાય અને ભારતની ખેતી અને તેના અર્થતંત્રનું સમગ્ર માળખું તેમના ઉપર આધાર રાખે છે;

અને ભારતના સંવિધાનની કલમો ૪૭, ૪૮ અને કલમ ૩૯ના ખંડો (ખ) અને (ગ)માં જણાવેલા સિદ્ધાંતો સુનિશ્ચિત કરવા, રાજ્યની નીતિને અમલમાં લાવવા અને ગાય અને તેના વંશના રક્ષણ, જાળવણી અને નિર્વાહ કરવાનું ઈષ્ટ છે.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

સન ૧૯૫૪નો મુંબઈનો ૭૨મો.

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે, સન ૧૯૯૩ના-સપ્ટેમ્બર મહિનાની ૨૩મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૫૪ના મુંબઈનો ૭૨ માની કલમ ૫નો સુધારો.

૨. મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ--૫ માં,—

(૧) પેટા-કલમ (૧-ક)માં, ખંડો (ગ) અને (ઘ)ને બદલે, નીચેના ખંડો મૂકવા :—

"(ગ) ધણખૂંટ;

(ઘ) બળદ;"

(૨) પેટા--કલમ (૩)માં,—

(૧) ખંડ (ક)માં, પેટા-ખંડો (૨) અને (૩) કમી કરવા;

(૨) ખંડ (ખ)માં, "ગાયના વાછરડા" એ શબ્દો પછી "ધણખૂંટ અથવા બળદ" એ શબ્દો દાખલ કરવા.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૩ આથી રદ કરવામાં આવે છે. **સન ૧૯૯૩નો ગુજરાત વટહુકમ ૪.**

(૨) એવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

ઉદ્દેશો અને કારણો

મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ની વિદ્યમાન જોગવાઈઓ, ગાયો, ગાયના વાછરડાં, અને સોળ વર્ષથી ઓછી ઉંમરના ધણખૂંટ અને બળદના વધ ઉપર પ્રતિબંધ મૂકવાની જોગવાઈ કરે છે. એ સિદ્ધ હકીકત છે કે ગાય અને તેનો વંશ વૈજ્ઞાનિક રીતે સમતોલ આહારમાં અતિ આવશ્યક ચીજ એવું જીવન ટકાવનાર દૂધ રાષ્ટ્રના આરોગ્યને ટકાવી રાખે છે.

હજુપણ ગુજરાત રાજ્યનું અર્થતંત્ર મુખ્યત્વે કૃષિપ્રધાન છે. કૃષિક્ષેત્રે દૂધ, ભારવહન, સંવનન અથવા કૃષિ વિષયક હેતુઓ માટે પશુઓનો ઉપયોગ મહત્વ ધરાવે છે. તેથી ધણખૂંટ અને બળદ જેવા ખેતીના પશુઓની જાળવણી અને રક્ષણ ઉપર ભાર મૂકવાનું જરૂરી બન્યું છે. બિન પરંપરાગત ઉર્જાનાં સાધનો જેવા કે ગોબર ગેસ પ્લાન્ટ વધુ અપનાવતા થયા હોઈ, પશુઓનાં મળ-મૂત્ર જેવો કચરો પણ નોંધ પાત્ર મૂલ્ય ધરાવતો થયેલ છે. ઢોરની પ્રજનન શકિત બંધ થયા પછી અથવા કામ કરવા માટે અતિ વૃદ્ધ થયા પછી પણ તેઓ બળતણ, છાણીયું ખાતર અને ગોબર ગેસ માટે છાણ આપવાનું ચાલુ રાખે છે અને તેથી તેઓ બિન ઉપયોગી હોવાનું કહી શકાય નહિ. એ સિદ્ધ હકીકત છે કે ગાય અને તેના વંશો ભારતની ખેતીના આધાર સ્તંભો છે, તેમ કહી શકાય અને ભારતની ખેતી અને તેના અર્થતંત્રનું સમગ્ર માળખું તેમના પર આધાર રાખે છે.

ભારતના સંવિધાનની કલમો ૪૭, ૪૮ અને કલમ--૩૯ના ખંડો (ખ) અને (ગ)માં જણાવેલા સિદ્ધાંતો સુનિશ્ચિત કરવા, રાજ્યની નીતિને અમલમાં લાવવા માટે, ગાયોના વંશનો વધ કરવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનું પણ જરૂરી જણાયું હતું.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી સર્વ લોકોના હિતમાં ઉપર્યુકત ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૩ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૪. **શંકરજી ઠાકોર.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય
બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 3 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JANUARY 21, 1994/MAGHA 1, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી--૧૩--૯૪--એ-એમએન--૮૦૯૩--૪૧૬૪--પીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ

INDEX

Notification

Under

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS ACT, 1949

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : કેવી--૧૩--૯૪--એએમએન--૮૦૯૩--૪૧૬૪--પી:--મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન--૧૯૪૯ના મુંબઈના ૯ મા) ની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨) થી ઠરાવ્યા પ્રમાણે, (મ્યુનિસિપલ, કોર્પોરેશનો) માં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમોનો મુસદ્દો શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી ડિસેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી--૨૬૧--૯૩--એએમએન--૮૦૯૩--૪૧૬૪--પી, હેઠળ, તારીખ. ૪થી ડિસેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૧--એ સેન્ટૂલ સેકશનના પાના નંબર ૧૪૧--૧ થી ૧૪૨--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૪ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવ્યા હતા ;

અને સદરહુ મુસદ્દાના સંબંધમાં સરકારને મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા)ની કલમ ૫ સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન, (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. વોર્ડોની રચના એવી રીતે કરવી જોઈશે કે તમામ વોર્ડોની વસતી શકય હોય તેટલે સુધી સમાન રહે. ખાસ કરીને, વોર્ડોની વસતીનો તફાવત, શહેરના વોર્ડની એકંદર વસતીના દસ ટકા કરતાં વધુ હોવો જોઈએ નહિ ;

પરંતુ, રાજય ચૂંટણી કમિશનને એવી ખાતરી થાય કે સમરૂપતા અથવા ભૌગોલિક નિકટતા જાળવવા માટે ઉપરની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

સ્પષ્ટીકરણ.—"શહેરના વોર્ડની એકંદર વસતી" એટલે, શહેરની કુલ વસતીને, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ--૫ હેઠળ નકકી કરેલ વોર્ડોની સંખ્યાથી ભાગતાં આવેલી સંખ્યા.

૩. વોર્ડોનું સીમાંકન કરતી વખતે, ભૌગોલિક નિકટતા જાળવવા, ઉપરાંત નદીઓ, રેલવે લાઈનો, માર્ગો જેવી હદોને, શકય હોય તેટલે સુધી વળગી રહેવું જોઈએ.

૪. તમામ વોર્ડો દરેક વોર્ડમાંથી ચૂંટવાના ત્રણ કાઉન્સિલરો સહિત બહુ સભ્યનાં વોર્ડો ગણાશે.

૫. દરેક દરેક વોર્ડમાં, એક બેઠક સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોવાળી સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકો સહિત) અનામત રાખવી જોઈશે, અને એક બેઠક બિન--અનામત રાખવી જોઈશે, બાકીની ત્રીજી બેઠક સદરહુ અધિનિયમની કલમ--૫ હેઠળ રાજય સરકાર જાહેર કરે તેવી અનામતની જરૂરીયાતના આધારે, અનામત રાખી શકાશે.

૬. નિયમો ૫ અને ૭ની જોગવાઈઓને આધીન રહીને,—

(ક) રાજય ચૂંટણી કમિશન પ્રથમ, જે વોર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની વસતીની સૌથી ઉંચી ટકાવાળી હોય તે વોર્ડોને અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠકો ઉતરતા ક્રમમાં ફાવળી શકશે વધુમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે એવી રીતે ફાળવેલી બેઠકોમાંથી રાજય ચૂંટણી કમિશન, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો ફાળવવામાં આવી હોય તેવા વોર્ડ, નિર્દિષ્ટ કરી શકશે.

INDEX

(ખ) ત્યાર પછી, રાજ્ય ચૂંટણી કમિશન, પોતે ઘડે તેવા સૂત્ર અનુસાર વોર્ડોમાં પછાત વર્ગો માટે અનામત રાખેલ બેઠકો ફાળવી શકશે. વધુમાં પછાત વર્ગો માટે એવી રીતે ફાળવેલી બેઠકોમાંથી રાજ્ય ચૂંટણી કમિશન, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો ફાળવવામાં આવી હોય તેવા વોર્ડો નિર્દિષ્ટ કરી શકશે.

(ગ) ઉપર (ક) અને (ખ)માં જોગવાઈ કર્યા પ્રમાણે બેઠકો ફાળવવામાં આવ્યા પછી, રાજ્ય ચૂંટણી કમિશન, વોર્ડોમાંના અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગોની હોય તે સિવાયની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો ફાળવશે.

૭. અનુસૂચિત જાતિઓ અનુસૂચિત, આદિજાતિઓ પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણીમાં, વારા ફરતી ફાળવી શકાશે.

૮. રાજ્ય ચૂંટણી કમિશન, વોર્ડોનું સૂચિત સીમાંકન અને તે વોર્ડોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીનું આખરી સ્વરૂપ આપતા પહેલા, લોકો પાસેથી તે અંગેના સૂચનો મંગાવશે અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા)ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષ સાથે વિચાર વિનિમય કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. આર. અલોરિયા,
સરકારના નાયબ-સચિવ

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 4 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JANUARY 27, 1994/MAGHA 7, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક-(જીએચએન--૩) જીએસટી--૧૦૯૪-(એસ-૪૯)-(૨૭૧૭)-ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-627)GST-1070 (S. 49) TH,

નાણાં વિભાગનું તા. ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૬૨૭) જીએસટી/૧૦૭૦/એસ-૪૯/ઠ, સુધારવા સંબંધી

જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : જીએચએન-૩/જીએસટી/૧૦૯૪/(એસ-૪૯) (૨૭૧)-ઠ:—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે ;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૪૯ની પેટા-કલમ (૨)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તા. ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચએન-૬૨૭-જીએસટી/૧૦૭૦/એસ-૪૯/ઠ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નોંધ ક્રમાંક : ૨૦૪ કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 5 REGISTERED NO G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV MONDAY, JANUARY 31, 1994/MAGHA 11, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચકેએચ/૨/૯૪/સીએસએ-૧૯૮૯-૧૫૮૯-છ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE GUJARAT CO-OPERATIVE SOCIETIES EMPLOYEES, CONDITIONS OF SERVICES RULES, 1993.

ગુજરાત સહકારી મંડળીઓના કર્મચારીઓની સેવાની શરતો બાબતના નિયમો, ૧૯૯૩ સંબંધી જાહેરનામું

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક જીએચકેએચ/૨/૯૪/સીએએએ-૧૯૮૯-૧૫૮૯-છ.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા)ની કલમ ૭૬, સાથે વાંચતાં કલમ, ૧૬૮ હેઠળ બહાર પાડવા ધારેલા, જાહેરનામાનો નીચેનો મુસદ્દો તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ, સદરહુ અધિનિયમની કલમ-૧૬૮ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, રાજપત્રમાં પ્રસિધ્ધિની તારીખથી ત્રીસ દિવસ પુરા થયા પછી, ગુજરાત સરકાર તે વિચારણામાં લેશે.

ઉપર્યુકત મુદત પુરી થયા પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી, સરકારના અધિક મુખ્ય સચિવ, કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે, તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જીએચકેએચ/૨/૯૪/સીએસએ-૧૯૮૯-૧૫૮૯-છ.— ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા)ની કલમ ૭૬ સાથે વાંચતાં, કલમ ૧૬૮થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, મંડળીના કર્મચારીઓની નિમણૂંક અને તેમની સેવાની શરતોનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :—

પ્રકરણ—૧

પ્રાથમિક

૧. ટૂંકી સંજ્ઞા.—(૧) આ નિયમો 'ગુજરાત સહકારી મંડળીઓના કર્મચારીઓની સેવાની શરતો બાબતના નિયમો, ૧૯૯૩' કહેવાશે.

(૨) તે, તરત જ અમલમાં આવશે;

(૩) નીચેના કર્મચારીઓ સિવાયના, સહકારી મંડળીના પગારદાર કર્મચારીઓને લાગુ પડશે :—

(ક) પૂર્ણકાલિક નોકરીમાં ન હોય તેવા કર્મચારીઓ;

(ખ) આકસ્મિક ફંડમાંથી પગાર આપવામાં આવેલ હોય તેવા કર્મચારીઓ;

(ગ) માસિક ધોરણ સિવાય, પગાર આપેલ હોય તે કર્મચારીઓ, દૈનિક વેતન અથવા છૂટક દરે કામે રાખેલ હોય તે સહિત;

(ઘ) કરાર ઉપર કામે રાખેલ કર્મચારીઓ;

(ચ) મહેકમ ઉપર નિમાયેલા વર્ક-ચાર્જ કર્મચારીઓ,

(છ) એકત્રિત પગાર ઉપરના કર્મચારીઓ;

(જ) પ્રતિનિયુકિતની બોલીઓ અને શરતોની અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, સરકાર અથવા બીજા તંત્રમાંથી પ્રતિયુનિકિત ઉપર નીમેલા કર્મચારીઓ;

(ઝ) સરકારના અથવા બીજા કોઈ તંત્રના પુન: નોકરીમાં રાખેલા નિવૃત્ત કર્મચારીઓ.

INDEX

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,—

(૧) "નિમણૂક કરનાર સત્તાધિકારી" એટલે મંડળી અથવા બીજું કોઈપણ સત્તામંડળ, જેમાં મંડળીની વ્યવસ્થાપક સમિતિ અથવા યથાપ્રસંગ બોર્ડ ઓફ ડાયરેક્ટરો દ્વારા નિમણૂકની સત્તા નિહિત કરવામાં આવી હોય તેમ અથવા સોંપવામાં આવી હોય.

(૨) "સમિતિ" એટલે વખતોવખત તબદીલ કરવામાં અથવા સોંપવામાં આવે તેવી બાબતો જેવી કે કર્મચારીઓની સંખ્યા, ભરતી નિમણૂક ગ્રેડ નક્કી કરવો, પગાર, રજા, રૂખસદ, ફરજ સોંકુફી, શિક્ષા અને નોકરીની બીજી શરતો નક્કી કરવા માટેના કાર્યો, સત્તા અને ફરજો નિહિત થયેલ મંડળીની વ્યવસ્થાપક સમિતિએ અથવા ડિરેક્ટરોના બોર્ડે નીમેલી એક કરતાં વધુ વ્યકિતઓનું બનેલું સત્તા મંડળ,

(૩) સત્તા વાપરવાના સંબંધમાં "યોગ્ય સત્તા મંડળ" એટલે જેને આવી સત્તા સોંપવામાં આવી હોય તેવું બીજું કોઈ સત્તા મંડળ.

(૪) "કર્મચારી" એટલે જેને આ નિયમો લાગુ પડતા હોય તેવા મંડળીનો કર્મચારી;

(૫) "વ્યવસ્થાપક સમિતિ અથવા બોર્ડ ઓફ ડિરેકટરર્સ" એટલે સહકારી મંડળીનાં ઉપ-નિયમો મુજબ રચાયેલ સત્તા મંડળ.

પ્રકરણ—૨

નિમણૂક અને અજમાયશી.

૩. જગા, કાડર અને પગાર ધોરણ.—મંડળી, મંડળીની સામાન્ય સભાની મંજુરી મેળવ્યા પછી, જુદી જુદી જગ્યાઓ, કાડરો, તેનું સંખ્યાબળ, પગાર-ધોરણ, ભથ્થાં વગેરેનું નામાભિમાન નક્કી કરશે.

(૪) નિમણૂકની રીત :- કોઈપણ કેડરની કોઈપણ જગા ઉપરની નિમણૂંક

(ક) સીધી પસંદગીથી; અથવા

(ખ) નીમ્ન કાડર ઉપરથી બઢતી આપીને; અથવા

(ગ) સરકારમાંથી અથવા કોઈપણ સહકારી અથવા બીજા તેના જેવા તંત્રમાંથી પ્રતિનિયુકિત ઉપર વ્યકિતઓ મેળવીને, કરવામાં આવશે.

૫. અનુભવ, લાયકાત અને વય મર્યાદા.—સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે, જુદી જુદી કાડરોમાંની જુદી જુદી જગાઓમાં, અનુભવ, શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા, નીચે નિર્દિષ્ટ કરેલ જરૂરીયાત સાથે મળતી આવવી જોઈએ.—

(ક) અનુભવ:—

મડળીએ, કોઈપણ પ્રસંગે જુદી જુદી કાડરોમાંની જગાઓના સંબંધમાં જરૂર જણાય તેવો ઓછામાં ઓછો જરૂરી અનુભવ નિર્દિષ્ટ કરવો જોઈશે;

પરંતુ કોઈ સહકારી બેંકમાં કોઈપણ જગા ઉપર નિમણૂંકને પાત્ર થવા માટે, બેંક, પોતાના સ્વવિવેક અનુસાર, પ્રાથમરી સેવા સહકારી મંડળીના સેક્રેટરી તરીકેના ઉમેદવારના અનુભવને યોગ્ય મહત્ત્વ આપવાનુ વિચારી શકશે અને સહકારી દુધ સંઘમાંની કોઈ જગાની બાબતમાં, સંબંધિત સહકારી દૂધ સંઘ, પોતાના સ્વવિવેક અનુસારે જે ઉમેદવાર પ્રાથમરી દૂધ મંડળીના સેક્રેટરી હોય તેના અનુભવને યોગ્ય મહત્ત્વ આપવાનુ વિચારી શકશે.

(ખ) લાયકાતો :—

(૧) જુનિયર કારકુન, કારકુન-સહ-ટાઈપીસ્ટ, મદદનીશ પ્રાથમિક સ્તરની મંડળીના સેક્રેટરી, જૂનિયરકેશિયર, સ્ટેનોગ્રાફરની જગ્યાઓ ઉપર સીધી ભરતી, બઢતી અથવા બદલી અથવા પ્રતિનિયુકિતથી નિમણૂંક માટે પાત્ર થવા માટે ઉમેદવારે, મા ધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોવી જોઈશે;

પરંતુ પ્રાથમિક સ્તરની મંડળીના સેક્રેટરીની જગા માટે, સરકારે માન્ય કરેલ સહકારમાંનો લોઅર ડીપ્લોમા અથવા તેની સમકક્ષ લાયકાત વધારાની જરૂરિયાત ગણાશે.

(૨) નીચે જણાવેલ જગાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંકને પાત્ર થવા માટે ઉમેદવારે માન્ય યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાની પદવી ધરાવવી જોઈશે.

(ક) મુખ્ય કેશિયર;

(ખ) જુનિયર ઈન્સ્પેકટર;

INDEX

(ગ) બ્રાન્ચ મેનેજર; (સહકારી બેંક સિવાય)

(ઘ) જુનિયર કેશિયર;

(ચ) સ્ટોર કીપર;

(છ) ક્સ્ટોડીયન;

(જ) સીનીયર કારકુન;

(ઝ) લાગલાગટ ત્રણ વર્ષ સુધી પાંચ લાખ તેથી વધુ રૂપિયાનું ટર્નઓવર ધરાવતી તાલુકા સ્તરની મંડળી અથવા મંડળીઓના સેક્રેટરી અને તે ઉપરાંત તેણે માન્ય સંસ્થાનું અથવા જી. ડી. સી. એ નો સહકારમાંનો હાયર ડિપ્લોમા પાસ કરેલ હોવો જોઈશે.

(૮) રાજ્ય સ્તરની મંડળીમાં, અધ્યક્ષ અથવા યથાપ્રસંગ મેનેજીંગ ડિરેક્ટરના અંગની મદદનીશ કર્મચારી સરકારમાં સ્ટેનોગ્રાફર, ગ્રેડ-૧ની લાયકાત ધરાવતો હોવો જોઈશે.

પરંતુ સહકારમાંનો ડિપ્લોમા ધરાવતાં ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૩) ડ્રાઈવર, વોચમેન, હવાલદાર, નાયક, તોલાટ, પટાવાળા, દૂધ ઉઘરાવનાર અને ગમે તે નામે ઓળખાતી તેનાં જેવી બીજી સમાન જગ્યાઓ ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે મંડળી, રજિસ્ટ્રારની પૂર્વમંજૂરી લઈને, જરૂરીલાગે તેવી ઓછામાં ઓછી લાયકાત ધરાવતાં વિનિયમો ઘડશે.

(૪) નીચે જણાવેલ જગાઓ ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની, વાણિજ્યમાં દ્વિતિય વર્ગની પદવી ધરાવતો હોવો જોઈશે.

(ક) બ્રાંચ મેનેજર; (સહકારી બેંક)

(ખ) મુખ્ય હિસાબનીશ;

(ગ) જુનીયર હિસાબનીશ;

પરંતુ સહકારમાં હાયર ડિપ્લોમા ધરાવતાં ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

(૫) સ્ટેનોગ્રાફરની જગા ઉપર નિમણૂંકને પાત્ર થવા માટે, ઉમેદવારે, માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોવી જોઈશે. અને સિનિયર ગ્રેડ માટે એક મીનીટમાં ઓછામાં ઓછા ૧૦૦ શબ્દોની ઝડપ અને જુનીયર ગ્રેડમાંના સ્ટેનોગ્રાફર માટે એક મીનીટમાં ઓછામાં ઓછા ૮૦ શબ્દોની ઝડપ હોવી જોઈશે અને અંગ્રેજીમાં એક મીનીટમાં ૪૦ શબ્દો ટાઈપીંગ કરવાની ઝડપ અને ગુજરાતીમાં લઘુલિપિમાં મિનિટમાં ૨૫ શબ્દોની ઝડપ હોવી જોઈશે.

(૬) સમિતિએ, તેવી જ રીતે આ નિયમોમાં જણાવેલા ન હોય તેવી બીજી તમામ જગાઓ હોય તો તે માટે ઓછામાં ઓછી લાયકાતો રજિસ્ટ્રારની પૂર્વ મંજૂરી લઈને, ઠરાવવી જોઈશે.

(૭) વય--મર્યાદા :

(૧) જે જગા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત તરીકે યુનિવર્સિટીની પદવી ઠરાવવામાં આવી હોય, તે જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે, ઉમેરવાર, ૨૧ વરસથી ઓછી અને ૨૮ વરસથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ.

(૨) જે જગા માટે ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત તરીકે માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા ઠરાવવામાં આવી હોય તે જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે, ઉમેદવાર, ૧૮ વરસથી ઓછી અને ૨૬ વરસથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ.

(૩) આ નિયમોમાં જણાવી ન હોય તેવી સીધી પસંદગીની ભરવાની હોય તો તેવી બીજી તમામ જગાઓ માટે વયમર્યાદા ૧૮ વરસથી ઓછી અને ૩૦ વરસથી વધુ ઉંમરની હોવી જોઈશે નહિ.

પરંતુ મંડળી, કોઈ વરિષ્ઠ કક્ષાની જગાના સંબંધમાં રજિસ્ટ્રાર સાથે અગાઉથી વિચારણા કરીને, ઉપલી વય મર્યાદા હળવી કરી શકશે.

વધુમાં, સહકારી બેંક અથવા સહકારી દુધ સંઘમાંની જગા ઉપરની નિમણૂંક માટે ઓછામાં ઓછી ત્રણ વર્ષની સળંગ મુદત માટે પ્રાથમિક કક્ષાની મંડળીના સેક્રેટરી હોય તેવા ઉમેદવારને વધુમાં વધુ વયમર્યાદા લાગુ પડશે નહિ.

INDEX

૬. બઢતીથી નિમણૂંક :—

કોઈપણ જગા ઉપર બઢતીથી કરવાની નિમણૂંક સમાન હેસિયતમાંની કાડરમાં કામ કરતી વ્યકિતઓમાંથી સિનિયોરીટીના આધારે સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતની રજિસ્ટ્રાર સાથે અગાઉથી વિચારણાં કરીને કરવામાં આવશે.

૭. પ્રતિનિયુકિત :—

સરકાર અથવા સહકારી સંસ્થા અથવા તેના જેવા બીજા તંત્રમાંથી પ્રતિનિયુકિત પર હોય તેવી વ્યકિતની બોલીઓ અંગે શરતો, અગાઉના નિયમોની જોગવાઈઓને અધીન રહીને, બન્ને પક્ષકારો અરસ-પરસ કબૂલ થાય તેવી રહેશે.

૮. નિમણૂકની સત્તા :—

મંડળી, પોતાના કર્મચારીઓને જુદી જુદી જગાઓ પર નિમણૂંક કરવા, મૂકવા અને બદલી કરવા અથવા વ્યવસ્થાપક સમિતિને એવી સત્તા સોંપવા માટે સક્ષમ ગણાશે.

૯. શારીરિક યોગ્યતા :—

(૧) આ નિયમોમાં અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, કોઈપણ કર્મચારી, આ નિયમો સાથે જોડેલા નમૂના મુજબ રજીસ્ટ્રાર થયેલ તબીબી વ્યવસાયીનું તબીબી યોગ્યતા પ્રમાણપત્ર રજૂ ન કરે તો, મંડળીમાંથી કોઈ જગા ઉપર તેની નિમણૂંક કરી શકાશે નહિ.

(૨) નીચેની બાબતોમાં, કોઈપણ તાજા શારીરિક યોગ્યતા પ્રમાણપત્રની જરૂર રહેશે નહિ:—

(૧) જેની નિમણૂંક નોકરીમાં અગાઉથી હોય તે દરમિયાન બઢતીથી કરવામાં આવી હોય તેવા કર્મચારીની બાબતમાં; અને

(૨) ભૂતકાળમાં જેણે અગાઉ પ્રમાણપત્ર રજૂ કર્યું હોય અને વહેલી નોકરી છોડી દીધી હોય એવી નોકરી છોડયાની તારીખથી છ મહિનાની મુદતની અંદર નવેસરથી નિમણૂંક કરી હોય તેવા કર્મચારીની બાબતમાં.

૧૦. નિમણૂંક માટેની અપાત્રતા :—

(૧) ઉમેદવાર, જો તેને નૈતિક અધ:પતનના ગુના માટે કોઈ સહકારી ટ્રિબ્યુનલે અથવા કાયદાની કોર્ટે રચેલા નિયુકત મંડળે દોષિત ઠરાવ્યો હોય તો, મંડળીની નોકરીમાં સીધી પસંદગીથી અથવા બઢતીથી અથવા બદલીથી નિમણૂંકને પાત્ર ગણાશે નહિ.

(૨) જેને કોઈ મંડળીમાંથી અથવા બીજા કોઈ જાહેર અન્ડરટેકીંગની અથવા સરકારી નોકરીમાંથી બરતરફ કરવામાં આવી હોય તેવી વ્યકિતને, નોકરીમાં રાખી શકાશે નહિ.

(૩) (ક) જે કોઈ વ્યકિતને (૧) પુરૂષની બાબતમાં, એક કરતાં વધુ પત્ની હયાત હોય, અને

(૨) સ્ત્રીની બાબતમાં, અગાઉ એક પત્નિ હયાત હોય તેવા પુરૂષ સાથે લગ્ન કર્યું હોય તે, મંડળીમાંની નોકરીમાં નિમણૂંકને પાત્ર ગણાશે નહિ અને જો નિમણૂંક કરી હોય, તો તેને અથવા તેણીને, ચાલુ રાખવી નહિ અને તે અથવા તેણી નોકરીમાં હોય તે દરમિયાન આ ગેરલાયકાત પ્રાપ્ત કરે તો, તેને અથવા તેણીને છૂટી કરવી જોઈશે.

(ખ) મંડળીની નોકરીમાં નિમાયેલા દરેક ઉમેદવારે, યથાપ્રસંગ, તે અથવા તેણી પરણિત છે કે કેમ અને, પુરૂષ હોય તેવા ઉમેદવારની બાબતમાં, પોતાને એક કરતાં વધુ પત્ની હયાત નથી અને સ્ત્રી ઉમેદવારની બાબતમાં, બીજી પત્ની હયાત ન હોય તેવા પુરૂષની સાથે લગ્ન કર્યું છે તેવું જાહેર કરવું જોઈશે.

૧૧. જન્મ તારીખ :—

મંડળીની કોઈપણ જગા ઉપર નિમાયેલી દરેક વ્યકિતએ, પોતાની નિમણૂંકના સમયે, જેને પોતાની જન્મ તારીખની નિર્ણાયક સાબિતી તરીકે પુરાવો ગણી શકાય તેવા "માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ" આપેલ પ્રમાણપત્ર અથવા "શાળા છોડયાના પ્રમાણપત્ર" સાથે તેની અથવા તેણીની ઉંમર, જાહેર કરવી જોઈશે અને તેમાં નોંધેલી જન્મ તારીખમાં ફેરફાર કરી શકાશે નહિ.

૧૨. અજમાયશ અને કાયમી કરવા બાબત :—

(૧) મંડળીની નોકરીમાં નિમણૂંક માટે પસંદ થયેલી દરેક વ્યકિત, છ મહિનાથી ઓછી ન હોય અને એક વર્ષથી વધુ ન હોય તેટલી મુદત સુધી અજમાયશ ઉપર રહેશે. સિવાય કે, પૂરતાં કારણસર અજમાયશની મુદત લંબાવવાની જરૂર પડી હોય. અજમાયશની મુદત

INDEX

દરમિયાન, મંડળી નિર્દિષ્ટ કરે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે અને આ નિયમો અનુસાર સામાન્ય પગાર મેળવશે,

પરંતુ સહકારી મંડળી, સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર સાથે અગાઉથી વિચાર વિનિમય કરીને, ખાતરી કરી શકશે. કે આ નિયમના અમલમાંની એવી વ્યકિતને મુકિત આપવા માટે કારણો છે. તો, તે મુકિત આપશે.

(૨) અજમાયશની મુદત સંતોષકારક રીતે પૂરી કરી હોય અને નોકરી માટેની તેની યોગ્યતા નકકી કરવામાં આવી હોય, તે સિવાય, અજમાયશ ઉપર નિમાયેલ ઉમેદવારને, પેટા-નિયમ (૧) હેઠળ અજમાયશની મુદત લંબાવવામાં આવી હોય તે સિવાય, પ્રોબેશનની મુદત પછી નોકરીમાં ચાલુ રાખી શકાશે નહિ.

(૩) અજમાયશની મુદત દરમિયાન, તેની નોકરી યોગ્ય અને સંતોષકારક ન જણાય તો, સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની સાથે વિચાર વિનિમય કરીને, એક મહિનાની નોટિસ આપવા, એવી નોટિસના બદલામાં એક મહિનાનો નોટિસ પગાર આપ્યા પછી, તેની નોકરી સમાપ્ત કરી શકાશે.

(૪) અજમાયશની મુદત અથવા તેની લંબાવેલી મુદત સંતોષકારક રીતે પૂરી થયે, મંડળીએ, અજમાયશીને મંડળીની નોકરીમાં કાયમી કરવા જોઈશે.

૧૩. સિનિયોરીટી :—

સહકારી મંડળીમાં કાયમી થયેલ કર્મચારીને તેની અજમાયશની મુદત સહિતની જગામાં તેની સળંગ નોકરીની મુદત અનુસાર તેની કાડરમાં સિનિયોરીટી માટેનો ક્રમ આપવામાં આવશે.

૧૪. અયોગ્યતાના કારણે પાયરી ઉતાર :—

ઉપલી જગા ઉપર અવેજીમાં નિમાયેલ અથવા ઉપલી જગાએ બઢતી આપેલ કર્મચારી, મંડળીનો એવો અભિપ્રાય હોય કે આવી ઉપલી જગામાં તેનું કામ સંતોષકારક નથી તો તે સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર સાથે વિચાર વિનિમય કરીને આવી અવેજી નિમણૂક અથવા બઢતીના એક વર્ષની અંદર કોઈપણ સમયે નોટિસ આપ્યા સિવાય નીચલી પાયરી ઉપર ઉતારવાને પાત્ર થશે.

૧૫. સર્વિસ બુક :—

(૧) દરેક સહકારી મંડળીએ, સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર મંજૂર કરેલ તેવા નમૂના મુજબ દરેક કર્મચારીની સર્વિસ બુક રાખવી જોઈશે.

(૨) સહકારી મંડળીના કર્મચારી સંબંધી સર્વિસ બુક, મંડળીએ આ હેતુ માટે ખાસ કરીને મુકરર કરેલા અધિકારીએ રાખવી જોઈશે.

(૩) સર્વિસબુક બે પત્રમાં રાખવી જોઈશે અને યોગ્ય રીતે ભરેલી અને યોગ્ય સત્તાધિકારીની સહીવાળી એક નકલ કર્મચારીને આપવી જોઈશે.

(૪) યોગ્ય સત્તાધિકારીએ ખાતરી કરવી જોઈશે કે સર્વિસબુક યોગ્ય રીતે રાખવામાં આવી છે અને તેમાંની નોંધોની વખતોવખત નિયમિત રીતે ખરાઈ કરવામાં આવી છે.

પ્રકરણ—૩

નોકરી બંધ અથવા સમાપ્ત કરવી, તેમાંથી છૂટા કરવા, નિવૃત્ત કરવો, રાજીનામું આપવા અને તે લંબાવવા બાબત.

૧૬. નોકરી બંધ થવા બાબત. :—

(૧) કર્મચારી, તેની નોકરીની સમાપ્તિ, છૂટા કર્યાની, પદચ્યુતિની, બરતરફ કર્યાની અથવા નિવૃત્ત થયાની તારીખથી મંડળીની નોકરીમાં હોતો બંધ થશે.

(૨) કર્મચારીનું મૃત્યુ થવાની બાબતમાં તેનો મૃત્યુની તારીખ પછી આવતી તારીખથી મંડળીની નોકરીમાં હોતો બંધ થયો હોવાનું ગણાશે.

૧૭. નોકરીમાંથી દૂર કરવા, સમાપ્ત કરવા અને છૂટા કરવા બાબત :—

(૧) કાયમી નોકરીઓના કોઈપણ કર્મચારી, આ નિયમોના નિયમ ૩૪ અને ૩૫માં ઠરાવેલી યોગ્ય કાર્યરીતિ અનુસર્યા સિવાય, નોકરીમાંથી દૂર કરવા અથવા તેની નોકરી સમાપ્ત કરવાને પાત્ર થશે નહિ.

INDEX

(૨) મંડળીની નોકરીમાં કાયમી અથવા હંગામી હોય તેવા કોઈ કર્મચારીને, મુખ્ય શિક્ષા કરવા સિવાયના કારણો માટે નોકરીમાંથી છૂટો કરી શકાશે નહિ. સિવાય કે એવી રીતે છૂટા કરવા માટેના કારણો સાથેની દરખાસ્ત, રજિસ્ટ્રારને મોકલવામાં આવી હોય અને તેની સંમતિ મેળવવામાં આવી હોય.

રાજીનામા બાબત :—

(૩) મંડળીનો કર્મચારી, નોકરીમાંથી પોતાનું રાજીનામું આપવા માટે હકદાર થશે. તેણે નોકરીમાંથી રાજીનામું આપતાં પહેલાં એક મહિનાની નોટિસ આપવી જોઈશે. આવી નોટિસને બદલે, તેણે મંડળીમાં એક મહિનાનો પગાર જમા કરાવવો જોઈશે. પરંતુ કિસ્સાઓમાં આ શરતોમાં છૂટછાટ મૂકી શકાશે. નોકરી સમાપ્ત કરવાની અથવા તેમાંથી છૂટા કરવાની બાબતમાં, મંડળીએ એક મહિનાની નોટીસ આપવી જોઈશે અથવા તેને બદલે, સંબંધિત કર્મચારીને એક મહિનાનો પગાર આપવો જોઈશે, તેમ છતાં, કર્મચારીનું રાજીનામું સ્વીકારવાનું મંડળીની વિવેકબુદ્ધિ ઉપર રહેશે, અને જે તારીખથી રાજીનામું અમલી બનશે તે તારીખ નક્કી કરવામાં આવશે. આવી તારીખ નોટિસની મુદત પુરી થયાની તારીખ પછી આવતી હોવી જોઈશે નહિ.

(૪) રાજીનામું સ્વીકારવામાં આવે ત્યારથી અમલી બનશે, અને કર્મચારીને તેની ફરજોમાંથી મુક્ત કરવામાં આવશે.

(૫) રાજીનામું સ્વીકારતા પહેલાં, કર્મચારી તે પાછું ખેંચવાનું ઇચ્છે, તો મંડળી રાજીનામું પાછું ખેંચવાની પરવાનગી આપવાનું વિચારી શકશે.

૧૮. નિવૃત્તિ :—

કર્મચારીની નિવૃત્તિની તારીખ, તે જે મહિનામાં ૫૮ વર્ષની ઉંમર પૂરી કરે તે મહિનાની છેલ્લી તારીખ રહેશે;

પરંતુ આ નિયમોમાં આરંભ પહેલાં નોકરી કરતા કર્મચારી કે જેણે ૫૮ વર્ષની ઉંમર પૂરી કરી હોય તેણે તેમાં જે મહિનામાં તેની પછીની જન્મ તારીખ આવતી હોય તે મહિનાની છેલ્લી તારીખે નિવૃત્ત કરવામાં આવશે.

૧૯. નોકરી લંબાવવા બાબત :—

કોઈપણ કર્મચારીને, સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર ની પૂર્વ મંજૂરી સિવાય, નિવૃત્તિની ઉંમર પછી નોકરીમાં રાખી શકાશે નહિ.

પ્રકરણ—૪.

પગાર અને ભથ્થાં.

૨૦. મંડળીએ, મંડળીના વહીવટી મંડળની મંજૂરી લીધા પછી જુદી જુદી જગાઓના પગાર-ધોરણ, ભથ્થાં વગેરે નક્કી કરવાં જોઈશે.

૨૧. ફરજ મુદત :—

કર્મચારીને નીચેના કિસ્સામાં ફરજ ઉપર હોવાનું ગણવામાં આવશે, અને તે જગાનો પગાર મેળવવા હકદાર થશે :—

(ક) જે જગા ઉપર તેની નિમણૂંક કરવામાં આવી હોય તે જગાની ફરજો બજાવતો હોય ત્યારે;

(ખ) ફરજ ઉપર જોડાવાનો સમય ;

(ગ) યોગ્ય સત્તાધિકારીના હુકમો મુજબ તાલીમ, પરીક્ષા, મીટીંગ, સંમેલન વગેરેમાં ગાળેલ મુદત;

(ઘ) ફરજ મોકૂફીની મુદત, ફરજ ઉપર ગાળેલ મુદત તરીકે ગણવામાં આવે ત્યારે.

૨૨. ખાસ પગાર (ચાર્જ એલાઉન્સ) આપવા બાબત :—

જે કોઈપણ કર્મચારીને તેની પોતાની ફરજો ઉપરાંત એક કે વધુ સ્વતંત્ર ઉપલી પાયરીની જગાનો વધારાનો હવાલો ધરાવવાનું ફરમાવ્યું હોય તે કર્મચારીને, તેવો વધારાનો હવાલો ધરાવવા માટે તે જગા ઉપર તેની નિયમિત નિમણૂંક થયે, તે જે પગાર મેળવતો તેવો ઉપલી પાયરીની જગાના પગારનાં ૫ ટકાનાં દરે ખાસ પગાર (ચાર્જ એલાઉન્સ) આપવામાં આવશે, પરંતુ તેણે ૩૦ દિવસ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી વધારાનો હવાલો ધરાવ્યો હોવો જોઈશે.

૨૩. ભથ્થાં આપવા બાબત :—

મંડળીના કર્મચારીને, મૂળ પગાર ઉપરાંત, સહકારી મંડળીઓના રજિસ્ટ્રારની સાથે વિચાર વિનિમય કરીને, મંડળીએ મંજૂર કરેલાં દરોએ, અન્ય ભથ્થાં આપવામાં આવશે.

INDEX

પ્રકરણ-૫.

વર્તણૂક, શિસ્ત અને અપીલ.

૨૪. કર્મચારીઓની નોકરીની વ્યાપકતા :—

(૧) તે સમયે અમલમાં હોય તેવાં બીજા કોઈ કાયદાને અધીન રહીને, પૂર્ણકાલિક કર્મચારી મંડળીના હાથ નીચે રહેશે અને તેને વખતો વખત આદેશ આપવામાં આવે તેવી હેસિયતમાં પોતાના કામકાજમાં રોકી શકાશે અથવા તેવી જગાએ કામ કરવાનું ફરમાવી શકાશે.

(૨) દરેક કર્મચારીને મંડળીએ ઘડેલા વિનિયમો બંધનકર્તા રહેશે, અને તેને જેની હકૂમત, દેખરેખ અથવા નિયંત્રણ હેઠળ મૂકવામાં આવ્યો હોય તેના તમામ હુકમો અને આદેશોનું પાલન કરવું જોઈશે, અને તે મુજબ વર્તવું જોઈશે.

૨૫. કર્મચારીઓએ સહકારી મંડળીના હિતને ઉત્તેજન આપવા બાબત :—

દરેક કર્મચારીએ, સહકારી મંડળીમાં પ્રામાણિકપણે અને વફાદારીપૂર્વક નોકરી કરવી જોઈશે અને સહકારી મંડળીના હિતોને ઉત્તેજન આપવાનો પ્રયત્ન કરવો જોઈશે અને સહકારી મંડળીના કર્મચારી તરીકે પોતાની હેસિયતમાં જેની સાથે કામ કરવાનું હોય તેવી કોઈ વ્યકિત પ્રત્યે યોગ્ય વિવેક દાખવવો જોઈશે.

૨૬. પ્રેસને માહિતી આપવા બાબત :—

કોઈપણ કર્મચારી, અધ્યક્ષની અગાઉથી પરવાનગી મેળવ્યા સિવાય, પ્રેસને માહિતગાર કરી શકશે નહિ. અથવા કોઈ જાહેર નિવેદન કરી શકશે નહિ અથવા સહકારી મંડળીના કામકાજને લગતો કોઈ દસ્તાવેજ, કાગળ અથવા માહિતી પ્રસિદ્ધ કરી શકશે નહિ.

૨૭. કર્મચારીઓ બહારની નોકરી મેળવવાનો પ્રયત્ન કરી શકશે નહિ.

કોઈપણ કર્મચારી રજિસ્ટ્રારની પૂર્વ મંજૂરી સિવાય, અન્ય કોઈ નોકરી સ્વીકારી શકશે નહિ અથવા તે મેળવવાનો પ્રયત્ન કરી શકશે નહિ.

૨૮. કર્મચારીઓ પરવાનગી સિવાય ફરજ પરથી ગેર-હાજર રહી શકશે નહિ અથવા ફરજ ઉપર મોડા આવી શકશે નહિ.

(૧) કોઈ કર્મચારી યોગ્ય સત્તાધિકારીની પૂર્વ પરવાનગી સિવાય ફરજ પરથી ગેરહાજર રહી શકશે નહિ. તેમ છતાં, માંદગી અથવા અકસ્માત જેવા ખાસ સંજોગોમાં કર્મચારી પૂર્વ પરવાનગી સિવાય ગેરહાજર રહી શકશે પરંતુ તેણે ૪૮ કલાકની અંદર સંબંધિત સત્તાધિકારીને તેની જાણ કરવી પડશે.

(૨) જે કોઈ કર્મચારી, જેના માટે પોતે સંતોષકારક ખુલાસો આપી શકે તેવા પોતાના નિયંત્રણ બહારના સંજોગો હેઠળ હોય તે સિવાય, રજા સિવાય ફરજ પરથી ગેરહાજર રહ્યો હોય તે, આવી ગેરહાજરીની મુદતના સંબંધમાં મળતર મેળવવાને હકદાર રહેશે નહિ. આવી ગેરહાજરી ગેરવર્તણૂક તરીકે ગણાશે અને કર્મચારી મળતર ગુમાવવા ઉપરાંત યોગ્ય સત્તાધિકારી યોગ્ય ગણે તેવી શિક્ષાને પાત્ર થશે. સંતોષકારક ખુલાસો આપ્યેથી, આવી ગેરહાજરીની મુદત, યોગ્ય સત્તાધિકારી નક્કી કરે તે પ્રમાણેની રજા ભોગવ્યાની મુદત તરીકે ગણી શકાશે.

(૩) જે કર્મચારી ફરજ ઉપર મોડો હાજર થવા ટેવાયેલો હોય તે કર્મચારી, જે દિવસે તે એવી રીતે મોડો આવ્યો હોય તે દરેક દિવસની આડમા દિવસની રજાની કપાત ઉપરાંત યોગ્ય સત્તાધિકારી યોગ્ય ગણે તેવી શિક્ષાને પાત્ર થશે.

૨૯. કર્મચારીઓએ સહકારી મંડળીને નુકશાન થાય તેવી વર્તણૂક કરવી નહિ.

કોઈ કર્મચારી મંડળીના હિતને નુકશાન થાય તેવો કોઈપણ ધંધો પોતે કરી શકશે નહિ.

૩૦. ફરજ મોકૂફી :

(૧) નિમણૂંક કરનાર સત્તાધિકારી અથવા આ અર્થે સત્તા આપેલ અન્ય કોઈપણ સત્તાધિકારી, નીચેના કિસ્સાઓમાં કર્મચારીને ફરજ મોકૂફી હેઠળ મૂકી શકશે :—

(ક) શિસ્ત પાલનની કાર્યવાહી કરવા ધાર્યું હોય અથવા તે નિકાલ બાકી હોય ;

(ખ) નૈતિક અધ: પતનવાળા કોઈપણ ફોજદારી ગુનાના સંબંધમાં તેની સામેનો કેસ, અન્વેષણ તપાસ અથવા ઈન્કવાયરી કાર્યવાહી હેઠળ હોય.

INDEX

(૧) કોઈ કર્મચારી ફોજદારી કેસમાં દોષિત ઠર્યો હોય અને દોષિત ઠર્યાની સામે ઉપલી કોર્ટમાં તેની અપીલ નિકાલ બાકી હોય;

પરંતુ ફરજ મોકૂફીનો આવો કોઈ હુકમ કરી શકાશે નહિ સિવાય કે યોગ્ય સત્તાધિકારીને એવી ખાતરી થાય કે સદરહું અધિકારી અથવા કર્મચારી સામે એવું તહોમત છે કે તે સાબિત થાય તો તેનો બરતરફી, રૂખસદ અથવા ફરજિયાત નિવૃત્તિમાં પરિણમી શકશે. અને ફરજ મોકૂફી કરવામાં આવ્યો ન હોય તો તેણે પૂરાવા અથવા સાક્ષીઓ સાથે ચેડાં કર્યા છે એમ ગણાશે.

(૨) યોગ્ય સત્તાધિકારીને ખાતરી થાય કે કેસના સંજોગોને ધ્યાનમાં લેતાં, ફરજ મોકૂફી વધુ સમય ચાલુ રાખવી જરૂરી નથી તો ફરજ મોકૂફીનો હુકમ રદ કરી શકાશે.

૩૧. ફરજ મોકૂફી દરમિયાન નિર્વાહ ભથ્થું આપવા બાબત :

(૧) ફરજ મોકૂફી હેઠળના કર્મચારીને, જો, તે અડધા પગારની રજા ઉપર હોત તો કર્મચારી મેળવત તે રજા-પગાર અને ફરજ મોકૂફીના પ્રથમ છ મહિનાની મુદત માટે આવા અડધા પગાર ઉપર આધારિત મોંઘવારી ભથ્થું જેટલું નિર્વાહ ભથ્થું આપવામાં આવશે.

(૨) ફરજ મોકૂફી, છ મહિનાની મુદત પછી લંબાવવામાં આવી હોય તો મંડળી યોગ્ય ગણે તેટલું પેટા-નિયમ (૧) હેઠળ મળવાપાત્ર હોય તેના કરતાં ઓછું ન હોય એવા દરે નિર્વાહ ભથ્થું ચાલુ રાખી શકાશે.

(૩) કર્મચારીને સક્ષમ કોર્ટે ગુના માટે દોષિત ઠરાવ્યો હોય અને કેદની સજા કરી હોય ત્યારે તેને એવી રીતે દોષિત ઠરાવ્યાની તારીખથી ફરજ મોકૂફી હેઠળ મૂકવામાં આવ્યો હોવાનું ગણાશે અને નિમણૂક કરનાર સત્તાધિકારી યથાપ્રસંગ તેને રૂખસદ આપી હોય અથવા બરતરફ કર્યો હોય અથવા મૂળ જગા ઉપર મૂકવાની તારીખ સુધી ઉપરના પેટા નિયમો (૧) અને (૨) હેઠળ ઠરાવેલા દરોએ તેને નિર્વાહ ભથ્થું આપવામાં આવશે.

(૪) કર્મચારી ફરજ મોકૂફી અગાઉ વળતર ભથ્થું મેળવતો હોય તો, પોતે યોગ્ય ગણે તેટલા દરોએ અને તેટલા પ્રમાણમાં અને તેની શરતોને અધીન રહીને યોગ્ય સત્તાધિકારી, ફરજ મોકૂફી દરમિયાન અન્ય વળતર ભથ્થાં મેળવવાની છૂટ આપી શકશે, પરંતુ જેના માટે આવા ભથ્થાં મંજુર કરવામાં આવ્યા હોય તે ખર્ચ કરવાનું કર્મચારીએ ચાલુ રાખ્યું હોવું જોઈએ.

(૫) પેટા-નિયમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, યોગ્ય સત્તાધિકારી, મોંઘવારી ભથ્થા અને વળતર ભથ્થા અટકાવી શકશે અને તેનો મંડળીની કોઈ લેણી રકમની ચુકવણી પેટે તે રકમનો ઉપયોગ કરી શકશે.

(૬) કર્મચારીને ચૂકવવાપાત્ર નિર્વાહ ભથ્થામાંથી રાબેતા મુજબની કપાતો કરી શકાશે.

(૭) કર્મચારીને ફરજ પર પાછો લેવામાં આવે ત્યારે, ચૂકવવાપાત્ર થાત તે પગાર અને ભથ્થામાંથી તે આપેલ નિર્વાહભથ્થું કાપી લેવામાં આવશે. પરંતુ આવા કિસ્સામાં આવો પગાર અને ભથ્થું મળવાપાત્ર નિર્વાહભથ્થું અને બીજાં ભથ્થાં કરતાં ઓછા હોવા જોઈશે નહિ.

૩૨. ફરજ મોકૂફીની મુદતની ગણતરી :–

(૧) યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય થાય કે ફરજ મોકૂફી ન્યાયી ન હતી તો કર્મચારીને, પોતે ફરજ મોકૂફી પર ન હોત અને જે પગાર અને ભથ્થાં મેળવવા હકદાર થાત તેવો પૂરેપૂરો પગાર અને ભથ્થાં આપવામાં આવશે અને ફરજ ઉપરની ગેરહાજરીની મુદતને ફરજ ઉપર ગાળેલી મુદત તરીકે ગણવામાં આવશે.

(૨) યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય થાય કે ફરજ મોકૂફી ન્યાયી હતી તો, તેને ફરજ ઉપર પાછો લેતી વખતે, નિમણૂક કરનાર સત્તાધિકારીએ ફરજ મોકૂફીની મુદત નિયમો હેઠળ મળવાપાત્ર રજામાં રૂપાંતરિત કરી શકાય કે નહિ તે નિર્દિષ્ટ કરવું જોઈશે.

૩૩. શિક્ષા :–

મંડળીએ ઘડેલા બીજા કોઈપણ નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, જે કોઈ કર્મચારી આ નિયમોનો જાણીબુઝીને ભંગ કરે અથવા અપ્રામાણિકતા, બેદરકારી, અવજ્ઞા, ઉદ્ધતાઈ, અણઘડતા માટે દોષિત હોય અથવા જાણીબુઝીને અથવા બેદરકારીથી મંડળીના હિતને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય કરે, તે કર્મચારી નીચે જણાવેલી શિક્ષાઓ પૈકી કોઈ શિક્ષાને પાત્ર થશે :–

ગૌણ શિક્ષાઓ :–

(ક) ઠપકો;

(ખ) ઈજાફા અથવા બઢતી અટકાવવી;

(ગ) બેદરકારીથી અથવા હુકમોના ભંગથી મંડળીને થયેલાં કોઈ આર્થિક નુકશાન પગારમાંથી સંપૂર્ણત: અથવા અંશત: વસૂલ કરવું.

મુખ્ય શિક્ષાઓ :–

(ઘ) પગારના ભવિષ્યના ઈજાફા મોકૂફ કરવા સબંધી વધુ આદેશો સહિત નિર્દિષ્ટ મુદત માટેના પગાર-ધોરણમાં નીચલા તબક્કામાં ઉતારવો.

INDEX

(ચ) જે ગ્રેડ અથવા જગા ઉપરથી તેને નીચે ઉતાર્યો હોય તેમાં ફરી પાછો મૂકવાની શરતો સંબંધી વધુ આદેશ અને એવી રીતે પગાર, ગ્રેડ અથવા જગા ઉપર ફરી પાછો લેવામાં આવ્યે, સિનિયોરીટી અને પગાર સંબંધી વધુ આદેશો કે સાથે તે સિવાય, જે પગાર ધોરણ, ગ્રેડ અથવા જગા ઉપરથી તેને નીચે ઉતાર્યો હોય તેમાં ફરી મૂકવાને સામાન્ય રીતે બાધ ગણાય તેવા નીચલા પગાર ધોરણ, ગ્રેડ અથવા જગા ઉપર ઉતારવો;

(છ) ફરજિયાત નિવૃત્તિ;

(જ) મંડળી હેઠળની ભવિષ્યની નોકરી માટે ગેરલાયકાત ન ગણાય તેવી નોકરીમાંથી પદચ્યુતિ;

(ઝ) મંડળી હેઠળની ભવિષ્યની નોકરી માટે ગેરલાયકાત ગણાય તેવી નોકરીમાંથી બરતરફી.

૩૪. ખાતાકીય તપાસ :—

આ અર્થે વાજબી અને યોગ્ય તપાસ કર્યા સિવાય અને નિમણૂંક કરનાર સત્તાધિકારી અથવા આ અર્થે સત્તા આપેલ આવા અન્ય સત્તાધિકારીને ખાતરી થઈ હોય કે તહોમતો સાબિત થયા છે તે સિવાય કોઈ કર્મચારીને શિક્ષા કરી શકાશે નહિ:

પરંતુ જે કર્મચારીને નૈતિક અધ : પતનવાળા ગુના માટે યોગ્ય હકુમત ધરાવતી કોર્ટે દોષિત ઠરાવ્યો હોય કર્મચારી સામે નોકરીમાંથી બરતરફી અથવા રૂખસદની શિક્ષા કરવા માટે, આવી કોઈ તપાસની જરૂર રહેશે નહિ.

૩૫. કારણ દર્શાવ્યા પછી મુખ્ય શિક્ષા કરવા બાબત :—

કર્મચારીને સૂચિત શિક્ષા સામે કારણ દર્શાવવાની તક આપવામાં આવી હોય અને કારણદર્શક નોટિસ અંગે તેનો ખુલાસો અથવા પ્રત્યુત્તરની વિચારણા કરવામાં આવી હોય તે સિવાય મંડળી, નિયમ--૩૩માં જણાવેલ મુખ્ય શિક્ષાનો કોઈ હુકમ કરી શકશે નહિ.

૩૬. અપીલ :—

આ નિયમો હેઠળ કરેલો કોઈપણ હુકમ અધિનિયમની કલમ--૯૬ના હેતુઓ માટે તકરાર તરીકે ગણાશે અને તે કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણે તેની પતાવટ કરવી જોઈશે.

નમૂનો

(જુઓ નિયમ ૯)

સહકારી મંડળીમાં નોકરી માટે કર્મચારીનું તબીબી પરીક્ષા પ્રમાણપત્ર

તારીખ : .....

હું, આથી પ્રમાણિત કરું છું કે સહકારી મંડળીમાં નોકરી માટેના ઉમેદવાર શ્રી/શ્રીમતી/કુમારી... ....ને જાતે તપાસેલ છે અને તેને/તેણીને .....સિવાય કોઈ રોગ શારીરિક નબળાઈ, અથવા શારીરિક અશકતતા હોવાનું જણાયું નથી. હું આને સદરહુ સહકારી મંડળીની કચેરીમાંની નોકરી માટેની ગેરલાયકાત ગણતો નથી.

તેની/તેણીની ઉંમર તેના/તેણીના કથન અનુસાર .....વર્ષની છે અને દેખાવ ઉપરથી આશરે .....વર્ષની લાગે છે. તેને/તેણીને શીતળાની રસી મૂકવામાં આવી છે.

ઓળખ ચિહ્ન :—

ડાબા હાથના અંગૂઠાની છાપ :—

ડૉકટરની સહી--સિક્કો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. જી. ભાવસાર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 6 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, FEBRUARY 10, 1994/MAGHA 21, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી જયનારાયણ વ્યાસે તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭--અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

"Gujarat Bill No. 3 of 1994.

THE GUJARAT FAMILY WELFARE BILL, 1993.

A BILL

to control the population growth and provide measures to restrict the size of the family so as to provide opportunities for individual development and to attain family welfare in the State of Gujarat and for matters ***connected therewith.***

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૩

ગુજરાત કુટુંબ કલ્યાણ વિધેયક, ૧૯૯૩

વસતી વધારાનું નિયંત્રણ કરવા અને વ્યકિતગત વિકાસ માટે તક આપી શકાય તે માટે કુટુંબનું કદ નિયંત્રિત કરવા અને ગુજરાત રાજ્યમાં કુટુંબ કલ્યાણ જાળવવા માટેનાં પગલાં માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના ચુંમાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટુંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "ગુજરાત કુટુંબ કલ્યાણ અધિનિયમ, ૧૯૯૩" કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય,-

(ક) "રાજ્ય સેવક" એટલે

(૧) રાજ્ય સરકારની નોકરીમાં હોય અથવા પગાર મેળવતી હોય અથવા રાજ્ય સરકાર દ્વારા કોઈ ફરજ બજાવવા માટે ફી અથવા કમિશન લઈને મહેનતાણું મેળવતી હોય તેવી કોઈપણ વ્યકિત.

(૨) રાજ્ય અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ સ્થાપેલ અથવા સ્થાનિક સત્તામંડળ અથવા કોર્પોરેશનમાં અથવા રાજ્ય સરકારની માલિકીના અથવા તેના નિયંત્રિત અથવા સહાય મેળવતા મંડળમાં અથવા રાજ્ય સરકારે સ્થાપેલ કોઈ સરકારી કંપનીમાં, નોકરી કરતી હોય અથવા પગાર મેળવતી હોય તેવી કોઈ વ્યકિત.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(ખ) "સ્થાનિક સત્તામંડળ" એટલે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ અથવા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અથવા ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ અથવા જે કોઈ બીજા અધિનિયમ હેઠળ ગુજરાત રાજ્યમાં કોઈ સત્તામંડળ ઊભું કરવામાં આવ્યું હોય અથવા રચવામાં આવ્યું હોય, તેવું મંડળ.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(ગ) "યુનિવર્સિટી" એટલે ગુજરાત રાજ્યમાં કોઈ કાયદા દ્વારા સ્થાપેલ કોઈ યુનિવર્સિટી અને તેમાં યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા માન્ય કરેલ કોઈપણ બીજી સંસ્થાનો સમાવેશ થાય છે;

સન ૧૯૫૫નો ૧૦મો.

(ઘ) "જાહેર વિતરણ પધ્ધતિ" એટલે જે પધ્ધતિ હેઠળ, આવશ્યક ચીજ વસ્તુઓ જેવી કે, અનાજ, ખાંડ, કેરોસીન, રાંધણ તેલ વગેરે, કુટુંબ કાર્ડ ઉપર વાજબી ભાવની દુકાન મારફત મેળવતી હોય તેવી અથવા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ હેઠળ અથવા રાજ્ય સરકારે ઘડેલા બીજા કોઈપણ અધિનિયમ અથવા નિયમો હેઠળ જેનું નિયમન કર્યું હોય તેવી પધ્ધતિ;

INDEX

(ચ) "શૈક્ષણિક સંસ્થા" એટલે મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ અથવા ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ અથવા ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપેલ કોઈપણ યુનિવર્સિટી હેઠળ અથવા રાજ્ય અથવા કેન્દ્રીય અધિનિયમ હેઠળ રચાએલ બીજા સત્તામંડળ હેઠળ માન્ય કરેલ અથવા રજિસ્ટર કરેલ, પ્રાથમિક અથવા માધ્યમિક અથવા ઉચ્ચ શિક્ષણ આપતી કોઈ સંસ્થા; સન ૧૯૪૭નો મુંબઈનો ૬૧મો. સન ૧૯૭૩ નો ગુજરાતનો ૧૮મો.

(છ) "નિર્દિષ્ટ કરેલી તારીખ" એટલે આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવા માટે નિર્દિષ્ટ કરેલી તારીખ, જે કલમ ૧ની પેટા-કલમ (૩) હેઠળ નક્કી કરેલ તારીખના એક વર્ષ પછીની તારીખ ગણાશે.

નાના કુટુંબના ધોરણના ઉલ્લંઘન માટેની ગેરલાયકાત.

૩. આ અધિનિયમની કલમ ૪માં જણાવેલ હેતુઓ માટે, જો કોઈ વ્યકિતને બે કરતાં વધુ બાળકો હોય તો, તે ગેરલાયક ગણાશે.

પરંતુ આ કલમમાંનો કોઈપણ મજકૂર, નીચેની કોઈપણ વ્યકિતને લાગુ પડશે નહિ—

(ક) આ અધિનિયમના આરંભની તારીખે અથવા યથાપ્રસંગ, આવા આરંભના એક વર્ષની મુદતની અંદર, બે કરતાં વધુ બાળકો હોય, સિવાય કે એક વર્ષની સદરહુ મુદત પછી, વધારાનું બાળક તેણે પેદા કર્યું હોય;

(ખ) આ અધિનિયમના આરંભની તારીખે અથવા યથાપ્રસંગ, આવા આરંભની એક વર્ષની મુદતની અંદર એક બાળક હોય સિવાય કે પછીના બાળકનો જન્મ, એક કરતાં વધુ બાળકના જન્મમાં પરિણમ્યો હોય.

સ્પષ્ટીકરણ:—આ કલમના હેતુઓ સારુ, કોઈ વ્યકિત, માત્ર તેના બાળકને દત્તક આપવાને કારણે ગેરલાયકાત વ્હોરતો બંધ થશે નહિ.

ગેરલાયકાત ધરાવતી વ્યકિતઓ, અમુક લાભો સુવિધાઓ મેળવવાને હકદાર થશે નહિ.

૪. આ અધિનિયમની કલમ ૩ હેઠળ ગેરલાયકાત ધરાવતી વ્યકિત—

(૧) સ્થાનિક સત્તામંડળનું સભ્ય પદ મેળવવાને હકદાર થશે નહિ;

(૨) જો તે રાજ્ય સેવક હોય તો,—

(ક) વાર્ષિક ઈજાફો અથવા નિયત બઢતી;

(ખ) સુવિધાઓ જેવી કે રહેણાંકની સગવડ, વાહન અને અનાજની ખરીદી માટે પેશગીઓ,

મેળવવા હકદાર થશે નહિ.

(૩) જો તે વ્યકિત, યુનિવર્સિટીમાં અથવા કોઈ બીજી શૈક્ષણિક સંસ્થામાં કારકુની અથવા શૈક્ષણિક સ્ટાફ તરીકે કામ કરતી હોય તો, તે વાર્ષિક ઈજાફો અથવા નિયત બઢતી મેળવવાને હકદાર થશે નહિ.

(૪) રાજ્ય સરકાર દ્વારા અથવા સ્થાનિક મંડળ દ્વારા અથવા રાજ્ય સરકારની ગ્રાન્ટ મેળવતા બીજા કોઈપણ સત્તા મંડળ દ્વારા ચલાવાતી કોઈપણ હોસ્પીટલમાંથી તબીબી સગવડ મેળવવા હકદાર થશે નહિ.

(૫) કોઈપણ વાજબી ભાવની દુકાનેથી કોઈપણ આવશ્યક ચીજવસ્તુ મેળવવા માટે અથવા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની કોઈપણ સગવડ મેળવવા હકદાર થશે નહિ.

(૬) નવું ગેસ જોડાણ મેળવવા હકદાર થશે નહિ.

આરોગ્ય અને તબીબી સેવા નિયામકના કાર્યો.

૫. (૧) આરોગ્ય અને તબીબી સેવા નિયામકે, આ અધિનિયમની જોગવાઈઓ અંગે જાગૃતિ લાવવા અંગેના તમામ જરૂરી પગલાં લેવાં જોઈશે.

(૨) ગુજરાત રાજ્યના આરોગ્ય અને તબીબી સેવા નિયામક, આ અધિનિયમના અમલની દેખરેખ રાખશે અને આ અધિનિયમની જોગવાઈઓના ભંગ માટેનું એક પત્રક તૈયાર કરશે અને ગુજરાત વિધાનસભા સમક્ષ મૂકાવડાવશે.

નિયમો કરવાની સત્તા.

૬. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં, જાહેરનામા દ્વારા અને પૂર્વ પ્રસિધ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પર પાડવા માટે નિયમો કરી શકશે.

INDEX

(૨) આ કલમ હેઠળ કરેલા નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, વિધાનમંડળ સમક્ષ મૂકાવવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્રમાં રાજ્ય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે અથવા રદ કરે તેને તે અધીન રહેશે.

(૩) રાજ્ય વિધાનમંડળ એ રીતે જે કંઈ ફેરફાર કરે અથવા રદ કરે તે, રાજપત્રમાં પ્રસિધ્ધ કરવું જોઈશે અને તેમ થયે તેના અમલ થશે.

ઉદ્દેશો અને કારણો.

સ્વતંત્રતા પછી, રાજ્ય દ્વારા મોટા પાયે સામાજીક-આર્થિક વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. સાથોસાથ, અનિયંત્રિત જન્મ દર, આપણા સામાજીક-આર્થિક વિકાસને વિપરિત અસર કરે છે, જેના પરિણામે વિકાસનો ઘણો જૂજ હિસ્સો વ્યકિતને ફાળે આવે છે. સન ૧૯૯૧ની વસતી ગણતરી અનુસાર ભારતની વસતી ૮૪૪.૩ લાખની છે અને દર વર્ષે ૧૭ લાખ કરતાં વધુ વધારો થાય છે. બદલાતા સંજોગોમાં વસતીનું સ્થિરીકરણ એ સૌથી વધુ રાષ્ટ્રીય અગ્રિમતા ધરાવે છે.

વિશ્વમાં, ચીન જેવા દેશોએ, જન્મ દરને નિયંત્રિત કરવા માટે સખત પગલાં લીધાં છે. ભારતમાં કેન્દ્રીય કુટુંબ કલ્યાણ મંત્રીશ્રીએ પણ, જન્મ દરનું નિયંત્રણ કરવા રાજ્યસભામાં વિધેયક દાખલ કર્યું છે. જેથી કરીને જન્મ દરનું નિયંત્રણ થઈ શકે. વિદ્યેયકની યોજનામાં, એવું સૂચવવામાં આવ્યું છે કે, આ અધિનિયમની જોગવાઈઓ એક વર્ષના લાંબા ગાળા પછી અમલમાં આવશે જેથી દરેકે દરેક વ્યકિત આ અધિનિયમની જોગવાઈઓની અસરની જાણકાર બની શકે અને પોતાના કુટુંબના કદનું નિયંત્રણ કરી શકે. આ વિધેયકનો મુખ્ય હેતુ લોકોના માનસમાં તેમના કુટુંબના કદનું નિયંત્રણ કરવા માટે જાગૃતિ લાવવાનો છે. જો આમ ન થાય તો નવા વિકાસનું ક્ષેત્ર, બહુ નાનું રહે. કુટુંબ કલ્યાણ અને વ્યકિતગત વિકાસ માટે, આ વિધેયક કરવા ધાર્યું છે.

ગાંધીનગર,
તારીખ ૨૨મી જૂન, ૧૯૯૩.

જયનારાયણ વ્યાસ.
વિ. સ. સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

કલમ (૧)ની પેટા-કલમ (૩) થી, રાજ્ય સરકારને અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ (૬) ની પેટા-કલમ (૧) થી રાજ્ય સરકારને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૨૨મી જૂન, ૧૯૯૩.

જયનારાયણ વ્યાસ,
વિ. સ. સ."

ગાંધીનગર.
તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

IX-Extra-6-2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 7 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol.. XXXV] THURSDAY, FEBRUARY 10, 1994/MAGHA 21, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી મોતીલાલ વસાવા એ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

"Gujarat Bill No. 4 of 1994.

THE GUJARAT TRIBAL AND FOREST WORKERS BILL, 1994.

A BILL

to provide for the welfare of the Tribal and Forest workers in the State of Gujarat, to regulate their employment and conditions of service and for matters connected therewith

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪

ગુજરાત આદિજાતિ અને જંગલ કામદાર વિધેયક, ૧૯૯૪.

ગુજરાત રાજ્યમાં આદિજાતિ અને જંગલ કામદારોના કલ્યાણ, તેમના રોજગાર અને નોકરીની શરતોનું નિયમન કરવા અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના ચુંમાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે.

પ્રકરણ — ૧

પ્રારંભિક.

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, "ગુજરાત આદિજાતિ અને જંગલ કામદાર અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(૧) "બોર્ડ" એટલે, આ અધિનિયમની કલમ ૧૪ હેઠળ રાજ્ય સરકારે રચેલ રોજગાર બાંયધરી બોર્ડ.

(૨) "સમાધાન અધિકારી", "નોંધણી અધિકારી" અને "ઈન્સ્પેકટર" એટલે, આ અધિનિયમની કલમ ૭ હેઠળ નીમેલા અધિકારીઓ.

(૩) "રોજગાર", "તકરાર", "કામદાર", "માલિક" એ શબ્દોનો અર્થ, મજૂર કાયદામાં તેમનો જે અર્થ કર્યો છે તે જ પ્રમાણે થશે.

(૪) "જંગલ કામદાર ટ્રિબ્યુનલ" એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રચાયેલ ટ્રિબ્યુનલ.

(૫) "ફંડ" એટલે, આ અધિનિયમની કલમ ૧૩ હેઠળ સ્થાપેલ "આદિજાતિ અને જંગલ કામદાર કલ્યાણ ફંડ".

(૬) "ઠરાવેલું" એટલે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી રાજ્ય સરકાર ધ્વારા ઠરાવેલું.

પ્રકરણ—૨

આદિજાતિ અને જંગલ કામદારોની ટ્રિબ્યુનલ અને અધિકારીઓ.

આદિજાતિ અને જંગલ કામદારોની ટ્રિબ્યુનલની રચના.

૩. આદિજાતિ અને જંગલ કામદારોના કલ્યાણની સલામતીના હેતુ માટે, રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, એક માત્ર સભ્યના બનેલા, આદિજાતિ અને જંગલ કામદારોનું ટ્રિબ્યુનલ રચવું જોઈશે, જેઓ આદિજાતિ અને જંગલ કામદારોનું પ્રતિનિધિત્વ ટ્રિબ્યુનલમાં કરશે.

INDEX

ટ્રિબ્યુનલના સભ્યના હોદ્દાની મુદત અને સેવાની શરતો.

૪. જે મુદત માટે ટ્રિબ્યુનલના સભ્ય હોદ્દો ધરાવશે તે મુદત અને સેવાની અન્ય શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

મુદત પૂરી થયા પહેલાં નિમણૂંક સમાપ્ત કરવાની રાજ્ય સરકારની સત્તા.

૫. રાજ્ય સરકાર, સભ્યના હોદ્દાની મુદત પૂરી થયા પહેલાં ટ્રિબ્યુનલના સભ્યની સેવા સમાપ્ત કરી શકશે, જો આવો સભ્ય :—

(૧) નાદાર ઠરે; અથવા

(૨) હોદ્દાની મુદત દરમિયાન કોઈ પગારવાળી નોકરીમાં પોતે રહે;

(૩) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે માનસિક અથવા શારીરિક રીતે અશકતતાના કારણે હોદ્દા ઉપર ચાલુ રહેવાને અયોગ્ય થાય; અથવા

(૪) નૈતિક અધ:પતનના ગુના માટે દોષિત ઠરે.

ખાલી જગા ભરવા બાબત.

૬. ટ્રિબ્યુનલના સભ્યપદની ખાલી જગા, શકય હોય તેટલી જલ્દી અને ઠરાવેલ હોય તે રીતે રાજ્ય સરકારે ભરવી જોઈશે.

નોંધણી અધિકારીઓ, સમાધાન અધિકારીઓ અને ઈન્સ્પેકટરોની નિમણૂંક.

૭. રાજ્ય સરકારે, રાજપત્રમાં, જાહેરનામા દ્વારા નોંધણી અધિકારીઓ, સમાધાન અધિકારીઓ અને ઈન્સ્પેકટરોને નીમવા જોઈશે, જેમની સત્તા, કાર્યો અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

ટ્રિબ્યુનલનું મુખ્ય મથક.

૮. ટ્રિબ્યુનલનું મુખ્ય મથક રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવા સ્થળે રાખવામાં આવશે.

પ્રકરણ—૩

રોજગારની સલામતી અને કલ્યાણ.

આદિજાતિ અને જંગલ કામદારોને કામે રાખવા માટે પ્રથમ પસંદગી આપવા બાબત.

૯. માલિકે, નીચેના વર્ગોમાંથી આદિજાતિ અને જંગલ કામદારોને રાખવા જોઈશે:—

(૧) જેમણે, અગાઉનાં સાત વર્ષ, અથવા તેના ભાગ, પણ સતત અથવા તૂટ પડયા સિવાય ૨૪૦ થી ઓછા ન હોય તેટલાં દિવસ દરમિયાન કોઈપણ સમય સુધી એવું કામ કર્યું હોય તેવા આદિજાતિ અને જંગલ કામદારો ;

(૨) તે જ ગામના અન્ય કામદારો ;

(૩) બહારના વિસ્તારોના કામદારો :

પરંતુ, જેટલે સુધી પૂર્વ વર્ગના કામદારો મળી શકતા હોય અને તેના માટે રાજ્ય સરકારની ખાસ મંજુરી મેળવી હોય તેટલે સુધી, અનુગામી વર્ગના કામદારોને કામે રાખી શકાશે નહિ.

ન્યૂનત્તમ વેતન આપવા બાબત.

૧૦. અભણ કામદારોને ભણેલા આદિજાતિ અથવા આદિજાતિ અને સંબંધિત જંગલ કામદારે નિયુકત કર્યા હોય તેવા તે જ ગામના જંગલ કામદારની હાજરીમાં, ન્યૂનત્તમ વેતનની ચૂકવણી કરવી જોઈશે. માલિકે આવી ચૂકવણી પ્રમાણિત કરતા સાક્ષીની સહી લેવી જોઈશે.

INDEX

૧૧. આદિજાતિ અને જંગલ કામદારો માટેના વેતનોના દરોની, ઠરાવવામાં આવે તેવી રીતે દૂર દર બે વરસે ઓછામાં ઓછી એક વખત ફેર વિચારણા કરવી જોઈશે. ન્યૂનતમ વેતનની ફેરવિચારણા.

૧૨. કોઈપણ માલિક, કોઈપણ કારણસર, આદિજાતિ અને જંગલ કામદારોના વેતન સીધી અથવા આડકતરી રીતે ઘટાડી શકશે નહિ. માલિક વેતન ઘટાડી શકશે નહિ.

૧૩. (૧) રાજ્ય સરકારે, આદિજાતિ અને જંગલ કામદારોના કલ્યાણ માટે "આદિજાતિ અને જંગલ કામદારોનું કલ્યાણ ફંડ" એ નામનું ફંડ સ્થાપવું જોઈશે. આ ફંડ, માલિકે જમા કરાવવાના હોય તેવા કામદારોના પ્રોવિડન્ટ ફંડનું બનેલું રહેશે. અને ચૂકવેલા પગારના ૧૦ ટકાથી ઓછો ફાળો જમા કરાવવામાં કોઈ કસૂર થયેથી તે પોલીસ અધિકારનો ગુનો ગણાશે. આદિજાતિ અને જંગલ કામદારોના કલ્યાણ ફંડના સ્થાપના.

(૨) ફંડ, રાજ્ય સરકારે રચેલી સમિતિમાં નિહિત થશે અને તે તેનો વહીવટ કરશે, તેમજ તે આદિજાતિ અને અનુસૂચિત આદિજાતિના જંગલ કામદારોનું પ્રતિનિધિત્વ કરતા હોય તેવા અધ્યક્ષનું અને સરકારના એક અને માલિકના એક એવા સભ્યનું બનેલું રહેશે.

(૩) રાજ્ય સરકાર અને માલિકોએ આ ફંડમાં આપવાના ફંડ ફાળાનો દર, ઠરાવવામા આવે તેવો રહેશે, પરંતુ ચૂકવેલ વેતનના દસ ટકા કરતાં ઓછો હોવો જોઈશે નહિ.

૧૪. (૧) રાજ્ય સરકારે, "કામદાર બાંયધરી બોર્ડ" એ નામના બોર્ડની રચના કરવી જોઈશે, તે, આદિજાતિ અને અનુસૂચિત આદિજાતિના જંગલ કામદારોનું પ્રતિનિધિત્વ કરતા અધ્યક્ષની અને સરકારનો એક અને માલિકનો એક એવા સભ્યની બનેલી રહેશે. કામદાર બાંયધરી બોર્ડની રચના.

(૨) બોર્ડના હોદ્દાની મુદત, સેવાની શરતો, સત્તા અને કાર્યો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

૧૫. બોર્ડે આદિજાતિ અને જંગલ કામદારોના પરિવારના ઓછામાં ઓછા એક સભ્યને રોજગાર આપવાનો પ્રયાસ કરવો જોઈશે. નોંધણી અધિકારી પાસે આદિજાતિ અને જંગલ કામદારના નામોની નોંધણીની તારીખથી ૧૫ દિવસની અંદર આવા રોજગારની જોગવાઈ કરવામાં ન આવે તો તેને, તે બેરોજગાર રહે તેટલી મુદત માટે દિવસ દીઠ ન્યૂનત્તમ વેતનના દરે બેકારી ભથ્થું આપવું જોઈશે. રોજગારની બાંયધરી.

પ્રકરણ—૪

તકરારો.

૧૬. (૧) માલિક અને આદિજાતિ અને જંગલ કામદારો વચ્ચે તકરાર ચાલુ હોય અથવા તેની ધરપકડ કરવામાં આવી હોય ત્યારે, સમાધાન અધિકારી, સમાધાનની કાર્યવાહી કરી શકશે. રોજગારની તકરારોની પતાવટ.

(૨) તકરારની પતાવટ, સમાધાનની કાર્યવાહી દરમિયાન નક્કી થાય તો, સમાધાન અધિકારીએ તેનો રિપોર્ટ, મજૂર કમિશનરને, અને રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ ખાતાના સચિવને મોકલવો જોઈશે.

(૩) આવી કોઈપણ પતાવટ, સમાધાન અધિકારી પાસે નક્કી ન થાય તો, તકરાર, આદિજાતિ અને જંગલ કામદારોની ટ્રિબ્યુનલને મોકલવી, જે તેને મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર તેની કાર્યવાહીઓનો નિર્ણય કરશે અને તેનો ચૂકાદો આપશે.

(૪) આદિજાતિ અને જંગલ કામદારોની ટ્રિબ્યુનલનો ચૂકાદો આખરી ગણાશે.

પ્રકરણ—૫

શિક્ષા અને કાર્યરીતિ.

૧૭. (૧) આ અધિનિયમ હેઠળ કરેલો કોઈપણ ગુનો, પોલીસ અધિકારનો ગુનો ગણાશે.

(૨) નારાજ થયેલ કોઈપણ કામદાર અથવા તેના વતી કોઈપણ મંડળ, માલિક સામે ફોજદારી કાર્યરીતિ ફાઈલ કરી શકશે અને આવા કોઈપણ દાવામાં થયેલ ખર્ચ, રાજ્ય સરકારે ભોગવવો જોઈશે. પોલીસ અધિકારનો ગુનો.

૧૮. પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની અથવા તાબાની કોઈ કોર્ટથી, આ અધિનિયમ હેઠળ ગુનાની વિચારણા કરી શકાશે નહિ. ગુનાની વિચારણા.

INDEX

વેતન ન ચૂકવવા માટે શિક્ષા.

૧૯. જે કોઈ વ્યકિત, વેતન ન ચૂકવે, અથવા ઓછું ચૂકવે અથવા મોડું ચૂકવવાનો ગુનો કરે તો તેને એક વર્ષ કરતાં ઓછી ન હોય પણ ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય તેવી મુદતની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે.

પ્રકરણ-૬

પ્રકીર્ણ

નિયમો કરવાની સત્તા.

૨૦. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ પ્રસિધ્ધ પછી, નિયમો કરવાની શરતને આધીન રહેશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે ત્યાર પછી બનતી ત્વરાએ, ત્રીસ દિવસ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તે સત્ર અથવા ત્યાર પછી તરત જ આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તરીકે રાજ્ય વિધાનમંડળ તેમાં જે કંઈ રદ કરે અથવા ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

ઉદ્દેશો અને કારણો.

ગુજરાતમાં આદિજાતિની વસ્તી લાખોની સંખ્યામાં છે અને મોટેભાગે આદિજાતિ વિસ્તારોમાં કેન્દ્રસ્થ થઈ છે અને તે રાજ્યના તમામ ભાગોમાં છે. કામદારોની સ્થિતિ ભયજનક છે. ઘણા ખરા કિસ્સાઓમાં, તેઓને ન્યૂનત્તમ વેતન આપવામાં આવતું નથી. બેરોજગારી એ રોજનો ક્રમ છે. કેટલીકવાર બહારના વિસ્તારોમાંથી આવતા કામદારોને સ્થાનિક કામદારોના ભોગે સસ્તા દરે કામે રાખવામાં આવે છે અને આમ સ્થાનિક આદિજાતિ અને જંગલ અર્થ-તંત્ર, અને આદિજાતિની અને જંગલ કામદારોની આર્થિક પરિસ્થિતિ અસ્તવ્યસ્ત થઈ જાય છે. તેથી ગુજરાત રાજ્યના લાખો જંગલ કામદારોને રક્ષણ આપવા માટે, સલામતિ અને સામાજિક સુરક્ષા માટે અને હકો અને વિશેષાધિકારો આપવા માટે સર્વગ્રાહી કાયદો ઘડવાની અતિવિલંબિત જરૂરિયાત છે. કાયદાના આ ભાગથી આ દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

મોતીલાલ વસાવા;
વિ. સ. સ.

નાણાંકીય યાદી

આદિજાતિ અને જંગલ કામદારો અંગેનું સર્વગ્રાહી વિધેયક દાખલ કરવાનું હોવાથી અને તે સમગ્ર રાજ્યને આવરી લેતું હોવાથી, રાજ્ય ઉપર કેટલીક નાણાંકીય જવાબદારી આવી પડશે. પણ જટિલતા અને ગુંચવણો જોતાં અંદાજિત ખર્ચ અથવા જવાબદારીની ચોક્કસ રકમનો અંદાજ કાઢવાનું ઘણું મુશ્કેલ છે. તેમ છતાં, પ્રારંભિક તબક્કામાં એમ લાગે છે કે રૂ. ૫૦ લાખની રકમ, આ વિધેયકની જોગવાઈનો અમલ કરવાના હેતુને પહોંચી વળવા માટે પૂરતી થશે.

મોતીલાલ વસાવા,
વિ. સ. સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

કલમ-૧.—કલમ-૧થી પેટા કલમ (૩) થી રાજ્ય સરકારને, આ અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ-૩.—આ કલમથી, રાજ્ય સરકારને, રાજ્યપત્રમાં જાહેરનામું બહાર પાડીને આદિજાતિ અને જંગલ કામદારોની ટ્રિબ્યુનલ રચવાની સત્તા મળે છે.

કલમ-૪.—આ કલમથી, રાજ્ય સરકારને, નોંધણી અધિકારીઓ, સમાધાન અધિકારી અને ઈન્સ્પેકટરોનાં સત્તા અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

કલમ—૬.—આ કલમથી રાજ્ય સરકારને ટ્રિબ્યુનલના સભ્યપદમાંની ખાલી જગ્યા ભરવા માટેની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૭.—આ કલમથી, રાજ્ય સરકારને, નાંધણી અધિકારીઓ, સમાધાન અધિકારીઓ અને ઈન્સ્પેક્ટરો નીમવાની અને તેમનાં સત્તા, કાર્યો અને સેવાની શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૮.—આ કલમથી, રાજ્ય સરકારને ટ્રિબ્યુનલના મુખ્ય મથક માટે સ્થળ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ—૧૦.—આ કલમથી, રાજ્ય સરકારને, ન્યૂનતમ વેતનના દરોની ફેર વિચારણા માટેની, રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૩.—આ કલમથી, રાજ્ય સરકારને, આદિજાતિ અને જંગલ કામદારોના કલ્યાણ ફંડ સ્થાપવાની અને ફંડમાં સરકારી અને માલિકના ફાળાના દરો નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ—૧૪.—આ કલમથી, રાજ્ય સરકારને, રોજગાર બાંયધરી બોર્ડની રચના કરવાની અને બોર્ડની કચેરીનું માળખું સેવાની શરતો, સત્તા અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૨૦.—આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપરની બાબતો વહીવટી અને રોજિંદા પ્રકારની છે અને તેથી, ધારાકીય સત્તાની સોંપણી, સામાન્ય પ્રકારની છે.

મોતીલાલ વસાવા,
વિ.સ.સ."

ગાંધીનગર,
તા. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 8 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, FEBRUARY 11, 1994/MAGHA 22, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

શિક્ષણ મંત્રીશ્રી નરહરિ અમીને તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે:—

INDEX

"GUJARAT BILL NO. 5 OF 1994.

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY BILL, 1994.

A BILL

to establish and incorporate an open University in the State of Gujarat for the introduction and promotion of the open University and distance education system in the educational pattern of the state.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૫.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિધેયક, ૧૯૯૪.

ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટીના આરંભ અને ઉત્તેજન માટે અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શૈક્ષણિક પધ્ધતિ માટે ઓપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

પ્રકરણ-૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨- આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(૧) "અધિકારીમંડળો" એટલે, કલમ ૧૧માં નિર્દિષ્ટ કરેલા યુનિવર્સિટીના અધિકારીમંડળો;

(૨) "શૈક્ષણિક આયોજન બોર્ડ" એટલે, કલમ ૧૭ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું શૈક્ષણિક આયોજન બોર્ડ;

(૩) "વ્યવસ્થાપક બોર્ડ" એટલે, કલમ ૧૬ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું વ્યવસ્થાપક બોર્ડ;

(૪) "કુલાધિપતિ" એટલે, યુનિવર્સિટીના કુલાધિપતિ;

(૫) "દૂરવર્તી શૈક્ષણિક પધ્ધતિ" એટલે, પ્રસારણ, દુરસંચાર, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, સેમિનારો, સંપર્ક કાર્યક્રમો અથવા આવા કોઈ બે અથવા વધારે સાધનોના સમન્વય જેવા સંદેશા વ્યવહારના કોઈ સાધન દ્વારા શિક્ષણ આપતી પધ્ધતિ;

(૬) "કર્મચારી" એટલે, યુનિવર્સિટીએ નિમણૂક કરેલી કોઈપણ વ્યકિત અને તેમાં યુનિવર્સિટીના અધ્યાપકો અને અન્ય શૈક્ષણિક સ્ટાફનો સમાવેશ થાય છે;

(૭) "નાણાં સમિતિ" એટલે, કલમ ૧૮ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણાં સમિતિ;

(૮) "ઠરાવેલું" એટલે સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અથવા આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૯) "માન્ય સંસ્થા" એટલે, સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસ માટે સ્થાપેલી અને જેને યુનિવર્સિટીએ તેવી સંસ્થા તરીકે, માન્ય કરેલી સંસ્થા;

(૧૦) "પ્રાદેશિક કેન્દ્ર" એટલે, કોઈપણ પ્રદેશમાં અભ્યાસ કેન્દ્રોના કામનું સંકલન અને નિરીક્ષણ કરવાના હેતુ માટે અને વ્યવસ્થાપક બોર્ડે આવા કેન્દ્રને સોંપ્યાં હોય તેવાં અન્ય કાર્યો બજાવવા માટે યુનિવર્સિટી દ્વારા સ્થાપવામાં અથવા નિભાવવામાં આવેલ કેન્દ્ર;

(૧૧) "શાળા" એટલે યુનિવર્સિટીની અભ્યાસ શાળા;

INDEX

(૧૨) "સ્ટેચ્યુટસ", "અધ્યાદેશો" અને "વિનિયમો" એટલે અનુક્રમે, આ અધિનિયમ હેઠળ કરેલ અને તે સમયે અમલમાં હોય તેવા સ્ટેચ્યુટસ, અધ્યાદેશો અને વિનિયમો;

(૧૩) "વિદ્યાર્થી" એટલે યુનિવર્સિટીનો વિદ્યાર્થી અને તેમાં યુનિવર્સિટીનો કોઈપણ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે પોતાનું નામ દાખલ કરાવ્યું હોય તેવી કોઈપણ વ્યકિતનો સમાવેશ થાય છે;

(૧૪) "અભ્યાસ કેન્દ્ર" એટલે, યુનિવર્સિટીએ, વિદ્યાર્થીઓને સલાહ આપવા, તેમની સાથે વિચાર વિનિમય કરવા, મૂલ્યાંકન કરવા અથવા અન્ય આવશ્યક મદદ આપવા માટેના હેતુ માટે સ્થાપેલ, નિભાવેલ અથવા માન્ય કરેલ કેન્દ્ર ;

(૧૫) "અધ્યાપકો" એટલે, પ્રોફેસરો, રીડરો, લેકચરરો અને યુનિવર્સિટીમાં શિક્ષણ આપવા અથવા યુનિવર્સિટીનો કોઈ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અથવા મદદ પૂરી પાડવા માટે અધ્યાદેશો દ્વારા નામોદ્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વ્યકિતઓ;

(૧૬) "યુનિવર્સિટી" એટલે, કલમ ૩ હેઠળ સ્થાપેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી;

(૧૭) "કુલપતિ" એટલે યુનિવર્સિટીના કુલપતિ.

પ્રકરણ-૨

યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને તેનું સંસ્થાપન.

૩. (૧) "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" નામની એક યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.

(૨) યુનિવર્સિટીનું મુખ્ય મથક અમદાવાદ ખાતે રહેશે; અને યુનિવર્સિટી, રાજ્યમાં પોતાને યોગ્ય લાગે તેવા અન્ય સ્થળોએ સંસ્થાઓ, શાળાઓ, પ્રાદેશિક કેન્દ્રો અને અભ્યાસ કેન્દ્રો સ્થાપી શકશે, નિભાવી શકશે અથવા તેને માન્યતા આપી શકશે.

(૩) પ્રથમ કુલપતિ, વ્યવસ્થાપક બોર્ડ, શૈક્ષણિક આયોજન બોર્ડ અને નાણાં સમિતિના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તે તમામ વ્યકિતઓ એવો હોદ્દા અથવા સભ્યપદ ધરાવવાનું ચાલુ રાખે ત્યાં સુધી તે બધાનું, "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ, આથી રચવામાં આવે છે અને તે તરીકે જાહેર કરવામાં આવે છે અને યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

યુનિવર્સિટીના ઉદ્દેશો.

૪. યુનિવર્સિટીનો ઉદ્દેશ, કોઈપણ સંદેશા વ્યવહાર પદ્ધતિના ઉપયોગ સહિત વિવિધ સાધનો દ્વારા શિક્ષણ અને જ્ઞાનની વૃદ્ધિ અને પ્રસાર કરવાનો, વસતીના મોટા ભાગને ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડવાનો અને સામાન્ય રીતે લોકોના કલ્યાણ માટે શિક્ષણને ઉત્તેજન આપવાનો, ઓપન યુનિવર્સિટીને અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શિક્ષણ પદ્ધતિને, પ્રોત્સાહન આપવાના રહેશે.

યુનિવર્સિટીની સત્તા.

૫. યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે :—

(૧) યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તેવા જ્ઞાન, ટેકનોલોજી, વ્યવસાયી અને ધંધાદારી શાખાઓમાં શિક્ષણ માટે જોગવાઈ કરવાની અને સંશોધન, પ્રગતિ અને વિસ્તરણ માટે જોગવાઈ કરવાની;

(૨) પદવી, ડિપ્લોમાઓ, પ્રમાણપત્રો અથવા અન્ય કોઈ હેતુ માટે અભ્યાસક્રમોનું આયોજન કરવાની અને તે ઠરાવવાની,

(૩) પરીક્ષા અથવા કસોટી લેવાની અને યુનિવર્સિટીમાં માન્ય અભ્યાસ પૂરો કર્યો હોય અથવા સ્ટેચ્યુટ અને અધ્યાદેશોથી જણાવેલી રીતે સંશોધન કર્યું હોય તે વ્યકિતઓને પદવી અને ડિપ્લોમા આપવાની અને તેને પ્રમાણપત્રો અથવા શૈક્ષણિક માનપત્રો અથવા માન્યતા આપવાની;

(૪) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે માનદ્ પદવીઓ અથવા બીજાં શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાની;

(૫) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે, યુનિવર્સિટીએ એનાયત કરેલી અથવા આપેલી કોઈ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર પાછાં ખેંચી લેવાની અથવા રદ કરવાની;

INDEX

(૬) યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમોના સંબંધમાં દૂરવર્તી પદ્ધતિથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાની રીત નક્કી કરવાની;

(૭) શિક્ષણ આપવા માટે અથવા શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે અથવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન, આલેખન અને તે આપવા અને તેમણે કરેલા કામના મૂલ્યાંકન સહિત, અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની અને તેમની લાયકાતો ઠરાવવા માટે જરૂરી પ્રોફેસરોની, રીડરોની, લેકચરરોની અને શૈક્ષણિક જગાઓ ઊભી કરવાની;

(૮) વ્યકિતઓને અધ્યાપકો તરીકે નીમવાની, રાખવાની અથવા માન્ય કરવાની;

(૯) જુદી જુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવાની;

(૧૦) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે બીજી કોઈ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, વ્યવસાયિક મંડળો અને સંગઠનો સાથે સહકાર આપવાની અને તેમનો સહકાર માંગવાની;

(૧૧) ટ્રસ્ટો અને દેણગીઓ ધરાવવાની અને તેનો વહીવટ કરવાની અને ફેલોશીપ, શિષ્યવૃત્તિ, ચંદ્રકો, ઈનામો અને ગુણવત્તાની માન્યતા માટે હોય તેવી બીજા અન્ય એવોર્ડો શરૂ કરવાની અને એનાયત કરવાની ;

(૧૨) યુનિવર્સિટી વખતો વખત નક્કી કરે તેવા પ્રાદેશિક કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા તે માન્ય કરવાની ;

(૧૩) સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તે રીતે, અભ્યાસ કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા માન્ય કરવાની ;

(૧૪) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓ તપાસવાની અને તેમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમનાં યોગ્ય ધોરણો જળવાય છે તે અને તેમાં ગ્રંથાલય તેમજ પ્રયોગ-શાળાની પૂરતી સગવડ છે, તેની ખાતરી માટે પગલાં લેવાની;

(૧૫) ફિલ્મો, કેસેટો, ટેપો, વિડિયો કેસેટો અને અન્ય સોફ્ટવેર સહિતની શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે જોગવાઈ કરવાની;

(૧૬) અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકન કરનારાઓ, અને અન્ય શૈક્ષણિક સ્ટાફ માટે ઓપવર્ગ, વર્કશોપ, સેમિનાર અને અન્ય કાર્યક્રમોની વ્યવસ્થા કરવાની અને તેનું સંચાલન કરવાની;

(૧૭) અધ્યાપન અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને બીજી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવાની;

(૧૮) અન્ય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ અથવા યુનિવર્સિટીના અભ્યાસક્રમની પરીક્ષાઓ અથવા પિરીયડોને સમકક્ષ હોય તેવા ઉચ્ચ શિક્ષણનાં અન્ય સ્થળોનાં પરીક્ષાઓ અથવા અભ્યાસના (પૂરેપૂરા અથવા તેના ભાગના) પિરીયડોને માન્ય કરવાની અને કોઈપણ સમયે આવી માન્યતા પાછી ખેંચી લેવાની ;

(૧૯) શૈક્ષણિક ટેકનોલોજી અને તેની સાથે સંકળાયેલ બાબતોમાં સંશોધન કરવા અને તેનો વિકાસ કરવા માટે જોગવાઈ કરવાની;

(૨૦) યુનિવર્સિટીને વખતોવખત જરૂરી લાગે તેવી વહીવટી, દફતરી અને બીજી જગાઓ ઉભી કરવાની અને તે અંગે નિમણૂકો કરવાની;

(૨૧) શૈક્ષણિક અને અન્ય સામાજિક અથવા રાષ્ટ્રીય કારણો માટે લાભો, સખાવતો અને બક્ષિસો સ્વીકારવાની અને તેના યોગ્ય હિસાબો રાખવાની;

(૨૨) યુનિવર્સિટીના હેતુઓ માટે જંગમ અથવા સ્થાવર બન્ને મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની, તેનામાં નિહિત થાય તેવી અથવા પોતે સંપાદન કરે તેવી

INDEX

કોઈપણ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવાની, વેચવાની અથવા અન્યથા તબદીલ કરવાની અથવા તેનો નિકાલ કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે કરાર કરવાની અને જરૂરી અન્ય તમામ કાર્યો અને કૃત્યો કરવાની :

પરંતુ રાજ્ય સરકારની પૂર્વ સંમતિ સિવાય આવી રીતે સ્થાવર મિલકત પટે આપી શકાશે નહિ, વેચી શકાશે નહિ અથવા તબદીલ કરી શકાશે નહિ :

વધુમાં, રાજ્ય સરકારને ખાતરી થાય કે આવી કોઈપણ મિલકતનું પટે આપવાનું, વેચવાનું અથવા અન્યથા તબદીલ કરવાનું અથવા નિકાલ કરવાનું યુનિવર્સિટીના હિતમાં છે ત્યારે, રાજ્ય સરકારે યુનિવર્સિટીને જરૂરી આદેશો આપવા જોઈશે અને યુનિવર્સિટીએ આવા આદેશોનું તરત જ પાલન કરવું જોઈશે;

(૨૩) યુનિવર્સિટીના હેતુ માટે રાજ્ય સરકારની મંજૂરીથી, યુનિવર્સિટીની મિલકતની જામીન-ગીરી ઉપર અથવા અન્યથા, નાણાં ઉછીનાં લેવાની;

(૨૪) કરારો કરવાની, પાર પાડવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે રદ કરવાની;

(૨૫) અધિનિયમથી ઠરાવવામાં આવે તેવી ફી અને અન્ય ચાર્જો નક્કી કરવાની, માંગવાની અને લેવાની;

(૨૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્ત અંગે જોગવાઈ કરવાની, તેનું નિયંત્રણ કરવાની અને તે જાળવવાની;

(૨૭) યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધ્યાપકીય, અન્ય શૈક્ષણિક અને બિન- અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને નોકરીની બીજી શરતો અને તેની આચાર સંહિતા ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૨૮) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે ઉચ્ચ શિક્ષણ અથવા અભ્યાસક્રમોની કોઈપણ સંસ્થા માન્ય કરવાની અને આવી માન્યતા પાછી ખેંચી લેવાની;

(૨૯) મુલાકાતી પ્રોફેસરો, નિવૃત્ત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલરો, કલાકારો, કોર્સ રાઈટર અને યુનિવર્સિટીના ઉદ્દેશોની ઉન્નતિમાં ફાળો આપે તેવી અન્ય વ્યકિતઓને કરારથી અથવા અન્યથા રાખવાની;

(૩૦) યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન કાર્યનું સંચાલન કરવાની, સંકલન કરવાની, દેખરેખ રાખવાની, નિયમન અને નિયંત્રણ કરવાની;

(૩૧) અધ્યાદેશથી ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ યુનિવર્સિટીના અધ્યાપકો તરીકે અન્ય યુનિવર્સિટીઓમાં, સંસ્થાઓમાં અથવા સંગઠનોમા કામ કરતી વ્યકિતઓને માન્ય કરવાની;

(૩૨) જેમાં પરીક્ષા, મૂલ્યાંકન અને કસોટીની કોઈ અન્ય પધ્ધતિનો સમાવેશ કરી શકાય તેવા યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં, વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેના ધોરણો અને શરતો નિર્દિષ્ટ કરવાની;

(૩૩) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની અને યુનિવર્સિટીની અંદર અથવા તેની બહાર પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીઓએ પોતે જ અથવા બીજી કોઈ વ્યકિતઓ દ્વારા ગેરરીતિઓ આચરવા અથવા તેમાં મદદગારી કરવા સહિત, શિસ્તભંગ અથવા ગેરવર્તણૂક માટે યોગ્ય લાગે તેવી શિક્ષા તેઓને કરવાની;

(૩૪) વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના સામાન્ય સ્વાસ્થ્ય અને કલ્યાણનાં પ્રોત્સાહન માટે ગોઠવણ કરવાની;

(૩૫) યુનિવર્સિટીની તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા વાપરવા જરૂરી અથવા આનુષંગિક હોય અને યુનિવર્સિટીના ઉદ્દેશોને પ્રોત્સાહન આપવામાં સહાયક હોય તેવા તમામ અન્ય કાર્યો કરવાની.

૬. યુનિવર્સિટીને, પોતાની સત્તાની રૂએ, સમગ્ર ગુજરાત રાજ્યમાં હકૂમત રહેશે.

INDEX

તમામ વર્ગો, જ્ઞાતિઓ અને પંથ માટે યુનિવર્સિટી ખુલ્લી રહેશે.

૭. (૧) યુનિવર્સિટી, લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ અથવા વર્ગની વ્યકિતઓ માટે ખુલ્લી રહેશે અને કોઈ વ્યકિતને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે નીમવા અથવા તેમાં બીજા કોઈપણ હોદ્દો કે જગા ધરાવવા અથવા યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે દાખલ થવા અથવા તેમાં સ્નાતક થવા અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવા અથવા યુનિવર્સિટીનો કોઈ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો લાભ મેળવવાનો હક મળી શકે માટે યુનિવર્સિટી તેના માટે કોઈ લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ અથવા ધાર્મિક માન્યતા અથવા વ્યવસાય અથવા રાજકીય અથવા બીજા કોઈ મંતવ્ય અંગેની કોઈ કસોટી સ્વીકારે અથવા રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંના કોઈ મજકૂરથી રાજ્ય સરકાર, વખતોવખત કોઈ આદેશ આપે તો તે અનુસાર, સ્ત્રીઓ અથવા સમાજના નબળા વર્ગોની વ્યકિતઓ અને ખાસ કરીને અનુસૂચિત જાતિની અથવા અનુસૂચિત આદિજાતિની વ્યકિતઓને, નિમણૂક અથવા પ્રવેશ આપવા માટેની કોઈ ખાસ જોગવાઈઓ કરતાં યુનિવર્સિટીને બાધ આવે છે એમ ગણાશે નહિ.

પ્રકરણ-૩

યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ.

૮. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે મુજબ રહેશે :—

(૧) કુલાધિપતિ,

(૨) કુલપતિ;

(૩) નિયામકો;

(૪) રજિસ્ટ્રારો; અને

(૫) સ્ટેચ્યુટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાંના બીજા અધિકારીઓ.

કુલાધિપતિ અને તેમની સત્તા.

૯. (૧) ગુજરાતના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના કોઈપણ કામકાજને લગતી માહિતી અથવા રેકોર્ડ, વખતોવખત મંગાવવાને સક્ષમ રહેશે અને કુલપતિએ તે પૂરું પાડવું જોઈશે એવી માહિતી અથવા રેકોર્ડ જોઈ ગયા પછી, યુનિવર્સિટીના હિતમાં, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કુલપતિને આપવાનું પણ કુલાધિપતિ માટે કાયદેસર ગણાશે અને કુલપતિએ તેવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૩) પેટા-કલમો (૪) અને (૫)ની જોગવાઈઓને અધીન રહીને કુલાધિપતિને પોતે આદેશ કરે તેવી વ્યકિત અથવા વ્યકિતઓ દ્વારા યુનિવર્સિટીની, તેના મકાનોની, ગ્રંથાલયોની, પ્રયોગશાળાઓની અને સાધન સામગ્રીની અને કોઈપણ પ્રાદેશિક કેન્દ્રની અથવા અભ્યાસ કેન્દ્રની અને યુનિવર્સિટીએ સંચાલન કરેલ અથવા કરેલ કોઈ પરીક્ષા, શિક્ષણ અને અન્ય કામની તપાસ કરાવડાવવાનો અને યુનિવર્સિટીના વહીવટ અને નાણા સાથે સંકળાયેલી કોઈ બાબતના સંબંધમાં તેવી જ રીતે તપાસ કરાવડાવવાનો હક રહેશે.

(૪) કુલાધિપતિ, દરેક કિસ્સામાં, નિરીક્ષણ કરાવવાના અથવા તપાસ કરાવવાના પોતાના ઈરાદાની યુનિવર્સિટીને નોટિસ આપવી જોઈશે અને યુનિવર્સિટીને આવી નોટિસ મળ્યે, નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર અથવા કુલાધિપતિ નક્કી કરે તેવી બીજી કોઈ મુદતની અંદર પોતાને જરૂરી લાગે તેવી રજૂઆત કરવાનો હક રહેશે.

(૫) યુનિવર્સિટીએ, કોઈ રજૂઆત, કરી હોય તો તેની વિચારણા કર્યા પછી, કુલાધિપતિ, પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલ હોય તેવું નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે.

(૬) કુલાધિપતિ કોઈ નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવે ત્યારે, યુનિવર્સિટીને પ્રતિનિધિ નિમવાનો હક રહેશે, જેઓને એવા નિરીક્ષણ અથવા તપાસ વખતે જાતે હાજર રહેવાનો અને સુનાવણીનો હક રહેશે.

(૭) કુલાધિપતિ આવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામના સંદર્ભમાં કુલાધિપતિ, તેના ઉપર પગલાં લેવા સંબંધી સલાહ આપવા ઈચ્છે તેવા દૃષ્ટિકોણ સાથે લખાણ કરી શકશે અને કુલાધિપતિએ કરેલ લખાણ કુલપતિએ નિરીક્ષણ અથવા તપાસના પરિણામની અને કુલાધિપતિના દૃષ્ટિકોણની અને તે અંગે લીધેલાં પગલાં ઉપર પોતે આપેલી સલાહની વ્યવસ્થાપક બોર્ડને તરત જ જાણ કરવી જોઈશે.

INDEX

(૮) વ્યવસ્થાપક બોર્ડે કુલપતિ મારફત કુલાધિપતિને, એવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામે પોતે લેવા ધારેલ હોય અથવા લેવામાં આવ્યા હોય તેવા હોય તેવા કોઈપણ પગલાંની જાણ કરવી જોઈશે.

(૯) વ્યવસ્થાપક બોર્ડ, કુલાધિપતિએ નક્કી કરેલ સમય-મર્યાદાની અંદર, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે કોઈ પગલું લીધું ન હોય ત્યારે કુલાધિપતિ, વ્યવસ્થાપક બોર્ડ આપેલ કોઈ ખુલાસા અથવા કરેલ કોઈ રજૂઆતની વિચારણા કર્યા પછી પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કાઢી શકશે અને વ્યવસ્થાપક બોર્ડ તેવા આદેશોનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૧૦) રાજ્ય સરકાર, જ્યારે જ્યારે પોતાને યોગ્ય લાગે ત્યારે, ત્યારે, પેટા-કલમો (૨) થી (૯)માં વર્ણવેલી રીતે તેવાં નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે અને તેને આવા નિરીક્ષણ અથવા તપાસના હેતુઓ માટે સદરહુ પેટા--કલમો હેઠળ તેને કુલાધિપતિને તમામ સત્તા રહેશે.

કુલપતિ.

૧૦. (૧) રાજ્ય સરકાર પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નિમાયેલી સમિતિએ પેટા--કલમ (૩) હેઠળ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી કુલપતનાં નિમણૂક કરશે.

(૨) (ક) પેટા--કલમ (૧) ના હેતુઓ માટે કુલાધિપતિ એક સમિતિ નીમશે જે નીચેના સભ્યોની બનશે:—

(૧) વ્યવસ્થાપક બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો, યુનિવર્સિટી સાથે સંકળાયેલ ન હોય તેવો એક સભ્ય;

(૨) ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપિત તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓના બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો એક સભ્ય;

(૩) કુલાધિપતિએ નિયુકત કરવાનો એક સભ્ય.

(ખ) કુલાધિપતિ, સમિતિના ત્રણ સભ્યોમાંથી એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) તેવી રીતે નિયામેલી સમિતિ, વાજબી સમયની અંદર કુલપતિ તરીકે નિમાવા માટે પોતે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજ્ય સરકારને, તેમના સંબંધી તેવી બીજી વિગતો સાથે તેવી રીતે પસંદ કરેલી વ્યકિતઓનાં નામોની ભલામણ કરશે :

પરંતુ, શકય હોય તેટલે સુધી, સમિતિ, ૬૫ વર્ષની ઉંમર થઈ ચૂકી હોય તેવી કોઈપણ વ્યકિતને પસંદ કરશે નહિ.

(૪) કુલપતિ, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે વધુ ત્રણ વર્ષની મુદત માટે તે હોદ્દા ઉપર ફેર નિમણૂક માટે લાયક રહેશે :

પરંતુ રાજ્ય સરકાર, કોઈપણ કુલપતિને , તેની મુદત પૂરી થયા પછી, રાજ્ય સરકાર, નિર્દિષ્ટ કરે તે પ્રમાણે. એક વર્ષની કુલ મુદતથી વધુ ન હોય તેટલી મુદત સુધી હોદ્દા પર ચાલુ રહેવા ફરમાવી શકશે.

(૫) કુલપતિને આપવાનું મળતર અને જેને અધીન રહીને તેણે હોદ્દો ધરાવવો જોઈશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

કુલપતિની સત્તા.

૧૧. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય શૈક્ષણિક અને વહીવટી અધિકારી રહેશે અને યુનિવર્સિટીના કામકાજ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની સત્તા વાપરશે અને યુનિવર્સિટીનાં તમામ અધિકારીમંડળના નિર્ણયોનો અમલ કરાવશે.

(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો એવો અભિપ્રાય થાય કે કોઈપણ બાબત ઉપર તાત્કાલિક પગલું લેવું જરૂરી છે તો, તેઓ, આ અધિનિયમથી અથવા તે હેઠળ યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને સોંપેલી કોઈપણ સત્તા વાપરી શકશે અને તેવી બાબત ઉપર પોતે લીધેલાં પગલાં વિષે તેવા અધિકારીમંડળને જાણ કરશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો એવો અભિપ્રાય થાય કે આવું પગલું લેવામાં આવ્યું નથી તો, તેઓ તે બાબત કુલાધિપતિને મોકલી શકશે, જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે:

INDEX

વધુમાં, આ પેટા--કલમ હેઠળ કુલપતિએ લીધેલા પગલાંથી નારાજ થયેલી હોય તેવી યુનિવર્સિટીની સેવામાંની કોઈપણ વ્યકિતને, તેને આવા પગલાંની જે તારીખે જાણ કરવામાં આવી હોય તે તારીખથી નેવું દિવસની અંદર, વ્યવસ્થાપક બોર્ડને આવા પગલાં સામે, અપીલ કરવાનો હક રહેશે અને તેમ થયે, વ્યવસ્થાપક બોર્ડ, કુલપતિએ લીધેલાં પગલાંને બહાલ રાખી શકશે, ફેરફાર કરી શકશે. અથવા તે રદ કરી શકશે.

(૩) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો અભિપ્રાય એવો થાય કે કોઈપણ અધિકારીમંડળનો કોઈ નિર્ણય અથવા હુકમ, તેને આપેલી અધિકારીમંડળની સત્તા બહારનો છે અથવા આ અધિનિયમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશ, નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓ સાથે અસંગત છે અથવા લીધેલો કોઈપણ નિર્ણય, યુનિવર્સિટીના હિતમાં નથી અથવા શાંતિનો ભંગ થવાનો સંભવ છે, તો, એવા નિર્ણયના સાઠ દિવસની અંદર પોતાના નિર્ણયની પુનર્વિચારણા કરવાનું સંબંધિત અધિકારીમંડળને પોતે કહી શકશે અને સંબંધિત અધિકારીમંડળ, કુલપતિએ આદેશ આપ્યા પ્રમાણે પોતાના નિર્ણયની પૂરેપૂરી અથવા અંશત: રીતે પુનર્વિચારણા કરવાની ના પાડે, અથવા સાઠ દિવસની સદરહુ મુદતની અંદર તે નિર્ણય ન લે તો, તે બાબત રાજ્ય સરકારને મોકલવી જોઈશે જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો નિર્ણય, આ પેટા--કલમ હેઠળ, અધિકારીમંડળે અથવા યથાન પ્રસંગ, રાજ્ય સરકાર પુનર્વિચારણા કરે તે મુદત દરમિયાન મુલતવી રાખવો જોઈશે.

(૪) અધિકારીમંડળ, કુલપતિએ જણાવેલી રીતે કોઈ નિર્ણય અથવા હુકમની પુનર્વિચારણા, સુધારો અથવા ફેરફાર કરે ત્યારે એવી રીતે સુધારેલા અથવા ફેરફાર કરેલા નિર્ણય અથવા હુકમ તેવા સુધારા અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરીથી અમલમાં આવશે.

(૫) આ અધિનિયમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમોનું વિશ્વાસપૂર્વક પાલન કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ ગણાશે અને આ હેતુ માટે તેમને તમામ જરૂરી સત્તા રહેશે.

(૬) કુલપતિ, સ્ટેચ્યુટ અને અધ્યાદેશો દ્વારા ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવાં બીજાં કાર્યો બજાવશે.

નિયામકો.

૧૨. રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવે તેવી રીતે, તેવા મળતરની અને સેવાની અન્ય શરતોએ, નિયામકની નિમણૂક કરવી જોઈશે અને સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો અને કાર્યો બજાવશે.

રજિસ્ટ્રાર.

૧૩. (૧) રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવે તેવી રીતે તેવા મળતરથી અને સેવાની અન્ય શરતોએ રજિસ્ટ્રારની નિમણૂક કરવી જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે સત્તા આપેલ રજિસ્ટ્રારને યુનિવર્સિટી વતી, કબૂલાતો અને કરારો કરવાની અને તેના ઉપર સહી કરવાની અને રેકર્ડ અધિકૃત કરવાની સત્તા રહેશે.

(૩) દરેક રજિસ્ટ્રાર, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવાં ફરજો અને કાર્યો બજાવશે.

બીજા અધિકારીઓ.

૧૪. યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂકની રીત, મળતર, સત્તા અને ફરજો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ-૪

યુનિવર્સિટીના અધિકારીમંડળો

યુનિવર્સિટીનું અધિકારી મંડળ.

૧૫. યુનિવર્સિટીનું અધિકારીમંડળ નીચે પ્રમાણે રહેશે :--

(૧) વ્યવસ્થાપક બોર્ડ;

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડ;

(૩) નાણાં સમિતિ;

(૪) યુનિવર્સિટીનાં અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવાં બીજા અધિકારી-મંડળો.

INDEX

વ્યવસ્થાપક બોર્ડ.

૧૬. (૧) વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય એક્ઝિક્યુટીવ બોર્ડ રહેશે;

(૨) વ્યવસ્થાપક બોર્ડની રચના, તેનાં સભ્યોના હોદ્દાની મુદત અને તેની સત્તાઓ અને તેનાં કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

શૈક્ષણિક આયોજન બોર્ડ.

૧૭. (૧) યુનિવર્સિટીના શૈક્ષણિક આયોજન બોર્ડની રચના કરવી જોઈશે, જે યુનિવર્સિટીનું મુખ્ય શૈક્ષણિક અને આયોજન બોર્ડ રહેશે. બોર્ડ, યુનિવર્સિટીનાં અભ્યાસ, શિક્ષણ, પ્રશિક્ષણ, મૂલ્યાંકન અને પરીક્ષાનું ધોરણ જાળવવાને જવાબદાર રહેશે અને વધુમાં યુનિવર્સિટીના વિકાસને ઉત્તેજન આપવાને પણ જવાબદાર રહેશે અને સ્ટેચ્યુટોથી મળે તેવી અથવા મૂકવામાં આવે તેવી સત્તાઓ વાપરશે અને તેવી બીજી ફરજો અને કાર્યો બજાવશે.

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડની રચના તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેનાં સત્તાઓ અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

નાણાં સમિતિ.

૧૮. નાણાં સમિતિની રચના, સત્તા, ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

બીજા અધિકારી મંડળો.

૧૯. યુનિવર્સિટીનાં અધિકારીમંડળ તરીકે સ્ટેચ્યુટથી જાહેર કર્યા હોય તેવાં બીજાં અધિકારી-મંડળોની રચના, સત્તા અને ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ-૫

સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો

સ્ટેચ્યુટો.

૨૦. આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને, સ્ટેચ્યુટથી નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :–

(ક) કુલપતિ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ખ) કુલપતિનું મળતર અને સેવાની બીજી શરતો;

(ગ) અધિકારીઓની નિમણૂકની રીત અને તેમનું મળતર અને નિયામક, રજિસ્ટ્રાર અને બીજા અધિકારીઓ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ઘ) વ્યવસ્થાપક બોર્ડની અને યુનિવર્સિટીના બીજા અધિકારીમંડળોની રચના, આવા અધિ-કારીમંડળોના સભ્યોના હોદ્દાની મુદત અને આવા અધિકારીમંડળો વાપરી શકે તેવી સત્તા અને બજાવી શકે તેવાં કાર્યો;

(ચ) અધ્યાપકો અને યુનિવર્સિટીના બીજા કર્મચારીઓની નિમણૂકની રીત, નોકરી સમાપ્ત કરવાની રીત અને બીજાં શિસ્ત અંગેનાં પગલાં સહિત, લાયકાતો, આચારસંહિતા અને સેવાની અન્ય શરતો;

(છ) ટ્રસ્ટ, વસિયત, દાન અને દેણગી સ્વીકારવા અને તેની વ્યવસ્થા કરવી;

(જ) માનદ્ પદવીઓ એનાયત કરવી;

(ઝ) પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(ટ) યુનિવર્સિટીએ, વિભાગો, સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસના કેન્દ્રો અને અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા અને નિભાવવા;

(ઠ) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોના રજિસ્ટરની જાળવણી;

(ડ) યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકોની અને તેમનું કાર્ય સંચાલન;

(ઢ) અભ્યાસ કેન્દ્રોમાં પ્રવેશ આપવાનાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા;

(ત) આ અધિનિયમની અથવા તે હેઠળના સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે અથવા ઠરાવી શકાય તેવી તમામ અન્ય બાબતો.

INDEX

સ્ટેચ્યુટો કેવી રીતે ઘડવા તે બાબત.

૨૧. (૧) પહેલો સ્ટેચ્યુટ રાજ્ય સરકારે ઘડવો જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડ વખતોવખત નવા કલમ અથવા વધારાના સ્ટેચ્યુટો કરી શકશે અથવા પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલસ્ટેચ્યુટો સુધારી અથવા રદ કરી શકશે :

પરંતુ વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળના હોદ્દા, સત્તા અથવા રચનાને સ્પર્શતા કોઈપણ સ્ટેચ્યુટ, આવા અધિકારીમંડળને વ્યવસ્થાપક બોર્ડે નક્કી કરેલા સમયની અંદર સૂચિત સુધારાઓ અંગેનો પોતાનો અભિપ્રાય લેખિતમાં રજૂ કરવાની વાજબી તક આપવામાં આવે અને તેવી રીતે આપેલ અભિપ્રાય ઉપર, વ્યવસ્થાપક બોર્ડે, વિચારણા કરી હોય તે સિવાય, ઘડી શકશે નહિ, સુધારી શકશે નહિ અથવા રદ કરી શકશે નહિ.

(૩) દરેક નવો સ્ટેચ્યુટ અથવા સ્ટેચ્યુટમાંનો ઉમેરો અથવા તેના કોઈ સુધારા અથવા તે રદ કરવાની બાબત, કુલાધિપતિ સમક્ષ રજૂ કરવાં જોઈશે, જેઓ તેને મંજૂરી આપશે અથવા મંજૂરી પાછી ખેંચી લેશે અથવા વ્યવસ્થાપક બોર્ડને પોતે અવલોકનો કર્યા હોય તો, તેના અવલોકનોની પુન: વિચારણા માટે પરત મોકલાવશે.

(૪) નવો સ્ટેચ્યુટ અથવા વિધમાન સ્ટેચ્યુટને સુધારતો અથવા રદ કરતો સ્ટેચ્યુટ, કુલાધિપતિ તેને મંજૂરી આપે નહિ, ત્યાં સુધી કાયદેસર ગણાશે નહિ.

અધ્યાદેશ.

૨૨. (૧) આ અધિનિયમની અને સ્ટેચ્યુટોની જોગવાઈઓને અધીન રહીને, આ અધ્યાદેશથી નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :–

(ક) વિદ્યાર્થીઓના પ્રવેશ, અભ્યાસક્રમ અને તેની ફી, પદવી, ડીપ્લોમા, પ્રમાણપત્ર અને બીજા અભ્યાસક્રમોને લગતી લાયકાતો, ફેલોશીપ, એવોર્ડ અને તેના જોવાજ માનપત્રો આપવા માટેની શરતો;

(ખ) પરીક્ષકોની, મોડરેટરોની અને અન્ય સ્ટાફની નિમણૂકની મુદત અને શરતો અને તેમની ફરજો સહિત પરીક્ષાનું સંચાલન;

(ગ) નીચેના સંબંધી નીતિ અને માપદંડ નક્કી કરવાં :–

(૧) પરીક્ષાની ફી અને પરીક્ષકો, મોડરેટરો અને પરીક્ષા કામ માટે નિમાયેલ આવા અન્ય સ્ટાફનું મળતર, મુસાફરી અને અન્ય ભથ્થાં નક્કી કરવા બાબત;

(૨) ઓપ અભ્યાસક્રમ, વર્કશોપ, સેમિનારો અને બીજા પ્રોગ્રામોની વ્યવસ્થા અને તેના સંચાલન માટે નીમેલા અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકનકારો અને બીજા શૈક્ષણિક સ્ટાફ માટે ચુકવણી;

(૩) વિદ્યાર્થીઓ પાસેથી મળવાપાત્ર ટ્યુશન–ફી અને બીજા ચાર્જોના દર;

(૪) મુલાકાતી, પ્રોફેસરો, નિષ્ણાત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલર, કલાકાર, કોર્સ રાઈટરોને આપવાના મહેનતાણાંના દર;

(ઘ) વિદ્યાર્થીઓની વર્તણૂંક અને શિસ્ત અને શિસ્તભંગ અથવા ગેરવર્તણૂંક બદલ તેમની સામે લેવાના પગલાં જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :–

(૧) પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીએ પોતે જ અથવા બીજા વિદ્યાર્થી દ્વારા ગેરરીતિ આચરવા અથવા તેમાં મદદગારી કરવાનો;

(૨) પરીક્ષાના ઈન્ચાર્જ અધિકારીએ અથવા યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધિકારીમંડળે કરવાની અધિકૃત તપાસમાં હાજર રહેવાની અથવા પુરાવો આપવાની ના પાડવાનો;

(૩) યુનિવર્સિટીની અંદર અથવા બહાર અયોગ્ય અથવા અન્યથા વાંધાજનક વર્તણૂંક કરવાનો;

(ચ) પરીક્ષાઓ અને બીજા ટેસ્ટ લેવા અને જે રીતે ઉમેદવારોની પરીક્ષકો મૂલ્યાંકન કરે અથવા તપાસે તે રીતનો;

(છ) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો, અને માન્ય સંસ્થાઓની તપાસણી બાબતનો;

INDEX

(જ) યુનિવર્સિટી માટે અથવા તેના વતી કરારો અથવા કબૂલાતો કરવાની રીતનો;

(ઝ) વિદ્યાર્થીઓની બદલીના સંબંધમાં, અભ્યાસ કેન્દ્રોએ અને માન્ય સંસ્થાઓએ પાલન કરવાના અને અમલ કરવાના નિયમોનો ;

(ટ) પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવા માટે પદવીદાન સમારંભો યોજવા બાબતનો ;

(ઠ) રાજ્યમાંની બીજી યુનિવર્સિટીઓ અને બીજા વૈધાનિક અધિકારીમંડળો સાથે અને રાજ્ય સરકારના વિભાગો સાથે સહયોગ સાધવા બાબતનો ;

(ડ) સંયુકત પ્રોજેકટો હાથ ધરવા માટે અધ્યાપકોની અને બીજી કોઈ યુનિવર્સિટીમાં અથવા સંગઠનમાં કામ કરતા બીજા શૈક્ષણિક સ્ટાફની નિર્દિષ્ટ મુદત અથવા મુદતો માટે નિમણૂક કરવા બાબતનો ;

(ઢ) યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની સિનિયોરીટીનું નિયમન કરતા સિધ્ધાંતોનો ;

(ત) યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ વચ્ચે તકરારની પતાવટ કરવા માટેની કાર્યરીતિનો ;

(થ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની જગાઓની પૂરતી સંખ્યા અનામત રાખવા માટેની જોગવાઈ બાબતનો ;

(દ) માન્યતા પાછી ખેંચવાની રીતનો;

(ધ) સામાન્ય રીતે, આપેલી સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા માટે વ્યવસ્થાપક બોર્ડના અભિપ્રાય પ્રમાણે જે તમામ બાબતો માટે જોગવાઈ કરવાનું જરૂરી હોય તે તમામ બાબતનો;

(ન) આ અધિનિયમ અથવા સ્ટેચ્યુટથી જે બાબતો માટે અધ્યાદેશો દ્વારા જોગવાઈ કરવાની હોય અથવા કરી શકાય તેવી બીજી કોઈપણ બાબતનો ;

(૨) પ્રથમ અધ્યાદેશો, કુલપતિએ અથવા તેમની ગેરહાજરીમાં રાજ્ય સરકારની પૂર્વમંજુરી લઈને વ્યવસ્થાપક મંડળે કરવા જોઈશે અને તેવી રીતે કરેલા અધ્યાદેશો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે વ્યવસ્થાપક બોર્ડ, કોઈપણ સમયે સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં ઉમેરી શકશે.

વિનિયમો.

૨૩. યુનિવર્સિટીના અધિકારીમંડળો, વ્યવસ્થાપક બોડની મંજૂરીને અધીન રહીને, તેના પોતાના અને તેણે નીમેલ હોય તો તેવી અને જેના માટે આ અધિનિયમ સ્ટેચ્યુટમાં અથવા અધ્યાદેશમાં કોઈ જોગવાઈ કરી ન હોય તેવી સમિતિઓના કામકાજ ચલાવવા માટે, સ્ટેચ્યુટથી ઠરાવેલીમાં આવે તેવી રીતે આ અધિનિયમ સ્ટેચ્યૂટ અને અધ્યાદેશો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

નિયમો કરવાની સત્તા.

૨૪. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા સ્ટેચ્યુટો દ્વારા આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબતો માટે આવા નિયમો કરી શકાશે:–

(ક) કલમ ૧૨ હેઠળ, નિયામકોની નિમણૂકની રીત, મળતર અને સેવાની બીજી શરતો;

(ખ) કલમ ૧૩ હેઠળ રજિસ્ટ્રારની નિમણૂકની રીત, મળતર અને સેવાની બીજી શરતો, અને

(ગ) નિયમોથી ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી,બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યારપછી તરત આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

INDEX

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કાંઈ રદ કરે અથવા જે કાંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

પ્રકરણ- ૬

નાણાં

યુનિવર્સિટી ફંડ.

૨૫. (૧) યુનિવર્સિટી "યુનિવર્સિટી ફંડ" એ નામનું એક ફંડ સ્થાપશે.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચેનું આપી શકાશે :–

(ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, ઈંદિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને આપેલ તમામ ફાળા અથવા ગ્રાંટો;

(ખ) ગમે તે પ્રકારના સાધનોમાંથી યુનિવર્સિટીને થયેલી આવક, આમાં ફી અને ચાર્જની આવકનો સમાવેશ થાય છે;

(ગ) ટ્રસ્ટ, વસિયત, દાન, દેણગી, આર્થિક સહાય અને બીજી ગ્રાન્ટોમાંથી થતી તમામ આવક અથવા નાણાં;

(ઘ) રાજ્ય સરકારની પૂર્વ મંજરી લઈને બેંકોમાંથી ઉછીની લીધેલી કોઈપણ રકમ.

(૩) યુનિવર્સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટીનું "આકસ્મિક ફંડ" હોવું જોઈશે અને નિભાવવું જોઈશે, જેમાં આ હેતુ માટે ખાસ રીતે રાજ્ય સરકારે ફાળા અથવા ગ્રાન્ટ તરીકે વખતોવખત આપી હોય તેવી રકમો જમા કરવી જોઈશે. અણધાર્યા ખર્ચને પહોંચી વળવાના હેતુ માટે પેશગીઓ આપવા માટે જ, આવા ફંડનો ઉપયોગ કરવો જોઈશે.

(૪) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને યુનિવર્સિટી ફંડનો કોઈ ભાગ, વખતોવખત યુનિવર્સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટી જમા કરાવી શકશે:

પરંતુ જે ઉદ્દેશો માટે આવું અલગ ફંડ ઉભું કરવામાં આવ્યું હોય તે ઉદ્દેશોને સ્પષ્ટ રીતે લાગુ પડતી હોય તેવી રકમો જ આવા ખાસ સદરમાં જમા કરવી જોઈશે અને ઉધારવી જોઈશે:

વધુમાં, વ્યવસ્થાપક બોર્ડ, ખાસ ઠરાવ પસાર કરીને, યુનિવર્સિટીના હિસાબમાં એક સદરમાંથી બીજા સદરમાં ક્રમચલાઉ રીતે કોઈપણ રકમની તબદીલીને અધિકૃત કરી શકશે.

સન ૧૯૩૪નો ૨જો. સન ૧૯૪૯નો ૧૦ મો.

(૫) યુનિવર્સિટી ફંડ, વ્યવસ્થાપક બોર્ડના સ્વવિવેકાનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણે, કોઈપણ અનુસૂચિત બેંકમાં બેન્કીંગ વિનિયમ અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૨૨ હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કાઢી આપેલ લાઈસન્સ ધરાવતી હોય તે બેન્કમાં, રાખવું જોઈશે.

વાર્ષિક નાણાંકીય અંદાજો.

૨૬. (૧) આગામી નાણાકીય વર્ષ માટે યુનિવર્સિટીના વાર્ષિક નાણાકીય અંદાજો, નાણાકીય વર્ષના આરંભથી ઓછામાં ઓછા પાંચ મહિના પહેલા વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ તૈયાર કરવા જોઈશે.

(૨) યુનિવર્સિટીનું નાણાંકીય વર્ષ રાજ્ય સરકારના જેવું જ રહેશે.

(૩) નાણાકીય અંદાજ, વ્યવસ્થાપક બોર્ડને તેની મંજૂરી માટે રાદર કરવા જોઈશે.

(૪) વ્યવસ્થાપક બોર્ડ ત્યારપછી, નાણાકીય અંદાજોની નકલો, રાજ્ય સરકારને મોકલવી જોઈશે.

વાર્ષિક હિસાબો અને તેનું ઓડિટ.

૨૭. (૧) નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના હિસાબોનું વાર્ષિક પત્રક, વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ, નાણાકીય વર્ષ બંધ થયા પછી, ત્રણ મહિનાની મુદતની અંદર તૈયાર કરવું જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કરેલ વાર્ષિક હિસાબો, રાજ્ય સરકારે નીમેલા ઓડિટરે ઓડિટ કરવા જોઈશે.

(૩) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કર્યા પ્રમાણે, વાર્ષિક હિસાબો, વાર્ષિક રિપોર્ટની નકલ અને ઓડિટરે તેના અગાઉના રિપોર્ટમાં ઉઠાવેલ વાંધા અને મુદ્દાઓ ઉપર યુનિવર્સિટીએ લીધેલાં પગલાં દર્શાવતા

INDEX

નિવેદનની એક નકલ સહિત, બનતી ત્વરાએ વ્યવસ્થાપક બોર્ડને અને કોઈપણ સંજોગોમાં નાણાંકીય વર્ષ પુરું થયે, નવ મહિનાની મુદતની અંદર રાજ્ય સરકારને અને રાજ્ય સરકારે નીમેલા ઓડીટરને મોકલવી જોઈશે.

(૪) કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ અથવા યોજનાઓ સંબંધી હિસાબો, જે રીતે જાળવવા જોઈએ તે રીત સંબંધી અથવા ઓડિટ રિપોર્ટમાં અનિયમિતતા કરવા માટે દોષિત જણાયેલ યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ, અધિકારી અથવા કોઈ કર્મચારી સામે જરૂરી પગલાં લેવાના સંબંધમાં યુનિવર્સિટીને આદેશો આપવાને રાજ્ય સરકાર સક્ષમ ગણાશે અને યુનિવર્સિટીએ રાજ્ય સરકારના આદેશો અનુસાર કાર્ય કરવું જોઈશે.

વાર્ષિક રિપોર્ટ.

૨૮. યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ, વ્યવસ્થાપક બોર્ડના આદેશો હેઠળ તૈયાર કરવો જોઈશે, જેમાં બીજી બાબતો સાથે તેના ઉદ્દેશોનું પાલન કરવા માટે યુનિવર્સિટીએ લીધેલા પગલાંનો સમાવેશ થશે.

રાજ્ય સરકારનું નાણાંકીય નિયંત્રણ.

૨૯. (૧) રાજ્ય સરકારની અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, યુનિવર્સિટી –

(૧) અધિકારીઓની, અધ્યાપકોની અથવા બીજા કર્મચારીઓની કોઈ નવી જગાઓ, ઉભી કરી શકશે નહિ,

(૨) તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલ નાણાંકીય જવાબદારીવાળા પગાર, ભથ્થાં, નિવૃત્તિ પછીના લાભો અને બીજા લાભો સુધારી શકશે નહિ;

(૩) કોઈપણ વિકાસ કામો પરનો કોઈ ખર્ચ વ્હોરી શકશે નહિ.

(૨) રાજ્ય સરકારની અથવા આવા અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, ઊભી કરેલી કોઈ જગા તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલા કોઈ નાણાંકીય લાભો અથવા કોઈ વિકાસ કામ અંગે કરેલ કોઈ ખર્ચને સહાયક અનુદાનની ચૂકવણીના હેતુ માટે મંજૂર કર્યા વગરના ખર્ચ તરીકે ગણી શકશે.

પ્રકરણ--૭

પૂરક જોગવાઈઓ

કર્મચારીઓની નોકરીની શરતો.

૩૦. (૧) યુનિવર્સિટીના દરેક કર્મચારીને લેખિત કરારથી નીમવામાં આવશે અને આવો કરાર, આ અધિનિયમ, સ્ટેટ્યુટસ અને અધ્યાદેશની જોગવાઈઓ સાથે અસંગત હોવો જોઈએ નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ કરાર, યુનિવર્સિટી પાસે રાખવો જોઈશે અને તેની એક નકલ, સંબંધિત કર્મચારીને આપવી જોઈશે.

લવાદી ટ્રિબ્યુનલ.

૩૧. યુનિવર્સિટી અને યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધ્યાપક વચ્ચેના કરારોથી ઉપસ્થિત થયેલ કોઈ તકરાર, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા અધ્યક્ષની વિનંતી ઉપરથી, વ્યવસ્થાપિક બોર્ડ નિયુક્ત કરેલા એક સભ્ય સંબંધિત અધિકારીએ અથવા અધ્યાપકે નિયુક્ત કરેલા એક સભ્ય અને કુલાધિપતિએ, નીમવાના મધ્યસ્થીની બનેલી ટ્રિબ્યુનલને લેખી મોકલવી જોઈએ. નિર્ણય આખરી ગણાશે અને ટ્રિબ્યુનલ નક્કી કરેલી બાબતના સંબંધમાં કરેલી બાબતના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટમાં દાવો માંડી શકશે નહિ. આવી દરેક વિનંતી, ભારત લવાદી અધિનિયમ ૧૯૪૦ના અર્થ મુજબ, આ કલમની શરતોએ લવાદીમાં રજૂ કરી હોવાનું ગણાશે અને તે અધિનિયમની જોગવાઈઓ તદ્નુસાર લાગુ પડશે. **સન ૧૯૪૦-નો ૧૦મો.**

૩૨. આ અધિનિયમ અને સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા અધિકારી મંડળ હુકમ કરીને સ્ટેચ્યુટો અધ્યાદેશો અને વિનિયમો કરવાની સત્તા સિવાય, પોતાની અથવા તેની સત્તા પોતાના અથવા તેના નિયંત્રણ હેઠળના બીજા કોઈ અધિકારીને અથવા અધિકારી મંડળને સોંપી શકશે અને એવી શરતને અધીન રહેશે કે એ રીતે સોંપેલી સત્તા વાપરવા માટેની છેવટની જવાબદારી, તેને સોંપતા અધિકારી અથવા અધિકારીમંડળમાં સત્તા નિહિત થવાનું ચાલુ રહેશે. સત્તાની સોંપણી.

૩૩. (૧) (ક) આ અધિનિયમની અથવા કોઈ સ્ટેચ્યુટ, અધ્યાદેશ, વિનિયમો અથવા નિયમોની કોઈ જોગવાઈના અર્થઘટન અંગે; અથવા

(ખ) કોઈ વ્યકિત, યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નીમાયેલ છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે કે કેમ તે સંબંધી, યુનિવર્સિટીના અધિકારી-મંડળો અને મંડળોની રચના સંબંધી તકરારો.

કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે, તે બાબત રાજ્ય સરકારને રજૂ કરવી જોઈશે, જેનો તે પરનો નિર્ણય આખરી ગણાશે.

(૨) યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા મંડળમાં નિયુકત કરેલી કોઈપણ વ્યકિત અથવા હોદ્દાની રૂએ નીમેલા સભ્ય, સંબંધિત અધિકારીમંડળ, જ્યારે તેની નિયુકિત અથવા નિમણૂંક રદ કરે અથવા જેની રૂએ તે યુનિવર્સિટીના અધિકારી મંડળ અથવા મંડળનો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો બંધ થાય ત્યારે, પોતાનો હોદ્દો ખાલી કર્યો છે એમ ગણાશે.

૩૪. યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા બીજા કોઈ મંડળના (હોદ્દાની રૂએ હોય તેવા સભ્ય સિવાય)ના સભ્યનો હોદ્દો, તેવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં, ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલ્દી, યથાપ્રસંગ, કોઈ એક સભ્ય નીમીને અથવા તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઈશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત, તો જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે. પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા બાબત.

૩૫. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા અન્ય કોઈ મંડળનું કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદમાં જગા ખાલી પડવાના કારણે જ અમાન્ય ગણાશે નહિ. જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૩૬. યુનિવર્સિટીનું હિત યોગ્ય રીતે સલામત છે, તેવું સુનિશ્ચિત કરવા માટે યુનિવર્સિટીના દરેક અધિકારી મંડળો અને અધિકારીઓની ફરજ ગણાશે. અધિકારી-મંડળો અને અધિકારીઓ જવાબદાર હોવા બાબત.

૩૭. આ અધિનિયમ અથવા સ્ટેચ્યુટો અથવા અધ્યાદેશો વિનિયમો અથવા નિયમોની કોઈપણ જોગવાઈ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઈ કાર્ય માટે યુનિવર્સિટીના કોઈ અધિકારી, કર્મચારી અથવા અધિકારીમંડળ સામે કોઈપણ દાવો અથવા કાનૂની અન્ય કાર્યવાહી માંડી શકાશે નહિ. શુધ્ધબુધ્ધિથી કરેલા કાર્યનું રક્ષણ.

૩૮. યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા સમિતિની કોઈ પહોંચ, અરજી, નોટિસ, હુકમ, કાર્યવાહી, ઠરાવની નકલ અથવા યુનિવર્સિટીના કબજાના અન્ય દસ્તાવેજો અથવા યુનિવર્સિટીએ યોગ્ય રીતે જાળવેલ કોઈ રજીસ્ટરમાંની કોઈ નોંધ, રજિસ્ટ્રારે પ્રમાણિત કરી હોય તો તે, બાબતોના પુરાવા તરીકે દાખલ કરવી જોઈશે અને તેના નિર્દિષ્ટ કામકાજમાં તેની અસલ નકલ રજૂ કરી હોય તો, પૂરાવામાં ગ્રાહય ગણાશે. યુનિવર્સિટીના રેકર્ડની સાબિતીની રીત.

૩૯. આ અધિનિયમની જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત ન થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે. મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

વચગાળાની જોગવાઈઓ.

૪૦. આ અધિનિયમ, અને સ્ટેચ્યુટોમાં ગમે તે મજકૂર હોય તે છતાં,–

(ક) પ્રથમ કુલપતિ, અને પ્રથમ રજિસ્ટ્રારની નિમણૂંક, આ અધિનિયમ કરવામાં આવ્યા પછી, ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત માટે અને રાજ્ય સરકારને યોગ્ય લાગે તેવી બોલીઓ અને શરતોઓ, રાજ્ય સરકાર, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી કરશે.

(ખ) પ્રથમ વ્યવસ્થાપક બોર્ડ વધુમાં વધુ પંદર સભ્યોનું બનશે, તેઓની નિયુકિત રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ગ) પ્રથમ શૈક્ષણિક આયોજન બોર્ડ, વધુમાં વધુ અગિયાર સભ્યોનું બનશે. તેઓની નિયુકિત રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ઘ) પ્રથમ નાણાં સમિતિ વધુમાં વધુ સાત સભ્યોની બનશે, તેઓની નિયુકિત રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

ઉદ્દેશો અને કારણો

ઓપન યુનિવર્સિટી, શિક્ષણ, તાલીમ અને વિસ્તરણ દ્વારા રાજ્યના વિકાસમાં, રચનાત્મક ભાગ ભજવવાનો પ્રયાસ કરશે અને રાજ્યના લોકોની સંસ્કૃતિને ઉત્તેજન આપવા અને તેની પ્રગતિ માટે રાજ્યના સમૃધ્ધ વારસા ઉપર આધારિત રહેશે. રાજ્ય સરકારે પ્રાદેશિક ભાષામાં ઉચ્ચ શિક્ષણ આપવા માટે ઓપન યુનિવર્સિટી શરૂ કરવાનું નક્કી કર્યું છે. કલમો અંગેની નીચેની નોંધોમાં વિધેયકની કેટલીક અગત્યની જોગવાઈઓ સમજાવવામાં આવી છે.–

કલમ–૧.–આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટે જોગવાઈ કરી છે.

કલમ–૨.–આ કલમથી , વ્યાખ્યાઓ માટે જોગવાઈ કરી છે.

કલમ–૩ થી ૭.–આ કલમોથી, યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન, ઉદ્દેશો, સત્તા અને હકૂમત માટે જોગવાઈ કરી છે.

કલમ–૮ થી ૧૪.–આ કલમો, યુનિવર્સિટીના અધિકારીઓ, અને તેમની સત્તા, ફરજો અને કાર્યો સંબંધી છે.

કલમો–૧૫ થી ૧૯.–આ કલમો, યુનિવર્સિટીના જુદા જુદા અધિકારીમંડળોની રચના અને તેમની સત્તા, ફરજો, અને કાર્યો સંબંધી છે.

કલમો–૨૦ થી ૨૪ .–આ કલમો, અમુક અધિકારીમંડળ દ્વારા સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો કરવા સંબંધી છે.

કલમ–૨૫.– આ કલમથી, યુનિવર્સિટી ફંડ માટે જોગવાઈ કરી છે.

કલમો–૨૬ થી ૨૯.–આ કલમોથી, રાજ્ય સરકારના વાર્ષિક નાણાંકીય અંદાજો, વાર્ષિક હિસાબ, ઓડિટ, વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવાની અને નાણાંકીય નિયંત્રણ માટે, જોગવાઈ કરી છે.

કલમ–૩૦.–આ કલમથી, યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની શરતો માટે જોગવાઈ કરી છે.

કલમ–૩૧.–આ કલમથી, યુનિવર્સિટી અને યુનિવર્સિટીના કોઈપણ અધિકારીઓ અથવા અધ્યાપકો વચ્ચેના કરારમાંથી ઉપસ્થિત થતી તકરારના કિસ્સામાં લવાદી ટ્રિબ્યુનલ માટે જોગવાઈ કરી છે.

કલમ–૩૨.– આ કલમથી, યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધિકારીમંડળને સત્તાની સોંપણી કરવા માટે જોગવાઈ કરી છે.

કલમ–૩૩.– આ કલમથી, અધિનિયમના અર્થઘટન અથવા યુનિવર્સિટી અધિકારી મંડળ અથવા મંડળોની રચના અંગેની તકરારો રાજ્ય સરકારને લખી મોકલવા અને રાજ્ય સરકારના નિર્ણયને આખરી ગણવા માટે જોગવાઈ કરી છે.

કલમ–૩૪ થી ૩૭.–આ કલમથી, પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ ભરવા માટે, જગાઓ ખાલી પડવાને કારણે યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળની કાર્યવાહીઓ અમાન્ય ન ઠરાવવા માટે, યુનિવર્સિટીનું હિત, અધિકારીઓ અને અધિકારીમંડળ દ્વારા સલામત રાખવા અને યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા કર્મચારીઓએ, શુધ્ધબુધ્ધિથી, કરેલા અથવા કરવા ધારેલા કાર્ય માટે ક્ષતિપૂર્તિની જોગવાઈ કરી છે.

કલમ–૩૯.–આ કલમથી, મુશ્કેલીઓ દૂર કરવા રાજ્ય સરકારની સત્તા માટે જોગવાઈ કરી છે.

કલમ–૪૦.–આ કલમથી, અધિનિયમ કર્યા પછી, ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત માટે પ્રથમ કુલપતિ, અને રજિસ્ટ્રારની નિમણૂંક કરવા માટે જોગવાઈ કરી છે. વળી, ત્રણ વર્ષની મુદત માટે પ્રથમ વ્યવસ્થાપક બોર્ડ, શૈક્ષણિક આયોજન બોર્ડ અને નાણા સમિતિની રચના કરવા માટે જોગવાઈ કરી છે.

નરહરી અમીન.

INDEX

નાણાંકીય બાબતો

વિધેયકની કલમ ૨૫ની પેટા-કલમ ૨(ક)થી, રાજ્ય સરકારે, બીજાઓ વચ્ચે યુનિવર્સિટી ગ્રાન્ટના અથવા ફાળાની ચુકવણી જણાવી છે. આ જોગવાઈ અધિનિયમિત કરવામાં આવે તો અને તેનો અમલ કરવામાં આવે તો, તેમાં યુનિવર્સિટીને આપવાની ગ્રાન્ટ પેટે રાજ્યના એકત્રિત ફંડમાંથી બે કરોડ અને એકતાળીસ લાખ રૂપિયાના આવર્તક પ્રકારના અંદાજેલ વાર્ષિક ખર્ચનો સમાવેશ થાય છે.

નરહરી અમીન.

ધારાકીય સત્તા સોંપવાની બાબતો

વિધેયકમાં નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ—૧ .—આ કલમની ને પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને રાજપત્રમાં જાહેરનામા દ્વારા અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ—૫.—(૧) આ કલમથી યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, તે કલમમાં નિર્દિષ્ટ કરેલી સત્તા ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩) થા, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, જે રીતે માન્ય અભ્યાસક્રમ પૂરા કરવાનો હોય, પરીક્ષા અને ટેસ્ટ પાસ કરવાના હોય તે રીત અને જે વ્યકિતઓને યુનિવર્સિટી પદવી અને ડિપ્લોમા આપી શકે અને જેમને પ્રમાણપત્ર આપી શકે તેવી વ્યકિતઓએ, જે શરતોએ સંશોધન કરવાનું હોય તે શરતો ઠરાવવાની સત્તા મળે છે.

(૩) પેટા-કલમ (૪) થી, વ્યવસ્થાપક બોર્ડને જે રીતે યુનિવર્સિટીએ માનદ પદવીઓ અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાના હોય તે રીત, સ્ટેચ્યુટો દ્વારા ઠરાવવાની સત્તા મળે છે.

(૪) પેટા-કલમ (૫) થી, વ્યવસ્થાપક બોર્ડને, યુનિવર્સિટી દ્વારા મળેલા અથવા આપેલા કોઈ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર યુનિવર્સિટી જે રીતે પાછા ખેંચી શકે અથવા રદ કરી શકે તે રીત, સ્ટેચ્યુટોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૫) પેટા-કલમ (૬) થી, યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમના સંબંધમાં દૂરવર્તી શિક્ષણની જે રીતે વ્યવસ્થા કરી શકાય તે રીત નક્કી કરવાની, યુનિવર્સિટીને સત્તા મળે છે.

(૬) પેટા-કલમ (૭) થા, યુનિવર્સિટીને, પ્રોફેસર, રીડર, લેકચરર અને બીજી શૈક્ષણિક જગાઓ માટે લાયકાત ઠરાવવાની સત્તા મળે છે.

(૭) પેટા-કલમ (૯) થી, યુનિવર્સિટીને, જુદી જુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવાની સત્તા મળે છે.

(૮) પેટા-કલમ (૧૩) થી, વ્યવસ્થાપક બોર્ડને, સ્ટેચ્યુટમાં દર્શાવેલી રીતે અભ્યાસ કેન્દ્રો સ્થાપવાની, તેને નિભાવવાની અથવા તેને માન્ય કરવાની સત્તા મળે છે.

૯) પેટા-કલમ (૨૫) થી, વ્યવસ્થાપક બોર્ડને, યુનિવર્સિટીએ નક્કી કરવાના, માગવાનાં અથવા લેવાની ફી અને બીજા ચાર્જ, અધ્યાદેશોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૧૦) પેટા-કલમ (૩૧)થી, વ્યવસ્થાપક બોર્ડને અધ્યાદેશમાં જણાવ્યા પ્રમાણેની બોલીઓ અને શરતોએ, બીજી યુનિવર્સિટીઓમાં, સંસ્થાઓમાં અથવા સંગઠનોમાં કામ કરતી વ્યકિતને માન્ય કરવાની સત્તા મળે છે.

(૧૧) પેટા-કલમ (૩૨)થી, યુનિવર્સિટીને, અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ધોરણો નક્કી કરવાની અને શરતો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ—૮.—આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટોથી યુનિવર્સિટીની સેવામાંના અન્ય અધિકારીઓને, યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ-૧૦.- (૧)આ કલમથી પેટા-કલમ (૨)(ક)(૧)થી, વ્યવસ્થાપક બોર્ડને, સ્ટેચ્યુટોથી ઠરાવેલ રીતે, સમિતિમાં યુનિવર્સિટી સંકળાયેલ ન હોય તેવા એક સભ્યને નિયુકત કરવાની સત્તા મળે છે અને પેટા—બાબત (૨)થી, તમામ યુનિવર્સિટીના કુલપતિઓના બોર્ડને, સ્ટેચ્યુટોથી ઠરાવેલી રીત સમિતિમાં એક સભ્યને નિયુકત કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૫) થી, વ્યવસ્થાપક બોર્ડને, કુલપતિને આપવાનાં મળતર અને જેને અધીન રહીને તે હોદ્દા ધરાવશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી નક્કી કરવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૧૧.—આ કલમની પેટા કલમ (૬)થી, કુલપતિને, સ્ટેચ્યુટો અને અધ્યાદેશોથી ઠરાવી શકાય તેવી બીજી સત્તા વાપરવાની અને કાર્યો બજાવવાની સત્તા મળે છે.

કલમ—૧૨.— આ કલમથી, રાજ્ય સરકારને, જે રીતે જે મળતરો અને સેવાની જે શરતોએ ડિરેક્ટરોને નીમવાના હોય તે રીત, મળતરો અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૩.—(૧) આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, જે રીતે જે મળતરો અને સેવાની જે શરતોએ, રજિસ્ટ્રારને નીમવાના હોય તે રીત, મળતરો અને શરતો, ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી, રજિસ્ટ્રારને, સ્ટેચ્યુટોથી વ્યવસ્થાપક બોર્ડ દ્વારા ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરવાની અને તેવી ફરજો અને કાર્યો બજાવવાની સત્તા મળે છે.

કલમ—૧૪.—આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને, યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂકની રીત, મળતરો અને સત્તા અને ફરજો, સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૫.—આ કલમની બાબત (૪) થી, વ્યવસ્થાપક બોર્ડને, સ્ટેચ્યુટથી આવા અધિકારીમંડળોને, યુનિવર્સિટીના અધિકારી-મંડળો તરીકે જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ—૧૬.—આ કલમની પેટા-કલમ (૨) થી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી તેની રચના, તેના સભ્યોના હોદાની મુદત અને તેમની સત્તા અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૭.— આ કલમની પેટા-કલમ (૨)થી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી શૈક્ષણિક આયોજન બોર્ડની રચનાં, તેના સભ્યોની મુદત અને તેમણે વાપરવાની સત્તા અને બજાવવાનાં કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૮.—આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી નાણાં સમિતિની રચના અને સમિતિએ વાપરવાની સત્તા અને બજા-વવાની ફરજો અને કાર્યો, ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૧૯.—આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી, યુનિવર્સિટીનાં બીજા અધિકારી મંડળોની રચના, સત્તા, ફરજો અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૨૦. —આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને, પેટા-ખંડ (ક)થી (ત) માં જણાવેલી તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત, સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ—૨૧. —આ કલમથી, રાજ્ય સરકારને, પ્રથમ સ્ટેચ્યુટો ઘડવાની સત્તા મળે છે, અને વ્યવસ્થાપક બોર્ડને, તે સ્ટેચ્યુટો કરવાની, સુધારવાની, રદ કરવાની અથવા તેમાં ઉમેરો કરવાની પણ સત્તા મળે છે.

કલમ—૨૨. —આ કલમની પેટા-કલમ (૨)થી, કુલપતિને અને તેમની ગેરહાજરીમાં, વ્યવસ્થાપક બોર્ડને રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ બાબતો માટે પ્રથમ અધ્યાદેશ કરવાની સત્તા મળે છે અને વ્યવસ્થાપક બોર્ડને, તે અધ્યાદેશો સુધારવાની, રદ કરવાની અથવા તેમાં ઉમેરો કરવાની પણ સત્તા મળે છે.

કલમ —૨૩. —આ કલમથી, યુનિવર્સિટીનાં અધિકારીમંડળોને, વ્યવસ્થાપક બોર્ડની મંજૂરી લઈને, ઠરાવેલી રીતે વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ—૨૪. —આ કલમથી, રાજ્ય સરકારને, સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ અમલમાં લાવવા માટે અને ખાસ કરીને, પેટા-ખંડ (૨)માં નિર્દિષ્ટ તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે, નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ—૩૨. —આ કલમથી, અધિકારી અથવા અધિકારીમંડળને, પોતાની અથવા તેની સત્તા, બીજા કોઈપણ અધિકારી અથવા અધિકારીમંડળને સોંપવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

નરહરી અમીન.”

ગાંધીનગર,
તા. ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 9 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, FEBRUARY 15, 1994/MAGHA 26, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સહકાર મંત્રીશ્રી ઠાકોરભાઇ નાયકે તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :—

INDEX

"GUJARAT BILL NO. 6 OF 1994.

THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Co-operative Societies Act, 1961.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૬

ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦મો.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૬૮નો સુધારો.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં, કલમ ૬૮માં, "૧૨ ટકા" એ આંકડા અને શબ્દોને બદલે, "૧૫ ટકા" એ આંકડા અને શબ્દો મૂકવા.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમમાં કલમ ૬૯ને બદલે નવી કલમ મૂકવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૯ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

ગુજરાત રાજ્ય સહકારી સંઘના શૈક્ષણિક ફંડમાં ફાળો આપવા બાબત.

"૬૯ (૧) જે દરેક મંડળી ચાલુ વર્ષના નફામાંથી તેના સભ્યોને ૩ ટકા અથવા વધુ દરે ડિવિડન્ડ આપવાનું જાહેર કરે, તે મંડળીએ, ઠરાવવામાં આવે તેવા દરે ગુજરાત રાજ્ય સહકારી સંઘના શૈક્ષણિક ફંડમાં ફાળો આપવો જોઈશે.

(૨) શૈક્ષણિક ફંડમાં ફાળો આપવાને પાત્ર હોય તેવી કોઈપણ મંડળી જે તારીખે પોતાના હિસાબો પોતાની વાર્ષિક સામાન્ય બેઠકમાં, સામાન્ય મંડળે સ્વીકાર્યા હોય તે તારીખથી બે મહિનાની અંદર, ગુજરાત રાજ્ય સહકારી સંઘને સદરહુ ફાળો આપ્યો હોય તે સિવાય, તેના સભ્યોને ડિવિડન્ડ આપી શકશે નહિ.

(૩) આ કલમની જરૂરિયાતોનું જાણીબુઝીને પાલન ન કરનાર કોઈ અધિકારી, ગુજરાત રાજ્ય સહકારી સંઘને તે રકમ ભરી આપવા માટે અંગત રીતે જવાબદાર થશે.

સ્પષ્ટીકરણ :- આ કલમમાં, "ગુજરાત રાજ્ય સહકારી સંઘ" એ શબ્દ પ્રયોગ એટલે સહકારી પ્રવૃત્તિથી વાકેફ થવા, તેને ઉત્તેજન અથવા પ્રોત્સાહન આપવા માટે તાલીમની સગવડ આપવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય માટે સ્થાપેલી સમવાયી મંડળી.".

INDEX

ઉદ્દેશો અને કારણો

હાલમાં, કોઈપણ મંડળીએ તેના સભ્યોને આપવાના ડિવિડન્ડનો અધિકતમ દર, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૬૮ હેઠળ ૧૨ ટકા નક્કી કરેલ છે. બેન્કિંગ સંસ્થાઓ અને કંપનીઓની થાપણોના વ્યાજના દરો વધુ આકર્ષક છે, અને તેથી શેર-મૂડી પેટે ફંડ ઉભું કરવાના ક્ષેત્રે, સહકારી મંડળીઓને પ્રતિકૂળ અસર થાય છે. આ સંબંધમાં કેટલીક રજૂઆતો પણ મળી છે. તેથી, આવી રજૂઆતોને લક્ષમાં લેતાં ડિવિડન્ડની અધિકતમ મર્યાદા વધારવાનું જરૂરી છે. સદરહુ કલમ તદ્નુસાર સુધારવા ધાર્યું છે.

આમરેલી જિલ્લા સહકારી વેચાણ અને ખરીદ સંઘ લિમિટેડ અને બીજા વિરૂદ્ધ ગુજરાત રાજ્ય, રપે. સી.એ. નં. ૧૦૨૮/૧૯૮૧ સહિત, રપે. સી. એ. નં. ૧૦૨૭/૧૯૮૧માં તારીખ ૧૭મી જુલાઈ ૧૯૮૪ના પોતાના સામાન્ય ફેંસલામાં ગુજરાત હાઈકોર્ટ સાથોસાથ, અધિનિયમની કલમ ૬૯ રદ કરેલી, કારણ કે શિક્ષણ ફંડ પેટે ફાળા, નફા સાથે નહિ પણ આવક સાથે જોડયા છે. હાઈકોર્ટના ફેંસલા અને તેમાં કરેલા અવલોકનો અનુસાર, સન ૧૯૮૨ના અધિનિયમ નંબર ૨૩થી સુધારા કર્યા પહેલાં, અસલ વિદ્યમાન કલમ મૂળ સ્થિતિમાં પુનઃ સ્થાપિત કરવા માટે બદલવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ સુધારવા ધાર્યું છે.

ઠાકોરભાઈ નાયક.

ધારાકીય સત્તા સોંપવાના મુદ્દા

વિધેયકમાં, નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ ૩:— આ કલમથી મૂકવા ધારેલી કલમ ૬૯ની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, ગુજરાત રાજ્ય સહકારી સંઘના શૈક્ષણિક ફંડમાં મંડળીઓના ફાળાનો દર, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

ઠાકોરભાઈ નાયક."

ગાંધીનગર,
તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 10

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, FEBRUARY 15, 1994/MAGHA 26, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વાહન-વ્યવહાર મંત્રીશ્રી રામસિંહ પરમારે તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે :—

INDEX

"GUJARAT BILL NO. 7 OF 1994.

THE BOMBAY MOTOR VEHICLES TAX (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay Motor Vehicles Tax Act, 1958.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૭.

મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના ચિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ, 'મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.

૨. મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૨૦માં,—

સન ૧૯-૫૮નો મુંબઈનો ૬૫મો.

(૧) પેટા-કલમ (૧)માં, "મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેના તે અધિનિયમમાં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય" એ શબ્દો પછી, "અને પેટા-કલમો (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), અને (૧છ) ની જોગવાઈઓને અધીન રહીને" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

(૨) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમો દાખલ કરવી :—

"(૧ક) પેટા-કલમ (૧)માં, અને માર્ગ અને પૂલો ઉપરનો ટોલ અધિનિયમ, ૧૮૬૫ની જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ પેટા-કલમો (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ) અને (૧છ)ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર,—

સન ૧૮૬૫નો મુંબઈનો ૩જો.

(ક) મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪ના આરંભ પછી, રાજ્ય સરકારે અથવા કોઈપણ વ્યકિતએ તેના ખર્ચે બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય અથવા યથા પ્રસંગ મરામત કર્યા હોય તેવા અને જે બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામતનો કુલ મૂડી ખર્ચ પચાસલાખ રૂપિયા કરતાં ઓછો ન હોય તે કોઈ પુલ, તેને જોડતા રસ્તા સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતાં માર્ગ ઉપરથી; અથવા

સન ૧૯૯૪નો ગુજરાતનો.

(ખ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, લોકોની ખાસ સેવા માટે હોય તેવા કોઈ પુલ, તેને જોડતા માર્ગ સહિત નવા માર્ગનો વિભાગ અથવા તેના પસાર થતા માર્ગ ઉપરથી,

પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપર ટોલ લઈ શકશે.

સ્પષ્ટીકરણ:—આ કલમના હેતુ માટે,—

(૧) "મૂડી ખર્ચ" એ શબ્દ પ્રયોગમાં, સુધારણા, મજબૂતાઈ વધારવા, પહોળા બનાવવા, બાંધકામ મરામત, તે જાળવવા જેવાં અમુક આવશ્યક થાલુ અથવા તાકીદના કામોના પૂર્વનિર્ધારીત ખર્ચનો,

(૨) "વ્યકિત" એ શબ્દ પ્રયોગમાં, કોઈપણ કંપની અથવા એસોસિયેશન અથવા વ્યકિતઓના મંડળ પછી તે સંસ્થાપિત હોય કે ન હોય અથવા પેઢીનો સમાવેશ થાય છે,

(૩) શંકાના નિવારણ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે "બાંધ્યા હોય" એ શબ્દ પ્રયોગમાં, ઉપયોગ કરવા માટે તૈયાર હોય તેવા પુલ, તેના જોડતા માર્ગ સહિત, નવા માર્ગોનો વિભાગ અથવા તેના પસાર થતા માર્ગનો સમાવેશ થાય છે.

INDEX

(૧૫) પેટા-કલમ (૧ક) હેઠળ લેવાનો ટોલ, રાજ્ય સરકાર, વખતોવખત રાજપત્રમાં જાહેરનામા દ્વારા જાહેર કરે તેવા દરે, તેવા સમયે અને તેવા પુલ, તેને જોડતા માર્ગ સહિત, અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપર લેવામાં આવશે:

પરંતુ મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે તે ઉપરનું વ્યાજ અને ટોલ ઉઘરાવવા માટેનો ખર્ચ, કરતાં વધુ ન હોય તેટલી રકમ, આ કલમ હેઠળ લેવામાં આવશે અને વસૂલ કરવામાં આવશે :

વધુમાં, પુલ તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા રસ્તાનું બાંધકામ, ફેર--બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત રાજ્ય સરકાર સિવાયની બીજી કોઈ વ્યક્તિએ કર્યું હોય ત્યારે, મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે રોકાણની આવક અને ટોલ ઉઘરાવવાનો ખર્ચ કરતાં વધુ રકમ, આ કલમ હેઠળ લઈ શકાશે નહિ અને વસૂલ કરી શકાશે નહિ.

(૧૭) પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતાં માર્ગનું રાજ્ય સરકારે બાંધકામ, ફેર--બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત કર્યો હોય તો તેના ઉપર પેટા-કલમ (૧-ક) હેઠળ લેવા પાત્ર ટોલ.

(૧) રાજ્ય સરકાર પોતે અથવા આ અર્થે પોતે અધિકૃત કરેલ એજન્ટ;

(૨) કોઈપણ વ્યક્તિએ કર્યું હોય તો, તેવી વ્યક્તિ અથવા તેના નોકરો;

ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી બોલીઓ અને શરતોએ ટોલ વસૂલ કરી શકશે.

(૧૬) ચાલુ પુલ, તેના જોડતાં માર્ગ સહિત તેનો ઉપયોગ કરવાની સગવડ વધારવા માટે, એક જ સ્રોત, નદી અથવા ખાડી અથવા માર્ગ અથવા રેલવે લાઈન ઉપર અથવા તેની નીચેના પુલ તરીકે વધારાનો પુલ બાંધવામાં આવ્યો હોય, ત્યારે આવા પુલો, તેને જોડતા માર્ગ સહિત, તેની રચના, ટોલ લેવાના હેતુ માટે, એક જ માર્ગ છે એમ ગણાશે, તેમ છતાં, આવા વધારાના પુલ, તેના જોડતા માર્ગ સહિત તેનો મૂડીખર્ચ અને ટોલ ઉઘરાવવાના ખર્ચની રકમ કરતાં વધુ ટોલ વસૂલ કરી શકાશે નહિ.

(૧૮) આ કલમની પેટા--કલમ (૧ક) હેઠળ ટોલ આપવાને પાત્ર હોય તેવા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ચલાવાતા ટ્રેઈલરોને, ટોલ આપવામાં આવ્યો હોય તે સિવાય પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપરથી પસાર થવા દેવા નહિ અને રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્ટને અથવા યથાપ્રસંગ, પેટા--કલમ (૧૭) માં ઉલ્લેખેલી વ્યક્તિને પુલ ઉપરથી પસાર થતા આવા વાહનોને અટકાવવાની સત્તા રહેશે.

(૧૯) (૧) રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરાતા તમામ મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને ટોલની ચૂકવણી કરવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૨) પોતે નાખે તેવી શરતોને અધીન રહીને, રાજ્ય સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી ગણે તો, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, મોટર-વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોના કોઈપણ નિર્દિષ્ટ વર્ગ અથવા વર્ગોને, આ કલમ હેઠળ ટોલ આપવામાંથી મુક્તિ આપી શકશે.

(૩) પેટા-કલમ (૨)માં, "પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસો અને આંકડાને બદલે, "પેટા કલમો (૧), (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), (૧છ)" એ શબ્દો, કૌંસો, આંકડા અને અક્ષરો મૂકવાં.

(૪) હાંસિયાની નોંધમાં, "મોટર વાહનો" એ શબ્દો પહેલાં, "અમુક તાકીદના પ્રસંગ સિવાય" એ શબ્દો ઉમેરવા.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, પેટા કલમ-(૨)માં, ખંડ (ઙ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:--

"(ત) ટોલ ઉઘરાવવાની બોલીઓ અને શરતો અને રીત ઠરાવવા બાબત;".

સને ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૨૩નો સુધારો.

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોના ઝડપી વિકાસને ધ્યાનમાં લેતાં, રાજ્યમાં, માર્ગ વ્યવહારના સાધનો સુધારવાનું અને ગુણવત્તા વધારવાનું જરૂરી બન્યું છે. તેથી, રાજ્યમાં ભારે ઔદ્યોગિક ટ્રાફિક અને વધુ પડતા બીજા ભારે ટ્રાફિકની જરૂરિયાતને પહોંચી વળવા માટે નવાપુલો, તેને જોડતા માર્ગો સહિત, પસાર થતા માર્ગો, નવા માર્ગોના વિભાગ, બાંધવાનું અને ચાલુ માર્ગોની ભાર વહનની ક્ષમતા સુધારવાનું જરૂરી છે. રાજ્યના મર્યાદિત નાણાંકીય સાધનોને ધ્યાનમાં રાખીને, મુંબઈ મોટર વાહનવેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪ના આરંભ પછી, પુલ, તેને જોડતા માર્ગો સહિત, નવા માર્ગોના વિભાગ અથવા પસાર થતા માર્ગ, બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય અથવા મરામત કર્યા હોય, અને જેનાં બાંધકામ, ફેરબાંધકામ, સુધારણા અથવા મરામતનું કુલ મૂડી ખર્ચ પચાસ લાખ રૂપિયા કરતાં વધુ હોય તેવા અથવા લોકોને ખાસ સેવા આપવાનું ગણ્યું હોય, તેની ઉપરથી પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરો ઉપર ટોલ લેવાનું જરૂરી ગણ્યું છે. તેથી, મૂડી ખર્ચ અને તેના ઉપરના વ્યાજની વસૂલાતના પ્રયાજનાર્થ, ટોલ લેવા માટે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૦ સુધારવાનું ઈષ્ટ જણાયું છે. જ્યારે રાજ્ય સરકાર સિવાયની વ્યકિતએ પુલ બાંધ્યો હોય ત્યારે આવી વ્યકિતના, મૂડી ખર્ચની વસુલાત જ નહી પણ આવી વ્યકિતએ કરેલ રોકાણની આવકના પ્રમાણમાં ટોલ ઉઘરાવવાની જોગવાઈ કરી છે. વળી, રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરેલા તમામ મોટર વાહનો અને એવા વાહનો દ્વારા ખેંચતા ટ્રેઈલરો અથવા રાજ્ય સરકાર જાહેર કરે તેવા અન્ય વાહનોને ટોલ ભરવામાંથી મુકિત આપવી જોઈએ એવું પણ સૂચવ્યું છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

રામસિંહ પરમાર

નાણાંકીય યાદી

વિધેયકની કલમ ૨થી; દાખલ કરવા ધારેલ કલમ ૨૦ની નવી પેટા-કલમ (૧કે)થી, રાજ્ય સરકારને, પુલો ઉપરથી પસાર થતાં મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરો પર ટોલ વસુલ કરવાની સત્તા મળે છે. તે હેતુ માટે, ટોલ ઉઘરાવવા માટે આવા પુલો પર ટોલ પ્લાઝાની સ્થાપના કરવાનું જરૂરી છે. આ જોગવાઈ, અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે તો, ટોલ-પ્લાઝાની સ્થાપના માટે, રાજ્યના એકત્રિત ફંડમાંથી આશરે એક લાખ પચાસ હજાર રૂપિયાના બિન આવર્તક ખર્ચનો સમાવેશ થશે. માર્ગ અને મકાન વિભાગનો વિદ્યમાન સ્ટાફ ટોલ ઉઘરાવશે અને તેથી રાજ્યના એકત્રિત ફંડમાંથી આ કારણે કોઈ વધારાનો ખર્ચ થશે નહિ.

રામસિંહ પરમાર

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં, નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ ૨.—(૧) આ કલમથી દાખલ કરવા ધારેલ કલમ૨૦ની પેટા-કલમ(૧ખ)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, કયા દરોએ કેટલી મુદત માટે અને કયા પુલના સંબંધમાં ટોલ વસૂલ કરવામાં આવશે તે જાહેર કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમથી, દાખલ કરવા ધારેલ પેટા-કલમ (૧ગ)થી, રાજ્ય સરકારને, કઈ બોલીઓ, શરતો અને રીતે તે કર ઉઘરાવવો જોઈશે તે ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમથી, દાખલ કરવા ધારેલ પેટા-કલમ (૧છ) ની બાબત (૨) થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, મોટર વાહનોના અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરોના કોઈ નિર્દિષ્ટ વર્ગ અથવા વર્ગોને, કોઈ ટોલ ભરવામાંથી મુકિત આપવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ, ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪. રામસિંહ પરમાર."

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

IX-Ex., 10-2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 11 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, FEBRUARY 16, 1994/MAGHA 27, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other those those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 1 OF 1994.

THE GUJARAT MOTOR TRANSPORT VEHICLES TOLL (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૦મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કરવામાં આવે છે.

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોની વિભાગ.

GUJARAT ACT NO. 1 OF 1994.

AN ACT

to amend the Gujarat Motor Transport Vehicles Toll Act, 1992.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૦મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા અધિનિયમ, ૧૯૯૨ સુધારવા બાબત અધિનિયમ

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે સન ૧૯૯૩ના સપ્ટેમ્બર મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૯૨ના ગુજરાતના ૭મા અધિનિયમની કલમ ૩નો સુધારો.

સન ૧૯૯૨નો ગુજરાતનો ૭મો.

૨. ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા અધિનિયમ, ૧૯૯૨ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં કલમ ૩માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

સન ૧૯૮૮નો ૫૯મો.

"(૧) તત્સમય પૂરતા અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, ગુજરાત રાજ્યની બહાર હકૂમત ધરાવતા સત્તાધિકારીએ મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ આપેલ અથવા આપેલ હોવાનું ગણવામાં આવેલ પરમિટ હેઠળ ફેરવવામાં આવતાં મોટર ટ્રાન્સપોર્ટ વાહનના ગુજરાત રાજ્યમાંના દરેક પ્રવેશ ઉપર, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા, દરેક વાહન દીઠ રૂપિયા એકસોથી વધુ ન હોય તેટલા દરે નાકાવેરો લેવો અને વસૂલ કરવો જોઈશે.".

સન ૧૯૯૩નો ગુજરાત વટહુકમ ૩.

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) ગુજરાત મોટર ટ્રાન્સપોર્ટ વાહન નાકાવેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૩ આથી રદ કરવામાં આવે છે.

(૨) એવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

———

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 12 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, FEBRUARY 22, 1994/PHALGUNA 3, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડ્યા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 2 OF 1994.

THE SOUTH GUJARAT UNIVERSITY (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

શ્રીમતી કે. આર ત્રિવેદી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 2 OF 1994.

AN ACT

to amend the South Gujarat University Act, 1965.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૧મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (સુધારા) અધિનિયમ, ૧૯૯૩' કહેવાશે.

સન ૧૯૬૫નો ગુજરાતનો ૩૮મો.

સન ૧૯૬૫ના ગુજરાતના ૩૮માની કલમ ૨નો સુધારો.

૨. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૬૫માં, કલમ ૨માં, ખંડ (૩)માં, "પદવી માટેના" એ શબ્દોને બદલે, "ડિપ્લોમા અથવા પદવી માટેના" એ શબ્દો મૂકવા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 13 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, FEBRUARY 22, 1994/PHALGUNA 3, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩નો ગુજરાતી અનુવાદ, આથી, સર્વે લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 3 OF 1994.

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૯મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

શ્રીમતી કે. આર ત્રિવેદી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 3 OF 1994.

AN ACT

***further** to amend the Gujarat Industrial Development Act, 1962,*

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૧મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ, 'ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) અધિનિયમ, ૧૯૯૨' કહેવાશે.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૨૩મો.

૨. ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨માં, કલમ ૪૪-ક કમી કરવી.

સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ ૪૪-ક કમી કરવા બાબત.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 14 REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 3, 1994/PHALGUNA 12, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી સવજીભાઈ કોરાટ એ તા. ૩જી માર્ચ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાન-સભાના નિયમોના નિયમ ૧૨૭–એ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

"GUJARAT BILL NO. 8 OF 1994.

THE SAURASHTRA UNDERGROUND WATER RECHARGE AUTHORITY BILL, 1994.

A BILL

to provide for establishment of an authority to make special provision and to undertake special programmes for increasing underground water level of the Saurashtra areas of the State and for matters and purposes connected therewith.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૮.

સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુનઃવસન સત્તા મંડળ વિધેયક, ૧૯૯૪.

રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારની ભૂગર્ભ જળની સપાટી વધારવા, ખાસ જોગવાઈ કરવા અને ખાસ કાર્યક્રમ હાથ ધરવા માટે સત્તામંડળની સ્થાપના કરવા અને તેની સાથે સંકળાયેલી બાબતો અને હેતુઓ માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના ચુંમાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, 'સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુનઃવસન સત્તા મંડળ અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લાઓમાં સમાવિષ્ટ સૌરાષ્ટ્રના વિસ્તારોને અને રાજ્ય સરકારે નિર્દિષ્ટ કર્યા હોય તેવા અન્ય નજીકના વિસ્તારને લાગુ પડે છે.

(૩) તે તરતજ અમલમાં આવશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત હોય તે સિવાય :—

(ક) "સત્તામંડળ" એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રાજ્ય સરકારે સ્થાપેલ સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુનઃ વસન સત્તામંડળ;

(ખ) "સૌરાષ્ટ્ર વિસ્તાર" એટલે અમરેલી, ભાવનગર, જૂનાગઢ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લા-ઓમાં સમાવિષ્ટ વિસ્તારો અને આ અર્થે રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવા અન્ય લગોલગના વિસ્તારો;

(ગ) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(ઘ) "રાજ્ય સરકાર" એટલે ગુજરાત રાજ્ય સરકાર;

(ચ) "ભૂગર્ભ જળ" એટલે ગૃહ વપરાશ, ખેતી અથવા બીજા કોઈપણ હેતુઓ માટે કાઢવામાં આવ્યું હોય તેવું ભોંયતળિયાની સપાટી નીચેનું જળ.

સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ પુનઃ વસન સત્તા મંડળની સ્થાપના.

૩. (૧) રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેર કરી હોય તેવી તારીખથી અમલમાં આવે તે રીતે, સૌરાષ્ટ્ર વિસ્તારની ભૂગર્ભ જળ સપાટી વધારવા માટે એક સત્તા મંડળની સ્થાપના કરવી જોઈશે.

(૨) પેટા કલમ (૧) હેઠળ સ્થાપેલ સત્તામંડળ, સંસ્થાપિત મંડળ રહેશે અને તેને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સિક્કો રહેશે અને તેના નામથી તે દાવો માંડી શકશે અને તેના પર દાવો માંડી શકાશે અને જંગમ અને સ્થાવર બન્ને મિલકત પ્રાપ્ત કરવાની અને ધરાવવાની તેમજ આ અધિનિયમના હેતુ માટે આવશ્યક તમામ વસ્તુઓ અંગે કરાર કરવા અને તે કરવા માટે સક્ષમ રહેશે.

INDEX

(૩) આ અધિનિયમના હેતુઓ માટે, પેટા-કલમ (૧) હેઠળ સ્થાપેલ સત્તામંડળ, સ્થાનિક સત્તામંડળ તરીકે ગણાશે.

સત્તામંડળની રચના અને તેના હોદ્દાની શરતો.

૪. (૧) સત્તામંડળ, અધ્યક્ષ અને રાજ્ય સરકારે નીમેલા અન્ય પાંચ સભ્યોનું બનશે:

પરંતુ અધ્યક્ષ અને સભ્યો તે બાબત અંગે પૂરતું ટેકનીકલ જ્ઞાન અને અનુભવ ધરાવતા હોય તેવી વ્યકિતઓ હોવી જોઈએ:

વધુમાં પાંચ સભ્યોમાંથી રાજ્ય સરકારે નીમવાના: –

(૧) એક સભ્ય ટેકનીકલ જ્ઞાન અને કુશળતા ધરાવતો, સૌરાષ્ટ્ર વિસ્તારની જિલ્લા પંચાયતોમાંની જિલ્લા પંચાયતનો પ્રમુખ અથવા સભ્ય હોવો જોઈશે.

(૨) એક સભ્ય રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી ગુજરાત વિધાનસભાનો સભ્ય હોવો જોઈશે;

(૩) એક સભ્ય સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સાથે સંલગ્ન એન્જિનીયરીંગ કોલેજમાંથી રાખવામાં આવશે.

(૨) સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના હોદ્દાની મુદત, તેમની નિમણૂકની તારીખથી ત્રણ વર્ષની રહેશે;

પરંતુ જિલ્લા પંચાયતોના પ્રમુખ અથવા સભ્ય અને ગુજરાત વિધાનસભાના સભ્ય, સંબંધિત મંડળોના સભ્યો તરીકે તેઓ બંધ થાય કે તરત જ સત્તામંડળના સભ્યો હોતા બંધ થશે.

(૩) સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના પગાર, અન્ય ભથ્થાં, નોકરીની શરતો અને તેમની લગતી અન્ય બાબતો, રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને ઠરાવે તેવા રહેશે.

સત્તામંડળના કાર્યો.

૫. (૧) આ અધિનિયમના હેતુઓ માટે સત્તામંડળે સૌરાષ્ટ્ર વિસ્તાર ભૂગર્ભ જળ પુન: વસન કરવા માટે કાર્યક્રમ અને યોજનાઓ અમલમાં મૂકવા જોઈશે. સત્તામંડળ છેલ્લામાં છેલ્લી પ્રાપ્ય ટેકનોલોજીનો ઉપયોગ કરીને યોજનાઓ તૈયાર કરશે અને ભૂગર્ભ જળ પુન:વસનના કાર્યક્ષેત્રમાં તેનું સિધ્ધ પરિણામ મેળવશે.

(૨) યોજનાઓ હાથ ધરવાના હેતુઓ માટે અને આ અધિનિયમ હેઠળ કરેલા વિનિયમો માટે સત્તામંડળને, આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલ સૌરાષ્ટ્ર વિસ્તારની કોઈપણ જમીનમાં દાખલ થવાનો અને તેનો ઉપયોગ કરવાનો હક રહેશે.

(૩) યોજનાનું કામ હાથ ધરવા માટેના, વિગતવાર નિયમો સત્તામંડળે ઘડવા જોઈશે અને તે રાજ્ય સરકાર મંજૂર કરે પછી અમલમાં આવશે.

સત્તામંડળના ફંડો અને હિસાબો.

૬. (૧) રાજ્ય સરકાર સત્તામંડળને તેની પ્રવૃત્તિઓ કરવા માટે જરૂરી ફંડ પૂરું પાડશે.

(૨) સત્તામંડળને, રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે માન્ય કરેલ સાર્વજનિક અથવા કોઈપણ સંસ્થા પાસેથી યોગ્ય નાણાંકીય લેખ મારફત નાણાં ઉછીના લેવાની અથવા ફંડો ઉભા કરવાની સત્તા રહેશે અને તેને દાન લેવાની પણ સત્તા રહેશે.

(૩) સત્તામંડળે ફંડ અથવા મળેલાં નાણાં સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા અથવા રાજ્ય સરકારે માન્ય કરેલ બીજી કોઈપણ બેંકમાં અનામત મૂકવા જોઈશે, અને સત્તામંડળ અધિકૃત કરે તેવી તે વ્યકિતઓ, બેંકના ખાતાનું સંચાલન કરશે.

(૪) સત્તામંડળના હિસાબો રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂનામાં જાળવવા જોઈશે.

વાર્ષિક રિપોર્ટ.

૭. સત્તામંડળ, દરેક વર્ષના અંતે રીપોર્ટ તૈયાર કરશે, જેમાં તેના કાર્યક્રમો, હાથ ધરેલી પ્રવૃત્તિઓ અને સત્તામંડળના હિસાબોનો સમાવેશ થશે. રીપોર્ટ રાજ્ય સરકારને રજૂ કરવો જોઈશે અને રાજ્ય સરકારે, રાજ્ય વિધાન મંડળના મેજ પર તે મૂકાવવો જોઈશે.

નિયમો કરવાની સત્તા.

૮. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા અને પૂર્વ પ્રસિધ્ધની શરતને અધીન રહીને આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમ હેઠળ કરેલા નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવા જોઈશે. અને જે બેઠકમાં તેમને તેવી રીતે મૂકવામાં આવ્યા હોય તે બેઠકમાં રાજ્ય વિધાનમંડળ તેમાં કરે તેવા ફેરફારને અધીન રહેશે.

INDEX

(૩) રાજ્ય વિધાન મંડળે એ રીતે કરેલ કોઈપણ ફેરફાર સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા અને તેમ થયેથી તેનો અમલ થશે.

૯. સત્તામંડળ, રાજ્ય સરકારની પૂર્વમંજૂરીથી વખતોવખત તેના રોજેરોજના કામકાજ કરવા માટે આ અધિ- **વિનિયમો.**
નિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા નિયમો સાથે સુસંગત વિનિયમો કરી શકશે.

ઉદ્દેશો અને કારણો

સૌરાષ્ટ્રના વિસ્તારમાં, નદીઓ નિરંતર વહેતી નથી અને તેથી, નહેરથી સિંચાઈ કરવાનું શકય નથી. નહેરથી સિંચાઈ ન થવાથી, ખેતીને ભૂગર્ભ જળ પર આધાર રાખવો પડે છે, અને આ કારણસર, ટયુબ વેલાની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે. તેથી સ્પષ્ટ જણાય છે કે દિનપ્રતિદિન ભૂગર્ભ જળનું સ્તર નીચું જતું જાય છે. વળી એવી પણ ભીતિ જણાય છે કે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળનો જથ્થો આગામી થોડાં વર્ષમાં વપરાઈ જશે. પીવા માટે, પીવા લાયક પાણી પણ મળતું નથી અને આ વિસ્તારના લોકોને પ્રાપ્ય ફ્લોરાઈડ યુકત અને અશુધ્ધ ભુગર્ભજળ પર આધાર રાખવો પડે છે. જેનાથી આરોગ્યને ગંભીર નુકશાન થાય છે. ભૂગર્ભ જળ કાઢવા માટે રાજ્ય સરકારે કોઈ પધ્ધતિસરનો કાર્યક્રમ હાથ ધર્યો નથી. આ મુશ્કેલ પ્રશ્નને હલ કરવા માટે, સૌરાષ્ટ્ર ભૂગર્ભ જળ સત્તામંડળ સ્થાપવાનું સૂચવ્યું છે. જે આ પ્રશ્ન પ્રત્યે ધ્યાન આપશે, અને યોજનાઓ હાથ ધરશે.

તેથી આ વિધેયક.

તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪.

સવજીભાઈ કોરાટ,
વિ. સ. સ.

નાણાકીય યાદી

કલમ ૪ની પેટા-કલમ (૩) થી સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોના પગાર અને અન્ય ભથ્થાં માટે જોગવાઈ કરી છે. અને વિધેયકની કલમ ૬થી સત્તા મંડળની પ્રવૃત્તિઓ પાર પાડવા માટે જરૂરી ફંડની જોગવાઈ કરી છે. આ વિધેયકથી અધિનિયમ કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી આશરે રૂા. ૨ કરોડનું આવર્તક ખર્ચ થશે.

તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪.

સવજીભાઈ કોરાટ,
વિ. સ. સ.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

કલમ ૧ની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને અમરેલી, ભાવનગર, જુનાગઢ, જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં સમાવિષ્ટ વિસ્તારો સિવાયના અન્ય વિસ્તારો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૩ની પેટા-કલમ (૧) થી "રાજ્ય સરકારને સૌરાષ્ટ્ર ભૂગર્ભજળ પુનઃવસન સત્તાધિકારી " એ નામનું સત્તામંડળ નિમવાની અને જે તારીખથી તે અમલી બનશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૪ના પેટા ખંડ (૧) થી રાજ્ય સરકારને સત્તામંડળ, અધ્યક્ષ અને પાંચ બીજા સભ્ય નીમવાની સત્તા મળે છે.

કલમ ૪ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને અધ્યક્ષ અને સત્તામંડળના સભ્યોના પગાર, અન્ય ભથ્થાં, નોકરીની શરતો અને તે સાથે સંકળાયેલી અન્ય બાબતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૫ની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, સત્તામંડળને સૌરાષ્ટ્ર વિસ્તારની કોઈપણ જમીનમાં દાખલ થવા અથવા તેનો ઉપયોગ કરવાનો હક જેને અધીન રહીને મળે છે તે નિયમો અને વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૫ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, યોજનાનું કામ હાથ ધરવા માટે સત્તામંડળે કરેલા વિગતવાર નિયમો મંજૂર કરવાની સત્તા મળે છે.

કલમ ૬ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, જેમાં સત્તામંડળ તેને મળેલાં ફંડ અથવા નાણા અનામત મૂકી શકે તે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા તે સિવાયની અન્ય કોઈ બેંક મંજૂર કરવાની સત્તા મળે છે.

કલમ-૬નો પેટા-કલમ (૪)થી રાજ્ય સરકારને સત્તામંડળના હિસાબો જાળવવા હોય તે નમૂનો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪.

સવજીભાઈ કોરાટ,
વિ. સ. સ."

ગાંધીનગર,
તા. ૩જી માર્ચ, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 15

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 3, 1994/PHALGUNA 12, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી જયનારાયણ વ્યાસ એ તા. ૩જી માર્ચ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭--અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

INDEX

"GUJARAT BILL NO. 9 OF 1994.

THE GUJARAT MUNICIPALITIES (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Municipalities Act, 1958.

સને ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯.

ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ-૪૭નો સુધારો.

૨. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪૭માં, પેટા-કલમો (૧), (૨) અને (૩) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૧) દરેક નગરપાલિકા માટે એક મુખ્ય અધિકારી રહેશે.

(૨) મુખ્ય અધિકારીની નિમણૂંક, રાજ્ય સરકારે, ગુજરાત વહીવટી સેવાની કાડરમાંથી કરવી જોઈશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે નીમેલા મુખ્ય અધિકારીના પગાર અને ભથ્થાં, નગરપાલિકા પોતાના ફંડમાંથી ચુકવશે."

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમની કલમ-૪૮ને બદલે નવી કલમ મૂકવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૮ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

મુખ્ય અધિકારીને દૂર કરવા બાબત.

" ૪૮. નગરપાલિકાનો અભિપ્રાય એવો છે કે, કલમ ૪૭ હેઠળ નીમેલા મુખ્ય અધિકારી, બોર્ડે ઘડેલી નીતિ અને લીધેલ નિર્ણય અનુસાર તેમની ફરજો બજાવતા નથી, તેથી, બોર્ડ, મતદાન વખતે હાજર રહેલા સભ્યોની કુલ સંખ્યાની ઓછામાં ઓછી બેતૃતિયાંશ સભ્યોની બહુમતી એ કરેલા ઠરાવથી, તેમની જગાએ બીજી વ્યકિતને મૂકવા માટે, રાજ્ય સરકારને ભલામણ કરી શકશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

હાલમાં, નગરપાલિકાના મુખ્ય અધિકારીઓને સંબંધિત મ્યુનિસિપલ બોર્ડ દ્વારા નીમવામાં આવે છે. તેઓની બદલી થતી ન હોવાથી અને તેમની લાંબી સેવા હોવાથી તે વર્ચસ્વ રહે છે. કેટલીક વખતે એવું બને છે કે મુખ્ય અધિકારી, પ્રમુખ અથવા બોર્ડ કરતાં વધારે સત્તા ભોગવે છે. આ પરિસ્થિતિ નિવારવા માટે, ગુજરાત વહીવટી સેવાની સામાન્ય કાડરમાંથી, કોઈ વ્યકિતને, મુખ્ય અધિકારી તરીકે નીમવાનું સૂચવવામાં આવે છે.

તેથી, આ વિધેયક.

જયનારાયણ વ્યાસ,
વિ. સ. સ."

ગાંધીનગર,
તા. ૩જી માર્ચ, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 16 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 3, 1994/PHALGUNA 12, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી જયનારાયણ વ્યાસ એ તા. ૩જી માર્ચ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭–આ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

INDEX

GUJARAT BILL NO. 10 OF 1994.

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Industrial Development Act, 1962.

[સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૦.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) વિધેયક, ૧૯૯૪

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત ઔદ્યોગિક વિકાસ (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૨૩મો.

સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ-૪નો સુધારો.

૨. ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૪માં, પેટા-કલમ (૧)માં—

(૧) ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:—

"(કક) કોર્પોરેશનના માન્ય સંઘો/એસોસિયેશનોએ, તેમના હોદ્દેદારોમાંથી પસંદ કરેલો એક ડિરેક્ટર;";

(૨) ખંડ (ડ)માં, "છ" એ શબ્દને બદલે, "પાંચ" એ શબ્દ મૂકવો.

સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા અધિનિયમની કલમ-૫નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫માં, ખંડ (અ) ને બદલે, નીચેનો ખંડ મૂકવો:—

"(અ) કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર અથવા કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (કક) હેઠળ પસંદ કરેલ ડિરેક્ટર ન હોય તેવો તેનો કોઈ નોકર હોય, અથવા".—

INDEX

ઉદ્દેશો અને કારણો

વહીવટમાં કામદારોની ભાગીદારી એટલા માટે ઈચ્છનીય છે, કે સંઘો/એસોસિયેશનો વધારે જવાબદાર બની શકે. તેઓ, બોર્ડની બેઠકમાં લીધેલા નિર્ણયોમાં એક પક્ષકાર બનશે અને કામદારોમાંથી કોઈપણ જાતનો વિરોધ ઊઠશે નહિ. સંયુકત વહીવટનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો હોવા છતાં, આજદિન સુધી સંયુકત વહીવટની કાઉન્સિલની રચના માટે કોઈ સંગીન પગલું લેવામાં આવ્યું નથી. તેમ છતાં, રાજ્યમાં પોતાની માલિકીના કોર્પોરેશનોમાં આ સિદ્ધાંતનો સ્વીકાર કરવાનું મુશ્કેલ ગણાશે નહિ. આ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે સંઘો/એસોસિયેશનોના નોકરોમાંથી એક સભ્યને ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશનના ડિરેકટર તરીકે નીમવો જોઈશે એવું સૂચવવામાં આવે છે.

તેથી, આ વિધેયક.

જયનારાયણ વ્યાસ;
વિ. સ. સ."

ગાંધીનગર,
તા. ૩જી માર્ચ, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

———

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 17 REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SNUDAY, MARCH 6, 1994/PHALGUNA 15, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

બી. એલ. મહેતા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 11 OF 1994.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION BILL, 1994.

A BILL

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the year ending on the thirty-first day of March, 1994.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :-

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૧.

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૧૯૯૪.

સન ૧૯૯૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૯૩-૯૪ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂ. ૯,૭૨,૨૧, ૯૧,૦૦૦ કાઢવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા નવસો બોંતેર કરોડ, એકવીસ લાખ અને એકાણું હજારની રકમ એ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૬૦,૦૦૦	૧ ,૦૦૦	૬૧,૦૦૦
૨	કૃષિ.	મહેસૂલ	૭૬,૫૨,૧૬,૦૦૦	...	૭૬,૫૨,૧૬,૦૦૦
		મૂડી	૩૦,૦૦,૦૦૦	—	૩૦,૦૦,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ.	મહેસૂલ	૭૮,૩૪,૦૦૦	...	૭૮,૩૪,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૧,૦૭,૮૦,૦૦૦	૯૩,૦૦૦	૧,૦૮,૭૩,૦૦૦
		મૂડી	૧,૧૫,૦૫,૦૦૦	...	૧,૧૫,૦૫,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૧,૦૦૦	...	૧,૦૦૦
૬	સહકાર.	મહેસૂલ	૧,૦૦૦	...	૧,૦૦૦
૭	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૫,૦૦,૦૦૦	...	૫,૦૦,૦૦૦
૮	શિક્ષણ વિભાગ.	મહેસૂલ	૯,૧૦,૦૦૮	...	૯,૧૦,૦૦૦
૯	શિક્ષણ.	મહેસૂલ	૮૭,૫૯,૮૩,૦૦૦	૧૧,૭૭,૦૬,૦૦૦	૯૯,૩૬,૮૯,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ.	મહેસૂલ	૩,૦૦,૦૦૦	...	૩,૦૦,૦૦૦
૧૩	ઉર્જા પરિયોજનાઓ.	મહેસૂલ	૫,૦૪,૫૬,૧૦,૦૦૦	...	૫,૦૪,૫૬,૧૦,૦૦૦
૧૫	નાણા વિભાગ.	મહેસૂલ	૧૧,૪૯,૦૦૦	...	૧૧,૪૯,૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	...	૮૮,૦૦૦	૮૮,૦૦૦
૧૮	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૨૯,૫૫,૦૦,૦૦૦	...	૨૯,૫૫,૦૦,૦૦૦
૧૯	નાણાં વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૪૦,૦૦,૦૧,૦૦૦	૨૬,૯૯,૦૦૦	૪૦,૨૭,૦૦,૦૦૦
૨૦	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ	...	૧૦,૮૦,૮૦,૦૦૦	૧૦,૮૦,૮૦,૦૦૦
		મૂડી	...	૨૭,૭૬,૦૧,૦૦૦	૨૭,૭૬,૦૧,૦૦૦
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૪,૩૩,૦૦૦	—	૪,૩૩,૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧૩,૨૬,૦૦૦	૫,૦૦૦	૧૩,૩૧,૦૦૦
		મૂડી	૬૩,૪૯,૦૦૦	—	૬૩,૪૯,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૪૦,૪૨,૦૦૦	૨,૩૯,૦૦૦	૪૨,૮૧,૦૦૦
		મૂડી	૪૦,૦૦,૦૦૦	—	૪૦,૦૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૨૪	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને મૂડી લગતું અન્ય ખર્ચ		૧,૦૦,૦૦૦	૨૩,૦૦૦	૧,૨૩,૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૧૨,૭૨,૦૦૦	—	૧૨,૭૨,૦૦૦
૨૬	વન	મહેસૂલ	૩,૦૦૦	૪,૫૫,૦૦૦	૪,૫૮,૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	—	૪,૭૫,૦૦૦	૪,૭૫,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૩૯,૯૭,૦૦૦	—	૩૯,૯૭,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૧,૮૮,૫૩,૦૦૦	૧૭,૦૦૦	૧,૮૮,૭૦,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	—	૮,૫૦,૦૦૦	૮,૫૦,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૯,૫૯,૦૦૦	—	૧૯,૫૯,૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૯,૭૬,૦૦૦	—	૯,૭૬,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૪૬,૫૧,૦૦૦ ૩૪,૬૫,૦૦૦	— —	૪૬,૫૧,૦૦૦ ૩૪,૬૫,૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૮,૬૫,૦૦૦	—	૮,૬૫,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૮,૬૯,૭૩,૦૦૦	૩,૪૦,૦૦૦	૮,૭૩,૧૩,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૧૩,૭૭,૯૨,૦૦૦	—	૧૩,૭૭,૯૨,૦૦૦
૪૧	પાણી પુરવઠા	મહેસૂલ મૂડી	૪૦,૦૦,૦૦૦ ૬,૫૬,૦૦,૦૦૦	— —	૪૦,૦૦,૦૦૦ ૬,૫૬,૦૦,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦,૦૦૦	૪૩,૦૦૦	૬૩,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૪૧,૭૦,૦૦૦	—	૪૧,૭૦,૦૦૦
૪૪	પોલીસ	મહેસૂલ	૧૭,૧૫,૭૬,૦૦૦	૧,૦૦૦	૧૭,૧૫,૭૭,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૧,૬૪,૫૮,૦૦૦	—	૧,૬૪,૫૮,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૫,૦૭,૦૦૦	૫,૦૮,૦૦૦
૪૯	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૯,૨૭,૪૫,૦૦૦	—	૯,૨૭,૪૫,૦૦૦
૫૦	ઉદ્યોગો	મૂડી	૮,૫૧,૭૫,૦૦૦	૮,૦૦૦	૮,૫૧,૮૩,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૮૬,૦૦,૦૦૦ ૫૦,૦૦,૦૦૦	૧૫,૦૦૦ —	૮૬,૧૫,૦૦૦ ૫૦,૦૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૯,૨૯,૦૦૦	૧,૨૦,૦૦૦	૨૦,૪૯,૦૦૦
૫૬	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	—	૧,૦૪,૦૦૦	૧,૦૪,૦૦૦
૬૧	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧,૦૦૦	૧,૦૦૦	૨,૦૦૦
૬૪	નર્મદા વિકાસ યોજના	મૂડી	૯,૩૭,૫૬,૦૦૦	...	૯,૩૭,૫૬,૦૦૦
૬૫	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૭૯,૩૯,૦૦૦	૧૭,૭૦,૦૦૦	૯૭,૦૯,૦૦૦
		મૂડી	૧,૧૫,૨૧,૦૦૦	૨,૪૯,૯૭,૦૦૦	૩,૬૫,૧૮,૦૦૦
૬૬	નર્મદા અને જળસંપતિ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મહેસૂલ મૂડી	... ૫,૮૦,૦૦૦	૨,૫૭,૮૪,૦૦૦ ...	૨,૫૭,૮૪,૦૦૦ ૫,૮૦,૦૦૦
૬૭	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ	મહેસૂલ	૩,૦૫,૦૦૦	...	૩,૦૫,૦૦૦
૬૮	સમૂહ વિકાસ	મહેસૂલ	૨૨,૯૩,૦૦૦	...	૨૨,૯૩,૦૦૦
૬૯	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૬૮,૩૧,૦૦૦	૬,૧૯,૭૦,૦૦૦	૬,૮૮,૦૧,૦૦૦
૭૦	વળતર અને સોંપણી	મહેસૂલ	૧,૨૯,૩૯,૦૦૦	...	૧,૨૯,૩૯,૦૦૦
૭૧	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૧,૪૯,૫૦,૦૦૦ ૧,૦૩,૦૦૦	... ...	૧,૪૯,૫૦,૦૦૦ ૧,૦૩,૦૦૦
૭૨	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૮,૯૩,૦૦૦	...	૮,૯૩,૦૦૦
૭૩	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧,૦૦૦	૬,૫૭,૦૦૦	૬,૫૮,૦૦૦
૭૪	જિલ્લા વહીવટ	મહેસૂલ	૧,૦૮,૨૧,૦૦૦	...	૧,૦૮,૨૧,૦ ૦૦
૭૫	કુદરતી આફત અંગે રાહત	મહેસૂલ મૂડી	૧,૦૦૦ ૨,૬૭,૮૦,૦૦૦	... ...	૧,૦૦૦ ૨,૬૭,૦૦,૦૦૦
૭૬	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪૫,૦૬,૦૦૦	...	૪૫,૦૬,૦૦૦
૭૭	વળતર અને સોંપણી	મહેસૂલ	૨,૦૦,૦૭,૦૦૦	૯૩,૦૦૦	૨,૦૧,૦૦,૦૦૦
૭૮	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૨૦,૩૦,૦૦૦	...	૧,૨૦,૩૦,૦૦૦
૮૦	બિન રહેણાંક મકાનો	મહેસૂલ મૂડી	... ૩,૦૦૦	૭૨,૦૦૦ ૯૮,૦૦૦	૭૨,૦૦૦ ૧,૦૧,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલો	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૮૧	રહેણાંક મકાનો	મૂડી	૧,૦૦,૦૦,૦૦૦	...	૧,૦૦,૦૦,૦૦૦
૮૨	માર્ગો અને પુલો	મહેસૂલ	૩,૦૦,૦૦,૦૦૦	૯,૭૭,૦૦૦	૩,૦૯,૭૭,૦૦૦
		મૂડી	૪૦,૦૦,૦૦,૦૦૦	૫૨,૨૨,૦૦૦	૪૦,૫૨,૨૨,૦૦૦
૮૩	બંદરો	મૂડી	૭૩,૦૦,૦૦૦	...	૭૩,૦૦,૦૦૦
૮૪	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧૬,૧૬,૦૦૦	...	૧૬,૧૬,૦૦૦
		મૂડી	...	૭,૭૯,૦૦૦	૭,૭૯,૦૦૦
૮૫	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને લગતુ અન્ય ખર્ચ	મહેસૂલ	૭૮,૨૫,૦૦૦	૬૯,૯૬,૦૦૦	૧,૪૮,૨૧,૦૦૦
૮૮	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૫,૨૦,૪૧,૦૦૦	...	૫,૨૦,૪૧,૦૦૦
૮૯	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧,૬૬,૫૨,૦૦૦	...	૧,૬૬,૫૨,૦૦૦
૯૦	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૫,૮૦,૦૦૦	...	૫,૮૦,૦૦૦
૯૧	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૨,૯૯,૨૭,૦૦૦	...	૨,૯૯,૨૭,૦૦૦
		મૂડી	૪૩,૦૦,૦૦૦	...	૪૩,૦૦,૦૦૦
૯૨	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૭,૩૪,૧૨,૦૦૦	૯,૨૬,૦૦૦	૭,૪૩,૩૮,૦૦૦
		મૂડી	૪,૦૦,૦૦,૦૦૦	૯,૬૭,૦૦૦	૪,૦૯,૬૭,૦૦૦
૯૪	શહેરી ગૃહ નિર્માણ	મહેસૂલ	...	૨,૭૮,૧૫,૦૦૦	૨,૭૮,૧૫,૦૦૦
૯૫.	શહેરી વિકાસ	મહેસૂલ	...	૫૭,૦૦૦	૫૭,૦૦૦
૯૯.	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૩૦,૨૭,૦૦૦	...	૩૦,૨૭,૦૦૦
		મહેસૂલ	૭,૮૭,૪૦,૦૨,૦૦૦	૩૫,૬૨,૫૭,૦૦૦	૮,૨૩,૦૨,૫૯,૦૦૦
		કુલ મૂડી	૧,૧૭,૯૫,૩૮,૦૦૦	૩૧,૨૩,૯૪,૦૦૦	૧,૪૯,૧૯,૩૨,૦૦૦
		કુલ સરવાળો :	૯,૦૫,૩૫,૪૦,૦૦૦	૬૬,૮૬,૫૧,૦૦૦	૯,૭૨,૨૧,૯૧,૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી સન ૧૯૯૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ સંબંધી અમૂક સેવાઓ અને હેતુઓ અંગે પૂરક ખર્ચને પહોંચી વળવા માટે જોઈતા નાણાંના વિનિયોગ અર્થે જોગવાઈ કરવા માટે, આ વિધેયક, ભારતના સંવિધાનની કલમ ૨૦૫ સાથે વાંચતા તેની કલમ ૨૦૪ અનુસાર દાખલ કરવામાં આવે છે.

આ રકમો નીચે દર્શાવેલી છે:–

(ક) મહેસૂલી ખર્ચ	રૂ.	૮,૨૩,૦૨,૫૯,૦૦૦
(ખ) મૂડી ખર્ચ	રૂ.	૧,૪૯,૧૯,૩૨,૦૦૦
કુલ	રૂ.	૯,૭૨,૨૧,૯૧,૦૦૦

તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪.

છબીલદાસ મહેતા.

તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રીમતિ કે. આર. ત્રિવેદી,
સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર.
તા. ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 18 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, MARCH 8, 1994/PHALGUNA 17, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૮મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 12 OF 1994.

THE GUJARAT APPROPRIATION (VOTE ON ACCOUNT) BILL, 1994.

A BILL

to authorise withdrawal of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of a part of the financial year ending on the thirty first day of March, 1995.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૨૭–અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૨.

ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક, ૧૯૯૪.

સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના આંશિક ભાગની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમોનો ઉપાડ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૯૪-૯૫ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂ. ૩૨,૦૭,૭૮,૭૯,૦૦૦ ઉપાડવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા ત્રણ હજાર બસો સાત કરોડ, ઠ્ઠોતેર લાખ, ઓગણએંસી હજારની રકમનો ઉપાડ, સન ૧૯૯૪-૯૫ના નાણાકીય વર્ષ દરમિયાન જે જુદાં જુદાં ખર્ચ આપવાનાં થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી કરી શકાશે.

વિનિયોગ.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમોનો ઉપાડ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષ માટે અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૮૦,૧૧,૦૦૦	...	૮૦,૧૧,૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૮૬,૪૫,૨૪,૦૦૦	...	૮૬,૪૫,૨૪,૦૦૦
		મૂડી	૫,૦૧,૬૭,૦૦૦	...	૫,૦૧,૬૭,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૯,૮૮,૦૬,૦૦૦	...	૯,૮૮,૦૬,૦૦૦
		મૂડી	૨૮,૩૩,૦૦૦	...	૨૮,૩૩,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૯,૫૧,૧૧,૦૦૦	...	૯,૫૧,૧૧,૦૦૦
		મૂડી	૧,૩૩,૦૦૦	...	૧,૩૩,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૪,૦૬,૯૮,૦૦૦	...	૪,૦૬,૯૮,૦૦૦
		મૂડી	૧,૨૦,૬૭,૦૦૦	...	૧,૨૦,૬૭,૦૦૦
૬	સહકાર	મહેસૂલ	૬,૩૬,૧૩,૦૦૦	...	૬,૩૬,૧૩,૦૦૦
		મૂડી	૩,૭૨,૮૦,૦૦૦	...	૩,૭૨,૮૦,૦૦૦
૭	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૩૯,૨૫,૦૦૦	...	૨,૩૯,૨૫,૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૪૪,૬૦,૦૦૦	...	૪૪,૬૦,૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૫,૦૩,૩૩,૮૬,૦૦૦	૧૨,૨૪,૦૦,૦૦૦	૫,૧૫,૫૭,૮૬,૦૦૦
		મૂડી	૨,૦૦,૦૦૦	...	૨,૦૦,૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૫૦,૬૩,૦૦૦	...	૧,૫૦,૬૩,૦૦૦
		મૂડી	૧૮,૨૯,૯૦,૦૦૮	...	૧૮,૨૯,૯૦,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૧૫,૭૮,૦૦૦	...	૧૫,૭૮,૦૦૦
૧૨	કર વસુલાત અંગે ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૮૭,૪૯,૦૦૦	...	૮૭,૪૯,૦૦૦
૧૩	ઉર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૧,૬૬,૬૭,૦૦૦	...	૧,૬૬,૬૭,૦૦૦
૧૪	ઉર્જા અને પેટોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૭,૮૦,૦૦૦	...	૧૭,૮૦,૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૮૪,૯૫,૦૦૦	...	૮૪,૯૫,૦૦૦
		મૂડી	૧,૧૯,૦૦૦	...	૧,૧૯,૦૦૦
૧૬	કર વસુલાત અંગે ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૧૦,૧૮,૭૩,૦૦૦	...	૧૦,૧૮,૭૩,૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૬,૦૯,૯૭,૦૦૦	...	૬,૦૯,૯૭,૦૦૦
૧૮	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ	મહેસૂલ	૮૫,૭૨,૮૩,૦૦૦	૧,૩૩,૦૦૦	૮૫,૭૪,૧૬,૦૦૦
૧૯	નાણાં વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૬૧,૧૭,૬૩,૦૦૦	...	૧,૬૧,૧૭,૬૩,૦૦૦
		મૂડી	૨,૫૩,૦૫,૦૦૦	૩૩,૦૦૦	૨,૫૩,૩૮,૦૦૦
૨૦	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ.	મહેસૂલ	...	૩,૫૫,૭૯,૩૨,૦૦૦	૩,૫૫,૭૯,૩૨,૦૦૦
		મૂડી	...	૪,૪૬,૭૬,૭૮,૦૦૦	૪,૪૬,૭૬,૭૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ બહાર ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૯૪,૩૮,૦૦૦	...	૯૪,૩૮,૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૬,૪૯,૨૫,૦૦૦	...	૬,૪૯,૨૫,૦૦૦
		મૂડી	૩૪,૦૦૦	...	૩૪,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૧,૮૪,૨૪,૦૦૦	...	૧,૮૪,૨૪,૦૦૦
		મૂડી	૮,૩૩,૦૦૦	...	૮,૩૩,૦૦૦
૨૪	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૭,૬૦,૦૦૦	...	૩૭,૬૦,૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૨૨,૬૯,૦૦૦	...	૨૨,૬૯,૦૦૦
૨૬	વન	મહેસૂલ	૧૪,૦૯,૪૩,૦૦૦	...	૧૪,૦૯,૪૩,૦૦૦
		મૂડી	૧૪,૪૧,૩૪,૦૦૦	...	૧૪,૪૧,૩૪,૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૧૬,૦૦,૦૦૦	...	૧૬,૦૦,૦૦૦
૨૮	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭૬,૦૦,૦૦૦	...	૭૬,૦૦,૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	...	૨૫,૬૮,૦૦૦	૨૫,૬૮,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૭૩,૫૮,૦૦૦	...	૭૩,૫૮,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૫૧,૦૧,૦૦૦	...	૫૧,૦૧,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૯,૫૨,૦૦૦	૪૦,૫૫,૦૦૦	૫૦,૦૭,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૩,૧૨,૯૧,૦૦૦	...	૩,૧૨,૯૧,૦૦૦
૩૪	આર્થિક બાબતો અંગે સલાહ અને આંકડા	મહેસૂલ	૧,૪૦,૭૬,૦૦૦	...	૧,૪૦,૭૬,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૪,૪૬,૧૫,૦૦૦	...	૧૪,૪૬,૧૫,૦૦૦
		મૂડી	૧,૭૪,૦૫,૦૦૦	...	૧,૭૪,૦૫,૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૧,૨૨,૮૫,૦૦૦	૧,૩૩,૦૦૦	૧,૨૪,૧૮,૦૦૦
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયના સરકારી કર્મચારીઓ વિગેરેને લોન અને પેશગીઓ	મૂડી	૨૦,૩૭,૦૦૦	...	૨૦,૩૭,૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૬૯,૩૭,૦૦૦	...	૬૯,૩૭,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૯૪,૬૨,૧૨,૦૦૦	...	૯૪,૬૨,૧૨,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૨૨,૫૩,૩૩,૦૦૦	...	૨૨,૫૩,૩૩,૦૦૦
૪૧	પાણી પુરવઠો	મહેસૂલ	૨૨,૬૩,૦૫,૦૦૦	...	૨૨,૬૩,૦૫,૦૦૦
		મૂડી	૫૫,૫૫,૫૦,૦૦૦	...	૫૫,૫૫,૫૦,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮,૪૭,૯૮,૦૦૦	...	૮,૪૭,૯૮,૦૦૦
		મૂડી	૪,૧૦,૯૦,૦૦૦	...	૪,૧૦,૯૦,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૧૬,૦૭,૦૦૦	...	૧૬,૦૭,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૪૪	પોલીસ	મહેસૂલ	૧,૦૪,૪૦,૧૦,૦૦૦	...	૧,૦૪,૪૦,૧૦,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૨,૯૪,૩૫,૦૦૦	...	૨,૯૪,૩૫,૦૦૦
૪૬	પરિવહન	મહેસૂલ	૩,૭૬,૯૨,૦૦૦	...	૩,૭૬,૯૨,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮,૦૧,૭૪,૦૦૦	૪૩,૦૦૦	૮,૦૨,૧૮,૦૦૦
		મૂડી	૧,૧૦,૧૮,૦૦૦	...	૧,૧૦,૧૮,૦૦૦
૪૮	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૩૬,૫૮,૦૦૦	...	૩૬,૫૮,૦૦૦
૪૯	લેખન સામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૭,૪૮,૯૦,૦૦૦	...	૭,૪૮,૯૦,૦૦૦
૫૦	ઉદ્યોગો	મહેસૂલ	૨૪,૪૩,૭૦,૦૦૦	...	૨૪,૪૩,૭૦,૦૦૦
		મૂડી	૩૯,૩૩,૦૦૦	...	૩૯,૩૩,૦૦૦
૫૧	ખાણ અને ખનિજ	મહેસૂલ	૨,૪૭,૪૭,૦૦૦	...	૨,૪૭,૪૭,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫,૮૮,૦૦૦	...	૧૫,૮૮,૦૦૦
		મૂડી	૮૫,૦૦,૦૦૦	...	૮૫,૦૦,૦૦૦
૫૩	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૯,૯૦,૦૦૦	...	૯,૯૦,૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૪,૨૮,૩૪,૦૦૦	...	૪,૨૮,૩૪,૦૦૦
૫૫	પ્રવાસન	મહેસૂલ	૭૭,૨૫,૦૦૦	...	૭૭,૨૫,૦૦૦
		મૂડી	૯,૦૦,૦૦૦	..	૯,૦૦,૦૦૦
૫૬	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૬,૭૭,૦૦૦	...	૪૬,૭૭,૦૦૦
		મૂડી	૩૩,૦૦,૦૦૦	...	૩૩,૦૦,૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૨૩,૪૨,૦૦૦	...	૨૩,૪૨,૦૦૦
૫૮	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૧૩,૯૬,૯૨,૦૦૦	...	૧૩,૯૬,૯૨,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	...	૬૭,૦૦૦
૫૯	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૯૭,૭૦,૦૦૦	...	૯૭,૭૦,૦૦૦
૬૦	કાયદા વિભાગ	મહેસૂલ	૪૭,૦૭,૦૦૦	...	૪૭,૦૭,૦૦૦
		મૂડી	૮,૦૦૦	...	૮,૦૦૦
૬૧	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧૨,૧૯,૧૪,૦૦૦	૧,૫૯,૭૮,૦૦૦	૧૩,૭૮,૯૨,૦૦૦
૬૨	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૬,૩૦,૦૦૦	...	૪૬,૩૦,૦૦૦
		મૂડી	૫૮,૦૫,૦૦૦	...	૫૮ ૦૫,૦૦૦
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતો વિભાગ	મહેસૂલ	૨૫,૪૦,૦૦૦	...	૨૫,૪૦,૦૦૦
૬૪	વૈધાનિક અને સંસદીય બાબતો વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૧,૧૦,૦૦૦	...	૧૧,૧૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ બહારની ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૬૫	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૬૨,૭૦,૦૦૦	...	૬૨,૭૦,૦૦૦
૬૬	નર્મદા વિકાસ યોજના	મૂડી	૨,૫૫,૬૪,૧૫,૦૦૦	...	૨,૫૫,૬૪૧૫,૦૦૦
૬૭	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧,૬૫,૫૨,૮૮,૦૦૦	...	૧,૬૫,૫૨,૮૮,૦૦૦
		મૂડી	૫૮,૪૧,૨૭,૦૦૦	...	૫૮,૪૧,૨૭,૦૦૦
૬૮	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪,૬૭,૦૦૦	...	૪,૬૭,૦૦૦
		મૂડી	૩,૪૨,૯૫,૦૦૦	...	૩,૪૨,૯૫,૦૦૦
૬૯	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ	મહેસૂલ	૩૮,૧૧,૦૦૦	...	૩૮,૧૧,૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૨૯,૦૩,૧૨,૦૦૦	...	૨૯,૦૩,૧૨,૦૦૦
		મૂડી	...	૨,૭૭,૦૦૦	૨,૭૭,૦૦૦
૭૧	ગ્રામીણ ગૃહ નિર્માણ	મહેસૂલ	૯,૩૫,૬૦,૦૦૦	૧૬,૮૩,૬૭,૦૦૦	૨૬,૧૯,૨૭,૦૦૦
		મૂડી	૭૭,૩૩,૦૦૦	...	૭૭,૩૩,૦૦૦
૭૨	વળતર અને સોંપણી	મહેસૂલ	૫,૬૦,૯૪,૦૦૮	...	૫,૬૦,૯૪,૦૦૦
૭૩	પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૨૮,૦૩,૦૦૦	...	૩,૨૮,૦૩,૦૦૦
		મૂડી	૭,૨૫,૮૫,૦૦૦	...	૭,૨૫,૮૫,૦૦૦
૭૪	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૧,૦૦,૫૨,૦૦૦	...	૧,૦૦,૫૨,૦૦૦
૭૫	કર વસુલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૯,૧૧,૬૧,૦૦૦	૯,૩૩,૦૦૦	૯,૨૦,૯૪,૦૦૦
૭૬	જિલ્લા વહીવટ	મહેસૂલ	૯,૪૧,૪૭,૦૦૦	...	૯,૪૧,૪૭,૦૦૦
૭૭	કુદરતી આફતો અંગે રાહત	મહેસૂલ	૨૮,૨૫,૦૦,૦૦૦	...	૨૮,૨૫,૦૦,૦૦૦
		મૂડી	૮,૩૩,૦૦૦	...	૮,૩૩,૦૦૦
૭૮	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪,૪૩,૩૭,૦૦૦	...	૪,૪૩,૩૭,૦૦૦
		મૂડી	૧૭,૦૦૦	...	૧૭,૦૦૦
૭૯	વળતર અને સોંપણી	મહેસૂલ	૨,૫૧,૮૨,૦૦૦	૧૪,૨૩,૦૦૦	૨,૬૬,૦૫,૦૦૦
		મૂડી	૧૯,૦૦,૦૦૦	૧૪,૬૭,૦૦૦	૩૩,૬૭,૦૦૦
૮૦	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫,૮૦,૦૦૦	૨,૦૦૦	૧૫,૮૨,૦૦૦
		મૂડી	૧,૯૨,૧૦,૦૦૦	...	૧,૯૨,૧૦,૦૦૦
૮૧	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૮૩,૭૨,૦૮૦	...	૮૩,૭૨,૦૦૦
૮૨	બિન-રહેણાંક મકાનો	મહેસૂલ	૩૦,૬૨,૩૪,૦૦૦	૧,૦૪,૦૦૦	૩૦,૬૩,૩૮,૦૦૦
		મૂડી	૧૦,૭૮,૩૫,૦૦૦	...	૧૦,૭૮,૩૫,૦૦૦
૮૩	રહેણાંકના મકાનો	મહેસૂલ	૧૩,૦૯,૧૭,૦૦૦	...	૧૩,૦૯,૧૭,૦૦૦
		મૂડી	૨,૨૨,૫૮,૦૦૦	...	૨,૨૨,૫૮,૦૦૦
૮૪	માર્ગો અને પુલ	મહેસૂલ	૭૭,૧૧,૫૨,૦૦૦	...	૭૭,૧૧,૫૨,૦૦૦
		મૂડી	૧૫,૨૨,૩૩,૦૦૦	...	૧૫,૨૨,૩૩,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ,
૮૫	બંદરો	મૂડી	૨,૭૩,૩૩,૦૦૦	...	૨,૭૩,૩૩,૦૦૦
૮૬	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૭૫,૬૪,૦૦૦	...	૭૫,૬૪,૦૦૦
		મૂડી	૨,૨૩,૩૩,૦૦૦	...	૨,૨૩,૩૩,૦૦૦
૮૭	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨,૨૪,૬૦,૦૦૦	..	૨,૨૪,૬૦,૦૦૦
		મૂડી	૧,૯૦,૮૬,૦૦૦	...	૧,૯૦,૮૬,૦૦૦
૮૮	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	મહેસૂલ	૩૨,૯૧,૦૦૦		૩૨,૯૧,૦૦૦
૮૯	રાજ્ય આબકારી	મહેસૂલ	૭૮,૯૫,૦૦૦	..	૭૮,૯૫,૦૦૦
૯૦	સામાજિક સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૨૨,૯૬,૮૪,૦૦૦	..	૨૨,૯૬,૮૪,૦૦૦
		મૂડી	૪૬,૬૭,૦૦૦	..	૪૬,૬૭,૦૦૦
૯૧	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૯,૦૧,૦૬,૦૦૦	...	૯,૦૧,૦૬,૦૦૦
		મૂડી	૧૭,૨૭,૦૦૦	..	૧૭,૨૭,૦૦૦
૯૨	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭૩,૮૦,૦૦૦	..	૭૩,૮૦,૦૦૦
૯૩	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૩૭,૫૧,૪૪,૦૦૦	..	૩૭,૫૧,૪૪,૦૦૦
		મૂડી	૧,૯૮,૧૮,૦૦૦	..	૧,૯૮,૧૮,૦૦૦
૯૪	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૮૮,૫૨,૫૯,૦૦૦	..	૮૮,૫૨,૫૯,૦૦૦
		મૂડી	૨૩,૫૭,૪૬,૦૦૦	..	૨૩,૫૭,૪૬,૦૦૦
૯૫	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૨૧,૯૨,૦૦૦	...	૨૧,૯૨,૦૦૦
૯૬	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૨,૧૭,૩૨,૦૦૦	૩,૦૯,૩૫,૦૦૦	૫,૨૬,૬૭,૦૦૦
		મૂડી	૧,૮૧,૭૭,૦૦૦	...	૧,૮૧,૭૭,૦૦૦
૯૭	શહેરી વિકાસ	મહેસૂલ	૧૫,૨૯,૮૦,૦૦૦	...	૧૫,૨૯,૮૦,૦૦૦
		મૂડી	૭,૧૬,૬૭,૦૦૦	...	૭,૧૬,૬૭,૦૦૦
૯૮	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગે ખર્ચ	મહેસૂલ	૮,૪૭,૮૭,૦૦૦	૨,૦૭,૮૧,૦૦૦	૧૦,૫૫,૬૮,૦૦૦
૯૯	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૭,૭૧,૦૦૦	...	૩૭,૭૧,૦૦૦
		મૂડી	૩૦,૫૫,૦૦૦	...	૩૦,૫૫,૦૦૦
૧૦૦	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ	મહેસૂલ	૧૦,૫૦,૦૦૦	...	૧૦,૫૦,૦૦૦
૧૦૧	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ	મહેસૂલ	૨,૮૦,૮૪,૦૦૦	...	૨,૮૦,૮૪,૦૦૦
૧૦૨	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૭,૫૦,૦૦૦	...	૧૭,૫૦,૦૦૦
	સરવાળો	મહેસૂલ	૧૮,૫૩,૬૮,૦૩,૦૦૦	૩,૯૨,૫૭,૮૮,૦૦૦	૨૨,૪૬,૨૫,૯૧,૦૦૦
		મૂડી	૫,૧૪,૫૮,૩૪,૦૦૦	૪,૪૬,૯૪,૫૪,૦૦૦	૯,૬૧,૫૨,૮૮,૦૦૦
	કુલ સરવાળો		૨૩,૬૮,૨૬,૩૭,૦૦૦	૮,૩૯,૫૨,૪૨,૦૦૦	૩૨,૦૭,૭૮,૭૯,૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલા ખર્ચને તથા સન ૧૯૯૫ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના આંશિક ભાગ માટે અંદાજેલા ખર્ચના સંબંધમાં વિધાનસભાએ અગાઉથી આપેલી ગ્રાન્ટોને પહોંચી વળવા માટે જોઈતાં નાણાંનો, ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી વિનિયોગ કરવાની જોગવાઈ કરવા માટે, આ વિધેયક, ભારતના સંવિધાનની કલમ ૨૦૬ના ખંડ (૨) અનુસાર દાખલ કરવામાં આવે છે.

આ રકમો નીચે દર્શાવેલી છે:-

	રૂપિયા
(ક) મહેસૂલી ખર્ચ	૨૨,૪૬,૨૫,૯૧,૦૦૦
(ખ) મૂડી ખર્ચ	૯,૬૧,૫૨,૮૮,૦૦૦
કુલ :	૩૨,૦૭,૭૮,૭૯,૦૦૦

તારીખ : ૮મી માર્ચ, ૧૯૯૪.

છબીલદાસ મહેતા.

ગાંધીનગર, તારીખ ૮મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતિ કે. આર. ત્રિવેદી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતો વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 19 REGISTERED NO. G/GNR/1

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, MARCH 15, 1994/PHALGUNA 24, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૧૫મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૪ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

બી.એલ.મહેતા,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 4 OF 1994.

THE BOMBAY ANIMAL PRESERVATION (GUJARAT AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાન મંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧૫મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 4 OF 1994.

AN ACT

further to amend the Bombay Animal Preservation Act, 1954.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૪

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧૫મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ વધુ સુધારવા બાબત અધિનિયમ.

એ સિદ્ધ હકીકત છે કે ગાય અને તેનો વંશ વૈજ્ઞાનિક રીતે સમતોલ આહારમાં અતિ આવશ્યક ચીજ એવું જીવન ટકાવનાર દૂધ રાષ્ટ્રના આરોગ્યને ટકાવી રાખે છે;

અને જોતરવાના કામમાં આવતા બળદો આપણી ખેતી માટે અનિવાર્ય છે, કારણ કે બીજા કોઈપણ પશુઓ કરતાં વધારે શકિત ધરાવે છે;

અને જોતરવાના કામમાં આવતા બળદો, ખેતરો ખેડવા માટે, કૂવામાંથી પાણી ખેંચવા માટે વારંવાર ઉપયોગી હોય છે અને ખેતરોમાંથી ખેડૂતોના નિવાસસ્થાન સુધી તેમજ ખેત બજાર યાર્ડ સુધી અનાજ અને ઘાસ-ચારાની હેરફેર માટે ગાડાઓ ખેંચવાના કામમાં પણ ઘણાજ ઉપયોગી છે;

અને પશુઓનું છાણ કૃત્રિમ ખાતરો કરતાં વધારે સસ્તુ છે અને બાયો-ગેસના ઉત્પાદનમાં ખૂબ જ ઉપયોગી છે;

અને એ સિદ્ધ થયું છે કે ગાય અને તેનો વંશ ભારતની ખેતીના આધાર સ્તંભો છે તેમ કહી શકાય અને ભારતની ખેતી અને તેના અર્થતંત્રનું સમગ્ર માળખું તેમના ઉપર આધાર રાખે છે;

અને ભારતના સંવિધાનની કલમો ૪૭, ૪૮ અને કલમ ૩૯ના ખંડો (ખ) અને (ગ)માં જણાવેલા સિદ્ધાંતો સુનિશ્ચિત કરવા, રાજ્યની નીતિને અમલમાં લાવવા અને ગાય અને તેના વંશના રક્ષણ, જાળવણી અને નિર્વાહ કરવાનું ઈષ્ટ છે.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે, સન ૧૯૯૩ના સપ્ટેમ્બર મહિનાની ૨૩મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

સન ૧૯૫૪નો મુંબઈનો ૩૨મો.

સન ૧૯૫૪ના મુંબઈના ૩૨ માંની કલમ ૫નો સુધારો.

૨. મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ--૫ માં,—

(૧) પેટા-કલમ (૧-ક)માં, ખંડો (ગ) અને (ઘ)ને બદલે, નીચેના ખંડો મૂકવા :—

"(ગ) ધણખૂંટ;

(ઘ) બળદ;";

(૨) પેટા--કલમ (૩)માં,—

(૧) ખંડ (ક)માં, પેટા-ખંડો (૨) અને (૩) કમી કરવા;

(૨) ખંડ (ખ)માં, "ગાયના વાછરડા" એ શબ્દો પછી "ધણખૂંટ અથવા બળદ" એ શબ્દો દાખલ કરવા.

INDEX

રદ કરવા બાબત અને અપવાદ.

૩. (૧) મુંબઈ પશુ સંરક્ષણ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૩ આથી રદ કરવામાં આવે છે. સન ૧૯૯૩નો ગુજરાત વટહુકમ ૪.

(૨) એવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 20

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVJ WEDNESDAY, MARCH 16, 1994/PHALGUNA 25, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૫નો ગુજરાતી અનુવાદ આથી, સર્વે લોકોની જાણ સારૂ, પ્રસિધ્ધ કર્યો છે.

અે. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 5 OF 1994.

THE GUJARAT (SUPPLEMENTARY) APPROPRIATION ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧૬મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ, પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 5 OF 1994.

AN ACT

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the year ending on the thirty-first day of March, 1994.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૫.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧૬મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

સન ૧૯૯૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના છેંતાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત (પૂરક) વિનિયોગ અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૯૩-૯૪ના નાણાકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂ. ૯૭૨,૨૧, ૯૧,૦૦૦ કાઢવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા નવસો બોંતેર કરોડ, એકવીસ લાખ અને એકાણું હજારની રકમ એ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૪ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ.		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી.	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૬૦,૦૦૦	૧ ,૦૦૦	૬૧,૦૦૦
૨	કૃષિ.	મહેસૂલ મૂડી	૭૬,૫૨,૧૬,૦૦૦ ૩૦,૦૦,૦૦૦	... —	૭૬,૫૨,૧૬,૦૦૦ ૩૦,૦૦,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ.	મહેસૂલ	૭૮,૩૪,૦૦૦	...	૭૮,૩૪,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ મૂડી	૧,૦૭,૮૦,૦૦૦ ૧,૧૧,૦૫,૦૦૦	૯૩,૦૦૦ ...	૧,૦૮,૭૩,૦૦૦ ૧,૧૫,૦૫,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૧,૦૦૦	...	૧,૦૦૦
૬	સહકાર.	મહેસૂલ	૧,૦૦૦	...	૧,૦૦૦
૭	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ.	મૂડી	૫,૦૦,૦૦૦	...	૫,૦૦,૦૦૦
૮	શિક્ષણ વિભાગ.	મહેસૂલ	૯,૧૦,૦૦૦	...	૯,૧૦,૦૦૦
૯	શિક્ષણ.	મહેસૂલ	૮૭,૫૯,૮૩,૦૦૦	૧૧,૭૭,૦૬,૦૦૦	૯૯,૩૬,૮૯,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ.	મહેસૂલ	૩,૦૦,૦૦૦	...	૩,૦૦.૦૦૦
૧૩	ઉર્જા પરિયોજનાઓ.	મહેસૂલ	૫,૦૪,૫૬,૧૦,૦૦૦	...	૫,૦૪,૫૬,૧૦,૦૦૦
૧૫	નાણા વિભાગ.	મહેસૂલ	૧૧,૪૯,૦૦૦	...	૧૧,૪૯,૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	...	૮૮,૦૦૦	૮૮,૦૦૦
૧૮	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૨૯,૫૫,૦૦,૦૦૦	...	૨૯,૫૫,૦૦,૦૦૦
૧૯	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ	મૂડી	૪૦,૦૦,૦૧,૦૦૦	૨૬,૯૯,૦૦૦	૪૦,૨૭,૦૦,૦૦૦
૨૦	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ મૂડી	... ...	૧૦,૮૦,૮૦,૦૦૦ ૨૭,૭૬,૦૧,૦૦૦	૧૦,૮૦,૮૦,૦૦૦ ૨૭,૭૬,૦૧,૦૦૦
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૪,૩૩,૦૦૦	—	૪,૩૩,૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ મૂડી	૧૩,૨૬,૦૦૦ ૬૩,૪૯,૦૦૦	૫,૦૦૦ —	૧૩,૩૧,૦૦૦ ૬૩,૪૯,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ મૂડી	૪૦,૪૨,૦૦૦ ૪૦,૦૦,૦૦૦	૨,૩૯,૦૦૦ —	૪૨,૮૧,૦૦૦ ૪૦,૦૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૨૪	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧,૦૦,૦૦૦	૨૩,૦૦૦	૧,૨૩,૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૧૨,૭૨,૦૦૦	—	૧૨,૭૨,૦૦૦
૨૬	વન	મહેસૂલ	૩,૦૦૦	૪,૫૫,૦૦૦	૪,૫૮,૦૦૦
	પાલ	મહેસૂલ	—	૪,૭૫,૦૦૦	૪,૭૫,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૩૯,૯૭,૦૦૦	—	૩૯,૯૭,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૧,૮૮,૫૩,૦૦૦	૧૭,૦૦૦	૧,૮૮,૭૦,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	—	૮,૫૦,૦૦૦	૮,૫૦,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૧૯,૫૯,૦૦૦	—	૧૯,૫૯,૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૯,૭૬,૦૦૦	—	૯,૭૬,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૪૬,૫૧,૦૦૦ ૩૪,૬૫,૦૦૦	— —	૪૬,૫૧,૦૦૦ ૩૪,૬૫,૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૮,૬૫,૦૦૦	—	૮,૬૫,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૮,૬૯,૭૩,૦૦૦	૩,૪૦,૦૦૦	૮,૭૩,૧૩,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૧૩,૭૭,૯૨,૦૦૦	—	૧૩,૭૭,૯૨,૦૦૦
૪૧	પાણી પુરવઠા	મહેસૂલ મૂડી	૪૦,૦૦,૦૦૦ ૬,૫૬,૦૦,૦૦૦	— —	૪૦,૦૦,૦૦૦ ૬,૫૬,૦૦,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૦,૦૦૦	૪૩,૦૦૦	૬૩,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૪૧,૭૦,૦૦૦	—	૪૧,૭૦,૦૦૦
૪૪	પોલીસ	મહેસૂલ	૧૭,૧૫,૭૬,૦૦૦	૧,૦૦૦	૧૭,૧૫,૭૭,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૧,૬૪,૫૮,૦૦૦	—	૧,૬૪,૫૮,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૦૦૦	૫,૦૭,૦૦૦	૫,૦૮,૦૦૦
૪૯	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૯,૨૭,૪૫,૦૦૦	—	૯,૨૭,૪૫,૦૦૦
૫૦	ઉદ્યોગો	મૂડી	૮,૫૧,૭૫,૦૦૦	૮,૦૦૦	૮,૫૧,૮૩,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૮૬,૦૦,૦૦૦ ૫૦,૦૦,૦૦૦	૧૫,૦૦૦ —	૮૬,૧૫,૦૦૦ ૫૦,૦૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૫૪	માહિતી અને પ્રસાર	મહેસૂલ	૧૯,૨૯,૦૦૦	૧,૨૦,૦૦૦	૨૦,૪૯,૦૦૦
૫૬	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	—	૧,૦૪,૦૦૦	૧,૦૪,૦૦૦
૬૧	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧,૦૦૦	૧,૦૦૦	૨,૦૦૦
૬૪	નર્મદા વિકાસ યોજના	મૂડી	૯,૩૭,૫૬,૦૦૦	...	૯,૩૭,૫૬,૦૦૦
૬૫	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૭૯,૩૯,૦૦૦	૧૩,૭૦,૦૦૦	૯૩,૦૯,૦૦૦
		મૂડી	૧,૧૫,૨૧,૦૦૦	૨,૪૯,૯૭,૦૦૦	૩,૬૫,૧૮,૦૦૦
૬૬	નર્મદા અને જળસંપતિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	... ૫,૮૦,૦૦૦	૨,૫૭,૮૪,૦૦૦ ...	૨,૫૭,૮૪,૦૦૦ ૫,૮૦,૦૦૦
૬૭	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ	મહેસૂલ	૩,૦૫,૦૦૦	...	૩,૦૫,૦૦૦
૬૮	સમૂહ વિકાસ	મહેસૂલ	૨૨,૯૩,૦૦૦	...	૨૨,૯૩,૦૦૦
૬૯	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૬૮,૩૧,૦૦૦	૬,૧૯,૭૦,૦૦૦	૬,૮૮,૦૧,૦૦૦
૭૦	વળતર અને સોંપણી	મહેસૂલ	૧,૨૯,૩૯,૦૦૦	...	૧,૨૯,૩૯,૦૦૦
૭૧	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ મૂડી	૧,૪૯,૫૦,૦૦૦ ૧,૦૩,૦૦૦	... ...	૧,૪૯,૫૦,૦૦૦ ૧,૦૩,૦૦૦
૭૨	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૮,૯૩,૦૦૦	...	૮,૯૩,૦૦૦
૭૩	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧,૦૦૦	૬,૫૭,૦૦૦	૬,૫૮,૦૦૦
૭૪	જિલ્લા વહીવટ	મહેસૂલ	૧,૦૮,૨૧,૦૦૦	...	૧,૦૮,૨૧,૦૦૦
૭૫	કુદરતી આફત અંગે રાહત	મહેસૂલ મૂડી	૧,૦૦૦ ૨,૬૭,૦૦,૦૦૦	... ...	૧,૦૦૦ ૨,૬૭,૦૦,૦૦૦
૭૬	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪૫,૦૬,૦૦૦	...	૪૫,૦૬,૦૦૦
૭૭	વળતર અને સોંપણી	મહેસૂલ	૨,૦૦,૦૭,૦૦૦	૯૩,૦૦૦	૨,૦૧,૦૦,૦૦૦
૭૮	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૨૦,૩૦,૦૦૦	....	૧,૨૦,૩૦,૦૦૦
૮૦	બિન રહેણાંક મકાનો	મહેસૂલ મૂડી	... ૩,૦૦૦	૭૨,૦૦૦ ૯૮,૦૦૦	૭૨,૦૦૦ ૧,૦૧,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૮૧	રહેણાંક મકાનો	મૂડી	૧,૦૦,૦૦,૦૦૦	...	૧,૦૦,૦૦,૦૦૦
૮૨	માર્ગો અને પુલો	મહેસૂલ	૩,૦૦,૦૦,૦૦૦	૯,૭૭,૦૦૦	૩,૦૯,૭૭,૦૦૦
		મૂડી	૪૦,૦૦,૦૦,૦૦૦	૫૨,૨૨,૦૦૦	૪૦,૫૨,૨૨,૦૦૦
૮૩	બંદરો	મૂડી	૭૩,૦૦,૦૦૦	...	૭૩,૦૦,૦૦૦
૮૪	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧૬,૧૬,૦૦૦	...	૧૬,૧૬,૦૦૦
		મૂડી	...	૭,૭૯,૦૦૦	૭,૭૯,૦૦૦
૮૫	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને લગતુ અન્ય ખર્ચ.	મહેસૂલ	૭૮,૨૫,૦૦૦	૬૯,૯૬,૦૦૦	૧,૪૮,૨૧,૦૦૦
૮૮	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૫,૨૦,૪૧,૦૦૦	...	૫,૨૦,૪૧,૦૦૦
૮૯	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧,૬૬,૫૨,૦૦૦	...	૧,૬૬,૫૨,૦૦૦
૯૦	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૫,૮૦,૦૦૦	...	૫,૮૦,૦૦૦
૯૧	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૨,૯૯,૨૭,૦૦૦	...	૨,૯૯,૨૭,૦૦૦
		મૂડી	૪૩,૦૦,૦૦૦	...	૪૩,૦૦,૦૦૦
૯૨	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૭,૩૪,૧૨,૦૦૦	૯,૨૬,૦૦૦	૭,૪૩,૩૮,૦૦૦
		મૂડી	૪,૦૦,૦૦,૦૦૦	૯,૬૭,૦૦૦	૪,૦૯,૬૭,૦૦૦
૯૪	શહેરી ગૃહ નિર્માણ	મહેસૂલ	...	૨,૭૮,૧૫,૦૦૦	૨,૭૮,૧૫,૦૦૦
૯૫	શહેરી વિકાસ	મહેસૂલ	...	૧૭,૦૦૦	૧૭,૦૦૦
૯૯	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ	મહેસૂલ	૩૦,૨૭,૦૦૦	...	૩૦,૨૭,૦૦૦
	કુલ	મહેસૂલ	૭,૮૭,૪૦,૨૨,૦૦૦	૩૫,૬૨,૫૭,૦૦૦	૮,૨૩,૦૨,૫૯,૦૦૦
		મૂડી	૧,૧૭,૯૫,૩૮,૦૦૦	૩૧,૨૩,૯૪,૦૦૦	૧,૪૯,૧૯,૩૨,૦૦૦
	કુલ સરવાળો :		૯,૦૫,૩૫,૪૦,૦૦૦	૬૬,૮૬,૫૧,૦૦૦	૯,૭૨,૨૧,૯૧,૦૦૦

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 21 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, MARCH 16, 1994/PHALGUNA 25, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 6 OF 1994.

THE GUJARAT APPROPRIATION (VOTE ON ACCOUNT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧૬મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 6 OF 1994.

AN ACT

to authorise withdrawal of certain sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of a part of the financial year ending on the thirty first day of March, 1995.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૬.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧૬મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષના આંશિક ભાગની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમોનો ઉપાડ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે. — **ટૂંકી સંજ્ઞા.**

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા ત્રણ હજાર બસો સાત કરોડ, ઈઠ્યોતેર લાખ, ઓગણાએંસી હજારની રકમનો ઉપાડ, સન ૧૯૯૪-૯૫ના નાણાકીય વર્ષ દરમિયાન જે જદાં જદાં ખર્ચ આપવાનાં થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી કરી શકાશે. — **સન ૧૯૯૪--૯૫ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂા. ૩૨,૦૭, ૭૮,૭૯,૦૦૦ ઉપાડવા બાબત.**

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમોનો ઉપાડ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષ માટે અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો. — **વિનિયોગ.**

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૮૦,૧૫,૦૦૦	...	૮૦,૧૫,૦૦૦
૨	કૃષિ	મહેસૂલ	૮૬,૪૫,૨૪,૦૦૦	...	૮૬,૪૫,૨૪,૦૦૦
		મૂડી	૫,૦૧,૬૭,૦૦૦	...	૫,૦૧,૬૭,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૯,૮૮,૦૬,૦૦૦	...	૯,૮૮,૦૬,૦૦૦
		મૂડી	૨૮,૩૩,૦૦૦	...	૨૮,૩૩,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૯,૫૫,૧૧,૦૦૦	...	૯,૫૫ ૧૧,૦૦૦
		મૂડી	૧,૩૩,૦૦૦	...	૧,૩૩,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૪,૦૬,૯૮,૦૦૦	...	૪,૦૬,૯૮,૦૦૦
		મૂડી	૧,૨૦,૬૭,૦૦૦	...	૧,૨૦,૬૭,૦૦૦
૬	સહકાર	મહેસૂલ	૬,૩૬,૧૩,૦૦૦	...	૬,૩૬,૧૩,૦૦૦
		મૂડી	૩,૭૨,૮૦,૦૦૦	...	૩,૭૨,૮૦,૦૦૦
૭	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૩૯,૨૫,૦૦૦	...	૨,૩૯,૨૫,૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૪૪,૬૦,૦૦૦	...	૪૪,૬૦,૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૫,૦૩,૩૩,૮૬,૦૦૦	૧૨,૨૪,૦૦,૦૦૦	૫,૧૫,૫૭,૮૬,૦૦૦
		મૂડી	૨,૦૦,૦૦૦	...	૨,૦૦,૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૫૦,૬૩,૦૦૦	...	૧,૫૦,૬૩,૦૦૦
		મૂડી	૧૮,૨૯,૯૦,૦૦૦	...	૧૮,૨૯,૯૦,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૧૫,૭૮,૦૦૦	...	૧૫,૭૮,૦૦૦
૧૨	કર વસુલાત અંગે ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૮૭,૪૯,૦૦૦	...	૮૭,૪૯,૦૦૦
૧૩	જી પરિયોજનાઓ	મહેસૂલ	૧,૬૬,૬૭,૦૦૦	...	૧,૬૬,૬૭,૦૦૦
૧૪	ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૭,૮૦,૦૦૦	...	૧૭,૮૦,૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૮૪,૯૫,૦૦૦	...	૮૪,૯૫,૦૦૦
		મૂડી	૧,૧૯,૦૦૦	...	૧,૧૯,૦૦૦
૧૬	કર વસુલાત અંગે ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૧૦,૧૮,૭૩,૦૦૦	...	૧૦,૧૮,૭૩,૦૦૦
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૬,૦૯,૯૭,૦૦૦	...	૬,૦૯,૯૭,૦૦૦
૧૮	પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભ	મહેસૂલ	૮૫,૭૨,૮૩,૦૦૦	૧,૩૩,૦૦૦	૮૫,૭૪,૧૬,૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧,૬૧,૧૭,૬૩,૦૦૦	...	૧,૬૧,૧૭,૬૩,૦૦૦
		મૂડી	૨,૫૩,૦૫,૦૦૦	૩૩,૦૦૦	૨,૫૩,૩૮,૦૦૦
૨૦	નાણા વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ.	મહેસૂલ	...	૩,૫૫,૭૯,૩૨,૦૦૦	૩,૫૫,૭૯,૩૨,૦૦૦
		મૂડી	...	૪,૪૬,૭૬,૭૮,૦૦૦	૪,૪૬,૭૬,૭૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર.	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૯૪,૩૮,૦૦૦	...	૯૪,૩૮,૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૬,૪૯,૨૫,૦૦૦	...	૬,૪૯,૨૫,૦૦૦
		મૂડી	૩૪,૦૦૦	...	૩૪,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૧,૮૪,૨૪,૦૦૦	...	૧,૮૪,૨૪,૦૦૦
		મૂડી	૮,૩૩,૦૦૦	...	૮,૩૩,૦૦૦
૨૪	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૩૭,૬૦,૦૦૦	...	૩૭,૬૦,૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૨૨,૬૯,૦૦૦	...	૨૨,૬૯,૦૦૦
૨૬	વન	મહેસૂલ	૧૪,૦૯,૪૩,૦૦૦	...	૧૪,૦૯,૪૩,૦૦૦
		મૂડી	૧૪,૪૧,૩૪,૦૦૦	...	૧૪,૪૧,૩૪,૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૫૬,૦૦,૦૦૦	...	૫૬,૦૦,૦૦૦
૨૮	વન અને પર્યાવરણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭૬,૦૦,૦૦૦	...	૭૬,૦૦,૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	...	૨૫,૬૮,૦૦૦	૨૫,૬૮,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૭૩,૫૮,૦૦૦	...	૭૩,૫૮,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૫૧,૦૧,૦૦૦	...	૫૧,૦૧,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૯,૫૨,૦૦૦	૪૦,૫૫,૦૦૦	૫૦,૦૭,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૩,૧૨,૯૧,૦૦૦	...	૩,૧૨,૯૧,૦૦૦
૩૪	આર્થિક બાબતો અંગે સલાહ અને આંકડા	મહેસૂલ	૧,૪૦,૭૬,૦૦૦	...	૧,૪૦,૭૬,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૪,૪૬,૧૫,૦૦૦	...	૧૪,૪૬,૧૫,૦૦૦
		મૂડી	૧,૭૪,૦૫,૦૦૦	...	૧,૭૪,૦૫,૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૧,૨૨,૮૫,૦૦૦	૧,૩૩,૦૦૦	૧,૨૪,૧૮,૦૦૦
૩૭	ગુજરાત વિધાનસભા સચિવાલયના સરકારી કર્મચારીઓ વિગેરેને લોન અને પેશગીઓ	મૂડી	૨૦,૩૭,૦૦૦	...	૨૦,૩૭,૦૦૦
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૬૯,૩૭,૦૦૦	...	૬૯,૩૭,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૯૪,૬૨,૧૨,૦૦૦	...	૯૪,૬૨,૧૨,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૨૨,૫૩,૩૩,૦૦૦	...	૨૨,૫૩,૩૩,૦૦૦
૪૧	પાણી પુરવઠો	મહેસૂલ	૨૨,૬૩,૦૫,૦૦૦	...	૨૨,૬૩,૦૫,૦૦૦
		મૂડી	૫૫,૫૫,૫૦,૦૦૦	...	૫૫,૫૫,૫૦,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮,૪૭,૯૮,૦૦૦	...	૮,૪૭,૯૮,૦૦૦
		મૂડી	૪,૧૦,૯૦,૦૦૦	...	૪,૧૦,૯૦,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૫૬,૦૭,૦૦૦	...	૫૬,૦૭,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૪૪	પોલીસ	મહેસૂલ	૧,૦૪,૪૦,૧૭,૦૦૦	...	૧,૦૪,૪૦,૧૦,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૨,૯૪,૩૫,૦૦૦	...	૨,૯૪,૩૫,૦૦૦
૪૬	પરિવહન	મહેસૂલ	૩,૭૬,૯૨,૦૦૦	...	૩,૭૬,૯૨,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૮,૦૧,૭૪,૦૦૦	૪૪,૦૭૦	૮,૦૨,૧૮,૦૦૦
		મૂડી	૧,૧૦,૧૮,૦૦૦	...	૧,૧૦,૧૮,૦૦૦
૪૮	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૩૬,૫૮,૦૦૦	...	૩૬,૫૮,૦૦૦
૪૯	લેખન સામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૭,૪૮,૯૦,૦૦૦	...	૭,૪૮,૯૦,૦૦૦
૫૦	ઉદ્યોગો	મહેસૂલ	૨૪,૪૩,૭૦,૦૦૦	...	૨૪,૪૩,૭૦,૦૦૦
		મૂડી	૩૯,૩૩,૦૦૦	...	૩૯,૩૩,૦૦૦
૫૧	ખાણ અને ખનિજ	મહેસૂલ	૨,૪૭,૪૭,૦૦૦	...	૨,૪૭,૪૭,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫,૮૮,૦૦૦	...	૧૫,૮૮,૦૦૦
		મૂડી	૮૫,૦૦,૦૦૦	...	૮૫,૦૦,૦૦૦
૫૩	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૯,૯૦,૦૦૦	...	૯,૯૦,૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૪,૨૮,૩૪,૦૦૦	...	૪,૨૮,૩૪,૦૦૦
૫૫	પ્રવાસન	મહેસૂલ	૭૭,૨૫,૦૦૦	...	૭૭,૨૫,૦૦૦
		મૂડી	૯,૦૦,૦૦૦	...	૯,૦૦,૦૦૦
૫૬	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૬,૭૭,૦૦૦	...	૪૬,૭૭,૦૦૦
		મૂડી	૩૩,૦૦,૦૦૦	...	૩૩,૦૦,૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૨૩,૪૨,૦૦૦	...	૨૩,૪૨,૦૦૦
૫૮	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૧૩,૯૬,૯૨,૦૦૦	...	૧૩,૯૬,૯૨,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	...	૬૭,૦૦૦
૫૯	શ્રમ અને રોજગાર વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૯૭,૭૦,૦૦૦	...	૯૭,૭૦,૦૦૦
૬૦	કાયદા વિભાગ	મહેસૂલ	૪૭,૦૭,૦૦૦	...	૪૭,૦૭,૦૦૦
		મૂડી	૮,૦૦૦	...	૮,૦૦૦
૬૧	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૧૨,૧૯,૧૪,૦૦૦	૧,૫૯,૭૮,૦૦૦	૧૩,૭૮,૯૨,૦૦૦
૬૨	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪૬,૩૦,૦૦૦	...	૪૬,૩૦,૦૦૦
		મૂડી	૫૮,૦૫,૦૦૦	...	૫૮,૦૫,૦૦૦
૬૩	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ	મહેસૂલ	૨૫,૪૦,૦૦૦	...	૨૫,૪૦,૦૦૦
૬૪	વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૧,૧૦,૦૦૦	...	૧૧,૧૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલ	કુલ
૧	૨		૨		
			રૂા.	રૂા.	રૂા.
૬૫	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૬૨,૭૦,૦૦૦	...	૬૨,૭૦,૦૦૦
૬૬	નર્મદા વિકાસ યોજના	મૂડી	૨,૫૫,૬૪,૧૧,૦૦૦	...	૨,૫૫,૬૪,૧૧,૦૦૦
૬૭	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૧,૬૫,૫૨,૮૮,૦૦૦	...	૧,૬૫,૫૨,૮૮,૦૦૦
		મૂડી	૫૮,૪૧,૨૭,૦૦૦	...	૫૮,૪૧,૨૭,૦૦૦
૬૮	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪,૬૭,૦૦૦	...	૪,૬૭,૦૦૦
		મૂડી	૩,૪૨,૯૫,૦૦૦	...	૩,૪૨,૯૫,૦૦૦
૬૯	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વભાગ	મહેસૂલ	૩૮,૧૧,૦૦૦	...	૩૮,૧૧,૦૦૦
૭૦	સમૂહ વિકાસ	મહેસૂલ	૨૯,૦૩,૧૨,૦૦૦	...	૨૯,૦૩,૧૨,૦૦૦
		મૂડી	...	૨,૭૭,૦૦૦	૨,૭૭,૦૦૦
૭૧	ગ્રામ ગૃહ નિર્માણ	મહેસૂલ	૯,૩૫,૬૦,૦૦૦	૧૬,૮૩,૬૭,૦૦૦	૨૬,૧૯,૨૭,૦૦૦
		મૂડી	૭૭,૩૩,૦૦૦	...	૭૭,૩૩,૦૦૦
૭૨	વળતર અને સોંપણી	મહેસૂલ	૫,૬૦,૯૪,૦૦૦	...	૫,૬૦,૯૪,૦૦૦
૭૩	પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૨૮,૦૩,૦૦૦	...	૩,૨૮,૦૩,૦૦૦
		મૂડી	૭,૨૫,૮૫,૦૦૦	...	૭,૨૫,૮૫,૦૦૦
૭૪	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૧,૦૦,૫૨,૦૦૦	—	૧,૦૦,૫૨,૦૦૦
૭૫	કર વસુલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૯,૧૧,૬૧,૦૦૦	૯,૩૩,૦૦૦	૯૨૦,૯૪,૦૦૦
૭૬	જિલ્લા વહીવટ	મહેસૂલ	૯,૪૧,૪૭,૦૦૦	...	૯,૪૧,૪૭,૦૦૦
૭૭	કુદરતી આફતો અંગે રાહત	મહેસૂલ	૨૮,૨૫,૦૦,૦૦૦	...	૨૮,૨૫,૦૦,૦૦૦
		મૂડી	૮,૩૩,૦૦૦	...	૮,૩૩,૦૦૦
૭૮	ડાંગ જિલ્લો	મહેસૂલ	૪,૪૩,૩૭,૦૦૦	...	૪,૪૩,૩૭,૦૦૦
		મૂડી	૧૭,૦૦૦	...	૧૭,૦૦૦
૭૯	વળતર અને સોંપણી	મહેસૂલ	૨,૫૧,૮૨,૦૦૦	૧૪,૨૩,૦૦૦	૨,૬૬,૦૫,૦૦૦
		મૂડી	૧૯,૦૦,૦૦૦	૧૪,૬૭,૦૦૦	૩૩,૬૭,૦૦૦
૮૦	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૫,૮૦,૦૦૦	૨,૦૦૦	૧૫,૮૨,૦૦૦
		મૂડી	૧,૯૨,૧૦,૦૦૦	...	૧,૯૨,૧૦,૦૦૦
૮૧	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૮૩,૭૨,૦૦૦	...	૮૩,૭૨,૦૦૦
૮૨	બિન-રહેણાંક મકાનો	મહેસૂલ	૩૦,૬૨,૩૪,૦૦૦	૧,૦૪,૦૦૦	૩૦,૬૩,૩૮,૦૦૦
		મૂડી	૧૦,૭૮,૩૫,૦૦૦	...	૧૦,૭૮,૩૫,૦૦૦
૮૩	રહેણાંકના મકાનો	મહેસૂલ	૧૩,૦૯,૧૭,૦૦૦	...	૧૩,૦૯,૧૭,૦૦
		મૂડી	૨,૨૨,૫૮,૦૦૦	...	૨,૨૨,૫૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૮૪	માર્ગો અને પુલ	મહેસૂલ	૭૭,૧૧,૫૨,૦૦૦	...	૭૭,૧૧,૫૨,૦૦૦
		મૂડી	૧૧,૨૨,૩૩,૦૦૦	...	૧૧,૨૨,૩૩,૦૦૦
૮૫	બંદરો	મૂડી	૨,૭૩,૩૩,૦૦૦	...	૨,૭૩,૩૩,૦૦૦
૮૬	ગુજરાત પાટગનર બાંધકામ યોજના	મહેસૂલ	૭૫,૬૪,૦૦૦	...	૭૫,૬૪,૦૦૦
		મૂડી	૨,૨૩,૩૩,૦૦૦	...	૨,૨૩,૩૩,૦૦૦
૮૭	માર્ગ અને મકાન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨,૨૪,૬૦,૦૦૦	...	૨,૨૪,૬૦,૦૦૦
		મૂડી	૧,૯૦,૮૬,૦૦૦	...	૧,૯૦,૮૬,૦૦૦
૮૮	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ	મહેસૂલ	૩૨,૯૧,૦૦૦	...	૩૨,૯૧,૦૦૦
૮૯	રાજ્ય આબકારી	મહેસૂલ	૭૮,૯૫,૦૦૦	...	૭૮,૯૫,૦૦૦
૯૦	સામાજિક સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૨૨,૯૬,૮૪,૦૦૦	...	૨૨,૯૬,૮૪,૦૦૦
		મૂડી	૪૬,૬૭,૦૦૦	...	૪૬,૬૭,૦૦૦
૯૧	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૯,૦૧,૦૬,૦૦૦	...	૯,૦૧,૦૬,૦૦૦
		મૂડી	૧૭,૨૭,૦૦૦	...	૧૭,૨૭,૦૦૦
૯૨	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૭૩,૮૦,૦૦૦	...	૭૩,૮૦,૦૦૦
૯૩	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૩૭,૫૧,૪૪,૦૦૦	...	૩૭,૫૧,૪૪,૦૦૦
		મૂડી	૧,૯૮,૧૮,૦૦૦	...	૧,૯૮,૧૮,૦૦૦
૯૪	આદિજાતિ વિસ્તાર પેટા યોજના	મહેસૂલ	૮૮,૫૨,૫૯,૦૦૦	...	૮૮,૫૨,૫૯,૦૦૦
		મૂડી	૨૩,૫૭,૪૬,૦૦૦	...	૨૩,૫૭,૪૬,૦૦૦
૯૫	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૨૧,૯૨,૦૦૦	...	૨૧,૯૨,૦૦૦
૯૬	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૨,૧૭,૩૨,૦૦૦	૩,૦૯,૩૫,૦૦૦	૫,૨૬,૬૭,૦૦૦
		મૂડી	૧,૮૧,૭૭,૦૦૦	...	૧,૮૧,૭૭,૦૦૦
૯૭	શહેરી વિકાસ	મહેસૂલ	૧૫,૨૯,૮૦,૦૦૦	...	૧,૨૯,૮૦,૦૦૦
		મૂડી	૭,૧૬,૬૭,૦૦૦	...	૭,૧૬,૬૭,૦૦૦
૯૮	વળતર, સોંપણી અને કર વસૂલાત અંગે ખર્ચ	મહેસૂલ	૮,૪૭,૮૭,૦૦૦	૨,૦૭,૮૧,૦૦૦	૧૦,૧૫,૬૮,૦૦૦
૯૯	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૭,૭૧,૦૦૦	...	૩૭,૭૧,૦૦૦
		મૂડી	૩૦,૫૫,૦૦૦	...	૩૦,૫૫,૦૦૦
૧૦૦	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ	મહેસૂલ	૧૦,૫૦,૦૦૦	...	૧૦,૫૦,૦૦૦
૧૦૧	યુવક સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ	મહેસૂલ	૨,૮૦,૮૪,૦૦૦	...	૨,૮૦,૮૪,૦૦૦
૧૦૨	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૧૭,૫૦,૦૦૦	...	૧૭,૫૦,૦૦૦
	સરવાળો	મહેસૂલ	૧૮,૫૩,૬૮,૦૩,૦૦૦	૩,૯૨,૫૭,૮૮,૦૦૦	૨૨,૪૬,૨૧,૯૧,૦૦૦
		મૂડી	૫,૧૪,૫૮,૩૩,૦૦૦	૪,૪૬,૯૪,૫૫,૦૦૦	૯,૬૧,૫૨,૮૮,૦૦૦
	કુલ સરવાળો		૨૩,૬૮,૨૬,૩૬,૦૦૦	૮,૩૯,૫૨,૪૩,૦૦૦	૩૨,૦૭,૭૮,૭૯,૦૦૦

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 22 REGISTERED NO. G/GN3/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 17, 1994/PHALGUNA 26, 1915

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચઓન-૭)-એમએસએ-૧૦૯૪-(એસ-૩૧)-(૪૦)-૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN) MSA-1081 (S-35) TH, DATED THE 7TH OCTOBER, 1981.

નાણાં વિભાગનું તારીખ ૭મી ઓકટોબર, ૧૯૮૧નું સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૬૧) એમએસએ/૧૦૮૧/(એસ-૩૫)/ ૭, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૧૯૯૪.

મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : (જીએચએન-૭)-એમએસએ-૧૦૯૪-(એસ-૩૫)-(૪૦)-૭.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૬મા) ની કલમ ૩૫ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૭મી ઓકટોબર, ૧૯૮૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૬૫)-એમએસએ-૧૦૮૧-(એસ-૩૫)-૭, નીચે પ્રમાણે સુધારે છે :—

૨. સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક ૨ આગળની નોંધમાં, કોલમ--૨માં, બાબત (૬) પછી, નીચેની બાબત ઉમેરવી :—

"(૭) આદર્શ મત્સ્યોદ્યોગ સેવા સહકારી મંડળી લી.".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોશી,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 23 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 24, 1994/CAITRA 3, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૫૦-૯૪-એએમએન-૬૮૦૯૪-૬૩૩૫-પી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATION ACT, 1949.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ, કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક. કેવી-૫૦-૯૪-એએમએન-૮૦૯૪-૩૩૫-પી.— ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે મુંબઈ પ્રોવિન્શિયલ, મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા)ની કલમ ૪૫૬ની પેટા–કલમ (૨) ના પરંતુક હેઠળ, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મતદારોની નોંધણી કરવા માતાન્કાલિક પગલાં લેવાનું અને તેની પૂર્ણ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા પૂરતાં કારણો છે;

તેથી, હવે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા)ની કલમ ૧૪૦ની પેટા-કલમ (૨) સાથે વાંચતાં, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો, 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. વ્યાખ્યા અને અર્થઘટન.—(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો,—

(ક) "અધિનિયમ" એટલે મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન, અધિનિયમ, ૧૯૪૯.

(ખ) "મતદાર નોંધણી અધિકારી" એટલે નિયમ ૩ હેઠળ નિમેલા અધિકારી અને તેમાં મદદનીશ મતદાર નોંધણી અધિકારીનો સમાવેશ થાય છે;

(ગ) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલો નમૂનો;

(ઘ) "મ્યુનિસિપલ મતદાર યાદી" એટલે આ નિયમોમાં જોગવાઈ કરેલી રીતે તૈયાર કરેલ શહેર માટે મતદાર યાદી;.

(ચ) "લાયકાતની તારીખ" એટલે જે વર્ષ માટે મ્યુનિસિપલ મતદાર યાદી તૈયાર કરવામાં આવી હોય તે વર્ષના જાન્યુઆરી મહિનાનો પ્રથમ દિવસ;.

(છ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

(૨) આ નિયમોના અર્થઘટન માટે, મુંબઈ સામાન્ય કલમ અધિનિયમ, ૧૯૦૪ (સન ૧૯૦૪નો મુંબઈનો ૧લો) લાગુ પડશે.

૩. મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની નિમણૂંક.—(૧) રાજ્ય ચૂંટણી કમિશન, શહેરની મતદાર યાદી તૈયાર કરવા માટે અને તે સુધારવા માટે એક મતદાર નોંધણી અધિકારી તરીકે એક અથવા વધુ અધિકારીઓને નીમશે.

(૨) મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા માટે, રાજ્ય ચૂંટણી કમિશન, સમગ્ર શહેર અથવા તેના કોઈ ભાગ માટે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે એક અથવા વધુ અધિકારીઓ નીમી શકશે.

(૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી નાંખે તેવી મર્યાદાઓને અધીન રહીને, પોતાની હકુમતની અંદર આ નિયમો હેઠળ, મતદાર નોંધણી અધિકારીના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે અને તમામ સત્તા અથવા કોઈપણ સત્તા વાપરશે.

૪. મત આપવા માટે લાયક વ્યકિતઓની યાદીઓ તૈયાર કરવા બાબત. (૧) શહેરના મતદાર નોંધણી અધિકારી, રાજ્ય ચૂંટણી કમિશન એવી રીતે આદેશ કર્યે, આ નિયમોની જોગવાઈઓ અનુસાર શહેરની મ્યુનિસિપલ મતદાર યાદીમાં મતદારો તરીકે મનામ નોંધાવા માટે હકદાર વ્યકિતઓની યાદી, તૈયાર કરી પ્રસિદ્ધ કરશે.

(૨) મતદાર નોંધણી અધિકારી, મ્યુનિસિપલ મતદાર યાદી તૈયાર કરવા અને તે સુધારવા માટે પોતે યોગ્ય ગણે તેવી વ્યકિતઓને રોકી શકશે.

INDEX

૫. વોર્ડોની મતદાર યાદીઓ. શહેર માટેની મ્યુનિસિપલ મતદાર યાદી, જુદા ભાગોમાં તૈયાર કરવી જોઈશે, જે તે વોર્ડના મતદાર તરીકે નામ દાખલ કરાવવા માટે હકદાર વ્યકિતઓના નામોવાળા દરેક વોર્ડ માટેની વોર્ડ મતદાર યાદી તરીકે ઓળખાશે.

૬. વોર્ડની મતદાર યાદીઓની વિગતો.—વોર્ડની મતદાર યાદીઓમાં, નીચેની માહિતી શેરીઓના મથાળા હેઠળ નોંધવી જોઈશે, જેવી કે મ્યુનિસિપલ સેન્સસ નંબર અથવા સરવે નંબર અથવા છેવટનો પ્લોટ નંબર અથવા ઘર નંબર અથવા તેના રહેઠાણનું બીજું કોઈપણ વર્ણન; અને અધિનિયમની કલમ ૮ની પેટા--કલમ (૧)ની જોગવાઈઓ હેઠળ નામ દાખલ કરાવવા માટે હકદાર વ્યકિતઓનું પૂરેપૂરું નામ, ઉંમર અને જાતિ (પુરુષ કે સ્ત્રી) :

પરંતુ આવી વ્યકિત,—

(૧) કંપની હોય તો, તે અર્થે અધિકૃત કરેલ આવી કંપનીના કોઈ વ્યકિતગત સભ્યનું નામ;

(૨) પેઢી હોય તો, ભારત ભાગીદારી અધિનિયમ, ૧૯૩૨ (સન ૧૯૩૨ના ૯મા) હેઠળ નોંધાયેલ આવી પેઢી, તમામ ભાગીદારોના નામો;

(૩) બીજું કોઈ એસોસિએશન અથવા વ્યકિતઓનું મંડળ હોય તો, આવા એસોસિએશન અથવા વ્યકિતઓના મંડળના વ્યકિતગત સભ્યનું નામ, અથવા

(૪) જરૂરી ધંધાની જગાઓ અથવા વેરો ભરવાની લાયકાત ધરાવતા હિંદુ અવિભકત કુટુંબ હોય તો, આવા કુટુંબના તમામ પુખ્ત વયના સહ--સભ્યોના નામો,

આવી યાદીઓમાં, આવી કંપની, પેઢી, એસોસિએશન, વ્યકિતઓનું મંડળ અથવા યથાપ્રસંગ કુટુંબના નામો સામે દાખલ કરવાં જોઈશે.

૭. માહિતી મંગાવતી નોટિસ—(૧) મતદાર નોંધણી અધિકારી, મ્યુનિસિપલ મતદાર યાદી તૈયાર કરતા પહેલાં જાહેર નોટિસ દ્વારા કોઈપણ મકાનના દરેક માલિક અથવા ભોગવટેદારને અથવા બીજી કોઈપણ વ્યકિતને મ્યુનિસિપલ મતદાર યાદી તૈયાર કરવા માટે પોતે જરૂરી ગણે તેવી માહિતી, પોતાને પૂરી પાડવાનું ફરમાવી શકશે.

(૨) મતદાર નોંધણી અધિકારી, લેખિતમાં નિર્દિષ્ટ નોટિસ દ્વારા કોઈપણ મકાનના ભોગવટેદાર અથવા માલિકને અથવા બીજી કોઈપણ વ્યકિતને મ્યુનિસિપલ મતદાર યાદી તૈયાર કરવા માટે, પોતે જરૂરી ગણે તેવી માહિતી પોતાને પૂરી પાડવા ફરમાવી શકશે.

(૩) પેટા--નિયમ (૧) અથવા (૨) હેઠળ જેના ઉપર નોટિસ કાઢવામાં આવી હોય તે દરેક વ્યકિતએ, નોટિસની તારીખથી સાત દિવસની અંદર સંપૂર્ણ અને સાચી માહિતી પૂરી પાડવી જોઈશે.

(૪) મતદાર નોંધણી અધિકારીઓ ઘેર ઘેર તપાસ કરીને અથવા પોતે યોગ્ય ગણે તેવી બીજી કોઈ રીતે પેટા--નિયમો (૧) અને (૨) હેઠળ પૂરી પાડેલી વિગતોની ખરાઈ કરશે અને તેની ચકાસણી કરવી જોઈશે.

૮. મ્યુનિસિપલ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધિ.—(૧) મતદાર નોંધણી અધિકારી, ઉપર્યુકત પ્રમાણે તૈયાર કરેલ મ્યુનિસિપલ મતદાર યાદીનો મુસદ્દો પ્રસિધ્ધ કરશે અને તેની એક નકલ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે અને પોતે નક્કી કરે તેવા બીજા સ્થળોએ લોકોને જોવા માટે પ્રદર્શિત કરશે અને ખંદર દિવસની મુદત સુધી તેવી રીતે પ્રદર્શિત કરેલી રાખવી જોઈશે. વ્યકિતને મતદાર નોંધણી અધિકારી ઠરાવે છે તેવી ફી ભર્યે તેવી જ નકલની જરૂરીયાત વાળી વ્યકિતને તેની એક નકલ તેને આપશે.

(૨) મતદાર નોંધણી અધિકારી મ્યુનિસિપલ મતદાર યાદીઓના મુસદ્દાની એક નકલ રાજય ચૂંટણી કમિશનને મોકલશે.

(૩) મતદાર નોંધણી અધિકારી, પેટા નિયમ (૧) હેઠળ જે દિવસે યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હોય તે દિવસે પ્રસિધ્ધિની હકીકત પ્રસિધ્ધિનું સ્થળ અને ક્યા સ્થળોએ અને કેટલી ફી ભર્યે તેની નકલો મળી શકશે તેની બે સ્થાનિક વર્તમાન પત્રોમાં જાહેરખબર દ્વારા નોટિસ આપશે.

૯. દાવાઓ અને વાંધાઓ મ્યુનિસિપલ મતદાર યાદીમાં નામનો સમાવેશ કરવા માટેનો દરેક દાવો અને તેમાંની નોંધ અંગેનો દરેક વાંધો નિયમ ૮ હેઠળ મ્યુનિસિપલ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ખંદર દિવસની મુદતની અંદર દાખલ કરવો જોઈશે.

પરંતુ મતદાર નોંધણી અધિકારીએ રાજય ચૂંટણી કમિશન દ્વારા આદેશ કરવામાં આવ્યે રાજયપત્રમાં જાહેરનામા દ્વારા શહેર અથવા તેના કોઈપણ ભાગ માટે ઉપર્યુકત મુદત લંબાવવી જોઈશે.

૧૦. દાવાઓ અને વાંધાઓ માટેની કાર્યરીતિ.—(૧) નિયમ ૯ હેઠળનો દરેક દાવો, મ્યુનિસિપલ મતદાર યાદીની વોર્ડ યાદીમાં પોતાના નામનો સમાવેશ કરવા ઈચ્છતી વ્યક્તિએ, યોગ્ય રીતે સહી કરેલા નમૂના ક મુજબ હોવો જોઈશે અને જે વોર્ડમાં દાવેદાર પોતાના નામનો સમાવેશ કરવા ઈચ્છા રાખતો હોય તે વોર્ડ, મતદાર યાદીમાં અગાઉ જે બીજી વ્યક્તિના નામનો સમાવેશ થઈ ગયો હોય તે વ્યક્તિએ શાખ કરેલો હોવો જોઈશે.

(૨) મ્યુનિસિપલ મતદાર યાદીની વોર્ડયાદીમાં નામનો સમાવેશ કરવા અંગેનો દરેક વાંધો જેના નામનો વોર્ડ યાદીમાં અગાઉ સમાવેશ થઈ ગયો હોય તે વ્યક્તિએ નમૂના ખ મુજબ લેવો જોઈશે અને જે મ્યુનિસિપલ મતદાર યાદીમાં વાંધો ઉઠાવેલ નામ જણાતું હોય તેની વોર્ડ યાદીમાં અગાઉ જેનું નામ સમાવિષ્ટ થયેલ હોય તેવી બીજી વ્યક્તિએ તેની શાખ કરવી જોઈશે.

(૩) મતદાર યાદીમાંની કોઈ નોંધમાંની વિગત અંગેનો દરેક વાંધો જે વ્યક્તિને લગતા નોંધ હોય તે વ્યક્તિએ નમૂના ગ મુજબ લેવો જોઈશે.

૧૧. દાવા અને વાંધા રજૂ કરવાની રીત.—દરેક દાવા અથવા વાંધા, મતદાર નોંધણી અધિકારી અથવા આ અર્થે તેણે નિર્દિષ્ટ કર્યા હોય તેવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા જોઈશે અથવા મતદાર નોંધણી અધિકારીને રજિસ્ટર્ડ ટપાલ દ્વારા મોકલવા જોઈશે.

૧૨. મતદાર નોંધણી અધિકારીએ અનુસરવાની કાર્યરીતિ મતદાર નોંધણી અધિકારીએ —

(ક) નમૂના ક, ખ અને ગમાં ફાઈલ કરેલ દાવા અને વાંધા માટેની યાદી અલગ રાખવી જોઈશે અને તેને જે રીતે અને જ્યારે તે મળ્યા હોય તે રીતે અને ત્યારે, દરેક દાવા અથવા વાંધાની વિગતો તેમાં દાખલ કરવી જોઈશે; અને

(ખ) આવી દરેક યાદીની એક નકલ પોતાની ઓફિસમાંના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરેલી રાખવી જોઈશે.

૧૩. કેટલાક દાવા અને વાંધા નામંજૂર કરવા બાબત.—જે કોઈ દાવા અથવા વાંધા, ઠરાવેલા સમયની અંદર અથવા કરાયેલા નમૂનામાં અને રીતે રજૂ કર્યા હોય જો તે મતદાર નોંધણી અધિકારીએ મંજૂર કરવા જોઈશે નહિ.

૧૪. તપાસ કર્યા સિવાય દાવા અને વાંધા સ્વીકારવા બાબત મતદાર નોંધણી અધિકારીને કોઈ દાવા અથવા વાંધાની કાયદેસરતા અંગે ખાતરી થાય, તો તે, વધુ તપાસ કર્યા સિવાય, નિયમ ૧૨ હેઠળ યાદી પ્રદર્શિત કરવાની તારીખથી એક અઠવાડિયું પૂરું થયા પછી તે મંજૂર કરી શકશે:

પરંતુ આવો કોઈ દાવો અથવા વાંધો મંજૂર કરવામાં આવે તે પહેલાં કોઈ વ્યક્તિએ તપાસ કરવાની લેખિત માંગણી કરી હોય, તો મતદાર નોંધણી અધિકારીએ આવો દાવો અથવા વાંધો વધુ તપાસ કર્યા સિવાય મંજૂર કરવો નહિ.

૧૫. દાવા અને વાંધાની સુનાવણીની નોટિસ.—(૧) નિયમ ૧૩ અથવા નિયમ ૧૪ હેઠળ દાવા અથવા વાંધાનો નિકાલ કરવામાં આવે નહિ ત્યારે, મતદાર નોંધણી અધિકારીએ—

(ક) નિયમ ૧૨ હેઠળ પ્રદર્શિત કરેલી યાદીમાં નિર્દિષ્ટ કરેલ દાવા અને વાંધાની સુનાવણીનાં તારીખ, સમય અને સ્થળ નક્કી કરવા જોઈએ; અને.

(ખ) સુનાવણીની નોટિસ ટપાલ દ્વારા અથવા વ્યક્તિની નિવાસસ્થાને અથવા તેના છેલ્લા જાણીતા રહેઠાણે ચોંટાડીને આપી શકાશે.

૧૬. દાવા અને વાંધાની તપાસ.—(૧) મતદાર નોંધણી અધિકારી, જેના સંબંધમાં, નિયમ ૧૫ હેઠળ નોટિસ આપવામાં આવી તે દરેક દાવા અથવા વાંધાની બાબતમાં, સંક્ષિપ્ત તપાસ કરશે અને તે અંગે પોતાનો નિર્ણય નોંધશે.

(૨) સુનાવણી સમયે, યથાપ્રસંગ, દાવેદાર અથવા વાંધો ઉઠાવનાર અને જેની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોય તે વ્યક્તિ અને મતદાર નોંધણી અધિકારીના અભિપ્રાય મુજબ અન્ય જે કોઈ વ્યક્તિ તેને મદદરૂપ થાય તેમ હોય તેવી વ્યક્તિ હાજર રહેવા અને પોતાને કાંઈ કહેવું હોય તે કહી સંભળાવવા હકદાર રહેશે.

(૩) મતદાર નોંધણી અધિકારી, પોતાના સ્વવિવેક અનુસાર, કોઈ વ્યક્તિએ આપવાનો પુરાવો સોગંદનામા ઉપર આપવો એમ ફરમાવી શકશે.

૧૭. (શરતચૂકથી કાઢી નાખેલ નામો દાખલ કરવા બાબત.—(૧) મતદાર નોંધણી અધિકારીને એમ લાગે કે વોર્ડની મતદાર યાદીમાં કોઈ મતદારોનાં નામો તૈયાર કરવામાં આવ્યા હતાં તે દરમિયાન, શરતચૂકથી અથવા ભૂલથી કોઈપણ મતદારનું નામ તેમાં દાખલ કરવામાં આવ્યું નથી અને આ નિયમ હેઠળ ઉપચારાત્મક પગલાં લેવાં જોઈએ, તો તેણે,—

(ક) આવા મતદારોનાં નામની યાદી અને અન્ય વિગતો તૈયાર કરશે;.

INDEX

(ખ) કયા સમયે અને કયા સ્થળે મતદાર યાદીમાં આ નામો દાખલ કરવા અંગે વિચારવામાં આવશે તે જણાવતી નોટિસ સહિત. યાદીની એક નકલ તેની ઓફિસના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવી જોઈશે અને પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે યાદી અને નોટિસ પણ પ્રસિદ્ધ કરવી જોઈશે, અને.

(ગ) રજૂ કરવામાં આવે તેવા કોઈ વાંધાની વિચારણા કર્યા પછી, મતદાર યાદીમાં તમામ અથવા તે પૈકી કોઈપણ નામ દાખલ કરવું કે કેમ તે અંગે નિર્ણય કરવો જોઈશે.

(૨) નિયમ ૮ હેઠળ મ્યુનિસિપલ મતદાર યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ થયા પછી નિયમ ૭ હેઠળ કોઈપણ નિવેદન, મળે, તો, મતદાર નોંધણી અધિકારી, સદરહુ મતદાર યાદીના યોગ્ય ભાગમાં નિવેદનોથી આવરી લેવાયેલા મતદારોનાં નામો, દાખલ કરવા આદેશ કરી શકશે.

૧૮. નામો કમી કરવા બાબત.—મ્યુનિ સિપલ મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ પહેલા ગમે તે સમયે, મતદાર નોંધણી અધિકારીને એમ લાગે કે, મૃત્યુ પામેલી વ્યકિતઓ અથવા જે વ્યકિત શહેરમાં સામાન્ય રીતે રહેતી બંધ થઈ હોય અથવા રહેતી ન હોય તેવી વ્યકિતઓના નામ શરતચૂકથી અથવા ભૂલથી અથવા અન્યથા તે મતદાર યાદીમાં નોંધણી કરવાને હકદાર ન હોય તેવી વ્યકિતઓના નામ, સદરહુ મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યાં હોય અને આ નિયમ હેઠળ ઉપચારાત્મક પગલાં લેવાં જોઈએ, તો, તેણે —

(ક)આવા મતદારોના નામની યાદી અને અન્ય વિગતો તૈયાર કરવી જોઈશે.

(ખ) સદરુ મતદાર યાદીમાંથી આ નામો કમી કરવાના પ્રશ્ન અંગે કયા સમયે અને સ્થળે વિચારણા કરવામાં આવશે તે અંગેની નોટિસ સહિતની યાદીની એક નકલ પોતાની ઓફિસના નોટિસ બોર્ડ ઉપર પ્રદર્શિત કરવી જોઈશે અને પોતાને યોગ્ય લાગે તેવી બીજી રીતે યા અને નોટિસ પણ પ્રસિધ્ધ કરવી જોઈશે.

(ગ) રજૂ કરવામાં આવે તેવા કોઈપણ વાંધાની વિચારણા કર્યા પછી, મતદાર યાદીમાંથી તમામ નામો અથવા તે પૈકી કોઈપણ નામ કમી કરવું કે કેમ તે અંગે નિર્ણય કરવો જોઈશે:

પરંતુ આ નિયમ હેઠળ કોઈ પગલું લેતાં પહેલાં, મતદાર નોંધણી અધિકારીએ, આવી વ્યકિતને તેના સંબંધમાં સૂચિત પગલું શા માટે ન લેવું તેનું કારણ દર્શાવવાની વાજબી તક આપવાનો પ્રયત્ન કરવો જોઈશે.

૧૯ વોર્ડની મતદાર યાદીમાંથી મતદારની બહુવિધ નોંધો કમી કરવા બાબત.—(૧) કોઈ વ્યકિત પોતાનું નામ કોઈપણ વોર્ડની મતદાર યાદીમાં એક કરતાં વધુ હેસિયતમાં નોંધાવવા અથવા કલમ-૮માં ઉલ્લેખેલ જરૂરી એક કરતા વધુ લાયકાત ધરાવવા હકદાર છે તેવી હકીકત હોવા છતાં, મતદાર નોંધણી અધિકારી, આવી યાદીમાં તેવી વ્યકિતનું નામ એક કરતાં વધુ વખત નોંધી શકશે નહિ.

(૨) મતદાર નોંધણી અધિકારીએ, એક કરતાં વધારે વોર્ડની મતદાર યાદીમાં કોઈપણ વ્યકિતનું નામ રાખવું નહિ.

(૩) કોઈપણ વ્યકિતનું નામ, એક કરતાં વધારે વોર્ડની મતદાર યાદીમાં મતદાર તરીકે દાખલ કરવામાં આવ્યું હોય તો,—

(ક) આવી વ્યકિત, મતદાર યાદી પ્રસિધ્ધ થયાના પંદર દિવસની અંદર, મતદાર નોંધણી અધિકારીને લેખિત માં નોટિસ આપીને આવા વોર્ડો પૈકી જે વોર્ડના મતદાર તરીકે તે રહેવા માગતી હોય તે પસંદ કરી શકશે. તેમ થયે, મતદાર નોંધણી અધિકારી, અન્ય વોર્ડ મતદાર યાદીમાંથી આવી વ્યકિતનું નામ કમી કરશે.

(ખ) ઉપર્યુકત પેટા (ક) માં કોઈ પસંદગી આપી ન હોય તો, મતદાર નોંધણી અધિકારી, પોતાની મેળે, આ વોર્ડો પૈકી કયા એક વોર્ડ માટે આવા મતદારને મત આપવાને હકદાર થશે તે નક્કી કર અને અન્ય વોર્ડોની વોર્ડ મતદાર યાદીમાંથી તેનું નામ કમી કરશે.

૨૮. મ્યુનિસિપલ મતદાર યાદી પ્રસિધ્ધ કરવા બાબત.—(૧) (ક) ત્યારબાદ મતદાર નોંધણી અધિકારી, (ક) નિયમો ૧૪, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ હેઠળ પોતાના નિર્ણયોનો અમલ કરવા અને મ્યુનિસિપલ મતદાર યાદીના મુસદ્દામાં પાછળથી શોધી કાઢેલી કોઈ કારકુની અથવા મુદ્રણદોષ અથવા અન્ય ભૂલો સુધારવા, સુધારાની યાદી તૈયાર કરશે;

(ખ) સુધારાની યાદી સાથેની મ્યુનિસિપલ મતદાર યાદી, તપાસ માટે પ્રાપ્ત થવા તેની સંપૂર્ણ નકલ કરીને પ્રસિધ્ધ કરશે અને પોતાની ઓફિસમાં નોટિસ પ્રદર્શિત કરશે;

(૨) આવી રીતે પ્રસિધ્ધ થયેથી, સુધારાની યાદી સાથેની યાદી, શહેરની છેવટની મ્યુનિસિપલ મતદાર યાદી ગણાશે અને તે તરત જ અમલમાં આવશે.

(૩) દરેક વોર્ડની મતદાર યાદી, આવી મતદાર યાદીમાં નોંધાયેલી કોઈપણ વ્યકિત, તે વોર્ડમાંથી ચૂંટણીમાં મત આપવાને હકદાર છે કે કેમ તે નકકી કરવાના હેતુ માટે નિર્ણાયક પૂરાવો ગણાશે.

(૪)(ક) મ્યુનિસિપલ મતદાર યાદીની છપેલી નકલો, મતદાર નોંધણી અધિકારી, વખતોવખત ઠરાવે તેટલી દરેક નકલ માટે વાજબી ફી ભર્યેથી, તેવીજ નકલની જરૂરિયાતવાળી વ્યકિતને આપવી જોઈશે.

(ખ) મતદાર નોંધણી અધિકારીઓ, લોકપ્રતિનિધિ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા) ના હેતુ માટે માન્ય દરેક રાજકીય પક્ષ હોય તો તેને, સુધારાની યાદી સાથે, છેવટની પ્રસિધ્ધ થયેલી મ્યુનિસિપલ મતદાર યાદીની બે નકલો વિના મૂલ્યે આપવી જોઈશે.

(૫) મતદાર નોંધણી અધિકારીઓ, છેવટની મ્યુનિસિપલ મતદાર યાદીની એક નકલ રાજય ચૂંટણી કમિશનને મોકલવી જોઈશે.

INDEX

૨૧. દાવા અને વાંધા નક્કી કરતા હુકમ ઉપરની અપીલો.– (૧) નિયમ ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮ અને ૧૯ હેઠળ મતદાર નોંધણી અધિકારીના કોઈ નિર્ણય ઉપરની કોઈ અપીલ, રાજ્ય ચૂંટણી કમિશનને અથવા રાજ્ય ચૂંટણી કમિશન નિમે તેવા અધિકારી (જેનો અમાં હવે પછી "અપીલીય સત્તા- ધિકારી" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીમે તેવા અધિકારી સમક્ષ કરવી જોઈશે :

પરતુ અપીલ કરવા ઈચ્છતી વ્યકિત અપીલનો વિષય હોય તેવી કોઈપણ બાબત અંગે મતદાર નોંધણી અધિકારી દ્વારા સુનાવણી કરવાના અથવા રજૂઆત કરવાના પોતાનો હક્ક પોતે પ્રાપ્ત કર્યો ન હોય ત્યારે અપીલ કરી શકશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) હેઠળની દરેક અપીલ, અપીલ કરનારની સહી વાળી યાદીના સ્વરૂપમાં હોવી જોઈશે અને જે નિર્ણયની વિરૂધ્ધ અપીલ ફાઈલ થઈ હોય તે તારીખથી સાત દિવસની મુદતની અંદર અપીલીય અધિકારી સમક્ષ રજૂ કરવી જોઈશે.

(૩) નિયમ ૨૦ હેઠળ મતદાર નોંધણી અધિકારીએ લેવાનાં કોઈ પગલાં સ્થગિત કરવાથી અથવા મુલત્વી રાખવાથી, આ નિયમ હેઠળ અપીલ રજૂ કરવાને કોઈ બાધ આવશે નહિ.

(૪) પેટા- નિયમ (૧) હેઠળની અપીલનો આવી અપીલ મળ્યા પછી અને તેને યોગ્ય લાગે તેવી તમામ તપાસ કર્યા પછી પચ્ચીસ દિવસની અંદર અપીલીય સત્તાધિકારીએ નિકાલ કરવો જોઈશે.

(૫) આ નિયમ હેઠળ તપાસ હાથ ધરનાર અપીલીય સત્તાધિકારી સાક્ષીઓને બોલાવી શકશે અને હાજર રહેવાની ફરજ પાડી શકશે અને તેમને પૂરાવો આપવાની ફરજ પાડી શકશે અને આવી કોઈ તપાસનો સમગ્ર ખર્ચ અથવા તેનો કોઈપણ ભાગ કોણે ચૂકવવો તે અંગે આદેશ કરી શકશે.

(૬) પેટા-નિયમ (૫) હેઠળ અપાયેલ ખર્ચ, દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળના દાવામાં અપાયેલ હોય તેમ વસૂલ કરી શકાશે

(૭) અપીલીય સત્તા અધિકારીનો દરેક નિર્ણય, છેવટનો ગણાશે, પરતુ જેટલે સુધી તે રદ કરવામાં આવ્યો હોય અથવા સુધારવામાં આવ્યો હોય તેટલે સુધી મતદાર નોંધણી અધિકારીનો નિર્ણય, અપીલમાંના નિર્ણયની તારીખથી જ અમલમાં આવશે.

(૮) મતદાર નોંધણી અધિકારી, આ નિયમ હેઠળ અપીલીય સત્તા અધિકારીના નિર્ણયનો અમલમાં લાવવા માટે જરૂરી હોય તેવા સુધારાઓ મ્યુનિસિપલ મતદાર યાદીમાં કરાવડાવશે.

૨૨. સ્ટાફ પૂરો પાડવા બાબત.—દરેક કોર્પોરેશને, શહેરના મતદાર નોંધણી અધિકારી એવી વિનંતી કરે ત્યારે મ્યુનિસિપલ મતદાર યાદીઓ તૈયાર કરવા અને સુધારવા સંબંધી કોઈપણ ફરજો બજાવવા માટે જરૂરી હોય તેટલો સ્ટાફ પૂરો પાડવો જોઈશે.

૨૩. મતદાર યાદીઓ તૈયાર કરવા વગેરે બાબત સંબંધી સરકારી ફરજનો ભંગ કરવા બાબત.—જો કોઈપણ મતદાર નોંધણી અધિકારી, મદદનીશ મતદાર નોંધણી અધિકારી અથવા આ અધિનિયમથી અથવા તે હેઠળ મ્યુનિસિપલ મતદાર યાદી તૈયાર કરવા તપાસવા અથવા સુધારવા અથવા તે યાદીમાં કોઈ નોંધ સમાવિષ્ટ કરવા અથવા કાઢી નાખવા સંબંધમાં કોઈ ફરજ બજાવવાનું ફરમાવ્યું હોય તેવી બીજી કોઈપણ વ્યકિત વાજબી કારણ સિવાય, એવી સરકારી ફરજનો ભંગ કરીને કોઈપણ કૃત્ય કરવા અથવા ન કરવા માટે દોષિત ઠરે તો તે કાયદા અનુસાર શિક્ષાને પાત્ર ગણાશે.

૨૪. ખોટો એકરાર કરવા બાબત. —કોઈ વ્યકિત—

(ક) મતદાર યાદી તૈયાર કરવા, તપાસવા અથવા સુધારવા સંબંધી, અથવા

(ખ) મતદાર યાદીમાં કોઈ નોંધ ઉમેરવા અથવા કાઢી નાખવા સંબંધી,

લેખિતમાં ખોટું હોય એને પોતે ખોટું હોવાનું જાણતો હોય અથવા માનતો હોય અથવા સાચુ હોવાનું માનતો ન હોય તેવું કોઈ નિવેદન અથવા એકરાર કરે તો

તે, કાયદા અનુસાર શિક્ષાને પાત્ર ગણાશે.

૨૫. મતદાર યાદીની ફેર તપાસ.–(૧) મ્યુનિસિપલ મતદાર યાદી અથવા પ્રસંગ, વોર્ડની મતદાર યાદી, રાજ્ય ચૂંટણી કમિશન અન્યથા આદેશ કરે તે સિવાય, કોર્પોરેશનની દરેક સામાન્ય ચૂંટણી પહેલાં ધનિષ્ઠ રીતે અને વોર્ડને ફાળવેલી કોઈ પ્રાસંગિક ખાલી બેઠક ભરવા માટે, દરેક પેટા-ચૂંટણી પહેલાં સક્ષિપ્ત રીતે સુધારવી જોઈશે.

(૨) મ્યુનિસિપલ મતદાર યાદી ધનિષ્ઠ રીતે સુધારવાની હોય ત્યારે આ નિયમોની જોગવાઈઓ અનુસાર નવી યાદી તૈયાર કરવી જોઈશે.

(૩) જ્યારે મ્યુનિસિપલ મતદાર યાદી અથવા વોર્ડની મતદાર યાદી કોઈપણ વર્ષમાં સંક્ષિપ્ત રીતે સુધારવાની હોય ત્યારે, મતદાર નોંધણી અધિકારીએ, પોતાની પાસે તૈયાર હોય તેવી માહિતીના આધારે, યાદીના સંબંધિત ભાગોના સુધારાની યાદી તૈયાર કરાવવી જોઈશે, અને આ નિયમોની જોગવાઈઓ અનુસાર સુધારાની યાદી સહિત મતદાર યાદી પ્રસિધ્ધ કરાવવી જોઈશે.

(૪) આ નિયમ હેઠળ મ્યુનિસિપલ મતદાર યાદી સુધારી ન હોય તો એવા સુધારાની યાદી તરત પહેલાં અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદી, સુધારવામાં આવે નહિ ત્યાં સુધી તે અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. આર. અલોરીયા
સરકારના નાયબ સચિવ.

INDEX

નમૂનો–ક

[જુઓ નિયમ ૧૦ (૧)]

નામ દાખલ કરવા માટેની દાવા અરજી

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,
.....

.....

શ્રીમાન,

હું વિનંતી કરું છું કે .....શહેરમાં.....
વોર્ડ માટેની મ્યુનિસિપલ મતદાર યાદીમાં મારું નામ દાખલ કરવું.

(૧) મારું પૂરેપૂરું નામ :—.....

(૨) મારા પિતા/માતા/પતિનું નામ :—.....

(૩) મારા રહેઠાણના સ્થળની/ધંધાની જગાની અથવા વેરો ભરવાની લાયકાતની વિગતો :—

રહેઠાણ/ધંધાની જગા/સ્થાવર મિલકત.....
મકાન/ધંધાની જગા/સ્થાવર મિલકતનો મ્યુનિસિપલ સેન્સસ નંબર/સર્વે નંબર/ છેવટનો પ્લોટ નંબર.....

શેરી / મહોલ્લો :.....

વોર્ડ .....

હું આથી મારી ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે જાહેર કરું છું :—

(૧) હું ભારતનો નાગરિક છું ;

(૨) ગત જાન્યુઆરીની પહેલી તારીખે મારી ઉંમર .....વર્ષ અને ..... મહિના હતી ;

(૩) હું સામાન્ય રીતે ઉપર આપેલા સરનામે રહું છું;

(૪) બીજા કોઈ વોર્ડની મતદાર યાદીમાં મારૂ નામ દાખલ કરવા માટે મેં અરજી કરી નથી;

(૫) શહેરના બીજા કોઈ વોર્ડની મતદાર યાદીમાં મારૂ નામ દાખલ કરવામાં આવ્યું નથી; અથવા

નીચે જણાવેલ રહેઠાણ/ધંધો અથવા વેરો ભરવાની જરૂરી લાયકાતના બારણે મતદાર તરીકે હું લાયક હોવાને કારણે વોર્ડના મતદાર યાદીના અનુક્રમાંક.....આગળ મારૂ નામ દાખલ કરવામાં આવેલ છે અને તેમ હોય તો, તે વોર્ડની મતદાર યાદી માંથી તે કાઢી નાખવાની હું વિનંતી કરૂ છું.

.....સ્થળે આવેલ મકાન/ધંધાની જગા અથવા સ્થાવર મિલકતનું સરનામું :—

... ...
... ...
... ...

સ્થળ :..... ...

તારીખ:.....

.....
દાવેદારની સહી અથવા અંગૂઠાનું નિશાન

INDEX

જે વૉર્ડના મતદાર યાદીમાં દાવેદારે નામ દાખલ કરવા માટે અરજી કરી છે તેનો હું મતદાર છું અને મારૂ નામ વૉર્ડની મતદાર યાદીના અનુક્રમાંક.....આગળ દાખલ કરેલું છે. આ દાવાને હું સમર્થન આપું છું અને તેના ઉપર સામી સહી કરૂ છું

.....

મતદારની સહી.

નામ (પૂરેપૂરૂ).....

લીધેલા પગલાંની જાણ :

શ્રી / શ્રીમતી / કુ..... .. ..સરનામું.....
.....ની નમૂના-ક મુજબની અરજી.

(ક) સ્વીકારવામાં આવી છે અને તેનું/તેણીનું નામ વૉર્ડની મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે. જુઓ..... વૉર્ડની મતદાર યાદીમાં અનુક્રમાંક.....;

(ખ) .....કારણોસર રદ કરી છે.

તારીખ :.....

મતદાર નોંધણી અધિકારી.

સરનામું.....

અરજી મળ્યાની પહોંચ

* શ્રી / શ્રીમતી /કુ.....

* સરનામું..... .....ના તરફથી નમૂના 'ક' મુજબની અરજી મળેલ છે.

* આ વિગતો અરજદારે ભરવી.

નમૂનો--ખ

[જુઓ નિયમ ૧૦(૨)]

નામ દાખલ કરવા સામે વાંધો

પ્રતિ,
મતદાર નોંધણી અધિકારી,
.....

શ્રીમાન,

હું ....શહેરમાટેની મ્યુનિસિપલ મતદારયાદીના ....વૉર્ડ મતદારયાદીમાં અનુક્રમાંક .....ઉપર .....નું નામ દાખલ કરવા સામે નીચેના કારણે (કારણોઓ) વાંધો લઉં છું.

... ...

... ...

... ...

હું આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલી હકીકતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ખરી છે. સદરહુ વૉર્ડની મતદાર યાદીમાં મારું નામ નીચે પ્રમાણે દાખલ કરેલું છે:—

INDEX

પૂરેપૂરું નામ : ... ... જાતિ (સ્ત્રી કે પુરુષ) ....

પિતા/પતિ/માતાનું નામ : ... ... અનુક્રમ નંબર : .....

વૉર્ડની યાદી : ... ...

... ...
વાંધો ઉઠાવનારની સહી અથવા
અંગૂઠાની નિશાની

તારીખ.....(ટપાલનું પુરેપુરું સરનામું) ... ...
હું જેના સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હોવાનું જણાય છે તે વૉર્ડની મતદાર યાદીમાં દાખલ કરાયેલો મતદાર છું અને મારુ નામ.....
.....શહેર માટેની મ્યુનિસિપલ મતદાર યાદીની .....ની વૉર્ડની મતદાર યાદીમાં
અનુક્રમાંક : .....આગળ દાખલ કરવામાં આવ્યું છે.

હું આ વાંધાને સમર્થન આપું છું અને સામી સહી કરું છું.

....
મતદારની સહી/—

પુરેપૂરું નામ : ... ...

લીધેલાં પગલાંની જાણ

શ્રી/શ્રીમતિ/કુમારી ... ...

સરનામું : — ... ...

ઉપરોક્ત નમૂના ખ મુજબનો વાંધો... ... ...

(ક) સ્વીકારવામાં આવ્યો છે અને .....શહેર માટેની મ્યુનિસિપલ મતદાર યાદીની વૉર્ડની મતદાર યાદીમાં અનુક્રમાંક
આગળ જણાવેલું શ્રી/શ્રીમતિ/કુમારી ... ...નું નામ કમી કર્યું છે.

(ખ) ... ... કારણોસર રદ કર્યું છે.

... ...
મતદાર નોંધણી અધિકારી.

તારીખ... ... ... સરનામું ... ...

અરજી મળ્યાની પહોંચ

શ્રી/શ્રીમતિ/કુમારી * * ... ...
સરનામું * ... ... ના તરફથી નમૂના ખ મુજબની અરજી મળી છે.

મતદાર નોંધણી અધિકારી.

તારીખ.....(સરનામું) ....

---

* આ વિગતો અરજદારે ભરવી.

INDEX

નમૂનો ગ.

[જુઓ નિયમ ૧૦ (૩)]

નોંધમાંની વિગતો સામે વાંધા

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,
— — — — — — — — — — — —
— — — — — — — — — — — —

શ્રીમાન,

હું સાદર રજુઆત કરું છું કે, મારા નામને લગતી નોંધ જે, ——————————ગઢડા માટેની મ્યુનિસિપલ મતદાર યાદીની વોર્ડ ની મતદાર યાદી —————————— માં અનુક્રમાંક :——————આવે છે તે બરાબર નથી, તે નીચે પ્રમાણે વંચાય એ રીતે સુધારવી.

સ્થળ :—
તારીખ :—

... ...
મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન

———

લીધેલાં પગલાંની જાણ

શ્રી/શ્રીમતિ/કુમારી ....
સરનામું.....એ ઉઠાવેલો નમૂના ગ મુજબનો વાંધો :—

(ક) સ્વીકારવામાં આવ્યો છે અને સંબંધિત નોંધ, નીચે પ્રમાણે વંચાય એ રીતે સુધારી છે.

———————————————
———————————————

(ખ) —
— કારણે રદ કરી છે.

તારીખ :———————————— મતદાર નોંધણી અધિકારી.
(સરનામું)————————————
— — — — — — — — — — — — — —

———

અરજી મળ્યાની પહોંચ.

શ્રી/શ્રીમતિ/કુમારી * ....
સરનામું *———————————— — — — — — — — — — — — — — — — — —
તરફથી નમૂના ગ મુજબની અરજી મળી છે.

તારીખ :————————————

મતદાર નોંધણી અધિકારી.
(સરનામું)— — — — — — — — — — — — — —
— — — — — — — — — — — —

— —

*આ વિગતો અરજદારે ભરવી.

———————

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 24 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 31, 1994/CAITRA 10, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૧નો ગુજરાતી અનુવાદ આથી સવે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪.

GUJARAT ORDINANCE NO. 1 OF 1994.

AN ORDINANCE

further to amend the Gujarat Tax on Luxuries (Hotels and Lodging Houses) Act, 1977.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૧

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાત્રી છે કે, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે. **સન ૧૯૭૭નો ગુજરાતનો ૨૪મો.**

તેથી, હવે, સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.— (૧) આ વટહુકમ 'ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વટહુકમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

૨. સન ૧૯૭૭નો ગુજરાતનો ૨૪મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.—આ વટહુકમના અમલની મુદત દરમ્યાન, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ ૩માં નિર્દિષ્ટ કરેલા સુધારાને આધીન રહીને, અમલમાં રહેશે. **સન ૧૯૭૭નો ગુજરાતનો ૨૪મો.**

૩. સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૨માં,—

(૧) ખંડ (ધ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(ધ) "હોટેલ" એટલે, જ્યાં ખાનપાન સાથે કે તે વગર રહેવાની સગવડની જોગવાઈ કરવામાં આવી હોય તે મકાન અથવા તેનો ભાગ અને તેમાં રહેઠાણની સગવડ, પૈસા લઈને આપવામાં આવતી હોય તે ક્લબ, નિવાસગૃહ, ધર્મશાળા, મોટેલ, સાર્વજનિક ગૃહ અથવા કોઈપણ સ્થળનો સમાવેશ થાય છે;",

(૨) ખંડ (ચ)માં, "પાંત્રીસ રૂપિયા કરતાં ઓછા ન હોય" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા કરતાં વધુ" એ શબ્દો મૂકવા.

નિવેદન

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ, ક્લબ, જીમખાના અને આવી બીજી સંસ્થાઓ, પૈસા લઈને નિવાસની સવલતો આપતી હોવા છતાં, "હોટેલ" વ્યાખ્યામાં આવતી નથી અને તેથી સરકાર આવક ગુમાવે છે. રાજ્યની તિજોરીમાં વધુ આવક મેળવવા માટે, અધિનિયમની કલમ ૨ માં વ્યાખ્યા કરેલ "હોટેલ" શબ્દની ક્ષેત્રમર્યાદા વિસ્તૃત કરવાનું જરૂરી ગણ્યું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે અદરહુ અધિનિયમ સુધારવા આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર,
તારીખ : ૩૧મી માર્ચ, ૧૯૯૪.

સરુપસિંહ,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જી. સુબ્બારાવ,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 25

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 31, 1994/CAITRA 10, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૩૧મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ [અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪.

GUJARAT ORDINANCE NO. 2 OF 1994.

AN ORDINANCE

further to amend the Bombay Motor Vehicles Tax Act, 1958.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૨ :

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ નથી.

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી છે કે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે :–

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ વટહુકમ "મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪" કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો.

૨. **સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**—આ વટહુકમના અમલની મુદત દરમિયાન, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમ ૩-૪ અને ૫મા નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને, અમલમાં રહેશે.

૩. સન ૧૯૫૮નો મુંબઈનો ૬૫મો અધિનિયમની કલમ ૩નો સુધારો :–

મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-ક માં, નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું :–

"સ્પષ્ટીકરણ :–આ કલમના હેતુઓ માટે "લકઝરી મુકરર ઓમ્નિબસ" એટલે વચ્ચેની કોઈપણ પહોળાઈની ગેંગવે સહિત કોઈપણ બાજુએ બે અને બે અથવા એક અને ત્રણ અથવા એક અને બે અથવા એક અને એક બેઠક વ્યવસ્થાવાળી ઓમ્નિ બસ, પછી ભલે આવી ઓમ્નિ બસમાં કોઈપણ એક બેઠક હરોળમાં ચાર બેઠકો કરતાં વધુ હોય.".

૪. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૨૦નો સુધારો.**–'મુખ્ય અધિનિયમ'માં, કલમ ૨૦માં,—

(૧) પેટા–કલમ (૧)માં, "મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેના તે અધિનિયમમાં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય". આ શબ્દો પછી, "અને પેટા-કલમો (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), અને (૧છ) ની જોગવાઈઓને અધીન રહીને" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

(૨) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા–કલમો દાખલ કરવી :—

સન ૧૮૭૫નો મુંબઈનો ૩૬મો.

"(૧ક) પેટા-કલમ (૧)માં અને માર્ગ અને પુલો ઉપરનો ટોલ અધિનિયમ, ૧૮૭૫ની જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ પેટા-કલમો (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ) અને (૧છ)ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર,—

સન ૧૯૯૪નો ગુજરાતનો વટહુકમ. ૨.

(ક) મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ના આરંભ પછી, રાજ્ય સરકારે અથવા કોઈપણ વ્યકિતએ તેના ખર્ચે બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય અથવા યથા પ્રસંગ મરામત કર્યા હોય તેવા અને જે બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામતનો કુલ મૂડી ખર્ચ પચાસ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોય તે કોઈ પુલ, તેને જોડતા રસ્તા સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતાં માર્ગ ઉપરથી; અથવા

INDEX

(ખ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, લોકોની ખાસ સેવા માટે હોય તેવા કોઈ પુલ, તેને જોડતા માર્ગ સહિત નવા માર્ગનો વિભાગ અથવા તેના પસાર થતા માર્ગ ઉપરથી,

પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપર ટોલ લઈ શકશે.

સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે,—

(૧) "મૂડી ખર્ચ" એ શબ્દ પ્રયોગમાં, સુધારણા, મજબૂતાઈ વધારવા, પહોળા બનાવવા, બાંધકામ મરામત, તે જાળવવા જેવાં અમુક આવશ્યક ચાલુ અથવા તાકીદના કામોના પૂર્વનિર્ધારીત ખર્ચનો;

(૨) "વ્યકિત" એ શબ્દ પ્રયોગમાં, કોઈપણ કંપની અથવા એસોસિયેશન અથવા વ્યકિતઓના મંડળ પછી તે સંસ્થાપિત હોય કે ન હોય અથવા પેઢીનો સમાવેશ થાય છે;

(૩) શંકાના નિવારણ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે "બાંધ્યા હોય" એ શબ્દ પ્રયોગમાં, ઉપયોગ કરવા માટે તૈયાર હોય તેવા પુલ, તેના જોડતા માર્ગ સહિત, નવા માર્ગોનો વિભાગ અથવા તેના પસાર થતા માર્ગનો સમાવેશ થાય છે.

(૧ખ) પેટા-કલમ (૧ક) હેઠળ લેવાનો ટોલ, રાજ્ય સરકાર, વખતોવખત રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા જાહેર કરે તેવા દરે, તેવા રામયે અને તેવા પુલ, તેને જોડતા માર્ગ સહિત, અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપર લેવામાં આવશે :

પરંતુ મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે તે ઉપરનું વ્યાજ અને ટોલ ઉઘરાવવા માટેનો ખર્ચ, કરતાં વધુ ન હોય તેટલી રકમ, આ કલમ હેઠળ લેવામાં આવશે અને વસૂલ કરવામાં આવશે :

વધુમાં, પુલ તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા રસ્તાનું બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત રાજ્ય સરકાર સિવાયની બીજી કોઈ વ્યકિતએ કર્યું હોય ત્યારે, મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે રોકાણની આવક અને ટોલ ઉઘરાવવાનો ખર્ચ કરતાં વધુ રકમ, આ કલમ હેઠળ લઈ શકાશે નહિ અને વસૂલ કરી શકાશે નહિ.

(૧ગ) પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતાં માર્ગનું રાજ્ય સરકારે બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત કર્યો હોય તો તેના ઉપર પેટા-કલમ (૧-ક) હેઠળ લેવા પાત્ર ટોલ,—

(૧) રાજ્ય સરકાર પોતે અથવા આ અર્થે પોતે અધિકૃત કરેલ એજન્ટ;

(૨) કોઈપણ વ્યકિતએ કર્યું હોય તો, તેવી વ્યકિત અથવા તેના નોકરો,

ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી ચોલીઓ અને શરતોએ ટોલ વસૂલ કરી શકશે.

(૧ઘ) ચાલુ પુલ, તેના જોડતાં માર્ગ સહિત તેનો ઉપયોગ કરવાની સગવડ વધારવા માટે, એક જ સ્રોત, નદી અથવા ખાડી અથવા માર્ગ અથવા રેલવે લાઈન ઉપર અથવા તેની નીચેના પુલ તરીકે વધારાનો પુલ બાંધવામાં આવ્યો હોય, ત્યારે આવા પુલો, તેને જોડતા માર્ગ સહિત, તેની રચના, ટોલ લેવાના હેતુ માટે, એક જ માર્ગ છે એમ ગણાશે, તેમ છતાં, આવા વધારાના પુલ, તેના જોડતા માર્ગ સહિત તેનો મૂડીખર્ચ અને ટોલ ઉઘરાવવાના ખર્ચની રકમ કરતાં વધુ ટોલ વસૂલ કરી શકાશે નહિ.

(૧ચ) આ કલમની પેટા-કલમ (૧ક) હેઠળ ટોલ આપવાને પાત્ર હોય તેવા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને, ટોલ આપવામાં આવ્યો હોય તે સિવાય પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપરથી પસાર થવા દેવા નહિ અને રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્ટને અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧ગ) માં ઉલ્લેખેલી વ્યકિતને પુલ ઉપરથી પસાર થતા આવા વાહનોને અટકાવવાની સત્તા રહેશે.

(૧છ) (૧) રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરાતા તમામ મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને ટોલની ચૂકવણી કરવામાંથી મુકિત આપવામાં આવશે.

(૨) પોતે નાખે તેવી શરતોને અધીન રહીને, રાજ્ય સરકાર, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી ગણે તો, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા, મોટર-વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોના કોઈપણ નિર્દિષ્ટ વર્ગ અથવા વર્ગોને, આ કલમ હેઠળ ટોલ આપવામાંથી મુકિત આપી શકશે.

(૩) પેટા-કલમ (૨)માં, "પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસો અને આંકડાને બદલે, "પેટા કલમો (૧), (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), (૧છ)" એ શબ્દો, કૌંસો, આંકડા અને અક્ષરો મૂકવાં;

(૪) હાંસિયાની નોંધમાં, "મોટર વાહનો" એ શબ્દો પહેલાં, "અમુક તાકીદના પ્રસંગ સિવાય" એ શબ્દો ઉમેરવા.

૫. સન ૧૯૫૮ના મુંબઈના ૬૫માં અધિનિયમની કલમ ૨૩નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, પેટા કલમ (૨)માં, ખંડ (ઢ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ત) ટોલ ઉઘરાવવાની બોલીઓ અને શરતો અને રીત ઠરાવવા બાબત;".

નિવેદન

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની વિદ્યમાન કલમ ૩-ક, સામાન્ય મુકરર ઓમ્નિબસ અને લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિ બસ માટે જુદા જુદા વેરાના દરો માટે જોગવાઈ કરે છે. લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિબસ ઉપર સામાન્ય ઓમ્નિબસ કરતાં વધુ વેરો છે મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮માં અથવા સદરહુ મુંબઈ અધિનિયમમાં "લકઝરી મુકરર ઓમ્નિબસ" એ શબ્દ પ્રયોગની વ્યાખ્યા કરી નથી, તેથી, લકઝરી બસ તરીકે સામાન્ય રીતે ઓળખાતી અને કેન્દ્રીય અધિનિયમ હેઠળ પ્રવાસી વાહનો માટે ઠરાવેલા વિશિષ્ટ વર્ણન વાળી ઓમ્નિબસ ઉપર, લકઝરી ઓમ્નિબસ માટે નિર્દિષ્ટ કરેલા દરે વેરો લેવામાં આવે છે. એનું ધ્યાનમાં આવ્યું છે કે ઓમ્નિબસના ચાલકો (ઓપરેટરો) તેમના વાહનોમાં પ્રવાસી વાહનો માટે ઠરાવેલ વિશિષ્ઠ વર્ણનોમાં જુજ ફેરફાર કરીને લકઝરી ઓમ્નિબસને લાગુ પડતા વેરાનો ઉંચો દર ભરવાનું ટાળે છે. લકઝરી ઓમ્નિબસ ઉપર લેવાનો વેરો ટાળવા માટે કોઈ અવકાશ ન રાખવા માટે, અધિનિયમની કલમ ૩-કમાં સ્પષ્ટીકરણ દાખલ કરીને સદરહુ શબ્દપ્રયોગની વ્યાખ્યા કરવાનું જરૂરી ગણ્યું છે.

ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોના ઝડપી વિકાસને ધ્યાનમાં લેતાં, રાજ્યમાં, માર્ગ વ્યવહારના સાધનો સુધારવાનું અને ગુણવત્તા વધારવાનું જરૂરી બન્યું છે. તેથી, રાજ્યમાં ભારે ઔદ્યોગિક ટ્રાફિક અને વધુ પડતા બીજા ભારે ટ્રાફિકની જરૂરિયાતને પહોંચી વળવા માટે નવા પુલો, તેને જોડતા માર્ગો સહિત પસાર થતાં માર્ગો, નવા માર્ગોના વિભાગ બાંધવાનું અને ચાલુ માર્ગોની ભાર વહનની ક્ષમતા સુધારવાનું જરૂરી છે. રાજ્યના મર્યાદિત નાણાંકીય સાધનોને ધ્યાનમાં રાખીને, મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ના આરંભ પછી, પુલ, તેને જોડતા માર્ગો સહિત, નવા માર્ગોના વિભાગ અથવા પસાર થતા માર્ગ, બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય, અથવા મરામત કર્યા હોય, અને જેના બાંધકામ, ફેરબાંધકામ, સુધારણા અથવા મરામતનું કુલ મૂડી ખર્ચ પચાસ લાખ રૂપિયા કરતાં વધુ હોય તેવા અથવા લોકોને ખાસ સેવા આપવાનું ગણ્યું હોય, તેની ઉપરથી પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરો ઉપર ટોલ લેવાનું જરૂરી ગણ્યું છે, તેથી, મૂડી ખર્ચ અને તેના ઉપરના વ્યાજના વસૂલાતના પ્રમાણમાં ટોલ લેવા માટે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૮ સુધારવાનું ઈષ્ટ જણાયું છે. જ્યારે રાજ્ય સરકાર સિવાયની વ્યકિતએ પુલ બાંધ્યો હોય ત્યારે આવી વ્યકિતના મૂડી ખર્ચની વસુલાત જ નહી પણ આવી વ્યકિતએ કરેલ રોકાણની આવકના પ્રમાણમાં ટોલ ઉઘરાવવાની તેને સત્તા આપવાની પણ જોગવાઈ કરી છે. વળી, રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરેલા તમામ મોટર વાહનો અને એવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો અથવા રાજ્ય સરકાર જાહેર કરે તેવા અન્ય વાહનોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ સંબંધી મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪ એ નામનું વિધેયક, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૫મી તારીખે ગુજરાત વિધાનસભામાં દાખલ કરવામાં આવ્યું હતું પરંતુ સમયના અભાવે ગૃહ વિચારણામાં લઈ શકયું ન હોવું.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર.
તારીખ : ૩૧મી માર્ચ, ૧૯૯૪.

શફીપસિંહ,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. આર. બિશ્વાસ,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 26 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 31, 1994/CAITRA 10, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૧મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વટહુકમ ક્રમાંક ઉનો ગુજરાતી અનુવાદ અથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૯૪.

GUJARAT ORDINANCE NO. 3 OF 1994.

AN ORDINANCE

further to amend the Gujarat Sales Tax Act, 1969.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૩

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી ;

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિધ્ધ કરે છે :-

૧ ટૂંકી સંજ્ઞા અને આરંભ— (૧) આ વટહુકમ, 'ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ અને કલમ ૧૦ તરતજ અમલમાં આવશે અને આ વટહુકમની બાકીની કલમો સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

૨ સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત—આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાતવેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો ૩ થી ૧૯માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને, અમલમાં રહેશે.

૩ સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૩-ક નો સુધારો—મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-કમાં પેટા-કલમ (૫)માં, "પાંચ પૈસા"એ શબ્દોને બદલે, "દસ પૈસા" એ શબ્દો મૂકવા.

૪ સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭નો સુધારો—મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં, "પેટા-કલમ (૧)"એ શબ્દો, કૌંસ અને આંકડો જે બે જગાએ આવે છે ત્યાંથી તે કમી કરવાં.

૫ સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૦કનો સુધારો—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦ક માં,-

(૧) પેટા-કલમ (૧)માં-

(ક) "કલમ ૨ના ખંડ (૧૦)ના પેટા-ખંડ (છ) માં ઉલ્લેખેલ વેપારી સિવાયના", એ શબ્દો, કૌંસ, અક્ષર અને આંકડા કમી કરવાં;

(ખ) "અને કલમ ૪૯ની પેટા-કલમ (૨) હેઠળ વેરો ભરવામાંથી સંપૂર્ણત: અથવા અંશત: મુક્તિ આપેલ માલના" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવાં;

(૨) પેટા-કલમ (૧) પછી, પણ કોષ્ટક પહેલાં, નીચેની પેટા-કલમ દાખલ કરવી :-

"(૧ક) કલમ ૩ક હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઈ વેપારીએ કરેલ તમામ નિર્દિષ્ટ વેચાણોનું ટર્ન ઓવર, જે વર્ષમાં ગુજરાત વેચાણ વેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૪ અમલમાં આવે તે વર્ષમાં અને ત્યાર પછી દરેક વર્ષમાં, પ્રથમ પચાસ લાખથી વધે અથવા કલમો ૩ અને ૩-ક બન્ને હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઈપણ વેપારીએ કરેલ નિર્દિષ્ટ વેચાણોનું કુલ ટર્નઓવર અને તમામ નિર્દિષ્ટ વેચાણોનું ટર્નઓવર, પ્રથમ પચાસ લાખ રૂપિયાથી વધે ત્યારે, નિર્દિષ્ટ વેચાણોના વેરાપાત્ર ટર્નઓવર અથવા તમામ નિર્દિષ્ટ વેચાણોના કુલ વેરાપાત્ર ટર્નઓવર અને તમામ વેરાપાત્ર માલના તેણે કરેલા તમામ વેચાણોના વેરાપાત્ર ટર્નઓવર ઉપર નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલા દરોએ ટર્નઓવર વેરો લેવાયો ઓવશે. **સન ૧૯૯૪નો ગુજરાતનો વટહુકમ ૩.**

(૩) પેટા કલમ (૪)માં, "તમામ વેચાણોનું ટર્નઓવર" એ શબ્દોને બદલે, "તમામ વેચાણોનું ટર્નઓવર, તમામ નિર્દિષ્ટ કરેલા વેચાણનું ટર્ન ઓવર, અથવા યથાપ્રસંગ, તમામ નિર્દિષ્ટ વેચાણોનું કુલ ટર્ન ઓવર અને તમામ વેચાણોનું ટર્ન ઓવર" એ શબ્દો મૂકવા.

(૪) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું :–

"સ્પષ્ટીકરણ : આ કલમના હેતુઓ સારૂ,–

"(૧) "વેરાપાત્ર ટર્નઓવર" એ શબ્દપ્રયોગ એટલે પેટા-કલમ (૨) હેઠળ કરેલી કપાતો પછી પ્રાપ્ત કર્યા પ્રમાણે વેરાપાત્ર માલનું ટર્નઓવર; અને

(૨) "વેરાપાત્ર માલ" એ શબ્દપ્રયોગનો અર્થ એટલે આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તે માલ અથવા આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર થાત પણ કલમ ૪૯ની પેટા–કલમ (૨) હેઠળ મુકિત આપેલ માલ."

૬ **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨નો સુધારો**.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં:–

(૧) ખંડ (૧)માં,–

(ક) પેટા-ખંડ (ખ)માં, "અથવા" એ શબ્દ અંતે ઉમેરવો;

(ખ) પેટા-ખંડ (ખ) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :–

"(કક) માલ, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં પોતે ફેરવેચવા માટે ખરીદ્યો છે અને એવો માલ, પોતે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર એવી રીતે ફરી વેચશે',';

(૨) ખંડ (૨)માં,–

(ક) પેટા-ખંડ (ગ)માં, "અથવા" એ શબ્દ અંતે ઉમેરવો; અને

(ખ) પેટા-ખંડ (ગ) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :–

"(કક) માલ, લાઈસન્સદાર વેપારી હોય તેવા તેના મુખ્ય વેપારી વતી આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં ફેર વેચવા માટે ખરીદ્યો છે અને એવા માલનું કમિશન એજન્ટે તેની ખરીદીની તારીખથી છ મહિનાની અંદર, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં મુખ્ય વેપારી પોતે ફેરવેચાણ કરશે.".

૭. **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમ કલમ ૧૩ને બદલે નવી કલમ મૂકવી**.— મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩ને બદલે, નીચેની કલમ મૂકવી:–

પ્રમાણપત્ર ઉપર કપાત કરવામાં આવી હોય તે સિવાય ટર્ન ઓવર ઉપર કોઈ કપાત કરવી નહિ. ૧૩. (ક) **લાઈસન્સદાર વેપારી,**–

(૧) ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે માલ પોતે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં ફેરવેચાણ માટે ખરીદવામાં આવ્યો છે; અથવા

(૨) ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, અનુસૂચિ ૨, ભાગ–ખમાં નિર્દિષ્ટ કરેલ માલ,

(ક) આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં અથવા ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં હોય તે સિવાય, આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ગુજરાત રાજ્યમાં પોતે ફરી વેચવા ધારે છે;

(ખ) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહારનિકાસના ક્રમમાં પોતે ફરી વેચવા ધારે છે; અથવા

INDEX

(ખ) માન્ય વેપારી ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, પ્રતિબંધિત માલ સિવાયનો તેને વેચેલો માલ, કાચા અથવા પ્રક્રિયા માટેના માલ તરીકે અથવા તેણે વેચવા માટેના વેચાણપાત્ર માલની બનાવટમાં વાપરવા માટેના માલ તરીકે ઉપયોગ કરવા સારૂ તેણે ખરીદેલ માલ છે, અથવા

(ગ) કમિશન એજન્ટ, ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, પોતાનો મુખ્ય વેપારી જે—

(૧) લાઈસન્સદાર વેપારી હોય --

(ક) અને માલ, કમિશન એજન્ટે તેની ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં મુખ્ય વેપારી પોતે ફરી વેચશે; અથવા

(ખ) જે અનુસૂચિ ૨, ભાગ--ખમાં નિર્દિષ્ટ કરેલ માલ,

(૧) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં અથવા ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં, હોય તે સિવાય, ગુજરાત રાજ્યમાં ફરી વેચશે; અથવા

(૨) તેવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં ફરી વેચશે;

અથવા

(૨) માન્ય વેપારી હોય અને પ્રતિબંધિત માલ સિવાયના માલ તરીકે ખરીદેલ માલ, તે મુખ્ય વેપારી તે માલનો કાચા અથવા પ્રક્રિયા માટેના માલ તરીકે અથવા વેચાણ માટે વેચાણપાત્ર માલની બનાવટમાં વાપરવાના માલ તરીકે ઉપયોગ કરશે અને કમિશન એજન્ટ તે માલ, પાત કરેલી ખરીદીની તારીખથી ત્રણ મહિનાની અંદર તેના મુખ્ય વેપારીને અથવા મુખ્ય વેપારીના હુકમ પ્રમાણે મોકલશે,

તે સિવાય, વેચાણોના ટર્નઓવરમાંથી કલમો ૭ અથવા ૮માં ઠરાવ્યા પ્રમાણે લાઈસન્સદાર વેપારી ને, માન્ય વેપારીને અથવા તેના મુખ્ય વેપારીવતી ખરીદવાની પરમીટ ધરાવતા કમિશન એજન્ટને કરેલાં માલનાં વેચાણો બાદ કરવાં નહિ".

૮ **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૯ક નો સુધારો**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯-કમાં,

(૧) પેટા--કલમ (૨)માં, "આ કલમ" એ શબ્દો પછી, "અને કલમ ૧૫--ખ" એ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કરવા;

(૨) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું :—

"**સ્પષ્ટીકરણ:**— આ કલમના હેતુઓ માટે, "ખોળ" એ શબ્દ પ્રયોગનો અર્થ, "કપાસીયાનાં ખોળ સિવાયને" ખોળ એવો થશે.".

૯ **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમમાં નવી કલમ ૩૦-કક દાખલ કરવા બાબત**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૦—ક પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :-

અમુક સંજોગોમાં રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવા બાબત.

"૩૦"કક. રજીસ્ટર થયેલ વેપારી, વેચાણની લેવડદેવડમાં ઉતર્યા સિવાય, બીજા રજીસ્ટર થયેલ વેપારીને, સરકારી આવકની છેતરપીંડી કરવાના ઈરાદાથી અથવા સરકાર પોતાની આવકમાં છેતરાય તેવા ઈરાદાથી બીલ અથવા કેશમેમો આપે તે પ્રસંગે, કમિશનર પોતાને યોગ્ય લાગે એવી તપાસ કર્યા પછી અને તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, એવું બીલ અથવા કેશ મેમો આપનાર અથવા સ્વીકારનાર રજીસ્ટર થયેલા વેપારીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કમિશનર, કેસના સંજોગોને ધ્યાનમાં લઈને નક્કી કરે તેવી આગળની કે પાછળની તારીખથી રદ કરી શકશે :

પરંતુ આ કલમ હેઠળ રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ થવા છતાં,--

(ક) રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવાના કમિશનરના હુકમની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે કોઈપણ વેરો, દંડ અથવા વ્યાજના સંબંધમાં વેપારીની જવાબદારી ચાલુ રહેશે;

(ખ) રદ કર્યાની તારીખથી શરૂ થતી અને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરતાં કમિશનરના હુકમની તારીખે પૂરી થતી મુદત દરમિયાન કોઈપણ સમયે, આ કલમ હેઠળ જેનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કર્યું હોય તે વેપારી પાસેથી માલ ખરીદનાર વેપારી, કમિશનરની ખાતરી માટે એવું પુરવાર કરે કે પોતે વેચેલા માલના સંબંધમાં લેણું વેરો ભરી દેવામાં આવ્યો છે, તો રજીસ્ટર થયેલ વેપારી પાસેથી એવા માલની ખરીદી કરી છે એમ ગણાશે".

INDEX

૧૦. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમનાં કલમ ૪૨ને બદલે, નવી કલમ મૂકવી—મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૨ને બદલે, નીચેની કલમ મૂકવી:—

આકારણી પૂરી કરવા માટેની સમય મર્યાદા.

૪૨. (૧) કમિશનર, કલમ ૪૧ની પેટા-કલમ (૬) હેઠળ કોઈ મુદતના સંબંધમાં, વેરાની આકારણી માટે કોઈ વેપારીને નોટિસ આપે ત્યારે,

(ક) કમિશનરને એમ માનવાને કારણ હોય કે એવા વેપારીએ સરકારી આવકની છેતરપીંડી કરવાના ઈરાદાથી રજીસ્ટ્રેશન માટે અરજી કરી નથી, તો જે વર્ષમાં એવી નોટિસ કાઢી હોય તેની તરતજ અગાઉના વર્ષની છેલ્લી તારીખે પૂરી થતી આઠ વર્ષની મુદત, અને

(ખ) બીજા કોઈ પ્રસંગે, ઉપર્યુકત છેલ્લી તારીખે પૂરી થતી ચાર વર્ષની મુદત;

અગાઉ આવની હોય તેવી તે મુદતના કોઈ ભાગ માટે આકારણીનો કોઈ હુકમ કરી શકાશે નહિ.

(૨) કલમ ૬૧, ૬૭ અથવા ૬૯ હેઠળના કોઈ હુકમ અનુસાર અથવા કોઈ કોર્ટ કે સત્તાધિકારીના કોઈ હુકમ અનુસાર નવી આકારણી કરવાનું જરૂરી હોય ત્યારે, એવી નવી આકારણી, એવા હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર ગમે તે સમયે કરવી જોઈશે:

પરંતુ મુદત મર્યાદાની ગણતરી કરતી વખતે કોઈ કોર્ટ કે સત્તાધિકારીના હુકમ કે મનાઈ હુકમથી આકારણીની કાર્યવાહી રોકવામાં આવી હોય તેવી કોઈ મુદત બાદ કરવામાં આવશે.".

૧૧. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૪નો સુધારો—મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૪માં, ત્રીજો પરંતુક કમી કરવો.

૧૨. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૭નો સુધારો—મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૭માં,—

(૧) પેટા-કલમ (૪ક)માં, પરંતુકમાં, ખંડ (૨) કમી કરવો;

(૨) પેટા-કલમ (૪-ક) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી :—

"(૪ખ) કોઈ વેપારી પેટા-કલમ (૪ક) હેઠળ વ્યાજ ભરવાને પાત્ર હોય અને તેણે વેરાની કુલ રકમ, દંડની રકમ અને વ્યાજની રકમ કરતાં ઓછી રકમ ભરી હોય ત્યારે, એવી રીતે ભરેલી રકમમાંથી, પ્રથમ વ્યાજની રકમ ખાતે જમા કરવી જોઈશે, ત્યારબાદ, કોઈ રકમ બાકી રહે તો દંડની રકમ પેટે જમા કરવી જોઈશે, અને ત્યારબાદ કોઈ રકમ બાકી રહે તો, વેરાની રકમ પેટે જમા કરવી જોઈશે.".

૧૩. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૦નો સુધારો—મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૦માં, પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો :—

"પરંતુ કલમ ૪૨ની પેટા-કલમ (૨)ના પરંતુકની જોગવાઈઓ, આ કલમમાં નિર્દિષ્ટ કરેલ મુદત મર્યાદાની ગણતરી કરવા માટે જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.".

૧૪. સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૪માં, પેટા-કલમ (૧)માં, ખંડ (કક)માં,—

(૧) "કલમ ૪૧ હેઠળ આકારણીના હુકમની રૂએ" એ શબ્દો અને આંકડા પછી, "નિર્દિષ્ટ વર્ષ માટે"એ શબ્દો દાખલ કરવા અને તે શબ્દો સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી હંમેશા દાખલ કર્યા છે એમ ગણાશે;

(૨) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું અને તે સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી હંમેશા અંતે ઉમેર્યું છે એમ ગણાશે :—

"**સ્પષ્ટીકરણ** .— આ ખંડના હેતુઓ સારુ, "નિર્દિષ્ટ વર્ષ" એ શબ્દપ્રયોગ એટલે—

(૧) સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી શરૂ થતું નાણાંકીય વર્ષ;

૨) સન ૧૯૯૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી શરૂ થતું અંગ્રેજી વર્ષ;

INDEX

(૩) કારતક સુદ એકમથી શરૂ થતું સંવત ૨૦૪૯નું વર્ષ; અથવા

(૪) ત્યાર પછી એવું કોઈ વર્ષ.".

૧૫. **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૬નો સુધારો**.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, અંડ (૪) કમી કરવો.

૧૬. **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭૫નો સુધારો**.— મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૫માં, પેટા-કલમ (૧)માં, "બે હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા.

૧૭. **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો**.—મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં.—

(૧) અનુક્રમાંક ૧૪ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી.—

"

૧	૨.	૩
૧૪.	ઘાસચારો, સત્વવાળા પદાર્થો અને કપાસીયાનો ખોળ સહિત ઢોરોનુ ખાણ, પણ તેમાં કપાસીયાનો, બીજા ખોળનો અને તેલ રહિત ખોળનો સમાવેશ થતો નથી.	—

"

(૨) અનુક્રમાંક ૧૫-ક ની નોંધમાં, કોલમ ૨માં "બારી બારણાંની ફ્રેમો" એ શબ્દો પછી, "અને હાથે બનાવેલ પાપડ અને પાપડીયા" એ શબ્દો ઉમેરવા.

૧૮. **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો**.— મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ-૨માં, ભાગ કમાં,—

(૧) અનુક્રમાંક ૧૬ ની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:—

"

૧	૨	૩	૪
૧૬ ક.	કાસ્ટ આયર્ન કાસ્ટિંગ.	રૂપિયે ચાર પૈસા	રૂપિયે ચાર પૈસા.

"

(૨) અનુક્રમાંક ૩૫ની નોંધમાં, કોલમો ૩ અને ૪માં, "એકવીસ પૈસા" એ શબ્દોને બદલે, "પચીસ પૈસા" એ શબ્દો મૂકવા.

(૩) અનુક્રમાંક ૭૪ની નોંધમાં, કોલમો ૩ અને ૪માં, "સાત પૈસા" એ શબ્દોને બદલે "ચાર પૈસા" એ શબ્દો મૂકવા.

૧૯. **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૩નો સુધારો**.—મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ-૩માં અનુક્રમાંક ૧૬ની નોંધ પછી, નીચેની નવી નોંધ ઉમેરવી.—

"૧૭. અનુસૂચિ ૧માં અને અગાઉની નોંધોમાં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયનો તમામ માલ.",

INDEX

નિવેદન

રાજ્યના નાણાંકીય સાધનો વધારવા, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯માં રહેલી અમુક ખામીઓ દૂર કરીને કર ભરવાનું ટાળવાનું અટકાવવા અને તેનાથી રાજ્યની તિજોરીમાં વધુ આવક મેળવવા માટે અને વેરા ભરવામાં અમુક રાહતો આપવા માટે, સદરહુ અધિનિયમની જોગવાઈઓ સુધારવાનું ઈષ્ટ છે. કર લેવા અને વસૂલ કરવાનું સરળ બનાવવા માટે અધિનિયમની બીજી જોગવાઈઓ સુધારવાની તક લેવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી સદરહુ અધિનિયમ સુધારવા માટે ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સરૂપસિંહ,
ગુજરાતના રાજ્યપાલ.

ગાંધીનગર,
તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. કે. શેલત,
સરકારના અધ્ર સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 27 REGISTERED NO. G/GNR/13

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 31, 1994/CAITRA, 10, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૯૪.

તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

GUJARAT ORDINANCE NO. 4 OF 1994.

AN ORDINANCE

further to amend the Bombay Stamp Act, 1958.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૪.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વટહુકમ.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩નાખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિધ્ધ કરે છે:—

૧. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**—(૧) આ વટહુકમ 'મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વટહુકમ ૧૯૯૪ કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને આ વટહુકમની બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

૨. **સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**—આ વટહુકમના અમલની મુદત દરમિયાન, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કલમો ૩ થી ૧૨માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

૩. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૨નો સુધારો.**—"મુખ્ય અધિનિયમ", કલમ ૨માં, —

(૧) ખંડ (ઘઘ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ચ) "કલીયરન્સ લિસ્ટ" એટલે મંડળના નિયમો અથવા પેટા-નિયમો અનુસાર, મંડળના ક્લિયરીંગ હાઉસને સાદર કરવાનું ફરમાવ્યું હોય તેવા કરારોને લગતું લેવડ-દેવડનું લીસ્ટ :

પરંતુ આ અધિનિયમના હેતુઓ માટે તેવી લેવડદેવડ કરનાર વ્યકિતએ અથવા તેના વતી યોગ્ય રીતે અધિકાર આપેલા એટર્નીએ સહી કરેલા નીચેના એકરારનો સમાવેશ થતો હોય તે સિવાય, કોઈપણ લેખને, કલીયરન્સ લિસ્ટ તરીકે ગણવો નહિ :—

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

"હું/અમે, આથી પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરું છું/કરીએ છીએ કે ઉપરના લિસ્ટમાં મારી/અમારી લેવડ-દેવડનું સંપૂર્ણ અને સાચું નિવેદન છે, અને તેમાં મંડળના નિયમો/પેટા-નિયમો અનુસાર કલીયરન્સ હાઉસને સાદર કરવાને ફરમાવેલી લેવડદેવડનો સમાવેશ કરવામાં આવ્યો છે. હું/અમે વધુમાં એકરાર કરું છું/કરીએ છીએ કે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ ૧લી ના, યથાપ્રસંગ, આર્ટિકલ ૫ અથવા આર્ટિકલ ૩૯ હેઠળ જે લેવડ દેવડના સંબંધમાં, મુકિત માંગવામાં આવી છે તે કોઈપણ લેવડદેવડને આમાંથી બાકાત રાખવામાં આવી નથી.

સ્પષ્ટીકરણ :—આ ખંડના હેતુ માટે લેવડદેવડમાં વેચાણ અને ખરીદી બન્નેનો સમાવેશ થશે.";

(૨) ખંડ (જ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(જ) "માલિકી ફેરબદલ " માં,—

(૧) વેચાણ અંગેનું માલિકી ફેર બદલનો,

INDEX

(૨) દરેક લેખનો,

(૩) કોઈપણ દીવાની કોર્ટનું દરેક હુકમનામું અથવા આખરી હુકમનો, અથવા

(૪) કંપનીઓના જોડાણના સંબંધમાં, કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ હાઈકોર્ટે કરેલ દરેક હુકમ, સન ૧૯૫૬નો ૧લો.

જેના ઉપરથી જંગમ અથવા સ્થાવર મિલકત અથવા કોઈપણ અસ્કયામત અથવા કોઈપણ મિલકતમાંનું હિત કોઈપણ હયાત વ્યકિતને તબદીલ કરવામાં આવ્યું હોય અથવા તેમાં નિહિત થયું હોય અને અનુસૂચિ-૧થી અન્યથા સ્પષ્ટપણે ઠરાવ્યું ન હોય તેનો,

સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ.—આ ખંડના હેતુ માટે જેના દ્વારા કોઈ મિલકતના સહ-માલિકે પોતાનું હિત તે મિલકતના અન્ય સહ-માલિકને તબદીલ કર્યું હોય અને ભાગીદારીનો લેખ ન હોય તેવો કોઈપણ લેખ, જેનાથી હયાત વ્યકિતઓની મિલકત તબદીલ થતી હોય તેવો લેખ છે એમ ગણાશે;"

(૩) ખંડ (૬) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(૬ક) "સ્થાવર મિલકત"માં, જમીન, જમીનમાંથી પ્રાપ્ત થતાં લાભો અને જમીનને જોડેલી વસ્તુઓ અથવા જમીન સાથે જોડેલી કોઈ વસ્તુ સાથે કાયમી, જોડાયેલી વસ્તુનો સમાવેશ થાય છે.";

(૪) ખંડ (૭--ક)માં, –

(૧) "કોઈ જંગમ" એ શબ્દો પછી, "અથવા સ્થાવર" એ શબ્દો દાખલ કરવા;
(૨) "આવી બક્ષિસ" એ શબ્દોને બદલે, "આવી મૌખિક બક્ષીસ" એ શબ્દો મૂકવા:

(૫) ખંડ (૮) માં,—
(૧) "સ્થાવર" એ શબ્દ ને બદલે," જંગમ અથવા સ્થાવર અથવા તે બંને" એ શબ્દો મૂકવાં;

(૨) પેટા-ખંડ (૪) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :—

"(૫) પટ્ટાના સંબંધમાં, કોઈપણ દીવાની કોર્ટના હુકમનામાનો અથવા આખરી હુકમનો,

સમાવેશ થાય છે :

પરંતુ આવા હુકમનામા અથવા હુકમ અનુસાર, પટ્ટાનો પછીથી લેખ કરવામાં આવ્યો હોય ત્યારે, સ્ટેમ્પ ડ્યુટી, આવા હુકમનામા અથવા હુકમ ઉપર અગાઉ ભરી હોય અને વસૂલ કરેલ હોય તો તે, આવા લેખ ઉપર લેવાપાત્ર કુલ ડ્યુટી પેટે સરભર કરવી જોઈશે;";

(૬) ખંડ (૯) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(૯ક) "જંગમ મિલકત"માં ઉભા ઈમારતી લાકડાનો, ઉભા પાકનો અને ઘાસ, ઝાડ ઉપરના ફળો અને તેમાંના રસનો, સ્થાવર મિલકત સિવાયની અન્ય દરેક પ્રકારની મિલકતને જેના દ્વારા કોઈપણ હક અથવા જવાબદારી ઉભી થાય, તબદીલ થાય, મર્યાદિત થાય, લાગુ પડાય, નાશ થાય અથવા નોંધાય અથવા તેમ થવાનું અભિપ્રેત હોય તેનો સમાવેશ થાય છે;".

૪. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩-કનો સુધારો.**— મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-કમાં, "શહેરી વિસ્તારમાં" એ શબ્દો પછી, "જ્યાં મિલકત આવેલી હોય તેના સંબંધમાં" એ શબ્દો દાખલ કરવા.

૫. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.**— મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, "તે કરી આપતી વખતે સ્ટેમ્પ મારવો જોઈશે" એ શબ્દોને બદલે, નીચેનો મજકૂર મૂકવો.—

"તે કરી આપતી વખતે અથવા ત્યારપછી તરત જ, તે કરી આપ્યાના દિવસ પછીના તરતના કામકાજના દિવસે સ્ટેમ્પ મારવો જોઈશે;

પરંતુ અનુસૂચિ-૧ના આર્ટિકલો ૧૮-ક, ૧૮-ખ, ૧૮-ગ, ૧૮-ઘ અથવા ૧૮-ચ માં, વર્ણવેલ કલીયરન્સ લિસ્ટ ઉપર તે કર્યાની તારીખથી બે મહિનાની અંદર જો આવું કલીયરન્સ લિસ્ટ જરૂરી સ્ટેમ્પ ડ્યુટીની રકમ સાથે તેના નિયમો અને પેટા-નિયમો અનુસાર મંડળના કલીયરન્સ હાઉસે સ્ટેમ્પ મારવા માટે સાદર કર્યું હોય, તો આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી રાજય સરકારે અધિકૃત કરેલો અધિકારી સ્ટેમ્પ મારી શકશે.".

INDEX

૬. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૦નો સુધારો.**— મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૦માં,—

(૧) ખંડ (ચ)માં, "અને" એ શબ્દ કમી કરવો;

(૨) ખંડ (છ)માં, અંતે, "અને" એ શબ્દ ઉમેરવો;

(૩) ખંડ (છ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો.

"(જ) બીજી કોઈ બાબતમાં, લેખ કરનાર વ્યકિતઓ.".

૭. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૧નો સુધારો.**— મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧માં, પેટા-કલમ (૧)માં, "પચ્ચીસ રૂપિયાથી વધારે ન હોય અને પાંચ રૂપિયાની ઓછી ન હોય" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયાની વધારે ન હોય અને પચ્ચીસ રૂપિયાથી ઓછી ન હોય" એ શબ્દો મૂકવા.

૮. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૨—કનો સુધારો.**—મુખ્ય અધિનિયમમાં, કલમ-૩૨--કમાં (૧) પેટા કલમ (૧)ને બદલે નીચેની પેટા-કલમ મૂકવી.—

સન ૧૯૦૮નો ૧૬મો.

"(૧) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ રજિસ્ટ્રેશન માટે, માલિકી, ફેરબત, વિનિમય લેખ, બક્ષિસપાત્ર, વેચાણ પ્રમાણપત્ર, વહેંચણીનો લેખ, ભાગીદારીનો લેખ, વ્યવસ્થાપત્રનો લેખ, સ્થાવર મિલકત વેચવા માટેનું મુખત્યારનામું અવેજ બદલ આપવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, અથવા નામે કરીને પટ્ટે આપ્યું હોય, ત્યારે તેની સાથે તેની ખરી નકલ જોડવી જોઈશે; અને ઉપર્યુકત અધિનિયમ હેઠળ આવા લેખ રજિસ્ટર કરતાં કોઈ અધિકારીને અથવા કલમ ૩૩માં ઉલ્લેખ કરેલી કોઈપણ વ્યકિત સમક્ષ અવો લેખ રજૂ કરવામાં આવે અથવા તેનાં કાર્યો બજાવતી વખતે મૂકવામાં આવે તે વ્યકિતને એમ માનવાને કારણ હોય કે તેમાં જણાવેલ અવેજ, એવા લેખનો વિષય હોય તેવી મિલકતની આશરે બજાર કિંમત જેટલો થતો નથી અથવા યથા પ્રસંગ, એવા લેખનો વિષય હોય તેવી મિલકતની બજાર કિંમત તેમાં ખરી જણાવી નથી, તો તે, યથા પ્રસંગ, લેખ રજિસ્ટર કર્યા અથવા એવા લેખના સંબંધમાં પોતાના કાર્યો બજાવ્યા પહેલાં કે પછી, જે જિલ્લામાં સમગ્ર મિલકત અથવા તેનો કોઈ ભાગ આવેલો હોય તે જિલ્લાના કલેકટરને, એવી મિલકતની ખરી બજાર કિંમત અને આ કલમ હેઠળ લેખ ઉપર આપવાની યોગ્ય ડયુટી નક્કી કરવા માટે લેખ મોકલી શકશે.".

(૨) પેટા-કલમ (૨)માં "કલમ ૩૧ની પેટા-કલમ (૩) અથવા આ કલમની પેટા-કલમ (૧) હેઠળ લેખ મળ્યેથી" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "કલમ ૩૧ની પેટા-કલમ (૩) અથવા આ કલમની પેટા-કલમ (૧) હેઠળ લેખ અથવા લેખની ખરી નકલ મળ્યેથી" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા;

(૩) પેટા--કલમ (૩)માં "બસો પચાસ રૂપિયાનો" એ શબ્દો પછી, "અથવા ભરવાપાત્ર યોગ્ય ડયુટીની રકમ અથવા તેના ભાગની ખૂટતી રકમ, એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમનો" એ શબ્દો દાખલ કરવા;

(૪) પેટા--કલમ (૪)માં, "બે વર્ષની", એ શબ્દોને બદલે, "છ વર્ષની" એ શબ્દો મૂકવા.

૯. **સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૪૬ને બદલે નવી કલમ મૂકવા બાબત.**—મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૬ને બદલે, નીચેની કલમ મૂકવી :—

ડયુટી દંડ અને વ્યાજની વસૂલાત.

"૪૬. (૧) આ અધિનિયમ હેઠળ આપવી પડતી ડયુટી, દંડ અથવા બીજી રકમો જે વ્યકિતને આપવા ફરમાવ્યું હોય તેવી કોઈ વ્યકિત, તેની ચુકવણી માટે ઠરાવેલા સમયની અંદર તે ન ભરે ત્યારે તે, એવી રકમ જે મુદત માટે આપવાની બાકી હોય તે મુદત માટે એવી રકમ ઉપર અથવા તેનાથી કોઈ ઓછી રકમ ઉપર, દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદુ વ્યાજ આપવાને પાત્ર થશે.

(૨) આ અધિનિયમ હેઠળ આપવી પડતી તમામ ડયુટી, દંડ, વ્યાજ અને બીજી રકમો, જેની પાસે તે બાકી હોય તે વ્યકિતની જંગમ અથવા સ્થાવર મિલકત જપ્ત કરીને તથા વેચીને અથવા જમીન મહેસૂલની બાકી તરીકે કલેકટર વસૂલ કરી શકશે;

INDEX

૧૦. સન ૧૯૫૮ના મુંબઈના ૬૦માં અધિનિયમની કલમ ૫૩નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, "પ્રકરણ ૩ એ શબ્દ અને આંકડા પછી, "કલમ ૩૨-ક ની પેટા-કલમ (૩) સિવાય," એ શબ્દો, આંકડા, અક્ષર અને કૌંસ દાખલ કરવા.

૧૧. સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમમાં નવી કલમ દાખલ કરવા બાબત.—મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી:—

કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અને ૪૧ હેઠળ કલેક્ટરના નિર્ણયની ફેર તપાસ.

"૫૩-ક.(૧) કલમ ૩૨ની પેટા-કલમ (૩), કલમ ૩૨-કની પેટા-કલમ (૩), કલમ ૩૯ની પેટા-કલમ (૨) અને કલમ ૪૧ની પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલેક્ટર દ્વારા કોઈપણ લેખ ઉપર ભૂલથી અથવા અન્યથા તેના ઉપર લેવાપાત્ર ડ્યુટી કરતાં ઓછી ડ્યુટી લેવામાં આવે અથવા યથાપ્રસંગ ડ્યુટી લેવાપાત્ર ન હોવાનું ઠરાવવામાં આવે ત્યારે, મુખ્ય નિયંત્રણ મદદનીશ અધિકારી, યથા પ્રસંગ, કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અથવા ૪૧ હેઠળ કલેક્ટરના પ્રમાણપત્રની તારીખથી છ વર્ષની મુદતની અંદર સંબંધિત પક્ષકારને પોતાના સમક્ષ લેખ રજુ કરવા માટે ફરમાવી શકશે અને પક્ષકારને સૂનાવણીની વાજબી તક આપ્યા પછી, તેના લેખ, ઉપર કોઈ ડ્યુટી લેવાપાત્ર છે કે કેમ અથવા તેના ઉપર ઓછી ડ્યુટી લેવામાં આવી છે કે કેમ તેની તપાસ કરી શકશે અને સંબંધિત પક્ષકાર પાસે કોઈ ડ્યુટી ખૂટતી હોય તો તે વસૂલ કરવા માટેનો હુકમ કરી શકશે. ત્યાર બાદ આવી ખૂટતી ડ્યુટી ભર્યા પછી લેખ ઉપર શેરો કરવો જોઈશે.

(૨) પક્ષકાર અસલ લેખ રજૂ કરવાનું ચૂકયેથી, મુખ્ય નિયંત્રણ મદદનીશ અધિકારીએ, કલેક્ટર સમક્ષ દાખલ કરેલ લેખની ખરી નકલના અથવા ઉતારાના આધારે, આ કલમ હેઠળ આગળની કાર્યવાહી કરવી જોઈશે અને આવી નકલ અથવા ઉતારા આ કલમના હેતુઓ સારું અસલ લેખ છે એમ ગણાશે.".

૧૨. સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની અનુસૂચિ-૧નો સુધારો.—મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં,—

(૧) આર્ટિકલ ૫માં,—

(૧) શીર્ષકમાં, "કબૂલાતનો દસ્તાવેજ" એ શબ્દો પછી, "અથવા તેનું રેકર્ડ" એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (૬)માં, "માંહી" એ શીર્ષક હેઠળ, "કબૂલાતનો દસ્તાવેજ" એ શબ્દો પછી, "અથવા તેનું રેકર્ડ" એ શબ્દો દાખલ કરવા;

(૨) આર્ટિકલ ૬માં, ખંડ (૨)માં, પેટા-ખંડ (ક)માં, બાબતો (૧) થી (૮) ને બદલે, નીચેની બાબતો મૂકવી:—

"(૧) લોનની રકમ અથવા દેવું રૂા. ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે ન હોય, ત્યારે.	દરેક સો રૂપિયા અથવા તેના ભાગ દીઠ પચાસ પૈસા.
(૨) તે રૂા. ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે હોય, ત્યારે.	દરેક સો રૂપિયા અથવા તેના ભાગ દીઠ એક રૂપિયો",

(૩) આર્ટિકલ ૧૮માં "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૪) આર્ટિકલ ૧૮ પછી, નીચેના નવા આર્ટિકલો દાખલ કરવા;—

"૧૮-ક. (૧) **કલીયરન્સ લિસ્ટ.**—શેર બજારના કલીયરીંગ હાઉસને સાદર કરેલ સરકારી જામીનગીરીઓની ખરીદી અથવા વેચાણ માટેની લેવદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.	યથાપ્રસંગ ઠરાવેલા ચાલુ ભાવે અથવા કરારના ભાવે ગણેલી જામીનગીરીઓની કિંમત ઉપર આવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથા પ્રસંગ, આર્ટિકલ ૫(ખ) અથવા ૩૯(જ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.
(૨) **કલીયરન્સ લિસ્ટ.**—કોઈપણ સંસ્થાપિત કંપની અથવા બીજી કોઈ એક સંસ્થાપિત કંપની અથવા બીજી સંસ્થાપિત મંડળીમાંની અથવા એવી કંપની અથવા મંડળીના શેર, સ્ક્રિપ, સ્ટોક, બોંડ, ડિબેન્ચર, ડીબે. સ્ટોક અથવા દેવાંજ પ્રકારની બજારમાં વેચવાજોગ બીજી જામીનગીરીની ખરીદી અથવા વેચાણ માટેની લેવડ-દેવડને લગતું જે કલીયરન્સ લિસ્ટ જામીનગીરીઓના કબાલા (નિયમન) બાબતના અધિનિયમ, ૧૯૫૬ હેઠળ માન્ય કરેલા અથવા ન કરેલા શેરબજાર (સ્ટોક એકસચેન્જ)-ના કલીયરીંગ હાઉસને સાદર કર્યું હોય તે.	યથાપ્રસંગ ઠરાવેલા ચાલુ ભાવે અથવા કરારના ભાવે ગણેલી જામીનગીરીઓની કિંમત ઉપર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથાપ્રસંગ, આર્ટિકલ (૫)(ગ) (૧) અથવા ૩૯(છ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ

સન ૧૯૫૬નો ૪૨મો.

INDEX

૧૮-ખ. કલીયરન્સ લિસ્ટ.—કોઈ કોટન એસોસિયેશનના કલીયરીંગ હાઉસને સાદર કરેલું રૂની ખરીદી અથવા વેચાણ માટે લેવડદેવડને લગનું કલીયરન્સ લિસ્ટ.	લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર આવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથાપ્રસંગ આર્ટિકલ ૫(ધ) અથવા ૩૯(ક) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.
૧૮-ગ.—કલીયરન્સ લિસ્ટ.—કોઈ બુલીઅન એસોસીએશનના કલીયરીંગ હાઉસને સાદર કરેલું લગડી અથવા સિક્કાની ખરીદી અથવા વેચાણ માટેની લેવડદેવડને લગનું કલીયરન્સ લિસ્ટ.	લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિકલ ૫(ચ) અથવા ૩૯(ખ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.
૧૮-ઘ. કલીયરન્સ લિસ્ટ.—તેલીબીયાંના એસોસિએશનના કલીયરીંગ હાઉસને સાદર કરેલું તેલીબીયાંની ખરીદી અથવા વેચાણની લેવડદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.	લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિકલ ૫(છ) અથવા ૩૯(ગ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.
૧૮-ચ. કલીયરન્સ લિસ્ટ.—કોઈપણ પ્રકારના સૂતર અથવા બિન-ખનીજ તેલો અથવા કોઈપણ પ્રકારના તેજાનાની ખરીદી અથવા વેચાણની લેવડદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.	લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિકલ ૫(જ) અથવા ૩૯(ઘ) હેઠળ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

(૫) આર્ટિકલ ૨૦માં,—

(૧) ખંડ (ખ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ગ) મિલકતનું માલિકી ફેરબદલ (આર્ટિકલ નંબર ૫૬ હેઠળ ડ્યુટી લીધી હોય અથવા ડ્યુટી મુક્ત કર્યું હોય તેવું તબદીલી બદલ ન હોય તેવું) જે માલિકી ફેરબદલનો વિષય,—	આર્ટિકલ ૨૦ (ખ) મુજબ જેટલી ડ્યુટી લેવા પાત્ર થાય છે તેટલી ડ્યુટી.
(૧) જેટલે સુધી મુંબઈ બિન-વ્યાપારી કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૯ હેઠળ રચાયેલ અને રજિસ્ટર થયેલ કોર્પોરેશનની; અથવા	સન ૧૯૫૯નો મુંબઈનો ૨૬મો.
(૨) જેટલે સુધી ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ અથવા ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ રચાયેલ બોર્ડની;	સન ૧૯૬૧નો ગુજરાતનો ૨૮મો.
(૩) જેટલે સુધી ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ લાગુ પડતી હોય તે જગા.	સન ૧૯૭૨નો ગુજરાતનો ૨૨મો. સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૩મો.
એવા કોર્પોરેશને, બોર્ડે, મંડળીએ, કંપનીએ અથવા, યથાપ્રસંગ, એસોસિયેશને તેના સભ્ય અથવા, યથાપ્રસંગ ફાળવણીદારની તરફેણમાં (પછી તે તેના શેરોની ખરીદીના પરિણામે હોય કે ન હોય) અથવા એવા સભ્યે અથવા, યથા- પ્રસંગ ફાળવણીદારે બીજા સભ્ય અથવા ફાળવણીદારની તરફેણમાં (પછી તે તેના શેરો બીજા સભ્યના અથવા યથાપ્રસંગ, ફાળવણીદારના નામે તબદીલ કરવાના પરિણામે હોય કે ન હોય) એવા કોર્પોરેશનની, બોર્ડની, મંડળીની, કંપનીની અથવા યથાપ્રસંગ, એસોસિયેશનની જગાને લગતું હોય તેટલે સુધી તે";	

(૨) વિદ્યમાન સ્પષ્ટીકરણને, સ્પષ્ટીકરણ ૨ તરીકે ફરી નંબર આપવો અને એ રીતે ફરી નંબર આપેલા સ્પષ્ટીકરણ-૨ પહેલાં, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું :—

INDEX

સ્પષ્ટીકરણ.૧—આ આર્ટિકલના હેતુઓ માટે, સ્થાવર મિલકત વેચવાની કબૂલાત અથવા રદ ન કરી શકાય તેવું મુખ્યારનામું, એવી કબૂલાત અથવા મુખ્યત્યારનામું કરતાં પહેલાં, કરતી વખતે અથવા કર્યા પછી, એવી મિલકતના કબજાની તબદીલીની બાબતમાં, માલિકીફેર ખત છે એમ ગણાશે અને તદનુસાર તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી લેવાપાત્ર થશે:

પરંતુ કલમ ૩૨-કની જોગવાઈઓ, જેવી રીતે માલિકીફેર ખતને લાગુ પડે છે તેવી રીતે એવી કબૂલાત અથવા મુખ્યત્યારનામાને, જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે :

વધુમાં, આવી વેચાણ કબૂલાત અનુસાર પાછળથી માલિકીફેર ખત કરવામાં આવે ત્યારે, માલિકીફેર ખત હોવાનું ગણાતું હોય તેવી કબૂલાત ઉપર અગાઉથી સ્ટેમ્પ ડ્યુટી ભરી હોય અને વસૂલ કરી હોય તો તે, માલિકીફેર ખત ઉપર લેવાપાત્ર કુલ ડ્યુટી પેટે સરભર કરવામાં આવશે.

(૬) આર્ટિકલ ૨૧માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૭) આર્ટિકલ ૨૫માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૮) આર્ટિકલ ૨૭ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"૨૭. **વધારે બોજા બાબતનો લેખ-એટલે** ગીરો મૂકેલી મિલકત ઉપર વધારે બોજો નાંખતો હોય એવો કોઈપણ લેખ—

(ક) મૂળ ગીરો, આર્ટિકલ ૩૬ના ખંડ (ક)માં ઉલ્લેખેલા વર્ણન પૈકીનો એક લેખ (એટલે કે કબજા સહિત) હોય ત્યારે:	તેવા લેખથી તારણ અપાયેલી વધુ બોજાની રકમ માટે આર્ટિકલ ૨૦ (ક) હેઠળ માલિકી ફેરખત ઉપર જેટલી ડ્યુટી લેવાપાત્ર થાય છે તેટલી ડ્યુટી.
(ખ) આવો ગીરો, આર્ટિકલ ૩૬ના ખંડ (ખ) માં ઉલ્લેખેલા વર્ણન પૈકીના એક લેખ (એટલે કે કબજા સિવાય) હોય ત્યારે,	
(૧) વધારે બોજા બાબતનો લેખ કરવામાં આવે તે વખતે તેવા લેખ હેઠળ મિલકતનો કબજો આપેલો હોય તો.	(મૂળ ગીરો અને તેવા મૂળ ગીરો અને વધારાના બોજા ઉપર અગાઉ ભરેલ કોઈ વધારે બોજા સહિત) કુલ બોજાની રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે આઠ રૂપિયા, બાદ આવા મૂળ ગીરો અને વધુ બોજા ઉપર અગાઉ ભરેલી ડ્યુટી.
(૨) તેવી રીતે કબજો આપવામાં આવ્યો ન હોય તો,	તેવા લેખથી તારણ, અપાયેલી વધારે બોજાની રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે ત્રણ રૂપિયા.

(૯) આર્ટિકલ ૩૧માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૦) આર્ટિકલ ૩૨માં, "ચાલીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "સાઠ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૧) આર્ટિકલ ૩૫માં, ખંડ (ક) માં, "એક સો રૂપિયા" એ શબ્દોને બદલે, "એક હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૨) આર્ટિકલ ૩૬માં,—

(૧) ખંડ (ક)માં,—

(૧) " ન હોય અથવા" એ શબ્દો કમી કરવા;

(૨) કોલમ ૨માં, "આર્ટિકલ ૨૦" એ શબ્દોને પછી, "ના ખંડ (ક)" આ શબ્દો, કૌંસ અને અક્ષર દાખલ કરવા;

INDEX

(૨) વિદ્યમાન ખંડ (ખ)ને તે આર્ટિકલના ખંડ (ગ) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ગ) પહેલાં, નીચેનો ખંડ દાખલ કરવો :–

"(ખ) તેવા ખતમાં લખેલી મિલકતો અથવા તે મિલકતના કોઈ ભાગનો કબજો આપ્યો ન હોય અથવા આપવાની કબૂલાત કરી ન હોય, ત્યારે.	તેવા ખતથી તારણ આપેલી રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે ત્રણ રૂપિયા.

સ્પષ્ટીકરણ.– ગીરો લેનારે ગીરો રાખેલ મિલકત અથવા તેના ભાગનું ભાડું અથવા પટ્ટો ઉધરાવવા માટે મુખત્યારનામું આપ્યું હોય તેવા ગીરો આપનારે આ આર્ટિકલના અર્થ મુજબ કબજો આપ્યો છે એમ ગણાશે." ;

(૧૩) આર્ટિકલ ૪૧માં,–

(૧) ખંડો (ક), (ખ) અને (ગ)માં કોલમ ૨માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (જ)ને, તે આર્ટિકલના ખંડ (ઝ) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ) પહેલાં, નીચેનો ખંડ દાખલ કરવો :–

"(જ) સ્થાવર મિલકત વેચવાના હક સહિત અવેજ બદલ કર્યું હોય ત્યારે અથવા ગમે તે નામે ઓળખાતા પ્રમોટર અથવા વિકાસકારને, કોઈપણ સ્થાવર મિલકત ઉપર બાંધકામ માટે, તેના વિકાસ માટે, અથવા વેચાણ અથવા (ગમે તે રીતે) તબદીલ કરવા માટે અવેજ સાથે કે તે વગર કર્યું હોય ત્યારે અથવા કોઈ પણ સ્થાવર મિલકતને રદ ન કરી શકાય તેવી રીતે કબજો તબદીલ કરીને અવેજ સાથે કે અવેજ વગર કર્યું હોય;	અવેજની રકમ અથવા યથા પ્રસંગ સ્થાવર મિલકતની બજાર કિંમત એ બેમાંથી જે વધારે હોય તે રકમ માટે આર્ટિકલ ૨૦ હેઠળ માલિકી ફેરબદલ ઉપર જેટલી ડ્યુટી લેવાપાત્ર થાય છે તેટલી ડ્યુટી.".

(૩) એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ)માં કોલમ ૨માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "વીસ રૂપિયા" શબ્દો મૂકવા.

(૪) સદરહુ આર્ટિકલ નીચેના વિદ્યમાન પાદટીપ, અને સ્પષ્ટીકરણને બદલે, નીચેનો મજકૂર મૂકવો.:–

સ્પષ્ટીકરણ ૧.–આ આર્ટિકલના હેતુઓ માટે એક કરતાં વધારે વ્યકિતઓ, જ્યારે એક જ પેઢીની હોય ત્યારે, એક વ્યકિત તરીકે ગણાશે.

ઈન્ડિયન રજિસ્ટ્રેશન એક્ટ, ૧૯૦૮નો ૧૬મો.

સ્પષ્ટીકરણ-૨.–"રજિસ્ટ્રેશન" એ સંજ્ઞામાં, **રજિસ્ટ્રેશન અધિનિયમ**, ૧૯૦૮ હેઠળના રજિસ્ટ્રેશનને આનુષંગિક દરેક કાર્યનો સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ.–૩.–ખંડ (જ) હેઠળ, મુખત્યારનામા ઉપર ડ્યુટી ભરી હોય અને તે મિલકતને લગતું માલિકીફેર ખત, મુખત્યારનામું કરનાર વ્યકિત અને જેની તરફેણમાં તે કરવામાં આવ્યું હોય તે વ્યકિત વચ્ચે મુખત્યારનામા અનુસાર પાછળથી કરવામાં આવ્યું હોય ત્યારે, માલિકીફેર ખત ઉપરની ડ્યુટી, મુખત્યારનામા ઉપરની ડ્યુટી જેટલી ઘટાડીને મિલકતની બજાર કિંમત ઉપર ગણતરી કરેલ ડ્યુટી ગણાશે.

(૧૪) આર્ટિકલ ૫૭માં,–

(૧) કોલમ ૧માં, "પેટા–પટ્ટાથી" એ શબ્દો પછી "અથવા કોઈપણ દીવાની કોર્ટ અથવા કોઈપણ મહેસૂલી અધિકારીએ કરેલા આખરી હુકમ અથવા હુકમનામાથી" એ શબ્દો દાખલ કરવા;

(૨) કોલમ ૨માં, "તબદીલીના અવેજની રકમ માટેના આર્ટિકલ ૨૦" એ શબ્દો અને આંકડાને બદલે, "તબદીલીના અવેજની રકમ અથવા યથાપ્રસંગ સ્થાવર મિલકતની બજાર કિંમત એ બેમાંથી વધારે હોય તે રકમ માટેના આર્ટિકલ ૨૦ (ક)" એ શબ્દો આંકડા, કૌંસ અને અક્ષર મૂકવાં.

INDEX

નિવેદન

રાજયના નાણાંકીય સાધનો વધારવા, મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં રહેલી અમુક ખામીઓ દૂર કરીને કર ભરવાનું ટાળવાનું અટકાવવા અને તેનાથી રાજયની તિજોરીમાં આવક મેળવવા માટે, સદરહુ અધિનિયમની જોગવાઇઓ સુધારવાનું ઈષ્ટ જણાયું છે, અમુક કેસોમાં કરેલા હુકમો સુધારવા માટે મુખ્ય નિયંત્રણ મહેસૂલી સત્તાધિકારીને પણ સત્તા આપવામાં આવી છે. સ્ટેમ્પ ડયુટી ભરવામાં અમુક રાહતો આપવાનું જરૂરી ગણ્યું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી સદરહુ અધિનિયમ સુધારવા માટે ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર,
તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪.

સરુપસિંહ,
ગુજરાતના રાજયપાલ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

આર. પાર્થસારથી,
સરકારના અધિક મુખ્ય સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 28 REGISTERED NO. G/GNR/5

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vo.] XXXV] WEDNESDAY, APRIL 13, 1994/CAITRA, 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી એપ્રીલ, ૧૯૯૪.

તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ--૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

બી. એલ. મહેતા,
સરકારના નાયબ સચિવ.

INDEX

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી માર્ચ, ૧૯૯૪.

GUJARAT ORDINANCE NO. 5 OF 1994.

AN ORDINANCE

to establish and incorporate an Open University in the State of Gujarat for the introduction and promotion of the Open University and distance education system in the educational pattern of the state.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૫

ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટીના આરંભ અને ઉત્તેજન માટે અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શૈક્ષણિક પધ્ધતિ માટે ઓપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વટહુકમ

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ નથી.

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટીના આરંભ અને ઉત્તેજન માટે અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શૈક્ષણિક પધ્ધતિ માટે ઓપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા માટે તાત્કાલિક પગલાં લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, ભારતના સંવિધાનની કલમ ૨૧૩ના ખંડ (૧) થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને, પ્રસિધ્ધ કરે છે :—

પ્રકરણ ૧

પ્રારંભિક

(૧). ટૂંકી સંજ્ઞા અને આરંભ.—(૧) આ વટહુકમ 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વટહુકમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને આ વટહુકમની બાકીની જોગવાઈઓ રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.—આ વટહુકમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(૧) "અધિકારીમંડળો" એટલે, કલમ ૧૫માં નિર્દિષ્ટ કરેલા યુનિવર્સિટીના અધિકારીમંડળો;

(૨) "શૈક્ષણિક આયોજન બોર્ડ" એટલે, કલમ ૧૭ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું શૈક્ષણિક આયોજન બોર્ડ;

(૩) "વ્યવસ્થાપક બોર્ડ" એટલે, કલમ ૧૬ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું વ્યવસ્થાપક બોર્ડ ;

(૪) "કુલાધિપતિ" એટલે, યુનિવર્સિટીના કુલાધિપતિ ;

(૫) "દૂરવર્તી શૈક્ષણિક પધ્ધતિ" એટલે, પ્રસારણ, દૂરસંચાર, પત્રવ્યવહાર, અભ્યાસક્રમો, સેમિનારો, સંપર્ક કાર્યક્રમો અથવા આવા કોઈ બે અથવા વધારે સાધનોના સમન્વય જેવા સંદેશા વ્યવહારના કોઈ સાધન દ્વારા શિક્ષણ આપતી પધ્ધતિ ;

(૬) "કર્મચારી" એટલે યુનિવર્સિટીએ નિમણૂક કરેલી કોઈપણ વ્યકિત અને તેમાં યુનિવર્સિટીના અધ્યાપકો અને અન્ય શૈક્ષણિક સ્ટાફનો સમાવેશ થાય છે ;

(૭) "નાણાં સમિતિ" એટલે, કલમ ૧૮ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણાં સમિતિ; ;

INDEX

(૮) "ઠરાવેલું" એટલે સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અથવા આ વટહુકમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(૯) "માન્ય સંસ્થા" એટલે સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસ માટે સ્થાપેલી અને જેને યુનિવર્સિટીએ તેવી સંસ્થા તરીકે, માન્ય કરેલી સંસ્થા;

(૧૦) "પ્રાદેશિક કેન્દ્ર" એટલે, કોઈપણ પ્રદેશમાં અભ્યાસ કેન્દ્રોના કામનું સંકલન અને નિરીક્ષણ કરવાના હેતુ માટે અને વ્યવસ્થાપક બોર્ડ આવા કેન્દ્રોને સોંપ્યાં હોય તેવાં અન્ય કાર્યો બજાવવા માટે યુનિવર્સિટી દ્વારા સ્થાપવામાં અથવા નિભાવવામાં આવેલ કેન્દ્ર;

(૧૧) "શાળા" એટલે યુનિવર્સિટીની અભ્યાસ શાળા ;

(૧૨) "સ્ટેચ્યુટસ", "અધ્યાદેશો" અને "વિનિયમો" એટલે અનુક્રમે આ વટહુકમ હેઠળ કરેલ અને તે સમયે અમલમાં હોય તેવા સ્ટેચ્યુટસ, અધ્યાદેશો અને વિનિયમો;

(૧૩) "વિદ્યાર્થી" એટલે યુનિવર્સિટીનો વિદ્યાર્થી અને તેમાં યુનિવર્સિટીનો કોઈપણ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે પોતાનું નામ દાખલ કરાવ્યું હોય તેવી કોઈપણ વ્યકિતનો સમાવેશ થાય છે;

(૧૪) "અભ્યાસ કેન્દ્ર" એટલે, યુનિવર્સિટીએ, વિદ્યાર્થીઓને સલાહ આપવા, તેમની સાથે વિચાર વિનિમય કરવા, મૂલ્યાંકન કરવા અથવા અન્ય આવશ્યક મદદ આપવા માટેના હેતુ માટે સ્થાપેલ, નિભાવેલ અથવા માન્ય કરેલ કેન્દ્ર;

(૧૫) "અધ્યાપકો" એટલે, પ્રોફેસરો, રીડરો, લેકચરરો અને યુનિવર્સિટીમાં શિક્ષણ આપવા અથવા યુનિવર્સિટીનો કોઈ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અથવા મદદ પૂરી પાડવા માટે અધ્યાદેશો દ્વારા નામોદ્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વ્યકિતઓ;

(૧૬) "યુનિવર્સિટી" એટલે, કલમ ૩ હેઠળ સ્થાપેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી;

(૧૭) "કુલપતિ" એટલે યુનિવર્સિટીના કુલપતિ.

પ્રકરણ ૨

યુનિવર્સિટી

૩. **યુનિવર્સિટીનું સ્થાપના અને તેનું સંસ્થાપન.**—(૧) "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામની એક યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.

(૨) યુનિવર્સિટીનું મુખ્ય મથક અમદાવાદ ખાતે રહેશે; અને યુનિવર્સિટી, રાજ્યમાં પોતાને યોગ્ય લાગે તેવા અન્ય સ્થળોએ સંસ્થાઓ, શાળાઓ, પ્રાદેશિક કેન્દ્રો અને અભ્યાસ કેન્દ્રો સ્થાપી શકશે, નિભાવી શકશે અથવા તેને માન્યતા આપી શકશે.

(૩) પ્રથમ કુલપતિ, વ્યવસ્થાપક બોર્ડ, શૈક્ષણિક આયોજન બોર્ડ અને નાણાં સમિતિના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તે તમામ વ્યકિતઓએ હોદ્દા અથવા સભ્યપદ ધરાવતા ચાલુ રાખે ત્યાં સુધી તે બધાનું "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ, આથી રચવામાં આવે છે અને તે તરીકે જાહેર કરવામાં આવે છે અને યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

૪. **યુનિવર્સિટીના ઉદ્દેશો.**—યુનિવર્સિટીનો ઉદ્દેશ, કોઈપણ સંદેશા વ્યવહાર પદ્ધતિના ઉપયોગ સહિત વિવિધ સાધનો દ્વારા શિક્ષણ અને જ્ઞાનની વૃધ્ધિ અને પ્રસાર કરવાનો, વસતીનાં મોટા ભાગને ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડવાનો અને સામાન્ય રીતે લોકોના કલ્યાણ માટે શિક્ષણને ઉત્તેજન આપવાનો ઓપન યુનિવર્સિટીને અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શિક્ષણ પધ્ધતિને, પ્રોત્સાહન આપવાના રહેશે.

૫. **યુનિવર્સિટીની સત્તા.**— યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે :—

(૧) યુનિવર્સિટી વખતોવખત નકકી કરે તેવા જ્ઞાન, ટેકનોલોજી, વ્યવસાયી અને ધંધાદારી શાખાઓમાં શિક્ષણ માટે જોગવાઈ કરવાની અને સંશોધન, પ્રગતિ અને વિસ્તરણ માટે જોગવાઈ કરવાની ;

INDEX

(૨) પદવી, ડિપ્લોમાઓ, પ્રમાણપત્રો અથવા અન્ય કોઈ હેતુ માટે અભ્યાસક્રમોનું આયોજન કરવાની અને તે ઠરાવવાની ;

(૩) પરીક્ષા અથવા કસોટી લેવાની અને યુનિવર્સિટીમાં માન્ય અભ્યાસ પૂરો કર્યો હોય અથવા સ્ટેચ્યુટ અને અધ્યાદેશોથી જણાવેલી રીતે સંશોધન કર્યું હોય તે વ્યકિતઓને પદવી અને ડિપ્લોમા આપવાની અને તેને પ્રમાણપત્રો અથવા શૈક્ષણિક માનપત્રો અથવા માન્યતા આપવાની ;

(૪) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે માનદ્ પદવીઓ અથવા બીજાં શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાની;

(૫) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે, યુનિવર્સિટીએ એનાયત કરેલી અથવા આપેલી કોઈ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર પાછાં ખેંચી લેવાની અથવા રદ કરવાની;

(૬) યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમોના સંબંધમાં દૂરવર્તી પધ્ધતિથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાના રીત નકકી કરવાની;

(૭) શિક્ષણ આપવા માટે અથવા શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે અથવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન, આલેખન અને તે આપવા અને તેમણે કરેલા કામના મૂલ્યાંકન સહિત, અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની અને તેમની લાયકાતો ઠરાવવા માટે જરૂરી પ્રોફેસરોની, રીડરોની, લેકચરરોની અને શૈક્ષણિક જગાઓ ઊભી કરવાની;

(૮) વ્યકિતઓને અધ્યાપકો તરીકે નીમવાની, રાખવાની અથવા માન્ય કરવાની;

(૯) જુદી જુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો કરાવવાની;

(૧૦) યુનિવર્સિટી નકકી કરે તેવા હેતુઓ માટે બીજી કોઈ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, વ્યવસાયિક મંડળો અને સંગઠનો સાથે સહકાર આપવાની અને તેમનો સહકાર માંગવાની;

(૧૧) ટ્રસ્ટો અને દેણગીઓ ધરાવવાની અને તેનો વહીવટ કરવાની અને ફેલોશીપ, શિષ્યવૃત્તિ, ચંદ્રકો, ઈનામો અને ગુણવત્તાની માન્યતા માટે હોય તેવી બીજા અન્ય એવોર્ડો શરૂ કરવાની અને એનાયત કરવાની;

(૧૨) યુનિવર્સિટી વખતોવખત નકકી કરે તેવા પ્રાદેશિક કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા તે માન્ય કરવાની;

(૧૩) સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તે રીતે, અભ્યાસ કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા માન્ય કરવાની;

(૧૪) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓ તપાસવાની અને તેમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમનાં યોગ્ય ધોરણો જળવાય છે તે અને તેમાં ગ્રંથાલય તેમજ પ્રયોગશાળાની પૂરતી સગવડ છે, તેની ખાતરી માટે પગલાં લેવાની;

(૧૫) ફિલ્મો, કેસેટો, ટેપો, વિડિયો કેસેટો અને અન્ય સોફ્ટવેર સહિતની શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે જોગવાઈ કરવાની;

(૧૬) અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકન કરનારાઓ અને અન્ય શૈક્ષણિક સ્ટાફ માટે ઓપવર્ગ, વર્કશોપ, સેમિનાર અને અન્ય કાર્યક્રમોની વ્યવસ્થા કરવાની અને તેનું સંચાલન કરવાની ;

(૧૭) અધ્યાપન અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને બીજી સાધન-સામગ્રીની વ્યવસ્થા કરવાની;

(૧૮) અન્ય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ અથવા યુનિવર્સિટીના અભ્યાસક્રમની પરીક્ષાઓ અથવા પિરીયડોને સમકક્ષ હોય તેવા ઉચ્ચ શિક્ષણનાં અન્ય સ્થળોની પરીક્ષાઓ અથવા અભ્યાસના (પૂરેપૂરા અથવા તેના ભાગના) પિરીયડોને માન્ય કરવાની અને કોઈપણ સમયે આવી માન્યતા પાછી ખેંચી લેવાની;

(૧૯) શૈક્ષણિક ટેકનોલોજી અને તેની સાથે સંકળાયેલ બાબતોમાં સંશોધન કરવા અને તેનો વિકાસ કરવા માટે જોગવાઈ કરવાની;

(૨૦) યુનિવર્સિટીને વખતોવખત જરૂરી લાગે તેવી વહીવટી, દફતરી અને બીજી જગાઓ ઉભી કરવાની અને તે અંગે નિમણૂકો કરવાની;

INDEX

(૨૧) શૈક્ષણિક અને અન્ય સામાજિક અથવા રાષ્ટ્રીય કારણો માટે લાભો, સખાવતો અને બક્ષિસો સ્વીકારવાની અને તેના યોગ્ય હિસાબો રાખવાની ;

(૨૨) યુનિવર્સિટીના હેતુઓ માટે જંગમ અથવા સ્થાવર બંને મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની, તેનામાં નિહિત થાય તેની અથવા પોતે સંપાદન કરે તેની, કોઈપણ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવાની, વેચવાની, અથવા અન્યથા તબદીલ કરવાની અથવા તેનો નિકાલ કરવાની અને આ વટહુકમના હેતુઓ માટે કરાર કરવાની અને જરૂરી અન્ય તમામ કાર્યો અને કૃત્યો કરવાની :

પરંતુ રાજ્ય સરકારની પૂર્વ સંમતિ સિવાય, આવી રીતે સ્થાવર મિલકત પેટે આપી શકાશે નહિ, વેચી શકાશે નહિ અથવા તબદીલ કરી શકાશે નહિ:

વધુમાં, રાજ્ય સરકારને ખાતરી થાય કે આવી કોઈપણ મિલકત યુનિવર્સિટીના હિતમાં, પટે આપી શકાય, વેચી શકાય અથવા અન્યથા તબદીલ કરી શકાય અથવા તેનો નિકાલ કરી શકાય અથવા નિકાલ કરવાનું યુનિવર્સિટીના હિતમાં છે ત્યારે, રાજ્ય સરકારે યુનિવર્સિટીને જરૂરી આદેશો આપવા જોઈશે અને યુનિવર્સિટીએ આવા આદેશોનું તરત જ પાલન કરવું જોઈશે ;

(૨૩) યુનિવર્સિટીના હેતુ માટે રાજ્ય સરકારની મંજૂરીથી, યુનિવર્સિટીની મિલકતની જામીનગીરી ઉપર અથવા અન્યથા, નાણા ઉછીના લેવાની;

(૨૪) કરારો કરવાની, પાર પાડવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે રદ કરવાની;

(૨૫) વટહુકમોથી ઠરાવવામાં આવે તેવી ફી અને અન્ય ચાર્જો નક્કી કરવાની, માંગવાની અને લેવાની;

(૨૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્તને ઉત્તેજન આપવાની, તેનું નિયંત્રણ કરવાની અને તે જાળવવાની;

(૨૭) યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધ્યાપકીય, અન્ય શૈક્ષણિક અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને નોકરીની બીજી શરતો અને તેની આચાર સંહિતા ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૨૮) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે ઉચ્ચ શિક્ષણ અથવા અભ્યાસક્રમોની કોઈપણ સંસ્થા સ્થાપવા કરવાની અને આવી માન્યતા પાછી ખેંચી લેવાની;

(૨૯) પુરસ્કારતી પ્રોફેસરો, નિવૃત્ત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલરો, ક્લાર્કો, કોર્સ રાઈટર અને યુનિવર્સિટીના ઉદ્દેશોની ઉન્નતિમાં ફાળો આપે તેવી અન્ય વ્યક્તિઓને કરારથી અથવા અન્યથા રાખવાની;

(૩૦) યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન કાર્યનું સંચાલન કરવાની, સંકલન કરવાની, દેખરેખ રાખવાની, નિયમન અને નિયંત્રણ કરવાની;

(૩૧) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી લાયકીઓ અને શરતોએ યુનિવર્સિટીના અધ્યાપકો તરીકે અન્ય યુનિવર્સિટીઓમાં, સંસ્થાઓમાં અથવા સંગઠનોમાં કામ કરતી વ્યક્તિઓને માન્ય કરવાની;

(૩૨) જેમાં પરીક્ષા, મૂલ્યાંકન અને કસોટીની કોઈ અન્ય પધ્ધતિનો સમાવેશ કરી શકાય તેવા યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં, વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેના ધોરણો અને શરતો નિર્દિષ્ટ કરવાની;

(૩૩) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની અને યુનિવર્સિટીની અંદર અથવા તેની બહાર પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીઓએ પોતે જ અથવા બીજી કોઈ વ્યક્તિઓ દ્વારા ગેરરીતિઓ આચરવા અથવા તેમાં મદદગારી કરવા સહિત, શિસ્તભંગ અથવા ગેરવર્તણૂક માટે યોગ્ય લાગે તેવી શિક્ષા તેઓને કરવાની;

(૩૪) વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના સામાન્ય સ્વાસ્થ્ય અને કલ્યાણના પ્રોત્સાહન માટે ગોઠવણ કરવાની;

(૩૫) યુનિવર્સિટીની તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા વાપરવા જરૂરી અથવા આનુષંગિક હોય અને યુનિવર્સિટીના ઉદ્દેશોને પ્રોત્સાહન આપવામાં સહાયક હોય તેવા તમામ અન્ય કાર્યો કરવાની.

૬. હકૂમત.—યુનિવર્સિટીને, પોતાની સત્તાની રૂએ, સમગ્ર ગુજરાત રાજ્યમાં હકૂમત રહેશે.

INDEX

૭. તમામ વર્ગો, જ્ઞાતિઓ અને પંથ માટે યુનિવર્સિટી ખુલ્લી રહેશે.—(૧) યુનિવર્સિટી, લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ અથવા વર્ગની વ્યક્તિઓ માટે ખુલ્લી રહેશે અને કોઈ વ્યક્તિને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે નીમવા અથવા તેમાં બીજો કોઈપણ હોદ્દો કે જગા ધરાવવા અથવા યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે દાખલ થવા અથવા તેમાં સ્નાતક થવા અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટજ્ઞાન માટે લાયકાત મેળવવા અથવા યુનિવર્સિટીનો કોઈ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેને લાભ મેળવવાનો હક મળી શકે તે માટે યુનિવર્સિટી તેના માટે કોઈ લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ અથવા વાર્ષિક આવકતા અથવા વ્યવસાય અથવા રાજકીય અથવા બીજા કોઈ મંતવ્ય અંગેની કોઈ કસોટી સ્વીકારે અથવા રાખે, તો તે ક્લૉઝ ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંના કોઈ ઠરાવથી, રાજ્ય સરકાર, વખતોવખત કોઈ આદેશ આપે તો તે અનુસાર, સ્ત્રીઓ અથવા સમાજના નબળા વર્ગોની વ્યક્તિઓ અને ખાસ કરીને અનુસૂચિત જાતિની અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને, નિમણૂક અથવા પ્રવેશ આપવા માટેની કોઈ ખાસ જોગવાઈઓ કરતાં યુનિવર્સિટીને બાધ આવે છે એમ ગણાશે નહિ.

પ્રકરણ ૩

યુનિવર્સિટીના અધિકારીઓ

૮. યુનિવર્સિટીના અધિકારીઓ.—યુનિવર્સિટીના અધિકારીઓ નીચે મુજબ રહેશે:—

(૧) કુલાધિપતિ;

(૨) કુલપતિ;

(૩) નિયામકો;

(૪) રજિસ્ટ્રારો; અને

(૫) સ્ટેચ્યુટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાંના બીજા અધિકારીઓ.

૯. કુલાધિપતિ અને તેમની સત્તા.—(૧) ગુજરાતના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના કોઈપણ કામકાજને લગતી માહિતી અથવા રેકૉર્ડ, વખતોવખત મંગાવવાને સક્ષમ રહેશે. અને કુલપતિએ તે પૂરું પાડવું જોઈશે એવી માહિતી અથવા રેકૉર્ડ જોઈ ગયા પછી, યુનિવર્સિટીના હિતમાં, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કુલપતિને આપવાનું પણ કુલાધિપતિ માટે કાયદેસર ગણાશે અને કુલપતિએ તેવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૩) પેટા-કલમો (૪) અને (૧૧)ની જોગવાઈઓને અધીન રહીને કુલાધિપતિને પોતે આદેશ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા યુનિવર્સિટીની તેના મકાનોની, ગ્રંથાલયોની, પ્રયોગશાળાઓની અને સાધન સામગ્રીની અને કોઈપણ પ્રાદેશિક કેન્દ્રની અથવા અભ્યાસ કેન્દ્રની અને યુનિવર્સિટીએ સંચાલન કરેલ કોઈ પરીક્ષા, શિક્ષણ અને કરેલ અન્ય કામની તપાસ કરાવડાવવાનો અને યુનિવર્સિટીના વહીવટ અને નાણા સાથે સંકળાયેલી કોઈ બાબતના સંબંધમાં તેવી જ રીતે તપાસ કરાવડાવવાનો હક રહેશે.

(૪) કુલાધિપતિ, કરેક કિસ્સામાં, નિરીક્ષણ કરાવવાના અથવા તપાસ કરવવાના પોતાના ઈરાદાની યુનિવર્સિટીને નોટિસ આપવી જોઈશે અને યુનિવર્સિટીને આવી નોટિસ મળે, નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર અથવા કુલાધિપતિ નક્કી કરે તેવી બીજી કોઈ મુદતની અંદર પોતાને જરૂરી લાગે તેવી રજૂઆત કરવાનો હક રહેશે.

(૫) યુનિવર્સિટીએ, કોઈ રજૂઆત કરી હોય તો તેની વિચારણા કર્યા પછી, કુલાધિપતિ, પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલ હોય તેવું નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે.

(૬) કુલાધિપતિ કોઈ નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવે ત્યારે, યુનિવર્સિટીને પ્રતિનિધિ નિમવાનો હક રહેશે, જેઓને એવા નિરીક્ષણ અથવા તપાસ વખતે જાતે હાજર રહેવાનો અને સુનાવણીનો હક રહેશે.

(૭) કુલાધિપતિ આવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામના સંદર્ભમાં કુલાધિપતિ તેના ઉપર પગલાં લેવા સંબંધી સલાહ આપવા ઈચ્છે તેવા દૃષ્ટિકોણ સાથે લખાણ કરી શકશે અને કુલાધિપતિએ કરેલ લખાણ કુલપતિએ નિરીક્ષણ અથવા તપાસના પરિણામની અને કુલાધિપતિના દૃષ્ટિકોણની અને તે અંગે લીધેલાં પગલાં ઉપર પોતે આપેલી સલાહની વ્યવસ્થાપક બોર્ડને તરત જ જાણ કરવી જોઈશે.

INDEX

(૮) વ્યવસ્થાપક બોર્ડે કુલપતિ મારફત કુલાધિપતિને એવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામે પોતે લેવા ધારેલ હોય અથવા લેવામાં આવ્યા હોય તેવા કોઈપણ પગલાંની જાણ કરવી જોઈશે.

(૯) વ્યવસ્થાપક બોર્ડે કુલાધિપતિએ નક્કી કરેલ સમય-મર્યાદાની અંદર, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે કોઈ પગલું લીધું ન હોય ત્યારે કુલાધિપતિ, વ્યવસ્થાપક બોર્ડે આપેલ કોઈ ખુલાસા અથવા કરેલ કોઈ રજૂઆત વિચારણા કર્યા પછી પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કાઢી શકશે અને વ્યવસ્થાપક બોર્ડ તેવા આદેશોનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૧૦) રાજ્ય સરકાર, જ્યારે જ્યારે પોતાને યોગ્ય લાગે ત્યારે ત્યારે, પેટા-કલમો (૨) થી (૯)માં વર્ણવેલી રીતે તેવા નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે અને તેને આવા નિરીક્ષણ અથવા તપાસના હેતુઓ માટે સદરહુ પેટા-કલમો હેઠળ તેને કુલાધિપતિની તમામ સત્તા રહેશે.

૧૦. કુલપતિ.—(૧) રાજ્ય સરકાર પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નિમાયેલી સમિતિએ પેટા-કલમ (૩) હેઠળ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી કુલપતિની નિમણૂક કરશે.

(૨) (ક) પેટ-કલમ (૧)ના હેતુઓ માટે, કુલાધિપતિ એક સમિતિ નીમશે જે નીચેના સભ્યોની બનશે :–

(૧) વ્યવસ્થાપક બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો, યુનિવર્સિટી સાથે સંકળાયેલ ન હોય તેવો એક સભ્ય;

(૨) ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપિત તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓના બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો એક સભ્ય;

(૩) કુલાધિપતિએ નિયુકત કરવાનો એક સભ્ય;

(ખ) કુલાધિપતિ, સમિતિના ત્રણ સભ્યોમાંથી એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) તેવી રીતે નિમાયેલી સમિતિ, વાજબી સમયની અંદર કુલપતિ તરીકે નિમાવા માટે પોતે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજ્ય સરકારને, તેમના સંબંધી તેવી બીજી વિગતો સાથે તેવી રીતે પસંદ કરેલી વ્યકિતઓનાં નામોની ભલામણ કરશે:

પરંતુ કુલપતિ તરીકે નીમવામાં આવી હોય તેવી જે કોઈ વ્યકિત, ત્રણ વર્ષની મુદત પૂરી થતાં પહેલાં, ૬૫ વર્ષની ઉંમરે પહોંચ્યાને કારણે તે હોદ્દો ધરાવતી બંધ થાય થાય તેને શકય હોય તેટલે સુધી, સમિતિ પસંદ કરી શકશે નહિ.

(૪) કુલપતિ, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે વધુ ત્રણ વર્ષની મુદત માટે તે હોદ્દા ઉપર ફેર નિમણૂંકને પાત્ર ગણાશે. :

પરંતુ રાજ્ય સરકાર, કોઈપણ કુલપતિને, તેની મુદત પૂરી થયા પછી, રાજ્ય સરકાર, નિર્દિષ્ટ કરે તે પ્રમાણે એક વર્ષની કુલ મુદતથી વધુ ન હોય તેટલી મુદત સુધી હોદ્દા પર ચાલુ રહેવા ફરમાવી શકશે.

વધુમાં કુલપતિ તરીકે નિમાયેલી કોઈ વ્યકિત ૬૫ વર્ષની ઉંમર થયા પછી કુલપતિ તરીકે પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલુ રાખી શકશે નહિ.

(૫) કુલપતિને આપવાનું મળતર અને જેને અધીન રહીને તેણે હોદ્દો ધરાવવો જોઈશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

૧૧. કુલપતિની સત્તા.—(૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય શૈક્ષણિક અને વહીવટી અધિકારી રહેશે અને યુનિવર્સિટીના કામકાજ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની સત્તા વાપરશે અને યુનિવર્સિટીના તમામ અધિકારી મંડળના નિર્ણયોનો અમલ કરાવશે.

(૨) આ વટહુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો એવો અભિપ્રાય થાય કે કોઈપણ બાબત ઉપર તાત્કાલિક પગલું લેવું જરૂરી છે તો, તેઓ, આ વટહુકમથી અથવા તે હેઠળ યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને સોંપેલી કોઈપણ સત્તા વાપરી શકશે અને તેવી બાબત ઉપર પોતે લીધેલા, પગલાં વિષે તેવા અધિકારીમંડળને જાણ કરશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો એવો અભિપ્રાય થાય કે આવું પગલું લેવામાં આવ્યું નથી તો, તેઓ તે બાબત કુલાધિપતિને મોકલી શકશે, જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે :

INDEX

વધુમાં, આ પેટા-કલમ હેઠળ કુલપતિએ લીધેલા પગલાંથી નારાજ થયેલી હોય તેવી યુનિવર્સિટીની સેવામાંની કોઈપણ વ્યકિતને, તેને આવા પગલાંની જે તારીખે જાણ કરવામાં આવી હોય તે તારીખથી નેવું દિવસની અંદર, વ્યવસ્થાપક બોર્ડને આવા પગલાં સામે, અપીલ કરવાનો હક રહેશે અને તેમ થયે, વ્યવસ્થાપક બોર્ડ, કુલપતિએ લીધેલાં પગલાંને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

(૩) આ વટહુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો અભિપ્રાય એવો થાય કે કોઈપણ અધિકારીમંડળનો કોઈ નિર્ણય અથવા હુકમ, તેને આપેલી અધિકારીમંડળની સત્તા બહારનો છે અથવા આ વટહુકમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશ, નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓ સાથે અસંગત છે અથવા લીધેલા કોઈપણ નિર્ણય, યુનિવર્સિટીના હિતમાં નથી અથવા શાંતિનો ભંગ થવાનો સંભવ છે, તો, એવા નિર્ણયના સાઠ દિવસની અંદર પોતાના નિર્ણયની પુનર્વિચારણા કરવાનું સંબંધિત અધિકારીમંડળને પોતે કહી શકશે અને સંબંધિત અધિકારીમંડળ, કુલપતિએ આદેશ આપ્યા પ્રમાણે પોતાના નિર્ણયની પૂરેપૂરી અથવા અંશત : રીતે પુનર્વિચારણા કરવાની ના પાડે, અથવા સાઠ દિવસની સદરહુ મુદતની અંદર તે નિર્ણય ન લે તો, તે બાબત રાજ્ય સરકારને મોકલવી જોઈશે, જેનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો નિર્ણય, આ પેટા-કલમ હેઠળ, અધિકારીમંડળે અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકાર પુનર્વિચારણા કરે તે મુદત દરમિયાન મુલતવી રાખવો જોઈશે.

(૪) અધિકારીમંડળ, પુનર્વિચારણા કર્યા પછી, કુલપતિએ જણાવેલી રીતે કોઈ નિર્ણય અથવા હુકમમાં સુધારો કરે અથવા તેમાં ફેરફાર કરે ત્યારે એવી રીતે સુધારેલા અથવા ફેરફાર કરેલા નિર્ણય અથવા હુકમ, તેવા સુધારા અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરીથી અમલમાં આવશે.

(૫) આ વટહુકમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમોનું વિશ્વાસપૂર્વક પાલન કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ ગણાશે અને આ હેતુ માટે તેમને તમામ જરૂરી સત્તા રહેશે.

(૬) કુલપતિ, સ્ટેચ્યુટ અને અધ્યાદેશો દ્વારા ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવાં બીજાં કાર્યો બજાવશે.

૧૨. નિયામકો.—રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવા મળતરની અને સેવાની અન્ય શરતોએ, નિયામકની નિમણૂક કરવી જોઈશે અને સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો અને કાર્યો બજાવશે.

૧૩. રજિસ્ટ્રાર.- (૧) રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવે તેવી રીતે તેવા મળતરથી અને સેવાની શરતોએ રજિસ્ટ્રારની નિમણૂક કરવી જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે સત્તા આપેલ રજિસ્ટ્રારને યુનિવર્સિટી વતી, કબૂલાતો અને કરારો કરવાની અને તેના ઉપર સહી કરવાની અને રેકર્ડ અધિકૃત કરવાની સત્તા રહેશે.

(૩) રજિસ્ટ્રાર, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવાં ફરજો અને કાર્યો બજાવશે.

૧૪. બીજા અધિકારીઓ.- યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂકની રીત, મળતર, સત્તા અને ફરજો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

પ્રકરણ ૪

યુનિવર્સિટીના અધિકારીમંડળો

૧૫. યુનિવર્સિટીનુ અધિકારી મંડળ.— યુનિવર્સિટીનું અધિકારી મંડળ નીચે પ્રમાણે રહેશે:—

(૧) વ્યવસ્થાપક બોર્ડ;

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડ ;

(૩) નાણાં સમિતિ;

(૪) યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવાં બીજા અધિકારી મંડળો.

INDEX

૧૬. વ્યવસ્થાપક બોર્ડ.—(૧) વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય એકિઝકયુટીવ મંડળ રહેશે ;

(૨) વ્યવસ્થાપક બોર્ડની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેની સત્તાઓ અને તેનાં કાર્યો સ્ટેચ્યુટ થી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

૧૭. શૈક્ષણિક આયોજન બોર્ડ.—(૧) યુનિવર્સિટીના શૈક્ષણિક આયોજન બોર્ડની રચના કરવી જોઈશે, જે યુનિવર્સિટીનું મુખ્ય શૈક્ષણિક અને આયોજન મંડળ રહેશે. બોર્ડ, યુનિવર્સિટીના અભ્યાસ, શિક્ષણ, પ્રશિક્ષણ, મૂલ્યાંકન અને પરીક્ષાનું ધોરણ જાળવવાને જવાબદાર રહેશે અને વધુમાં યુનિવર્સિટીના વિકાસને ઉત્તેજન આપવાને પણ જવાબદાર રહેશે અને સ્ટેચ્યુટોથી મળે તેવી અથવા મૂકવામાં આવે તેવી સત્તાઓ વાપરશે અને તેવી બીજી ફરજો અને કાર્યો બજાવશે.

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેનાં સત્તાઓ અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

૧૮. નાણાં સમિતિ.—નાણાં સમિતિની રચના, સત્તા, ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

૧૯. બીજા અધિકારી મંડળો.—યુનિવર્સિટીના અધિકારીમંડળ તરીકે સ્ટેચ્યુટથી જાહેર કર્યા હોય તેવાં બીજા અધિકારી મંડળોની રચના, સત્તા, ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ ૫

સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો

૨૦. સ્ટેચ્યુટો.—આ વટહુકમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને, સ્ટેચ્યુટથી નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે:

(ક) કુલપતિ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ખ) કુલપતિનું મળતર અને સેવાની બીજી શરતો;

(ગ) અધિકારીઓની નિમણૂકની રીત અને તેમનું મળતર અને નિયામક, રજિસ્ટ્રાર અને બીજા અધિકારીઓ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ઘ) યુનિવર્સિટીના તમામ અધિકારીમંડળોની રચના, આવા અધિકારીમંડળોના સભ્યોના હોદ્દાની મુદત અને આવા અધિકારીમંડળો વાપરી શકે તેવી સત્તા અને બજાવી શકે તેવાં કાર્યો;

(ચ) અધ્યાપકો અને યુનિવર્સિટીના બીજા કર્મચારીઓની નિમણૂકની રીત, નોકરી સમાપ્ત કરવાની રીત અને બીજા શિસ્ત અંગેના પગલાં સહિત, લાયકાતો, આચારસંહિતા અને સેવાની અન્ય શરતો;

(છ) ટ્રસ્ટ, વસિયત, દાન અને દેણગી સ્વીકારવા અને તેની વ્યવસ્થા કરવી;

(જ) માનદ્ પદવીઓ એનાયત કરવી;

(ઝ) પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(ટ) યુનિવર્સિટીએ વિભાગો, સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસના કેન્દ્રો અને અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા અને નિભાવવા;

(ઠ) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોના રજિસ્ટરની જાળવણી;

(ડ) યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકોની અને તેમનું કાર્ય સંચાલન;

(ઢ) અભ્યાસ કેન્દ્રોમાં પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા;

(ત) આ વટહુકમની અથવા તે હેઠળના સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે અથવા ઠરાવી શકાય તેવી તમામ અન્ય બાબતો.

INDEX

૨૧. સ્ટેચ્યુટો ઘડવા બાબત.–(૧) પહેલો સ્ટેચ્યુટ રાજ્ય સરકારે ઘડવો જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડ, વખતોવખત નવા અથવા વધારાના સ્ટેચ્યુટો કરી શકશે અથવા પેટા–કલમ (૧)માં ઉલ્લેખેલ સ્ટેચ્યુટો સુધારી અથવા રદ કરી શકશે:

પરંતુ વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને વ્યવસ્થાપક બોર્ડે નક્કી કરેલા સમયની અંદર, સૂચિત સુધારાઓમાં પોતાનો અભિપ્રાય લેખિતમાં રજૂ કરવાની વાજબી તક આપવામાં ન આવે અને તેવી રીતે આપેલ અભિપ્રાય ઉપર, વ્યવસ્થાપક બોર્ડે, વિચારણા કરી ન હોય ત્યાં સુધી અથવા અધિકારીમંડળના હોદ્દા, સત્તા અથવા રચનાને સ્પર્શતી કોઈપણ સ્ટેચ્યુટ, ઘડી શકશે નહિ, સુધારી શકશે નહિ અથવા રદ કરી શકશે નહિ.

(૩) દરેક નવો સ્ટેચ્યુટ અથવા સ્ટેચ્યુટોમાંનો ઉમેરો અથવા તેના કોઈ સુધારા અથવા તે રદ કરવાની બાબત, કુલાધિપતિ સમક્ષ રજૂ કરવાં જોઈશે, જેઓ તેને મંજૂરી આપશે અથવા મંજૂરી પાછી ખેંચી લેશે અથવા વ્યવસ્થાપક બોર્ડને પોતે અવલોકનો કર્યા હોય તો, તેના અવલોકનોની પુનઃ વિચારણા માટે પરત મોકલાવશે.

(૪) નવો સ્ટેચ્યુટ કાથવા વિદ્યમાન સ્ટેચ્યુટને સુધારતો અથવા રદ કરતો સ્ટેચ્યુટ. કુલાધિપતિ તેને મંજૂરી આપે નહિ, ત્યાં સુધી કાયદેસર ગણાશે નહિ.

૨૨. અધ્યાદેશ.–(૧) આ વટહુકમની અને સ્ટેચ્યુટોની જોગવાઈઓને અધીન રહીને, વ્યવસ્થાપક બોર્ડ નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરવા અધ્યાદેશ કરી શકાશે:–

(ક) વિદ્યાર્થીઓના પ્રવેશ, અભ્યાસક્રમ અને તેની ફી, પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને બીજા અભ્યાસક્રમોને લગતી લાયકાતો, ફેલોશીપ, એવોર્ડ અને તેના જેવાજ માનપત્રો આપવા માટેની શરતો;

(ખ) પરીક્ષકોની, મોડરેટરોની અને અન્ય સ્ટાફની નિમણૂકની મુદત અને શરતો અને તેમની ફરજો સહિત પરીક્ષાનું સંચાલન;

(ગ) નીચેના સંબંધી નીતિ અને માપદંડ નક્કી કરવાં:–

(૧) પરીક્ષાની ફી અને પરીક્ષકો, મોડરેટરો અને પરીક્ષા કામ માટે નિમાયેલ આવા અન્ય સ્ટાફનું મળતર, મુસાફરી અને અન્ય ભથ્થાં નક્કી કરવાં બાબત;

(૨) ઓપ અભ્યાસક્રમ, વર્કશોપ, સેમિનારો અને બીજા પ્રોગ્રામોની વ્યવસ્થા અને તેના સંચાલન માટે નીમેલા અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકનકારો અને બીજા શૈક્ષણિક સ્ટાફ માટે ચુકવણી;

(૩) વિદ્યાર્થીઓ પાસેથી મળવાપાત્ર ટયુશન–ફી અને બીજા ચાર્જોના દર;

(૪) મુલાકાતી, પ્રોફેસરો, નિષ્ણાત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલર, કલાકાર, કોર્સ રાઈટરોને આપવાના મહેનતાણાના દર;

(ઘ) વિદ્યાર્થીઓની વર્તણુંક અને શિસ્ત અને શિસ્તભંગ અથવા ગેરવર્તણુંક બદલ તેમની સામે લેવાના પગલાં જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :–

(૧) પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીએ પોતે જ અથવા બીજા વિદ્યાર્થી દ્વારા ગેરરીતિ આચરવા અથવા તેમાં મદદગારી કરવાનો;

(૨) પરીક્ષાના ઈન્ચાર્જ અધિકારીએ અથવા યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધિકારીમંડળે કરવાની અધિકૃત તપાસમાં હાજર રહેવાની અથવા પુરાવો આપવાની ના પાડવાનો;

(૩) યુનિવર્સિટીની અંદર અથવા બહાર અયોગ્ય અથવા અન્યથા વાંધાજનક વર્તણુંક કરવાનો;

(ચ) પરીક્ષાઓ અને બીજા ટેસ્ટ લેવા અને જે રીતે ઉમેદવારોનું પરીક્ષકો મૂલ્યાંકન કરે અથવા તપાસે તે રીતનો;

(છ) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓની તપાસણી બાબતનો;

(જ) યુનિવર્સિટી માટે અથવા તેના વતી કરારો અથવા કબૂલાતો કરવાની રીતનો;

INDEX

(ઝ) વિદ્યાર્થીઓની બદલીના સંબંધમાં, અભ્યાસ કેન્દ્રોએ અને માન્ય સંસ્થાઓએ પાલન કરવાના અને અમલ કરવાના નિયમોનો;

(ટ) પદવીઓ, ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવા માટે પદવીદાન સમારંભો યોજવા અને યુનિવર્સિટીમાં માન્ય અભ્યાસક્રમ પાસ કર્યા હોય અથવા સંશોધન કર્યું હોય તેવી વ્યકિતઓની માન્યતા બાબતનો;

(ઠ) રાજયમાંની બીજી યુનિવર્સિટીઓ અને બીજા વૈધાનિક અધિકારીમંડળો સાથે અને રાજય સરકારના વિભાગો સાથે સહયોગ સાધવા બાબતનો;

(ડ) સંયુકત પ્રોજેકટો હાથ ધરવા માટે અધ્યાપકોની અને બીજી કોઈ યુનિવર્સિટીમાં અથવા સંગઠનમાં કામ કરતા બીજા શૈક્ષણિક સ્ટાફની નિર્દિષ્ટ મુદત અથવા મુદતો માટે નિમણૂક કરવા બાબતનો;

(ઢ) યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની સિનિયોરીટીનું નિયમન કરતા સિધ્ધાંતોનો;

(ત) યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ વચ્ચે તકરારની પતાવટ કરવા માટેની કાર્યરીતિનો;

(થ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની જગાઓની પૂરતી સંખ્યા અનામત રાખવા માટેની જોગવાઈ બાબતનો;

(દ) માન્યતા પાછી ખેંચવાની રીતનો;

(ધ) સામાન્ય રીતે, આપેલી સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા માટે વ્યવસ્થાપક બોર્ડના અભિપ્રાય પ્રમાણે જે તમામ બાબતો માટે જોગવાઈ કરવાનું જરૂરી હોય તે તમામ બાબતનો;

(ન) આ વટહુકમ અથવા સ્ટેચ્યુટથી જે બાબતો માટે અધ્યાદેશો દ્વારા જોગવાઈ કરવાની હોય અથવા કરી શકાય તેવી બીજી કોઈપણ બાબતનો;

(૨) પ્રથમ અધ્યાદેશો, કુલપતિએ અથવા તેમની ગેરહાજરીમાં રાજય સરકારની પૂર્વ મંજૂરી લઈને વ્યવસ્થાપક મંડળે કરવા જોઈશે અને તેવી રીતે કરેલા અધ્યાદેશો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે વ્યવસ્થાપક બોર્ડ, કોઈપણ સમયે સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં ઉમેરી શકશે.

૨૩. વિનિયમો..—યુનિવર્સિટીના અધિકારી મંડળો, વ્યવસ્થાપક બોર્ડની મંજૂરીને અધીન રહીને, તેના પોતાના અને તેણે નીમેલ હોય તો તેવી અને જેના માટે આ વટહુકમ સ્ટેચ્યુટમાં અથવા અધ્યાદેશમાં કોઈ જોગવાઈ કરી ન હોય તેવી સમિતિઓના કામકાજ ચલાવવા માટે, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે આ વટહુકમ સ્ટેચ્યુટ અને અધ્યાદેશો સાથે સુસંગત તેવા વિનિયમો કરી શકશે.

૨૪. નિયમો કરવાની સત્તા.—(૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ વટહુકમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની તમામ અથવા તે બાબતોની કોઈપણ બાબતો માટે આવા નિયમો કરી શકાશે:—

(ક) કલમ ૧૨ હેઠળ, નિયામકોની નિમણૂકની રીત, મળતર અને સેવાની બીજી શરતો;

(ખ) કલમ ૧૩ હેઠળ રજિસ્ટ્રારની નિમણૂકની રીત, મળતર અને સેવાની બીજી શરતો; અને

(ગ) નિયમોથી ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજય વિધાન મંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યારપછી તરત આવતા સત્ર દરમ્યાન રાજય વિધાનમંડળ તેમાંથી જે કોઈ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કોઈ રદ કરે અથવા જે કાંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

INDEX

પ્રકરણ ૬

નાણાં

૨૫. યુનિવ (૧) યુનિવર્સિટી "યુનિવર્સિટી ફંડ" એ નામનું એક ફંડ સ્થાપશે.

નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચેની રકમો ભરી શકાશે :-

(૨) યુનિ , કેન્દ્ર સરકાર, ઇંદિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને

(ક) ા અથવા ગ્રાંટો;

આપેલ કારના સાધનોમાંથી યુનિવર્સિટીને થયેલી આવક, આમાં ફી અને ચાર્જની આવકનો સમાવેશ થાયછે;

(ખ)

(ગ) સિયત, દાન, દેણગી, આર્થિક સહાય અને બીજી ગ્રાન્ટોમાંથી થતી તમામ આવક અથવા નાણાં;

(ઘ) સરકારની પૂર્વ મંજૂરી લઈને બેંકોમાંથી ઉછીની લીધેલી કોઈપણ રકમ.

સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટીનું "આકસ્મિક ફંડ" હોવું જોઈશે અને નિભાવવું આ હેતુ માટે ખાસ રીતે રાજ્ય સરકારે ફાળા અથવા ગ્રાન્ટ તરીકે વખતોવખત આપી હોય તેવી રકમો જોજોઈશે. આણધાર્યા ખર્ચને પહોંચી વળવાના હેતુ માટે પેશગીઓ આપવા માટે જ, આવા ફંડનો ઉપયોગ જોઈશે.

રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને યુનિવર્સિટી ફંડનો કોઈ ભાગ, વખતોવખત યુનિવર્સિટીના હિસાબમાં અલગ હેઠળ યુનિવર્સિટી જમા કરાવી શકાશે:

રંતુ જે ઉદ્દેશો માટે આવું અલગ ફંડ ઉભું કરવામાં આવ્યું હોય તે ઉદ્દેશોને સ્પષ્ટ રીતે લાગુ પડતી હોય તેવી ા જ આવા ખાસ સદરમાં જમા કરવી જોઈશે અને ઉધારવી જોઈશે:

વધુમાં, વ્યવસ્થાપક બોર્ડ ખાસ ઠરાવ પસાર કરીને, યુનિવર્સિટીના હિસાબમાં એક સદરમાંથી બીજા સદરમાં કામચલાઉ રીતે કોઈપણ રકમની તબદીલીને અધિકૃત કરી શકશે.

સન ૧૯૩૪ ૨જો. સન ૧૯૪૯ ૧૦મો.

(૫) યુનિવર્સિટી ફંડ, વ્યવસ્થાપક બોર્ડના સ્વવિવેકાનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં અથવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ,૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણે કોઈપણ અનુસૂચિત બેંક જે બેન્કીંગ વિનિમય અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨૨ હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કાઢી આપેલ લાઈસન્સ ધરાવતી હોય તે બેન્કમાં રાખવું જોઈશે.

૨૬. **વાર્ષિક નાણાંકીય અંદાજો.**--(૧) આગામી નાણાકીય વર્ષ માટે યુનિવર્સિટીના વાર્ષિક નાણાકીય અંદાજો, નાણાકીય વર્ષના આરંભથી ઓછામાં ઓછા પાંચ મહિના પહેલા વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ તૈયાર કરવા જોઈશે.

(૨) યુનિવર્સિટીનું નાણાંકીય વર્ષ રાજ્ય સરકારના જેવું જ રહેશે.

(૩) નાણાકીય અંદાજ, વ્યવસ્થાપક બોર્ડને તેની મંજૂરી માટે સાદર કરવા જોઈશે.

(૪) વ્યવસ્થાપક બોર્ડ ત્યારપછી, નાણાકીય અંદાજોની નકલો, રાજ્ય સરકારને મોકલવી જોઈશે.

૨૭. **વાર્ષિક હિસાબો અને તેનું ઓડિટ** .--(૧) નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના હિસાબોનું વાર્ષિક પત્રક, વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ, નાણાકીય વર્ષ બંધ થયા પછી, ત્રણ મહિનાની મુદતની અંદર તૈયાર કરવું જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કરેલ વાર્ષિક હિસાબો, રાજ્ય સરકારે નીમેલા ઓડિટરે ઓડિટ કરવાં જોઈશે.

(૩) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કર્યા પ્રમાણે વાર્ષિક હિસાબો, વાર્ષિક રિપોર્ટની નકલ અને ઓડિટરે તેના અગાઉના રિપોર્ટમાં ઉઠાવેલ વાંધા અને હોદ્દાઓ ઉપર યુનિવર્સિટીએ લીધેલાં પગલાં દર્શાવતા નિવેદનની એક નકલ સહિત, બનતી ત્વરાએ વ્યવસ્થાપક બોર્ડને અને કોઈપણ સંજોગોમાં નાણાકીય વર્ષ પુરું થયે, નવ મહિનાની મુદતની અંદર. રાજ્ય સરકારને અને રાજ્ય સરકારે નીમેલા ઓડિટરને મોકલવી જોઈશે.

(૪) કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ અથવા યોજનાઓ સંબંધી હિસાબો, જે રીતે જાળવવા જોઈએ તે રીત સંબંધી અથવા ઓડિટ રિપોર્ટમાં અનિયમિતતા કરવા માટે દોષિત જણાવેલ યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ, અધિકારી અથવા કોઈ કર્મચારી સામે જરૂરી પગલાં લેવાના સંબંધમાં યુનિવર્સિટીને આદેશો આપવાને રાજ્ય સરકાર સક્ષમ ગણાશે અને યુનિવર્સિટીઓ રાજ્ય સરકારના આદેશો અનુસાર કાર્ય કરવું જોઈશે.

INDEX

૨૮. વાર્ષિક રીપોર્ટ.– યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ, વ્યવસ્થાપક બોર્ડના આદેશો હેઠ જેમાં બીજી બાબતો સાથે તેના ઉદ્દેશોનું પાલન કરવા માટે યુનિવર્સિટીએ લીધેલા પગલાંનો સ જોઈશે,

૨૯. રાજ્ય સરકારનું નાણાંકીય નિયંત્રણ.–(૧) રાજ્ય સરકારની અથવા આ અર્થે તેણે અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, યુનિવર્સિટી– કોઈ

(૧) અધિકારીઓની, અધ્યાપકોની અથવા બીજા કર્મચારીઓની નવી જગાઓ, ઊભી કરી

(૨) તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલ નાણાંકીય જવાબદારીવાળા નિવૃત્તિ પછીના લાભો અને બીજા લાભો સુધારી શકશે નહિ; થાં,

(૩) કોઈપણ વિકાસ કાર્યો પરનો કોઈ ખર્ચ વ્હોરી શકશે નહિ.

(૨) રાજ્ય સરકારની અથવા આવા અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, ઊભી જગા તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલા કોઈ નાણાકીય લાભો અથવા કોઈ અંગે કરેલ કોઈ ખર્ચને સહાયક અનુદાનની ચૂકવણીના હેતુ માટે મંજૂર કર્યા વગરના ખર્ચ તરીકે ગણી

પ્રકરણ ૭

પૂરક જોગવાઈઓ

૩૦. કર્મચારીઓની નોકરીની શરતો.—(૧) યુનિવર્સિટીના દરેક કર્મચારીને લેખિત કરારથી નીમવામાં આવ અને આવો કરાર, આ વટહુકમ, સ્ટેચ્યુટ અને અધ્યાદેશની જોગવાઈઓ સાથે અસંગત હોવો જોઈશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ કરાર, યુનિવર્સિટી પાસે રાખવો જોઈશે અને તેની એક નકલ, સંબંધિત કર્મચારીને આપવી જોઈશે.

૩૧. લવાદી ટ્રિબ્યુનલ.—યુનિવર્સિટી અને યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધ્યાપક વચ્ચેના કરારમાંથી ઉપસ્થિત થયેલ કોઈ તકરાર, સંબંધિત અધિકારી અથવા અધ્યાપકની વિનંતી ઉપરથી વ્યવસ્થાપક બોર્ડ નિયુક્ત કરેલો એક સભ્ય, સંબંધિત અધિકારીએ અથવા અધ્યાપકે નિયુક્ત કરેલો એક સભ્ય અને કુલાધિપતિએ, નીમ- વાના મધ્યસ્થીની બનેલી લવાદી ટ્રિબ્યુનલને લખી મોકલવી જોઈશે. ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાશે અને ટ્રિબ્યુનલે નક્કી કરેલી બાબતના સબંધમાં કોઈપણ દીવાનીકોર્ટમાં દાવો માંડી શકાશે નહિ. આવી દરેક વિનંતી, ભારત લવાદી અધિનિયમ, ૧૯૪૦ના અર્થ મુજબ, આ કલમની શરતોએ લવાદીમાં રજૂ કરી હોવાનું ગણાશે અને તે અધિનિયમની જોગવાઈઓ તદનુસાર લાગુ પડશે. ૧૯૪૦નો ૯

૩૨. સત્તાની સોંપણી.—આ વટહુકમ અને સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા અધિકારીમંડળ હુકમ કરીને સ્ટેચ્યુટો, અધ્યાદેશો અને વિનિયમો કરવાની સત્તા સિવાય, પોતાની અથવા તેની સત્તા પોતાના અથવા તેના નિયંત્રણ હેઠળના બીજા કોઈ અધિકારીને અથવા અધિકારીમંડળને સોંપી શકશે અને એવી શરતને અધીન રહેશે કે એ રીતે સોંપેલી સત્તા વાપરવા માટેની છેવટની જવાબદારી, તેને સોંપતા અધિકારી અથવા અધિકારીમંડળમાં સત્તા નિહિત થવાનું ચાલુ રહેશે.

૩૩. યુનિવર્સિટીના અધિકારી મંડળો અને મંડળોની રચના સંબંધી તકરારો.—(૧) (ક) આ વટહુકમની અથવા કોઈ સ્ટેચ્યુટ, અધ્યાદેશ, વિનિયમો અથવા નિયમોની કોઈ જોગવાઈના અર્થઘટન અંગે, અથવા

(ખ) કોઈ વ્યકિત, યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નીમાયેલ છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે કે કેમ તે સંબંધી,

કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે, તે બાબત રાજ્ય સરકારને રજૂ કરવી જોઈશે, જેનો તે પરનો નિર્ણય આખરી ગણાશે.

(૨) યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા મંડળમાં નિયુકત કરેલી કોઈપણ વ્યકિત અથવા હોદ્દાની રૂએ નીમેલા સભ્ય, સંબંધિત અધિકારીમંડળ, જ્યારે તેની નિયુકિત અથવા નિમણૂક રદ કરે અથવા જેની રૂએ તે યુનિવર્સિટીના અધિકારીમંડળ અથવા મંડળનો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો બંધ થાય ત્યારે, પોતાનો હોદ્દો ખાલી કર્યો છે એમ ગણાશે.

INDEX

૩૪. **પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા બાબત.**—યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા બીજા કોઈ મંડળના (હોદ્દાની રૂએ હોય તેવા સભ્ય સિવાયના) સભ્યનો હોદ્દો તેવા સભ્યના હોદ્દાની મુદત પુરી થાય તે પહેલાં, ખાલી પડે, તો તો જગા, જેમ બને તેમ જલ્દી, યથાપ્રસંગ, કોઈ એક સભ્ય નીમીને અથવા તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઈશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત તો, જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

૩૫. **જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.**—યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા અન્ય કોઈ મંડળનું કૃત્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદમાં જગા ખાલી પડવાના કારણે જ અમાન્ય ગણાશે નહિ.

૩૬. **અધિકારીમંડળો અને અધિકારીઓ જવાબદાર હોવા બાબત.**— યુનિવર્સિટીનું હિત યોગ્ય રીતે સલામત છે, તેવું સુનિશ્ચિત કરવા માટે યુનિવર્સિટીના દરેક અધિકારી મંડળો અને અધિકારીઓની ફરજ ગણાશે.

૩૭. **શુધ્ધબુધ્ધિથી લીધેલા પગલાંનું રક્ષણ.**—આ વટહુકમ, સ્ટેચ્યુટો અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોની કોઈપણ જોગવાઈ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઈ કાર્ય માટે યુનિવર્સિટીના કોઈ અધિકારી, કર્મચારી અથવા અધિકારીમંડળ સામે કોઈપણ દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

૩૮. **યુનિવર્સિટીના રેકર્ડની સાબિતીની રીત.**— યુનિવર્સિટીના કોઈપણ અધિકારી મંડળ અથવા સમિતિની કોઈ પહોંચ અરજી, નોટિસ, હુકમ, કાર્યવાહી, ઠરાવની નકલ અથવા યુનિવર્સિટીના કબજામાંના અન્ય દસ્તાવેજો અથવા યુનિવર્સિટીએ યોગ્ય રીતે જાળવેલ કોઈ રજિસ્ટરમાંની કોઈ નોંધ, રજિસ્ટ્રારે પ્રમાણિત કરી હોય તો તે, બાબતોના પુરાવા તરીકે દાખલ કરવી જોઈશે અને તેના નિર્દિષ્ટ કામકાજમાં તેની અસલ નકલ રજૂ કરી હોય તો, પૂરાવામાં ગ્રાહ્ય ગણાશે.

૩૯. **મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.**— આ વટહુકમની જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત ન થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ વટહુકમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે.

૪૦. **વચગાળાની જોગવાઈઓ.**— આ વટહુકમ અને સ્ટેચ્યુટોમાં ગમે તે મજકૂર હોય તે છતાં,—

(ક) પ્રથમ કુલપતિ, અને પ્રથમ રજિસ્ટ્રારને આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવ્યા પછી, ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત માટે અને રાજ્ય સરકારને યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, શક્ય હોય તેટલું જલ્દી નીમી શકશે.

(ખ) પ્રથમ વ્યવસ્થાપક બોર્ડ વધુમાં વધુ પંદર સભ્યોનું બનશે, તેઓની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ગ) પ્રથમ શૈક્ષણિક આયોજન બોર્ડ, વધુમાં વધુ અગિયાર સભ્યોનું બનશે, જેઓની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ઘ) પ્રથમ નાણાં સમિતિ વધુમાં વધુ સાત સભ્યોની બનશે, જેઓની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

INDEX

નિવેદન

રાજ્ય સ્તરે, પ્રાદેશિક ભાષામાં ઉચ્ચ શિક્ષણ આપતી કોઈ ઓપન યુનિવર્સિટી નથી. તેથી ઉચ્ચ શિક્ષણ આપવા માટે રાજ્યમાં ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવાનું જરૂરી ગણ્યું છે. રાજ્યના સમૃદ્ધ વારસા પર આધારિત ઓપન યુનિવર્સિટી, શિક્ષણ અને તાલીમ વિસ્તરણ દ્વારા રાજ્યના વિકાસમાં રચનાત્મક ભાગ ભજવવા માટે પ્રયત્ન કરશે અને તેનાથી રાજ્યના લોકોની સંસ્કૃતિને ઉત્તેજન મળશે અને વિકાસ સધાશે.

આ હેતુ માટે, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી, મહિનાની ૧૧મી તારીખે ગુજરાત વિધાનસભામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિધેયક, ૧૯૯૪ એ નામનું વિધેયક દાખલ કર્યું હતું. પરંતુ સમયના અભાવે ગૃહ તે વિચારણામાં લઈ શક્યુ નહોતું. રાજ્ય સરકાર, સન ૧૯૯૪ના જૂન મહિનાના શૈક્ષણિક વર્ષથી ઓપન યુનિવર્સિટી સ્થાપી શકે તે હેતુ માટે વટહુકમ પ્રસિધ્ધ કરવાનું જરૂરી ગણ્યું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે આ વટહુકમ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર.
તારીખ : ૧૩મી માર્ચ, ૧૯૯૪.

સરુપસિંહ,
ગુજરાતના રાજ્યપાલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. જે. શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 29 REGISTERED NO. G/GNR/

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, APRIL 22, 1994/VAISAKHA 2, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચેએન-૮) પીએફટી/૧૦૯૪/(એસ.૨૭) (૭) ઠ --૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારઘી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GUJARAT STATE TAX ON PROFESSIONS, TRADES, CALLINGS AND EMPLOYMENTS RULES, 1976.

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ૧૯૭૬.

ક્રમાંક : (જી)એચઓન-૮)/પીએફટી/૧૮૯૪/(એસ.૨૭)(૭)૬/૧.- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૧) ની કલમ-૨૭ની પેટા-કલમ (૩)ન. પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૧૧) ની કલમ ૨૭ થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી, ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો,' ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૧૧માં, પેટા-નિયમ (૧)માં, "કલમ ૧૮ની પેટા-કલમ (૧)" એ શબ્દો આંકડા અને અક્ષર પહેલાં, "નિયમ ૧૧-કથી આવરી લીધેલ માલિક સિવાય" એ શબ્દો, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં નિયમ ૧૧ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :-

"૧૧-ક- કર્મચારીઓની સંખ્યા વીસ કરતાં વધુ ન હોય ત્યારે માલિકની બાબતમા વાર્ષિક પત્રક પૂરું પાડવા બાબત.

(૧) અધિનિયમ હેઠળ નોંધાયેલ જે માલિકની બાબતમાં તરત પછી આવતા વર્ષમાં, કર્મચારીની સંખ્યા વીસ કરતાં વધુ ન હોય તે દરેક માલિકે, નીચેની શરતોને આધીન રહીને, નમૂના પત્રક મુજબ વાર્ષિક પત્રક પૂરું પાડવું જોઈશે:-

(૧) માલિકે પછીનું વર્ષ પૂરું થયાના પંદર દિવસની અંદર નિયત સત્તાધિકારીને, પગાર અને વેતન. કોઈ બાકી હોય તે સહિત આપેલ પગાર અને વેતન અને સદરહુ પગાર અને વેતનમાંથી તેણે કપાત કરેલ વેરાની રકમ, દર્શાવતું પત્રક પૂરું પાડવું જોઈશે.

(૨) માલિકે પોતે, પોતાના કર્મચારીઓને આપે તેવા પગાર અને વેતનો ખાતે અધિનિયમને જોડેલી અનુસૂચિ ૧ની નોંધ ૧માં નિર્દિષ્ટ કરેલ દરોએ વેરાની સમકક્ષ ચૂકવવાપાત્ર રકમ, તરત પછીના ત્રિમાસના પંદર દિવસની અંદર સરકારી તિજોરીમાં ભરવી જોઈશે

(૩) જ્યારે વીસ કરતાં વધારે કર્મચારીની સંખ્યા હોય ત્યારે, માલિકે પછીના વર્ષથી, નિયમ ૧૧ની જોગવાઈઓ અનુસાર પત્રકો પૂરા પાડવાં જોઈશે.

(૨) માલિકને પેટા-નિયમ (૩) હેઠળ એકત્રિત પત્રક ફાઈલ કરવાની પરવાનગી આપવામાં આવી હોય તે સિવાય, કામના સ્થળ માટે નિયત સત્તાધિકારીને અલગ રીતે પત્રક પૂરૂ પાડવું જોઈશે.

(૩) નમૂના ૫-ગગ મુજબ અરજી કર્યે, કમિશનર હુકમ કરીને, કામના એક કરતાં વધુ સ્થળ ધરાવતા અને એક કરતાં વધુ નિયત અધિકારી પાસે અધિનિયમની કલમ ૧૮ની પેટા-કલમ (૧) હેઠળ નોંધાયેલ માલિકને, કોઈપણ એક નિયત સત્તાધિકારી પાસે માલિકના કામના તમામ અથવા કોઈપણ સ્થળને લગતું એકત્રિત પત્રક પૂરું પાડવાની પરવાનગી આપી શકશે.

(૪) કમિશનર, હુકમ કરીને, એકત્રિત પત્રક ફાઈલ કરવાની પરવાનગી,-

૧. સંબંધિત માલિકની વિનંતી ઉપરથી, અથવા

INDEX

૨. સબંધિત માલિકને સાંભાળવાની વાજબી તક આપ્યા પછી લેખિતમાં નોંધવાના બીજા કોઈપણ કારણસર રદ કરી શકશે.

૪. સદરહુ નિયમોમાં, નમૂના પક પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"નમૂનો ૫ "કક"

[જુઓ નિયમ ૧૧ક (૧)(૧)]

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર, વેરા, અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૬ની પેટા કલમ (૧) હેઠળ માલિકે ભરવાના વેરાનું પત્રક

સન ૧૯.....ના માર્ચ મહિનાની ૩૧મી ભરીએ પૂરા થતા વર્ષ માટે ભરવાપાત્ર વેરાનું પત્રક.

માલિકનું નામ :

સરનામું :

રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર :

જેના સંબંધમાં વેરો ભરવાનો હોય તે વર્ષ દરમિયાન કર્મચારીની વિગતો નીચે પ્રમાણે છે:—

૧. સન ૧૯.....ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતા વર્ષ માટેના પગારના સંબંધમાં ભરવાપાત્ર વેરાની ગણતરી માટેની વિગતો:—

કર્મચારી જેનો માસિક પગાર અથવા વેતન.	કર્મચારીઓની સંખ્યા	જેના માટે કલમ-૪ના બીજા પરંતુક હેઠળ કંઈપણ વેરો ભરવાનો ન હોય તે કર્મચારીની સંખ્યા.	જેના સંબંધમાં વેરો ભરવાનો હોય તેવા કર્મચારીની સંખ્યા એટલે કોલમ-૨ બાદ કોલમ-૩	કર્મચારી દીઠ માસિક વેરાનો દર	વેરાનો દર લાગુ પાડતો હોય તે મહિનાની સંખ્યા.	પત્રક હેઠળના વર્ષ દરમિયાન કપાત કરેલી વેરાની કુલ રકમ એટલે કોલમ-૪ ગુણ્યા કોલમ-૫ ગુણ્યા કોલમ-૬
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
(૧) રૂ. ૧૦૦૦/— અથવા વધુ પણ રૂ. ૧૫૦૦/- કરતાં ઓછો હોય.				દર મહિને રૂ. ૧૦/-		
(૨) રૂ. ૧૫૦૦/- અથવા વધુ પણ રૂ. ૨૦૦૦/- કરતાં ઓછો હોય.				દર મહિને રૂ. ૧૫/-		
(૩) રૂ. ૨૦૦૦/- અથવા તેથી વધારે				દર મહિને રૂ. ૨૦/—		

ક. કોલમ ૭નો સરવાળો રૂ. .....

૨. જેના સંબંધમાં પત્રક હેઠળના વર્ષ દમિયાન બાકી રકમ ભરવાને કારણે અગાઉના વર્ષ માટે વધારેલા વેરાના દરે ભરવાનો થાય તેવા કર્મચારીઓની વિગતો.

કર્મચારીઓની સંખ્યા (કોલમ-૪, માં તફાવતના જુદા જુદા દરો માટે અલગ રીતે દર્શાવવી.)	વેરાનો દર બાકી ચૂકવણી ખાતે ભરવાપાત્ર.	અગાઉ કયા દરે વેરો ભરવામાં આવ્યો હતો તે.	તફાવત (એટલે કે કોલમ ૨ બાદ કોલમ-૩).	બાકી વેરાની રકમ ભરવાની હોય તે મહિનાઓની સંખ્યા	ભરવાપાત્ર વધારાનો વેરો એટલે કે કોલમ-૧ ગુણ્યા કોલમ ૪ ગુણ્યા કોલમ-૫.
૧.	૨.	૩.	૪.	૫.	૬.
			રૂા. ૫.		
			રૂા. ૧૦		
			રૂા. ૧૫		
			રૂા. ૨૦		

ખ. કોલમ ૬નો સરવાળો રૂા. .....

ભરવાપાત્ર કુલ રકમ એટલે કે સરવાળો ક. અને સરવાળો ખ. રૂા. .....

વત્તા:— મહિના અથવા તેના ભાગ દીઠ બે ટકાના દરે ઉપરની રકમ ઉપર ભરવા પાત્ર સાદું વ્યાજ (હોય તો તે) (અધિનિયમની કલમ-૯ (૨) જુઓ) રૂા. .....

ભરવાપાત્ર કુલ વેરો તથા વ્યાજ રૂા. .....

ભરેલી રકમની વિગતો

અનુ.ક્રમાંક	મહિનો	ચલન નંબર	ભરપાઈ કર્યાની તારીખ	ભરેલી રકમ
૧.	૨.	૩.	૪.	૫.
૧.	એપ્રિલ ૧૯			
૨.	મે			
૩.	જુન			
૪.	જુલાઇ			
૫.	ઓગસ્ટ			
૬.	સપ્ટેમ્બર.			
૭.	ઓક્ટોબર			
૮.	નવેમ્બર			
૯.	ડિસેમ્બર			
૧૦.	જાન્યુઆરી			
૧૧.	ફેબ્રુઆરી.			
૧૨.	માર્ચ			
			કુલ રૂા.	

*૧૧ મહિના એટલે કે એપ્રિલ ૧૯..... થી ફેબ્રુઆરી ૧૯.....સુધીનું ચલન ઠરાવેલા સમયમ..... વ્યવસાય વેરા અધિકારીને *આપવામાં આવ્યું છે.

આપવામાં આવેલું નથી.

અને સન ૧૯..... ના માર્ચ મહિના માટેનું ચલન આ પત્રક સાથે સામેલ કર્યું છે.

હું પ્રમાણિત કરું છું કે પત્રક હેઠળની મુદત દરમિયાન ત્યારે ત્યાં નોકરી કરતા અને વેરો ભરવાને જવાબદાર તમામ કર્મચારીને પૂર્વવર્તી વિગતોમાં આવરી લીધા છે.

હું એવું પ્રમાણિત કરું છું કે, કર્મચારીઓને મળતા પગાર કે વેતનમાં ફેરફારને કારણે તેમના પગાર કે વેતનમાંથી કપાત કરવાની વેરાની રકમમાં આવશ્યક હોય ત્યાં જરૂરી સુધારા કરવામાં આવ્યા છે.

હું, શ્રી..... ગંભીરતા પૂર્વક એકરાર કરું છું કે ઉપરની હકીકતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ખરી છે.

INDEX

સ્થળ :- સહી.----------

તારીખ :- હોદ્દો :----------

માલિકનું નામ :----------

*લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું."

૫. સદરહુ નિયમોમાં, નમૂના ૫--ગ પછી, નીચેનો નમૂનો દાખલ કરવો :-

"નમૂનો ૫--ગગ"

[જુઓ નિયમ ૧૧ક (૩)]

એકત્રિત પત્રક ફાઈલ કરવાની પરવાનગી આપવા માટેની અરજી.

પ્રતિ,

વ્યવસાય વેરા કમિશનર,
ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

હું/અમે.....છું/છીએ અને..... તરીકે ઓળખાતા વ્યવસાય/ધંધા/રોજગાર કરવા કલમ ૫ની પેટા-કલમ (૧) હેઠળ રજિસ્ટર થયેલ છું/છીએ અને તેની મુખ્ય ઓફિસ/-રજિસ્ટર્ડ ઓફિસ ગુજરાત રાજ્યમાં.....(પૂરું સરનામું) સ્થળે આવેલી છે અને ગુજરાત રાજ્ય, વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ કામની દરેક જગા જેની વિગતો નીચે પ્રમાણે આપી તે માટે રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર.....ધરાવું છું. /ધરાવીએ છીએ તે આથી, કામની તમામ જગાઓ માટે એકત્રિત પત્રક, વ્યવસાય વેરા અધિકારી..... કે જેને મારા/અમારા કામકાજની દરેક જગા માટે મારું/અમારું પત્રક ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રજિસ્ટ્રેશન નંબર.....સહિત મારે/અમારે પૂરું પાડવું જોઈશે તેને પૂરું પાડવાની પરવાનગી માટે અરજી કરું છું/કરીએ છીએ.

જેના સંબંધમાં એકત્રિત પત્રક પૂરું પાડવાની પરવાનગી માટે અરજી કરી હોય તે કામની જગાઓની વિગતો :-

વ્યવસાય/વ્યાપાર, ધંધા/રોજગારનું નામ અને તેનો પ્રકાર અને તેનું સરનામું.	રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નંબર અને તે કાઢી આપ્યાની તારીખ.	જેણે રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય તે વ્યવસાય વેરા અધિકારીનો હોદ્દો
૧	૨	૩

ઉપર જણાવેલ કામની તમામ જગ્યાઓની રચના એક સરખી છે.

ઉપરની તમામ કામની જગાના ભાગીદારો અને ભાગીદારીમાંના હિસ્સા અથવા હિતનું પ્રમાણ એક સરખું છે.

ઉપરની હકીકતો/મારી/અમારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ખરી છે.

INDEX

હું/અમે જ્યાં સુધી મને/અમને તેની પરવાનગી નહિ મળે ત્યાં સુધી, એકત્રિત પત્રકો ફાઈલ ન કરવાની બાંયધરી આપું છું/ આપીએ છીએ.

સ્થળ :— સહી.

તારીખ :— હોદ્દો.

કામે રાખનારનું નામ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 30 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVJ WEDNESDAY, APRIL 27, 1994/VAISAKHA 7, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૧૯૯૪.

તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૭નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન, પંડિત
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 7 OF 1994.

THE GUJARAT AFFILIATED COLLEGES AND UNIVERSITIES SERVICES TRIBUNALS LAWS (AMENDMENT) ACT, 1991.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧૬મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુમારી એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોના સચિવ.

GUJARAT ACT NO. 7 OF 1994.

AN ACT

to amend the Gujarat Affiliated Colleges Services Tribunal Act, 1982 and the Gujarat Universities Services Tribunal Act, 1983.

સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક. ૭.

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી; સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૨૫મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત સંલગ્ન કોલેજ સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૮૨ અને ગુજરાત યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૩ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત સંલગ્ન કોલેજ અને યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૯૧' કહેવાશે.

સન ૧૯૮૨ના ગુજરાતના ૯મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

સન ૧૯૮૨નો ગુજરાતનો ૯મો.

૨. ગુજરાત સંલગ્ન કોલેજ સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૮૨માં, કલમ ૨માં, ખંડ (૧) માં, –

(૧) "અથવા યથાપ્રસંગ" એ શબ્દો કમી કરવા;

(૨) નીચેનો મજકૂર અંતે ઉમેરવો:–

"અથવા, યથાપ્રસંગ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૮૬."

સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૨મો.

સન ૧૯૮૮ના ગુજરાતના ૧લા અધિનિયમનો સુધારો.

સન ૧૯૮૮નો ગુજરાતનો ૧લો.

૩. ગુજરાત યુનિવર્સિટી સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૮૩માં,–

(૧) કલમ ૨ માં, ખંડ (ચ) માં,–

(ક) "અથવા, યથાપ્રસંગ," એ શબ્દો કમી કરવા.

(ખ) નીચેનો મજકૂર અંતે ઉમેરવો :–

INDEX

"અથવા, યથાપ્રસંગ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૮૬.". સન ૧૯૮૬નો ગુજરાતના ૨૨મો

(૨) અનુસૂચિમાં, નીચેની નવી નોંધ અંતે ઉમેરવી :–

"૬. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬નો ગુજરાતનો ૨૨મો.)	(૧)	કલમ ૬૮ કમી કરવી.
	(૨)	કલમ ૬૯માં, પેટા-કલમ (૨) ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી :–

"(૨) ટ્રિબ્યુનલનો નિર્ણય છેવટનો ગણાશે અને ટ્રિબ્યુનલે નિર્ણય કરેલ બાબતના સંબંધમાં દીવાની કોર્ટમાં કોઈ દાવો માંડી શકાશે નહિ. પેટા-કલમ (૧) હેઠળ કરેલી દરેક વિનંતિ, લવાદી અધિનિયમ, ૧૯૪૦ના અર્થ મુજબ આ કલમની રુએ લવાદને સોંપી છે એમ ગણાશે અને તે અધિનિયમની જોગવાઈઓ તદ્નુસાર લાગુ પડશે.". સન ૧૯૪૦નો ૧૦મો.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 31

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVJ THURSDAY, MAY 12, 1994/VAISAKHA 22, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૮૮-૯૪-એએમએન-૮૦૯૪-૧૭૨૧-પીનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS (CONDUCT OF ELECTION) RULES, 1994.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી મે, ૧૯૯૪.

ક્રમાંક : કેવી-૨૮૮-૯૪-એએમએન-૮૦૯૪-૧૭૨૧-પી.—મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯ મા)ની કલમ ૧૪૭ની પેટા-કલમ (૨) સાથે વાંચતાં, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ, સદરહુ કલમ ૪૫૬ની પેટા-કલમ (૨)થી ફરમાવ્યા પ્રમાણે, આથી, પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

INDEX

૨. સૂચિત જાહેરનામાના મુસદ્દા અંગે ઉપર્યુકત મુદત પૂરી થયા પહેલાં, સદરહુ મુસદ્દા સંબંધી, કોઈપણ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના પ૯મા)ની કલમ ૧૪ની પેટા--કલમ (૨)સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :-

ભાગ– ૧.

પ્રારંભિક.

૧. **ટૂંકી સંજ્ઞા** :–આ નિયમો 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ના ચૂંટણી કરવા) બાબતના' કહેવાશે.

૨. **અર્થઘટન** :- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો પ૯મો);

(ખ) "મતપેટી"માં, મતદારોએ મતપત્રો નાંખવા માટે વાપરેલી કોઈ પેટી, બેગ અથવા અન્ય પાત્રનો સમાવેશ થાય છે;

(ગ) "શહેર ચૂંટણી અધિકારી" એટલે, નિયમ ૩ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલી કોઈ વ્યકિત;

(ઘ) "ગણતરી એજન્ટ" એટલે ચૂંટણી પછી મતપત્રોની ગણતરી કરતી વખતે હાજર રહેવા માટે આ નિયમોના નિયમ ૫૪ હેઠળ પોતાના મત ગણતરી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(ચ) "ચૂંટણી" એટલે, કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી અથવા શહેરના કોઈપણ વોર્ડની બેઠક અથવા બેઠકોની કોઈ પેટા--ચૂંટણી;

(છ) "ચૂંટણી એજન્ટ" એટલે, આ નિયમોના નિયમ ૧૮ હેઠળ પોતાના ચૂંટણી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(જ) "મતદાર" એટલે જેમનું નામ મતદાર નોંધણી અધિકારીએ પ્રસિદ્ધ કરેલ મ્યુનિસિપલ મતદાર યાદીમાં સમાવેશ કર્યું હોય અને જે તે ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય તેવી કોઈ વ્યકિત;

(ઝ) કોઈ વોર્ડની ચૂંટણીના સંબંધમાં "મતદાર યાદી" એટલે, તે વોર્ડના સંદર્ભમાં મતદાર નોંધણી અધિકારીએ પ્રસિધ્ધ કરેલી વોર્ડ યાદી ;

(ટ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો કોઈપણ નમૂનો અને તેમાં ગુજરાત રાજ્યમાં સરકારી હેતુ માટે વપરાતી કોઈપણ ભાષામાં તેના ભાષાંતરનો સમાવેશ થાય છે;

(ઠ) "મતદાન એજન્ટ" એટલે મતદાન દરમિયાન મતદાન મથકમાં હાજર રહેવા માટે આ નિયમોના નિયમ ૨૧ હેઠળ પોતાના મતદાન એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(ડ) "મતદાન મથક" એટલે ચૂંટણીમાં મતદાન લેવા માટે આ નિયમોના નિયમ ૨૨ હેઠળ ચૂંટણી અધિકારીએ નિયત કરેલું સ્થળ;

(ઢ) "પ્રમુખ અધિકારી" એટલે આ નિયમોના નિયમ ૨૩ હેઠળ ચૂંટણી અધિકારીએ નીમેલી કોઈ વ્યકિત અને તેમાં, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીના કાર્યો પૈકી કોઈ કાર્ય કરવા માટે મદદનીશ પ્રમુખ અધિકારી અને કોઈ મતદાન અધિકારીનો સમાવેશ થાય છે;

(ત) "ચૂંટણી અધિકારી" એટલે નિયમ ૪ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલી કોઈ વ્યકિત અને તેમાં મદદનીશ ચૂંટણી અધિકારીનો સમાવેશ થાય છે ;

(થ) "કલમ" એટલે અધિનિયમની કલમ ;

(દ) "રાજ્ય ચૂંટણી પંચ" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩--ઠ હેઠળ નીમેલું પંચ.

ભાગ–૨.

ચૂંટણી પ્રક્રિયા

૩. શહેર ચૂંટણી અધિકારીની નિમણૂક :–(૧) શહેરના કોર્પોરેશનની ચૂંટણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચ, જે જિલ્લામાં શહેર આવેલું હોય તે જિલ્લાના કલેકટરને, શહેર ચૂંટણી અધિકારી નીમશે.

(૨) શહેર ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, કોર્પોરેશનની ચૂંટણી કરવા માટે સંપૂર્ણ હવાલો ધરાવશે.

૪. ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી, અધિકારીઓની નિમણૂક :–(૧) કોર્પોરેશનની ચૂંટણીઓ કરવા માટે, રાજ્ય ચૂંટણી પંચ, આ નિયમોના નિયમ ૭૩ની જોગવાઈઓને અધીન રહીને પોતે જરૂરી ગણે તેટલા ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી શકશે.

(૨) ચૂંટણી અધિકારી મૂકે તેવા નિયંત્રણોને અધીન રહીને, મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારીની તમામ અથવા કોઈપણ સત્તા વાપરી શકશે :

પરંતુ નિયમો, ૬ થી ૧૧, ૧૩ ૧૫, ૧૬, ૧૮, ૪૨, ૫૦ થી ૫૩, અને ૫૮ થી ૬૯ હેઠળ ચૂંટણી અધિકારી વાપરી શકે તે સત્તા, મદદનીશ ચૂંટણી અધિકારી વાપરી શકશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ, શહેર ચૂંટણી અધિકારીના સામાન્ય માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કામ કરશે.

૫. ચૂંટણીના ઈરાદાની જાહેર નોટિસ :–(૧) નીચેના પેટા–નિયમો (૨) થી (૫) ને અધીન રહીને, કોર્પોરેશનની ચૂંટણીના ઈરાદાની નમૂના ૧ મુજબની જાહેર નોટિસ, રાજ્ય ચૂંટણી પંચે આપવી જોઈશે અને તેમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ અને જરૂરી હોય તો, ચૂંટણીની તારીખ જણાવવી જોઈશે.

(૨) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉપરના પેટા–નિયમ (૧) હેઠળની જાહેર નોટિસની પ્રસિધ્ધિની તારીખ પછીના સાતમા દિવસની રહેશે અથવા જો તે દિવસ, જાહેર રજાનો દિવસ હોય તો, તે પછીનો જાહેર રજાનો દિવસ ન હોય તેવા તેની તરત પછીના દિવસની રહેશે.

(૩) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ, ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ પછીના દિવસની રહેશે.

(૪) ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ પછી બીજા દિવસની રહેશે,

(૫) ચૂંટણીની તારીખ, ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખના પચીસ દિવસ કરતાં વહેલી હોવી જોઈશે નહિ.

(૬) એવી રીતે જાહેર કરેલી ચૂંટણીના હેતુઓ માટે, આવા જાહેરનામાની તારીખે અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદી, પ્રસ્તુત ગણાશે અને ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી આવી યાદીમાં કોઈ ઉમેરો કરવાની પરવાનગી આપી શકાશે નહિ.

૬. ઉમેદવારીપત્રો મંગાવતી ચૂંટણી અધિકારીની નોટિસ:–નિયમ ૫ હેઠળ જાહેર નોટિસ બહાર પાડવામાં આવે કે તરત, ચૂંટણી અધિકારી, આવી ચૂંટણી માટેના ઉમેદવારોના ઉમેદવારી પત્રો મંગાવતી અને ઉમેદવારી પત્રો સોંપવાના હોય તેનો સમય અને સ્થળ, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેનો સમય અને સ્થળ અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ કયા સમયે અને કયા સ્થળે સોંપવાની છે તે સમય અને સ્થળ નિર્દિષ્ટ કરતી નમૂના ૨ મુજબની જાહેર નોટિસ બહાર પાડશે.

૭. ઉમેદવારીપત્રો.–(૧) દરેક ઉમેદવારી પત્ર, નમૂના ૩ મુજબ હોવું જોઈશે.

(૨) દરેક ઉમેદવારી પત્રમાં, ઉમેદવારનું નામ, ઉંમર, જાતિ અને સરનામાની સંપૂર્ણ વિગતો હોવી જોઈશે. અને તેમાં જેનો તે વોર્ડની ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય અને જેના નામનો તે વોર્ડ માટે વોર્ડ યાદીમાં સમાવેશ થયેલો હોય તેવી બે વ્યક્તિઓ, એક દરખાસ્ત કરનાર અને બીજી ટેકો આપનારની સહી હોવી જોઈશે. અને એવી રીતે ઉમેદવારી કરવાની પોતાની સંમતિના પ્રતિક રૂપે ઉમેદવારની સહી હોવી જોઈશે.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને બીજા પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામતને અધીન રહીને જે વ્યકિત કોર્પોરેશનની ચૂંટણીમાં મત આપવાને હકકદાર હોય અને જેના નામનો મ્યુનિસિપલ મતદાર યાદીમાં સમાવેશ કરેલ હોય તે વ્યકિત કોઈપણ વોર્ડમાંથી ચૂંટણી લડી શકશે.

(૪) જુદા જુદા મતદારો ઉમેદવાર વતી એક કરતાં વધુ ઉમેદવારીપત્રો ફાઈલ કરી શકશે, પણ ઉમેદવાર વતી ફાઈલ કરેલ કુલ ઉમેદવારી પત્રો ચાર કરતાં વધુ હોવા જોઈશે નહિ. ચાર કરતાં વધુ ઉમેદવારી પત્રો રજૂ કરેલા હોય તો, પ્રથમ રજૂ કરેલ ચાર ઉમેદવારી પત્રો વિચારણામાં લેવામાં આવશે અને બાકીના સંક્ષિપ્ત રીતે નામંજૂર કરવામાં આવશે.

INDEX

(૫) મતદાર, એક કરતાં વધુ ઉમેદવારની દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે નિયુક્ત થઈ શકશે નહિ. મતદારે એક કરતં વધુ ઉમેદવારો માટે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે ઉમેદવારી પત્રો ઉપર સહી કરી હોય ત્યારે, ચૂંટણી અધિકારીને પ્રથમ મળેલ એક સિવાયના અન્ય તમામ ઉમેદવારી પત્રો અમાન્ય જાહેર કરવામાં આવશે.

(૬) ઉપર્યુકત સહી આપેલ અને સહી કરેલ દરેક ઉમેદવારી પત્ર, કચેરીના સમય દરમિયાન, પણ નિયમ ૬ હેઠળ ચૂંટણી અધિકારીએ બહાર પાડેલી નોટિસમાં આ અર્થે નિર્દિષ્ટ કરેલા સ્થળે ઉમેદવારોના ઉમેદવારી પત્ર માટે નક્કી કરેલા દિવસોએ બપોરના ત્રણ વાગ્યા પહેલાં ઉમેદવારે જાતે અથવા દરખાસ્ત કરનારે અથવા ટેકો આપનારે ચૂંટણી અધિકારીને સોંપવું જોઈશે.

(૭) ચૂંટણી અધિકારી, ઉમેદવારી પત્ર મળ્યે, ઉમેદવારી પત્રમાં તેનો અનુકમ નંબર નોંધશે અને કઈ તારીખે અને કયા સમયે ઉમેદવારી પત્ર પોતાને સોંપવામાં આવ્યું તે જણાવતા તેની ઉપરના પ્રમાણપત્રમાં સહી કરશે.

(૮) જે ઉમેદવાર યથાપ્રસંગ અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા પછાત વર્ગના ઉમેદવાર તરીકે ગણવા ઈચ્છતા ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર સાથે, જાતિ/આદિજાતિ/ વર્ગનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે રાજય સરકારે નિયત કરેલા સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ આવા પ્રમાણપત્રની અધિકૃત ઝેરોક્ષ નકલ રજૂ કરવી જોઈશે.

ઉમેદવારી પત્રોની ચકાસણી વખતે, અનામત બેઠક સામે ચૂંટાવાને પાત્ર ગણવામાં આવે તેવા ઉમેદવારના દરજજા સંબંધી કોઈ તકરાર ઉભી થાય ત્યારે, ચૂંટણી અધિકારી, ઉમેદવારને ઉપર ઉલ્લેખેલા પ્રમાણપત્રની મૂળ નકલ અને/અથવા ઉમેદવારના દાવાના સમર્થનમાં બીજા કોઈ દસ્તાવેજો રજૂ કરવાનું જણાવી શકશે. આવા પુરાવાની ચકાસણી કર્યા પછી ચૂંટણી અધિકારી, અનામત બેઠક ઉપર ચૂંટાવા માટે પાત્ર થવા ઉમેદવારનો દાવો સ્વીકારવામાં આવ્યો છે કે નહિ તે જાહેર કરશે. દાવો સ્વીકારવામાં આવ્યો ન હોય તો, ઉમેદવારને સામાન્ય ઉમેદવાર તરીકે ગણવામાં આવશે.

૮. ઉમેદવારી પત્રોની ચકાસણી.– નિયમ ૫ હેઠળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટે નક્કી કરેલી તારીખે અને સમયે ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્રો તપાસશે અને કોઈ ઉમેદવારી અંગે લેવામાં આવે તેવા તમામ વાંધાઓનો નિર્ણય કરશે અને આવા વાંધા ઉપરથી અથવા પોતે જરૂરી ગણે તેવી કોઈ સંક્ષિપ્ત તપાસ કર્યા પછી, પોતાની મેળે નીચેના કોઈપણ કારણોસર ઉમેદવારી પત્ર અમાન્ય જાહેર કરી શકશે:–

(૧) મ્યુનિસિપલ મતદાર યાદીમાં શહેરના મતદાર તરીકે ઉમેદવારની નોંધણી કરવામાં આવી નથી ;

(૨) ઉમેદવારે નિયમ ૧૭માં ઉલ્લેખેલી ડીપોઝીટની રકમ મૂકી નથી અથવા મૂકાવડાવી નથી;

(૩) ઉમેદવાર, કાઉન્સિલર તરીકે ચૂંટાવા માટે જરૂરી ઓછામાં ઓછી ઉંમરનો નથી;

(૪) ઉમેદવાર, અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ હેઠળ કાઉન્સિલર બનવા માટે ગેરલાયક થયો છે.

(૫) જે વોર્ડ માટે ઉમેદવારી પત્ર ફાઈલ કરવામાં આવ્યું હોય તે વોર્ડના મતદાર તરીકે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનારનું નામ નોંધાયું નથી;

(૬) ઉમેદવારી પત્ર ઉપર ઉમેદવારની અથવા દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી સાચી નથી;

(૭) ઉમેદવારી પત્ર ઉપર દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી, આ ઉમેદવારી પત્ર પહેલાં, ચૂંટણી અધિકારીને સોંપવામાં આવ્યું હોય તેવા બીજા ઉમેદવારી પત્ર ઉપર પણ કરવામાં આવી છે.

૯. માન્ય નિયુકત કરેલ ઉમેદવારોનું વર્ગીકરણ:– માન્ય નિયુકત કરેલ ઉમેદવારોનું નીચેના વર્ગોમાં વર્ગીકરણ કરવું જોઈશે :–

(ક) "સામાન્ય સ્ત્રી ઉમેદવાર" – જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા બિન અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ખ) "અનુસૂચિત જાતિની સ્ત્રી ઉમેદવાર"-જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ગ) "અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ઉમેદવાર"– જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિનઅનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ઘ) "અન્ય પછાત વર્ગની સ્ત્રી ઉમેદવાર"– જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અન્ય પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિનઅનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

INDEX

(ચ) "અનુસૂચિત જાતિના પુરુષ ઉમેદવાર"– જે અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(છ) "અનુસૂચિત આદિજાતિના પુરુષ ઉમેદવાર"–જે અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(જ) "અન્ય પછાત વર્ગોના પુરુષ ઉમેદવાર"–જે અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ઝ) "સામાન્ય પુરુષ ઉમેદવાર"–જે બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે.

૧૦. માન્ય નિયુક્ત ઉમેદવારોની યાદી:–તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હોય અને તેના સ્વીકાર અથવા અસ્વીકાર-ના નિર્ણયો નોંધવામાં આવ્યા હોય તે પછી તરત જ, ચૂંટણી અધિકારીએ નમૂના ૪ મુજબ માન્ય નિયુક્ત ઉમેદવારોની તેમના વર્ગીકરણ સહિત, યાદી તૈયાર કરવી જોઈશે અને પોતાની કચેરીમાં લોકોની જાણ માટે પ્રદર્શિત કરવી જોઈશે. તેણે તેની એક નકલ, દરેક માન્ય નિયુક્ત ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટ હોય તો તેને આપવી જોઈશે.

૧૧. ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ:–કોઈ માન્ય નિયુક્ત ઉમેદવાર તે ચૂંટણી લડવા માંગતો નથી એવી નિયમ ૫ (૪) હેઠળ નક્કી કરેલા દિવસે બપોરના ત્રણ વાગ્યા પહેલાં, ચૂંટણી અધિકારીને લેખિત નોટિસ દ્વારા જાતે પહોંચાડીને પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. ચૂંટણી અધિકારીએ, કયા સમયે અને કઈ તારીખે તે પહોંચાડવામાં આવી છે તે સમય અને તારીખની તેના ઉપર નોંધ કરવી. જે ઉમેદવારે ઉપર્યુક્ત રીતે ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ આપી હોય તે ઉમેદવાર, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ રદ કરી શકશે નહિ :

પરંતુ ઉમેદવાર જેલમાં અથવા પોલીસ કસ્ટડીમાં હોવાને કારણે પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની અરજી જાતે પહોંચાડી શકે તેમ ન હોય ત્યારે, તે પોતે આ અર્થે અધિકૃત કરેલી વ્યક્તિ, તેના વતી તે અરજી પહોંચાડી શકશે.

૧૨. માન્ય ઉમેદવારી પત્રો ન હોય તો.–ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટેનો નક્કી કરેલ સમય પૂરો થયા પછી, કોઈ માન્ય ઉમેદવારી પાત્ર ન હોય તો, કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ ખાલી પડેલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૧૩. બિન-હરીફ ચૂંટણી.–ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, માન્ય ઉમેદવારી પત્રોની સંખ્યા, જગાઓ કરતાં ઓછી હોય અથવા સરખી હોય તો, એવી રીતે નિયુક્ત થયેલી તમામ વ્યકિતઓ બિન હરિફ ચૂંટાયેલી ગણાશે અને બાકીની જગા અથવા જગાઓ હોય તો તે, માટે કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ આવી ખાલી પડેલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

સ્પષ્ટીકરણ.–સંદિગ્ધતા દૂર કરવા માટે, આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે કોઈ વ્યકિત, પોતે અનામત બેઠક માટે, ચૂંટાવાપાત્ર હોય તે સિવાય, તેને આવી અનામત બેઠક માટે નિયુક્ત કરી હોવાનું ગણી શકાશે નહિ.

૧૪. હરિફાઈવાળી ચૂંટણી અને હરીફ ઉમેદવારો:–ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, માન્ય નિયુક્ત પત્રોની સંખ્યા, જગાઓ કરતાં વધુ હોય તો, કાઉન્સિલરોની ચૂંટણી, માન્ય ઉમેદવારી પત્રોવાળી વ્યકિતઓમાંથી કરવી અને આવી ચૂંટણીને "હરિફાઈવાળી ચૂંટણી" કહેવી અને આવી વ્યકિતઓને "હરીફ ઉમેદવારો" કહેવા.

૧૫. હરીફ ઉમેદવારોના પ્રતીકો:–(૧) રાજ્ય ચૂંટણી પંચ રાજપત્રમાં જાહેરનામા દ્વારા, કોર્પોરેશનની ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરે તેવા પ્રતીકો નિર્દિષ્ટ કરશે અને તેમની પસંદગી જે નિયંત્રણોને અધીન હોય તે તે નિયંત્રણો નિર્દિષ્ટ કરશે.

(૨) ઉમેદવારોની ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખની તરત પછીના દિવસે, ચૂંટણી અધિકારી, નીચેની રીતે હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવાની કાર્યવાહી શરૂ કરશે.

(૩) ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) હુકમ ૧૯૬૮ હેઠળ ગુજરાત રાજ્યમાં માન્ય રાજકીય પક્ષો ઉભા કરેલ ઉમેદવાર માટે, ચૂંટણી અધિકારીએ, સદરહુ હુકમ હેઠળ તે પક્ષ માટે આનામત રાખેલ પ્રતીક ફાળવવું જોઈશે :

પરંતુ આવો રાજકીય પક્ષ, કોઈપણ વોર્ડમાં બેઠક દીઠ માત્ર એક ઉમેદવાર ઉભો રાખી શકશે. પક્ષે સ્ત્રીઓ અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગો માટે અનામત રાખેલ બેઠક અથવા પ્રથમ બિન-અનામત બેઠક અથવા યથાપ્રસંગ બીજી બિન-અનામત બેઠક માટે પોતાનો કયો ઉમેદવાર છે તે સ્પષ્ટ જણાવવું જોઈશે.

સ્પષ્ટીકરણ:–માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલ ઉમેદવારને માન્ય રાખવા માટે ઉમેદવારે, નિયમ ૧૧માં નિર્દિષ્ટ કરેલ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની સમય-મર્યાદા પૂરી થાય તે પહેલાં, ગુજરાતમાં તે પક્ષના રાજ્ય એકમના પ્રમુખે અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિતએ તે મતલબનો સહી કરેલ પત્ર રજૂ કરવો જોઈશે.

INDEX

(૪) કોઈ ચૂંટણી વખતે, ઉમેદવારે અથવા તેના વતી, એક કરતાં વધારે ઉમેદવારી પત્રો પહોંચાડયા હોય ત્યારે, પ્રથમ પહોંચાડવામાં આવેલા ઉમેદવારીપત્રમાં પસંદ કરેલા પ્રતીકો પસંદ કરવામાં આવશે અને આ નિયમો હેઠળ બીજા કોઈ પ્રતીકો પસંદ કરવાની વિચારણા કરવામાં આવશે નહિ, પછી ભલે તે ઉમેદવારી પત્ર નામંજૂર કર્યું હોય.

(૫) ચૂંટણી અધિકારી, હરીફ ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્રમાં દર્શાવેલ પ્રતીકોની પસંદગીની વિચારણા કરશે; અને

(ક) શકય હોય ત્યાં સુધી તેની પસંદગીને અનુરૂપ હોય તે પ્રમાણે દરેક હરીફ ઉમેદવારને જુદા જુદા પ્રતીક ફાળવશે; અને

(ખ) એકથી વધુ ઉમેદવારો એક જ પ્રતીક માટે પોતાની પસંદગી દર્શાવે, તો તે ઉમેદવારોમાંથી કયા ઉમેદવારોને તે પ્રતીક ફાળવવું તે (કોમ્પ્યુટર દ્વારા ડ્રો કરવા સહિત) ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૬) સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતિક વર્તુળમાં હોવું જોઈશે.

(૭) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોના ઉમેદવારોને ફાળવેલ પ્રતીક ચોરસમાં હોવું જોઈશે.

(૮) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોની સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતિક, ચોરસની અંદર વર્તુળમાં હોવું જોઈશે.

(૯) વોર્ડમાં એક કરતા વધુ સ્થળે બિન-અનામત જગા માટે ચૂંટણી કરવાની હોય ત્યારે, માન્ય રાજકીય પક્ષના પ્રથમ ઉમેદવારને તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતિક ફાળવવામાં આવશે અને બીજા ઉમેદવારને, તે અનામત રાખેલ પ્રતીક ચોરસમાં રાખવામાં આવશે.

(૧૦) આ અર્થે રાજ્ય ચૂંટણી પંચ પોતે યોગ્ય ગણે તેવી રીતે જે કિસ્સામાં ફાળવણી સુધારે તેમાં રાજ્ય ચૂંટણી પંચે કાઢેલ સામાન્ય આદેશો સાથે સુસંગત ન હોય તે સિવાય ઉમેદવારને ચૂંટણી અધિકારીએ કોઈ પ્રતીક ફાળવ્યું હોય તો તેમનો નિર્ણય આખરી ગણાશે.

૧૬. હરીફ ઉમેદવારોની યાદી.-(૧) હરીફ ઉમેદવારોને પ્રતીકોની ફાળવણી પૂરી થયા પછી તરત જ ચૂંટણી અધિકારી, તમામ હરીફ ઉમેદવારોના નામ અને તેમને ફાળાવવામાં આવેલા પ્રતીકો જણાવતી ગુજરાતી ભાષામાં કક્કાવારીના ક્રમમાં નમૂના ૬ મુજબ હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરશે.

(૨) દરેક ઉમેદવારનું નામ, તેના ઉમેદવારી પત્રમાં જણાય તે પ્રમાણે સદરહુ યાદીમાં દર્શાવવામાં આવશે:

પરંતુ ઉમેદવારને એમ જણાય કે પોતાના નામની જોડણી ખરી નથી અથવા પોતાના ઉમેદવારીપત્રમાં અન્યથા સાચી દર્શાવી નથી અથવા જે પ્રચલિત નામથી ઓળખાતો હોય તે નામથી જુદું છે, ત્યારે તે, હરીફ ઉમેદવારોની યાદી તૈયાર થાય તે પહેલા કોઈપણ સમયે, યોગ્ય નમૂનામાં અને પોતાના નામની જોડણી, ચૂંટણી અધિકારીને લેખિતમાં મોકલવી જોઈશે અને ચૂંટણી અધિકારીને વિનંતીની યથાર્થતા અંગે ખાતરી થયેથી, તે જરૂરી ભૂલ સુધારશે અથવા નમૂના ૫ પ્રમાણે યાદીમાં ફેરફાર કરશે અને હરીફ ઉમેદવારોની યાદીમાં તે નમૂનો સ્વીકારશે અને જોડણી સુધારશે.

(૩) બે અથવા વધુ ઉમેદવારો એક જ નામ ધરાવતા હોય તો, તેમના ધંધા અથવા રહેઠાણથી અથવા ચૂંટણી અધિકારી યોગ્ય ગણે તેવી બીજી અમુક રીતે, ઉમેરો કરીને તે નામને તે જુદુ પાડશે.

(૪) ચૂંટણી અધિકારી, આવા દરેક ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટને હરીફ ઉમેદવારોની યાદીની એક નકલ પૂરી પાડશે.

(૫) ચૂંટણી અધિકારીએ, શકય હોય તેટલું જલદી હરીફ ઉમેદવારોની યાદી, રાજપત્રમાં પ્રસિધ્ધ કરાવવી જોઈશે અને વળી તે, પોતાની કચેરીમાં તદ્દનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અને પોતે યોગ્ય ગણે તેવા બીજા સ્થળોએ પ્રદર્શિત કરવી જોઈશે.

૧૭. ડીપોઝીટ અને રીફન્ડ બાબત.-(૧) નિયમ ૧૫ ના પેટા-નિયમ (૨) હેઠળ નક્કી કરેલ ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખે અથવા તે પહેલા દરેક ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે, રૂપિયા એક હજારની રકમ રોકડમાં જમા કરવી પડશે અથવા જમા કરાવડાવી પડશે અને આવી ડીપોઝીટની રકમ જમા કરાવ્યા સિવાય, કોઈ ઉમેદવાર યોગ્ય રીતે નિયુકત થયેલો છે એમ ગણાશે નહિ.

પરંતુ ઉમેદવાર સ્ત્રી હોય અથવા અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગનો હોય ત્યારે, ડીપોઝીટની રકમ પાંચસો રૂપિયા સુધી ઘટાડવામાં આવશે

(૨) ડીપોઝીટ પરત કરવામાં આવશે જો–

(૧) ઉમેદવાર, ચૂંટાયેલો જાહેર થાય અથવા યોગ્ય રીતે ચૂંટાયેલો હોવાનું ગણવામાં આવે તો; અથવા

(૨) આ નિયમોની જોગવાઈઓ મુજબ ઉમેદવારે પોતાનું ઉમેદવારી પત્ર પાછું ખેંચી લીધું હોય; અથવા

(૩) ઉમેદવારનું ઉમેદવારીપત્ર અન્યથા જાહેર કરવામાં આવ્યું હોય; અથવા

INDEX

(૪) મતદાન શરૂ થાય તે પહેલા ઉમેદવાર મૃત્યુ પામે; અથવા

(૫) ઉમેદવાર ચૂંટાવામાં નિષ્ફળ ગયો હોય, પણ પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કરેલી સંખ્યા કરતાં વધુ માન્ય મતો મેળવ્યા હોય;

(૩) ઉમેદવાર ચૂંટાયો ન હોય અને તેને મળેલા માન્ય મતોની સંખ્યા થયેલા મતદાનના માન્ય મતોની કુલ સંખ્યાને વોર્ડમાં ચૂંટવાના કાઉન્સિલરોની સંખ્યા વડે ભાગતા જે આવે તેના છઠ્ઠા ભાગ કરતા વધુ ન હોય તો, તેની ડિપોઝીટ જપ્ત થશે.

(૪) ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવી ન હોય તો નિયમ ૬૪ હેઠળ ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી શક્ય તેટલી જલદી, પરત કરવામાં આવશે:

પરંતુ ઉમેદવાર સામાન્ય ચૂંટણીમાં એક કરતાં વધુ વોર્ડમાં યોગ્ય રીતે નિયુક્ત થયેલા હોય તો તેણે અથવા તેના વતી મૂકેલી એક કરતા વધુ ન હોય તેટલી ડિપોઝીટો પરત કરવામાં આવશે અને બાકીની ડિપોઝીટો જપ્ત કરવામાં આવશે:

વધુમાં ડિપોઝીટ પરત કરવામાં આવે તે પહેલા, ઉમેદવાર મૃત્યુ પામે ત્યારે, તેના કાયદેસરના વારસદારોને તે પરત કરવામાં આવશે.

૧૮. મતદાન એજન્ટ:—(૧) હરીફ ઉમેદવાર નમુના ૬ મુજબ નોટીસ આપીને કોઈપણ વ્યકિતને પોતાના ચૂંટણી એજન્ટ તરીકે નીમી શકશે. આવી નિમણુંકની નોટીસ, ચૂંટણી અધિકારીને તેની બે નકલો મોકલાવીને આપવી જોઈશે, જેઓ તેની એક નકલ, નિમણુંક ની પોતાની મંજૂરીના પ્રતિક રૂપે તેના ઉપર સિક્કો મારી અને સહી કર્યા પછી ચૂંટણી એજન્ટને પરત કરશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ ચૂંટણી એજન્ટની નિમણુક રદ કરતો આદેશ, નમુના ૮ મુજબ કરવો જોઈશે.

ભાગ ૩

મતદાન

૧૯. મતદાન—(૧) હરીફવાળી ચૂંટણીની બાબતમાં, નિયમ ૧૫ (૫) હેઠળ રાજય ચૂંટણી પંચે કાઢેલા જાહેરનામામાં જણાવેલી તારીખે મતદાન લેવામાં આવશે;

(૨) આવા મતદાન વખતે, નિયમ ૧૫ હેઠળ કાઢેલા જાહેરનામાની તારીખે અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદીનો ઉપયોગ કરવો જોઈશે.

૨૦. મતદાનનો સમય:—રાજય ચૂંટણી પંચ, મતદાન શરૂ કરવાનો સમય અને તે બંધ કરવાનો સમય નક્કી કરશે. મતદાન માટે નક્કી કરેલ સમય, રાજપત્રમાં જાહેરનામા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવશે.

૨૧. મતદાન એજન્ટો:—(૧) ઉમેદવાર અને તેનો ચૂંટણી એજન્ટ રાજય ચૂંટણી પંચ આ અર્થે વખતો વખત કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશોને આધીન રહીને, જે વોર્ડનો તે ઉમેદવાર હોય તે વોર્ડના દરેક મતદાન મથકે મતદાનના સમયે મતદાન મથકમાં પોતાના વતી હાજર રહેવા માટે મતદાન એજન્ટ નીમી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ નીમવામાં આવે તેવા, મતદાન મથક દીઠ એક એજન્ટ અને બે રીલીફ એજન્ટ રહેશે.

(૩) આવી દરેક નિમણુક નમૂના ૯ મુજબ કરવી જોઈશે અને યથાપ્રસંગ મતદાન મથકે અથવા મતદાન માટે નક્કી કરેલા સ્થળે રૂબરૂ કરવા માટે મતદાન એજન્ટને સોંપી દેવી જોઈશે.

(૪) કોઈપણ મતદાન એજન્ટને, પેટા-નિયમ (૨) હેઠળ પોતાની નિમણુકનો પત્ર યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલા એકરાર ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ સહી કર્યા પછી, પ્રમુખ અધિકારીને તે આપે તે સિવાય મતદાન મથકમાં અથવા મતદાન માટે નક્કી કરેલા સ્થળે દાખલ થવા દેવામાં આવશે નહિ.

(૫) પેટા-નિયમ (૧) હેઠળ મતદાન એજન્ટની નિમણુંક રદ કરતો પત્ર, નમૂના ૧૦ મુજબ હોવો જોઈશે અને પ્રમુખ અધિકારીને આપવો જોઈશે.

૨૨. મતદાન મથકો.—શહેર ચૂંટણી અધિકારી, રાજય ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી લઈને દરેક વોર્ડ માટે, પૂરતા જરૂરી ગણે તેટલા મતદાન મથકો પસંદ કરશે અને પોતે યોગ્ય ગણે તેવી રીતે, તેવી રીતે પસંદ કરેલા મતદાન મથકોની યાદી, અને તેમાં આખરી લીધેલ સંબંધિત મતદાન વિસ્તાર પ્રસિધ્ધ કરશે.

૨૩. પ્રમુખ અધિકારીઓ અને મતદાન અધિકારીઓ:—(૧) ચૂંટણી અધિકારી આ નિયમોના નિયમ ૭૩ની જોગવાઈઓને આધીન રહીને દરેક મતદાન મથક માટે એક "પ્રમુખ અધિકારી" નીમશે અને પ્રમુખ અધિકારી ને મદદ કરવા પોતાને જરૂરી લાગે તેટલી બીજી વ્યકિતઓને (જેનો આમાં હવે પછી "મતદાન અધિકારીઓ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) નીમશે;

(૨) દરેક મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી તેવી રીતે આદેશ આપે તો, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીને સોંપેલી તમામ અથવા કોઈપણ ફરજ બજાવી શકશે.

INDEX

(૩) માંદગી અથવા બીજા ટાળી ન શકાય તેવા કારણસર, પ્રમુખ અધિકારીને મતદાન મથકોમાંથી ગેરહાજર રહેવાની ફરજ પડી હોય તો, ચૂંટણી અધિકારીએ આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કર્યા હોય તેવા, મતદાન અધિકારીઓ પૈકી કોઈ એક મતદાન અધિકારીએ તેની ફરજો બજાવવી જોઈશે.

૨૪. પ્રમુખ અધિકારીઓની ફરજો:- (૧) પ્રમુખ અધિકારી મતદાન મથકે વ્યવસ્થા સંભાળશે. ચૂંટણીનું સંચાલન સારી રીતે ચાલે છે અને મતદાન મથકની અંદર કોઈપણ એક સમયે પ્રવેશ આપવાના મતદારોની સંખ્યાનું નિયમન થાય છે તે જોશે અને નીચેના સિવાયની તમામ વ્યકિતઓને તેમાંથી બહાર કાઢશે.

(ક) મતદાન અધિકારીઓ;

(ખ) ચૂંટણી સાથે સંકળાયેલ ફરજ પરના સરકારી અધિકારીઓ ;

(ગ) રાજય ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિતઓ;

(ઘ) ઉમેદવારો, તેમનાં ચૂંટણી એજન્ટો અને નિયમ ૨૧ના પેટા--નિયમ (૪) ની જોગવાઈઓને આધીન રહીને, ઉમેદવારે લેખિતમાં નીમેલા અને ચૂંટણી અધિકારીએ તે અર્થે અધિકૃત કરેલ દરેક ઉમેદવારના એક મતદાન એજન્ટ; અને

(ચ) મતદારની જોડે તેડેલું બાળક.

(છ) મદદ લીધા સિવાય ચાલી શકતા ન હોય તેવા કોઈ અંધ અથવા અશકત મતદારની સાથે આવેલ વ્યકિત; અને

(જ) પ્રમુખ અધિકારી વખતો વખત મતદારોની ઓળખ આપવાના હેતુ માટે પ્રવેશ આપે તેવી બીજી કોઈ વ્યકિતઓ.

૨૫. મતદાન મથકે વ્યવસ્થા:- (૧) દરેક મતદાન મથકની બહાર.--

(ક) મતદાર વિસ્તાર, મતદાન મથકે મત આપવાને હકદાર મતદારો; દરેક મતદારે આપવાના મતોની સંખ્યા, કેવી રીતે મત પત્ર ઉપર નિશાની કરવી, અને કેવી રીતે મત આપવો તે સંબંધી મતદારને આપવાની બીજી કોઈ સૂચનાઓ હોય તો તે નિર્દિષ્ટ કરતી નોટિસ; અને

(ખ) હરીફ ઉમેદવારોની યાદીની નકલ,

પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) જેમાં મતદારો બીજા લોકો જોઈ ન શકે તેવી રીતે પોતાના મત નોંધી શકે તેવા એક અથવા વધુ મત કુટીરો મતદાન મથકમાં રાખવી.

(૩) ચૂંટણી અધિકારીએ, દરેક મતદાન મથકે પુરતી સંખ્યામાં મત પેટીઓ, મતદાર યાદીના સંબંધિત ભાગની નકલો, મતપત્રો, મતપત્રો ઉપર વિશિષ્ટ નિશાની કરવા માટેના સિક્કો મારવાના સાધનો અને મત આપવા માટે મતદારો માટે જરૂરી બીજી ચીજ વસ્તુઓ અને સાધન સામગ્રી આપવી જોઈશે.

(૪) મતદાન મથક, પુરુષો અને સ્ત્રીઓ બન્ને માટે હોય ત્યારે પ્રમુખ અધિકારી પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ લાઈનો રાખવાનો આદેશ આપી શકશે અને જુદા જુદા જુથોમાં વારાફરતી તેમને મતદાન મથકમાં પ્રવેશ આપવો જોઈશે.

૨૬. મતપેટીઓ:- દરેક મતપેટીની રચના એવી હોવી જોઈએ કે તેમાં મતપત્રો દાખલ કરી શકાય, પણ પેટીનું તાળું ખોલ્યા સિવાય પાછા લઈ શકાય નહિ. તે મતપેટીઓ રાજય ચૂંટણીપંચ મંજૂર કરે તેવી ડીઝાઈનની હોવી જોઈશે.

૨૭. મતદાન માટે મતપેટીઓ તૈયાર કરવા બાબત.-(૧) મતપેટીને સુરક્ષિત બનાવવા માટે પેપર સીલનો ઉપયોગ કર્યો હોય ત્યારે પ્રમુખ અધિકારીએ, પેપર સીલ ઉપર તેની પોતાની સહી કરવી જોઈશે અને તેના ઉપર સહી કરવી જોઈશે અને તેના ઉપર, સહી કરવા ઈચ્છતા હાજર મતદાન એજન્ટોની સહી લેવી જોઈશે.

(૨) ત્યારબાદ પ્રમુખ અધિકારીએ, તે પછી, મતપેટી ઉપર તેના માટે રાખેલ જગામાં તેવી રીતે સહી કરેલું પેપર સીલ લગાડવું જોઈશે. અને તે પછી મતપેટીને, તેમાં મતપત્રો દાખલ કરવા માટે તેનો ખાંચો ખુલ્લો રહે તેવી રીતે સીલ મારીને સુરક્ષિત કરવી જોઈશે.

(૩) મતપેટી સુરક્ષિત રાખવા માટે વાપરેલા સીલ, એવી રીતે લગાડવા જોઈશે કે મતપેટી બંધ કર્યા પછી, સીલ તોડ્યા સિવાય પેટી ખોલવાનું શકય બને નહિ.

(૪) મતપેટીઓ સુરક્ષિત રાખવા માટે પેપર સીલ વાપરવાનું જરૂરી ન હોય, ત્યારે પ્રમુખ, અધિકારીએ મતદપેટીને સુરક્ષિત કરીને એવી રીતે સીલ લગાડવું કે મતપત્રો દાખલ કરવા માટે ખાંચો ખુલ્લો રહે અને હાજર રહેલા મતદાન એજન્ટો તેવી રીતે પોતાના સીલ લગાડવા માગતા હોય, તો તેમને તેમ કરવા દેવું જોઈશે.

INDEX

(૫) મતદાન મથકે વાપરેલ દરેક મતપેટીને તેની અંદર અને બહાર, એમ બન્ને બાજુઓએ નીચેની નિશાનીઓવાળા લેબલો તેના ઉપર લગાડેલા હોવાં જોઈશે.

(ક) વોર્ડનો અનુક્રમ નંબર હોય તો તે અને નામ;

(ખ) મતદાન મથકનો અનુક્રમ નંબર અને નામ;

(ગ) મતપેટીનો અનુક્રમાંક (મતદાન પુરું થયા પછી માત્ર મતપેટીની બહાર લેબલ ઉપર લખવો); અને

(ઘ) મતદાનની તારીખ.

(૬) મતદાનના આરંભની તરત પહેલાં, પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટોને અને હાજર હોય તેવી બીજી વ્યકિતઓને નિદર્શન કરીને બતાવવું જોઈશે કે મતપેટી ખાલી છે અને પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલ લેબલો લગાડેલા છે.

(૭) ત્યારબાદ મતપેટી બંધ કરવી જોઈશે, તેને સીલ લગાડવું જોઈશે, અને તેને સુરક્ષિત કરવી જોઈશે અને પ્રમુખ અધિકારી અને મતદાન એજન્ટોના સંપૂર્ણ નજર સમક્ષ મુકવી જોઈશે.

૨૮. મતદાર યાદીની નિશાની કરેલ નકલ:—મતદાનના આરંભની તરત જ પહેલાં, પ્રમુખ અધિકારીએ, મતદાન એજન્ટો અને હાજર બીજા લોકોને નિદર્શન કરી બતાવવું જોઈશે કે મતદાન દરમિયાન વાપરવાની મતદાર યાદીની નિશાની કરેલી નકલમાં મતદારોને કાઢી આપેલ મતપત્રો સંબંધી કોઈપણ નોંધ કરવામાં આવી નથી.

૨૯. મતપત્રનો નમૂનો:—(૧) દરેક મતપત્ર સાથે સ્થળપ્રત જોડેલ હોવી જોઈશે, અને સદરહુ મતપત્ર અને સ્થળપ્રત નમૂના ૧૧ મુજબ હોવાં જોઈશે.

(૨) ઉમેદવારોનાં નામો જે ક્રમમાં હરીફ ઉમેદવારોની યાદીમાં આવતા હોય તે જ ક્રમમાં, મતપત્ર ઉપર દર્શાવવા જોઈશે અને તેજ રીતે ગોઠવવા જોઈશે.

(૩) મતપત્ર ઉપરની વિગતો ગુજરાતી ભાષામાં હોવી જોઈશે.

(૪) મતપત્રો અનુક્રમાંક નંબરોવાળા હોવા જોઈશે, સ્થળપ્રત ઉપર અને મતપત્રના આગળના ભાગમાં અનુક્રમાંક નંબરો છાપેલા હોવા જોઈશે.

(૫) નિયમ ૧૫ હેઠળ ઉમેદવારોને ફાળવેલા પ્રતીકો, મતપત્ર ઉપર ઉમેદવારના નામની સામેની બાજુએ દર્શાવેલ હોવા જોઈશે.

(૬) મતપત્ર ઉપર દરેક ઉમેદવારને ફાળવેલ જગા, એક સરખા માપની હોવી જોઈશે.

(૭) જુદા જુદા ઉમેદવારો માટે જોગવાઈ કરેલ જુદી મથકની લાઈને અથવા રાખેલ વિસ્તાર મત પત્ર ઉપર એકસરખો હોવો જોઈશે.

૩૦. મતદારને મતપત્ર કાઢી આપવા માટેની કાર્યરીતિ:—(૧) મતદારને આપવામાં આવે તે પહેલાં દરેક મતપત્ર અને તેની સાથે જોડેલી સ્થળ પ્રત ઉપર, રાજ્ય ચૂંટણી પંચ આદેશ આપે તેવો વિશિષ્ટ પ્રકારની નિશાની, પાછળના ભાગમાં લગાડવી જોઈશે, અને દરેક મતપત્ર તે આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારીએ તેની પાછલી બાજુએ પૂરી સહી કરવી જોઈશે.

(૨) મતદારને મતપત્ર કાઢી આપતી વખતે, મતદાન અધિકારીએ,—

(ક) તેના સ્થળપ્રત ઉપર, મતદારયાદીની નિશાનીવાળી નકલમાં નોંધ્યા પ્રમાણેનો મતદારનો મતદાર યાદીમાંનો નંબર નોંધવો જોઈશે;

(ખ) સદરહુ સ્થળપ્રત ઉપર, તે મતદારની સહી અથવા અંગૂઠાની નિશાની લેવી જોઈશે;

(ગ) મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં, મતદારના નામની નિશાની એવી રીતે જણાવવી જોઈશે કે તે મતદારને કાઢી આપેલ મતપત્રનો અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય તેને મતપત્ર કાઢી આપવામાં આવ્યું છે :

પરંતુ મતદારે, તે મતપત્રની સ્થળપ્રત ઉપર સહી કરી હોય અથવા અંગૂઠાની નિશાની કરી હોય તે સિવાય, તેને કોઈ મતપત્ર આપવું જોઈશે નહિ.

(૩) (ક) મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારી, મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની કરાવડાવશે :

INDEX

પરંતુ મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર તેવી નિશાની પહેલેથી જ હોય તો, ચૂંટણી વખતે તેનો મત પહેલેથી જ પડેલો હતો એમ ગણાશે. અને કોઈપણ મતપત્ર આપવું જોઈશે નહિ :

વધુમાં, મતદાર તેના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની લગાવવા દે તે સિવાય, તેને મતપત્ર આપવું જોઈશે નહિ.

(ખ) આ પેટા-નિયમમાં મતદારના ડાબા હાથની પહેલી આંગળીના કોઈ ઉલ્લેખનો અર્થ, મતદારને પોતાના ડાબા હાથની પહેલી આંગળા ન હોય, તો તેના ડાબા હાથની અન્ય કોઈપણ આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો અને તેના ડાબા હાથની તમામ આંગળીઓ ન હોય, તો તેના જમણા હાથની પહેલી આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો. અને બન્ને, હાથોની આંગળીઓ ન હોય તો તેના ડાબા અથવા જમણા હાથના એવા કોઈ આખરી ભાગના ઉલ્લેખ તરીકે કરવો.

(૪) કોઈપણ પ્રમુખ અધિકારી અથવા મતદાર અધિકારી અથવા કોઈ બીજા અધિકારી માટે, સ્થળપ્રત ઉપર મતદારના અંગૂઠાની છાપની શાખ કરવાનું જરૂરી ગણાશે નહિ.

(૫) મતદાર મથકમાંની કોઈપણ વ્યક્તિને અમુક મતદારોને કાઢી આપેલ મતપત્રોના અનુક્રમ નંબર નોંધવા દઈ શકાશે નહિ.

૩૧. મતદાન:—(ક) આમાં હવે પછી જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, ચૂંટણીમાં મત આપતા તમામ મતદારોએ આ નિયમો હેઠળ તેમના માટે જોગવાઈ કરેલ મતદાન મથકે રૂબરૂ મત આપવો જોઈશે.

(ખ) મત રૂબરૂ જ આપવો જોઈશે અને પ્રતિનિધિ મારફત કોઈ મત આપી શકાશે નહિ.

(ગ) જે વોર્ડ માટેની ચૂંટણી કરવામાં આવી રહી હોય તે વોર્ડના મતદાર તરીકે વોર્ડ યાદીમાં જેનું નામ નોંધાયેલ ન હોય તેવી કોઈપણ વ્યકિત પાસેથી કોઈપણ મત સ્વીકારી શકાશે નહિ.

૩૨. મતદાન માટેની કાર્યરીતિ અને મતદાનની ગુપ્તતા.—(૧) જેને મતપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે દરેક મતદારે મતદાન મથકમાં, મતદાનની ગુપ્તતા જાળવવી જોઈશે અને તે હેતુ માટે, આમાં હવે પછી જણાવેલ મતદાનની કાર્યરીતિનું પાલન કરવું જોઈશે.

(૨) મતપત્ર મળ્યે, મતદારે તુરત–

(ક) ગમે તે એક મત કુટીરમાં જવું જોઈશે;

(ખ) જે ઉમેદવારને તે મત આપવા માગતા હોય તે ઉમેદવારના અથવા વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી કરવાની હોય તો ઉમેદવારોના પ્રતીક ઉપર અથવા તેની નજીકમાં તે હેતુ માટે પૂરા પાડેલા સાધન વડે મતપત્ર ઉપર નિશાની કરવી જોઈશે;

(ગ) પોતાનો મત છુપાવી શકાય એ રીતે મતપત્રની ગડી વાળવી જોઈશે;

(ઘ) આવશ્યક જણાય તો, મતપત્ર ઉપરની વિશિષ્ટ નિશાની પ્રમુખ અધિકારીને બતાવવી જોઈશે ;

(ચ) ગડી વાળેલું મતપત્ર મતપેટીમાં નાંખવું જોઈશે; અને .

(છ) મતદાન મથકમાંથી જતા રહેવું જોઈશે;

(૩) દરેક મતદારે અયોગ્ય વિલંબ કર્યા વિના, મત આપવો જોઈશે.

(૪) કોઈ મતદાર, મતકુટિરમાં હોય, ત્યારે બીજા કોઈપણ મતદારને તેમાં દાખલ થવા દેવો જોઈશે નહિ.

(૫) જેને મતપત્ર આપવામાં આવ્યું હોય તે મતદાર, પ્રમુખ અધિકારીએ ચેતવણી આપ્યા પછી, પેટા–નિયમ (૨)માં જણાવ્યા પ્રમાણેની કાર્યરીતિનું પાલન કરવાની ના પાડે, તો તે મતદારને આપેલું મતપત્ર, તે ઉપર તેણે મત નોંધ્યો હોય કે નોંધ્યો ન હોય તોપણ, તેની પાસેથી પ્રમુખ અધિકારીએ અથવા પ્રમુખ અધિકારીના આદેશ હેઠળ મતદાન અધિકારીએ પાછું લઈ લેવું જોઈશે.

(૬) મતપત્ર પાછું લઈ લેવામાં આવે તે પછી, પ્રમુખ અધિકારી, તેની પાછળ "રદ કર્યું; મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે. " એ શબ્દો લખવા જોઈશે અને એ શબ્દો નીચે પોતાની સહી કરવી જોઈશે.

(૭) જેમના ઉપર "રદ કર્યું; મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે." એવું લખેલું હોય તે તમામ મતપત્રો, અલગ કવરમાં રાખવાં, તેના ઉપર "મતદાન કાર્યરીતિનો ભંગ કરતાં મતપત્રો" એ શબ્દો લખવા જોઈશે.

(૮) જેની પાસેથી પેટા–નિયમ (૫) હેઠળ મતપત્ર લઈ લેવામાં આવ્યું હોય તે મતદાર, અન્ય કોઈ શિક્ષાને પાત્ર થાય તેને બાધ આવ્યા સિવાય, એવા મતપત્ર ઉપર મત નોંધ્યો હોય તો તે ગણતરીમાં લેવામાં આવશે નહિ.

INDEX

૩૩. અંધ અથવા અશકત મતદારોના મતો નોંધવા બાબત. :—(૧) પ્રમુખ અધિકારીને ખાતરી થાય કે અંધાપા અથવા અન્ય શારીરિક અશકતાને લીધે, કોઈ મતદાર મતપત્ર ઉપરનાં પ્રતીકો ઓળખી શકે એમ નથી અથવા મદદ વિના તેના ઉપર નિશાની કરી શકે એમ નથી, તો પ્રમુખ અધિકારી, મતદારને તેની સાથે તેના વતી મતપત્ર ઉપર મત નોંધવા માટે અને તેની ઈચ્છા અનુસાર અને આવશ્યક હોય તો, મત છુપાવી શકાય તે રીતે મતપત્રની ગડી વાળવા માટે અને તેને મતપેટીમાં દાખલ કરવા માટે મતકૂટિરમાં અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના ન હોય તેવા સાથીને લઈ જવાની તેને પરવાનગી આપવામાં આવશે :

પરતુ કોઈ વ્યકિતને, તે જ દિવસે કોઈ મતદાન મથકે એક કરતાં વધુ મતદારનાં સાથી તરીકે કામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ :

વધુમાં, આ નિયમ હેઠળ કોઈપણ દિવસે મતદારના સાથી તરીકે કામ કરવાની કોઈ વ્યકિતને પરવાનગી આપવામાં આવે તે પહેલાં, વ્યકિતને એવો એકરાર કરવાનું ફરમાવવામાં આવશે કે મતદાર વતી તેણે નોંધેલો મત તે ગુપ્ત રાખશે અને તે દિવસે કોઈ મતદાન મથકે બીજા કોઈ મતદારના સાથી તરીકે તેણે કામ કરેલું નથી.

(૨) પ્રમુખ અધિકારીએ, આ નિયમ હેઠળના તમામ કેસોનું રેકર્ડ, નમૂના ૧૧ મુજબ રાખવું જોઈશે.

૩૪. મતદારને મદદ કરવા બાબત :—પ્રમુખ અધિકારી, જે કોઈ મતદાર, ઠરાવેલી રીતે મત આપવાને અશકતતા અથવા નિરક્ષરતાને કારણે અશકત હોય તેવા કોઈ મતદારને ફરમાવવામાં આવે તેવી મદદ આપશે.

૩૫. મતદારની ઓળખ :—મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, કોઈપણ સમયે, પ્રમુખ અધિકારીને અથવા મતદાન અધિકારીને, પોતાની મેળે, તેને આવા મતદાન મથકમાં મતદારની ઓળખ વિષે અથવા મત આપવાના તેના હક વિષે શંકાનું કારણ હોય, અને ઉમેદવાર અથવા મતદાન એજન્ટ દ્વારા તેમ કરવાનું ફરમાવવામાં આવે તો, પોતે જરૂરી ગણે તેવા પ્રશ્નો મતદારને પૂછીને પોતે ખાતરી કરશે કે જે મતદારના સંબંધમાં આવી નોંધ છે તે મતદાર સાથે આવી વ્યકિત મળતી આવે છે.

૩૬. મતદાન બંધ કરવા બાબત :—(૧) પ્રમુખ અધિકારી, નિયમ ૧૯ હેઠળ તે માટે નક્કી કરેલ સમયે મતદાન બંધ કરશે અને તે પછી, મતદાન મથકમાં કોઈપણ મતદારને દાખલ થવા દેશે નહિ :

પરંતુ મતદાન બંધ કરવામાં આવે તે પહેલાં,મતદાન મથકે હાજર હોય તેવા તમામ મતદારોને તેમનો મત આપવા દેવામાં આવશે.

(૨) મતદાન બંધ થયું તે પહેલાં, મતદાન મથકે કોઈ મતદાર હાજર હતો કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો પ્રમુખ અધિકારીએ તેનો નિર્ણય કરવો જોઈશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૩૭. કંપની, પેઢી, એસોસિયેશન, હિન્દુ અવિભકત કુટુંબ દ્વારા મતદાન :—વોર્ડની યાદીમાં, કંપની, પેઢી, એસોસિયેશન, વ્યકિતઓની મંડળી અથવા હિન્દુ અવિભકત કુટુંબનું નામ હોય ત્યારે, વોર્ડની યાદીમાં જે વ્યકિતઓનાં નામો, આવી કંપની, પેઢી, એસોસિયેશન, વ્યકિતઓની મંડળી અથવા હિન્દુ અવિભકત કુટુંબ સામે દાખલ કર્યા હોય તો, તે તમામ વ્યકિતઓ મત આપવાને હકદાર ગણાશે.

૩૮. મતોની સંખ્યા :—દરેક મતદાર, આવા વોર્ડ માટે આવી ચૂંટણી વખતે જેટલા કાઉન્સિલરો ચૂંટવાના હોય તેટલા મતો આપવાને હકદાર થશે.

૩૯. વાંધો ઉઠાવેલા મતો :—(૧) કોઈપણ મતદાર એજન્ટ, આવા દરેક વાંધા માટે, પ્રમ્રુખ અધિકારીને, રૂપિયા ૨૦/--ની રકમ પ્રથમ રોકડમાં જમા કરાવીને, અમુક મતદાર હોવાનો દાવો કરતી વ્યકિતની ઓળખ માટે વાંધો ઉઠાવી શકશે.

(૨) આવી રકમ જમા કરાવવામાં આવ્યે, પ્રમુખ અધિકારી—

(ક) ખોટું નામ ધારણ કરવા માટે વાંધો ઉઠાવનાર વ્યકિતને શિક્ષાની ચેતવણી આપશે;

(ખ) ચૂંટણી યાદીમાં સંબંધ ધરાવતી નોંધ પૂરેપૂરી વાંચશે અને તે કહેશે કે તે નોંધમાં ઉલ્લેખેલી વ્યકિત તે છે કે કેમ

(ગ) તેનું નામ અને સરનામું, નમૂના ૧૨ મુજબ વાંધો ઉઠાવેલ મતોની યાદીમાં દાખલ કરશે; અને

(ઘ) સદરહુ યાદીમાં તેની સહી કરવાનું તેને ફરમાવશે.

(૩) પ્રમુખ અધિકારી, ત્યાર પછી, વાંધા સંબંધી સંક્ષિપ્ત રીતે તપાસ કરશે અને તે હેતુ માટે,—

(ક) વાંધો ઉઠાવનારને વાંધાની સાબિતીનો પુરાવો રજૂ કરવાને ફરમાવશે અને વાંધો ઉઠાવેલી વ્યકિતને તેની ઓળખ માટે સાબિતીનો પૂરાવો રજૂ કરવાનું ફરમાવશે.

(ખ) તેની ઓળખ સાબિત કરવાના હેતુ માટે, વાંધો ઉઠાવેલી વ્યકિતને કોઈપણ જરૂરી પ્રશ્ન પૂછશે અને સોગંદ ઉપર જવાબ આપવાનું તેને ફરમાવશે; અને

(ગ) વાંધો ઉઠાવેલી વ્યકિતને સોગંદ લેવડાવશે અને કોઈપણ બીજી વ્યકિતને તેનો પુરાવો રજૂ કરવાનું જણાવશે.

INDEX

(૪) તપાસ કર્યા પછી, પ્રમુખ અધિકારીને એવું લાગે કે વાંધો સાબિત કરવામાં આવ્યો નથી તો, વાંધો ઉઠાવેલી વ્યકિતને મત આપવાની છૂટ આપશે; અને તેને એમ જણાય કે વાંધો સાબિત કરવામાં આવ્યો છે તો, વાંધો ઉઠાવેલી વ્યકિતને મત આપવામાંથી બાકાત રાખશે.

(૫) પ્રમુખ અધિકારીનો એવો અભિપ્રાય થાય કે વાંધો ક્ષુલ્લક છે અને શુધ્ધ બુધ્ધિથી કર્યો નથી તો, પેટા-નિયમ (૧) હેઠળ મૂકેલી અનામતની રકમ સરકારમાં જપ્ત કરવાનો આદેશ કરશે અને બીજા કોઈપણ કેસમાં, તપાસનો નિર્ણય કરતી વખતે, વાંધો ઉઠાવનારની અનામત પરત કરશે.

૪૦. સુપરત કરેલ મતપત્રો :–(૧) અમુક મતદાર હોવાની પોતે રજૂઆત કરતી વ્યકિત, બીજી વ્યકિતએ આવા મતદાર તરીકે અગાઉ મત આપ્યો હોય તે પછી, મતપત્ર માટે અરજી કરે, તો પ્રમુખ અધિકારી તેની ઓળખ સંબંધી પૂછે તો પ્રશ્નનો સંતોષકારક તે જવાબ આપ્યા પછી, આ નિયમ નીચેની જોગવાઈઓને અધીન રહીને, બીજા કોઈ મતદાર જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવા હકદાર હોય તે જ રીતે મતપત્ર (જેનો આમ હવે પછી આ નિયમોમાં "સુપરત કરેલ મતપત્ર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ઉપર નિશાની કરવા માટે તે હકદાર થશે.

(૨) સુપરત કરેલ મતપત્ર આપવામાં આવે તે પહેલાં, આવી દરેક વ્યકિતએ, નમૂના ૧૪ મુજબની યાદીમાં પોતાને લગતી નોંધ સામે પોતાના નામની સહી કરવી જોઈશે.

(૩) સુપરત કરેલ મતપત્ર, મતદાનમાં ઉપયોગમાં લીધેલાં બીજા મતપત્રો જેવું જ ગણાશે, સિવાય કે–

(ક) મતદાન મથકે ઉપયોગમાં લેવા માટે કાઢેલા મતપત્રોમાં બંડલમાં અનુક્રમે આવું સુપરત કરેલું મતપત્ર છેલ્લું હોવું જોઈશે.

(ખ) આવા સુપરત કરેલ મતપત્રની અને તેની સ્થળ પ્રતની પાછળ પ્રમુખ અધિકારીએ "સુપરત કરેલ મતપત્ર' એ શબ્દો પોતાને હાથે લખીને તેના ઉપર સહી કરવી જોઈશે;

(૪) મતદારે મતકટિમાં સુપરત કરેલ મતપત્ર ઉપર નિશાની કર્યા પછી અને તેની ગડી વાળ્યા પછી, તે મતપત્ર મતપેટીમાં નાખવાને બદલે, પ્રમુખ અધિકારીને આપવું જોઈશે, જેઓ તે માટે ખાસ રાખેલા કવરમાં આવું મતપત્ર મૂકશે.

૪૧. બગડેલાં અને પાછાં આપેલાં મતપત્ર બાબત :–(૧) કોઈ મતદારે પોતાનું મતપત્ર શરતચૂકથી એવી રીતે વાપર્યું હોય કે તેનો મતપત્ર તરીકે સહેલાઈથી ઉપયોગ થઈશકે નહી તો તે મતપત્ર, પ્રમુખ અધિકારીને પાછું આપવામાં આવે અને પોતાની શરતચૂક સંબંધી તેમને ખાતરી કરાવીને બગડેલા મતપત્રને બદલે, બીજું મતપત્ર આપવામાં આવશે અને પ્રમુખ અધિકારીએ તેવી રીતે પાછા આપેલા મતપત્ર ઉપર અને આવા મતપત્રની સ્થળ પ્રત ઉપર "બગડેલું રદ કરેલું" એવા શબ્દો લખવા જોઈશે.

(૨) મતદાર મતપત્ર મેળવ્યા પછી, તેનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કરે, તો તેણે પ્રમુખ અધિકારીને તે પરત કરવું જોઈશે અને તેવી રીતે પરત કરેલ મતપત્ર અને આવા મતપત્રની સ્થળપ્રત ઉપર પ્રમુખ અધિકારીએ "પરત આવેલ; રદ કરેલ" એવા શબ્દો લખવા જોઈશે.

(૩) ઉપરના પેટા–નિયમો (૧) અને (૨) હેઠળ રદ કરેલાં તમામ મતપત્રો અલગ પેકેટમાં રાખવાં જોઈશે.

૪૨. ચૂંટણી ફરજ પર હોય તેવા અધિકારીઓના મતદાન બાબત :–(૧) પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી અથવા કોઈ બીજી વ્યકિત જે મતદાન મથક ઉપર પોતાને મત આપવાનો હક ન હોય તેવા મતદાન મથકે ફરજ ઉપર હોય તેને, નમૂના ૧૪ મુજબ ચૂંટણી અધિકારી પ્રમાણપત્ર આપે તો, તેને તે મતદાન મથકે મત નોંધવા દેવામાં આવશે. આવી અરજી મળ્યે, ચૂંટણી અધિકારી, નમૂના મુજબ એવું પ્રમાણિત કરે કે અરજદાર જેના સંબંધમાં તેને રોકવામાં આવ્યો હોય તે વોર્ડમાં અથવા બીજા કોઈપણ વોર્ડ ૧૫ માટે, ચૂંટણીમાં મત આપવા માટે મત આપવાને હકદાર છે જો, તેને, તે મતદાન મથકે તેનો મત નોંધવા દેવો જોઈશે. તે મતદાન મથકનું નામ, જે વોર્ડમાં મતદાન મથક આવેલું હોય તેની મતદાર યાદીમાં તેના નંબર મતપત્રની સ્થળપ્રત ઉપર નોંધવું જોઈશે.

(૨) એવું મતપત્ર, પ્રમુખ અધિકારીએ કવરમાં મૂકવું જોઈશે અને તેને સીલ કરવું જોઈશે અને પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ પ્રમાણપત્ર સાથે ચૂંટણી અધિકારીને પાછું મોકલવું જોઈશે, જેઓ આવા મતપત્રનો યોગ્ય વોર્ડના માન્ય મતપત્રોમાં સમાવેશ કરશે.

૪૩. મતપેટીઓને સીલ કરવા બાબત :–(૧) પ્રમુખ અધિકારીએ મતદાન બંધ થયા પછી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતપેટીનું બાકોરું બંધ કરશે અને બાકોરું બંધ કરવા માટે પેટીમાં કોઈ યાંત્રિક યુકિત ન હોય, તો તે બાકોરા ઉપર જ સીલ મારશે અને હાજર રહેલા મતદાન એજન્ટને તેમના સીલ લગાડવાની છૂટ આપશે.

(૨) ત્યારપછી મતપેટીને સીલ કરીને સુરક્ષિત રાખવી જોઈશે.

(૩) પ્રથમ મતપેટી પૂરેપૂરી ભરાઈ જવાના કારણે, બીજી મતપેટીનો ઉપયોગ કરવાનું જરૂરી લાગે ત્યારે, બીજી મતપેટીને ઉપયોગમાં લેવામાં આવે તે પહેલાં, પેટા-નિયમો (૧) અને (૨) માં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રથમ પેટી બંધ કરવી જોઈશે, તેને સીલ કરવી જોઈશે અને સુરક્ષિત રાખવી જોઈશે .

INDEX

૪૪. મતદાનની સાધનસામગ્રી અને બીજા કાગળો સીલ કરવા બાબત :—દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતદાન બંધ થયા પછી, હાજર હોય તેવા કોઈપણ ઉમેદવારો અથવા મતદાન એજન્ટોની હાજરીમાં, નીચેના માટે અલગ પેકેટો કરશે અને પોતાના સીલથી સીલ કરશે અને તેના ઉપર પોતાનું સીલ લગાડવાનું નક્કી કરે તેવા ઉમેદવારો અને એજન્ટોને સીલ લગાડવા દેશે.

(ક) નહિ વપરાયેલ મતપત્રો,
(ખ) સુપરત કરેલા મતપત્રો,
(ગ) બગડેલાં અને પાછા આવેલા મતપત્રો,
(ઘ) મતદાર યાદીની નિશાની કરેલી નકલ;
(ચ) મતપત્રોની સ્થળપત્રો,
(છ) સુરપત કરેલાં મતો,
(જ) વાંધા ઉઠાવેલ મતોની યાદી,
(ઝ) ચૂંટણી ફરજ પરના અધિકારીએ આપેલ મતો.

પ્રમુખ અધિકારીએ તમામ પેકેટો સીલ કર્યા પછી વિગતોનું વર્ણન કરીને દરેક પેકેટ ઉપર તમામ પેકેટોને સીલ કર્યા પછી, શેરો કરશે.

૪૫. મતપત્રોનો હિસાબ :—(૧) (ક) પ્રમુખ અધિકારીએ, મતદાન બંધ કરતી વખતે, પોતાને આપેલા મતપત્રોની સંખ્યા દર્શાવાતા અને મતપત્રોના નીચેના સદરો હેઠળ તેમનો હિસાબ આપવા, નમૂના ૧૭ મુજબ મતપત્રોનો હિસાબ તૈયાર કરવો જોઈશે.

(૧) મતપેટીમાંના મતો
(૨) નહિ વાપરેલા મતો
(૩) બગડેલાં અને પાછા આવેલ મતો અને
(૪) સુપરત કરેલ મતો,

(ખ) પ્રમુખ અધિકારીએ, મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે. અને તેના ઉપર "મતપત્રોનો હિસાબ" એ શબ્દો લખવા જોઈશે.

(૨) જુદા જુદા વોર્ડના મતદારો હોય તેવા તેના મતદાન મથકમાં ચૂંટણી ફરજ પરના સ્ટાફે વાપરવા માટે તેને કોઈ મતપત્રો આપ્યા હોય ત્યારે, પ્રમુખ અધિકારીએ મતદાન બંધ કરતી વખતે, ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટે તેને આપેલ મતપત્રોની સંખ્યા દર્શાવતો નમૂનો ૧૮ મુજબ મતપત્રોનો અને આપેલ મતપત્રો, વાપરેલ મતપત્રો અને પરત કરેલ મતપત્રોના સદર હેઠળ તેને ગણતરીમાં લેવા માટે હિસાબ તૈયાર કરવો જોઈશે. પ્રમુખ અધિકારીએ આ મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે અને તેના ઉપર "ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટેનો મતપત્ર હિસાબ" એવા શબ્દો લખવા તેણે આ કવર જે વોર્ડને લગતું મતપત્ર હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીને મોકલી આપવું જોઈશે :

પરંતુ તેણે જુદા જુદા વોર્ડોના મતપત્રો માટે જુદા હિસાબો તૈયાર કરવા જોઈશે.

૪૬. ચૂંટણી અધિકારીને મત પેટીઓ વગેરે સોંપી દેવા બાબત.—(૧) પ્રમુખ અધિકારીએ, ચૂંટણી અધિકારી આદેશ કરે તેવા સ્થળે ચૂંટણી અધિકારીને :—

(૧) મત પેટીઓ,

(૨) મત પત્ર હિસાબ,

(૩) નિયમ ૪૪ હેઠળ સીલ કરેલ પેકેટો,

(૪) મતદાનમાં વાપરેલ બીજા તમામ કાગળો,

સોંપી દેવા જોઈશે અથવા સોંપી દેવડાવવા જોઈશે.

(૨) ચૂંટણી અધિકારીએ, મતોની ગણતરીનો નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ મતપેટીઓ, પેકેટો અને બીજા કાગળો લઈ જવા માટેની સલામતી માટે અને તેમની સલામત કસ્ટડી માટે પૂરતી ગોઠવણ કરવી જોઈશે.

૪૭. દુર્વર્તન બદલ મતદાન મથકેથી કાઢી મૂકવા બાબત.—જો કોઈપણ વ્યક્તિ મતદાન મથકે દુર્વર્તન કરે અથવા પ્રમુખ અધિકારીના અથવા પ્રમુખ અધિકારીની ફરજ બજાવતા મત લેનાર અધિકારીના કાયદેસર હુકમો માનવાને ચૂકે, તો તેને પ્રમુખ અધિકારીના અથવા એવા મત લેનાર અધિકારીના હુકમથી કોઈપણ પોલીસ અધિકારી અથવા પ્રમુખ અધિકારી અથવા તેવા મત લેનાર અધિકારીએ, તેને કાઢી મૂકવા માટે લેખિત અધિકૃત કરેલી બીજી કોઈ વ્યક્તિ મતદાન મથકેથી તરત જ કાઢી મૂકી શકશે અને એવી રીતે કાઢી મૂકવામાં આવેલી વ્યક્તિને પ્રમુખ અધિકારીની અથવા એવા મત લેનાર અધિકારીની પરવાનગી સિવાય, ત્યારબાદ દરમિયાન મતદાન મથકમાં ફરીથી દાખલ થવા દેવામાં આવશે નહિ :

INDEX

પરંતુ આ સત્તા, કોઈપણ મતદાન મથકે મત આપવા માટે બીજી રીતે હકદાર હોય તેવા કોઈપણ મતદારને તેવા મતદાન મથકે મત આપવાની તક મળતી અટકે તે રીતે, વાપરવી નહિ.

૪૮. કટોકટીના પ્રસંગે મતદાન મોકૂફ રાખવા બાબત :—અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય ચૂંટણી પંચ, પૂરતા કારણસર, કારણોની લેખિત નોંધ કરીને, કટોકટીના કિસ્સામાં, જેવા કે સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ વગેરે વખતે મતદાન માટે નક્કી કરેલ તારીખે ચૂંટણી મુલતવી રાખી શકશે અથવા તેવી મુદત વધારી શકશે, એવી રીતે મતદાન મોકૂફ રાખવામાં આવે ત્યારે, રાજ્ય ચૂંટણી પંચ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, મતદાન કરાવવાનો પ્રયત્ન કરશે.

૪૯. મતદાન મુલતવી રાખવા બાબત:—(૧) કોઈપણ ચૂંટણી વખતે, કોઈપણ મતદાન મથકમાં મત લેવાનું શકય ન હોય અથવા કોઈપણ મતદાન મથકની કાર્યવાહીમાં હુલ્લડ, હિંસા, સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ અથવા બીજા કોઈ પૂરતા કારણસર દખલગીરી થાય અથવા અડચણ ઊભી થાય તો, આવા મતદાન મથકના પ્રમુખ અધિકારી, સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જાણ કરશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ પ્રમુખ અધિકારીનો રિપોર્ટ મળ્યે ચૂંટણી અધિકારી તરત જ મતદાન મથકે દોડી જશે અને ખાતરી થાય કે, મતદાન ચાલુ રાખી શકાય તેમ નથી તો, પાછળથી જાહેર કરવાની તારીખ સુધી મતદાન મુલતવી રાખ્યાનું જાહેર કરશે અને તે સંજોગોનો રીપોર્ટ રાજ્ય ચૂંટણી પંચને કરશે.

(૩) ચૂંટણી અધિકારી, શકય હોય તેટલું જલદી રાજ્ય ચૂંટણી પંચની અગાઉથી મંજૂરી લઈને, જે તારીખે મતદાન ફરી શરૂ થશે તેની તારીખ નક્કી કરશે અને મતદાન મથક નક્કી કરશે અને જે સમય દરમિયાન મત લેવાના હોય તે કલાકો નક્કી કરશે અને જ્યાં સુધી આવું મોકૂફ રાખેલ મતદાન પુરૂ કરવામાં ન આવે ત્યાં સુધી આવી કોઈ ચૂંટણીમાં મતગણતરી કરી શકાશે નહિ.

(૪) ઉપર જણાવ્યા પ્રમાણેના આવા દરેક કેસમાં, ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે તેવી રીતે, પેટા-નિયમ (૨) હેઠળ નક્કી કરેલ મતદાનની તારીખ, સ્થળ અને સમય જાહેર કરશે.

૫૦. મતદાન મોકૂફ રાખ્યે અનુસરવાની કાર્યરીતિ.—(૧) કોઈપણ મતદાન મથકે મતદાન નિયમ ૪૯ હેઠળ મોકૂફ રાખેલ હોય તો, નિયમો ૪૩ થી ૪૬ની જોગવાઈઓ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, જાણે કે નિયમ ૨૦ હેઠળ તે અર્થે નક્કી કરેલ સમયે મતદાન બંધ કર્યું હોય તેમ લાગુ પડશે.

(૨) નિયમ ૪૯ના પેટા-નિયમ (૩) હેઠળ મોકૂફ રાખેલ મતદાન શરૂ કરવામાં આવે ત્યારે, એવી રીતે મોકૂફ રાખેલ મતદાન વખતે અગાઉ મત આપનાર મતદારોને, ફરીથી મત આપવાની છૂટ આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીએ, જ્યાં આવું મતદાન મોકૂફ રાખ્યું હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને, મતદાર યાદીની નિશાની કરેલી નકલવાળું સીલબંધ કવર અને નવી મતપેટીઓ આપવી જોઈશે.

(૪) પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટની હાજરીમાં સીલબંધ પેકેટ ખોલવું જોઈશે અને મોકૂફ રાખેલ મતદાન વખતે જેને મત-પત્રો કાઢી આપ્યા હોય તે મતદારોના નામોની નિશાની કરવા માટે, મતદાર યાદીની નિશાની કરેલી નકલ તેના અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય વાપરવી જોઈશે.

(૫) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૭ની જોગવાઈઓ, જાણે કે એવી રીતે મતદાન મોકૂફ રાખ્યા પહેલાંના મતદાનના સંબંધમાં, લાગુ પડે છે તેમ મોકૂફ રાખેલ મતદાન કરવાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

૫૧. અડચણ અથવા મતપેટીઓને નુકશાન થયાના કિસ્સામાં ફરીથી મતદાન લેવા બાબત:—(૧) કોઈપણ ચૂંટણીમાં—

(ક) મતદાન મથકમાં વાપરેલ કોઈપણ મતપેટી, પ્રમુખ અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જાય અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરે અથવા ગુમ કરે અથવા નુકશાન પહોંચાડે અથવા એટલા પ્રમાણમાં ચેડાં કરે કે તે મતદાન મથક વખતે મતદાનનું પરિણામ, નક્કી કરી શકાય નહિ; અથવા

(ખ) જેનાથી મતદાન રદ થઈ જવાનો સંભવ હોય તેવી કોઈ કાર્યરીતિમાંની એવી કોઈ ભૂલ અથવા અનિયમસરના મતદાન મથકે આચરવામાં આવી હોય,

તો ચૂંટણી અધિકારીએ, તરત જ રાજ્ય ચૂંટણી પંચને તે બાબતનો રિપોર્ટ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજ્ય ચૂંટણી કમિશન, તમામ મહત્ત્વના સંજોગોને ધ્યાનમાં લીધા પછી,—

(ક) તે મતદાન મથકનું મતદાન નિરર્થક જાહેર કરશે અને તે મતદાન મથકે ફરીથી મતદાન લેવા માટે દિવસ નિયત કરશે અને કલાકો નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલ દિવસ અને એવી રીતે નક્કી કરેલ સમય પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરશે.

INDEX

(ખ) એવી ખાતરી થાય કે તે મતદાન મથકે ફરીથી મતદાન થવાના પરિણામે, ચૂંટણીના પરિણામ ઉપર કોઈ રીતે અસર થશે નહિ અથવા કાર્યરીતિમાંની ભૂલ અથવા અનિયમસરતા મહત્વની નથી તો, ફરીથી ચૂંટણી કરવા અને ચૂંટણી પૂરી કરવા માટે એમને યોગ્ય લાગે તેવા આદેશો ચૂંટણી અધિકારી ઉપર કાઢશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને રીપોર્ટ મોકલવામાં આવ્યો હોય ત્યારે, ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ તરફથી મતદાનની ગણતરી શરૂ કરવા માટેની સ્પષ્ટતા મેળવવામાં ન આવે ત્યાં સુધી તેમ કરી શકાશે નહિ.

(૪) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૭ ની જોગવાઈઓ, અસલ સૂચિત મતદાનના સંબંધમાં લાગુ પડે છે તેમ ફરી મતદાન લેવાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

૫૨. મતદાન પહેલાં ઉમેદવારનું મૃત્યુ થયે મતદાન રદ કરવા બાબત.

માન્ય રાજકીય પક્ષો ઉભો કરેલ ઉમેદવાર—

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખે સવારના ૧૧--૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે મૃત્યુ પામે અને તેનું ઉમેદવારીપત્ર નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય; અથવા

(ખ) જેનું ઉમેદવારીપત્ર, નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય અને નિયમ ૧૧ હેઠળ તેની ઉમેદવારી પાછી ખેંચી ન હોય તે મૃત્યુ પામે અને બેમાંથી કોઈપણ કિસ્સામાં નિયમ ૧૬ હેઠળ હરીફ ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ પહેલાં કોઈપણ સમયે તેના મૃત્યુનો રિપોર્ટ મળે; અથવા

(ગ) હરીફ ઉમેદવાર તરીકે મૃત્યુ પામે અને તેના મૃત્યુનો રીપોર્ટ, મતદાન શરૂ થાય તે પહેલાં મળે તો,

રાજ્ય ચૂંટણીપંચ, ઉમેદવારના મૃત્યુની હકીકત સંબંધી ખાતરી થયે, હુકમ કરીને, તે વોર્ડમાં મતદાન રદ કરશે અને ચૂંટણી સંબંધી તમામ કાર્યવાહી તે નવી ચૂંટણી હોય તેમ તમામ બાબતમાં, નવેસરથી શરૂ કરવામાં આવશે.

પરંતુ મૃત્યુ પામેલ ઉમેદવારોના ઉમેદવારીપત્ર સહિત તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કર્યા પછી હોય તે સિવાય, ખંડ (ક) માં ઉલ્લેખેલ બાબતમાં, મતદાન રદ કરવા માટેનો કોઈ હુકમ કરી શકાશે નહિ.

વધુમાં મતદાન રદ થવાના સમયે, હરીફ ઉમેદવાર હોય તેવી વ્યકિતની બાબતમાં કોઈ વધુ ઉમેદવારીપત્ર ભરવાનું જરૂરી રહેશે નહિ.

વળી, મતદાન રદ થતાં પહેલાં, નિયમ ૧૧ હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ જેણે આપી હોય તે વ્યકિત, આવી રીતે મતદાન રદ થયા પછી, ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે દરખાસ્ત કરવા માટે ગેરલાયક ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ:—આ નિયમના હેતુ માટે, "માન્ય રાજકીય પક્ષ" એટલે, ગુજરાત રાજ્ય માટે ચૂંટણી પ્રતિક (અનામત રાખવા અને ફાળવવા) બાબત હુકમ, ૧૯૬૮ હેઠળ માન્ય કરેલ રાજકીય પક્ષ.

ભાગ--૪

મતોની ચકાસણી અને મતગણતરી અને પરિણામ જાહેર કરવા બાબત.

૫૩. મતોની ગણતરી કરવા માટે તારીખ, સમય અને સ્થળ નક્કી કરવા બાબત.—(૧) રાજ્ય ચૂંટણી પંચ, મતદાનની તારીખ પહેલાં અથવા તેના માટે નક્કી કરેલ તારીખોની પહેલી તારીખ પહેલાં ઓછામાં ઓછા એક અઠવાડીયા અગાઉ મતોની ગણતરી જ્યાં કરવાની હોય તે સ્થળ અથવા સ્થળો અને મતગણતરી શરૂ કરવામાં આવશે તે તારીખ અને સમય નક્કી કરશે અને દરેક ઉમેદવારને અને તેના ચૂંટણી એજન્ટને તેની લેખિતમાં નોટિસ આપવી જોઈશે:-

પરંતુ કોઈપણ કારણસર, ચૂંટણી અધિકારીને, તેમ કરવાનું જરૂરી જણાય તો દરેક ઉમેદવારને તેની લેખિતમાં નોટિસ આપ્યા પછી, એવી રીતે નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ અથવા સ્થળોમાં અથવા તેઓ પૈકી કોઈ બાબતમાં ફેરફાર કરી શકશે.

૫૪. મત ગણતરી કરનાર એજન્ટો:-(૧) ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ ચૂંટણી પંચ વખતોવખત આ અર્થે કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશને અધીન રહીને, મતપત્રોની ગણતરી કરવાના સમયે પોતાના વતી હાજર રહેવા માટે મતગણતરી એજન્ટ નીમી શકશે.

(૨) ઉપરના પેટા-નિયમ હેઠળ ઉમેદવાર નીમી શકાય તેટલા મત ગણતરી એજન્ટોની સંખ્યા, મણતગણતરીના સ્થળે ચૂંટણી અધિકારીએ જોગવાઈ કરેલ મત ગણતરી માટેના ટેબલોની સંખ્યા કરતાં વધુ હોવી જોઈએ નહિ.

INDEX

(૩) દરેક ગણતરી એજન્ટની નિમણૂક, નમૂના ૧૯ મુજબ બે નકલમાં કરવી જોઈશે. જેમાંની એક નકલ ચૂંટણી અધિકારીને મોકલવી જોઈશે. જ્યારે બીજી નકલ, નિયમ ૫૩ હેઠળ ગણતરી કરવા માટે નક્કી કરેલ સમયના મોડામાં મોડા એક કલાક અગાઉ, ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવા માટે મત ગણતરી એજન્ટને આપવી જોઈશે.

(૪) કોઈપણ ગણતરી એજન્ટે, સિવાય કે તે પેટા-કલમ (૨) હેઠળ તેની નિમણૂકની બીજી નકલ, યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલ એકરારમાં સહી કરીને, ચૂંટણી અધિકારીને આપી ન હોય અને મતગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં પ્રવેશવા માટે ચૂંટણી અધિકારી પાસેથી અધિકારપત્ર મેળવ્યો ન હોય તો તેને મતગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં દાખલ કરવામાં આવશે નહિ.

(૫) કલમ ૪૮ની પેટા-કલમ (૨) હેઠળ મતગણતરી કરનાર એજન્ટની નિમણૂક નમૂના ૨૦ મુજબ રદ કરી શકશે અને ચૂંટણી અધિકારી પાસે તે મુકવી જોઈશે.

(૬) મતોની ગણતરીના આરંભ પહેલાં, એવી રીતે કોઈ રદ કરવાના પ્રસંગે ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટ, પેટા-નિયમ (૨) અનુસાર નવી નિમણૂક કરી શકશે.

૫૫. મત ગણતરી સુપરવાઈઝરો અને ગણતરી મદદનીશોની નિમણૂક કરવા બાબત.—

(૧) આ નિયમોના નિયમ ૬૮ની જોગવાઈઓને આધીન રહીને, ચૂંટણી અધિકારી, શહેર ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરીથી, મત ગણતરીમાં પોતાને મદદ કરવા જરૂરી લાગે તેટલા મત ગણતરી સુપરવાઈઝરો અને ગણતરી મદદનીશોની નિમણૂક કરી શકશે.

(૨) ઉમેદવારે અથવા તેના વતી ચૂંટણીમાં અથવા ચૂંટણી સંબંધી રોકેલ અથવા અન્યથા તેના માટે કામ કરતી કોઈપણ વ્યકિતને, પેટા-નિયમ (૧) ના ખંડ (ક) હેઠળ નીમી શકાશે નહિ.

૫૬. મતગણતરી કરવા માટે નક્કી કરેલ સ્થળમાં પ્રવેશ બાબત.—(૧) ચૂંટણી અધિકારી, મતોની ગણતરી કરવા માટે નક્કી કરેલા સ્થળમાંથી નીચેની વ્યકિતઓ સિવાય, તમામ વ્યકિતઓને બહાર કાઢી મૂકશે:—

(ક) મત ગણતરી સુપરવાઈઝરો અને મતગણતરી મદદનીશો;

(ખ) રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલી વ્યકિતઓ;

(ગ) ચૂંટણી સંબંધી ફરજ ઉપરના સરકારી નોકરો;

(ઘ) ઉમેદવારો તેના ચૂંટણી એજન્ટો અને મતગણતરી માટેના ટેબલો દીઠ એક કરતાં વધુ ન હોય તે મતગણતરી એજન્ટ.

(૨) ચૂંટણી અધિકારી, અમુક કોઈ મત ગણતરીના ટેબલ ઉપર અથવા મતગણતરીના ટેબલોના સમુહ આગળ મતગણતરી ઉપર કયા મત-ગણતરી એજન્ટ અથવા એજન્ટો દેખરેખ રાખશે તે નક્કી કરશે.

(૩) મત ગણતરી દરમિયાન, પોતે દુર્વર્તન કરનાર અથવા ચૂંટણી અધિકારીના કાયદેસરના આદેશોનું પાલન ન કરનાર કોઈપણ વ્યકિતને ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી અધિકારી આ અર્થે અધિકૃત કરે તેવી કોઈપણ વ્યકિત અથવા પોલીસ અધિકારી જ્યાં મતોની ગણતરી થઈ રહી હોય ત્યાંથી કાઢી મૂકી શકશે.

૫૭. મતદાનની ગુપ્તતા જાળવવા બાબત.—(૧) ચૂંટણીમાં મત નોંધવા અથવા ગણતરી સાથે સંકળાયેલ દરેક અધિકારી, કારકૂન, એજન્ટ અથવા બીજી કોઈ વ્યકિતએ મતદાનની ગુપ્તતા જાળવશે અને જાળવવામાં મદદ કરશે અને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત હોય તેવા હેતુ સિવાય) આવી ગુપ્તતાનો ભંગ થાય તેવા પ્રકારની કોઈપણ માહિતી કોઈપણ વ્યકિતને આપવી જોઈશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત ઉપરના પેટા નિયમ (૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને, તેનો ગુનો સાબિત થયેથી, પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

૫૮. મત પેટીઓની ચકાસણી અને ખોલવા બાબત:—(૧) ચૂંટણી અધિકારી, એક કરતા વધુ મતદાન મથકોએ વાપરેલ મત પેટી અથવા મતપેટીઓ ખોલાવી શકશે અને સાથોસાથ આવી પેટીઓમાં જણાયેલા મતપત્રોની ગણતરી કરાવી શકશે.

(૨) મત ગણતરી કરવાના ટેબલ ઉપર કોઈ મત પેટી ખોલતા પહેલાં, તે ટેબલ પાસે હાજર મત ગણતરી એજન્ટોને, પેપર સીલ અથવા તેના ઉપર લગાડેલા બીજા સીલ અકબંધ છે તેની પોતે ખાતરી કરવા માટે તેમને તપાસવાની છૂટ આપશે.

(૩) ચૂંટણી અધિકારીએ, પોતે ખાતરી કરવી જોઈશે કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા નથી.

(૪) ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા છે તો, તેણે તે પેટીમાંના મતપત્રોની તેણે ગણતરી કરવી નહિ અને નિયમ ૫૧માં જણાવેલી કાર્યરીતિ અનુસરવી.

INDEX

૫૯. મતોની ગણતરી અને ચકાસણી:—(૧) દરેક મતદાન મથકને લગતી મતપેટી અથવા પેટીઓ અથવા યથાપ્રસંગ મતપત્રોવાળા કવરો એક પછી એક ખોલવામાં આવશે અને તેમાંના મતપત્રો બહાર કાઢવામાં આવશે અને ગણતરી કરવામાં આવશે અને તેની સંખ્યા પત્રકમાં નોંધવામાં આવશે.

(૨) ચૂંટણી અધિકારીએ, સુપરત કરેલા મતપત્રોના, નિશાની કરેલ મતદારયાદીના અથવા મતપત્રોની સ્થળપ્રતના પેકેટો ખોલવા નહિ. ચૂંટણી અધિકારીએ, નિયમ ૪૫ હેઠળ પ્રમુખ અધિકારીએ, નમૂના ૧૬ મુજબ રજૂ કરેલ પત્રકની, ગણતરી કરેલ મતપત્રોની, બગડેલા અને પરત થયેલા મતપત્રોની અને નિયમ ૪૨ હેઠળ તજવીજ કરેલ મતપત્રોની ભિન્ન વપરાયેલ મતપત્રો, જે પોતાના કબજામાં હોય તે અને સુપરત કરેલા મતોની યાદીની સંખ્યા સાથે સરખામણી કરવી. પછી જે પોતે ખોલ્યા હોય તે દરેક કવર તેણે ફરી બંધ કરવા અને સીલ લગાડવા અને દરેક પેકેટ ઉપર તેની વિગતોનું વર્ણન અને જે ચૂંટણીને લગતું હોય તે ચૂંટણીની તારીખ નોંધવી.

(૩) ચૂંટણી અધિકારીએ, તે પછી, બહાર કાઢેલા તમામ મતપત્રો ભેગા કરી દેવા અને સરળ પડે તેવા બંડલમાં, ગણતરી સુપરવાઈઝરોને અને ગણતરી કરવા માટે મતગણતરી મદદનીશોમાં વહેંચવા :

પરંતુ સુપરત કરેલા મતપત્રોવાળું કોઈ કવર ખોલવું નહિ અને એવા કોઈપણ મતો ગણવા નહિ.

(૪) એવી રીતે મતપત્રોની વહેંચણી કર્યા પછી, તેની ચકાસણી કરવી અને ગણતરી કરવી. ઉમેદવારો અથવા તેના મત ગણતરી કરનાર એજન્ટોને, ખરેખર તેને અડકયા સિવાય મતપત્રો, તપાસવાની વાજબી તક આપી શકાશે.

૬૦. મતપત્રો નામંજૂર કરવા બાબત.—(૧) ચૂંટણી અધિકારી, નીચે પ્રમાણે હોય તો, મતપત્ર નામંજૂર કરશે.

(૧) તેના ઉપરની એવી કોઈ નિશાની હોય કે જેથી મતદાર ઓળખી શકાય;

(૨) અનિશ્ચિતતાને કારણે તે નિરર્થક હોય;

(૩) તેની ઉપર કોઈપણ મત નોંધવામાં આવ્યો ન હોય ;

(૪) તેની ઉપર નોંધેલા મતોની સંખ્યા પૂરવાની બેઠકોની સંખ્યા કરતાં વધારે હોય ;

(૫) આપેલી જગા સિવાય, બીજે નિશાની કરી હોય;

(૬) તે હેતુ માટે પૂરા પાડેલ સાધન સિવાય નિશાની કરી હોય;

(૭) તેની ઉપર મત ઓળખ નિશાની એવી રીતે કરી હોય કે જેથી કયા ઉમેદવારને મત આપવામાં આવ્યા છે તે નક્કી કરવાનું શંકાસ્પદ બને.

(૮) તે બનાવટી મતપત્ર હોય;

(૯) તેને એવી રીતે નુકશાન કર્યું હોય અથવા ચહેરાઈ નાખ્યું હોય કે તેની ખરા મતપત્ર તરીકે ઓળખ સાબિત કરી શકાય તેમ ન હોય,

(૧૦) અમુક મતદાન મથકે વાપરવા માટે અધિકૃત કરેલ મતપત્રોના અનુક્રમ નંબર અથવા ડીઝાઈનથી, યથાપ્રસંગ જુદા અનુક્રમ નંબર હોય અથવા ડીઝાઈન હોય,

(૧૧) નિયમ ૩૦ ની જોગવાઈઓ હેઠળ હોવી જોઈએ તેવી નિશાની અને સહી એમ બન્ને ન હોય :

પરંતુ ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે (૧૦) અને (૧૧)માં જણાવ્યા પ્રમાણેની કોઈ ખામી , પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારીના પક્ષે કોઈ ભૂલ અથવા ચૂકને કારણે થઈ છે તો, આવી ખામીના કારણે જ મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ :

વધુમાં જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવામાં આવી હોય તેની ઉપરથી એવો સ્પષ્ટ ઈરાદો જણાઈ આવે કે અમુક ઉમેદવારને મત આપ્યો હશે તો, મત આપ્યાનું જણાવતી નિશાની અસ્પષ્ટ છે અથવા એક કરતાં વધુ વાર નિશાની કરી છે તેવા કારણ માત્રથી મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કોઈપણ મતપત્ર નામંજૂર કરતાં પહેલાં ચૂંટણી અધિકારીએ હાજર રહેલા દરેક મત ગણતરી એજન્ટને મતપત્ર તપાસવાની વાજબી તક આપવી જોઈશે, પણ તેને કોઈપણ મતપત્રને અડકવાની છૂટ આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી અધિકારી, પોતે જે મતપત્રો નામંજૂર કર્યા હોય તે દરેક મતપત્ર ઉપર, "નામંજૂર" એવા શબ્દો અને નામંજૂર કરવાનાં કારણો, સંક્ષિપ્તમાં હાથે અથવા રબર સ્ટેમ્પ દ્વારા જણાવવા જોઈશે અને તેવા શેરા ઉપર સહી કરવી જોઈશે.

INDEX

(૪) આ નિયમ હેઠળ નામંજૂર કરેલ તમામ મતપત્રોનું એક બંડલ બાંધવું જોઈશે.

(૫) મતપત્ર નામંજૂર કરવા સંબંધી અથવા અન્યથા, ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૬) આ નિયમ હેઠળ નામંજૂર કર્યું ન હોય તેવું દરેક મતપત્ર યત તરીકે ગણાશે.

૬૧. મત ગણતરી સતત ચાલુ રાખવા બાબત:—ચૂંટણી અધિકારીએ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, મતગણતરી સતત ચાલુ રાખવી જોઈશે અને કોઈ ગાળા દરમિયાન મતગણતરી મોકૂફ રાખી હોય ત્યારે, મતપત્રોના પેકેટો અને ચૂંટણીને લગતા બીજા તમામ કાગળો તેના પોતાના સીલથી અને આવા ઉમેદવાર અથવા ચૂંટણી એજન્ટ પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તો તેમના સીલથી, સીલ કરીને રાખવા જોઈશે અને આવા ગાળા દરમિયાન, તેને સુરક્ષિત કસ્ટડીમાં રાખવા માટે પૂરતી સાવચેતી રાખવી જોઈશે.

૬૨. પરિણામ-પત્રક તૈયાર કરવા બાબત:—મત ગણતરી પૂરી થયા પછી, ચૂંટણી અધિકારીએ, નીચેની વિગતોવાળું પરિણામ-પત્રક નમૂના ૨૧ મુજબ તૈયાર કરવું જોઈશે :—

(૧) જેમને માન્ય મતો આપવામાં આવ્યા હોય તે ઉમેદવારોના નામો;
(૨) દરેક ઉમેદવારને આપેલા માન્ય મતોની સંખ્યા;
(૩) અમાન્ય જાહેર કરેલા મતોની સંખ્યા;
(૪) આપેલા સુપરત કરેલા મતોની સંખ્યા.

૬૩. પરિણામો જાહેર કરવા અને મતોની ફેરગણતરી કરવા બાબત:—(૧) નિયમ ૬૨ મુજબ પરિણામ-પત્રક તૈયાર કર્યા પછી, ચૂંટણી અધિકારીએ, દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા જાહેર કરવી જોઈશે;

(૨) આવી જાહેરાત કરવામાં આવ્યા પછી, ઉમેદવાર અથવા તેના મત ગણતરી એજન્ટ, તે કયા કારણસર આવી ફેર મતગણતરી કરવા માંગે છે તે કારણ સંપૂર્ણ અથવા અંશત: જણાવીને મતપત્રોની ફેરગણતરી કરવા માટે ચૂંટણી અધિકારીને લેખિત અરજી કરી શકશે.

(૩) આવી અરજી કરવામાં આવ્યે, ચૂંટણી અધિકારી, તે બાબતનો નિર્ણય કરશે અને તે આખી અરજી અથવા તેનો અમુક ભાગ મંજૂર કરી શકશે અથવા જો તેને તુચ્છ અથવા ગેરવાજબી જણાય તો આખી અરજી નામંજૂર કરી શકશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળ ચૂંટણી અધિકારીનો દરેક નિર્ણય, લેખિતમાં હોવો જોઈશે અને તે માટેના કારણો તેમાં હોવા જોઈશે.

(૫) જો ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૩) હેઠળ, પૂરેપૂરી અરજી અથવા તેનો અમુક ભાગ સ્વીકારવા નિર્ણય કરે તો, તેણે નિયમ ૫૫ અનુસાર ફરીથી મતગણતરી કરવી જોઈશે અને આવી રીતે મતોની ફેરગણતરી પછી, આવશ્યક હોય તેટલે સુધી, પરિણામ-પત્રક સુધારવું જોઈશે અને તેણે એવી રીતે કરેલ સુધારો જાહેર કરવો જોઈશે.

(૬) દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા, પેટા-નિયમ (૧) હેઠળ અથવા પેટા-નિયમ (૩) હેઠળ ફેરગણતરીનો હુકમ કરવામાં આવ્યાની બાબતમાં પેટા-નિયમ (૫) હેઠળ જાહેર કરવામાં આવ્યા પછી, ચૂંટણી અધિકારીએ પરિણામપત્રક પૂરું કરવું જોઈશે અને સહી કરવી જોઈશે અને ત્યાર પછી ફેર ગણતરી માટેની કોઈ અરજી સ્વીકારી શકશે નહિ :

પરંતુ ચૂંટણી પૂરી થયે હાજર ઉમેદવારો અને ચૂંટણી એજન્ટોને, પેટા-નિયમ (૨)થી મળેલ તેમનો હક વાપરવા માટે વાજબી તક આપવામાં ન આવે ત્યાં સુધી, મતગણતરી પૂરી થયે આ પેટા-નિયમ હેઠળ કોઈ પગલાં લઈ શકશે નહિ.

૬૪. પરિણામ જાહેર કરવા બાબત:—(૧) મતોની ગણતરી પૂરી કરવામાં આવી હોય ત્યારે, ચૂંટણી અધિકારીએ નીચેની રીતે ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની કાર્યવાહી કરવી જોઈશે :—

(૨) પ્રથમ, તેણે સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકનું પરિણામ, તે બેઠક માટે ચૂંટાવા માટે લાયક વ્યક્તિઓમાંથી સૌથી વધુ માન્ય મતો મળ્યા હોય તે વ્યક્તિને તે બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૩) ત્યારપછી, તેણે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગના માટે જો કોઈ બેઠક અનામત રાખી હોય તો તેનું પરિણામ જે વ્યક્તિને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરી હોય તે વ્યક્તિ સિવાયની વ્યક્તિને કે જેને તે અનામત જગા ઉપર ચૂંટાવા માટે લાયક વ્યક્તિઓમાંથી સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને તે ક્રમમાં ચૂંટાયેલો જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૪) ત્યારબાદ તેણે યથાપ્રસંગ, બિન-અનામત બેઠક અથવા બેઠકોનું પરિણામ જે વ્યક્તિઓને અગાઉ અનામત રાખેલી બેઠકો ઉપર ચૂંટાયેલી જાહેર કરવામાં આવી હોય તે વ્યક્તિઓ સિવાયની આવી બેઠકોની સંખ્યા કરતાં વધુ ન હોય તે વ્યક્તિઓ કે જેને સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને અથવા આવી એક કરતાં વધુ બેઠકો હોય ત્યારે તે વ્યક્તિઓને ચૂંટાયેલ જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

INDEX

૬૫. મતો સરખા પડવા બાબત:--કોઈપણ ઉમેદવારો વચ્ચે સરખા મતો પડયા હોવાનું જણાય અને તે પૈકી કોઈ ઉમેદવારને એક મત ઉમેરવાથી મતે ચૂંટાયેલ જાહેર થવાને હકદાર બને ત્યારે, જેને આવો વધારાનો મત આપવામાં આવ્યો હોવાનું ગણાશે તે વ્યકિત અથવા વ્યકિતઓનો નિર્ણય, ચૂંટણી અધિકારીની હાજરીમાં પોતે નક્કી કરે તેવી રીતે ચીઠ્ઠી નાખીને ચિઠ્ઠી દ્વારા કરવો જોઈશે.

૬૬. એક કરતાં વધુ વોર્ડોની ચૂંટણી:-(૧) કોઈ વ્યકિત, એક કરતાં વધુ વોર્ડમાંથી કાઉન્સિલર તરીકે ચૂંટાય અથવા ચૂંટાયો હોવાનું ગણાય તો, તેણે શહેર ચૂંટણી અધિકારી તરફથી તેને લેખિત નોટિસ મળ્યા પછી ૨૪ કલાકની અંદર, પોતે કયા વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા ઈચ્છે છે તેની પોતે સહી કરીને લેખિત પસંદગી કરવી જોઈશે. અને શહેર ચૂંટણી અધિકારીને તે આપવું જોઈશે. નિયત સમયની અંદર આવી કોઈ પસંદગી કરવામાં આવી ન હોય તો, શહેર ચૂંટણી અધિકારી, જે વોર્ડમાં તેને સૌથી વધુ મતો મળ્યા હોય તે વોર્ડનું પ્રતિનિધિત્વ કરશે તેવું જાહેર કરશે અને એવી રીતે કરેલી પસંદગી અથવા જાહેરાત નિર્ણાયક ગણાશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી પસંદગી અથવા જાહેરાત, શહેર ચૂંટણી અધિકારીએ, સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જણાવવી. તેમ થયે, જે વોર્ડનું આવી વ્યકિત પ્રતિનિધિત્વ કરવા માંગતી ન હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીઓએ તરત જ નિયમ--૫૮ હેઠળ તેણે કરેલ પરિણામની જાહેરાત નીચેની રીતે સુધારવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) જે વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા માંગતા ન હોય તેવા કોઈ વોર્ડમાં ઉપર જણાવેલ ઉમેદવારો માટે નોંધાયેલ મતો, આપવામાં આવ્યા ન હોવાનું ગણાશે અને જે કોઈ ઉમેદવાર સદરહુ મતોને કારણે આવા વોર્ડ માટે ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવતા તે કોઈપણ ઉમેદવાર તેના માટે ચૂંટાયેલ હોવાનું ગણાશે :

પરંતુ વોર્ડમાં બીજી બેઠક માટે નિયમ--૬૪ હેઠળ અગાઉ ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યો હોય તે ઉમેદવારનું પરિણામ ફેરવી શકાશે નહિ.

૬૭. મત ગણતરી સમયે મત પત્રોનો નાશ થવા અથવા ગુમ થવા બાબત:-(૧) મતોની ગણતરી પુરી થયા પહેલાં કોઈપણ સમયે, મતદાન મથકે વાપરેલ કોઈપણ મતપત્રો, ચૂંટણી અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જવામાં આવે અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરવામાં આવે અથવા ગુમ થાય અથવા નુકસાન થાય અથવા તે મતદાન મથકના મતોનું પરિણામ નક્કી કરી ન શકાય તેટલા પ્રમાણમાં તેની સાથે ચેડાં કરવામાં આવે તો ચૂંટણી અધિકારીએ તે બાબતનો રિપોર્ટ રાજ્ય ચૂંટણી પંચને તરત જ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજ્ય ચૂંટણી પંચ, તમામ મહત્ત્વના સંજોગોને ધ્યાનમાં લીધા પછી,—

(૧) એવો આદેશ કરશે કે મતોની ગણતરી બંધ કરવી, સંબંધિત મતદાન મથકે નવેસરથી મતદાન જાહેર કરવું, નવેસરથી મતદાન લેવા માટે દિવસ નક્કી કરવો અને કલાકો ગોઠવવા અને એવી રીતે નક્કી કરેલ તારીખ અને એવી રીતે ગોઠવેલ સમય પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરવો.

(૨) જો તેને ખાતરી થાય કે તે મતદાન મથકે અથવા સ્થળે નવેસરથી મતદાનના પરિણામથી, ચૂંટણીના પરિણામને કોઈ રીતે અસર કરશે નહિ તો, ગણતરી શરૂ કરવા અને પૂરી કરવા માટે અને જેના સંબંધમાં મતોની ગણતરી કરવામાં આવી હોય તે ચૂંટણી ફરી કરવા અને પૂરી કરવા માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો ચૂંટણી અધિકારીને આપવા.

(૩) આ નિયમોની જોગવાઈઓ જાણે કે અસલ મતદાનને લાગુ પડતી હોય તે રીતે આવા દરેક નવેસરથી મતદાનને લાગુ પડશે.

૬૮. ચૂંટાયેલા ઉમેદવારને પ્રમાણપત્ર આપવા બાબત:—નિયમ ૧૩ હેઠળ ઉમેદવારને ચૂંટાયેલ જાહેર કર્યો હોવાનું ગણાય અથવા નિયમ ૬૪ થી ૬૬ હેઠળ ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવે તે પછી, જેમ બને તેમ જલદી, ચૂંટણી અધિકારીએ આવા ઉમેદવારને, નમૂના ૨૨ મુજબ ચૂંટણીનું પ્રમાણપત્ર આપવું જોઈશે, ઉમેદવાર પાસેથી તેણે યોગ્ય રીતે સહી કરેલ તે મળ્યાની પહોંચ મેળવવી જોઈશે અને તરત જ રાજ્ય ચૂંટણી પંચને મોકલી આપવી જોઈશે.

૬૯. પરિણામની પ્રસિધ્ધિ:—કાઉન્સિલરો તરીકે ચૂંટાયેલી વ્યકિતઓના નામો, ચૂંટણી અધિકારીએ, રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે.

૭૦. મતપત્રો અને ચૂંટણીને લગતા બીજા કાગળોની કસ્ટડી.—ચૂંટણી અધિકારી, પરિણામ જાહેર કર્યા પછી, વાપરેલ મતપત્રો અને ચૂંટણીને લગતા બીજા કાગળો, સલામત કસ્ટડીમાં જુદા પેકેટમાં રાખવા જોઈશે અને તે ચૂંટણી અધિકારીના અને તેના ઉપર પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ અથવા ચૂંટણી એજન્ટો અથવા મતગણતરી એજન્ટોના સીલથી સીલ કરવા જોઈશે.

૭૧. ચૂંટણી અંગેના કાગળોની રજુઆત અને નિરીક્ષણ :—ચૂંટણી અધિકારીના હવાલામાં હોય તે દરમિયાન, ગણાયેલા, રદ કરાયેલા અથવા બીજીવાર અપાયેલા મતપત્રો અને તેમની સ્થળપ્રતો અને મતદાર યાદીની નિશાનીઓ કરેલી નકલના પેકેટો ન્યાયાધીશના હુકમ હોય તે સિવાય ખોલવાં નહિ અને તેમાંની ચીજોનું નિરીક્ષણ કરવું નહિ અથવા તે રજુ કરવા નહિ, પણ ચૂંટણીને લગતા બીજા સઘળા દસ્તાવેજો રાજ્ય ચૂંટણી પંચ ઠરાવે તેવી શરતોને અધીન અને તેવી ફી આપવામાં આવ્યેથી લોકોને જોવા માટે ખુલ્લા રહેશે અને કોઈ પણ વ્યકિત એવી શરતોનું પાલન કરે અને એવી ફી આપે એટલે, તેની અથવા તેના કોઈપણ ભાગની નકલ અથવા નકલો મેળવવાના હક રહેશે.

૭૨. ચૂંટણી અંગેના કાગળનો નિકાલ કરવા બાબત :—નિયમ ૭૦માં ઉલ્લેખ કરેલાં પેકેટો અને ચૂંટણીને લગતા બીજા સઘળા દસ્તાવેજો, સક્ષમ સત્તામંડળ સમક્ષ ચૂંટણી અરજી નિકાલ બાકી હોય તે સિવાય અક વર્ષની મુદત મોટે રાખી મૂકવાં અને ત્યાર પછી રાજ્ય ચૂંટણી પંચ જે કોઈ આદેશો આપે તે રીતે અને સક્ષમ કોર્ટે આપેલ કોઈપણ આદેશને અધીન રહીને, તેનો નાશ કરવો.

INDEX

ભાગ—૫

સામાન્ય જોગવાઈ

૭૩. ચૂંટણી પ્રક્રિયા સાથે કોર્પોરેશનના કર્મચારીઓને જોડવા નહિ :—કોર્પોરેશનના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને શહેર ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી , મત ગણતરી સુપરવાઈઝર અથવા મત ગણતરી મદદનીશ, તરીકે નીમી શકાશે નહિ અથવા કોર્પોરેશનની ચૂંટણી કરવા સાથે સંકળાયેલ બીજું કોઈપણ કામ સોંપી શકાશે નહિ :

પરંતુ ચૂંટણી અધિકારી, કોર્પોરેશન ચલાવતી હોય તેવી પ્રાથમિક શાળાના શિક્ષકોને, પ્રમુખ અથવા મતદાન અધિકારી તરીકે રોકેલ વ્યકિતઓને નીમી શકશે.

૭૪. ચૂંટણી દિવસના અગાઉના દિવસે અને ચૂંટણીના દિવસે જાહેર સભાઓ ભરવા ઉપર પ્રતિબંધ : (૧) કોઈપણ વ્યકિત, કોઈ-પણ મતદાન વિસ્તારમાં કોઈપણ ચૂંટણી માટે મતદાન બંધ કરવા માટે નક્કી કરેલ સમયે પૂરા થતા અડતાલીસ કલાકની મુદત દરમિયાન તે મતદાન વિસ્તારમાં કોઈ જાહેર સભા બોલાવી શકશે નહિ, ભરી શકશે નહિ અથવા તેમાં હાજર રહી શકશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત પેટા--કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે; બસોપચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

૭૫. મતદાન મથકમાં અથવા તેની નજીક પ્રચાર વગેરે કરવાની મનાઈ :—(૧) કોઈપણ વ્યકિત, કોઈપણ મતદાન મથકે જ્યારે મતદાન થતું હોય તે તારીખ અથવા તારીખોએ, મતદાન મથકની અંદર અથવા મતદાન મથકથી ૧૦૦ મીટરની અંદર કોઈપણ જાહેર અથવા ખાનગી સ્થળમાં નીચેના કૃત્યો પૈકી કોઈ કૃત્ય કરી શકશે નહિ.—

(ક) મતો માટે પ્રચાર કરવો.
(ખ) કોઈપણ મતદારને મત આપવાની વિનંતી કરવી.
(ગ) કોઈપણ ખાસ ઉમેદવાર માટે મત ન આપવા કોઈ મતદારને સમજાવવો.
(ઘ) કોઈપણ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવો.
(ચ) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાય) કોઈપણ નોટિસ અથવા બોર્ડ પ્રદર્શિત કરવું.

(૨) જે કોઈ વ્યકિત ઉપરના પેટા--નિયમ (૧) ની જોગવાઈનો ભંગ કરે તો તેને દોષિત ઠર્યેથી, બસો પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

૭૬. મતદારોને વાહનો પૂરા પાડવાની મનાઈ :—(૧) આ નિયમો હેઠળ જોગવાઈ કરેલ કોઈપણ મતદાન મથક સુધી અથવા ત્યાંથી પાછા (ઉમેદવાર પોતે, તેના કુટુંબના સભ્યો અથવા તેના એજન્ટ સિવાય) કોઈપણ મતદારને લાવવા-લઈ જવા માટે ઉમેદવારે અથવા તેના એજન્ટે અથવા ઉમેદવાર અથવા તેના એજન્ટ સાથે બીજી કોઈ વ્યકિતએ કોઈ વાહન અથવા વહાન ચૂકવણી કર્યા અથવા અન્યથા ભાડે રાખવાની અથવા પ્રાપ્ત કરવાની આથી મનાઈ કરી છે.

(૨) ઉપરના પેટા-નિયમ (૧)ની જોગવાઈઓનો ભંગ કરનાર કોઈપણ વ્યકિતને, દોષિત ઠર્યે બસો પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

૭૭. મત આપવામાં ચૂંટણી અધિકારીઓએ લાગવગ નહિ વાપરવા બાબત :— પ્રમુખ અધિકારીએ, મતદાન અધિકારીએ અથવા ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારીએ ચૂંટણી સંબંધી કોઈપણ ફરજ બજાવવા માટે નીમેલી કોઈપણ વ્યકિતએ ચૂંટણી કરવામાં અથવા તેની વ્યવસ્થા કરવામાં, ઉમેદવારની ચૂંટણીની તકો વધારવા અથવા ઘટાડવા માટે અથવા ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને કોઈપણ રીતે મત આપવા લાગવગ વાપરવા માટે (મત આપવા સિવાય) કોઈ કૃત્ય કરવું નહિ.

૭૮. સરકારી ફરજના ભંગ બદલ શિક્ષા :—કોઈપણ વ્યકિતએ વ્યાજબી કારણ સિવાય, સરકારી ફરજના ભંગ માટે ગુનો કર્યો હોય તો તેને, દોષિત ઠર્યે પાંચસો રૂપિયા સુધીના દંડની શિશા કરવામાં આવશે.

૭૯. મતદાન મથકમાંથી મતપત્રો ખસેડવા તે ગુનો બને છે :— (૧) જે કોઈ વ્યકિત કોઈપણ ચૂંટણી વખતે મતદાન મથકની બહાર કપટ પૂર્વક મતપત્રો લઈ જાય અથવા લઈ જવાનો પ્રયત્ન કરે અથવા આવું કૃત્ય કરવા જાણી બૂઝીને સહાય કરે અથવા મદદગારી કરે તેને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે.

(૨) મતદાન મથકના પ્રમુખ અધિકારીને એવું માનવાને કારણ હોય કે કોઈ વ્યકિતએ પેટા-નિયમ (૧) હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરી રહયો છે અથવા કર્યો છે તો, આવા અધિકારી, તે વ્યકિત મતદાન મથક છોડે તે પહેલાં તેની ધરપકડ કરી શકશે અથવા આવી વ્યકિતને ધરપકડ કરવા માટે પોલીસ અધિકારીને આદેશ કરી શકશે અને આવી વ્યકિતની ઝડતી લઈ શકશે અથવા પોલીસ અધિકારી દ્વારા ઝડતી લેવડાવી શકશે.

INDEX

પરનું સ્ત્રીની ઝડતી લેવાની જરૂર હોય ત્યારે, શિષ્ટાચારને ધ્યાનમાં લઈને સ્ત્રી દ્વારા ઝડતી લેવડાવી જોઈશે.

(૩) આવી ઝડતી લીધે મળી આવેલ કોઈપણ મતપત્ર, સલામત કસ્ટડી માટે પોલીસ અધિકારીને સુપરત કરવું જોઈશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ શિક્ષાપાત્ર ગુનો, પોલીસ અધિકારીનો ગુનો ગણાશે.

૮૦. ચૂંટણીના હેતુઓ સારૂ જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન :—(૧) શહેર ચુંટણી અધિકારીને એમ જણાય કે આ નિયમો હેઠળની ચૂંટણીના સંબંધમાં,—

(ક) મતદાન મથક તરીકે ઉપયોગ કરવા સારૂ અથવા મત લેવાઈ ગયા પછી, મતપેટીઓ રાખવા સારૂ કોઈ જગાની જરૂર છે અથવા જરૂર પડવા સંભવ છે, અથવા

(ખ) કોઈ વાહન, જલયાન અથવા પશુનો કોઈ મતદાન મથકે અથવા મતદાન મથકથી મતપેટીઓ લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણી ચાલતી હોય તે દરમિયાન વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દળની વ્યક્તિઓને લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણીના સંબંધમાં કોઈપણ ફરજ બજાવવા માટે કોઈ અધિકારી અથવા બીજી વ્યક્તિને લાવવા લઈ જવાના હેતુઓ સારૂ જરૂર છે અથવા જરૂર પડવાનો સંભવ છે. તો લેખિત હુકમ કરીને, એવી જગાનું અથવા યથાપ્રસંગ, એવાં વાહન, જલયાન અથવા પશુનું હંગામી સંપાદન કરી શકશે અને હંગામી સંપાદન કરવાના સંબંધમાં તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવા વધુ હુકમો કરી શકશે પરતું જે કોઈ વાહન, જલયાન અથવા પશુનો ઉપયોગ, કોઈ ઉમેદવાર કાયદેસર રીતે કરતો હોય તે વાહન જલયાન અથવા પશુનું હંગામી સંપાદન તેવી ચૂંટણી વખતે મતદાન પુરૂં ન થાય ત્યાં સુધી, આ પેટા-નિયમ મુજબ કરી શકાશે નહિ.

(૨) આવું હંગામી સંપાદન શહેર ચૂંટણી અધિકારી જેમને મિલકતનો માલિક અથવા કબજેદાર ગણતો હોય તેવી વ્યકિતઓનાં ન મનાં લેખિત હુકમથી કરવામાં આવશે અને એવો હુકમ જેના નામનો કાઢવામાં આવ્યો હોય તે વ્યકિત ઉપર ઠરાવેલી રીતે બજાવવામાં આવશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ કોઈ મિલકતનું હંગામી સંપાદન, કરવામાં આવે, ત્યારે તેવા હંગામી સંપાદનની મુદત, તે પેટા નિયમમ જણાવેલા કોઈ હેતુ સારૂ જે મુદત માટે આવી મિલકતની જરૂર હોય તે મુદત કરતાં વધારે હોવી જોઈએ નહિ.

(૪) આ નિયમમાં ,—

(ક) "જગા" એટલે કોઈપણ જમીન, મકાન અથવા મકાનનો ભાગ અને તેમાં ઝુંપડી, છાપરાં અથવા બીજા બાંધકામનો અથવા તેના કોઈપણ ભાગનો સમાવેશ થાય છે;

(ખ) "વાહન" એટલે યાંત્રિક શકિતથી ચાલતું હોય અથવા બીજી રીતે ચાલતું હોય તેવું માર્ગ વાહન વ્યવહારના હેતુ સારૂં વપરાતું અથવા વાપરી શકાય અવું કોઈ વાહન.

૮૧. મતદાર યાદીઓમાં મુદ્રણ અને કારકુની ભૂલો બાબત :—મતદાર યાદીમાંની નોંધ અમુક વ્યકિતને લગતી છે કે કેમ, તેવો પ્રશ્ન આ નિયમો હેઠળ ચૂંટણી અધિકારીના અથવા પ્રમુખ અધિકારીના નિર્ણય માટે ઉભો થાય તો, યથાપ્રસંગ ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારી, લેખિતમાં કારણોની નોંધ કરીને, એવો નિર્ણય કરી શકશે કે તેમાં કોઈ કારકુની અથવા મુદ્રણની ભૂલ હોય તે છતાં, સદરહુ વ્યકિતને લગતી નોંધ છે અથવા નથી.

૮૨. મુશ્કેલી દૂર કરવા બાબત :—અધિનિયમ હેઠળ કોઈ ચૂંટણી કરવા માટે કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ આપે તેવા કોઈપણ આદેશોને અધિન રહીને, ચૂંટણી યોગ્ય રીતે કરવા માટે પોતે જરૂરી જણાય તેવી અધિનિયમ અથવા નિયમો સાથે અસંગત ન હોય તેવું કોઈ કૃત્ય કરી શકશે નહિ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ટી. એસ. રંધવા
સરકારના સયુકત સચિવ,

નમૂનો—૧

[જુઓ નિયમ ૧૧]

ચૂંટણીની જાહેર નોટિસ

———————— — — — ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર— — — — — — — — — — — વોર્ડનું નામ— — —

આથી નોટિસ આપવામાં આવે છે કે—

(૧) — — — — — — — — ના મ્યુનિસિપલ કોર્પોરેશનની નીચેની ૬

INDEX

(૨) નીચેના અધિકારીઓને, તેમના સામે દર્શાવેલ બોર્ડની ચૂંટણી કરવા માટે ચૂંટણી અધિકારી તરીકે નીમવામાં આવે છે.

અનુક્રમાંક	અધિકારીનું નામ અને હોદ્દો.	વોર્ડ નંબરો અને વોર્ડના નામો
૧		
૨		
૩		
૪ વગેરે		

૩. ચૂંટણી માટેની સૂચિ :—

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ — — — — — — — —
(ખ) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ — — — — — — — —
(ગ) ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ — — — — — — — —
(ઘ) મતદાનની તારીખ — — — — — — — —
(ચ) મતદાનનો સમય સવારના———— થી સાંજના———— સુધી.———— ————

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી

સચિવ, રાજ્ય ચૂંટણી પંચ.

નમૂનો—૨

[જુઓ નિયમ ૬]

ચૂંટણીની જાહેર નોટિસ

———————— ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર…… ……વોર્ડનું નામ……

આથી નોટિસ આપવામાં આવે છે કે :—

(૧) નંબર…… ……વોર્ડનું નામ……માંથી નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી યોજવાની છે.

કુલ બેઠકો…… ……માંથી……

એક બેઠક સ્ત્રી સામાન્ય/અ. જા./સ. આ./બી. ૫. વર્ગ માટે અનામત રાખી છે.

એક બેઠક અ. જા./અ. આ./બી. ૫. વર્ગ માટે અનામત રાખી છે.

[illegible] બેઠકો બિન અનામત છે.

થવા તેની દરખાસ્ત મૂકનાર અથવા તેને ટેકો આપનાર મારફત નીચેના સરનામે (જાહેર રજાના ના……થી મોડું નહિ ને રીતે સવારના ૧૦—૩૦ થી બપોરના ૩—૦૦

ગાવેલ સ્થળેથી અને સમયે મેળવી શકાશે.

INDEX

(૪) ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ... ... ... ના રોજ ....વાગ્યે મારી કચેરીમાં ચકાસણી કરવામાં આવશે.

(૫) ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ ઉમેદવાર અથવા ઉમેદવાર જેલમાં હોય અથવા પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિત, જાતે, મારી ઓફિસમાં મને તારીખ.. ... ...ના રોજ કચેરીના સમય દરમિયાન પણ બપોરના ૩-૦૦ વાગ્યા પહેલાં પહોંચાડી શકશે.

(૬) ચૂંટણીની હરિફાઈ થાય તો, મતદાન તારીખ- —... ... ...ના રોજ – ... ... થી ... ... સુધીનાં સમય વચ્ચે થશે.

સ્થળ ....

તારીખ---------- ચૂંટણી અધિકારી,

નમૂનો ૩

[જુઓ નિયમ ૭]

ઉમેદવારી પત્ર

.....ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.
વોર્ડ નંબર .....વોર્ડનું નામ.....

૧. હું .....ની મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર.....
વોર્ડનું નામ .....માંથી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નીચેની વ્યકિતને નિયુકત કરું છું.

નામ .....

પિતાનું /પતિનું નામ .....

જાતિ (સ્ત્રી કે પુરુષ) .....

ટપાલનું સરનામું .....
.....

તેનું નામ, વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....માટેની વોર્ડની મતદાર યાદીમાં અનુક્રમ નંબર.....આગળ નોંધેલ છે.

૨. મારું નામ.....છે અને તે, વોર્ડ નંબર.....
વોર્ડનું નામ .....માટેની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....
આગળ નોંધેલ છે.

તારીખ ..... (દરખાસ્ત મૂકનારની સહી)

૩. હું ઉપર જણાવેલ વ્યકિતની ઉમેદવાર તરીકેની ઉમેદવારીને ટેકો આપું છું.

૪. મારું નામ.....છે અને વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....ની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....આગળ નોંધેલ છે.

તારીખ ..... (ટેકો આપનારની સહી)

૫. હું ઉપર જણાવેલ ઉમેદવાર, આ ઉમેદવારીને અનુમતિ આપું છું અને આથી જાહેર કરું છું કે —

(ક) મેં.....વર્ષની ઉંમર પૂરી કરી છે.

@(ખ) હું .....પક્ષ દ્વારા આ ચૂંટણીમાં ઉભો રહયો છું.

INDEX

(ગ) મેં પસંદ કરેલ પ્રતીક —

(૧).....(૨).....અને(૩).....છે.

(ઘ) મારા નામની અને મારા પિતા/પતિનું નામની ગુજરાતીમાં જોડણી ઉપર જણાવ્યા મુજબ સાચી છે અને મારું નામ મતપત્ર ઉપર આવી રીતે નોંધવાની હું વિનંતિ કરું છું.

(ચ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ, હું.....ના કોર્પોરેશનમાં ચૂંટાવા માટે લાયક છું અને ગેરલાયક ઠર્યો નથી.

૫. *હું વધુમાં જાહેર કરું છું કે હું.....જાતિ/આદિજાતિ/વર્ગનો સભ્ય છું જે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/બીજા પછાત વર્ગ છે. હું આ સાથે,.....એ તારીખ..... ના રોજ કાઢી આપેલ જાતિ/આદિજાતિ/વર્ગના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બીડું છું.

@તારીખ .....

(ઉમેદવારની સહી)

.....

@ આ પરિચ્છેદ લાગુ પડતો ન હોય તો તે છેકી નાંખવો.

જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાંખવા.

(ચૂંટણી અધિકારીએ ભરવું)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર .....

૨. આ ઉમેદવારી પત્ર, ઉમેદવારે/દરખાસ્ત કરનારે/ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ..... કલાકે આપ્યું હતું.

પહોંચ

(ચૂંટણી અધિકારીએ ભરવું અને ઉમેદવારી પત્ર રજુ કરનાર વ્યકિતને આપવી)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર .....

૨. આ ઉમેદવારી પત્ર ઉમેદવારે/દરખાસ્ત કરનારે/ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ..... કલાકે આપ્યું હતું.

તારીખ .....

ચૂંટણી અધિકારી

નમૂનો–૪

[જુઓ નિયમ–૧૦]

માન્ય નિયુકત ઉમેદવારોની યાદી

.....ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

અ.નં. (૧)	ઉમેદવારનું નામ (૨)	સરનામું (૩)	પક્ષ સાથે જોડાણ (૪)	ઉમેદવારનો વર્ગ. (૫)
૧.				
૨.				
૩.				
૪.				
વગેરે				

સ્થળ .....

તારીખ .....

ચૂંટણી અધિકારી.

INDEX

નમૂનો—૫
(જુઓ નિયમ—૧૧)

ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ

. . . . . ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી વોર્ડ નંબર . . . . .
વોર્ડનું નામ . . . . . .

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર . . . . . .
વોર્ડનું નામ . . . . . .

સાહેબ,

હું . . . . . ઉપરની ચૂંટણીમાં માન્ય રીતે નિયુક્ત થયેલ ઉમેદવાર, આથી, નોટિસ આપું છું કે, હું મારી ઉમેદવારી પાછી ખેંચી લઉં છું.

તારીખ . . . . . .

માન્ય નિયુક્ત ઉમેદવારની સહી.

(ચૂંટણી અધિકારીએ ભરવું).

આ નોટિસ મને મારી ઓફિસમાં તારીખ :.....ના રોજ..... ... ...વાગ્યે..... ... ...

(*) (૧) ઉમેદવારે જાતે, અથવા

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઈ જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતિ... ... ... એ

પહોંચાડી હતી.

તારીખ :—..... ... ... ચૂંટણી અધિકારી.

પહોંચ

(ચૂંટણી એધિકારીએ ભરવું અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ રજૂ કરતી વ્યક્તિને આપવી).

વોર્ડ નંબર... ... ...વોર્ડનું નામ... ... ... ની ચૂંટણીમાં માન્ય નિયુક્ત ઉમેદવાર શ્રી/શ્રીમતી... ... ... એ ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ મને મારી ઓફિસમાં તારીખ :—... ... ... ના રોજ... ... ...વાગે.

*(૧) ઉમેદવારે જાતે અથવા

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઈ, જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતિ... ... ...એ

પહોંચાડી હતી.

તારીખ :—..... . . . . ચૂંટણી અધિકારી.

(*જે શબ્દો લાગુ પડયા ન હોય તે છેકી નાખવા.)

INDEX

નમૂનો– ૬

(જુઓ નિયમ ૧૬)

હરીફ ઉમેદવારની યાદી

... ...ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી વોર્ડ નંબર... ... ...
વોર્ડનું નામ... ... ...
વોર્ડનું નામ... ... ...

અ. નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ	ફાળવેલ પ્રતિક
૧	૨	૩	૪	૫	૬
૧.					
૨.					
૩.					
૪.					
વગેરે.					

સ્થળ :– ... ...
તારીખ :– ... ...

ચૂંટણી અધિકારી.

નમૂનો–૭

[જુઓ નિયમ ૧૮ (૩)]

ચૂંટણી એજન્ટની નિમણૂંક

... ...ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી વોર્ડ નંબર... ... ...
વોર્ડનું નામ... ... ...

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર.....
વોર્ડનું નામ.....

સાહેબ,

હું,... ... ... ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી શ્રી/શ્રીમતી... ... ...

નમૂનો--૮

[જુઓ નિયમ ૧૮ (૨)]

ચૂંટણી એજન્ટની નિમણૂંક રદ કરવા બાબત.

.....ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી
વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

વોર્ડ નંબર.....

વોર્ડનું નામ.....

સાહેબ,

હું, ...ઉપરની ચૂંટણીના ઉમેદવાર આથી
શ્રી/શ્રીમતી.....ની નિમણૂંક, તાત્કાલિક અમલમાં
આવે તે રીતે રદ કરું છું.

આપનો વિશ્વાસુ,
ઉમેદવારની સહી.

તારીખ :-

નમૂનો--૯

[જુઓ નિયમ ૨૧ (૩)]

મતદાન એજન્ટની નિમણૂંક

.....ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી
વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

હું .....ઉમેદવાર ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર.....
નો ચૂંટણી એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી.....(પૂરેપૂરૂ નામ અને સરનામું) ને મથક નંબર
.....મતદાન મથકનું નામ.....ઉપર મતદાનના
દિવસે હાજર રહેવા માટે મતદાન એજન્ટ તરીકે નીમું છું.

તારીખ .....
આવા મતદાન એજન્ટ તરીકે કામ કરવા સંમત છું.

તારીખ .....

ઉમેદવારની/ચૂંટણી એજન્ટની સહી

મતદાન એજન્ટની સહી.

મતદાન એજન્ટના એકરાર, ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ સહી કરવી.

હું આથી એકરાર કરું છું કે ઉપરની ચૂંટણીમાં હું મતદાનની ગુપ્તતા રાખીશ અને ગુપ્તતા જાળવવામાં મદદ કરીશ અને આવી ગુપ્તતાના ભંગની ગણતરીવાળી કોઈ માહિતી, કોઈ વ્યકિતને અમુક હેતુ માટે કોઈ કાયદાની અથવા તે હેઠળ અધિકૃત કરેલ અમુક હેતુ માટે હોય તે સિવાય આપીશ નહિ.

મતદાન એજન્ટની સહી

મારી સમક્ષ સહી કરી.

તારીખ :-

પ્રમુખ અધિકારી

*મતદાન મથકમાં રજુ કરવા માટે મતદાન એજન્ટને સોપવો.

INDEX

નમૂનો--૧૦

[જુઓ નિયમ ૨૧ (૫)]

મતદાન એજન્ટની નિમણૂંક રદ કરવા બાબત

.....ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી વોર્ડ નંબર.....
વોર્ડનું નામ .....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનું નામ.....

સાહેબ,

હું, ...
ઉમેદવાર શ્રી/શ્રીમતી.....ને ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર છે તેનો ચૂંટણી એજન્ટ, આથી, શ્રી/શ્રીમાન .....ની નિમણૂંક મતદાન એજન્ટ તરીકે રદ કરૂં છું.

તારીખ :—..... ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

નમૂનો ૧૧

[જુઓ નિયમ ૨૯]

મતપત્રનો નમૂનો

સ્થળપ્રત

.....નું મ્યુનિસિપલ

કોર્પોરેશન

વર્ષ

વોર્ડ નંબર.....

વોર્ડનું નામ .....

મતપત્રનો અનુક્રમ નંબર.....

મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનો નંબર.....

આગલો ભાગ

.....નું મ્યુનિસિપલ કોર્પોરેશન

વોર્ડ નંબર.....

વોર્ડનું નામ .....

ચૂંટણીનું વર્ષ .....

મતપત્રનો અનુક્રમ નંબર.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

INDEX

વોર્ડ યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

મતદારની સહી અથવા અંગુઠાનું નિશાન

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

મતદાન અધિકારીની સહી.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

નમૂનો ૧૨

[જુઓ નિયમ ૩૩ (૨)]

નિરક્ષર, અંધ અને અશકત મતદારોની યાદી

.....ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

મતદાન મથક નંબર.....

મતદાન મથકનું નામ.....

વોર્ડ યાદીમાં મતદારનો અનુક્રમ નંબર	મતદારનું પૂરેપૂરૂં નામ	સાથીનું પુરેપુરૂં નામ અને સરનામું	સાથીની સહી
(૧)	(૨)	(૩)	(૪)

તારીખ .....

પ્રમુખ અધિકારીની સહી.

INDEX

નમૂનો — ૧૩.

[જુઓ નિયમ--૩૯]

વાંધો ઉઠાવેલ મતોની યાદી.

---------- ----------ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર : ---------- વોર્ડનું નામ : ----------

મતદાન મથક નંબર : ----------મતદાન મથકનું નામ : ----------

ક્રમ નંબર.	મતદારનું નામ	વોર્ડ યાદીમાં મતદારના નામનો અનુક્રમ નંબર.	વાંધો ઉઠાવનાર વ્યક્તિની સહી અને અંગૂઠાનું નિશાન	વાંધો ઉઠાવનાર વ્યક્તિનું સરનામું.	ઓળખ આપનાર હોય તો તેનું નામ.	વાંધો ઉઠાવનાર નું નામ.	પ્રમુખ/ અધિકારીનો હુકમ	ડિપોઝીટની રકમ પાછી મળ્યેથી વાંધો ઉઠાવનારની સહી.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧, ૨, ૩ વગેરે.								

તારીખ :

પ્રમુખ અધિકારીની સહી.

નમૂનો ૧૪

[જુઓ નિયમ ૪૦ (૨)]

સુપરત કરેલા મતોની યાદી.

----------ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર : ----------

વોર્ડનું નામ :----------

મતદાન મથક નંબર : ----------
મતદાર મથકનું નામ : ----------

અનુક્રમ. નંબર.	વોર્ડ યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.	મતદારનું નામ અને સરનામું.	સુપરત કરેલા મતપત્રનો અનુક્રમ નંબર.	મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

તારીખ :----------

પ્રમુખ અધિકારીની સહી.

INDEX

નમૂનો ૧૫

[જુઓ નિયમ ૪૨]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટેની અરજી.

————————ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર ———————— વોર્ડનું નામ ————————

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર————
વોર્ડનું નામ.

સાહેબ,
હું ઉપરના વોર્ડની આગામી ચૂંટણીમાં, જાતે મારો મત આપવા માંગુ છું. ઉપરના વોર્ડ માટેની વોર્ડ યાદીના અનુક્રમ નંબર ——
———પર મારું નામ દાખલ કરેલ છે.

મને વોર્ડ નંબર ————ના વોર્ડનું નામ ————————ના મતદાન મથક નંબર ————મતદાન મથકનું નામ ——
————એ સ્થળે ચૂંટણી અંગેની ફરજ ઉપર મૂકવામાં આવ્યો છે.

મતદાનના દિવસે જે મતદાન મથક ઉપર ફરજ ઉપર હોઉં તે મતદાન મથકે હું મત આપી શકું તે માટે નમૂના ૧૬ મુજબનું ચૂંટણી ફરજ પ્રમાણપત્ર મને કાઢી આપવાની વિનંતી કરું છું. તે મને નીચેના સરનામે મોકલી આપશો.

_____
_____
_____

આપનો વિશ્વાસુ,

તારીખ. ————————

( )

નમૂનો–૧૬

[જુઓ નિયમ ૪૨]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર

----------ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર ---------- વોર્ડનું નામ ----------

પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી - - ----------વોર્ડ નંબર--------ના વોર્ડનું નામ. --
-------ના મતદાર છે, મતદાર યાદીમાં તેનો નંબર -----છે.

તેમની ચૂંટણી અંગેની ફરજ ઉપર હોવાને લીધે, જે મતદાન મથક ઉપર તે મત આપવા હકદાર છે, તે મતદાન મથકે મત આપી શકે તેમ નથી; અને.

તેથી મતદાનની તારીખે જ્યાં તે ફરજ ઉપર હોય તે,

મતદાન મથક નંબર---------

મતદાન મથકનું નામ ----------

એ મત આપવાનો તેને આથી અધિકાર આપવામાં આવે છે.

તારીખ: --------

સ્થળ----------

ચૂંટણી અધિકારીની સહી.
અને સિક્કો.

INDEX

નમૂનો ૧૭

[જુઓ નિયમ ૪૫ (૧)]

મતપત્ર હિસાબ

————————ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર ————————

મતદાન મથક નંબર————————

મતદાન મથકનું નામ ————————

	અનુક્રમ નંબરો. * ————થી ————સુધી	કુલ સંખ્યા.
૧. મળેલા મતપત્રો	———— ————	————
૨. નહિ વપરાયેલાં મતપત્રો (એટલે કે મતદારોને કાઢી આપ્યા ન હોય તેવા)		
(ક) પ્રમુખ અધિકારીની સહીવાળા.		
(ખ) પ્રમુખ અધિકારીની સહી વગરના.		
કુલ (ક+ખ)		
૩. મતદાન મથકે વપરાયેલાં મતપત્રો* [(૧)-(૨)-(૩)] *		
૪. મતદાન મથકે વપરાયેલા પણ મતપેટીમાં દાખલ નહિ કરેલા મતપત્રો.		
(ક) મતદાન કાર્યરીતિના ભંગ માટે રદ કરેલ મતપત્રો. *		————
(ખ) બીજા કોઈ કારણોસર રદ કરેલ મતપત્રો. *		————
(ગ) સુપરત કરેલ મતપત્રો તરીકે વપરાયેલાં મતપત્રો *		————
કુલ : (ક)+(ખ)+(ગ)		
૫. મતપેટીમાંથી મળવાનાં મતપત્રો. [(૩) -- (૪) -- (૫)] *		

તારીખ. :

પ્રમુખ અધિકારીની સહી.

*અનુક્રમ નંબર આપવાની જરૂર નથી.

INDEX

નમૂનો–૧૮

[જુઓ નિયમ ૪૫(૨)]

ચૂંટણી ફરજ પરના સ્ટાફના મતપત્રોનો હિસાબ

----------ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર----------

વોર્ડનું નામ :----------

મતદાન મથક નંબર : ----------

મતદાન મથકનું નામ : ----------

	અનુક્રમ નંબરો. .....થી.....સુધી.		કુલ સંખ્યા
૧. મળેલાં મતપત્રો	.....	.....	.....
૨. વપરાયેલા મતપત્રો	.....	.....	.....
૩. બગડેલાં મતપત્રો	.....	.....	.....
૪. નહિ વપરાયેલાં મતપત્રો	.....	.....	.....

તારીખ :–

પ્રમુખ અધિકારીની સહી.

નમૂનો–૧૯

[જુઓ નિયમ ૫૪ (૩)]

મતગણતરી એજન્ટની નિમણૂંક

----------ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.
વોર્ડ નંબર----------વોર્ડનું નામ----------

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર--------
વોર્ડનું નામ----------

સાહેબ,

હું----------ઉમેદવાર/ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર હોય તેવા શ્રી/શ્રીમતી----------
----------નો ચૂંટણી એજન્ટ આથી, નીચેની વ્યકિતઓને મત ગણતરી દરમિયાન હાજર રહેવા મારા મત ગણતરી એજન્ટો તરીકે નીમું છું.

અ. નં.	મતગણતરી એજન્ટનું નામ	મતગણતરી એજન્ટનું સરનામું
૧.		
૨.		
૩.		

વગેરે

ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

INDEX

અમે આવા મતગણતરી એજન્ટો તરીકે કામ કરવા કબૂલ કરીએ છીએ.

અ. નં.	મતગણતરી એજન્ટનું નામ	મતગણતરી એજન્ટની સહી
૧.		
૨.		
૩.		
વગેરે.		

મતગણતરી એજન્ટોનો એકરાર

(ચૂંટણી અધિકારી સમક્ષ સહી કરવી)

હું/અમે આથી જાહેર કરું છું/કરીએ છીએ કે હું/અમે ઉપરની ચૂંટણીમાં મતદાનની ગુપ્તતા રાખીશ/રાખીશું અને ગુપ્તતા જાળવવામાં મદદ કરીશ/કરીશું અને આવી ગુપ્તતાનું ઉલ્લંઘન કરવા માટે એકત્રિત કરેલી કોઈ માહિતીની કોઈ વ્યકિતને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ અમુક અધિકૃત હેતુ માટે હોઈ તે સિવાય) જાણ કરીશ નહિ/કરીશું નહિ.

અ. નં.	મતગણતરી એજન્ટનું નામ	મતગણતરી એજન્ટની સહી
૧.		
૨.		
૩.		
વગેરે		

મારી સમક્ષ સહી કરી.

તારીખ :-

ચૂંટણી અધિકારી.

નિયમ-૨૦

[જુઓ નિયમ ૫૪ (૫)]

મતગણતરી એજન્ટની નિમણૂક રદ કરવા બાબત

- - - -

નમૂનો—૨૧

[જુઓ નિયમ ૬૨]

આખરી પરિણામ પત્રક

— —ના મ્યુનિસિપલ કોર્પોરેશનની) ચૂંટણી

વોર્ડ નંબર— — — — — — — — — — — —વોર્ડનું નામ— — — — — — — — — — —

અ. નં.	ઉમેદવારનું નામ	પક્ષ સાથે જોડાણ	મતદાન કરેલા મતોની સંખ્યા
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...

મતદાન કરેલા માન્ય મતોની કુલ સંખ્યા — — — — — — — — — — —

અમાન્ય મતોની કુલ સંખ્યા — — — — — — — — —

સુપરત કરેલા મતોની કુલ સંખ્યા — — — — — — — — —

મતદારોની કુલ સંખ્યા — — — — — — — —

હું, આથી, નિયમ ૬૪માં ઠરાવેલ /કાર્યરીતિ અનુસર્યા પછી, નીચેના ઉમેદવારોને:—

*૧. શ્રીમતી— — — — — — — — — — — — — — — — — — — ને સામાન્ય સ્ત્રી/અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિની સ્ત્રી/બીજા પછાત વર્ગોની સ્ત્રી માટેની અનામત બેઠકો ઉપર

*૨. શ્રી/શ્રીમતી— — — — — — — — — — — — — — — ને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/બીજા પછાત વર્ગો/બિન-અનામત બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર/

૩. શ્રી/શ્રીમતી— — — — — — — — — — — — — — — ને બિનઅનામત બેઠક ઉપર/

યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરું છું.

ચૂંટણી અધિકારી,

તારીખ :—

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.

— — — — —

INDEX

નમૂનો—૨૨

[જુઓ નિયમ ૬૮]

ચૂંટણી પ્રમાણપત્ર

— ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર— — — — — — — — — — — — — — — — — —વોર્ડનું નામ— — — — — — — — — — — — —

હું,— — — — — — — — — — — — ના મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે, વોર્ડ નંબર— — — — — — — — — — વોર્ડનું નામ— — — — — — — — — — — — માટેના ચૂંટણી અધિકારી — આથી, પ્રમાણિત કરું છું કે, તારીખ— — — — — — — — — — — —માહે— — — — — સન ૧૯— — — — — — — — ના રોજ — — — — —(માન્ય રાજકીય પક્ષનું નામ) દ્વારા ઉભા રાખેલા શ્રી/શ્રીમતી— — — — — — — — — — — — — — — — —રહેવાસી— — — — — — — —ને— — — — — — — — — દે શહેરના—કોર્પોરેશનના સભ્ય તરીકે ચૂંટણીમ- સદરહુ વોર્ડમાંથી યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરું છું અને તેના પ્રતીક તરીકે મેં તેમને ચૂંટણીનું આ પ્રમાણપત્ર આપ્યું છે.

તારીખ :–

સ્થળ :–

ચૂંટણી અધિકારીની સહી અને સિક્કા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 32 REGISTERED NO. G/GNE/1

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, MAY 16, 1994/VAISAKHA, 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

બંધારણિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલાં તારીખ ૧૩મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (૧) કેવી-૧૯૯૪નો ૨૯૦-એનપીએલ-૪૫૯૪-૧૭૫૪-એમ અને (૨) કેવી-૧૯૯૪નો ૨૯૧-એનપીએલ-૪૫૯૪-૧૭૫૫-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT MUNICIPALITIES (CONDUCT OF ELECTION) RULES, 1994.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી મે, ૧૯૯૪.

ક્રમાંક : કેવી ૯૪નો ૨૯૦-એનપીએલ-૪૫૯૪-૧૭૫૪-એમ—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪ મા)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતાં કલમ, ૨૭૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ ૨૭૭ની પેટા-કલમ (૩) થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ આથી, પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. સૂચિત જાહેરનામાના મુસદ્દા અંગે ઉપર્યુકત મુદત પૂરી થયા પહેલાં સદરહુ મુસદ્દા સંબંધી કોઈપણ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

INDEX

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪માં)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.—

ભાગ– ૧.

પ્રારંભિક.

૧. ટૂંકી સંજ્ઞા :—આ નિયમો 'ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. અર્થઘટન :—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો);

(ખ) "મતપેટી"માં, મતદારોએ મતપત્રો નાંખવા માટે વાપરેલી કોઈ પેટી, બેગ અથવા અન્ય પાત્રનો સમાવેશ થાય છે;

(ગ) "ગણતરી એજન્ટ" એટલે ચૂંટણી પછી મતપત્રોની ગણતરી કરતી વખતે હાજર રહેવા માટે આ નિયમોના નિયમ ૫૩ હેઠળ પોતાના મત ગણતરી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(ઘ) "જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી" એટલે નિયમ ૩ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલા કોઈ અધિકારી;

(ચ) "ચૂંટણી" એટલે, નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અથવા મ્યુનિસિપલ બરોના કોઈપણ વોર્ડની બેઠક અથવા બેઠકોની કોઈ પેટા–ચૂંટણી;

(છ) "ચૂંટણી એજન્ટ" એટલે, આ નિયમોના નિયમ ૧૮ હેઠળ પોતાના ચૂંટણી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(જ) મ્યુનિસિપલ બરોના સંબંધમાં "મ્યુનિસિપલ મતદાર યાદી" એટલે મ્યુનિસિપલ બરોના તમામ વોર્ડો માટે ચૂંટણી નોંધણી અધિકારીએ પ્રસિદ્ધ કરેલ મતદારોની યાદીઓનો સંગ્રહ;

(ઝ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો કોઈપણ નમૂનો અને તેમાં ગુજરાત રાજ્યમાં સરકારી હેતુ માટે વપરાતી કોઈ-પણ ભાષામાં તેના ભાષાંતરનો સમાવેશ થાય છે;

(ટ) "મતદાન એજન્ટ" એટલે મતદાન દરમિયાન મતદાન મથકમાં હાજર રહેવા માટે આ નિયમોના નિયમ ૨૧ હેઠળ પોતાના મતદાન એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(ઠ) "મતદાન મથક" એટલે ચૂંટણીના સમયે મતદાન લેવા માટે આ નિયમોના નિયમ ૨૨ હેઠળ ચૂંટણી અધિકારીએ નિયત કરેલું સ્થળ;

(ડ) "પ્રમુખ અધિકારી" એટલે આ નિયમોના નિયમ ૨૩ હેઠળ ચૂંટણી અધિકારીએ નીમેલી કોઈ વ્યકિત અને તેમાં, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીના કાર્યો પૈકી કોઈ કાર્ય કરવા માટે મદદનીશ પ્રમુખ અધિકારી અને કોઈ મતદાન અધિકારીનો સમાવેશ થાય છે;

(ઢ) "ચૂંટણી અધિકારી" એટલે નિયમ ૪ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલી કોઈ વ્યકિત અને તેમાં મદદનીશ ચૂંટણી અધિકારીનો સમાવેશ થાય છે;

(ત) 'કલમ" એટલે અધિનિયમની કલમ;

(થ) "રાજ્ય ચૂંટણી પંચ" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩–ઠ હેઠળ નીમેલું પંચ;

(દ) વોર્ડની ચૂંટણીના સંબંધમાં "મતદાર" એટલે તે ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય તેવી કોઈપણ વ્યકિત અને ચૂંટણી નોંધણી અધિકારીએ, પ્રસિદ્ધ કરેલ તે વોર્ડ માટેના મતદારોની યાદીમાં જેના નામનો સમાવેશ કર્યો હોય તે વ્યકિત.

INDEX

ભાગ- ૨.

ચૂંટણી પ્રક્રિયા

૩. જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીની નિમણૂક .- (૧) જિલ્લાની નગરપાલિકાઓની ચૂંટણી કરવા માટે, રાજ્ય ચૂંટણી પંચ, જે જિલ્લામાં મ્યુનિસિપલ બરો આવેલું હોય તે જિલ્લાના કલેક્ટરને, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી તરીકે નીમશે;

(૨) જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચના દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને તેના જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણી કરવા માટે સંપૂર્ણ હવાલો ધરાવશે.

૪. ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક .- (૧) નગરપાલિકાની ચૂંટણીઓ કરવા માટે, રાજ્ય ચૂંટણી પંચ આ નિયમોના નિયમ ૭૨ની જોગવાઈઓને અધીન રહીને પોતે જરૂરી ગણે તેટલા ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી શકશે.

(૨) ચૂંટણી અધિકારી મૂકે તેવા નિયંત્રણોને અધીન રહીને, મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારીની તમામ અથવા કોઈપણ સત્તા વાપરી શકશે :

પરંતુ નિયમો ૬ થી ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૪૧, ૪૨ થી ૫૨, અને ૫૭ થી ૬૮ લેકળ ચૂંટણી અધિકારી વાપરી શકે તે સત્તા, મદદનીશ ચૂંટણી અધિકારી વાપરી શકશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીના સામાન્ય માર્ગદર્શન અને સ્ટેઅરેખ હેઠળ કામ કરશે.

૫. ચૂંટણીના ઈરાદાની જાહેર નોટિસ :—(૧) નીચેના પેટા-નિયમો (૨) થી (૫) ને અધીન રહીને, નગરપાલિકાની ચૂંટણીના ઈરાદાની નમૂના ૧ મુજબની જાહેર નોટિસ, રાજ્ય ચૂંટણી પંચે આપવી જોઈશે અને તેમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ અને જરૂરી હોય તો, ચૂંટણીની તારીખ જણાવવી જોઈશે.

(૨) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉપરના પેટા-નિયમ (૧) હેઠળની જાહેર નોટિસની પ્રસિદ્ધિની તારીખ પછીના સાતમા દિવસની રહેશે અથવા જો તે દિવસ જાહેર રજાનો દિવસ હોય તો, તે પછીના જાહેર રજાનો દિવસ ન હોય તેવા તેની તરત પછીના દિવસની રહેશે.

(૩) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ, ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ પછીના દિવસની રહેશે.

(૪) ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ પછી બીજા દિવસની રહેશે.

(૫) ચૂંટણીની તારીખ, ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખના પચીસ દિવસ કરતાં વહેલી હોવી જોઈશે નહિ.

(૬) એવી રીતે જાહેર કરેલી ચૂંટણીના હેતુઓ માટે, આવા જાહેરનામાની તારીખે અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદી, પ્રસ્તુત ગણાશે અને ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી આવી યાદીમાં કોઈ ઉમેરો કરવાની પરવાનગી આપી શકાશે નહિ.

૬. ઉમેદવારીપત્રો મંગાવતી ચૂંટણી અધિકારીની નોટિસ .—નિયમ ૫ હેઠળ જાહેર નોટિસ બહાર પાડવામાં આવે કે તરત, ચૂંટણી અધિકારી, આવી ચૂંટણી માટેના ઉમેદવારોના ઉમેદવારી પત્રો મંગાવતી અને ઉમેદવારી પત્રો સોંપવાના હોય તેનો સમય અને સ્થળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટેનો સમય અને સ્થળ અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ કયા સમયે અને કયા સ્થળે સોંપવાની છે તે સમય અને સ્થળ નિર્દિષ્ટ કરતા નમૂના ૨ મુજબની જાહેર નોટિસ બહાર પાડશે.

૭. ઉમેદવારી પત્રો .—(૧) દરેક ઉમેદવારી પત્ર, નમૂના ૩ મુજબ હોવું જોઈશે.

(૨) દરેક ઉમેદવારી પત્રમાં, ઉમેદવારનું નામ, ઉંમર, જાતિ અને સરનામાની સંપૂર્ણ વિગતો હોવી જોઈશે. અને તેમાં જેઓ તે વોર્ડની ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય અને જેના નામનો તે વોર્ડ માટે વોર્ડ યાદીમાં સમાવેશ થયેલો હોય તેવી બે વ્યક્તિઓ, એક દરખાસ્ત કરનાર અને બીજી ટેકો આપનારની સહી હોવી જોઈશે અને એવી રીતે ઉમેદવારી કરવાની પોતાની સંમતિના પ્રતિક રૂપે ઉમેદવારની સહી હોવી જોઈશે.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને બીજા પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામતને આધીન રહીને, જે વ્યક્તિ કોર્પોરેશનની ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય અને જેના નામો મ્યુનિસિપલ મતદાર યાદીમાં સમાવેશ કરેલ હોય તે વ્યક્તિ કોઈપણ વોર્ડમાંથી ચૂંટણી લડી શકશે.

(૪) જુદા જુદા મતદારો ઉમેદવાર વતી એક કરતાં વધુ ઉમેદવારી પત્રો ફાઈલ કરી શકશે, પણ ઉમેદવાર વતી ફાઈલ કરેલ કુલ ઉમેદવારી પત્રો ચાર કરતાં વધુ હોવા જોઈશે નહિ. ચાર કરતાં વધુ ઉમેદવારી પત્રો રજૂ કરેલા હોય તો, પ્રથમ રજૂ કરેલ ચાર ઉમેદવારી પત્રો વિચારણામાં લેવામાં આવશે અને બાકીના સંક્ષિપ્ત રીતે નામંજૂર કરવામાં આવશે.

INDEX

(૫) મતદાર એક કરતાં વધુ ઉમેદવારની દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે નિયુક્ત થઈ શકશે નહિ. મતદારે એક કરતાં વધુ ઉમેદવારો માટે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે ઉમેદવારી પત્રો ઉપર સહી કરી હોય ત્યારે, ચૂંટણી અધિકારીને પ્રથમ મળેલ એક સિવાયના અન્ય તમામ ઉમેદવારી પત્રો અમાન્ય જાહેર કરવામાં આવશે.

(૬) ઉપર્યુકત સહી આપેલ અને સહી કરેલ દરેક ઉમેદવારી પત્ર કચેરીના સમય દરમિયાન પણ નિયમ ૬ હેઠળ ચૂંટણી અધિકારીએ બહાર પાડેલી નોટિસમાં આ અર્થે નિર્દિષ્ટ કરેલા સ્થળે ઉમેદવારોના ઉમેદવારી પત્રો માટે નક્કી કરેલા દિવસોએ બપોરના ત્રણ વાગ્યા પહેલાં ઉમેદવારે અથવા દરખાસ્ત કરનારે અથવા ટેકો આપનારે જાતે ચૂંટણી અધિકારીને સોંપવું જોઈશે.

(૭) ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્ર મળ્યે, ઉમેદવારી પત્રમાં તેનો અનુક્રમ નંબર નોંધશે અને કઈ તારીખે અને કયા સમયે ઉમેદવારી પત્ર પોતાને સોંપવામાં આવ્યું તે જણાવતા તેની ઉપરના પ્રમાણપત્રમાં સહી કરશે.

(૮) જે ઉમેદવાર યથાપ્રસંગ અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા પછાત વર્ગના ઉમેદવાર તરીકે માન્ય ગણવા ઈચ્છતા ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર સાથે, જાતિ/આદિજાતિ/વર્ગનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે રાજ્ય સરકારે નિયત કરેલા સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ અથવા પ્રમાણપત્રની અધિકૃત ઝેરોક્ષ નકલ રજૂ કરવી જોઈશે;

ઉમેદવારી પત્રોની ચકાસણી વખતે અનામત બેઠક સામે ચૂંટાવાને પાત્ર ગણવામાં આવે તેવા ઉમેદવારના દરજ્જા સંબંધી કોઈ તકરાર ઉભી થાય ત્યારે, ચૂંટણી અધિકારી, ઉમેદવારને ઉપર ઉલ્લેખેલા પ્રમાણપત્રની મૂળ નકલ અને/અથવા ઉમેદવારના દાવાના સમર્થનમાં બીજા કોઈ દસ્તાવેજો રજૂ કરવાનું જણાવી શકશે. આવા પુરાવાની ચકાસણી કર્યા પછી, ચૂંટણી અધિકારી, અનામત બેઠક ઉપર ચૂંટાવા માટે પાત્ર થવા ઉમેદવારોનો દાવો સ્વીકારવામાં આવ્યો છે કે નહિ તે જાહેર કરશે. દાવો સ્વીકારવામાં આવ્યો ન હોય તો ઉમેદવારને સામાન્ય ઉમેદવાર તરીકે ગણવામાં આવશે.

૮. ઉમેદવારી પત્રોની ચકાસણી.—નિયમ ૫ હેઠળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટે નક્કી કરેલી તારીખે અને સમયે ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્રો તપાસશે અને કોઈ ઉમેદવારી અંગે લેવામાં આવે તેવા તમામ વાંધાઓનો નિર્ણય કરશે અને આવા વાંધા ઉપરથી અથવા પોતે જરૂરી ગણે તેવી કોઈ સંક્ષિપ્ત તપાસ કર્યા પછી, પોતાની મેળે નીચેના કોઈપણ કારણોસર ઉમેદવારી પત્રને અમાન્ય જાહેર કરી શકશે.

(૧) મ્યુનિસિપલ મતદાર યાદીમાં શહેરના મતદાર તરીકે ઉમેદવારની નોંધણી કરવામાં આવી નથી;

(૨) ઉમેદવારે નિયમ-૧૭ માં ઉલ્લેખેલી ડીપોઝીટની રકમ મૂકી નથી અથવા ભૂકાવડાવી નથી;

(૩) ઉમેદવાર, કાઉન્સિલર તરીકે ચૂંટાવા માટે જરૂરી ઓછામાંઓછી ઉંમરનો નથી;

(૪) ઉમેદવાર, અધિનિયમની કોઈ જોગવાઈઓ હેઠળ કાઉન્સિલર બનવા માટે ગેરલાયક થયો છે.

(૫) જે વોર્ડ માટે ઉમેદવારી પત્ર ફાઈલ કરવામાં આવ્યું હોય તે વોર્ડના મતદાર તરીકે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનારનું નામ નોંધાયું નથી.

(૬) ઉમેદવારી પત્ર ઉપર ઉમેદવારની અથવા દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી સાચી નથી;

(૭) ઉમેદવારી પત્ર ઉપર દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી આ ઉમેદવારી પત્ર પહેલાં ચૂંટણી અધિકારીને સોંપવામાં આવ્યું હોય તેવા બીજા ઉમેદવારી પત્ર ઉપર પણ કરવામાં આવી છે.

૯. માન્ય નિયુક્ત કરેલ ઉમેદવારોનું વર્ગીકરણ.—માન્ય નિયુક્ત કરેલ ઉમેદવારોનું નીચેના વર્ગોમાં વર્ગીકરણ કરવું જોઈશે :—

(ક) "સામાન્ય સ્ત્રી ઉમેદવાર" જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા બિન અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે

(ખ) "અનુસૂચિત જાતિની સ્ત્રી ઉમેદવાર" જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ગ) "અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ઉમેદવાર"—જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

(ઘ) "અન્ય પછાત વર્ગની સ્ત્રી ઉમેદવાર" જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અન્ય પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ચ) "અનુસૂચિત જાતિના પુરૂષ ઉમેદવાર"—જે અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

INDEX

(છ) "અનુસૂચિત આદિજાતિના પુરૂષ ઉમેદવાર"—જે અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(જ) "અન્ય પછાત વર્ગોના પુરૂષ ઉમેદવાર"—જે સામાન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

(ઝ) "સામાન્ય પુરૂષ ઉમેદવાર"—જે બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

૧૦. માન્ય નિયુકત ઉમેદવારોની યાદી.—તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હોય અને તેના સ્વીકાર અથવા અસ્વીકાર-ના નિર્ણયો નોંધવામાં આવ્યા હોય તે પછી, તરત જ, ચૂંટણી અધિકારીએ નમૂના ૪ મુજબ માન્ય નિયુકત ઉમેદવારોની તેમના વર્ગીકરણ સહિત યાદી તૈયાર કરવી જોઈશે અને પોતાની કચેરીમાં લોકોની જાણ માટે પ્રદર્શિત કરવી જોઈશે. તેણે તેની એક નકલ, દરેક માન્ય નિયુકત ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટ હોય તો તેને આપવી જોઈશે.

૧૧. ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ:—કોઈ માન્ય નિયુકત ઉમેદવાર તે ચૂંટણી લડવા માંગતો નથી એવી નિયમ ૫ (૪) હેઠળ નક્કી કરેલા દિવસે બપોરના ત્રણ વાગ્યા પહેલા, ચૂંટણી અધિકારીને નમૂના ૫ મુજબ લેખિત નોટીસ જાતે પહોંચાડીને પોતાની ઉમેદ-વારી પાછી ખેંચી શકશે. ચૂંટણી અધિકારીએ, કયા સમયે અને કઈ તારીખે તે પહોંચાડવામાં આવી છે તે સમય અને તારીખની તેના ઉપર નોંધ કરવી. જે ઉમેદવારે ઉપર્યુકત રીતે ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ આપી હોય તે ઉમેદવાર, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ રદ કરી શકશે નહિ.

પરંતુ ઉમેદવાર જેલમાં અથવા પોલીસ કસ્ટડીમાં હોવાને કારણે પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની અરજી જાતે પહોંચાડી શકે તેમ ન હોય ત્યારે, તે પોતે આ અર્થે અધિકૃત કરેલી વ્યકિત, તેના વતી તે અરજી પહોંચાડી શકશે.

૧૨. માન્ય ઉમેદવારી પત્રો ન હોય તો:— ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટેનો નક્કી કરેલ સમય પૂરો થયા પછી, કોઈ માન્ય ઉમેદવારીપત્ર ન હોય તે, કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ ખાલી પડેલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

૧૩. બિન-હરીફ ચૂંટણી.—ઉમેદવારી પાછી ખેંચી લીધા તે પછી, માન્ય ઉમેદવારી પત્રોની સંખ્યા, જગાઓ કરતાં ઓછી હોય અથવા સરખી હોય તે, એવી રીતે નિયુકત થયેલી તમામ વ્યકિતઓ બિન હરિફ ચૂંટાયેલી ગણાશે અને બાકીની જગા અથવા જગાઓ હોય તો તે, માટે કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને ખાલી અધિનિયમની કલમ ૧૮ હેઠળ આવી ખાલી પડેલી જગા અથવા જગાઓ પુરવા માટેની કાર્યવાહી હાથ ધરવી.

સ્પષ્ટીકરણ:—સંદિગ્ધતા દૂર કરવા માટે, આથી સ્પષ્ટ કરવામાં આવે છે કે કોઈ વ્યકિત, પોતે અનામત બેઠક માટે ચૂંટાવાપાત્ર હોય તે સિવાય, તેને આવી અનામત બેઠક માટે નિયુકત કરી હોવાનું ગણી શકાશે નહિ.

૧૪. હરિફાઈવાળી ચૂંટણી અને હરીફ ઉમેદવારો— ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, માન્ય નિયુકત પત્રોની સંખ્યા, જગ્યાઓ કરતાં વધુ હોય તો, કાઉન્સિલરોની ચૂંટણી, માન્ય ઉમેદવારી પત્રોવાળી વ્યકિતઓમાંથી કરવી અને આવી ચૂંટણીને "હરિફાઈવાળી ચૂંટણી" કહેવી અને આવી વ્યકિતઓને "હરિફ ઉમેદવારો કહેવા."

૧૫. હરીફ ઉમેદવારોના પ્રતીકો ફાળવવા બાબત.—(૧) રાજય ચૂંટણી પંચ રાજપત્રમાં જાહેરનામા દ્વારા કોર્પોરેશનની ચૂંટણીમાં ઉમેદ-વારો પસંદ કરે તેવા પ્રતીકો નિર્દિષ્ટ કરશે અને તેમની પસંદગી જે નિયંત્રણોને આધીન હોય તે નિયંત્રણો નિર્દિષ્ટ કરશે.

(૨) ઉમેદવારોની ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખના તરત પછીના દિવસે, ચૂંટણી અધિકારી, નીચેની રીતે હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવાની કાર્યવાહી શરૂ કરશે.

(૩) ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) હુકમ ૧૯૬૮ હેઠળ ગુજરાત રાજ્યમાં માન્ય રાજકીય પક્ષો ઉભા કરેલ ઉમેદવાર માટે, ચૂંટણી અધિકારીએ, સદરહુ હુકમ હેઠળ તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતીક ફાળવવું જોઈશે :

પરંતુ આવો રાજકીય પક્ષ, કોઈપણ વોર્ડમાં બેઠક દીઠ માત્ર એક ઉમેદવાર ઉભો રાખી શકશે. પક્ષો સ્ત્રીઓ અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગો માટે અનામત રાખેલ બેઠક અથવા પ્રથમ બિનઅનામત બેઠક અથવા યથાપ્રસંગ બીજી બિન અનામત બેઠક માટે પોતાનો કયો ઉમેદવાર છે તે સ્પષ્ટ રીતે જણાવવું જોઈશે.

સ્પષ્ટીકરણ :—માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલ ઉમેદવારને માન્ય રાખવા માટે ઉમેદવારે, નિયમ ૧૧માં નિર્દિષ્ટ કરેલ ઉમેદ-વારી પત્રો પાછા ખેંચવાના સમય-મર્યાદા પૂરી થાય તે પહેલાં, ગુજરાતમાં તે પક્ષના રાજ્ય એકમના પ્રમુખે અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિતએ તે મતલબનો સહી કરેલ પત્ર રજૂ કરવો જોઈશે.

(૪) કોઈ ચૂંટણી વખતે, ઉમેદવારે અથવા તેના વતી, એક કરતાં વધારે ઉમેદવારી પત્રો પહોંચાડયા હોય ત્યારે, પ્રથમ પહોંચાડવામાં આવેલા ઉમેદવારીપત્રમાં પસંદ કરેલા પ્રતીકો પસંદ કરવામાં આવશે અને આ નિયમો હેઠળ બીજા કોઈ પ્રતીકો પસંદ કરવાની વિચારણા કરવામાં આવશે નહિ, પછી ભલે તે ઉમેદવારીપત્ર નામંજુર કર્યું હોય.

INDEX

(૫) ચૂંટણી અધિકારી, હરીફ ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્રમાં દર્શાવેલ પ્રતીકોની પસંદગીની વિચારણા કરશે, અને

(ક) શકય હોય ત્યાં સુધી તેની પસંદગીને અનુરૂપ હોય તે પ્રમાણે દરેક હરીફ ઉમેદવારને જુદા જુદા પ્રતીક ફાળવશે; અને

(ખ) એકથી વધુ ઉમેદવારો એક જ પ્રતીક માટે પોતાની પસંદગી દર્શાવે, તો તે ઉમેદવારોમાંથી કયા ઉમેદવારોને તે પ્રતીક ફાળવવું તે (કોમ્પ્યુટર દ્વારા ડ્રો કરવા સહિત) ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૬) સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતીક વર્તુળમાં હોવું જોઈશે.

(૭) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોના ઉમેદવારોને ફાળવેલ પ્રતીક ચોરસમાં હોવું જોઈશે.

(૮) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોની સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતીક, ચોરસની અંદર વર્તુળમાં હોવું જોઈશે.

(૯) વોર્ડમાં એક કરતાં વધુ સ્થળે બિન-અનામત જગા માટે ચૂંટણી કરવાની હોય ત્યારે, માન્ય રાજકીય પક્ષના પ્રથમ ઉમેદવારને, તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતીક ફાળવવામાં આવશે અને બીજા ઉમેદવારને, તે અનામત રાખેલ પ્રતીક ચોરસમાં રાખવામાં આવશે.

(૧૦) આ અર્થે રાજ્ય ચૂંટણી પંચ પોતે યોગ્ય ગણે તેવી રીતે જે કિસ્સામાં ફાળવણી સુધારે તેમાં રાજ્ય ચૂંટણી પંચે કાઢેલ સામાન્ય આદેશો સાથે સુસંગત ન હોય તે સિવાય ઉમેદવારને ચૂંટણી અધિકારીએ કોઈ પ્રતીક ફાળવ્યું હોય તો તેમનો નિર્ણય આખરી ગણાશે.

૧૬. હરીફ ઉમેદવારોની યાદી :—(૧) હરીફ ઉમેદવારોને પ્રતીકોની ફાળવણી પૂરી થયા પછી, તરત જ, ચૂંટણી અધિકારી, તમામ હરીફ ઉમેદવારોના નામ અને તેમને ફાળવવામાં આવેલા પ્રતીકો જણાવતી ગુજરાતી ભાષામાં ક્કકાવારીના ક્રમમાં નમુના ૬ મુજબ હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરશે.

(૨) દરેક ઉમેદવારનું નામ, તેના ઉમેદવારી પત્રમાં જણાય તે પ્રમાણે સદરહુ યાદીમાં દર્શાવવામાં આવશે:

પરંતુ ઉમેદવારને એમ જણાય કે પોતાના નામની જોડણી ખરી નથી અથવા પોતાના ઉમેદવારીપત્રમાં અન્યથા સાચી દર્શાવી નથી અથવા જે પ્રચલિત નામથી ઓળખાતો હોય તે નામથી જુદું છે, ત્યારે તે, હરીફ ઉમેદવારોની યાદી તૈયાર થાય તે પહેલાં કોઈપણ સમયે, યોગ્ય નમુનામાં અને પોતાના નામની જોડણી ચૂંટણી અધિકારીને લેખિતમાં મોકલવી જોઈશે અને ચૂંટણી અધિકારીને વિનંતીથી યથાર્થતા અંગે ખાતરી થયેથી, તે જરૂરી ભૂલ સુધારશે અથવા નમૂના ૫ પ્રમાણે યાદીમાં ફેરફાર કરશે અને હરીફ ઉમેદવારોની યાદીમાં તે નમૂનો સ્વીકારશે અને જોડણી સુધારશે.

(૩) બે અથવા વધુ ઉમેદવારો એક જ નામ ધરાવતા હોય તો, તેમના ધંધા અથવા રહેઠાણથી અથવા ચૂંટણી અધિકારી યોગ્ય ગણે તેવી બીજી અમુક રીતે, ઉમેરો કરીને તે નામને તે જુદુ પાડશે.

(૪) ચૂંટણી અધિકારી, આવા દરેક ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટને હરીફ ઉમેદવારોની યાદીની એક નકલ પૂરી પાડશે અને ત્યાર પછી તે રાજ્યપત્રમાં તે યાદી પ્રસિધ્ધ પણ કરશે.

(૫) ચૂંટણી અધિકારીએ, શકય હોય તેટલું જલ્દી, હરીફ ઉમેદવારોની યાદી, રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરાવવી જોઈશે અને વળી તે, પોતાની કચેરીમાં, મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં, નગરપાલિકામાં અને પોતે યોગ્ય ગણે તેવા બીજા સ્થળોએ પ્રદર્શિત કરવી જોઈશે.

૧૭. ડીપોઝીટ અને રિફન્ડ બાબત :—(૧) નિયમ પના પેટા-નિયમ (૨) હેઠળ નક્કી કરેલ ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખે અથવા તે પહેલા દરેક ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે રૂપિયા એક હજારની રકમ રોકડમાં જમા કરવી પડશે અથવા જમા કરાવડાવી પડશે અને આવી ડીપોઝીટની રકમ જમા કરાવ્યા સિવાય, કોઈ ઉમેદવાર યોગ્ય રીતે નિયુકત થયેલો છે એમ ગણાશે નહિ.

પરંતુ ઉમેદવાર સ્ત્રી હોય અથવા અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગનો હોય ત્યારે, ડીપોઝીટની રકમ પાંચસો રૂપિયા સુધી ઘટાડવામાં આવશે.

(૨) ડીપોઝીટ પરત કરવામાં આવશે જો—

(૧) ઉમેદવાર, ચૂંટાયેલો જાહેર થાય અથવા યોગ્ય રીતે ચૂંટાયેલો હોવાનું ગણવામાં આવે તો; અથવા

(૨) આ નિયમોની જોગવાઈઓ મુજબ ઉમેદવારે પોતાનું ઉમેદવારી પત્ર પાછું ખેંચી લીધું હોય; અથવા

(૩) ઉમેદવારનું ઉમેદવારીપત્ર અમાન્ય જાહેર કરવામાં આવ્યું હોય; અથવા

(૪) મતદાન શરૂ થાય તે પહેલાં ઉમેદવાર મૃત્યુ પામે; અથવા

(૫) ઉમેદવાર ચૂંટાવામાં નિષ્ફળ ગયો હોય, પણ પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કરેલી સંખ્યા કરતા વધુ માન્ય મતો મેળવ્યા હોય;

INDEX

(૩) ઉમેદવાર ચૂંટાયો ન હોય અને તેને મળેલા માન્ય મતોની સંખ્યા થયેલા મતદાનના માન્ય મતોની કુલ સંખ્યાને વોર્ડમાં ચૂંટવાના કાઉન્સિલરોની સંખ્યા વડે ભાગતા જે આવે તેના છઠ્ઠા ભાગ કરતાં વધુ ન હોય તો તેની ડિપોઝીટ જપ્ત થશે.

(૪) ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવી ન હોય તો નિયમ ૬૩ હેઠળ ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી શકય તેટલી જલદી પરત કરવામાં આવશે:

પરંતુ ઉમેદવાર સામાન્ય ચૂંટણીમાં એક કરતાં વધુ વોર્ડમાં યોગ્ય રીતે નિયુકત થયેલા હોય તો તેણે અથવા તેના વતી મૂકેલી એક કરતાં વધુ ન હોય તેટલી ડિપોઝીટો પરત કરવામાં આવશે અને બાકીની ડિપોઝીટો જપ્ત કરવામાં આવશે:

વધુમાં ડિપોઝીટ પરત કરવામાં આવે તે પહેલાં, ઉમેદવાર મૃત્યુ પામે ત્યારે, તેના કાયદેસરના વારસદારોને તે પરત કરવામાં આવશે.

૧૮. મતદાન એજન્ટ.—(૧) હરીફ ઉમેદવાર નમૂના ૭ મુજબ નોટિસ આપીને કોઈપણ વ્યકિતને પોતાના ચૂંટણી એજન્ટ તરીકે નીમી શકશે. આવી નિમણૂકની નોટિસ ચૂંટણી અધિકારીને તેની બે નકલો મોકલાવીને આપવી જોઈશે, જેઓ તેની એક નકલ, નિમણૂક ની પોતાની મંજૂરીના પ્રતિક રૂપે તેના ઉપર સિક્કો મારી અને સહી કર્યા પછી, ચૂંટણી એજન્ટોને પરત કરશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ ચૂંટણી એજન્ટની નિમણૂક રદ કરતો આદેશ, નમૂના ૮ મુજબ કરવો જોઈશે.

ભાગ—૩

મતદાન

૧૯. મતદાન.—(૧) હરિફાઈવાળી ચૂંટણીની બાબતમાં, નિયમ ૧૫(૧) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે કાઢેલા જાહેરનામામાં જણાવેલી તારીખે મતદાન લેવામાં આવશે;

(૨) આવા મતદાન વખતે નિયમ ૧૫ હેઠળ કાઢેલા જાહેરનામાની તારીખે અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદીનો ઉપયોગ કરવો જોઈશે.

૨૦. મતદાનનો સમય .—રાજ્ય ચૂંટણી પંચ, મતદાન શરૂ કરવાનો સમય અને તે બંધ કરવાનો સમય નક્કી કરશે. મતદાન માટે નક્કી કરેલ સમય, રાજપત્રમાં જાહેરનામા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે.

૨૧. મતદાન એજન્ટો :—(૧) ઉમેદવાર અને તેનો ચૂંટણી એજન્ટ રાજ્ય ચૂંટણી પંચ આ અર્થે, વખતો વખત કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશોને અધીન રહીને, જે વોર્ડનો તે ઉમેદવાર હોય તે વોર્ડના દરેક મતદાન મથકે મતદાનના સમયે મતદાન મથકમાં પોતાના વતી હાજર રહેવા માટે મતદાન એજન્ટ નીમી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ નીમવામાં આવે તેવા, મતદાન મથક દીઠ એક એજન્ટ અને બે રીલીફ એજન્ટ રહેશે.

(૩) આવી દરેક નિમણૂક, નમૂના ૯ મુજબ કરવી જોઈશે અને યથાપ્રસંગ મતદાન મથકે અથવા મતદાન માટે નક્કી કરેલા સ્થળે રજૂ કરવા માટે મતદાન એજન્ટને સોંપી દેવી જોઈશે.

(૪) કોઈપણ મતદાન એજન્ટને, પેટા-નિયમ (૨) હેઠળ પોતાની નિમણૂકનો પત્ર યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલા એકરાર ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ સહી કર્યા પછી, પ્રમુખ અધિકારીને તે આપે તે સિવાય, મતદાન મથકમાં અથવા મતદાન માટે નક્કી કરેલા સ્થળે દાખલ થવા દેવામાં આવશે નહિ.

(૫) પેટા-નિયમ (૧) હેઠળ મતદાન એજન્ટની નિમણૂક રદ કરતો પત્ર, નમૂના ૧૦ મુજબ હોવો જોઈશે અને પ્રમુખ અધિકારીને આપવો જોઈશે.

૨૨. મતદાન મથકો .—મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી લઈને, દરેક વોર્ડ માટે, પોતે જરૂરી ગણે તેટલા મતદાન મથકો પસંદ કરશે અને પોતે યોગ્ય ગણે તેવી રીતે પસંદ કરેલા મતદાન મથકોની યાદી, અને તેમાં આવરી લીધેલ સંબંધિત મતદાન વિસ્તાર પ્રસિદ્ધ કરશે.

૨૩. પ્રમુખ અધિકારીઓ અને મતદાન અધિકારીઓ :—(૧) ચૂંટણી અધિકારી આ નિયમોના નિયમ ૭૨ની જોગવાઈઓને અધીન રહીને, દરેક મતદાન મથક માટે એક "પ્રમુખ અધિકારી" નીમશે અને પ્રમુખ અધિકારીને મદદ કરવા પોતાને જરૂરી લાગે તેટલી બીજી વ્યકિત-ઓ (જેનો આમાં હવે પછી "મતદાન અધિકારીઓ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) નીમશે;

(૨) દરેક મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી તેવી રીતે આદેશ આપે તો, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીને સોંપેલી તમામ અથવા કોઈપણ ફરજ બજાવી શકશે.

INDEX

(૩) માંદગી અથવા બીજી ટાળી ન શકાય તેવા કારણોસર, પ્રમુખ અધિકારીને મતદાન મથકમાંથી ગેરહાજર રહેવાની ફરજ પ તો, ચૂંટણી અધિકારી જેને આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કર્યા હોય તેવા, મતદાન અધિકારીઓ પૈકી કોઈ એક મતદાન અધિ તેની ફરજો બજાવવી જોઈશે.

૨૪. પ્રમુખ અધિકારીઓની ફરજો :-(૧) પ્રમુખ અધિકારી મતદાન મથકે વ્યવસ્થા સંભાળશે. ચૂંટણીનું સંચાલન સારી રીતે ચાલે છે અને મતદાન મથકની અંદર કોઈપણ એક સમયે પ્રવેશ આપવાના મતદારોની સંખ્યાનું નિયમન થાય છે તે જોશે અને નીચેના સિવાયની તમામ વ્યકિતઓને તેમાંથી બહાર કાઢશે.

(ક) મતદાન અધિકારીઓ;
(ખ) ચૂંટણી સાથે સંકળાયેલ ફરજ પરના સરકારી અધિકારીઓ;
(ગ) રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિતઓ;
(ઘ) ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો અને નિયમ ૨૧ના પેટા-નિયમ (૪)ની જોગવાઈઓને આધીન રહીને, ઉમેદવારે લેખિતમાં નીમેલા અને ચૂંટણી અધિકારીએ તે અર્થે અધિકૃત કરેલ દરેક ઉમેદવારના એક મતદાન એજન્ટ; અને
(ચ) મતદારની જોડે તેડેલું બાળક;

(છ) મદદ લીધા સિવાય ચાલી શકતા ન હોય તેવા કોઈ અંધ અથવા અશકત મતદારની સાથે આવેલ વ્યકિત, અને

(જ) પ્રમુખ અધિકારી વખતો વખત મતદારોની ઓળખ આપવાના હેતુ માટે પ્રવેશ આપે તેવી બીજી કોઈ વ્યકિતઓ,

૨૫. મતદાન મથકે વ્યવસ્થા.-(૧) દરેક મતદાન મથકની બહાર.-

(ક) મતદાર વિસ્તાર, મતદાન મથકે મત આપવાને હકદાર મતદારો, દરેક મતદારે આપવાના મતોની સંખ્યા, કેવી રીતે મત પત્ર ઉપર નિશાની કરવી, અને કેવી રીતે મત આપવા તે સંબંધી મતદારને આપવાની બીજી કોઈ સૂચનાઓ હોય તો તે નિર્દિષ્ટ કરતી નોટિસ; અને

(ખ) હરીફ ઉમેદવારોની યાદીની નકલ
પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) જેમાં મતદારો, બીજા લોકો જોઈ ન શકે તેવી રીતે પોતાના મત નોંધી શકે તેવી એક અથવા વધુ કુટીરો દરેક મતદાન મથકમાં રાખવી.

(૩) ચૂંટણી અધિકારીઓ, દરેક મતદાન મથકે પુરતી સંખ્યામાં મત પેટીઓ, મતદાર યાદીના સંબંધિત ભાગની નકલો, મતપત્રો, મત-પત્રો ઉપર વિશિષ્ટ નિશાની કરવા માટેના સિક્કા મારવાના સાધનો અને મત આપવા માટે મતદારો માટે જરૂરી બીજી ચીજ વસ્તુઓ અને સાધન સામગ્રી આપવી જોઈશે.

(૪) મતદાન મથક, પુરુષો અને સ્ત્રીઓ એમ બન્ને માટે હોય ત્યારે પ્રમુખ અધિકારી તે પુરુષો અને સ્ત્રીઓ માટે અલગ લાઈનો રાખવાનો આદેશ આપી શકશે અને જુદા જુદા જુથોમાં વારા ફરતી તેમને મતદાન મથકમાં પ્રવેશ આપવો જોઈશે.

૨૬. મતપેટીઓ.-દરેક મતપેટીની રચના એવી હોવી જોઈએ કે તેમાં મતપત્રો દાખલ કરી શકાય પણ પેટીનું તાળુ ખોલ્યા સિવાય પાછા લઈ શકાય નહિ. તે મતપેટીઓ રાજ્ય ચૂંટણી પંચ મંજૂર કરે તેવી ડીઝાઈનની હોવી જોઈશે.

૨૭. મતદાન માટે મતપેટીઓ તૈયાર કરવા બાબત.-(૧) મતપેટીને સુરક્ષિત બનાવવા માટે પેપર સીલનો ઉપયોગ કર્યો હોય ત્યારે પ્રમુખ અધિકારીએ પેપર સીલ ઉપર તેની પોતાની સહી કરવી જોઈશે અને તેના ઉપર સહી કરવા ઈચ્છતા હાજર મતદાન એજન્ટોની તેના ઉપર સહી લેવી જોઈશે.

(૨) ત્યારબાદ પ્રમુખ અધિકારીએ, તે પછી, મતપેટી ઉપર તેના માટે રાખેલ જગામાં તેવી રીતે સહી કરેલું પેપર સીલ લગાડવું જોઈશે અને તે પછી મતપેટીને, તેમાં મતપત્રો દાખલ કરવા માટે તેનો ખાંચો ખુલ્લો રહે તેવી રીતે સીલ મારીને સુરક્ષિત કરવી જોઈશે.

(૩) મતપેટી સુરક્ષિત રાખવા માટે વાપરેલા સીલ, એવી રીતે લગાડવા જોઈશે કે મતપેટી બંધ કર્યા પછી, સીલ તોડ્યા સિવાય પેટી ખોલવાનું શકય બને નહિ.

(૪) મતપેટીઓ સુરક્ષિત રાખવા માટે પેપર સીલ વાપરવાનું જરૂરી ન હોય, ત્યારે પ્રમુખ અધિકારએ મતપેટીને સુરક્ષિત કરીને એવી રીતે સીલ લગાડવું કે મતપત્રો દાખલ કરવા માટે ખાંચો ખુલ્લો રહે અને હાજર રહેલા મતદાન એજન્ટો તેવી રીતે પોતાના સીલ લગાડવા માગતા હોય, તો તેમને તેમ કરવા દેવા જોઈશે.

(૫) મતદાન મથકે વાપરેલ દરેક મતપેટીને તેની અંદર અને બહાર, એમ બન્ને બાજુઓએ નીચેની નિશાનીઓવાળાં લેબલો લગાડવા જોઈશે :-

(ક) વોર્ડનો અનુક્રમ નંબર હોય તો તે અને તેનું નામ;
(ખ) મતદાન મથકનો અનુક્રમ નંબર અને નામ;
(ગ) મતપેટીનો અનુક્રમાંક (મતદાન પૂરુ થયા પછી માત્ર મતપેટીની બહાર લેબલ ઉપર લખવો); અને
(ઘ) મતદાનની તારીખ.

INDEX

(૬) મતદાનના આરંભની તરત પહેલા પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટોને અને હાજર હોય તેવી બીજી વ્યકિતઓને મતદાન નિર્દેશન કરીને બતાવવું જોઈશે કે મતપેટી ખાલી છે અને પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલ લેબલો લગાડેલા છે.

(૭) ત્યારબાદ મતપેટી બંધ કરવી જોઈશે, તેને સીલ લગાડવું જોઈશે, અને તેને સુરક્ષિત કરવી જોઈશે અને પ્રમુખ અધિકારી અને મતદાન એજન્ટોની સંપૂર્ણ નજર સમક્ષ મુકવી જોઈશે.

૨૮. મતદાર યાદીની નિશાની કરેલ નકલ.—મતદાનના આરંભની તરત જ પહેલા પ્રમુખ અધિકારીએ, મતદાન એજન્ટો અને હાજર બીજા લોકોને નિદર્શન કરી બતાવવું જોઈશે કે મતદાન દરમિયાન વાપરવાની મતદાર યાદીની નિશાની કરેલી નકલમાં મતદારોને કાઢી આપેલ મતપત્રો સંબંધી કોઈપણ નોંધ કરવામાં આવી નથી.

૨૯. મતપત્રનો નમૂનો.—(૧) દરેક મતપત્ર સાથે સ્થળપ્રત જોડેલ હોવી જોઈશે. અને સદરહુ મતપત્ર અને સ્થળપ્રત નમૂના ૧૧ મુજબ હોવું જોઈશે.

(૨) ઉમેદવારોના નામો જે ક્રમમાં હરીફ ઉમેદવારોની યાદીમાં આવતા હોય તેજ ક્રમમાં મતપત્ર ઉપર દર્શાવવા જોઈશે અને તેજ રીતે ગોઠવવા જોઈશે.

(૩) મતપત્ર ઉપરની વિગતો ગુજરાતી ભાષામાં હોવી જોઈશે.

(૪) મતપત્રો, અનુક્રમ નંબરોવાળાં હોવા જોઈશે, સ્થળપ્રત ઉપર અને મતપત્રકના આગળના ભાગમાં છાપેલાં અનુક્રમ નંબરો હોવા જોઈશે.

(૫) નિયમ ૧૧ હેઠળ ઉમેદવારોને ફાળવેલા પ્રતીકો, મતપત્ર ઉપર ઉમેદવારના નામની સામેની બાજુએ દર્શાવેલ હોવા જોઈશે.

(૬) મત પત્ર ઉપર દરેક ઉમેદવારને ફાળવેલ જગા, એક સરખા માપની હોવી જોઈશે.

(૭) જુદા જુદા ઉમેદવારો માટે જોગવાઈ કરેલ જુદી પાડતી લાઈન અથવા રાખેલ વિસ્તાર મતપત્ર ઉપર એકસરખો હોવો જોઈશે.

૩૦. મતદારને મતપત્ર કાઢી આપવા માટેની કાર્યરીતિ.— (૧) મતદારને આપવામાં આવે તે પહેલાં દરેક મતપત્ર અને તેની સાથે જોડેલી સ્થળ પ્રત ઉપર, રાજ્ય ચૂંટણી પંચ આદેશ આપે તેવી વિશિષ્ટ પ્રકારની નિશાની, પાછળના ભાગમાં લગાડવી જોઈશે, અને દરેક મતપત્ર તે આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારીએ તેની પાછલી બાજુએ પૂરી સહી કરવી જોઈશે.

(૨) મતદારને મતપત્ર કાઢી આપતી વખતે, મતદાન અધિકારીએ,—

(ક) તેના સ્થળપ્રત ઉપર, મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં નોંધ્યા પ્રમાણેનો મતદારનો મતદાર યાદીમાંનો નંબર નોંધવો જોઈશે

(ખ) સદરહુ સ્થળપ્રત ઉપર, તે મતદારની સહી અથવા અંગૂઠાની નિશાની લેવી જોઈશે;

(ગ) મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં, મતદારના નામની નિશાની એવી રીતે જણાવવી જોઈશે કે તે મતદારને કાઢી આપેલ મતપત્રનો અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય તેને મતપત્ર કાઢી આપવામાં આવ્યું છે;

પરંતુ મતદારે, તે મતપત્રની સ્થળપ્રત ઉપર સહી કરી હોય અથવા અંગૂઠાની નિશાની કરી હોય તે સિવાય, તેને કોઈ મતપત્ર આપવું જોઈશે નહિ.

(૩) (ક) મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારી, મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની કરાવડાવશે.

પરંતુ મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર તેવી નિશાની પહેલેથી જ હોય તો, ચૂંટણી વખતે તેનો મત પહેલેથી જ પડેલો હતો એમ ગણાશે અને કોઈપણ મતપત્ર આપવું જોઈશે નહિ;

વધુમાં મતદાર, તેના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની લગાવવા દે તે સિવાય, તેને મતપત્ર મતપત્ર આપવું જોઈશે નહિ.

(ખ) આ પેટા--નિયમમાં મતદારના ડાબા હાથની પહેલી આંગળીના કોઈ ઉલ્લેખનો અર્થ, મતદારને પોતાના ડાબા હાથની પહેલી આંગળી ન હોય, તો તેના ડાબા હાથની અન્ય કોઈપણ આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો અને તેના ડાબા હાથની તમામ આંગળીઓ ન હોય, તો તેના જમણા હાથની પહેલી આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો,

INDEX

અને બન્ને, હાથોની તમામ આંગળીઓ ન હોય તો તેના ડાબ અથવા જમણા હાથના એવા કોઈ આખરી ભાગના ઉલ્લેખ તરીકે કરવો.

(૪) કોઈપણ પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારી અથવા કોઈ બીજા અધિકારી માટે, સ્થળપ્રત ઉપર મતદારના અંગૂઠાની છાપની શાખ કરવાનું જરૂરી ગણાશે નહિ.

(૫) મતદાન મથકમાંની કોઈપણ વ્યકિતને, અમુક મતદારોને કાઢી આપેલ મતપત્રોના અનુક્રમ નંબર નોંધવા દઈ શકાશે નહિ.

૩૧. મતદાન.-- (ક) આમાં હવે પછી જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, ચૂંટણીમાં મત આપતા તમામ મતદારોએ આ નિયમો હેઠળ તેમના માટે જોગવાઈ કરેલ મતદાન મથકે રૂબરૂ મત આપવો જોઈશે.

(ખ) મત રૂબરૂ જ આપવો જોઈશે અને પ્રતિનિધિ મારફત કોઈ મત આપી શકાશે નહિ.

(ગ) જે વોર્ડ માટેની ચૂંટણી કરવામાં આવી રહી હોય તે વોર્ડના મતદાર તરીકે વોર્ડ યાદીમાં જેનું નામ નોંધેલ ન હોય તેવી કોઈ-પણ વ્યકિત પાસેથી મત સ્વીકારી શકાશે નહિ.

(૨) મત રુબરુ જ આપવો જોઈશે અને પ્રતિનિધિ મારફત કોઈ મત આપી શકાશે નહિ

(૩) જે વોર્ડ માટેની ચૂંટણી કરવામાં આવી રહી હોય તે વોર્ડના મતદાર તરીકે વોર્ડ યાદીમાં જેનું નામ નોંધેલ ન હોય તેવી કોઈપણ વ્યકિત પાસેથી કોઈપણ મત સ્વીકારી શકાશે નહિ.

૩૨. મતદાન માટેની કાર્યરીતિ અને મતદાનની ગુપ્તતા.-- (૧) મતપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે દરેક મતદારે મતદાન મથકમાં, મતદાનની ગુપ્તતા જાળવવી જોઈશે અને તે હેતુ માટે, આમાં હવે પછી જણાવેલ મતદાનની કાર્યરીતિનું પાલન કરવું જોઈશે.

(૨) મતપત્ર મળ્યે, મતદારે તુરત —

(ક) ગમે તે એક મતદાન કુટીરમાં જવું જોઈશે;

(ખ) જે ઉમેદવારને તે મત આપવા માગતા હોય તે ઉમેદવારના અથવા વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી કરવાની હોય તો ઉમેદવારોના પ્રતીક ઉપર અથવા તેની નજીકમાં તે હેતુ માટે પૂરા પાડેલા સાધન વડે મતપત્ર ઉપર નિશાની કરવી જોઈશે;

(ગ) પોતાનો મત છુપાવી શકાય એ રીતે મતપત્રની ગડી વાળવી જોઈશે;

(ઘ) આવશ્યક જણાય તો, મતપત્ર ઉપરની વિશિષ્ટ નિશાની પ્રમુખ અધિકારીને બતાવવી જોઈશે;

(ચ) ગડી વાળેલું મતપત્ર મતપેટીમાં નાંખવું જોઈશે, અને

(છ) મતદાન મથકમાંથી જતા રહેવું જોઈશે.

(૩) દરેક મતદારે અયોગ્ય વિલંબ કર્યા વિના, મત આપવો જોઈશે,

(૪) કોઈ મતદાર, મતદાન કુટિરમાં હોય, ત્યારે બીજા કોઈપણ મતદારને તેમાં દાખલ થવા દેવો જોઈશે નહિ.

(૫) જેને મતપત્ર આપવામાં આવ્યું હોય તે મતદાર, પ્રમુખ અધિકારીએ ચેતવણી આપ્યા પછી, પેટા-નિયમ (૨)માં જણાવ્યા પ્રમાણેની કાર્યરીતિનું પાલન કરવાની ના પાડે, તો તે મતદારને આપેલું મતપત્ર તે ઉપર તેણે મત નોંધ્યો હોય કે નોંધ્યો ન હોય તો પણ, તેની પાસેથી પ્રમુખ અધિકારીએ અથવા પ્રમુખ અધિકારીના આદેશ હેઠળ મતદાન અધિકારીએ પાછું લઈ લેવું જોઈશે.

(૬) મતપત્ર પાછુ લઈ લેવામાં આવે તે પછી, પ્રમુખ અધિકારી, તેની પાછળ "રદ કર્યું મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે," એ શબ્દો લખવા જોઈશે અને એ શબ્દો નીચે પોતાની સહી કરવી જોઈશે.

(૭) જેમના ઉપર " રદ કર્યું, મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે," એવું લખેલું હોય તે તમામ મતપત્રો અલગ કવરમાં રાખવાં, જેના ઉપર "મતદાન કાર્યરીતિનો ભંગ કરતાં રદ કરેલ મતપત્રો" એ શબ્દો લખવા જોઈશે.

(૮) જેની પાસેથી પેટા--નિયમ (૫) હેઠળ મતપત્ર લઈ લેવામાં આવ્યું હોય તે મતદાર, અન્ય કોઈ શિક્ષાને પાત્ર થાય તેને બાધ આવ્યા સિવાય, એવા મતપત્ર ઉપર મત નોંધ્યો હોય તો તે ગણતરીમાં લેવામાં આવશે નહિ.

INDEX

૩૩. અંધ અથવા અશકત મતદારોના મતો નોંધવા બાબત.— (૧) પ્રમુખ અધિકારીને ખાતરી થાય કે અંધાપા અથવા અન્ય શારીરિક અશકતતાને લીધે, કોઈ મતદાર મતપત્ર ઉપરનાં પ્રતીકો ઓળખી શકે એમ નથી અથવા મદદ વિના તેના ઉપર નિશાની કરી શકે એમ નથી. તો પ્રમુખ અધિકારી, મતદારને તેની સાથે તેના વતી મતપત્ર ઉપર મત નોંધવા માટે અને તેની ઈચ્છા અનુસાર અને આવશ્યક હોય, તો મત છુપાવી શકાય, તો તે રીતે મતપત્રની ગડી વાળવા માટે અને તેને મતપેટીમાં દાખલ કરવા માટે મત કુટિરમાં અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના ન હોય તેવા સાથીને લઈ જવાની તેને પરવાનગી આપવામાં આવશે;

પરંતુ કોઈ વ્યકિતને તે જ દિવસે કોઈ મતદાન મથકે એક કરતાં વધુ મતદારનાં સાથી તરીકે કામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ;

વધુમાં, આ નિયમ હેઠળ કોઈપણ દિવસે મતદારના સાથી તરીકે કામ કરવાની કોઈ વ્યકિતને પરવાનગી આપવામાં આવે તે પહેલાં, વ્યકિતને એવો એકરાર કરવાનું ફરમાવવામાં આવશે કે મતદાર વતી તેણે નોંધેલો મત તે ગુપ્ત રાખશે અને તે દિવસે કોઈ મતદાન મથકે બીજા કોઈ મતદારના સાથી તરીકે તેણે કામ કરેલું નથી.

(૨) પ્રમુખ અધિકારીએ, આ નિયમ હેઠળના તમામ કેસોનું રેકર્ડ, નમૂના ૧૨ મુજબ રાખવું જોઈશે.

૩૪. મતદારને મદદ કરવા બાબત.—પ્રમુખ અધિકારી, જે કોઈ મતદાર, ઠરાવેલી રીતે મત આપવાને અશકતતા અથવા નિરક્ષરતાને કારણે અશકત હોય તેવા કોઈ મતદારને જોઈતી હોય તેવી મદદ આપશે.

૩૫. મતદારની ઓળખ.— મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, કોઈપણ સમયે, પ્રમુખ અધિકારીને અથવા મતદાન અધિકારીને, પોતાની મેળે, તેને આવા મતદાન મથકમાં મતદારની ઓળખ વિષે અથવા મત આપવાના તેના હક વિષે શંકાનું કારણ હોય, અને ઉમેદવાર અથવા મતદાન એજન્ટ ધ્વારા તેમ કરવાનું ફરમાવવામાં આવે તો, પોતે જરૂરી ગણે તેવા પ્રશ્નો મતદારને પૂછીને પોતે ખાતરી કરશે કે જે મતદારના સંબંધમાં આવી નોંધ છે તે મતદાર સાથે આવી વ્યકિત મળતી આવે છે.

૩૬. મતદાન બંધ કરવા બાબત.—(૧) પ્રમુંખ અધિકારી, નિયમ ૧૯ હેઠળ તે માટે નક્કી કરેલ સમયે મતદાન બંધ કરશે અને તે પછી, મતદાન મથકમાં કોઈપણ મતદારને દાખલ થવા દેશે નહિ;

પરંતુ મતદાન બંધ કરવામાં આવે તે પહેલાં મતદાન મથકે હાજર હોય તેવા તમામ મતદારોને તેમનો મત આપવા દેવામાં આવશે.

(૨) મતદાન બંધ થાય તે પહેલાં, મતદાન મથકે કોઈ મતદાર હાજર હતો કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો પ્રમુખ અધિકારીએ તેનો નિર્ણય કરવો જોઈશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૩૭. મતોની સંખ્યા.—દરેક મતદાર, આવા વોર્ડ માટે આવી ચૂંટણી વખતે જેટલા કાઉન્સિલરો ચૂંટવાના હોય તેટલા ઘણા મતો આપવાને હકદાર થશે.

૩૮. વાંધો ઉઠાવેલા મતો.—(૧) કોઈપણ મતદાર એજન્ટ, આવા દરેક વાંધા માટે, પ્રમુખ અધિકારીને, રૂપિયા ૨૦/-ની રકમ પ્રથમ રોકડમાં જમા કરાવીને અમુક મતદાર હોવાનો દાવો કરતાં વ્યકિતની ઓળખ માટે વાંધો ઉઠાવી શકશે.

(૨) આવી રકમ જમા કરાવવામાં આવ્યે, પ્રમુખ અધિકારી,—

(ક) ખોટું નામ ધારણ કરવા માટે વાંધો ઉઠાવનાર વ્યકિતને શિક્ષાની ચેતવણી આપશે;

(ખ) ચૂંટણી યાદીમાં સંબંધ ધરાવતી નોંધ પૂરેપૂરી વાંચશે અને તે કહેશે કે નોંધમાં ઉલ્લેખેલી વ્યકિત તે છે કે કેમ?

(ગ) તેનું નામ અને સરનામું, નમૂના ૧૩ મુજબ વાંધો ઉઠાવેલ મતોની યાદીમાં દાખલ કરશે; અને.

(ઘ) સદરહું યાદીમાં તેની સહી કરવાનું તેને ફરમાવશે.

(૩) પ્રમુખ અધિકારી, ત્યાર પછી, વાંધા સંબંધી સંક્ષિપ્ત રીતે તપાસ કરશે અને તે હેતુ માટે,—

(ક) વાંધો ઉઠાવનારને વાંધાની સાબિતીનો પુરાવો રજૂ કરવાને ફરમાવશે અને વાંધો ઉઠાવેલી વ્યકિતને તેની ઓળખ માટે સાબિતીનો પૂરાવો રજૂ કરવાનું ફરમાવશે.

(ખ) તેની ઓળખાણ સાબિત કરવાના હેતુ માટે, વાંધો ઉઠાવેલી વ્યકિતને કોઈપણ જરૂરી પ્રશ્ન પૂછશે અને સોગંદ ઉપર જવાબ આપવાનું તેને ફરમાવશે; અને

(ગ) વાંધો ઉઠાવેલી વ્યકિતને સોગંદ લેવડાવશે અને કોઈપણ બીજી વ્યકિતને તેનો પુરાવો રજૂ કરવાનું જણાવશે.

INDEX

(૪) તપાસ કર્યા પછી, પ્રમુખ અધિકારીને એવું લાગે કે વાંધો સાબિત કરવામાં આવ્યો નથી તો, વાંધો ઉઠાવેલી વ્યકિતને મત આપવાની છૂટ આપશે, અને તેને એમ જણાય કે વાંધો સાબિત કરવામાં આવ્યો છે તો, વાંધો ઉઠાવેલી વ્યકિતને મત આપવામાંથી તે બાકાત રાખશે.

(૫) પ્રમુખ અધિકારીનો એવો અભિપ્રાય થાય કે વાંધો ક્ષુલ્લક છે અને શુદ્ધ બુદ્ધિથી કર્યો નથી તો, પેટા-નિયમ (૧) હેઠળ મૂકેલી અનામતની રકમ સરકારમાં જપ્ત કરવાનો આદેશ કરશે અને બીજા કોઈપણ કેસમાં, તપાસનો નિર્ણય કરતી વખતે, વાંધો ઉઠાવનારની અનામત પરત કરશે.

૩૯. સુપરત કરેલ મતપત્રો.—(૧) અમુક મતદાર હોવાની પોતે રજૂઆત કરતી વ્યકિત, બીજી વ્યકિતઓ આવા મતદાર તરીકે અગાઉ મત આપ્યો હોય તે પછી, મતપત્ર માટે અરજી કરે, તો પ્રમુખ અધિકારી તેની ઓળખ સંબંધી પૂછે તે પ્રશ્નનો સંતોષકારક તે જવાબ આપ્યા પછી, આ નિયમ નીચેની જોગવાઈઓને અધીન રહીને, બીજા કોઈ મતદાર જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવા હકદાર હોય તે જ રીતે મતપત્ર (જેનો આમાં હવે પછી આ નિયમોમાં "સુપરત કરેલ મતપત્ર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ઉપર નિશાની કરવા માટે તે હકદાર થશે.

(૨) સુપરત કરેલ મતપત્ર આપવામાં આવે તે પહેલાં, આવી દરેક વ્યકિતએ, નમૂના ૧૪ મુજબની યાદીમાં પોતાને લગતી નોંધ સામે પોતાના નામની સહી કરવી જોઈશે.

(૩) સુપરત કરેલ મતપત્ર, મતદાનમાં ઉપયોગમાં લીધેલાં બીજા મતપત્રો જેવું જ ગણાશે, સિવાય કે—

(ક) મતદાન મથકે ઉપયોગમાં લેવા માટે કાઢેલા મતપત્રોના બંડલમાં અનુક્રમે આવું સુપરત કરેલું મતપત્ર છેલ્લું હોવું જોઈશે.

(ખ) આવા સુપરત કરેલ મતપત્રની અને તેની સ્થળપ્રતની પાછળ, પ્રમુખ અધિકારીએ "સુપરત કરેલ મતપત્ર" એ શબ્દો પોતાને હાથે લખીને તેના ઉપર સહી કરવી જોઈશે;

(૪) મતદારે મતદાન કુટિમાં સુપરત કરેલ મતપત્ર ઉપર નિશાની કર્યા પછી અને તેની ગડી વાળ્યા પછી, તે મતપત્ર મતપેટીમાં નાખવાને બદલે, પ્રમુખ અધિકારીને આપવું જોઈશે., જેઓ તે માટે ખાસ રાખેલાં કવરમાં આવું મતપત્ર મૂકશે.

૪૦. બગડેલાં અને પાછાં આપેલાં મતપત્ર બાબત.- (૧) કોઈ મતદારે પોતાનું મતપત્ર શરતચૂકથી એવી રીતે વાપર્યું હોય કે તેનો મતપત્ર તરીકે સહેલાઈથી ઉપયોગ થઈ શકે નહિ, તો તે મતપત્ર, પ્રમુખ અધિકારીને પાછું આપવામાં આવ્યે અને પોતાની શરતચૂક સંબંધી તેમને ખાતરી કરાવીને બગડેલા મતપત્રોત્રને બદલે, બીજું મતપત્ર આપવામાં આવશે અને પ્રમુખ અધિકારીએ તેવી રીતે પાછા આપેલા મતપત્ર ઉપર અને આવા મતપત્રની સ્થળપ્રત ઉપર "બગડેલું રદ કરેલું" એવા શબ્દો લખવા જોઈશે.

(૨) મતદાર મતપત્ર મેળવ્યા પછી, તેનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કરે, તો તેણે પ્રમુખ અધિકારીને તે પરત કરવું જોઈશે અને તેવી રીતે પરત કરેલ મતપત્ર અને આવા મતપત્રની સ્થળપ્રત ઉપર પ્રમુખ અધિકારીએ "પરત આવેલ; રદ કરેલ" એવા શબ્દો લખવા જોઈશે.

(૩) ઉપરના પેટા--નિયમો (૧) અને (૨) હેઠળ રદ કરેલાં તમામ મતપત્રો અલગ પેકેટમાં રાખવાં જોઈશે.

૪૧. ચૂંટણી ફરજ પર હોય તેવા અધિકારીઓના મતદાન બાબત .-(૧) પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી અથવા કોઈ બીજી વ્યકિત જે મતદાન મથક ઉપર પોતાને મત આપવાનો હક ન હોય તેવા મતદાન મથકે ફરજ ઉપર હોય તે જ્યાં તેની ફરજ હોય તે મતદાન મથકે તેનો મત આપવા દેવા માટે નમૂના ૧૫ મુજબ ચૂંટણી અધિકારીને અરજી કરી શકશે. આવી અરજી મળ્યે, ચૂંટણી અધિકારી, નમૂના ૧૬ મુજબ એવું પ્રમાણિત કરે કે અરજદાર, જેનો સંબંધમાં તેને રોકવામાં આવ્યો હોય તે વોર્ડ માટે અથવા બીજા કોઈપણ વોર્ડ માટે, ચૂંટણીમાં મત આપવા માટે મત આપવાને હકદાર છે તો, તેને, તે મતદાર મથકે તેનો મત નોંધવા દેવા જોઈશે.

જે મતદાન મથકે તેને બીજી રીતે મત આપવાનો હક હોય તે મતદાન મથકનું નામ, જે વોર્ડમાં મતદાન મથક હોય તે મતદાર યાદીમાં તેના નંબર સહિત મતપત્રની સ્થળપ્રત ઉપર નોંધવું જોઈશે.

(૨) એવું મતપત્ર, પ્રમુખ અધિકારીએ કવરમાં મૂકવું જોઈશે અને તેને સીલ કરવું જોઈશે અને, પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ પ્રમાણપત્ર સાથે ચૂંટણી અધિકારીને પાછું મોકલવું જોઈશે જેઓ આવા મતપત્રનો યોગ્ય વોર્ડના માન્ય મતપત્રોમાં સમાવેશ કરશે.

૪૨. મતપેટીઓને સીલ કરવા બાબત :-(૧) પ્રમુખ અધિકારીએ મતદાન બંધ થયા પછી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતપેટીનું બાકોરું બંધ કરશે અને બાકોરું બંધ કરવા માટે પેટીમાં કોઈ યાંત્રિક યુકિત ન હોય, તો તે બાકોરા ઉપર જ સીલ મારશે અને હાજર રહેલા મતદાન એજન્ટને તેમના સીલ લગાડવાની છૂટ આપશે.

(૨) ત્યારપછી મતપેટીને સીલ કરીને સુરક્ષિત રાખવી જોઈશે.

(૩) પ્રથમ મતપેટી પૂરેપૂરી ભરાઈ જવાના કારણે, બીજી મતપેટીનો ઉપયોગ કરવાનું જરૂરી લાગે ત્યારે, બીજી મતપેટીને ઉપયોગમાં લેવામાં આવે તે પહેલાં, પેટા-નિયમો (૧) અને (૨) માં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રથમ પેટી બંધ કરવી જોઈશે, તેને સીલ કરવી જોઈશે અને સુરક્ષિત રાખવી જોઈશે.

INDEX

૪૩. મતદાનની સાધનસામગ્રી અને બીજા કાગળો સીલ કરવા બાબત :—દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતદાન બંધ થયા પછી, હાજર હોય તેવા કોઈપણ ઉમેદવારો અથવા મતદાન એજન્ટોની હાજરીમાં, નીચેના માટે અલગ પેકેટો કરશે અને પોતાના સીલથી સીલ કરશે અને તેના ઉપર પોતાનું સીલ લગાડવાનું નક્કી કરે તેવા ઉમેદવારો અને એજન્ટોને સીલ લગાડવા દેશે :—

(ક) નહિ વપરાયેલ મતપત્રો,

(ખ) સુપરત કરેલા મતપત્રો,

(ગ) બગડેલાં અને પાછા આવેલા મતપત્રો,

(ઘ) મતદાર યાદીની નિશાની કરેલી નકલ,

(ચ) મતપત્રોની સ્થળપત્રો,

(છ) સુપરત કરેલાં મતો,

(જ) વાંધો ઉઠાવેલ મતો,

(ઝ) ચૂંટણી ફરજ પરના અધિકારીઓના મતો.

પ્રમુખ અધિકારીએ તમામ પેકેટો સીલ કર્યા પછી વિગતોનું વર્ણન કરીને દરેક પેકેટ ઉપર તમામ પેકેટોને સીલ કર્યા પછી, શેરો કરશે.

૪૪. મતપત્રોનો હિસાબ :—(૧) (ક) પ્રમુખ અધિકારીએ, મતદાન બંધ કરતી વખતે, પોતાને આપેલા મતપત્રોની સંખ્યા દર્શાવતા અને મતપત્રોના નીચેના સદરો હેઠળ તેમનો હિસાબ આપવા, નમૂના ૧૭ મુજબ મતપત્રોનો હિસાબ તૈયાર કરવો જોઈશે.

(૧) મતપેટીમાંના મતો,

(૨) નહિ વાપરેલા મતો,

(૩) બગડેલાં અને પાછા આવેલ મતો, અને

(૪) સુપરત કરેલ મતો;

(ખ) પ્રમુખ અધિકારીએ, મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે. અને તેના ઉપર "મતપત્રોનો હિસાબ" એવા શબ્દો લખવા જોઈશે.

(૨) જુદા જુદા વોર્ડના મતદારો હોય તેવા તેના મતદાન મથકમાં ચૂંટણી ફરજ પરના સ્ટાફે વાપરવા માટે તેને કોઈ મતપત્રો આપ્યા હોય ત્યારે, પ્રમુખ અધિકારીએ મતદાન બંધ કરતી વખતે, ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટે તેને આપેલ મતપત્રોની સંખ્યા દર્શાવતો નમૂનો ૧૮ મુજબ મતપત્રોનો તેને આપેલ મતપત્રો, વાપરેલ મતપત્રો અને પરત કરેલ મતપત્રોના સદર હેઠળ તેને ગણતરીમાં લેવા માટે હિસાબ તૈયાર કરવો જોઈશે. પ્રમુખ અધિકારીએ આ મતપેટીનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે અને તેના ઉપર "ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટેનો મતપત્ર હિસાબ" એવા શબ્દો લખવા. તેણે આ કવર જે વોર્ડને લગતું મતપત્ર હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીને મોકલી આપવું જોઈશે.

પરંતુ તેણે જુદા જુદા વોર્ડોના મતપત્રો માટે જુદા હિસાબો તૈયાર કરવા જોઈશે.

૪૫. ચૂંટણી અધિકારીને મતપેટીઓ વગેરે સોંપી દેવા બાબત.—(૧) પ્રમુખ અધિકારીએ, ચૂંટણી અધિકારી આદેશ કરે તેવા સ્થળે ચૂંટણી અધિકારીને :—

(૧) મત પેટીઓ,

(૨) મત પત્ર હિસાબ,

(૩) નિયમ ૪૩ હેઠળ સીલ કરેલ પેકેટો;

(૪) મતદાનમાં વાપરેલ બીજા તમામ કાગળો, સોંપી દેવા જોઈશે અથવા સોંપી દેવડાવવા જોઈશે.

INDEX

(૨) ચૂંટણી અધિકારીએ, મતોની ગણતરીનો નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ મતપેટીઓ, પેકેટો અને બીજા કાગળો લઈ જવા માટેની સલામતી માટે અને તેમની સલામત કસ્ટડી માટે પૂરતી ગોઠવણ કરવી જોઈશે.

૪૬. દુર્વર્તન બદલ મતદાન મથકેથી કાઢી મૂકવા બાબત.-- જો કોઈપણ વ્યકિત મતદાન મથકે દુર્વર્તન કરે અથવા પ્રમુખ અધિકારીના અથવા પ્રમુખ અધિકારીની ફરજ બજાવતા મત લેનાર અધિકારીના કાયદેસર હુકમો માનવાને ચૂકે, તો તેને પ્રમુખ અધિકારીના અથવા એવા મત લેનાર અધિકારીના હુકમથી કોઈપણ પોલીસ અધિકારી અથવા પ્રમુખ અધિકારી અથવા તેવા મત લેનાર અધિકારીએ તેને કાઢી મૂકવા માટે લેખીત અધિકૃત કરેલી બીજી કોઈ વ્યકિત મતદાન મથકેથી તરતજ કાઢી મૂકી શકશે અને એવી રીતે કાઢી મૂકવામાં આવેલી વ્યકિતને પ્રમુખ અધિકારીની અથવા એવા મત લેનાર અધિકારીની પરવાનગી સિવાય દિવસ દરમિયાન મતદાન મથકમાં ફરીથી દાખલ થવા દેવામાં આવશે નહિ.

પરંતુ આ સત્તા, કોઈપણ મતદાન મથકે મત આપવા માટે બીજી રીતે હકદાર હોય તેવા કોઈપણ મતદારને લેવા મતદાન મથકે મત આપવાની તકને બાધ આવે તે રીતે વાપરવી નહિ.

૪૭. કટોકટીના પ્રસંગે મતદાન મોકૂફ રાખવા બાબત.-- અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય ચૂંટણી પંચ, પૂરતા કારણસર, કારણોની લેખિત નોંધ કરીને, કટોકટીના કિસ્સામાં જેવા કે સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ વગેરે મતદાન માટે નક્કી કરેલ તારીખે મુલ્તવી રાખી શકશે, અથવા તેવી મુદત, વધારી શકશે, એવી રીતે મતદાન મોકૂફ રાખવામાં આવે ત્યારે રાજ્ય ચૂંટણી પંચ, વ્યવહાર્ય હોય તેટલે સુધી મતદાન કરાવવાનો પ્રયત્ન કરશે.

૪૮. મતદાન મુલ્તવી રાખવા બાબત.-- (૧) કોઈપણ ચૂંટણી વખતે, કોઈપણ મતદાન મથકમાં મત લેવાનું શકય ન હોય અથવા કોઈપણ મતદાન મથકની કાર્યવાહીમાં હુલ્લડ, હિંસા સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ અથવા બીજા કોઈ પૂરતા કારણસર દખલગીરી થાય અથવા અડચણ ઊભી થાય તો, આવામતદાન મથકના પ્રમુખ અધિકારી, સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જાણ કરશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ પ્રમુખ અધિકારીનો રિપોર્ટ મળ્યે, ચૂંટણી અધિકારી તરતજ મતદાન મથકે દોડી જશે અને ખાતરી થાય કે મતદાન ચાલુ રાખી શકાય તેમ નથી, તો પાછળથી જાહેર કરવાની તારીખ સુધી મતદાન મુલ્તવી રાખ્યાનું જાહેર કરશે અને તે સંજોગોનો રિપોર્ટ રાજ્ય ચૂંટણી પંચને કરશે.

(૩) ચૂંટણી અધિકારી શકય હોય તેટલું જલદી રાજ્ય ચૂંટણી પંચની અગાઉથી મંજૂરી લઈને, જે તારીખે મતદાન ફરી શરૂ થશે તેની તારીખ નક્કી કરશે અને મતદાન મથક નક્કી કરશે અને જે સમય દરમિયાન મત લેવાના હોય તે કલાકો નક્કી કરશે અને જ્યાં સુધી આવું મોકૂફ રાખેલ મતદાન પૂરૂ કરવામાં ન આવે ત્યાં સુધી, આવી કોઈ ચૂંટણીમાં મતગણતરી કરી શકાશે નહિ.

(૪) ઉપર જણાવ્યા પ્રમાણેના આવા દરેક કેસમાં, ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે તેવી રીતે, પેટા-નિયમ (૨) હેઠળ નક્કી કરેલ મતદાન ની તારીખ, સ્થળ અને સમય જાહેર કરશે.

૪૯. મતદાન મોકૂફ રાખ્યે અનુસરવાની કાર્યરીતિ.-- (૧) કોઈપણ મતદાન મથકે મતદાન નિયમ ૪૮ હેઠળ મોકૂફ રાખેલ હોય તો, નિયમો ૪૩ થી ૪૬ ની જોગવાઈઓ, વ્યવહાર્ય હોય તેટલે સુધી જાણે કે નિયમ ૨૦ હેઠળ તે અર્થે નક્કી કરેલ સમયે મતદાન બંધ કર્યું હોય તેમ લાગુ પડશે.

(૨) નિયમ ૪૮ના પેટા-નિયમ (૩) હેઠળ મોકૂફ રાખેલ મતદાન શરૂ કરવામાં આવે ત્યારે, એવી રીતે મોકૂફ રાખેલ મતદાન વખતે અગાઉ મત આપનાર મતદારોને, ફરીથી મત આપવાની છૂટ આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીએ, જ્યાં આવું મતદાન મોકૂફ રાખ્યું હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને, મતદાર યાદીની નિશાની કરેલી નકલવાળું સીલબંધ કવર અને નવી મતપેટીઓ આપવી જોઈશે.

(૪) પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટની હાજરીમાં સીલબંધ પેકેટ ખોલવું જોઈશે અને મોકૂફ રાખેલ મતદાન વખતે જેને મતપત્રો કાઢી આપ્યા હોય તે મતદારોના નામોની નિશાની કરવા માટે, મતદાર યાદીની નિશાની કરેલી નકલ તેના અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય વાપરવી જોઈશે.

(૫) નિયમો ૧૯ (૨), ૨૦ થી ૪૭ની જોગવાઈઓ, જાણે કે એવી રીતે મતદાન મોકૂફ રાખ્યા પહેલાંના મતદાનના સંબંધમાં લાગુ પડે છે. તેમ મોકૂફ રાખેલ મતદાન કરવાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

૫૦. અડચણ અથવા મતપેટીઓને નુકશાન થયાના કિસ્સામાં ફરીથી મતદાન લેવા બાબત.-- (૧) કોઈપણ ચૂંટણીમાં—

(ક) મતદાન મથકમાં વાપરેલ કોઈપણ મતપેટી, પ્રમુખ અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જાય અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરે અથવા ગુમ કરે અથવા નુકશાન પહોંચાડે અથવા એટલા પ્રમાણમાં ચેડાં કરે કે તે મતદાન મતદાન મથક વખતે મતદાનનું પરિણામ, નક્કી કરી શકાય નહિ અથવા

INDEX

(ખ) જેનાથી મતદાન રદ થઈ જવાનો સંભવ હોય તેવી કોઈ કાર્યરીતિમાં એવી કોઈ ભૂલ અથવા અનિયમસરના મતદાન મથક આચરવામાં આવી હોય,

તો ચૂંટણી અધિકારીએ, તરત જ રાજ્ય ચૂંટણી પંચને તે બાબતનો રિપોર્ટ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજ્ય ચૂંટણી કમિશન, તમામ મહત્વના સંજોગોને ધ્યાનમાં લીધા પછી,—

(ક) તે મતદાન મથકનું મતદાન નિરર્થક જાહેર કરશે અને તે મતદાન મથકે ફરીથી મતદાન લેવા માટે દિવસ નિયત કરશે અને કલાકો નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલ દિવસ અને એવી રીતે નક્કી કરેલ કલાક પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરશે, અથવા

(ખ) તેને એવી ખાતરી થાય કે તે મતદાન મથકે ફરીથી મતદાન થવાના પરિણામે ચૂંટણીના પરિણામ ઉપર કોઈ રીતે અસર થશે નહિ અથવા કાર્યરીતિમાંની ભૂલ અથવા અનિયમસરના મહત્વની નથી તો, ફરીથી ચૂંટણી કરવા માટે અને ચૂંટણી પૂરી કરવા માટે એમને યોગ્ય લાગે તેવા આદેશો ચૂંટણી અધિકારીને આપશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને રીપોર્ટ મોકલવામાં આવ્યો હોય ત્યારે ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ તરફથી મતદાનની ગણતરી શરૂ કરવા માટેની સ્પષ્ટતા મેળવવામાં ન આવે ત્યાં સુધી તેમ કરી શકાશે નહિ.

(૪) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૬ની જોગવાઈઓ, અગાઉ સૂચિત મતદાનના સંબંધમાં લાગુ પડે છે તેમ ફરી મતદાન લેવાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

૫૧. મતદાન પહેલા ઉમેદવારનું મૃત્યુ થયે, મતદાન રદ કરવા બાબત

માન્ય રાજ્યકીય પક્ષો ઉભો કરેલ ઉમેદવાર--

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખે સવારના ૧૧--૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે મૃત્યુ પામે અને તેનું ઉમેદવારી પત્ર નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય, અથવા

(ખ) જેનું ઉમેદવારીપત્ર નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય અને નિયમ ૧૧ હેઠળ તેની ઉમેદવારી પાછી ખેંચી ન હોય તે મૃત્યુ પામે અને બેમાંથી કોઈપણ કિસ્સામાં નિયમ ૧૬ હેઠળ હરીફ ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ પહેલા કોઈપણ સમયે તેના મૃત્યુનો રિપોર્ટ મળે; અથવા

(ગ) હરીફ ઉમેદવાર તરીકે મૃત્યુ પામે અને તેના મૃત્યુનો રિપોર્ટ મતદાન શરૂ થાય તે પહેલા મળે તો,

રાજ્ય ચૂંટણી, પંચ ઉમેદવારના મૃત્યુની હકીકત સંબંધી ખાતરી થયે, હુકમ કરીને, તે વોર્ડમાં મતદાન રદ કરશે અને ચૂંટણી સંબંધી તમામ કાર્યવાહી તે નવી ચુંટણી હોય તેમ તમામ બાબતમાં, નવેસરથી શરૂ કરવામાં આવશે:

પરંતુ મૃત્યુ પામેલ ઉમેદવારોના ઉમેદવારી પત્ર સહિત તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કર્યા પછી હોય તે સિવાય, ખંડ (ક)માં ઉલ્લેખેલ બાબતમાં, મતદાન રદ કરવા માટેનો કોઈ હુકમ કરી શકાશે નહિ.

વધુમાં મતદાન રદ થવાના સમયે, હરીફ ઉમેદવાર હોય તેવી વ્યકિતની બાબતમાં કોઈ વધુ ઉમેદવારીપત્ર ભરવાનું જરૂરી રહેશે નહિ.

વળી, મતદાન રદ થતાં પહેલાં, નિયમ ૧૧ હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ જેણે આપી હોય તે વ્યકિત, આવી રીતે મતદાન રદ થયા પછી, ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે દરખાસ્ત કરવા માટે ગેરલાયક ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ :-- આ નિયમના હેતુ માટે, "માન્ય રાજકીય પક્ષ" એટલે, ગુજરાત રાજ્ય માટે ચૂંટણી પ્રતિક (અનામત રાખવા અને ફાળવવા) બાબત હુકમ, ૧૯૬૮ હેઠળ માન્ય કરેલ રાજકીય પક્ષ.

ભાગ—૪

મતોની ચકાસણી અને મત ગણતરી અને પરિણામ જાહેર કરવા બાબત.

૫૨. મતોની ગણતરી કરવા માટે તારીખ, સમય અને સ્થળ નક્કી કરવા બાબત :— (૧) રાજ્ય ચૂંટણી પંચ, મતદાનની તારીખ પહેલા અથવા તેના માટે નક્કી કરેલ તારીખોની પહેલી તારીખ પહેલા ઓછામાં ઓછા એક અઠવાડીયા અગાઉ મતોની ગણતરી જ્યાં કરવાની હોય તે સ્થળ અથવા સ્થળો અને મતગણતરી શરૂ કરવામાં આવે તે તારીખ અને સમય નક્કી કરશે અને દરેક ઉમેદવારને અને તેના ચૂંટણી એજન્ટને તેની લેખિતમાં નોટિસ આપશે.

પરંતુ કોઈપણ કારણસર ચૂંટણી અધિકારીને, તેમ કરવાનું જરૂરી જણાય તો દરેક ઉમેદવારને તેની લેખિતમાં નોટિસ આપ્યાં પછી, એવી રીતે નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ અથવા સ્થળોમાં અથવા તેઓ પૈકી કોઈ બાબતમાં ફેરફાર કરી શકશે.

INDEX

૫૩. મત ગણતરી કરનાર એજન્ટો :— (૧) ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ ચૂંટણી પંચ વખતોવખત આ અર્થે કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશને આધીન રહીને, મતપત્રોની ગણતરી કરવાના સમયે પોતાના વતી હાજર રહેવા માટે મત ગણતરી એજન્ટ નીમી શકશે.

(૨) ઉપરના પેટા-નિયમ હેઠળ ઉમેદવાર નીમી શકાય તેટલા મત ગણતરી કરનાર એજન્ટોની સંખ્યા, મતગણતરીના સ્થળે ચૂંટણી અધિકારીએ જોગવાઈ કરેલ મત ગણતરી માટેના ટેબલોની સંખ્યા કરતાં વધુ હોવી જોઈએ નહિ.

(૩) દરેક ગણતરી એજન્ટની નિમણૂંક, નમૂના ૧૯ મુજબ બે નકલમાં કરવી જોઈશે; જેમાંની એક નકલ ચૂંટણી અધિકારીને મોકલવી જોઈશે જ્યારે બીજી નકલ, નિયમ ૫૧ હેઠળ ગણતરી કરવા માટે નક્કી કરેલ સમયના મોડામાં મોડા એક કલાક અગાઉ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવા માટે મત ગણતરી કરનાર એજન્ટને આપવી જોઈશે.

(૪) કોઈપણ મત ગણતરી એજન્ટે, પેટા--કલમ (૨) હેઠળ તેની નિમણૂંકની બીજી નકલ, યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલ એકરારમાં સહી કરીને ચૂંટણી અધિકારીને આપ્યું હોય અને મતગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં પ્રવેશવા માટે ચૂંટણી અધિકારી પાસેથી અધિકાર પત્ર મેળવ્યો હોય,તે સિવાય તેને મત ગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં દાખલ કરવામાં આવશે નહિ.

(૫) કલમ ૪૮ની પેટા--કલમ (૨) હેઠળ મતગણતરી કરનાર એજન્ટની નિમણૂંક નમૂના ૨૦ મુજબ રદ કરવી જોઈશે અને ચૂંટણી અધિકારી પાસે તે મુકવી જોઈશે.

(૬) મતોની ગણતરી ના આરંભ પહેલાં, એવી રીતે કોઈ રદ કરવાના પ્રસંગે ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટ, પેટા--નિયમ (૨) અનુસાર નવી નિમણૂંક કરી શકશે.

૫૪. મત ગણતરી સુપરવાઈઝરો અને ગણતરી મદદનીશોની નિમણૂંક કરવા બાબત : (૧) આ નિયમોના નિયમ ૭૨ની જોગવાઈઓને આધીન રહીને, ચૂંટણી અધિકારી, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરીથી, મત ગણતરીમાં પોતાને મદદ કરવા જરૂરી લાગે તેટલા મત ગણતરી સુપરવાઈઝરો અને મત ગણતરી મદદનીશોની નિમણૂંક કરી શકશે.

(૨) ઉમેદવારે અથવા તેના વતી ચૂંટણીમાં અથવા ચૂંટણી સંબંધી રોકેલ અથવા અન્યથા તેના માટે કામ કરતી કોઈપણ વ્યક્તિને, પેટા--નિયમ (૧)ના ખંડ (ક) હેઠળ નીમી શકાશે નહિ.

૫૫. મત ગણતરી કરવા માટે નક્કી કરેલ સ્થળમાં પ્રવેશ બાબત : ચૂંટણી અધિકારી, મતોની ગણતરી કરવા માટે નક્કી કરેલ સ્થળમાંથી નીચેની વ્યક્તિઓ સિવાય, તમામ વ્યક્તિઓને બહાર કાઢી મૂકશે. :—

(ક) મતગણતરી સુપરવાઈઝર અને મત ગણતરી મદદનીશો,
(ખ) રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલી વ્યક્તિઓ;
(ગ) ચૂંટણી સંબંધી ફરજ ઉપરના સરકારી નોકરો ;
(ઘ) ઉમેદવારો, તેની ચૂંટણી એજન્ટો અને મતગણતરી માટેના ટેબલો દીઠ એક કરતાં વધુ હોય તેટલા મત ગણતરી એજન્ટ,

(૨) ચૂંટણી અધિકારી, અમુક કોઈ મત ગણતરીના ટેબલ ઉપર અથવા મતગણતરીના ટેબલોની સમુહ આગળ મતગણતરી ઉપર મતગણતરી કરનાર એજન્ટ અથવા એજન્ટો દેખરેખ રાખશે તે નક્કી કરશે.

(૩) મત ગણતરી દરમિયાન, પોતે દુવર્તન કરનાર અથવા ચૂંટણી અધિકારીના કાયદેસરના આદેશોનું પાલન ન કરનાર કોઈપણ વ્યક્તિને, ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી અધિકારી આ અર્થે અધિકૃત કરે તેવી કોઈપણ વ્યક્તિ અથવા પોલીસ અધિકારી જ્યાં મતોની ગણતરી થઈ રહી હોય ત્યાંથી કાઢી મૂકી શકશે.

૫૬. મતદાનની ગુપ્તતા જાળવવા બાબત : (૧) ચૂંટણીમાં મત નોંધવા અથવા ગણતરી સાથે સંકળાયેલ દરેક અધિકારી, કારકુન, એજન્ટ અગર બીજી કોઈ વ્યક્તિએ મતદાનની ગુપ્તતા જાળવવી અને જાળવવામાં મદદ કરશે અને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત હોય તેવા હેતુ સિવાય) આવી ગુપ્તતાનો ભંગ થાય તેવા પ્રકારની કોઈપણ માહિતી કોઈપણ વ્યક્તિને આપશે નહીં

(૨) જે કોઈ વ્યકિત, ઉપરના પેટા-નિયમ (૧)ની જોગવાઈઓ વિરૂધ્ધ વર્તશે અને તે, ગુનો સાબિત થયેથી, રૂપિયા પાંચસો સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

૫૭. મત પેટીઓની ચકાસણી અને ખોલવા બાબત : (૧) ચૂંટણી અધિકારી, એક કરતાં વધુ મતદાન મથકોએ વાપરેલ મત પેટી અથવા મતપેટીઓ ખોલાવી શકશે અને સાથોસાથ આવી પેટીઓમાં જણાયેલા મત પત્રોની ગણતરી કરાવી શકશે.

(૨) મત ગણતરી કરવાના ટેબલ ઉપર કોઈ મત પેટી ખોલતાં પહેલાં, તે ટેબલ પાસે હાજર મત ગણતરી એજન્ટોને પેપર સીલ અથવા તેના ઉપર લગાડેલા બીજા સીલ પણ અકબંધ છે તેની પોતે ખાતરી કરવા માટે તેમને તપાસવાની છૂટ આપી શકશે.

(૩) ચૂંટણી અધિકારીઓ પોતે ખાતરી કરવી જોઈશે કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડા કરવામાં આવ્યા નથી ;

(૪) ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા છે તો, જે તે પેટીમાંના મત પત્રોની તેણે ગણતરી કરવી નહિ અને નિયમ ૫૦માં જણાવેલા કાર્યરીતિ અનુસરવી.

INDEX

૫૮. મતોની ગણતરી અને ચકાસણી : (૧) દરેક મતદાન મથકને લગતી મત પેટી અથવા પેટીઓ અથવા, યથાપ્રસંગ, મત પત્રોવાળા કવરો, એક પછી એક ખોલવામાં આવશે અને તેમાંના મતપત્રો બહાર કાઢવામાં આવશે અને ગણતરી કરવામાં આવશે અને તેની સંખ્યા પત્રકમાં નોંધવામાં આવશે.

(૨) ચૂંટણી અધિકારીએ સુપ્રત મતપત્રોના નિશાની કરેલ મતદાર-યાદીના અથવા મત પત્રોની સ્થળપત્રના પેકેટો ખોલવા નહિ. ચૂંટણી અધિકારીએ, નિયમ ૪૪ હેઠળ પ્રમુખ અધિકારીએ, નમૂના ૧૭ મુજબ રજૂ કરેલ પત્રકની ગણતરી કરેલ મતપત્રોની બગાડેલા અને પરત થયેલા મતપત્રોની અને નિયમ ૪૧ હેઠળ તજવીજ કરેલ મત પત્રોની બિન વપરાયેલ મતપત્રો જે પોતાના કબજામાં હોય તે અને ટેન્ડર મતોની યાદીની સંખ્યા સાથે સરખામણી કરવી, પછી પોતે ખોલ્યા હોય તે દરેક કવર તેણે ફરી બંધ કરવા અને સીલ લગાડવા અને દરેક પેકેટ ઉપર તેની વિગતોનું વર્ણન અને જે ચૂંટણીને લગતું હોય તે ચૂંટણીની તારીખ નોંધવી.

(૩) ચૂંટણી અધિકારીએ તે પછી, બહાર કાઢેલા તમામ મતપત્રો ભેગા કરી દેવા અને સરળ પડે તેવા બન્ડલમાં, મત ગણતરી કરનાર સુપરવાઈઝરોને અને મત ગણતરી કરવા માટેના મત ગણતરી મદદનીશોમાં વહેંચવા :

પરંતુ સુપરત કરેલા મતપત્રોવાળું કોઈ કવર ખોલવું નહિ અને એવા કોઈપણ મતો ગણવા નહિ.

(૪) એવી રીતે મતપત્રોની વહેંચણી કર્યા પછી, તેની ચકાસણી કરવી અને ગણતરી કરવી. ઉમેદવારો અથવા તેના મત ગણતરી કરનાર એજન્ટોને, ખરેખર તેને અડકયા સિવાય મતપત્રો તપાસવાની વાજબી તક આપી શકાશે.

૫૯. મતપત્રો નામંજૂર કરવા બાબત : (૧) ચૂંટણી અધિકારી, નીચે પ્રમાણે હોય તો, મતપત્ર નામંજૂર કરશે. --

(૧) તેના ઉપરની એવી કોઈ નિશાની હોય કે જેથી મતદાર ઓળખી શકાય ;

(૨) અનિશ્ચિતતાને કારણે તે નિરર્થક હોય ;

(૩) તેની ઉપર કોઈપણ મત નોંધવામાં આવ્યો ન હોય ;

(૪) તેની ઉપર નોંધેલા મતોની સંખ્યા પૂરવાની બેઠકોની સંખ્યા કરતાં વધારે હોય ;

(૫) આપેલી જગા સિવાય બીજે નિશાની કરી હોય ;

(૬) તે હેતુ માટે પૂરા પાડેલ સાધન સિવાય નિશાની કરી હોય.

(૭) તેની ઉપર મત ઓળખ નિશાની એવી રીતે કરી હોય કે જેથી કયા ઉમેદવારને મત આપવામાં આવ્યા છે તે નક્કી કરવાનું શંકાસ્પદ બને.

(૮) તે બનાવટી મતપત્રો હોય,

(૯) તેને એવી રીતે નુકશાન કર્યું હોય અથવા ચહેરાઈ નાંખ્યું હોય કે તેની ખરા મતપત્ર તરીકે ઓળખે તેને સાબિત કરી શકાય તેમ ન હોય;

(૧૦) અમુક મતદાન મથકે વાપરવા માટે અધિકૃત કરેલ મતપત્રના અનુક્રમ નંબર અથવા ડીઝાઈનથી યથાપ્રસંગ જુદા અનુક્રમ નંબર હોય અથવા ડીઝાઈન હોય,

(૧૧) નિયમ ૩૦ની જોગવાઈઓ હેઠળ હોવી જોઈએ તેવી નિશાની અને સહી એમ બંને ન હોય :

પરંતુ ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે (૧૦) અને (૧૧) માં જણાવ્યા પ્રમાણેની કોઈ ખામી, પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારીના પક્ષે કોઈ ભૂલ અથવા ચૂકને કારણે થઈ છે તો, આવી ખામીના કારણે જ મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ

વધુમાં જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવામાં આવી હોય તેની ઉપરથી (એવો સ્પષ્ટ ઈરાદો જણાઈ આવે કે અમુક ઉમેદવારને મત આપ્યો હશે તો, મત આપ્યાનું જણાવતી નિશાની અસ્પષ્ટ છે અથવા ચેક કરતાં વધુ વાર નિશાની કરી છે તેવા કારણ માત્રથી મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ .

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કોઈપણ મતપત્ર નામંજૂર કરતાં પહેલાં, ચૂંટણી અધિકારીએ હાજર રહેલા દરેક મત ગણતરી એજન્ટને મતપત્ર તપાસવાની વાજબી તક આપવી જોઈશે, પણ તેને કોઈપણ મતપત્રને અડકવાની છૂટ આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી અધિકારી પોતે જે મતપત્રો નામંજૂર કર્યા હોય તે દરેક મતપત્ર ઉપર "નામંજૂર" એવાં શબ્દો અને નામંજૂર કરવાનાં કારણો, સંક્ષિપ્તમાં હોય અથવા રબર સ્ટેમ્પ દ્વારા જણાવવા જોઈશે અને તેવા શેરા ઉપર સહી કરવી જોઈશે.

(૪) આ નિયમ હેઠળ નામંજૂર કરેલ તમામ મતપત્રોનું એક બંડલ બાંધવું જોઈશે.

(૫) મતપત્ર નામંજૂર કરવા સંબંધી અથવા અન્યથા ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૬) આ નિયમ હેઠળ નામંજૂર કર્યું ન હોય તેવું દરેક મતપત્ર માન્ય મત તરીકે ગણાશે.

INDEX

૬૦. મત ગણતરી સતત ચાલુ રાખવા બાબત : ચૂંટણી અધિકારીએ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, મતગણતરી સતત ચાલુ રાખવી જોઈશે અને કોઈ ગાળા દરમિયાન મતગણતરી મોકૂફ રાખી હોય ત્યારે, મતપત્રોના પેકેટો અને ચૂંટણીને લગતા બીજા તમામ કાગળોના પોતાના સીલથી અને આવા ઉમેદવાર અથવા ચૂંટણી એજન્ટ પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તો તેમના સીલથી સીલ કરીને રાખવા અને આવા ગાળા દરમિયાન, તેને સુરક્ષિત કસ્ટડીમાં રાખવા માટે પૂરતી સાવચેતી રાખવી જોઈશે.

૬૧. પરિણામ-પત્રક તૈયાર કરવા બાબત.– મત ગણતરી પૂરી થયા પછી, ચૂંટણી અધિકારીએ, નીચેની વિગતોવાળું પરિણામ-પત્રક નમૂના ૨૧ મુજબ તૈયાર કરવું જોઈશે:–

(૧) જેમને માન્ય મતો આપવામાં આવ્યા હોય તે ઉમેદવારોના નામો;

(૨) દરેક ઉમેદવારને આપેલા માન્ય મતોની સંખ્યા ;

(૩) અમાન્ય જાહેર કરેલા મતોની સંખ્યા ;

(૪) આપેલા સુપરત કરેલા મતોની સંખ્યા.

૬૨. પરિણામો જાહેર કરવા અને મતોની ફેર ગણતરી બાબત.–(૧) નિયમ ૬૧ મુજબ પરિણામ-પત્રક તૈયાર કર્યા પછી, ચૂંટણી અધિકારીએ, દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા જાહેર કરવી જોઈશે;

(૨) આવી જાહેરાત કરવામાં આવ્યા પછી, ઉમેદવાર અથવા તેના મત ગણતરી એજન્ટ, તે કયા કારણસર આવી ફેર મતગણતરી કરવા માંગે છે તે કારણ સંપૂર્ણ અથવા અંશત: જણાવીને મતપત્રોની ફેર ગણતરી કરવા માટે ચૂંટણી અધિકારીને લેખિત અરજી કરી શકશે.

(૩) આવી અરજી કરવામાં આવ્યે, ચૂંટણી અધિકારી, તે બાબતનો નિર્ણય કરશે અને તે આખી અરજી અથવા તેનો અમુક ભાગ મંજૂર કરી શકશે અથવા જો તે તેને તુચ્છ અથવા ગેરવાજબી જણાય તો આખી અરજી નામંજૂર કરી શકશે.

(૪) પેટા–નિયમ (૩) હેઠળ ચૂંટણી અધિકારીનો દરેક નિર્ણય, લેખિતમાં હોવો જોઈશે અને તે માટેના કારણો તેમાં હોવા જોઈશે.

(૫) જો ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૩) હેઠળ, પૂરેપૂરી અરજી અથવા તેનો અમુક ભાગ સ્વીકારવા નિર્ણય કરે તો, તેણે નિયમ ૫૪ અનુસાર ફરીથી મતગણતરી કરવી જોઈશે અને આવી રીતે મતોની ફેર ગણતરી પછી, આવશ્યક હોય તેટલે સુધી, પરિણામ-પત્રક સુધારવું જોઈશે અને તેણે એવી રીતે કરેલ સુધારો જાહેર કરવો જોઈશે.

(૬) દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા પેટા-નિયમ (૧) હેઠળ અથવા પેટા–નિયમ (૩) હેઠળ ફેર ગણતરીનો હુકમ કરવામાં આવ્યાની બાબતમાં પેટા-નિયમ (૫) હેઠળ જાહેર કરવામાં આવ્યા પછી, ચૂંટણી અધિકારીએ પરિણામ-પત્રક પુરું કરવું જોઈશે અને સહી કરવી જોઈશે અને ત્યાર પછી ફેર ગણતરી માટેની કોઈ અરજી સ્વીકારી શકશે નહિ.

પરંતુ ચૂંટણી પૂરી થયે હાજર ઉમેદવારો અને ચૂંટણી એજન્ટોને, પેટા-નિયમ (૨) થી મળેલ તેમનો હક વાપરવા માટે વાજબી તક આપવામાં ન આવે ત્યાં સુધી, મત ગણતરી પૂરી થયે આ પેટા નિયમ હેઠળ કોઈ પગલાં લઈ શકશે નહિ.

૬૩. પરિણામ જાહેર કરવા બાબત.–(૧) મતોની ગણતરી પૂરી કરવામાં આવી હોય, ત્યારે ચૂંટણી અધિકારીએ નીચેની રીતે ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૨) પ્રથમ, તેણે સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકનું પરિણામ, તે બેઠક માટે ચૂંટાવા માટે લાયક વ્યકિતઓમાંથી સૌથી વધુ માન્ય મતો મળ્યા હોય તે વ્યકિતને તે બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરવાનો તેણે નિર્ણય કરવો જોઈશે.

(૩) ત્યારપછી, તેણે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગના માટે જો કોઈ બેઠક અનામત રાખી હોય તો તેનું પરિણામ જે વ્યકિતને આગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરી હોય તે તે વ્યકિત સિવાયની વ્યકિતને કે જેને તે અનામત જગા ઉપર ચૂંટાવા માટે લાયક વ્યકિતઓમાંથી સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને તે ક્રમમાં ચૂંટાયેલો જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૪) ત્યારબાદ તેણે યથાપ્રસંગ, બિન-અનામત બેઠક અથવા બેઠકોનું પરિણામ, જે વ્યકિતઓને આગાઉ અનામત રાખેલી બેઠકો ઉપર ચૂંટાયેલી જાહેર કરવામાં આવી હોય તે વ્યકિતઓ સિવાયની આવી બેઠકોની સંખ્યા કરતાં વધુ ન હોય તે વ્યકિતઓ કે જેને સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને અથવા આવી એક કરતાં વધુ બેઠકો હોય ત્યારે તે વ્યકિતઓને ચૂંટાયેલ જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

૬૪. મતો સરખા પડવા બાબત.–કોઈપણ ઉમેદવારો વચ્ચે સરખા મતો પડયા હોવાનું જણાય અને તે પૈકી કોઈ ઉમેદવારને એક મત ઉમેરવાથી તે ચૂંટાયેલ જાહેર થવાને હકદાર બને ત્યારે , જેને આવો વધારાનો મત આપવામાં આવ્યો હોવાનું ગણાશે તેજ તે વ્યકિત અથવા વ્યકિતઓનો નિર્ણય, ચૂંટણી અધિકારીની હાજરીમાં પોતે નક્કી કરે તેવી રીતે ચિઠ્ઠી નાખીને ચિઠ્ઠી દ્વારા કરવો જોઈશે.

INDEX

૬૫. એક કરતાં વધુ વોર્ડોની ચૂંટણી.—(૧) કોઈ વ્યકિત, એક કરતાં વધુ વોર્ડોમાંથી કાઉન્સીલર તરીકે ચૂંટાય અથવા ચૂંટાયો હોવાનું ગણાય તો, તેણે જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારો તરફથી તેને લેખિત નોટિસ મળ્યા પછી ૨૪ કલાકની અંદર, પોતે કયા વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા ઈચ્છે છે તેની પોતે સહી કરીને લેખિતમાં પસંદગી કરવી જોઈશે. અને જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારીને તે આપવું જોઈશે. નિયત સમયની અંદર આવી કોઈ પસંદગી કરવામાં આવી ન હોય તો, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, જે વોર્ડમાં તેને સૌથી વધુ મતો મળ્યા હોય તે વોર્ડનું પ્રતિનિધિત્વ કરશે તેવું જાહેર કરશે અને એવી રીતે કરેલી પસંદગી અથવા જાહેરાત નિર્ણાયક ગણાશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી પસંદગી અથવા જાહેરાત જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીએ, સંબંધિત ચુંટણી અધિકારીને તરત જ જણાવવી. તેમ થયે, તેમજ જો જે વોર્ડનું આવી વ્યકિત પ્રતિનિધિત્વ કરવા માંગતી ન હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીઓએ તરતજ નિયમ--૬૩ હેઠળ તેણે કરેલ પરિણામની જાહેરાત નીચેની રીતે સુધારવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) જે વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા માંગતા ન હોય તેવા કોઈ વોર્ડમાં ઉપર જણાવેલ ઉમેદવારો માટે નોંધાયેલ મતો, આપવામાં આવ્યા ન હોવાનું ગણાશે અને જે કોઈ ઉમેદવાર સદરહુ મતોને કારણે આવા વોર્ડ માટે જેને ચુંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવ્યો હોય તે કોઈપણ ઉમેદવાર તેના માટે ચુંટાયેલ હોવાનું ગણાશે:

પરંતુ વોર્ડમાં બીજી બેઠક માટે નિયમ ૬૩ હેઠળ અગાઉ ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યો હોય તે ઉમેદવારનું પરિણામ ફેરવી શકાશે નહિ.

૬૬. મત ગણતરીના સમયે મત પત્રોનો નાશ થવા અથવા ગુમ થવા બાબત.—(૧) મતોની ગણતરી પુરી થયા પહેલાં કોઈપણ સમયે, મતદાન મથકે વાપરેલ કોઈપણ મતપત્રો, ચૂંટણી અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જવામાં આવે અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરવામાં આવે અથવા ગુમ થાય અથવા નુકશાન થાય અથવા તે મતદાન મથકના મતોનું પરિણામ નક્કી કરી ન શકાય તેટલા પ્રમાણમાં તેની સાથે ચેડાં કરવામાં આવે તો, ચૂંટણી અધિકારીએ તે બાબતનો રિપોર્ટ રાજય ચૂંટણી પંચને તરત જ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજય ચૂંટણી પંચ, તમામ મહત્વના સંજોગોને ધ્યાનમાં લઈને,

(૧) એવો આદેશ કરશે કે મતોની ગણતરી બંધ કરવી, સંબંધિત મતદાન મથકે નવેસરથી મતદાન જાહેર કરવું, નવેસરથી મતદાન લેવા માટે દિવસ નક્કી કરવો અને કલાકો ગોઠવવા અને એવી રીતે નક્કી કરેલ તારીખ અને એવી રીતે ગોઠવેલ સમય પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરવો.

(૨) જો તેને ખાતરી થાય કે તે મતદાન મથકે અથવા સ્થળે નવેસરથી મતદાનના પરિણામથી, ચૂંટણીના પરિણામને કોઈ રીતે અસર કરશે નહિ તો, ગણતરી શરૂ કરવા અને પૂરી કરવા માટે અને જેના સંબંધમાં મતોની ગણતરી કરવામાં આવી હોય તે ચૂંટણી ફરી કરવા અને પૂરી કરવા માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો ચૂંટણી અધિકારીને આપવા.

(૩) આ નિયમોની જોગવાઈઓ જાણે કે અસલ મતદાનને લાગુ પડતી હોય તે રીતે આવા દરેક નવેસરથી મતદાનને લાગુ પડશે.

૬૭. ચૂંટાયેલા ઉમેદવારને પ્રમાણપત્ર આપવા બાબત.— નિયમ ૧૩ હેઠળ ઉમેદવારને ચૂંટાયેલ જાહેર કર્યો હોવાનું ગણાય અથવા નિયમ ૬૩ થી ૬૫ હેઠળ ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવે તે પછી, જેમ બને તેમ જલદી ચૂંટણી અધિકારીએ આવા ઉમેદવારને, નમૂના ૨૨ મુજબ ચૂંટણીનું પ્રમાણપત્ર આપવું જોઈશે, ઉમેદવાર પાસેથી તેણે યોગ્ય રીતે સહી કરેલ તે મળ્યાની પહોંચ મેળવવી જોઈશે અને તરત જ રાજય ચૂંટણી પંચને મોકલી આપવી જોઈશે.

૬૮. પરિણામની પ્રસિધ્ધિ.—કાઉન્સિલરો તરીકે ચૂંટાયેલી વ્યકિતઓના નામો, ચૂંટણી અધિકારીએ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે.

૬૯. મતપત્રો અને ચૂંટણીને લગતા બીજા કાગળોની કસ્ટડી: ચૂંટણી અધિકારી પરિણામ જાહેર કર્યા પછી, વાપરેલ મતપત્રોની અને ચૂંટણીને લગતા બીજા કાગળો, સલામત કસ્ટડીમાં જુદા પેકેટમાં રાખવા જોઈએ અને તે ચૂંટણી અધિકારીના અને તેના ઉપર પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ અથવા ચૂંટણી એજન્ટો અથવા મતગણતરી એજન્ટોના સીલથી સીલ કરવા જોઈશે.

૭૦. ચૂંટણી અંગેના કાગળોની રજુઆત અને નિરીક્ષણ :—ચૂંટણી અધિકારીના હવાલામાં હોય તે દરમિયાન, ગણાયેલા, રદકરાયેલા અથવા બીજીવાર આપાયેલા મતપત્રો અને તેમની સ્થળપ્રતો અને મતદાર યાદીની નિશાનીઓ કરેલી નકલના પેકેટો સમક્ષ ન્યાયાલયના હુકમ હોય તે સિવાય ખોલવાં નહિ અને તેમાંની ચીજોનું નિરીક્ષણ કરવું નહિ અથવા તે રજૂ કરવી નહિ પણ ચૂંટણીને લગતા બીજા સઘળા દસ્તાવેજો રાજય ચૂંટણી પંચ ઠરાવે તેવી શરતોને આધીન અને તેવી ફી આપવામાં આવેથી લોકોને જોવા માટે ખુલ્લા રહેશે અને કોઈપણ વ્યકિત એવી શરતનું પાલન કરે અને એવી ફી આપે એટલે, તેની અથવા તેના કોઈપણ ભાગની નકલ અથવા નકલો મેળવવાનો હક રહેશે.

૭૧. ચૂંટણી અંગેના કાગળનો નિકાલ કરવા બાબત:— નિયમ ૬૯માં ઉલ્લેખ કરેલાં પેકેટો અને ચૂંટણીને લગતા બીજા સઘળા દસ્તાવેજો, સક્ષમ સત્તામંડળ સમક્ષ ચૂંટણી અરજી નિકાલ બાકી હોય તે સિવાય, એક વર્ષની મુદત માટે રાખી મૂકવાં અને ત્યાર પછી રાજય ચૂંટણી પંચ જે કોઈ આદેશો આપે તે રીતે અને સક્ષમ કોર્ટે આપેલ કોઈપણ આદેશને અધીન રહીને તેનો નાશ કરવો.

INDEX

ભાગ—૫

સામાન્ય જોગવાઈ

૭૨. ચૂંટણી પ્રક્રિયા સાથે નગરપાલિકાના કર્મચારીઓને જોડવા નહિ :—નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને ચૂંટણી અધિકારી, અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી, મત ગણતરી સુપરવાઈઝર અથવા મત ગણતરી મદદનીશ તરીકે નીમી શકાશે નહિ અથવા નગરપાલિકાની ચૂંટણી કરવા સાથે સંકળાયેલ બીજું કોઈપણ કામ સોંપી શકાશે નહિ:

પરંતુ ચૂંટણી અધિકારી, નગરપાલિકા ચલાવતી હોય તેવી પ્રાથમિક શાળાના શિક્ષકોને, પ્રમુખ અથવા મતદાન અધિકારી તરીકે નોકરી પર રાખેલ વ્યકિતઓને નીમી શકશે.

૭૩. ચૂંટણી દિવસના અગાઉના દિવસે અને ચૂંટણીના દિવસે જાહેર સભાઓ ભરવા ઉપર પ્રતિબંધ :—(૧) કોઈપણ વ્યકિત, કોઈપણ મતદાન વિસ્તારમાં કોઈપણ ચૂંટણી માટે મતદાન બંધ કરવા માટે નક્કી કરેલ સમયે પૂરા અડતાલીસ કલાકની મુદત દરમિયાન તે મતદાન વિસ્તારમાં કોઈ જાહેર સભા બોલાવી શકશે નહિ, ભરી શકશે નહિ અથવા તેમાં હાજરી રહી શકશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત પેટા કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે, બસો પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે.

૭૪. મતદાર યાદીઓમાં મુદ્રણ અને કારકુની ભૂલો બાબત :—મતદાર યાદીમાંની કોઈ નોંધ અમુક વ્યકિતને લગતી છે કે કેમ, તેવો પ્રશ્ન આ નિયમો હેઠળ ચૂંટણી અધિકારીના અથવા પ્રમુખ અધિકારીના, નિર્ણય માટે ઉભો થાય તો, યથા પ્રસંગ ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને, એવો નિર્ણય કરી શકશે કે તેમાં કોઈ કારકુની અથવા મુદ્રણની ભૂલ હોય તે છતાં, સદરહુ વ્યકિતને લગતી નોંધ છે અથવા નથી.

૭૫. મુશ્કેલી દૂર કરવા બાબત :—અધિનિયમ હેઠળ કોઈ ચૂંટણી કરવા માટે કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ આપે તેવા કોઈપણ આદેશોને આધીન રહીને, ચૂંટણી યોગ્ય રીતે કરવા માટે પોતે જરૂરી જણાય તેવી અધિનિયમ અથવા નિયમો સાથે અસંગત ન હોય તેવું કોઈ કૃત્ય કરી શકશે નહિ.

૭૬. તત્સમાન નિયમો રદ કરવા બાબત.—મ્યુનિસિપલ ચૂંટણી નિયમો, ૧૯૬૪, આથી રદ કર્યા છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુનયના તોમર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

નમૂનો—૧

[જુઓ નિયમ ૫]

ચૂંટણી ની જાહેર નોટિસ

... ... ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર.....વોર્ડનું નામ..... ... ...

આથી નોટિસ આપવામાં આવે છે કે—

(૧) ... ... ના નગરપાલિકાની નીચેની જગાઓ ભરવા માટે ચૂંટણી યોજવાની છે.

(૨) નીચેના અધિકારીઓને, તેમના નામે સામે દર્શાવેલ વોર્ડની ચૂંટણી કરવા માટે ચૂંટણી અધિકારી તરીકે નીમવામાં આવે છે.

અનુક્રમાંક.	અધિકારીનું નામ અને હોદ્દો	વોર્ડ નંબરો અને વોર્ડના નામો.
૧		
૨		
૩		
૪ વગેરે		

INDEX

૭. ચૂંટણી માટેની સૂચિ :–

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ
(ખ) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ
(ગ) ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ
(ઘ) મતદાનની તારીખ
(ચ) મતદાનનો સમય સવારના.. .... થી સાંજના.....સુધી

સ્થળ .....

તારીખ.. .. ..

રાજ્યની ચૂંટણી પંચના હુકમથી

સચિવ, રાજ્ય ચૂંટણી પંચ.

નમૂનો–૨

[જુઓ નિયમ ૬]

ચૂંટણીની જાહેર નોટિસ

... ... ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

આથી નોટિસ આપવામાં આવે છે કે :–

(૧) વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....માંથી નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી યોજવાની છે.

કુલ બેઠકો.....માંથી.....

* એક બેઠક સ્ત્રી સામાન્ય/અ. જા./અ. આ/બી. પ. વર્ગ માટે અનામત રાખી છે.

*એક બેઠક અ. જા./અ. આ./બી. પ. વર્ગ માટે અનામત રાખી છે.

એક બેઠક/બે બેઠકો બિન અનામત છે.

---

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.

(૨) ઉમેદવારી પત્રો ઉમેદવારે અથવા તેની દરખાસ્ત મૂકનાર અથવા તેને ટેકો આપનાર મારફત નીચેના સરનામે (જાહેર રજાના દિવસ સિવાય કોઈપણ દિવસે પણ તા.....થી મોડું નહિ તે રીતે સવારના ૧૦–૩૦ થી બપોરના ૩–૦૦ વાગ્યાની વચ્ચે પહોંચાડી શકાશે.

(૩) ઉમેદવારી પત્રના નમૂના, ઉપર જણાવેલ સ્થળેથી અને સમયે મેળવવી શકાશે.

(૪) ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ.....ના રોજ.....વાગ્યે મારી કચેરીમાં કરવામાં આવશે.

(૫) ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ ઉમેદવાર અથવા ઉમેદવાર જેલમાં હોય અથવા પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યક્તિ, જાતે, મારી ઓફિસમાં મને તારીખ ના રોજ કચેરીના સમય દરમિયાન પણ બપોરના ૩–૦૦ વાગ્યા પહેલાં પહોંચાડી શકશે.

(૬) ચૂંટણીની હરિફાઈ થાય તો, મતદાન તારીખ ના રોજ .....થી ..... સુધીનાં સમય વચ્ચે થશે.

સ્થળ .....

તારીખ .....

ચૂંટણી અધિકારી,

INDEX

નમૂનો ૩

[જુઓ નિયમ ૭]

ઉમેદવારી પત્ર

... ... ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....

૧. હું.....ની નગરપાલિકાના વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....માંથી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નીચેની વ્યક્તિને નિયુક્ત કરું છું.

નામ ... ...

પિતાનું/પતિનું નામ ... ...

જાતિ (સ્ત્રી કે પુરુષ) ... ...

ટપાલનું સરનામું ... ...
– ... ...

તેનું નામ, વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....માટેની વોર્ડની મતદાર યાદીમાં અનુક્રમ નંબર.....આગળ નોંધેલ છે.

૨. મારું નામ... ... ... છે અને તે, વોર્ડ નંબર... ... ...વોર્ડનું નામ.....માટેની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....આગળ નોંધેલ છે.

તારીખ..... (દરખાસ્ત મૂકનારની સહી)

૩. હું ઉપર જણાવેલ વ્યક્તિની ઉમેદવાર તરીકેની ઉમેદવારીને ટેકો આપું છું.

૪. મારું નામ.....છે અને વોર્ડ નંબર.....વોર્ડનું નામ... ... ...ની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....આગળ નોંધેલ છે.

તારીખ..... (ટેકો આપનારની સહી)

૫. હું ઉપર જણાવેલ ઉમેદવાર, આ ઉમેદવારીને અનુમતિ આપું છું અને આથી જાહેર કરું છું કે —

(ક) મેં..... વર્ષની ઉંમર પૂરી કરી છે.

(ખ) હું.....પક્ષ દ્વારા આ ચૂંટણીમાં ઉભો રહ્યો છું.

(ગ) મેં પસંદ કરેલ પ્રતીક—

(૧) ..... (૨) .....અને (૩) .....છે.

(ઘ) મારા નામની અને મારા પિતા/પતિનું નામની ગુજરાતીમાં જોડણી ઉપર જણાવ્યા મુજબ સાચી છે. અને મારું નામ મતપત્ર ઉપર આવી રીતે નોંધવાની હું વિનંતિ કરું છું.

(ચ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ, હું.....ના મ્યુનિસિપલ બરોમાં ચૂંટાવા માટે લાયક છું અને ગેરલાયક ઠર્યો નથી.

૬. હું વધુમાં જાહેર કરું છું કે હું.....જાતિ/આદિજાતિ/વર્ગનો સભ્ય છું જે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/બીજા પછાત વર્ગ છે. હું આ સાથે,.....એ તારીખ.....ના રોજ કાઢી આપેલ જાતિ/આદિજાતિ/વર્ગના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બીડું છું.

તારીખ ..... (ઉમેદવારની સહી)

@ આ પરિચ્છેદ લાગુ પડતો ન હોય તો તે છેકી નાંખવો.

* જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાંખવા.

INDEX

(ચૂંટણી અધિકારીએ ભરવું)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર.....

૨. આ ઉમેદવારી પત્ર, ઉમેદવારે/દરખાસ્ત કરનારે/ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ..... કલાકે આપ્યું હતું.

તારીખ..... ચૂંટણી અધિકારી

પહોંચ

(ચૂંટણી અધિકારીએ ભરવું અને ઉમેદવારી પત્ર રજૂ કરનાર વ્યક્તિને આપવી)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર.....

૨. આ ઉમેદવારીપત્ર ઉમેદવારે/દરખાસ્ત કરનારે /ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ..... કલાકે આપ્યું હતું.

તારીખ..... ચૂંટણી અધિકારી.

નમૂનો–૪

[જુઓ નિયમ–૧૦]

માન્ય નિયુકત ઉમેદવારોની યાદી

.....ની નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

અ. નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ
૧	૨	૩	૪	૫
૧.				
૨.				
૩.				
૪.				

વગેરે

સ્થળ.....

તારીખ ..... ચૂંટણી અધિકારી.

નમૂનો--૫

[જુઓ નિયમ ૧૧]

ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ

.....ની નગરપાલિકાની ચૂંટણી વોર્ડ નંબર.....
વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર.....
વોર્ડનું નામ.....

મે, સાહેબ,

હું.....ઉપરની ચૂંટણીમાં માન્ય રીતે નિયુક્ત થયેલ ઉમેદવાર, આથી, નોટિસ આપું છું કે, હું મારી ઉમેદવારી પાછી ખેંચી લઉં છું.

તારીખ :

માન્યનિયુક્ત ઉમેદવારની સહી

(ચૂંટણી અધિકારીએ ભરવું)

આ નોટિસ મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ.....વાગ્યે.....

* (૧) ઉમેદવારે જાતે અથવા

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઈ જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતી .....એ પહોંચાડી હતી.

તારીખ ચૂંટણી અધિકારી,

પહોંચ

(ચૂંટણી અધિકારીએ ભરવું અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ રજૂ કરતી વ્યકિતને આપવી)

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....ની ચૂંટણીમાં માન્ય નિયુક્ત ઉમેદવાર શ્રી/શ્રીમતી.....એ ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ મને મારી ઓફિસમાં તારીખ .....ના રોજ.....વાગે.

* (૧) ઉમેદવારે જાતે, અથવા

* (૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઈ જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતિ.....એ પહોંચાડી હતી.

તારીખ:-- ચૂંટણી અધિકારી,

---

* (જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.)

નમૂનો -- ૬

[જુઓ નિયમ ૧૬]

હરીફ ઉમેદવારોની યાદી

.....ની નગરપાલિકાની ચૂંટણી વોર્ડ નંબર.....

વોર્ડનું નામ .....

અ.નં. (૧)	ઉમેદવારનું નામ (૨)	સરનામું (૩)	પક્ષ સાથે જોડાણ (૪)	ઉમેદવારનો વર્ગ (૫)	ફાળવેલ પ્રતીક (૬)
૧.					
૨.					
૩.					
૪.					
૫.					
૬.					
૭.					
૮.					

વગેરે

સ્થળ .....

તારીખ

ચૂંટણી અધિકારી.

નમૂનો -- ૭

[(જુઓ નિયમ ૧૮ (૧))]

ચૂંટણી એજન્ટની નિમણૂક

.....ની નગરપાલિકાની ચૂંટણી વોર્ડ નંબર.....

વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર .....
વોર્ડનું નામ .....

સાહેબ,

હું.....ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી શ્રી/શ્રીમતી .....ને ઉપરની ચૂંટણી માટે આજ તારીખથી મારા ચૂંટણી એજન્ટ તરીકે નીમું છું.

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી.

તારીખ

હું ઉપરની નિમણૂકનો સ્વીકાર કરું છું.

તારીખ

ચૂંટણી એજન્ટની સહી.

તારીખ

ચૂંટણી અધિકારીની સહી અને સિક્કો.

સ્થળ .....

INDEX

નમૂનો -- ૮

[જુઓ નિયમ ૧૮ ૨]

ચૂંટણી એજન્ટની નિમણૂક રદ કરવા બાબત.

.....ની નગરપાલિકાની ચૂંટણી વોર્ડ નંબર .....

વોર્ડનું નામ .....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

વોર્ડ નંબર .....

વોર્ડનું નામ .....

સાહેબ,

હું,.....ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી, શ્રી/શ્રીમતી .....ની નિમણૂક, તાત્કાલિક અમલમાં આવે તે રીતે રદ કરું છું.

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી.

તારીખ .....

નમૂનો—૯.

[જુઓ નિયમ ૨૧ (૩)]

મતદાન એજન્ટની નિમણૂક*

.....ની નગરપાલિકાની ચૂંટણી વોર્ડ નંબર.....

વોર્ડનું નામ .....

હું,.....ઉમેદવાર/ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર.....ની ચૂંટણીનો એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી.....(પૂરેપૂરું નામ અને સરનામું)ને મથક નંબર.....મતદાન મકથનું નામ.....ઉપર મતદાનના દિવસે હાજર રહેવા માટે મતદાન એજન્ટ તરીકે નીમું છું.

તારીખ.....

ઉમેદવારની/ચૂંટણી એજન્ટની સહી

આવા મતદાન એજન્ટ તરીકે કામ કરવા સંમત છું.

તારીખ.....

મતદાન એજન્ટની સહી

મતદાન એજન્ટના એકરાર, ઉપર, પ્રમુખ અધિકારી સમક્ષ સહી કરવી.

હું આથી એકરાર કરું છું કે ઉપરની ચૂંટણીમાં હું મતદાનની ગુપ્તતા રાખીશ અને ગુપ્તતા જાળવવામાં મદદ કરી અને આવી ગુપ્તતાના ભંગની ગણતરીવાળી કોઈ માહિતી કોઈ વ્યકિતને (અમુક હેતુ માટે કોઈ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત કરેલા અમુક હેતુ માટે હોય તે સિવાય) આપીશ નહિ.

મારી સમક્ષ સહી કરી.

મતદાન એજન્ટની સહી.

તારીખ.....

પ્રમુખ અધિકારી.

*મતદાન મથકમાં રજૂ કરવા માટે મતદાન એજન્ટને સોંપવો.

INDEX

નમૂનો–૧૦.

[જુઓ નિયમ ૨૧ (૫)]

મતદાન એજન્ટની નિમણૂક રદ કરવા બાબત.

.....ની નગરપાલિકાની ચૂંટણી વૉર્ડ નંબર..... વૉર્ડનું નામ.....

પ્રતિ,

પ્રમુખ અધિકારી,

મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનું નામ.....

સાહેબ,

હું,.....ઉમેદવાર શ્રી/શ્રીમતી .....જે ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર છે તેનો ચૂંટણી એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી.....ની નિમણૂક મતદાન એજન્ટ તરીકે રદ કરું છું.

તારીખ ——— ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

નમૂનો–૧૧

[જુઓ નિયમ–૨૯]

મતપત્રનો નમૂનો

સ્થળપત્ર

.....ની નગરપાલિકાની

ચૂંટણીનું વર્ષ

વૉર્ડ નંબર.....

વૉર્ડનું નામ.....

મતપત્રનો અનુક્રમ નંબર.....

મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનું નામ.....

મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.....

મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન

મતદાન અધિકારી સહી

આગલો ભાગ.

.....ની નગરપાલિકા

વૉર્ડ નંબર.....

વૉર્ડનું નામ.....

ચૂંટણીનું વર્ષ.....

મતપત્રનો અનુક્રમ નંબર.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

———

નમૂનો—૧૨

[જુઓ નિયમ ૩૩ (૨)]

નિરક્ષર, અંધ અને અશક્ત મતદારોની યાદી

----------ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર ---------- વોર્ડનું નામ ----------

મતદાન મથક નંબર. ----------

મતદાન મથકનું નામ. ----------

મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.	મતદારનું પૂરેપૂરું નામ.	સાથીનું પૂરેપૂરું નામ અને સરનામું.	સાથીની સહી.
(૧)	(૨)	(૩)	(૪)

તારીખ: પ્રમુખ અધિકારીની સહી.

નમૂનો — ૧૩.

[જુઓ નિયમ–૩૮ (૨)(ગ)]

વાંધો ઉઠાવેલ મતોની યાદી.

----------ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર ---------- વોર્ડનું નામ : ----------

મતદાન મથક નંબર : ----------મતદાન મથકનું નામ : ----------

અનુ. ક્રમ નંબર.	મતદારનું નામ	મતદાર યાદીમાં મતદારના નામનો અનુક્રમ નંબર	વાંધો ઉઠાવનાર વ્યક્તિની સહી અને અંગૂઠાનું નિશાન	વાંધો ઉઠાવનાર વ્યક્તિનું સરનામું.	ઓળખ આપનાર હોય તો તેનું નામ.	વાંધો ઉઠાવનાર-નું નામ.	પ્રમુખ અધિકારીનો હુકમ	ડિપોઝીટની રકમ પાછી મળ્યેથી વાંધો ઉઠાવનારની સહી.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

૧, ૨
૩ ૪, ૫
વગેરે.

તારીખ ---/---/--- પ્રમુખ અધિકારીની સહી.

નમૂનો ૧૪

[જુઓ નિયમ ૩૯ (૨)]

સુપરત કરેલા મતોની યાદી.

————————————————ની નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર : .....

વોર્ડનું નામ :————————————————

મતદાન મથક નંબર : ————————————————

મતદાર મથકનું નામ : ————————————————

અનુક્રમ. નંબર. (૧)	મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર (૨)	મતદારનું નામ અને સરનામું (૩)	સુપરત કરેલા મતપત્રનો અનુક્રમ નંબર (૪)	મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાની (૫)

તારીખ :— ———————— પ્રમુખ અધિકારીની સહી.

નમૂનો ૧૫

[જુઓ નિયમ ૪૧ (૧)]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટેની અરજી.

————————————ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર ———————— વોર્ડનું નામ ————————

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર————
વોર્ડનું નામ.————

સાહેબ,

હું ઉપરના વોર્ડની આગામી ચૂંટણીમાં, જાતે મારો મત આપવા માંગુ છું. ઉપરના વોર્ડ માટેની મતદાર યાદીના અનુક્રમ નંબર ———પર મારું નામ દાખલ કરેલ છે.

મને વોર્ડ નંબર ————ના વોર્ડનું નામ ————ના મતદાન મથક નંબર ————મતદાન મથકનું નામ ————એ સ્થળે ચૂંટણી અંગેની ફરજ ઉપર મૂકવામાં આવ્યો છે.

મતદાનના દિવસે જે મતદાન મથક ઉપર ફરજ ઉપર હોઉં તે મતદાન મથકે હું મત આપી શકું તે માટે નમૂના ૧૬ મુજબનું ચૂંટણી ફરજ પ્રમાણપત્ર મને કાઢી આપવાની વિનંતી કરું છું. તે મને નીચેના સરનામે મોકલી આપશો.

આપનો વિશ્વાસુ,

તારીખ. ——— ——— ———

( )

INDEX

નમૂનો—૧૬

[જુઓ નિયમ ૪૧ (૧)]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર

————————————ના નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર ———————— વોર્ડનું નામ ————————

પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી – – ————————————વોર્ડ નંબર————ના વોર્ડનું નામ. ———————ના મતદાર છે, તેનો અનુક્રમ નંબર ————છે.

તેમની ચૂંટણી અંગેની ફરજ ઉપર હોવાને લીધે, જે મતદાન મથક ઉપર તે મત આપવા હકદાર છે, તે મતદાન મથકે મત આપી શકે તેમ નથી; અને.

તેથી મતદાનની તારીખે જ્યાં તે ફરજ ઉપર હોય તે,

મતદાન મથક નંબર ————————

મતદાન મથકનું નામ ————————————

આ મત આપવાનો તેને આથી અધિકાર આપવામાં આવે છે.

તારીખ: ————————

સ્થળ————————

ચૂંટણી અધિકારીની સહી.
અને સિક્કો.

———

નમૂનો ૧૭

[જુઓ નિયમ ૪૪ (૧)]

મતપત્ર હિસાબ

————————————ની નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર ———————— વોર્ડનું નામ————————
મતદાન મથક નંબર————————
મતદાન મથકનું નામ ————————

		અનુક્રમ નંબરો. ————થી ————સુધી		કુલ સંખ્યા.
૧.	મળેલા મતપત્રકો	———	———	———
૨.	નહિ વપરાયેલાં મતપત્રો (એટલે કે મતદારોને કાઢી આપ્યા ન હોય તેવા)			
	(ક) પ્રમુખ અધિકારીની સહીવાળા.	———	———	———
	(ખ) પ્રમુખ અધિકારીની સહી વગરના.	———	———	———
	કુલ (ક+ખ)	———	———	———
૩.	મતદાન મથકે વપરાયેલાં મતપત્રો [(૧)–(૨)=(૩)] *			

INDEX

૪. મતદાન મથકે વપરાયેલા પણ મતપેટીમાં દાખલ નહિ કરેલા મતપત્રો.

(ક) મતદાન કાર્યરીતિના ભંગ માટે રદ કરેલ મતપત્રો. _____

(ખ) બીજા કોઈ કારણોસર રદ કરેલ મતપત્રો. _____

(ગ) સુપરત કરેલ મતપત્રો તરીકે વપરાયેલાં મતપત્રો _____

*કુલ : (ક)+(ખ)+(ગ)

૫. મતપેટીમાંથી મળવાનાં મતપત્રો.
[(૩)–(૪)=(૫)] *

તારીખ. ;: પ્રમુખ અધિકારીની સહી.

---

*અનુક્રમ નંબર આપવાની જરૂર નથી.

નમૂનો–૧૮

[જુઓ નિયમ ૪૪(૨)]

ચૂંટણી ફરજ પરના સ્ટાફના મતપત્રોનો હિસાબ

----------ની નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર--------

વોર્ડનું નામ :----------

મતદાન મથક નંબર : ----------

મતદાન મથકનું નામ : ----------

	અનુક્રમ નંબરો.		કુલ સંખ્યા
	.....થી.....સુધી.		
૧. મળેલાં મતપત્રો	.....	.....	.....
૨. વપરાયેલા મતપત્રો	.....	.....	.....
૩. બગડેલાં મતપત્રો	.....	.....	.....
૪. નહિ વપરાયેલાં મતપત્રો	.....	.....	.....

તારીખ :–

પ્રમુખ અધિકારીની સહી.

INDEX

નમૂનો– ૧૯

[જુઓ નિયમ ૫૩ (૩)]

મતગણતરી એજન્ટની નિમણૂંક

————————————

નિયમ–૨૦

[જુઓ નિયમ ૫૩ (૫)]

મતગણતરી એજન્ટની નિમણુક રદ કરવા બાબત.

– – – –

હું, આથી, નિયમ ૬૩માં ઠરાવેલ કાર્યરીતિ અનુસર્યા પછી, નીચેના ઉમેદવારોને:—

*૧. શ્રીમતી— ને સામાન્ય સ્ત્રી/અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિની સ્ત્રી/બીજા પછાત વર્ગોની સ્ત્રી માટેની અનામત બેઠકો ઉપર

*૨. શ્રી/શ્રીમતી— — — — — — — — — — — — — — — — — ને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/બીજા પછાત વર્ગો/બિનઅનામત બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર

૩. શ્રી/શ્રીમતી— — — — — — — — — — — — — — — — — ને બિનઅનામત બેઠક ઉપર

યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરું છું.

ચૂંટણી અધિકારી,

તારીખ :—

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.

નમૂનો—૨૨

[જુઓ નિયમ ૬૭]

ચૂંટણી પ્રમાણપત્ર

— — — — — — — — — — — — — — — — — — — —

મુસદો, સદરહું કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કર્યો હતો, અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે અને તે તારીખથી ૧૦ દિવસની અંદર, ગુજરાતના રાજ્યપાલ સદરહું મુસદો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદાના સંબંધમાં, કોઈ વ્યકિત પાસેથી, સૂચિત જાહેરનામાના મુસદા અંગે કોઈ વાંધા અથવા સૂચનો, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને મળશે, તેના ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ૩૪મા અધિનિયમ) ની કલમ ૯ની પેટા-કલમ (૨-ક) સાથે વાંચતાં, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો 'ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. વ્યાખ્યા અને અર્થઘટન.—(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ૩૪મો અધિનિયમ)

(ખ) "મતદાર નોંધણી અધિકારી" એટલે નિયમ ૩ હેઠળ નિમાયેલ અધિકારી અને તેમાં, મદદનીશ મતદાર નોંધણી અધિકારીનો સમાવેશ થાય છે;

(ગ) "નમૂનો" એટલે આ નિયમોને જોડેલો નમૂનો;

(ઘ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

૩. મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીની નિમણૂંક.— (૧) રાજ્ય ચૂંટણી પંચ, મ્યુનિસિપલ બરોના મતદારોની યાદી તૈયાર કરવા અને સુધારવા માટે મતદાર નોંધણી અધિકારીઓ તરીકે એક અથવા વધુ અધિકારીઓને મુકરર કરશે.

(૨) મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા માટે રાજ્ય ચૂંટણી પંચ, સમગ્ર મ્યુનિસિપલ બરો અથવા તેના કોઈ ભાગ માટે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે એક અથવા વધુ અધિકારીઓને નીમી શકશે.

(૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, મૂકે તેવી મર્યાદાઓને અધીન રહીને, આ નિયમો હેઠળ, પોતાની હકૂમતની અંદર, મતદાર નોંધણી અધિકારીના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે અને તમામ અથવા કોઈપણ સત્તા વાપરશે.

૪. મતદારોની યાદીઓનો મુસદો તૈયાર કરવા અને પ્રસિધ્ધ કરવા બાબત.—(૧) મતદાર નોંધણી અધિકારીએ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા એ રીતે આદેશ કરવામાં આવ્યે, નીચેની રીતે, મ્યુનિસિપલ બરોના દરેક વોર્ડ માટેની મતદારોની યાદીનો મુસદો, તૈયાર કરીને પ્રસિધ્ધ કરવો જોઈશે.

(૨) તેણે, મતદારોની યાદી તૈયાર કરવાના હેતુ માટે, તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રિય કાયદાની જોગવાઈઓ અનુસાર, તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીને આધાર તરીકે લેવી જોઈશે.

(૩) તેણે, જેઓ વોર્ડની ભૌગોલિક હદમાં રહેતી હોય અને જેમના નામ ઉપરની મતદાર યાદીમાં સમાવિષ્ટ કર્યા હોય તેવી તમામ વ્યકિતઓનાં નામોનો, વોર્ડની મતદાર યાદીના મુસદ્દામાં સમાવેશ કરવો જોઈશે.

(૪) મતદાર નોંધણી અધિકારીઓ ઉપર્યુકત રીતે તૈયાર કરેલ યાદી પ્રસિધ્ધ કરીને, તેની એક નકલ નગર પાલિકાની મુખ્ય કચેરીમાં અને પોતે નકકી કરે તેવા બીજા સ્થળે સહેલાઈથી દેખાઈ આવે તેવી રીતે લોકોને જોવા માટે પ્રદર્શિત કરવી જોઈશે. અને તે દસ દિવસની મુદત સુધી એવી રીતે પ્રદર્શિત કરી રાખવી જોઈશે. તેની એક નકલ મતદાર નોંધણી અધિકારી ઠરાવે તેવી ફી ભર્યે, તેની માંગણી કરનાર કોઈપણ વ્યકિતને આપવી જોઈશે.

(૫) મતદાર નોંધણી અધિકારીએ જે દિવસે યાદી પ્રસિધ્ધ કરી હોય તે દિવસે, કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિની હકિકતની જાહેરખબર આપીને, પ્રસિધ્ધિનું સ્થળ અને કયા સ્થળેથી અને કેટલી ફી ભર્યે નકલો મળી શકશે તેની નોટિસ આપવી જોઈશે.

INDEX

૫. મતદાર યાદીના મુસદ્દાના સુધારા પોતાને કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મેળે મતદાર નોંધણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈ ભૂલને લીધે વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગ સાથે મતદાર યાદી મળતી આવતી નથી તો તે સુધરાવશે, જેથી કરીને સદરહુ મતદાર યાદી સાથે મળતી આવે અને તે હેતુ માટે મતદાર યાદીનો મુસદ્દો સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં કોઈ નોંધ ઉમેરી શકશે.

૬. મતદાર યાદીના મુસદ્દામાં ઉમેરો કરવા માટેના દાવા.—(૧) (ક) કેન્દ્રિય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીમાં નોંધણી કરાવવાને હકદાર અને જેનું નામ એવી રીતે ઉમેરી શકાય તેમ ન હોય તેવી કોઈપણ વ્યકિત, આ નિયમોના નિયમ ૪ હેઠળ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ દિવસથી મોડું ન હોય તે રીતે, સંબંધિત વોર્ડ માટેની મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરાવવા માટે મતદાર નોંધણી અધિકારીને અરજી કરી શકશે—

(ખ) આવો દરેક દાવો, નમૂના 'ક' મુજબ હોવો જોઈશે અને જેનું નામ તે વોર્ડ માટેની મતદાર યાદીમાં અગાઉ ઉમેરાયેલ હોય તેવી વ્યકિતએ યોગ્ય રીતે સહી કરેલ હોવી જોઈશે અને બીજી વ્યકિતએ સામી સહી કરેલ હોવી જોઈશે.

(૨) મતદાર નોંધણી અધિકારી પોતે જરૂરી ગણે તેવી સંક્ષિપ્ત તપાસ કર્યા પછી, તેને એવી ખાતરી થાય કે અરજદાર કેન્દ્રીય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગમાં નોંધાવવાને હકદાર છે, તો તે મતદાર યાદીમાં અરજદારનું નામ ઉમેરશે.

૭. આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવા બાબત.—

(૧) ત્યાર પછી મતદાર નોંધણી અધિકારીએ,—

(ક) ઉપરના નિયમો ૫ અને ૬ હેઠળ પોતાના નિર્ણયો પર પાડવા માટે અથવા મતદાર યાદીના મુસદ્દામાં પછીથી જણાવેલી કારકુની અને મુદ્રણની ભૂલો અને બીજી અચોકસાઈ સુધારવા માટે, સુધારા યાદી તૈયાર કરવી જોઈશે.

(ખ) સુધારાની યાદી સહિતની મતદાર યાદી પ્રસિધ્ધ કરવી જોઈશે, તેની એક પૂરી નકલ બનાવીને જોવા માટે મળી શકે તે રીતે તેની કચેરીમાં નોટિસ પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) એવી રીતે પ્રસિધ્ધ થયે સુધારા યાદી સાથેની મતદાર યાદી, મ્યુનિસિપલ બરો માટેની આખરી મતદાર યાદી ગણાશે અને તે તરત જ અમલમાં આવશે.

(૩) દરેક વોર્ડ માટેની મતદાર યાદી, આવી યાદીમાં નોંધાયેલ કોઈપણ વ્યકિત તે વોર્ડમાંથી ચૂંટણીમાં મત આપવાને હકદાર છે કેમ તે નક્કી કરવાના હેતુ માટેનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૪) (ક) મતદાર યાદીની છપાયેલ નકલો મતદાર નોંધણી અધિકારી, વખતો વખત ઠરાવે તેવી દરેક નકલ માટેની ફી ભર્યે તેની માંગણી કરતી કોઈપણ વ્યકિતને આપવામાં આવશે.

(ખ) મતદાર નોંધણી અધિકારીએ આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ, સુધારા યાદી હોય તો તે સાથે, તેની બે નકલો વિના મૂલ્યે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા)ના હેતુઓ માટે માન્ય દરેક રાજકીય પક્ષને પૂરી પાડવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુનયના તોમર;
ગુજરાત સરકારના નાયબ સચિવ.

નમૂનો—ક

[જુઓ નિયમ ૬(૧)(ખ)]

નામ ઉમેરવા માટેની દાવા અરજી.

પ્રતિ,
મતદાર નોંધણી અધિકારી,
....
....

સાહેબ,

હું વિનંતી કરું છું કે,.....ના મ્યુનિસિપલબરોના વોર્ડ નંબર..... .....
વોર્ડનું નામ.....માટેની મતદાર યાદીમાં મારું નામ ઉમેરવું

(૧) મારું પૂરેપૂરું નામ.....છે.
(૨) મારા પિતાનું/માતાનું/પતિનું નામ.....છે.
(૩) મારું રહેણાંકનું સ્થળ.....છે.
મ્યુનિસિપલ સેન્સસ નં./સરવે નં./ઘરનો છેવટનો પ્લોટ નં..... .....શેરી/મહોલ્લો..... .....
.....વોર્ડ નં.....વોર્ડનું નામ.....નગર.....

હું આથી જાહેર કરું છું કે મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ

(૧) હું ભારતનો નાગરિક છું.

(૨) ગત જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે મારી ઉંમર.....વર્ષ અને.....મહિનાની હતી;

(૩) હું સામાન્ય રીતે ઉપર આપેલા સરનામે રહું છું.

(૪) બીજા કોઈ વોર્ડની યાદીમાં મારું નામ દાખલ કરવા માટે મેં અરજી કરી નથી;

(૫) મારું નામ, મ્યુનિસિપલ બરોની બીજી કોઈપણ મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું નથી;

મારું નામ, મ્યુનિસિપલબરોની વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....ની મતદાર યાદીના ભાગ .....ના અનુક્રમ નંબર.....પર દાખલ કરવામાં આવ્યું છે અને તે યાદીમાંથી તે કાઢી નાખવાની હું વિનંતી કરું છું.

તારીખ : .....

સ્થળ : .....

દાવેદારની સહી અથવા અંગૂઠાનું નિશાન.

જે વોર્ડમાં દાવેદારે નામ દાખલ કરવા માટે અરજી કરી હોય તે વોર્ડની મતદાર યાદીમાંનો હું મતદાર છું અને મતદાર યાદીના અનુક્રમ નં.....પર મારું નામ દાખલ કરેલું છે. હું તેના દાવાને સમર્થન આપું છું અને તેના ઉપર સામી સહી કરું છું.

.....

મતદારની સહી.

નામ(પૂરેપૂરું).....

.....

લીધેલાં પગલાંની જાણ

શ્રી/શ્રીમતી/કુ — — — — — — — — — — — — — — — સરનામું — — — — — — — — — — —ની નમૂના-ક મુજબની અરજી,—

(ક) સ્વીકારવામાં આવી છે અને તેનું /તેણીનું નામ વોર્ડની મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે જુઓ વોર્ડની મતદાર યાદી————માં અનુક્રમાંક————.

(ખ) નીચેના કારણોસર અસ્વીકાર કરવામાં આવ્યો છે;

————————————————

————————————————

તારીખ————————

મતદાર નોંધણી અધિકારી.

(સરનામું): ————————

અરજી મળ્યાની પહોંચ.

શ્રી/શ્રીમતી/કમારી— સરનામું ————————

————————ના તરફથી નમૂના 'ક' મુજબની અરજી તારીખ ————————ના રોજ ————————વાગ્યે મળેલ છે.

તારીખ: ————————

મતદાર નોંધણી અધિકારી,

(સરનામું) ————————

————————

————————

IX-Ex.-32-10

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 33 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVJ TUESDAY, MAY 31, 1994/JYAISTHA 10, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૩૦૪-૯૪-એએમઅન-૮૦૯૪-૧૭૨૧૪મી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS (CONDUCT OF ELECTION) RULES, 1994.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૪.

ક્રમાંક :—કેચી-૩૦૪-૯૪-એએમએન-૮૦૯૪-૧૭૨૧.--પી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૬૯મો)ની કલમ ૪૫૬ની પેટા-કલમ (૨)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૨મી મે, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી--૨૮૮--૯૪-એએમએન-૮૦૯૪-૧૭૨૧-પી હેઠળ, ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૧-એના પાન ૧૯૩-૧ થી ૧૯૩-૪૭ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ મુસદ્દા અંગે સરકારને એવી રીતે મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા હતા.

તેથી, હવે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા)ની કલમ ૧૪૭ની પેટા--કલમ (૨) સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

ભાગ—૧.

પ્રારંભિક.

૧. **ટૂંકી સંજ્ઞા** :—આ નિયમો 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. **અર્થઘટન** :—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો ૬૯મો);

(ખ) "મતપેટી"માં, મતદારોએ મતપત્રો નાંખવા માટે વાપરેલી કોઈ પેટી, બેગ અથવા અન્ય પાત્રનો સમાવેશ થાય છે;

(ગ) "શહેર ચૂંટણી અધિકારી" એટલે, નિયમ ૩ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલી કોઈ વ્યકિત;

(ઘ) "મત ગણતરી એજન્ટ" એટલે, ચૂંટણી પછી મતપત્રોની ગણતરી કરતી વખતે હાજર રહેવા માટે નિયમ ૫૪ હેઠળ પોતાના મત ગણતરી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(ચ) "ચૂંટણી" એટલે, કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી અથવા શહેરના કોઈપણ વોર્ડની બેઠક અથવા બેઠકોની કોઈ પેટા--ચૂંટણી;

(છ) "ચૂંટણી એજન્ટ" એટલે, નિયમ ૧૮ હેઠળ પોતાના ચૂંટણી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(જ) "મતદાર" એટલે જેમનું નામ મતદાર નોંધણી અધિકારીએ પ્રસિદ્ધ કરેલ મ્યુનિસિપલ મતદાર યાદીમાં સમાવેશ કર્યું હોય અને જે તે ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય તેવી કોઈ વ્યકિત;

(ઝ) કોઈ વોર્ડની ચૂંટણીના સંબંધમાં "મતદાર યાદી" એટલે, તે વોર્ડના સંદર્ભમાં મતદાર નોંધણી અધિકારીએ પ્રસિધ્ધ કરેલી વોર્ડ યાદી ;

(ટ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો કોઈપણ નમૂનો અને તેમાં ગુજરાત રાજ્યમાં સરકારી હેતુ માટે વપરાતી કોઈપણ ભાષામાં તેના ભાષાંતરનો સમાવેશ થાય છે;

INDEX

(ઠ) "મ્યુનિસિપલ મતદાર યાદી" એટલે મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪માં જોગવાઈ કરેલી રીતે તૈયાર કરેલ શહેરની મતદાર યાદી;

(ડ) "મતદાન એજન્ટ" એટલે મતદાન દરમિયાન મતદાન મથકમાં હાજર રહેવા માટે નિયમ ૨૧ હેઠળ પોતાના મતદાન એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(ઢ) "મતદાન અધિકારી" એટલે નિયમ ૨૩ હેઠળ ચૂંટણી અધિકારીએ, પ્રમુખ અધિકારીને મદદ કરવા માટે મતદાન એજન્ટ તરીકે નીમેલી વ્યકિત;

(ત) "મતદાન મથક" એટલે ચૂંટણીમાં મતદાન લેવા માટે નિયમ ૨૨ હેઠળ શહેર ચૂંટણી અધિકારીએ નિયત કરેલું સ્થળ;

(થ) "પ્રમુખ અધિકારી" એટલે નિયમ ૨૩ હેઠળ ચૂંટણી અધિકારીએ નીમેલી કોઈ વ્યકિત અને તેમાં, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીના કાર્યો પૈકી કોઈ કાર્ય કરવા માટે મદદનીશ પ્રમુખ અધિકારી અને કોઈ મતદાન અધિકારીનો સમાવેશ થાય છે;

(દ) "ચૂંટણી અધિકારી" એટલે નિયમ ૪ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલી કોઈ વ્યકિત અને તેમાં મદદનીશ ચૂંટણી અધિકારીનો સમાવેશ થાય છે ;

(ધ) "કલમ" એટલે અધિનિયમની કલમ ;

(ન) "રાજ્ય ચૂંટણી પંચ" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩--ઠ માં ઉલ્લેખેલ પંચ.

ભાગ–૨.

ચૂંટણી પ્રક્રિયા

૩. શહેર ચૂંટણી અધિકારીની નિમણૂક :–(૧) શહેરના કોર્પોરેશનની ચૂંટણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચ, જે જિલ્લામાં શહેર આવેલું હોય તે જિલ્લાના કલેકટરને, શહેર ચૂંટણી અધિકારી તરીકે નીમશે.

(૨) શહેર ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, કોર્પોરેશનની ચૂંટણી કરવા માટે સંપૂર્ણ હવાલો ધરાવશે.

૪. ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂંક :–(૧) કોર્પોરેશનની ચૂંટણીઓ કરવા માટે, રાજ્ય ચૂંટણી પંચ, આ નિયમોના નિયમ ૭૩ની જોગવાઈઓને અધીન રહીને પોતે જરૂરી ગણે તેટલા ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરી શકશે.

(૨) ચૂંટણી અધિકારી મૂકે તેવા નિયંત્રણોને અધીન રહીને, મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારીની તમામ અથવા કોઈપણ સત્તા વાપરી શકશે :

પરંતુ નિયમો, ૬ થી ૧૧, ૧૩, ૧૫, ૧૬, ૧૮, ૪૨, ૫૦ થી ૫૩ અને ૫૮ થી ૬૯ હેઠળ ચૂંટણી અધિકારી વાપરી શકે તે સત્તા, મદદનીશ ચૂંટણી અધિકારી વાપરી શકશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ, શહેર ચૂંટણી અધિકારીના સામાન્ય માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કામ કરશે.

૫. ચૂંટણીના ઈરાદાની જાહેર નોટિસ :–(૧) આ નિયમના પેટા--નિયમો (૨) થી (૫) ને અધીન રહીને, કોર્પોરેશનની ચૂંટણીના ઈરાદાની નમૂના ૧ મુજબની જાહેર નોટિસ, રાજ્ય ચૂંટણી પંચે આપવી જોઈશે અને તેમાં ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ અને જરૂરી હોય તો, ચૂંટણીની તારીખ જણાવવી જોઈશે.

(૨) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉપરના પેટા--નિયમ (૧) હેઠળની જાહેર નોટિસની પ્રસિધ્ધિની તારીખ પછીના સાતમા દિવસની રહેશે અથવા જો તે દિવસ, જાહેર રજાનો દિવસ હોય તો, તે પછીનો જાહેર રજાનો દિવસ ન હોય તેવા તેની તરત પછીના દિવસની રહેશે.

(૩) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ, ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખ પછીના દિવસની રહેશે.

(૪) ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ પછી બીજા દિવસની રહેશે.

INDEX

(૫) ચૂંટણીની તારીખ, ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખના પચીસ દિવસ કરતાં વહેલી હોવી જોઈશે નહિ.

(૬) એવી રીતે જાહેર કરેલી ચૂંટણીના હેતુઓ માટે, આવા જાહેરનામાની તારીખે અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદી, પ્રસ્તુત ગણાશે અને ચૂંટણી પૂરી ન થાય ત્યાં સુધી આવી યાદીમાં કોઈ ઉમેરો કરવાની પરવાનગી આપી શકાશે નહિ.

૬. ઉમેદવારીપત્રો મંગાવતી ચૂંટણી અધિકારીની નોટિસ:--નિયમ ૫ હેઠળ જાહેર નોટિસ બહાર પાડવામાં આવે કે તરત, ચૂંટણી અધિકારી, આવી ચૂંટણી માટેના ઉમેદવારોના ઉમેદવારી પત્રો મંગાવતી અને ઉમેદવારી પત્રો સોંપવાના હોય તેનો સમય અને સ્થળ, ઉમેદવારી પત્રોની ચકાસણી માટેનો સમય અને સ્થળ અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ કયા સમયે અને કયા સ્થળે સોંપવાની છે તે સમય અને સ્થળ નિર્દિષ્ટ કરતી નમૂના ૨ મુજબની જાહેર નોટિસ બહાર પાડશે.

૭. ઉમેદવારીપત્રો:--(૧) દરેક ઉમેદવારી પત્ર, નમૂના ૩ મુજબ હોવું જોઈશે.

(૨) દરેક ઉમેદવારી પત્રમાં, ઉમેદવારનું નામ, ઉંમર, જાતિ અને સરનામાની સંપૂર્ણ વિગતો હોવી જોઈશે અને તેમાં જેઓ તે વૉર્ડની ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય અને જેના નામનો તે વૉર્ડ માટે વૉર્ડ યાદીમાં સમાવેશ થયેલો હોય તેવી બે વ્યક્તિઓ, એક દરખાસ્ત કરનાર અને બીજી ટેકો આપનારની સહી હોવી જોઈશે અને એવી રીતે ઉમેદવારી કરવાની પોતાની સંમતિના પ્રતિક રૂપે ઉમેદવારની સહી હોવી જોઈશે.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને બીજા પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામતને અધીન રહીને જે વ્યકિત કોર્પોરેશનની ચૂંટણીમાં મત આપવાને હકકદાર હોય અને જેના નામનો મ્યુનિસિપલ મતદાર યાદીમાં સમાવેશ કરેલ હોય તે વ્યકિત કોઈપણ વૉર્ડમાંથી ચૂંટણી લડી શકશે.

(૪) જુદા જુદા મતદારો ઉમેદવાર વતી એક કરતાં વધુ ઉમેદવારીપત્રો ફાઈલ કરી શકાશે, પણ ઉમેદવાર વતી ફાઈલ કરેલ કુલ ઉમેદવારી પત્રો ચાર કરતાં વધુ હોવા જોઈશે નહિ. ચાર કરતાં વધુ ઉમેદવારી પત્રો રજૂ કરેલા હોય તો, પ્રથમ રજૂ કરેલ ચાર ઉમેદવારી પત્રો વિચારણામાં લેવામાં આવશે અને બાકીના સંક્ષિપ્ત રીતે નામંજૂર કરવામાં આવશે.

(૫) મતદાર, એક કરતાં વધુ ઉમેદવારની દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે દરખાસ્ત કરી શકશે નહિ. મતદારે એક કરતા વધુ ઉમેદવારો માટે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે ઉમેદવારી પત્રો ઉપર સહી કરી હોય ત્યારે, ચૂંટણી અધિકારીને પ્રથમ મળેલ એક સિવાયના અન્ય તમામ ઉમેદવારી પત્રો અમાન્ય જાહેર કરવામાં આવશે.

(૬) ઉપર્યુકત ભરેલ અને સહી કરેલ દરેક ઉમેદવારી પત્ર, કચેરીના સમય દરમિયાન, પણ નિયમ ૬ હેઠળ ચૂંટણી અધિકારીએ બહાર પાડેલી નોટિસમાં આ અર્થે નિર્દિષ્ટ કરેલા સ્થળે ઉમેદવારોના ઉમેદવારી પત્રો માટે નક્કી કરેલા દિવસોએ બપોરના ત્રણ વાગ્યા પહેલાં ઉમેદવારે જાતે અથવા દરખાસ્ત કરનારે અથવા ટેકો આપનારે ચૂંટણી અધિકારીને સોંપવું જોઈશે.

(૭) ચૂંટણી અધિકારી, ઉમેદવારી પત્ર મળ્યે, ઉમેદવારી પત્રમાં તેનો અનુક્રમ નંબર નોંધશે અને કઈ તારીખે અને કયા સમયે ઉમેદવારી પત્ર પોતાને સોંપવામાં આવ્યું તે જણાવતા તેની ઉપરના પ્રમાણપત્રમાં સહી કરશે.

(૮) (૧) જે ઉમેદવાર યથાપ્રસંગ અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા પછાત વર્ગના ઉમેદવાર તરીકે ગણવા ઈચ્છતા ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર સાથે, જાતિ/આદિજાતિ/ વર્ગનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે રાજ્ય સરકારે નિયત કરેલા સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ આવા પ્રમાણપત્રની અધિકૃત ઝેરોક્ષ નકલ રજૂ કરવી જોઈશે.

(૨) ઉમેદવારી પત્રોની ચકાસણી વખતે, અનામત બેઠક સામે ચૂંટાવાને પાત્ર ગણવામાં આવે તેવા ઉમેદવારના દરજ્જા સંબંધી કોઈ તકરાર ઉભી થાય ત્યારે, ચૂંટણી અધિકારી, ઉમેદવારને ઉપર ઉલ્લેખેલા પ્રમાણપત્રની મૂળ નકલ અને/અથવા ઉમેદવારના દાવાના સમર્થનમાં બીજા કોઈ દસ્તાવેજો રજૂ કરવાનું જણાવી શકશે. આવા પુરાવાની ચકાસણી કર્યા પછી ચૂંટણી અધિકારી, અનામત બેઠક ઉપર ચૂંટાવા માટે પાત્ર થવા ઉમેદવારનો દાવો સ્વીકારવામાં આવ્યો છે કે નહિ તે જાહેર કરશે. દાવો સ્વીકારવામાં આવ્યો ન હોય તો, ઉમેદવારને સામાન્ય ઉમેદવાર તરીકે ગણવામાં આવશે.

૮. ઉમેદવારી પત્રોની ચકાસણી:- નિયમ ૫ હેઠળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટે નક્કી કરેલી તારીખે અને સમયે ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્રો તપાસશે અને કોઈ ઉમેદવારી અંગે લેવામાં આવે તેવા તમામ વાંધાઓનો નિર્ણય કરશે અને આવા વાંધા ઉપરથી અથવા પોતે જરૂરી ગણે તેવી કોઈ સંક્ષિપ્ત તપાસ કર્યા પછી, પોતાની મેળે નીચેના કોઈપણ કારણોસર ઉમેદવારી પત્ર અમાન્ય જાહેર કરી શકશે:-

(ક) મ્યુનિસિપલ મતદાર યાદીમાં શહેરના મતદાર તરીકે ઉમેદવારની નોંધણી કરવામાં આવી નથી ;

(ખ) ઉમેદવારે નિયમ ૧૭માં ઉલ્લેખેલી ડીપોઝીટની રકમ મૂકી નથી અથવા મૂકાવડાવી નથી;

(ગ) ઉમેદવાર, કાઉન્સિલર તરીકે ચૂંટાવા માટે જરૂરી ઓછામાં ઓછી ઉંમરનો નથી;

INDEX

(ઘ) ઉમેદવાર, અધિનિયમની જોગવાઈઓ પૈકી કોઈ જોગવાઈ હેઠળ કાઉન્સિલર બનવા માટે ગેરલાયક થયો છે;

(ચ) જે વૉર્ડ માટે ઉમેદવારી પત્ર ફાઈલ કરવામાં આવ્યું હોય તે વૉર્ડના મતદાર તરીકે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનારનું નામ નોંધાયું નથી;

(છ) ઉમેદવારી પત્ર ઉપર ઉમેદવારની અથવા દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી સાચી નથી;

(જ) ઉમેદવારી પત્ર ઉપર દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી, આ ઉમેદવારી પત્ર પહેલાં, ચૂંટણી અધિકારીને સોંપવામાં આવ્યું હોય તેવા બીજા ઉમેદવારી પત્ર ઉપર પણ કરવામાં આવી છે.

૯. જેમના નામોની માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી હોય તે ઉમેદવારોનું વર્ગીકરણ.—જેમના નામની માન્ય રીતે દરખાસ્ત કરેલ ઉમેદવારોનું નીચેના વર્ગોમાં વર્ગીકરણ કરવું જોઈશે :—

(ક) "સામાન્ય સ્ત્રી ઉમેદવાર" – જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા બિન અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ખ) "અનુસૂચિત જાતિની સ્ત્રી ઉમેદવાર"-જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ગ) "અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ઉમેદવાર"– જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિનઅનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ઘ) "અન્ય પછાત વર્ગની સ્ત્રી ઉમેદવાર"– જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અન્ય પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિનઅનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ચ) "અનુસૂચિત જાતિના પુરુષ ઉમેદવાર"—જે અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(છ) "અનુસૂચિત આદિજાતિના પુરુષ ઉમેદવાર"– જે અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(જ) "અન્ય પછાત વર્ગોના પુરુષ ઉમેદવાર"–જે અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ઝ) "સામાન્ય પુરુષ ઉમેદવાર"—જે બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે.

૧૦. જેમના નામની માન્ય દરખાસ્ત કરવામાં આવી હોય તેવા ઉમેદવારોની યાદી.—તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હોય અને તેના સ્વીકાર અથવા અસ્વીકારના નિર્ણયો નોંધવામાં આવ્યા હોય તે પછી તરત જ, ચૂંટણી અધિકારીએ નમૂના ૪ મુજબ જેમના નામની માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી હોય તેવા ઉમેદવારોની તેમના વર્ગીકરણ સહિત, યાદી તૈયાર કરવી જોઈશે અને પોતાની કચેરીમાં લોકોની જાણ માટે પ્રદર્શિત કરવી જોઈશે. તેણે તેની એક નકલ, દરેક માન્ય દરખાસ્તવાળા ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટ હોય તો તેને આપવી જોઈશે.

૧૧. ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ—કોઈ માન્ય દરખાસ્તવાળા ઉમેદવાર, તે ચૂંટણી લડવા માંગતો નથી એવી નિયમ ૫ (૪) હેઠળ નક્કી કરેલા દિવસે બપોરના ત્રણ વાગ્યા પહેલાં, ચૂંટણી અધિકારીને લેખિત નોટિસ દ્વારા જાતે પહોંચાડીને પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. ચૂંટણી અધિકારીએ, કયા સમયે અને કઈ તારીખે તે પહોંચાડવામાં આવી છે તે સમય અને તારીખની તેના ઉપર નોંધ કરવી. જે ઉમેદવારે ઉપર્યુક્ત રીતે ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ આપી હોય તે ઉમેદવાર, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ રદ કરી શકશે નહિ :

પરંતુ ઉમેદવાર જેલમાં અથવા પોલીસ કસ્ટડીમાં હોવાને કારણે પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની અરજી જાતે પહોંચાડી શકે તેમ ન હોય ત્યારે, તે પોતે આ અર્થે અધિકૃત કરેલી વ્યકિત, તેના વતી તે અરજી પહોંચાડી શકશે.

૧૨. જેમના નામની માન્ય રીતે દરખાસ્ત કરી ન હોય તે .— ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટેનો નક્કી કરેલ સમય પૂરો થયા પછી, કોઈ માન્ય દરખાસ્તવાળો ઉમેદવાર ન હોય તો, કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ ખાલી પડેલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી જોઈશે.

INDEX

૧૩. બિન-હરીફ ચૂંટણી.—ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, જેમના નામની માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી હોય તે ઉમેદવારોની સંખ્યા, જગાઓ કરતાં ઓછી હોય અથવા સરખી હોય તો, એવી રીતે નિયુકત થયેલી તમામ વ્યકિતઓ, બિન હરીફ ચૂંટાયેલી ગણાશે અને બાકીની જગા અથવા જગાઓ હોય તો તે માટે કાઉન્સિલર કોઈ ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ આવી ખાલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી જોઈશે.

સ્પષ્ટીકરણ.— આ નિયમના હેતુ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે કોઈ વ્યકિત, પોતે અનામત બેઠક માટે, ચૂંટાવાપાત્ર હોય તે સિવાય, તેને આવી અનામત બેઠક માટે નામની દરખાસ્ત કરી હોવાનું ગણી શકાશે નહિ.

૧૪. હરિફાઈવાળી ચૂંટણી અને હરીફ ઉમેદવારો :—ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, માન્ય દરખાસ્તવાળા ઉમેદવારોની સંખ્યા, જગાઓ કરતાં વધુ હોય તો, કાઉન્સિલરોની ચૂંટણી, માન્ય દરખાસ્તવાળી વ્યકિતઓમાંથી કરવી અને આવી ચૂંટણીને "હરિફાઈવાળી ચૂંટણી" કહેવી અને આવી વ્યકિતઓને "હરીફ ઉમેદવારો" કહેવા.

૧૫. હરીફ ઉમેદવારોના પ્રતીકો :—(૧) રાજ્ય ચૂંટણી પંચ, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, કોર્પોરેશનની ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરે તેવા પ્રતીકો નિર્દિષ્ટ કરશે અને તેમની પસંદગી જે નિયંત્રણોને અધીન હોય તે તે નિયંત્રણો નિર્દિષ્ટ કરશે.

(૨) ઉમેદવારોની ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખની તરત પછીના દિવસે, ચૂંટણી અધિકારી, નીચેની રીતે હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવાની કાર્યવાહી શરૂ કરશે.

(૩) ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) હુકમ ૧૯૬૮ હેઠળ ગુજરાત રાજ્યમાં માન્ય રાજકીય પક્ષો ઉભા કરેલ ઉમેદવાર માટે, ચૂંટણી અધિકારીએ, સદરહુ હુકમ હેઠળ તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતીક ફાળવવું જોઈશે :

પરંતુ આવો રાજકીય પક્ષ, કોઈપણ વોર્ડમાં બેઠક દીઠ માત્ર એક ઉમેદવાર ઉભો રાખી શકશે. પક્ષો સ્ત્રીઓ અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગો માટે અનામત રાખેલ બેઠક અથવા પ્રથમ બિન-અનામત બેઠક અથવા યથા પ્રસંગ બીજી બિન-અનામત બેઠક માટે પોતાનો કયો ઉમેદવાર છે તે સ્પષ્ટ જણાવવું જોઈશે.

સ્પષ્ટીકરણ :—માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલ ઉમેદવારને માન્ય રાખવા માટે ઉમેદવારે, નિયમ ૧૧માં નિર્દિષ્ટ કરેલ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની સમય-મર્યાદા પૂરી થાય તે પહેલાં, ગુજરાતમાં તે પક્ષના રાજ્ય એકમના પ્રમુખે અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિતએ તે મતલબનો સહી કરેલ પત્ર રજૂ કરવો જોઈશે.

(૪) ઉમેદવારે અથવા તેના વતી, એક કરતાં વધારે ઉમેદવારી પત્રો પહોંચાડયા હોય ત્યારે, પ્રથમ પહોંચાડવામાં આવેલા ઉમેદવારીપત્રમાં પસંદ કરેલા પ્રતીકો પસંદ કરવામાં આવશે અને બીજા કોઈ પ્રતીકો પસંદ કરવાની વિચારણા કરવામાં આવશે નહિ, પછી ભલે તે ઉમેદવારી પત્ર નામંજૂર કર્યું હોય.

(૫) ચૂંટણી અધિકારી, હરીફ ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્રમાં દર્શાવેલ પ્રતીકોની પસંદગી ધ્યાનમાં લેશે; અને

(ક) શકય હોય ત્યાં સુધી તેની પસંદગીને અનુરૂપ હોય તે પ્રમાણે દરેક હરીફ ઉમેદવારને જુદા જુદા પ્રતીક ફાળવશે; અને

(ખ) એકથી વધુ ઉમેદવારો એકજ પ્રતીક માટે પોતાની પસંદગી દર્શાવે, તો તે ઉમેદવારોમાંથી કયા ઉમેદવારોને તે પ્રતીક ફાળવવું તે (કોમ્પ્યુટર દ્વારા ડ્રો કરવા સહિત) ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૬) સ્ત્રી ઉમેદવારને ફાળવેલ પ્રતીક વર્તુળમાં હોવું જોઈશે.

(૭) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોના ઉમેદવારોને ફાળવેલ પ્રતીક ચોરસમાં હોવું જોઈશે.

(૮) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોની સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતીક, ચોરસની અંદર વર્તુળમાં હોવું જોઈશે.

(૯) વોર્ડમાં એક કરતા વધુ સ્થળે બિન-અનામત જગા માટે ચૂંટણી કરવાની હોય ત્યારે, માન્ય રાજકીય પક્ષના પ્રથમ ઉમેદવારને તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતિક ફાળવવામાં આવશે અને બીજા ઉમેદવારને, તે અનામત રાખેલ પ્રતીક ચોરસમાં રાખવામાં આવશે.

(૧૦) આ અર્થે રાજ્ય ચૂંટણી પંચ પોતે યોગ્ય ગણે તેવી રીતે જે કિસ્સામાં ફાળવણી સુધારે તેમાં રાજ્ય ચૂંટણી પંચે કાઢેલ સામાન્ય આદેશો સાથે સુસંગત ન હોય તે સિવાય, ઉમેદવારને ચૂંટણી અધિકારીએ કોઈ પ્રતીક ફાળવ્યું હોય તો તેમનો નિર્ણય આખરી ગણાશે.

૧૬. હરીફ ઉમેદવારોની યાદી.—(૧) હરીફ ઉમેદવારોને પ્રતીકોની ફાળવણી પૂરી થયા પછી તરત જ, ચૂંટણી અધિકારી, તમામ હરીફ ઉમેદવારોના નામ અને તેમને ફાળવવામાં આવેલા પ્રતીકો જણાવતી ગુજરાતી ભાષામાં કક્કાવારીના ક્રમમાં નમૂના ૬ મુજબ હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરશે.

INDEX

(૨) દરેક ઉમેદવારનું નામ, તેના ઉમેદવારી પત્રમાં જણાય તે પ્રમાણે સદરહુ યાદીમાં દર્શાવવામાં આવશે:

પરંતુ ઉમેદવારને એમ જણાય કે પોતાના નામની જોડણી ખરી નથી અથવા પોતાના ઉમેદવારીપત્રમાં અન્યથા સાચી દર્શાવી નથી અથવા જે પ્રચલિત નામથી ઓળખાતો હોય તે નામથી જુદું છે, ત્યારે તે, હરીફ ઉમેદવારોની યાદી તૈયાર થાય તે પહેલા કોઈપણ સમયે, યોગ્ય નમૂનામાં અને પોતાના નામની જોડણી, ચૂંટણી અધિકારીને લેખિતમાં મોકલવી જોઈશે અને ચૂંટણી અધિકારીને વિનંતીની યથાર્થતા અંગે ખાતરી થયેથી, તે જરૂરી ભૂલ સુધારશે અથવા નમૂના ૬ પ્રમાણે યાદીમાં ફેરફાર કરશે અને હરીફ ઉમેદવારોની યાદીમાં તે નમૂનો સ્વીકારશે અને જોડણી સુધારશે.

(૩) બે અથવા વધુ ઉમેદવારો એક જ નામ ધરાવતા હોય તો, તેમના ધંધા અથવા રહેઠાણથી અથવા ચૂંટણી અધિકારી યોગ્ય ગણે તેવી બીજી અમુક રીતે, ઉમેરો કરીને તે નામને જુદુ પાડશે.

(૪) ચૂંટણી અધિકારી, આવા દરેક ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટને હરીફ ઉમેદવારોની યાદીની એક નકલ પૂરી પાડશે.

(૫) ચૂંટણી અધિકારીએ, શકય હોય તેટલું જલદી હરીફ ઉમેદવારોની યાદી, રાજપત્રમાં પ્રસિધ્ધ કરાવવી જોઈશે અને વળી તે, પોતાની કચેરીમાં, મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં અને પોતે યોગ્ય ગણે તેવા બીજા સ્થળોએ પ્રદર્શિત કરવી જોઈશે.

૧૭. ડીપોઝીટ અને રીફન્ડ બાબત.—(૧) નિયમ ૫ના પેટા-નિયમ (૨) હેઠળ નક્કી કરેલ ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખે અથવા તે પહેલા દરેક ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે, રૂપિયા પાંચસોની રકમ રોકડમાં જમા કરવી પડશે અથવા જમા કરાવડાવી પડશે અને આવી ડીપોઝીટની રકમ જમા કરાવ્યા સિવાય, કોઈ ઉમેદવાર યોગ્ય રીતે નિયુકત થયેલો છે એમ ગણાશે નહિ:

પરંતુ ઉમેદવાર સ્ત્રી હોય અથવા અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગનો હોય ત્યારે, ડીપોઝીટની રકમ અઢીસો રૂપિયા સુધી ઘટાડવામાં આવશે:

વધુમાં ઉમેદવારનો, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા પછાત વર્ગનો હોવાનો દાવો નામંજૂર કરવામાં આવે અને તેને નિયમ ૭ના પેટા-નિયમ (૮)ના ખંડ (૨) હેઠળ સામાન્ય ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે ત્યારે, ઉમેદવારે; તરત જ ચૂંટણી અધિકારી પાસે ખૂટતી બસો પચાસ રૂપિયાની રકમ રોકડમાં જમા કરવી પડશે અથવા કરાવડાવી પડશે.

(૨) ડીપોઝીટ પરત કરવામાં આવશે જો—

(ક) ઉમેદવાર, ચૂંટાયેલો જાહેર થાય અથવા યોગ્ય રીતે ચૂંટાયેલો હોવાનું ગણવામાં આવે તો;

(ખ) આ નિયમોની જોગવાઈઓ મુજબ ઉમેદવારે પોતાનું ઉમેદવારી પત્ર પાછું ખેંચી લીધું હોય;

(ગ) ઉમેદવારનું ઉમેદવારીપત્ર અમાન્ય જાહેર કરવામાં આવ્યું હોય;

(ઘ) મતદાન શરૂ થાય તે પહેલા ઉમેદવાર મૃત્યુ પામે;

(ચ) ઉમેદવાર ચૂંટાવામાં નિષ્ફળ ગયો હોય, પણ પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કરેલી સંખ્યા કરતાં વધુ માન્ય મત મેળવ્યા હોય.

(૩) ઉમેદવાર ચૂંટાયો ન હોય અને તેને મળેલા માન્ય મતોની સંખ્યા, થયેલા મતદાનના માન્ય મતોની કુલ સંખ્યાને વોર્ડમાં ચૂંટવાના કાઉન્સિલરોની સંખ્યા વડે ભાગતા જે આવે તેના છઠ્ઠા ભાગ કરતા વધુ ન હોય તો, તેની ડિપોઝીટ જપ્ત થશે.

(૪) ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવી ન હોય તો, નિયમ ૬૪ હેઠળ ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી શકય તેટલી જલદી, પરત કરવામાં આવશે :

પરંતુ ઉમેદવાર સામાન્ય ચૂંટણીમાં એક કરતાં વધું વોર્ડમાં યોગ્ય રીતે નિયુકત થયેલા હોય તો તેણે અથવા તેના વતી મૂકેલી એક કરતાં વધુ ન હોય તેટલી ડિપોઝીટો પરત કરવામાં આવશે અને બાકીની ડિપોઝીટો જપ્ત કરવામાં આવશે:

વધુમાં ડિપોઝીટ પરત કરવામાં આવે તે પહેલા, ઉમેદવાર મૃત્યુ પામે ત્યારે, તેના કાયદેસરના વારસદારોને તે પરત કરવામાં આવશે.

૧૮. મતદાન એજન્ટ :—(૧) હરીફ ઉમેદવાર, નમુના ૭ મુજબ નોટીસ આપીને કોઈપણ વ્યકિતને પોતાના ચૂંટણી એજન્ટ તરીકે નીમી શકશે. આવી નિમણુંકની નોટીસ, ચૂંટણી અધિકારીને તેની બે નકલો મોકલાવીને આપવી જોઈશે, જેઓ તેની એક નકલ નિમણુંકની પોતાની મંજૂરીના પ્રતિક રૂપે તેના ઉપર સિક્કો મારી અને સહી કર્યા પછી ચૂંટણી એજન્ટને પરત કરશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ ચૂંટણી એજન્ટની નિમણુક રદ કરતો આદેશ, નમુના ૮ મુજબ કરવો જોઈશે.

INDEX

ભાગ—૩

મતદાન

૧૯. મતદાન:—હરીફાઈવાળી ચૂંટણીની બાબતમાં, નિયમ ૫ હેઠળ જણાવેલી તારીખે મતદાન લેવામાં આવશે;

૨૦. મતદાનનો સમય :—રાજ્ય ચૂંટણી પંચ, મતદાન શરૂ કરવાનો સમય અને તે બંધ કરવાનો સમય નક્કી કરશે. મતદાન માટે નક્કી કરેલ સમય, રાજપત્રમાં જાહેરનામા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે.

૨૧. મતદાન એજન્ટો :—(૧) ઉમેદવાર અને તેનો ચૂંટણી એજન્ટ રાજ્ય ચૂંટણી પંચ આ અર્થે વખતો વખત કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશોને આધીન રહીને, જે વોર્ડમાંથી આવો ઉમેદવાર ચૂંટણી લડવાનો હોય તો તે વોર્ડના દરેક મતદાન મથકે, મતદાનના સમયે મતદાન મથકમાં પોતાના વતી હાજર રહેવા માટે મતદાન એજન્ટ નીમી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ નીમવામાં આવે તેવા, મતદાન મથક દીઠ એક એજન્ટ અને બે રીલીફ એજન્ટ રહેશે.

(૩) આવી દરેક નિમણૂક, નમૂના ૯ મુજબ કરવી જોઈશે અને મતદાન મથકે રજૂ કરવા માટે મતદાન એજન્ટને સોંપી દેવી જોઈશે.

(૪) કોઈપણ મતદાન એજન્ટને, પેટા-નિયમ (૧) હેઠળ પોતાની નિમણૂકનો પત્ર યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલા એકરાર ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ ભરીને સહી કર્યા પછી, પ્રમુખ અધિકારીને તે આપે તે સિવાય, મતદાન મથકમાં દાખલ થવા દેવામાં આવશે નહિ.

(૫) મતદાન એજન્ટની નિમણૂક રદ કરતો પત્ર, નમૂના ૧૦ મુજબ હોવો જોઈશે અને પ્રમુખ અધિકારીને આપવો જોઈશે.

૨૨. મતદાન મથકો.—શહેર ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી લઈને, દરેક વોર્ડ માટે, પોતે જરૂરી ગણે તેટલા મતદાન મથકો પસંદ કરશે અને તેવી રીતે પસંદ કરેલા મતદાન મથકોની યાદી, અને તેમાં આવરી લીધેલ સંબંધિત મતદાન વિસ્તાર પ્રસિદ્ધ કરશે.

૨૩. પ્રમુખ અધિકારીઓ અને મતદાન અધિકારીઓ:—(૧) ચૂંટણી અધિકારી નિયમ૭૩ની જોગવાઈઓને આધીન રહીને દરેક મતદાન મથક માટે એક "પ્રમુખ અધિકારી" નીમશે અને પ્રમુખ અધિકારીને મદદ કરવા માટે એક અથવા વધુ મતદાન અધિકારીઓ નીમશે.

(૨) દરેક મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી તેવી રીતે આદેશ આપે તો, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીને સોંપેલી તમામ અથવા કોઈપણ ફરજ બજાવી શકશે.

(૩) માંદગી અથવા બીજા ટાળી ન શકાય તેવા કારણસર, પ્રમુખ અધિકારીને મતદાન મથકમાંથી ગેરહાજર રહેવાની ફરજ પડી હોય તો, ચૂંટણી અધિકારીએ આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કર્યા હોય તેવા, મતદાન અધિકારીઓ પૈકી કોઈ એક મતદાન અધિકારીએ તેની ફરજો બજાવવી જોઈશે.

૨૪. પ્રમુખ અધિકારીઓની ફરજો :- (૧) પ્રમુખ અધિકારી મતદાન મથકે વ્યવસ્થા સંભાળશે. ચૂંટણીનું સંચાલન સારી રીતે ચાલે છે અને મતદાન મથકની અંદર કોઈપણ એક સમયે પ્રવેશ આપવાના મતદારોની સંખ્યાનું નિયમન થાય છે તે જોશે અને નીચેના સિવાયની તમામ વ્યક્તિઓને તેમાંથી બહાર કાઢશે.

(ક) મતદાન અધિકારીઓ;

(ખ) ચૂંટણી સાથે સંકળાયેલ ફરજ પરના સરકારી અધિકારીઓ ;

(ગ) રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિઓ;

(ઘ) ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો અને નિયમ ૨૧ના પેટા-નિયમ (૪) ની જોગવાઈઓને આધીન રહીને, ઉમેદવારે લેખિતમાં નીમેલા અને ચૂંટણી અધિકારીએ તે અર્થે અધિકૃત કરેલ દરેક ઉમેદવારના એક મતદાન એજન્ટ;

INDEX

(ચ) મતદારના હાથમાં તેડેલું બાળક.

(છ) મદદ લીધા સિવાય હરીફરી શકતા ન હોય તેવા કોઈ અંધ અથવા અશકત મતદારની સાથે આવેલી વ્યકિત; અને

(જ) પ્રમુખ અધિકારી, વખતો વખત મતદારોની ઓળખ આપવાના હેતુ માટે પ્રવેશ આપે તેવી બીજી કોઈ વ્યકિતઓ.

૨૫. મતદાન મથકે વ્યવસ્થા :- (૧) દરેક મતદાન મથકની બહાર,-

(ક) મતદાર વિસ્તાર, મતદાન મથકે મત આપવાને હકદાર મતદારો; દરેક મતદારે આપવાના મતોની સંખ્યા, કેવી રીતે મત પત્રક ઉપર નિશાની કરવી, અને કેવી રીતે મત આપવો તે સંબંધી મતદારને આપવાની બીજી કોઈ સૂચનાઓ હોય તો તે નિર્દિષ્ટ કરતી નોટિસ; અને

(ખ) હરીફ ઉમેદવારોની યાદીની એક નકલ,

પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) જેમાં મતદારો બીજા લોકો જોઈ ન શકે તેવી રીતે પોતાના મત નોંધી શકે તેવી એક અથવા વધુ મત કટીરો દરેક મતદાન મથકમાં રાખવી.

(૩) ચૂંટણી અધિકારીએ, દરેક મતદાન મથકે પૂરતી સંખ્યામાં મતપેટીઓ, મતદાર યાદીના સંબંધિત ભાગની નકલો, મતપત્રો, ઉપર વિશિષ્ટ નિશાની કરવા માટેના સિક્કો મારવાના સાધનો અને મત આપવા માટે મતદારો માટે જરૂરી બીજી ચીજ વસ્તુઓ અને સાધન સામગ્રી આપવી જોઈશે.

(૪) મતદાન મથક, પુરષો અને સ્ત્રીઓ બન્ને માટે હોય ત્યારે પ્રમુખ અધિકારી પુરષો અને સ્ત્રીઓ માટે અલગ લાઈનો રાખવાનો આદેશ આપી શકશે અને જુદા જુદા જુથોમાં વારાફરતી તેમને મતદાન મથકમાં પ્રવેશ આપવો જોઈશે.

૨૬. મતપેટીઓ :—દરેક મતપેટીની રચના એવી હોવી જોઈએ કે તેમાં મતપત્રો દાખલ કરી શકાય, પણ પેટીનું તાળું ખોલ્યા સિવાય મત પાછા લઈ શકાય નહિ. તે મતપેટીઓ રાજ્ય ચૂંટણી પંચ મંજૂર કરે તેવી ડીઝાઈનની હોવી જોઈશે.

૨૭. મતદાન માટે મતપેટીઓ તૈયાર કરવા બાબત.—(૧) મતપેટીને સુરક્ષિત બનાવવા માટે પેપર સીલનો ઉપયોગ કર્યો હોય ત્યારે પ્રમુખ અધિકારીએ, પેપર સીલ ઉપર તેની પોતાની સહી કરવી જોઈશે અને તેના ઉપર સહી કરવા ઈચ્છતા હાજર મતદાન એજન્ટોની સહી લેવી જોઈશે.

(૨) ત્યારબાદ પ્રમુખ અધિકારીએ, તે પછી, મતપેટી ઉપર તેના માટે રાખેલ જગામાં તેવી રીતે સહી કરેલું પેપર સીલ લગાડવું જોઈશે. અને તે પછી મતપેટીને, તેમાં મતપત્રો દાખલ કરવા માટે તેનો ખાંચો ખુલ્લો રહે તેવી રીતે સીલ મારીને સુરક્ષિત કરવી જોઈશે.

(૩) મતપેટી સુરક્ષિત રાખવા માટે વાપરેલા સીલ, એવી રીતે લાગાડવા જોઈશે કે મતપેટી બંધ કર્યા પછી, સીલ તોડ્યા સિવાય ફરી પેટી ખોલવાનું શકય બને નહિ.

(૪) મતપેટીઓ સુરક્ષિત રાખવા માટે પેપર સીલ વાપરવાનુ જરૂરી ન હોય, ત્યારે પ્રમુખ, અધિકારીએ મતપેટીને સુરક્ષિત કરીને એવી રીતે સીલ લગાડવું કે મતપત્રો દાખલ કરવા માટે ખાંચો ખુલ્લો રહે અને હાજર રહેલા મતદાન એજન્ટો તેવી રીતે પોતાના સીલ લગાડવા માગતા હોય, તો તેમને તેમ કરવા દેવું જોઈશે.

(૫) મતદાન મથકે વાપરેલ દરેક મતપેટીને તેની અંદર અને બહાર, એમ બન્ને બાજુઓએ નીચેની નિશાનીઓવાળા લેબલો તેના ઉપર લગાડેલા હોવાં જોઈશે.

(ક) અનુક્રમ નંબર હોય તો તે અને વોર્ડનું નામ;

(ખ) મતદાન મથકનો અનુક્રમ નંબર અને નામ;

(ગ) મતપેટીનો અનુક્રમ નંબર (મતદાન પૂરું થયા પછી માત્ર મતપેટીની બહાર લેબલ ઉપર લખવો); અને

(ઘ) મતદાનની તારીખ.

(૬) મતદાનના આરંભની તરત પહેલાં, પ્રમુખ અધિકારીએ, મતદાન એજન્ટોને અને હાજર હોય તેવી બીજી વ્યકિતઓને નિદર્શન કરીને બતાવવું જોઈશે કે મતપેટી ખાલી છે અને પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલ લેબલો લગાડેલા છે.

(૭) ત્યારબાદ મતપેટી બંધ કરવી જોઈશે, તેને સીલ લગાડવું જોઈશે, અને તેને સુરક્ષિત કરવી જોઈશે અને પ્રમુખ અધિકારી અને મતદાન એજન્ટોના સંપૂર્ણ નજર સમક્ષ મુકવી જોઈશે.

INDEX

૨૮. મતદાર યાદીની નિશાની કરેલ નકલ:—મતદાનના આરંભની તરત જ પહેલાં, પ્રમુખ અધિકારીએ, મતદાન એજન્ટો અને હાજર બીજા લોકોને નિદર્શન કરી બતાવવું જોઈશે કે મતદાન દરમિયાન વાપરવાની મતદાર યાદીની નિશાની કરેલી નકલમાં મતદારોને કાઢી આપેલ મતપત્રો સંબંધી કોઈપણ નોંધ કરવામાં આવી નથી.

૨૯. મતપત્રનો નમૂનો:—(૧) દરેક મતપત્ર સાથે સ્થળપ્રત જોડેલ હોવી જોઈશે, અને સદરહુ મતપત્ર અને સ્થળપ્રત નમૂના ૧૧ મુજબ હોવાં જોઈશે.

(૨) ઉમેદવારોનાં નામો જે ક્રમમાં હરીફ ઉમેદવારોની યાદીમાં આવતા હોય તે જ રીતે મતપત્ર ઉપર દર્શાવવા જોઈશે અને તે જ ક્રમમાં, ગોઠવવા જોઈશે.

(૩) મતપત્ર ઉપરની વિગતો ગુજરાતી ભાષામાં હોવી જોઈશે.

(૪) મતપત્રો અનુક્રમ નંબરોવાળા હોવા જોઈશે, સ્થળપ્રત ઉપર અને મતપત્રના આગળના ભાગમાં અનુક્રમ નંબરો છાપેલા હોવા જોઈશે.

(૫) નિયમ ૧૫ હેઠળ ઉમેદવારોને ફાળવેલા પ્રતીકો, મતપત્ર ઉપર ઉમેદવારના નામની સામેની બાજુએ દર્શાવેલ હોવા જોઈશે.

(૬) મતપત્ર ઉપર દરેક ઉમેદવારને ફાળવેલ જગા, એક સરખા માપની હોવી જોઈશે.

(૭) જુદા જુદા ઉમેદવારો માટે જોગવાઈ કરેલ જુદી મથકની લાઈન અથવા રાખેલ વિસ્તાર મત પત્ર ઉપર એકસરખો હોવો જોઈશે,

૩૦. મતદારને મતપત્ર કાઢી આપવા માટેની કાર્યરીતિ:—(૧) મતદારને આપવામાં આવે તે પહેલાં દરેક મતપત્ર અને તેની સાથે જોડેલી સ્થળપ્રત ઉપર, રાજ્ય ચૂંટણી પંચ આદેશ આપે તેવી વિશિષ્ટ પ્રકારની નિશાની, પાછળના ભાગમાં લગાડવી જોઈશે અને દરેક મતપત્ર તે આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારીએ તેની પાછલી બાજુએ પૂરી સહી કરવી જોઈશે.

(૨) મતદારને મતપત્ર કાઢી આપતી વખતે, મતદાન અધિકારીએ,—

(ક) તેના સ્થળપ્રત ઉપર, મતદારયાદીની નિશાનીવાળી નકલમાં નોંધ્યા પ્રમાણેનો મતદારનો મતદાર યાદીમાંનો નંબર નોંધવો જોઈશે;

(ખ) સદરહુ સ્થળપ્રત ઉપર, તે મતદારની સહી અથવા અંગૂઠાની નિશાની લેવી જોઈશે;

(ગ) મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં, મતદારના નામની નિશાની એવી રીતે જણાવવી જોઈશે કે તે મતદારને કાઢી આપેલ મતપત્રનો અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય તેને મતપત્ર કાઢી આપવામાં આવ્યું છે :

પરંતુ મતદારે, તે મતપત્રની સ્થળપ્રત ઉપર સહી કરી હોય અથવા અંગૂઠાની નિશાની કરી હોય તે સિવાય, તેને કોઈ મતપત્ર આપવું જોઈશે નહિ.

(૩) (૧) મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારી, મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની કરાવડાવશે :

પરંતુ મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર તેવી નિશાની પહેલેથી જ હોય તો, ચૂંટણી વખતે તેનો મત પહેલેથી જ પડેલો હતો એમ ગણાશે અને કોઈપણ મતપત્ર આપવું જોઈશે નહિ :

વધુમાં, મતદાર તેના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની લગાવવા દે તે સિવાય, તેને મતપત્ર આપવું જોઈશે નહિ.

(૨) આ પેટા-નિયમમાં મતદારના ડાબા હાથની પહેલી આંગળીના કોઈ ઉલ્લેખનો અર્થ, મતદારને પોતાના ડાબા હાથની પહેલી આંગળી ન હોય, તો તેના ડાબા હાથની અન્ય કોઈપણ આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો અને તેના ડાબા હાથની તમામ આંગળીઓ ન હોય, તો તેના જમણા હાથની પહેલી આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો અને બન્ને, હાથોની આંગળીઓ ન હોય તો તેના ડાબા અથવા જમણા હાથના એવા કોઈ આખરી ભાગના ઉલ્લેખ તરીકે કરવો.

(૪) કોઈપણ પ્રમુખ અધિકારી અથવા મતદાર અધિકારી અથવા કોઈ બીજા અધિકારી માટે, સ્થળપ્રત ઉપર મતદારના અંગૂઠાની છાપની શાખ કરવાનું જરૂરી ગણાશે નહિ.

(૫) મતદાર મથકમાંની કોઈપણ વ્યકિતને, અમુક મતદારોને કાઢી આપેલ મતપત્રોના અનુક્રમ નંબર નોંધવા દઈ શકાશે નહિ.

૩૧. મતદાન:—(ક) આમાં હવે પછી જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, ચૂંટણીમાં મત આપતા તમામ મતદારોએ આ નિયમો હેઠળ તેમના માટે જોગવાઈ કરેલ મતદાન મથકે રૂબરૂ મત આપવો જોઈશે.

INDEX

(ખ) મત રૂબરૂ જ આપવો જોઈશે અને પ્રતિનિધિ મારફત કોઈ મત આપી શકાશે નહિ.

(ગ) જે વોર્ડ માટેની ચૂંટણી કરવામાં આવી રહી હોય તે વોર્ડના મતદાર તરીકે વોર્ડ યાદીમાં જેનું નામ નોંધાયેલ ન હોય તેવી કોઈપણ વ્યકિત પાસેથી કોઈપણ મત સ્વીકારી શકાશે નહિ.

૩૨. મતદાન માટેની કાર્યરીતિ અને મતદાનની ગુપ્તતા.—(૧) જેને મતપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે દરેક મતદારે, મતદાન મથકમાં, મતદાનની ગુપ્તતા જાળવવી જોઈશે અને તે હેતુ માટે, આમાં હવે પછી જણાવેલ મતદાનની કાર્યરીતિનું પાલન કરવું જોઈશે.

(૨) મતપત્ર મળ્યે, મતદારે તુરત–

(ક) ગમે તે એક મત કુટીરમાં જવું જોઈશે;

(ખ) જે ઉમેદવારને તે મત આપવા માગતા હોય તે ઉમેદવારના અથવા વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી કરવાની હોય તો ઉમેદવારોના પ્રતીક ઉપર અથવા તેની નજીકમાં તે હેતુ માટે પૂરા પાડેલા સાધન વડે મતપત્ર ઉપર નિશાની કરવી જોઈશે;

(ગ) પોતાનો મત છુપાવી શકાય એ રીતે મતપત્રની ગડી વાળવી જોઈશે;

(ઘ) આવશ્યક જણાય તો, મતપત્ર ઉપરની વિશિષ્ટ નિશાની પ્રમુખ અધિકારીને બતાવવી જોઈશે;

(ચ) ગડી વાળેલું મતપત્ર મતપેટીમાં નાંખવું જોઈશે; અને

(છ) મતદાન મથકમાંથી જતા રહેવું જોઈશે;

(૩) દરેક મતદારે, અયોગ્ય વિલંબ કર્યા વિના, મત આપવો જોઈશે.

(૪) કોઈ મતદાર મતકુટિરમાં હોય, ત્યારે બીજા કોઈપણ મતદારને તેમાં દાખલ થવા દેવો જોઈશે નહિ.

(૫) જેને મતપત્ર આપવામાં આવ્યું હોય તે મતદાર, પ્રમુખ અધિકારીએ ચેતવણી આપ્યા પછી, પેટા–નિયમ (૨) માં જણાવ્યા પ્રમાણેની કાર્યરીતિનું પાલન કરવાની ના પાડે, તો તે મતદારને આપેલું મતપત્ર, તે ઉપર તેણે મત નોંધ્યો હોય કે નોંધ્યો ન હોય તો પણ, તેની પાસેથી પ્રમુખ અધિકારીએ અથવા પ્રમુખ અધિકારીના આદેશ હેઠળ મતદાન અધિકારીએ પાછું લઈ લેવું જોઈશે.

(૬) મતપત્ર પાછું લઈ લેવામાં આવે તે પછી, પ્રમુખ અધિકારી, તેની પાછળ "રદ કર્યું; મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે." એ શબ્દો લખવા જોઈશે અને એ શબ્દો નીચે પોતાની સહી કરવી જોઈશે.

(૭) જેના ઉપર "રદ કર્યું; મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે." એવું લખેલું હોય તે તમામ મતપત્રો, અલગ કવરમાં રાખવાં, તેના ઉપર "મતદાન કાર્યરીતિનો ભંગ કરતાં મતપત્રો" એ શબ્દો લખવા જોઈશે.

(૮) જેની પાસેથી પેટા–નિયમ (૫) હેઠળ મતપત્ર લઈ લેવામાં આવ્યું હોય તે મતદાર, અન્ય કોઈ શિક્ષાને પાત્ર થાય તેને બાધ આવ્યા સિવાય, એવા મતપત્ર ઉપર મત નોંધ્યો હોય તો તે ગણતરીમાં લેવો જોઈશે નહિ.

૩૩. અંધ અથવા અશકત મતદારોના મતો નોંધવા બાબત. .–(૧) પ્રમુખ અધિકારીને ખાતરી થાય કે આંધાપા અથવા અન્ય શારીરિક અશકતતાને લીધે, કોઈ મતદાર મતપત્ર ઉપરનાં પ્રતીકો ઓળખી શકે એમ નથી અથવા મદદ વિના તેના ઉપર નિશાની કરી શકે એમ નથી, તો પ્રમુખ અધિકારી, મતદારને તેની સાથે તેના વતી મતપત્ર ઉપર મત નોંધવા માટે અને તેની ઈચ્છા અનુસાર અને આવશ્યક હોય તો, મત છુપાવી શકાય તે રીતે મતપત્રની ગડી વાળવા માટે અને તેને મતપેટીમાં દાખલ કરવા માટે મતકૂટિરમાં અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના ન હોય તેવા સાથીને લઈ જવાની પરવાનગી આપવામાં આવશે:

પરંતુ કોઈ વ્યકિતને, તે જ દિવસે કોઈ મતદાન મથકે એક કરતાં વધુ મતદારનાં સાથી તરીકે કામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ :

વધુમાં, આ નિયમ હેઠળ કોઈપણ દિવસે મતદારના સાથી તરીકે કામ કરવાની કોઈ વ્યકિતને પરવાનગી આપવામાં આવે તે પહેલાં, વ્યકિતને એવો એકરાર કરવાનું ફરમાવવામાં આવશે કે મતદાર વતી તેણે નોંધેલો મત તે ગુપ્ત રાખશે અને તે દિવસે કોઈ મતદાન મથકે બીજા કોઈ મતદારના સાથી તરીકે તેણે કામ કરેલું નથી.

(૨) પ્રમુખ અધિકારીએ, આ નિયમ હેઠળના તમામ કેસોનું રેકર્ડ, નમૂના ૧૨ મુજબ રાખવું જોઈશે.

૩૪. મતદારને મદદ કરવા બાબત .–પ્રમુખ અધિકારી, જે કોઈ મતદાર, ઠરાવેલી રીતે મત આપવાને અશકતતા અથવા નિરક્ષરતાને કારણે અશકત હોય તેવા કોઈ મતદારને જરૂરી હોય તેવી મદદ આપશે.

INDEX

૩૫. મતદારની ઓળખ .—મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, કોઈપણ સમયે, પ્રમુખ અધિકારીને અથવા મતદાન અધિકારીને, પોતાની મેળે, તેને આવા મતદાન મથકમાં મતદારની ઓળખ વિષે અથવા મત આપવાના તેના હક વિષે શંકાનું કારણ હોય, અને ઉમેદવાર અથવા મતદાન એજન્ટ દ્વારા તેમ કરવાનું ફરમાવવામાં આવે તો, પોતે જરૂરી ગણે તેવા પ્રશ્નો મતદારને પૂછીને પોતે ખાતરી કરશે કે જે મતદારના સંબંધમાં આવી નોંધ છે તે મતદાર સાથે આવી વ્યક્તિ મળતી આવે છે.

૩૬. મતદાન બંધ કરવા બાબત .—(૧) પ્રમુખ અધિકારી, નિયમ ૨૦ હેઠળ તે માટે નક્કી કરેલ સમયે મતદાન બંધ કરશે અને તે પછી, મતદાન મથકમાં કોઈપણ મતદારને દાખલ થવા દેશે નહિ :

પરંતુ મતદાન બંધ કરવામાં આવે તે પહેલાં,મતદાન મથકે હાજર હોય તેવા તમામ મતદારોને તેમનો મત આપવા દેવામાં આવશે.

(૨) મતદાન બંધ થયું તે પહેલાં, મતદાન મથકે કોઈ મતદાર હાજર હતો કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો પ્રમુખ અધિકારીએ તેનો નિર્ણય કરવો જોઈશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૩૭. કંપની, પેઢી, એસોસિયેશન, હિન્દુ અવિભક્ત કુટુંબ દ્વારા મતદાન .—વોર્ડની યાદીમાં, કંપની, પેઢી, એસોસિયેશન, વ્યકિતઓની મંડળી અથવા હિન્દુ અવિભક્ત કુટુંબનું નામ હોય ત્યારે, વોર્ડની યાદીમાં જે વ્યકિતઓનાં નામો, આવી કંપની, પેઢી, એસોસિયેશન, વ્યકિતઓની મંડળી અથવા હિન્દુ અવિભક્ત કુટુંબ સામે દાખલ કર્યા હોય તો, તે તમામ વ્યકિતઓ મત આપવાને હકદાર ગણાશે .

૩૮. મતોની સંખ્યા :—દરેક મતદાર, આવા વોર્ડ માટે આવી ચૂંટણી વખતે જેટલા કાઉન્સિલરો ચૂંટવાના હોય તેટલા મતો આપવાને હકદાર થશે.

૩૯. તકરારી મતો .—(૧) કોઈપણ મતદાર એજન્ટ, આવા દરેક વાંધા માટે, પ્રમુખ અધિકારીને, રૂપિયા ૨૦/--ની રકમ પ્રથમ રોકડમાં જમા કરાવીને, અમુક મતદાર હોવાનો દાવો કરતી વ્યકિતની ઓળખ માટે વાંધો ઉઠાવી શકશે.

(૨) આવી રકમ જમા કરાવવામાં આવ્યે, પ્રમુખ અધિકારી—

(ક) ખોટું નામ ધારણ કરવા માટે વાંધો ઉઠાવનાર વ્યકિતને શિક્ષાની ચેતવણી આપશે;

(ખ) ચૂંટણી યાદીમાં સંબંધ ધરાવતી નોંધ પૂરેપૂરી વાંચશે અને તે કહેશે કે તે નોંધમાં ઉલ્લેખેલી વ્યકિત તે છે કે કેમ

(ગ) તેનું નામ અને સરનામું, નમૂના ૧૩ મુજબ વાંધો ઉઠાવેલ મતોની યાદીમાં દાખલ કરશે; અને

(ઘ) સદરહુ યાદીમાં તેની સહી કરવાનું તેને ફરમાવશે.

(૩) પ્રમુખ અધિકારી, ત્યાર પછી, વાંધા સંબંધી સંક્ષિપ્ત રીતે તપાસ કરશે અને તે હેતુ માટે,—

(ક) વાંધો ઉઠાવનારને વાંધાની સાબિતીનો પુરાવો રજૂ કરવાને ફરમાવશે અને વાંધો ઉઠાવેલી વ્યકિતને તેની ઓળખ માટે સાબિતીનો પૂરાવો રજૂ કરવાનું ફરમાવશે.

(ખ) તેની ઓળખ સાબિત કરવાના હેતુ માટે, વાંધો ઉઠાવેલી વ્યકિતને કોઈપણ જરૂરી પ્રશ્ન પૂછશે અને સોગંદ ઉપર જવાબ આપવાનું તેને ફરમાવશે; અને

(ગ) વાંધો ઉઠાવેલી વ્યકિતને સોગંદ લેવડાવશે અને કોઈપણ બીજી વ્યકિતને તેનો પુરાવો રજૂ કરવાનું જણાવશે.

(૪) તપાસ કર્યા પછી, પ્રમુખ અધિકારીને એવું લાગે કે વાંધો સાબિત કરવામાં આવ્યો નથી તો, વાંધો ઉઠાવેલી વ્યકિતને મત આપવાની છૂટ આપશે; અને તેને એમ જણાય કે વાંધો સાબિત કરવામાં આવ્યો છે તો, વાંધો ઉઠાવેલી વ્યકિતને મત આપવામાંથી બાકાત રાખશે.

(૫) પ્રમુખ અધિકારીનો એવો અભિપ્રાય થાય કે વાંધો ક્ષુલ્લક છે અને શુધ્ધ બુધ્ધિથી કર્યો નથી તો, પેટા-નિયમ (૧) હેઠળ મૂકેલી અનામતની રકમ સરકારમાં જપ્ત કરવાનો આદેશ કરશે અને બીજા કોઈપણ કેસમાં, તપાસનો નિર્ણય કરતી વખતે, વાંધો ઉઠાવનારની અનામત પરત કરશે.

૪૦. સુપરત કરેલ મતપત્રો .—(૧) અમુક મતદાર પોતે જ છે એમ જણાવતી વ્યકિત, બીજી વ્યકિતએ આવા મતદાર તરીકે અગાઉ મત આપ્યો હોય તે પછી, મતપત્ર માટે અરજી કરે, તો પ્રમુખ અધિકારી તેની ઓળખ સંબંધી પૂછે તો પ્રશ્નનો સંતોષકારક તે જવાબ આપ્યા એટલે આ નિયમ નીચેની જોગવાઈઓને અધીન રહીને, બીજા કોઈ મતદાર જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવા હકદાર હોય તે જ રીતે મતપત્ર (જેનો આમાં હવે પછી આ નિયમોમાં "સુપરત કરેલ મતપત્ર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ઉપર નિશાની કરવા માટે તે હકદાર થશે.

(૨) સુપરત કરેલ મતપત્ર આપવામાં આવે તે પહેલાં, આવી દરેક વ્યકિતએ, નમૂના ૧૪ મુજબની યાદીમાં પોતાને લગતી નોંધ સામે પોતાના નામની સહી કરવી જોઈશે.

INDEX

(૩) સુપરત કરેલ મતપત્ર, મતદાનમાં ઉપયોગમાં લીધેલાં બીજા મતપત્રો જેવું જ ગણાશે, સિવાય કે—

(ક) મતદાન મથકે ઉપયોગમાં લેવા માટે કાઢેલા મતપત્રોમાં બંડલમાં અનુક્રમે આવું સુપરત કરેલું મતપત્ર છેલ્લું હોવું જોઈશે; અને

(ખ) આવા સુપરત કરેલ મતપત્રની અને તેની સ્થળ પ્રતની પાછળ પ્રમુખ અધિકારીએ "સુપરત કરેલ મતપત્ર" એ શબ્દો પોતાને હાથે લખીને તેના ઉપર સહી કરવી જોઈશે;

(૪) મતદારે મતકટિમાં સુપરત કરેલ મતપત્ર ઉપર નિશાની કર્યા પછી અને તેની ગડી વાળ્યા પછી, તે મતપત્ર મતપેટીમાં નાખવાને બદલે, પ્રમુખ અધિકારીને આપવું જોઈશે, જેઓ તે માટે ખાસ રાખેલા કવરમાં આવું મતપત્ર મૂકશે.

૪૧. બગડેલાં અને પાછાં આપેલાં મતપત્રો બાબત :—(૧) કોઈ મતદારે પોતાનું મતપત્ર ગાફેલપણાથી એવી રીતે વાપર્યું હોય કે તેનો મતપત્ર તરીકે સહેલાઈથી ઉપયોગ થઈ શકે નહી તો તે મતપત્ર, પ્રમુખ અધિકારીને પાછું આપવામાં આવ્યે અને પોતાની ગાફેલપણા સંબંધી તેમને ખાતરી થયે બગડેલા મતપત્રને બદલે, બીજું મતપત્ર આપવામાં આવશે અને પ્રમુખ અધિકારીએ તેવી રીતે પાછા આપેલા મતપત્ર ઉપર અને આવા મતપત્રની સ્થળ પ્રત ઉપર "બગડેલું; રદ કરેલું" એવા શબ્દો લખવા જોઈશે.

(૨) મતદાર મતપત્ર મેળવ્યા પછી, તેનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કરે, તો તેણે પ્રમુખ અધિકારીને તે પરત કરવું જોઈશે અને તેવી રીતે પરત કરેલ મતપત્ર અને આવા મતપત્રની સ્થળપ્રત ઉપર, પ્રમુખ અધિકારીએ "પરત આવેલ; રદ કરેલ" એવા શબ્દો લખવા જોઈશે.

(૩) ઉપરના પેટા-નિયમો (૧) અને (૨) હેઠળ રદ કરેલાં તમામ મતપત્રો અલગ પેકેટમાં રાખવાં જોઈશે.

૪૨. ચૂંટણી ફરજ પર હોય તેવા અધિકારીઓના મતદાન બાબત :—(૧) પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી અથવા કોઈ બીજી વ્યક્તિ જે મતદાન મથક ઉપર પોતાને મત આપવાનો હક ન હોય તેવા મતદાન મથકે ફરજ ઉપર હોય તેને, નમૂના ૧૫ મુજબ ચૂંટણી અધિકારી પ્રમાણપત્ર આપે તો, તેને તે મતદાન મથકે મત નોંધવા દેવામાં આવશે. આવી અરજી મળ્યે, ચૂંટણી અધિકારી, નમૂના ૧૬ મુજબ એવું પ્રમાણિત કરે કે અરજદાર જેના સંબંધમાં તેને રોકવામાં આવ્યો હોય તે વોર્ડ અથવા બીજા કોઈપણ વોર્ડ માટે, ચૂંટણીમાં મત આપવા માટે હકદાર છે, તેને, તે મતદાન મથકે તેનો મત નોંધવા દેવો જોઈશે. પોતે અન્યથા મત આપવા હકદાર હોય તે મતદાન મથકનું નામ, જે વોર્ડમાં મતદાન મથક આવેલું હોય તેની મતદાર યાદીમાં તેના નંબર સાથે મતપત્રની સ્થળપ્રત ઉપર નોંધવું જોઈશે.

(૨) એવું મતપત્ર, પ્રમુખ અધિકારીએ કવરમાં મૂકવું જોઈશે અને તેને સીલ કરવું જોઈશે અને પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ પ્રમાણપત્ર સાથે ચૂંટણી અધિકારીને પાછું મોકલવું જોઈશે, જેઓ આવા મતપત્રનો યોગ્ય વોર્ડના માન્ય મતપત્રોમાં સમાવેશ કરશે.

૪૩. મતપેટીઓને સીલ કરવા બાબત :—(૧) પ્રમુખ અધિકારીએ મતદાન બંધ થયા પછી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતપેટીનું બાકોરું બંધ કરશે અને બાકોરું બંધ કરવા માટે પેટીમાં કાંઈ યાંત્રિક યુકિત ન હોય, તો તે બાકોરા ઉપર જ સીલ મારશે અને હાજર રહેલા મતદાન એજન્ટને તેમના સીલ લગાડવાની છૂટ આપશે.

(૨) ત્યારપછી મતપેટીને સીલ કરીને સુરક્ષિત રાખવી જોઈશે.

(૩) પ્રથમ મતપેટી પૂરેપૂરી ભરાઈ જવાના કારણે, બીજી મતપેટીનો ઉપયોગ કરવાનું જરૂરી લાગે ત્યારે, બીજી મતપેટીને ઉપયોગમાં લેવામાં આવે તે પહેલાં, પેટા-નિયમો (૧) અને (૨) માં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રથમ પેટી બંધ કરવી જોઈશે, તેને સીલ કરવી જોઈશે અને સુરક્ષિત રાખવી જોઈશે.

૪૪. મતદાનની સાધનસામગ્રી અને બીજા કાગળો સીલ કરવા બાબત :—દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતદાન બંધ થયા પછી, હાજર હોય તેવા કોઈપણ ઉમેદવારો અથવા મતદાન એજન્ટોની હાજરીમાં, નીચેના માટે અલગ પેકેટો કરશે અને પોતાના સીલથી સીલ કરશે અને તેના ઉપર પોતાનું સીલ લગાડવાનું નક્કી કરે તેવા ઉમેદવારો અને એજન્ટોને સીલ લગાડવા દેશે.

(ક) નહિ વપરાયેલ મતપત્રો,
(ખ) સુપરત કરેલ મતપત્રો,
(ગ) બગડેલાં અને પાછા આવેલા મતપત્રો,
(ઘ) મતદાર યાદીની નિશાની કરેલી નકલ,
(ચ) મતપત્રોની સ્થળપ્રત્રો,
(છ) સુપરત કરેલાં મતો,
(જ) તકરારી મતોની યાદી,
(ઝ) ચૂંટણી ફરજ પરના અધિકારીએ આપેલ મતો.

પ્રમુખ અધિકારીએ તમામ પેકેટો સીલ કર્યા પછી દરેક પેકેટ ઉપર તેની વિગતોનું વર્ણન નોંધવું જોઈશે.

INDEX

૪૫. મતપત્રોનો હિસાબ :—(૧) (૧) પ્રમુખ અધિકારીએ, મતદાન બંધ કરતી વખતે, પોતાને આપેલા મતપત્રોની સંખ્યા દર્શાવાતા અને મતપત્રોના નીચેના સદરો હેઠળ તેમનો હિસાબ આપવા, નમૂના ૧૭ મુજબ મતપત્રોનો હિસાબ તૈયાર કરવો જોઈશે.

(ક) મતપેટીમાંના મતો;
(ખ) નહિ વાપરેલા મતો;
(ગ) બગડેલાં અને પાછા આવેલ મતો; અને
(ઘ) સુપરત કરેલ મતો.

(૨) પ્રમુખ અધિકારીએ, મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે. અને તેના ઉપર "મતપત્રોનો હિસાબ" એ શબ્દો લખવા જોઈશે.

(૨) જુદા જુદા વોર્ડના મતદારો હોય તેવા તેના મતદાન મથકમાં ચૂંટણી ફરજ પરના સ્ટાફે વાપરવા માટે તેને કોઈ મતપત્રો આપ્યા હોય ત્યારે, પ્રમુખ અધિકારીએ મતદાન બંધ કરતી વખતે, ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટે તેને આપેલ મતપત્રોની સંખ્યા દર્શાવતો નમૂનો ૧૮ મુજબ મતપત્રોનો અને આપેલ મતપત્રો, વાપરેલ મતપત્રો અને પરત કરેલ મતપત્રોના સદર હેઠળ તેને ગણતરીમાં લેવા માટે હિસાબ તૈયાર કરવો જોઈશે. પ્રમુખ અધિકારીએ આ મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે અને તેના ઉપર "ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટેનો મતપત્ર હિસાબ" એવા શબ્દો લખવા. તેણે આ કવર જે વોર્ડને લગતું મતપત્ર હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીને મોકલી આપવું જોઈશે:

પરંતુ તેણે જુદા જુદા વોર્ડોના મતપત્રો માટે જુદા હિસાબો તૈયાર કરવા જોઈશે.

૪૬. ચૂંટણી અધિકારીને મત પેટીઓ વગેરે સોંપી દેવા બાબત.—(૧) પ્રમુખ અધિકારીએ, ચૂંટણી અધિકારી આદેશ કરે તેવા સ્થળે ચૂંટણી અધિકારીને :—

(૧) મત પેટીઓ;

(૨) મત પત્ર હિસાબ;

(૩) નિયમ ૪૪ હેઠળ સીલ કરેલ પેકેટો; અને

(૪) મતદાનમાં વાપરેલ બીજા તમામ કાગળો

સોંપી દેવા જોઈશે અથવા સોંપી દેવડાવવા જોઈશે.

(૨) ચૂંટણી અધિકારીએ, મતોની ગણતરીનો નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ મતપેટીઓ, પેકેટો અને બીજા કાગળો લઈ જવા માટેની સલામતી માટે અને તેમની સલામત કસ્ટડી માટે પૂરતી ગોઠવણ કરવી જોઈશે.

૪૭. દુર્વર્તન બદલ મતદાન મથકેથી કાઢી મૂકવા બાબત.—જો કોઈપણ વ્યકિત મતદાન મથકે દુર્વર્તન કરે અથવા પ્રમુખ અધિકારીના અથવા પ્રમુખ અધિકારીની ફરજ બજાવતા મત દાન અધિકારીના કાયદેસર હુકમો માનવાને ચૂકે, તો તેને પ્રમુખ અધિકારીના અથવા એવા મત લેનાર અધિકારીના હુકમથી કોઈપણ પોલીસ અધિકારી અથવા પ્રમુખ અધિકારી અથવા તેવા મત દાન અધિકારીએ, તેને કાઢી મૂકવા માટે લેખિત અધિકૃત કરેલી બીજી કોઈ વ્યકિત મતદાન મથકેથી તરત જ કાઢી મૂકી શકશે અને એવી રીતે કાઢી મૂકવામાં આવેલી વ્યકિતને પ્રમુખ અધિકારીની અથવા એવા મત દાન અધિકારીની પરવાનગી સિવાય, દિવસ દરમિયાન મતદાન મથકમાં ફરીથી દાખલ થવા દેવામાં આવશે નહિ:

પરંતુ આ સત્તા, કોઈપણ મતદાન મથકે મત આપવા માટે બીજી રીતે હકદાર હોય તેવા કોઈપણ મતદારને તેવા મતદાન મથકે મત આપવાની તક મળતી અટકે તે રીતે, વાપરવી નહિ.

૪૮. કટોકટીના પ્રસંગે મતદાન મોકૂફ રાખવા બાબત .—અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજય ચૂંટણી પંચ, પૂરતા કારણસર, કારણોની લેખિત નોંધ કરીને, કટોકટીના કિસ્સામાં, જેવા કે સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ વગેરે વખતે મતદાન માટે નક્કી કરેલ તારીખે ચૂંટણી મુલતવી રાખી શકશે અથવા તેવી મુદત વધારી શકશે, એવી રીતે મતદાન મોકૂફ રાખવામાં આવે ત્યારે, રાજય ચૂંટણી પંચ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, મતદાન કરાવવાનો પ્રયત્ન કરશે.

૪૯. મતદાન મુલતવી રાખવા બાબત:—(૧) કોઈપણ ચૂંટણી વખતે, કોઈપણ મતદાન મથકમાં મત લેવાનું શકય ન હોય અથવા કોઈપણ મતદાન મથકની કાર્યવાહીમાં હુલ્લડ, હિંસા, સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ અથવા બીજા કોઈ પૂરતા કારણસર દખલગીરી થાય અથવા અડચણ ઊભી થાય તો, આવા મતદાન મથકના પ્રમુખ અધિકારી, સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જાણ કરશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ પ્રમુખ અધિકારીનો રિપોર્ટ મળ્યે ચૂંટણી અધિકારી તરત જ મતદાન મથકે દોડી જશે અને ખાતરી થાય કે મતદાન ચાલુ રાખી શકાય તેમ નથી તો, પાછળથી જાહેર કરવાની તારીખ સુધી મતદાન મુલતવી રાખ્યાનું જાહેર કરશે અને તે સંજોગોનો રીપોર્ટ રાજય ચૂંટણી પંચને કરશે.

INDEX

(૩) ચૂંટણી અધિકારી, શક્ય હોય તેટલું જલદી, રાજ્ય ચૂંટણી પંચની અગાઉથી મંજૂરી લઈને, જે તારીખે મતદાન ફરી શરૂ થશે તેની તારીખ નક્કી કરશે અને મતદાન મથક નક્કી કરશે અને જે સમય દરમિયાન મત લેવાના હોય તે સમય નક્કી કરશે અને જ્યાં સુધી આવું મોકૂફ રાખેલ મતદાન પૂરું કરવામાં ન આવે ત્યાં સુધી આવી કોઈ ચૂંટણીમાં મતગણતરી કરી શકાશે નહિ.

૫૦. મતદાન મોકૂફ રાખ્યે અનુસરવાની કાર્યરીતિ.—(૧) કોઈપણ મતદાન મથકે મતદાન નિયમ ૪૯ હેઠળ મોકૂફ રાખેલ હોય તો, નિયમો ૪૩ થી ૪૬ની જોગવાઈઓ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, જાણે કે નિયમ ૨૦ હેઠળ તે અર્થે નક્કી કરેલ સમયે મતદાન બંધ કર્યું હોય તેમ લાગુ પડશે.

(૨) નિયમ ૪૯ના પેટા-નિયમ (૩) હેઠળ મોકૂફ રાખેલ મતદાન શરૂ કરવામાં આવે ત્યારે, એવી રીતે મોકૂફ રાખેલ મતદાન વખતે અગાઉ મત આપનાર મતદારોને, ફરીથી મત આપવાની છૂટ આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીએ, જ્યાં આવું મતદાન મોકૂફ રાખ્યું હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને, મતદાર યાદીની નિશાની કરેલી નકલવાળું સીલબંધ કવર અને નવી મતપેટીઓ આપવી જોઈશે.

(૪) પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટની હાજરીમાં સીલબંધ પેકેટ ખોલવું જોઈશે અને મોકૂફ રાખેલ મતદાન વખતે જેને મતદાન પત્રો કાઢી આપ્યા હોય તે મતદારોના નામોની નિશાની કરવા માટે, મતદાર યાદીની નિશાની કરેલી નકલ તેના અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય વાપરવી જોઈશે.

(૫) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૭ની જોગવાઈઓ, જાણે કે એવી રીતે મતદાન મોકૂફ રાખ્યા પહેલાંના મતદાનના સંબંધમાં, લાગુ પડે છે તેમ મોકૂફ રાખેલ મતદાન કરવાના સંબંધમાં, જોઈતા ફેરફારો સાથે, લાગુ પડશે.

૫૧. અડચણ અથવા મતપેટીઓને નુકશાન થયાના કિસ્સામાં ફરીથી મતદાન લેવા બાબત:—(૧) કોઈપણ ચૂંટણીમાં—

(ક) મતદાન મથકમાં વાપરેલ કોઈપણ મતપેટી, પ્રમુખ અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જાય અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરે અથવા ગુમ કરે અથવા નુકશાન પહોંચાડે અથવા એટલા પ્રમાણમાં ચેડાં કરે કે તે મતદાન મથક વખતે મતદાનનું પરિણામ નક્કી કરી શકાય નહિ; અથવા

(ખ) જેનાથી મતદાન રદ થઈ જવાનો સંભવ હોય તેવી કોઈ કાર્યરીતિમાંની એવી કોઈ ભૂલ અથવા અનિયમસરના મતદાન મથકે આચરવામાં આવી હોય,

તો ચૂંટણી અધિકારીએ, તરત જ રાજ્ય ચૂંટણી પંચને તે બાબતનો રિપોર્ટ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજ્ય ચૂંટણી કમિશન, તમામ મહત્ત્વના સંજોગોને ધ્યાનમાં લીધા પછી,—

(ક) તે મતદાન મથકનું મતદાન રદ જાહેર કરશે અને તે મતદાન મથકે ફરીથી મતદાન લેવા માટે દિવસ નક્કી કરશે અને સમય નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલ દિવસ અને એવી રીતે નક્કી કરેલ સમય પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરશે; અથવા

(ખ) એવી ખાતરી થાય કે તે મતદાન મથકે ફરીથી મતદાન થવાના પરિણામે, ચૂંટણીના પરિણામ ઉપર કોઈ રીતે અસર થશે નહિ અથવા કાર્યરીતિમાંની ભૂલ અથવા અનિયમસરતા મહત્વની નથી તો, ફરીથી ચૂંટણી કરવા અને ચૂંટણી પૂરી કરવા માટે એમને યોગ્ય લાગે તેવા આદેશો ચૂંટણી અધિકારી ઉપર કાઢશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને રીપોર્ટ મોકલવામાં આવ્યો હોય ત્યારે, ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ તરફથી મતદાનની ગણતરી શરૂ કરવા માટેની સ્પષ્ટતા મેળવવામાં ન આવે ત્યાં સુધી તેમ કરી શકાશે નહિ.

(૪) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૭ ની જોગવાઈઓ, જેવી રીતે અસલ સૂચિત મતદાનના સંબંધમાં લાગુ પડે છે તેમ ફરી મતદાન લેવાના સંબંધમાં, જોઈતા ફેરફારો સાથે, લાગુ પડશે.

૫૨. મતદાન પહેલાં ઉમેદવારનું મૃત્યુ થયે મતદાન રદ કરવા બાબત.—

માન્ય રાજકીય પક્ષે ઉભો કરેલ ઉમેદવાર—

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખે સવારના ૧૧-૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે મૃત્યુ પામે અને તેનું ઉમેદવારીપત્ર નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય; અથવા

INDEX

(ખ) જેનું ઉમેદવારીપત્ર, નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય અને નિયમ ૧૧ હેઠળ તેની ઉમેદવારી પાછી ખેંચી લીધી ન હોય તે મૃત્યુ પામે અને બેમાંથી કોઈપણ કિસ્સામાં નિયમ ૧૬ હેઠળ હરીફ ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ પહેલાં કોઈપણ સમયે તેના મૃત્યુનો રિપોર્ટ મળે; અથવા

(ગ) હરીફ ઉમેદવાર તરીકે મૃત્યુ પામે અને તેના મૃત્યુનો રીપોર્ટ, મતદાન શરૂ થાય તે પહેલાં મળે તો,

રાજ્ય ચૂંટણી પંચ, ઉમેદવારના મૃત્યુની હકીકત સંબંધી ખાતરી થયે, હુકમ કરીને, તે વોર્ડમાં મતદાન રદ કરશે અને ચૂંટણી સંબંધી તમામ કાર્યવાહી તે નવી ચૂંટણી હોય તેમ તમામ બાબતમાં, નવેસરથી શરૂ કરવામાં આવશે:

પરંતુ મૃત્યુ પામેલ ઉમેદવારોના ઉમેદવારીપત્ર સહિત તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કર્યા પછી હોય તે સિવાય, ખંડ (ક) માં ઉલ્લેખેલ બાબતમાં, મતદાન રદ કરવા માટેનો કોઈ હુકમ કરી શકાશે નહિ:

વધુમાં મતદાન રદ થવાના સમયે, હરીફ ઉમેદવાર હોય તેવી વ્યકિતની બાબતમાં કોઈ વધુ ઉમેદવારીપત્ર ભરવાનું જરૂરી રહેશે નહિ.

વળી, મતદાન રદ થતાં પહેલાં, નિયમ ૧૧ હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ જેણે આપી હોય તે વ્યકિત, આવી રીતે મતદાન રદ થયા પછી, ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે દરખાસ્ત કરવા માટે ગેરલાયક ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ:—આ નિયમના હેતુ માટે, "માન્ય રાજકીય પક્ષ" એટલે, ગુજરાત રાજ્ય માટે ચૂંટણી પ્રતિક (અનામત રાખવા અને ફાળવવા) બાબત હુકમ, ૧૯૬૮ હેઠળ ચૂંટણી પંચે માન્ય કરેલ રાજકીય પક્ષ.

ભાગ--૪

મતોની ચકાસણી અને મતગણતરી અને પરિણામ જાહેર કરવા બાબત.

૫૩. મતોની ગણતરી કરવા માટે તારીખ, સમય અને સ્થળ નક્કી કરવા બાબત.—(૧) ચૂંટણી અધિકારી, મતદાનની તારીખ પહેલાં અથવા તેના માટે નક્કી કરેલ તારીખોની પહેલી તારીખ પહેલાં ઓછામાં ઓછા એક અઠવાડીયા અગાઉ મતોની ગણતરી જ્યાં કરવાની હોય તે સ્થળ અથવા સ્થળો અને મતગણતરી શરૂ કરવામાં આવશે તે તારીખ અને સમય નક્કી કરશે અને દરેક ઉમેદવારને અને તેના ચૂંટણી એજન્ટને તેની લેખિતમાં નોટિસ આપશે:

પરંતુ કોઈપણ કારણસર, ચૂંટણી અધિકારીને, તેમ કરવાનું જરૂરી જણાય તો, દરેક ઉમેદવારને તેની લેખિતમાં નોટિસ આપ્યા પછી, એવી રીતે નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ અથવા સ્થળોમાં અથવા તેઓ પૈકી કોઈ બાબતમાં ફેરફાર કરી શકશે.

૫૪. મત ગણતરી કરનાર એજન્ટો:—(૧) ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ, ચૂંટણી પંચ, વખતોવખત આ અર્થે કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશને આધીન રહીને, મતપત્રોની ગણતરી કરવાના સમયે પોતાના વતી હાજર રહેવા માટે મતગણતરી એજન્ટો નીમી શકશે.

(૨) ઉપરના પેટા-નિયમ હેઠળ ઉમેદવાર નીમી શકાય તેટલા મત ગણતરી એજન્ટોની સંખ્યા, મતગણતરીના સ્થળે ચૂંટણી અધિકારીએ જોગવાઈ કરેલ મત ગણતરી માટેના ટેબલોની સંખ્યા કરતાં વધુ હોવી જોઈએ નહિ.

(૩) દરેક ગણતરી એજન્ટની નિમણૂક, નમૂના ૧૯ મુજબ બે નકલમાં કરવી જોઈશે. જેમાંની એક નકલ ચૂંટણી અધિકારીને મોકલવી જોઈશે જ્યારે બીજી નકલ, નિયમ ૫૩ હેઠળ ગણતરી કરવા માટે નક્કી કરેલ સમયના મોડામાં મોડા એક કલાક અગાઉ, ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવા માટે મત ગણતરી એજન્ટને આપવી જોઈશે.

(૪) કોઈપણ ગણતરી એજન્ટે, પેટા-કલમ (૨) હેઠળ તેની નિમણૂકની બીજી નકલ, યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલ એકરારમાં સહી કરીને, ચૂંટણી અધિકારીને આપી હોય અને મતગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં પ્રવેશવા માટે ચૂંટણી અધિકારી પાસેથી અધિકારપત્ર મેળવ્યો હોય તે સિવાય તેને મતગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં દાખલ કરવામાં આવશે નહિ.

(૫) પેટા-કલમ (૧) હેઠળ મતગણતરી કરનાર એજન્ટની નિમણૂક નમૂના ૨૦ મુજબ રદ કરી શકશે અને ચૂંટણી અધિકારી પાસે તે મુકવી જોઈશે.

(૬) મત ગણતરીના આરંભ પહેલાં, એવી રીતે નિમણૂક રદ કરવાના પ્રસંગે, ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટ, પેટા-નિયમ (૨) અનુસાર નવી નિમણૂક કરી શકશે.

૫૫. મત ગણતરી સુપરવાઈઝરો અને મત ગણતરી મદદનીશોની નિમણૂક કરવા બાબત.—(૧) આ નિયમોના નિયમ ૭૩ની જોગવાઈઓને આધીન રહીને, ચૂંટણી અધિકારી, શહેર ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરીથી, મત ગણતરીમાં પોતાને મદદ કરવા જરૂરી લાગે તેટલા મત ગણતરી સુપરવાઈઝરો અને મત ગણતરી મદદનીશોની નિમણૂક કરી શકશે.

INDEX

(૨) ઉમેદવારે અથવા તેના વતી ચૂંટણીમાં અથવા ચૂંટણી સંબંધી રોકેલ અથવા અન્યથા તેના માટે કામ કરતી કોઈપણ વ્યકિતને, પેટા-નિયમ (૧) હેઠળ નીમી શકાશે નહિ.

૧૬. મતગણતરી કરવા માટે નક્કી કરેલ સ્થળમાં પ્રવેશ બાબત.—(૧) ચૂંટણી અધિકારી, મતોની ગણતરી કરવા માટે નક્કી કરેલા સ્થળમાંથી નીચેની વ્યકિતઓ સિવાય, તમામ વ્યકિતઓને બહાર કાઢી મૂકશે:—

(ક) મત ગણતરી સુપરવાઈઝરો અને મતગણતરી મદદનીશો;

(ખ) રાજય ચૂંટણી પંચે અધિકૃત કરેલી વ્યકિતઓ;

(ગ) ચૂંટણી સંબંધી ફરજ ઉપરના સરકારી નોકરો; અને

(ઘ) ઉમેદવારો, તેના ચૂંટણી એજન્ટો અને મતગણતરી માટેના ટેબલ દીઠ એક કરતાં વધુ ન હોય તેટલા મતગણતરી એજન્ટ.

(૨) ચૂંટણી અધિકારી, અમુક કોઈ મત ગણતરીના ટેબલ ઉપર અથવા મતગણતરીના ટેબલોના સમુહ આગળ મતગણતરી ઉપર કયા મતગણતરી એજન્ટ અથવા એજન્ટો દેખરેખ રાખશે તે નક્કી કરશે.

(૩) મત ગણતરી દરમિયાન, પોતે દુવર્તન કરનાર અથવા ચૂંટણી અધિકારીના કાયદેસરના આદેશોનું પાલન ન કરનાર કોઈપણ વ્યકિતને, ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી અધિકારી આ અર્થે અધિકૃત કરે તેવી કોઈપણ વ્યકિત અથવા પોલીસ અધિકારી જયાં મતોની ગણતરી થઈ રહી હોય ત્યાંથી કાઢી મૂકી શકશે.

૧૭. મતદાનની ગુપ્તતા જાળવવા બાબત.—(૧) ચૂંટણીમાં મત નોંધવા અથવા મત ગણતરી સાથે સંકળાયેલ દરેક અધિકારી, કારકૂન, એજન્ટ અથવા બીજી કોઈ વ્યકિતએ મતદાનની ગુપ્તતા જાળવશે અને જાળવવામાં મદદ કરશે અને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત હોય તેવા હેતુ સિવાય) આવી ગુપ્તતાનો ભંગ થાય તેવા પ્રકારની કોઈપણ માહિતી કોઈપણ વ્યકિતને આપવી જોઈશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત ઉપરના પેટા-નિયમ (૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને, તેનો ગુનો સાબિત થયેથી, કાયદાની જોગવાઈ અનુસાર શિક્ષા કરવામાં આવશે;

૧૮. મત પેટીઓની ચકાસણી અને ખોલવા બાબત:—(૧) ચૂંટણી અધિકારી, એક કરતા વધુ મતદાન મથકોએ વાપરેલ મત પેટી અથવા મતપેટીઓ ખોલાવી શકશે અને સાથોસાથ આવી પેટીઓમાં જણાયેલા મતપત્રોની ગણતરી કરાવી શકશે.

(૨) મત ગણતરી કરવાના ટેબલ ઉપર કોઈ મત પેટી ખોલતા પહેલાં, તે ટેબલ પાસે હાજર મત ગણતરી એજન્ટોને, પેપર સીલ અથવા તેના ઉપર લગાડેલા બીજા સીલ અકબંધ છે તેની પોતે ખાતરી કરવા માટે તેમને તપાસવાની છૂટ આપશે.

(૩) ચૂંટણી અધિકારીએ, પોતે ખાતરી કરવી જોઈશે કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા નથી.

(૪) ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા છે તો, તેણે તે પેટીમાંના મતપત્રોની તેણે ગણતરી કરવી નહિ અને નિયમ ૧૧માં જણાવેલી કાર્યરીતિ અનુસરવી.

૧૯. મતોની ગણતરી અને ચકાસણી:—(૧) દરેક મતદાન મથકને લગની મતપેટી અથવા મત પેટીઓ અથવા યથાપ્રસંગ મતપત્રોવાળા કવરો એક પછી એક ખોલવામાં આવશે અને તેમાંના મતપત્રો બહાર કાઢવામાં આવશે અને ગણવામ આવશે અને તેની સંખ્યા પત્રકમાં નોંધવામાં આવશે.

(૨) ચૂંટણી અધિકારીએ, સુપરત કરેલા મતપત્રોના, નિશાની કરેલ મતદારયાદીના અથવા મતપત્રોની સ્થળપ્રતના પેકેટો ખોલવા નહિ. ચૂંટણી અધિકારીએ, નિયમ ૪૫ હેઠળ પ્રમુખ અધિકારીએ, નમૂના ૧૭ અને નમૂના ૧૮ મુજબ રજૂ કરેલ પત્રકની, ગણતરી કરેલ મતપત્રોની, બગડેલા અને પરત થયેલા મતપત્રોની અને નિયમ ૪૨ હેઠળ તજવીજ કરેલ મતપત્રોની બિન વપરાયેલ મતપત્રો, જે પોતાના કબજામાં હોય તે અને સુપરત કરેલા મતોની યાદીની સંખ્યા સાથે સરખામણી કરવી. ત્યાર પછી પોતે ખોલ્યા હોય તે દરેક કવર તેણે ફરી બંધ કરવા અને સીલ લગાડવા અને દરેક પેકેટ ઉપર તેની વિગતોનું વર્ણન અને જે ચૂંટણીને લગતું હોય તે ચૂંટણીની તારીખ નોંધવી.

(૩) ચૂંટણી અધિકારીએ, તે પછી, બહાર કાઢેલા તમામ મતપત્રો ભેગા કરી દેવા અને સરળ પડે તેવા બંડલમાં, મત ગણતરી સુપરવાઈઝરોને અને ગણતરી કરવા માટે મતગણતરી મદદનીશોમાં વહેંચવા :

પરંતુ સુપરત કરેલા મતપત્રોવાળું કોઈ કવર ખોલવું નહિ અને એવા કોઈપણ મતો ગણવા નહિ.

(૪) એવી રીતે મતપત્રોની વહેંચણી કર્યા પછી, તેની ચકાસણી કરવી અને ગણતરી કરવી. ઉમેદવારો અથવા તેના મત ગણતરી એજન્ટોને ખરેખર તેને અડકયા સિવાય મતપત્રો, તપાસવાની વાજબી તક આપી શકાશે.

INDEX

૬૦. મતપત્રો નામંજૂર કરવા બાબત.—(૧) ચૂંટણી અધિકારી, નીચે પ્રમાણે હોય તો, મતપત્ર નામંજૂર કરશે:—

(ક) તેના ઉપરની એવી કોઈ નિશાની અથવા લખાણ હોય કે જેથી મતદાર ઓળખી શકાય;

(ખ) અનિશ્ચિતતાને કારણે તે રદબાતલ હોય;

(ગ) તેની ઉપર કોઈપણ મત નોંધવામાં આવ્યો ન હોય ;

(ઘ) તેની ઉપર નોંધેલા મતોની સંખ્યા, ભરવાની બેઠકોની સંખ્યા કરતાં વધારે હોય ;

(ચ) આપેલી જગા સિવાય, બીજે નિશાની કરી હોય;

(છ) તે હેતુ માટે પૂરા પાડેલ સાધન સિવાય નિશાની કરી હોય;

(જ) તેની ઉપર મત જણાવતી નિશાની એવી રીતે કરી હોય કે જેથી કયા ઉમેદવારને મત આપવામાં આવ્યા છે તે નક્કી કરવાનું શંકાસ્પદ બને.

(ઝ) તે બનાવટી મતપત્ર હોય;

(ટ) તેને એવી રીતે નુકશાન કર્યું હોય અથવા ચહેરાઈ નાખ્યું હોય કે તેની ખરા મતપત્ર તરીકે ઓળખ સાબિત કરી શકાય તેમ ન હોય;

(ઠ) અમુક મતદાન મથકે વાપરવા માટે અધિકૃત કરેલ મતપત્રોના અનુક્રમ નંબર અથવા ડીઝાઈનથી, યથાપ્રસંગ જુદા અનુક્રમ નંબર અથવા ડીઝાઈન હોય, અથવા;

(ડ) નિયમ ૩૦ ની જોગવાઈઓ હેઠળ હોવી જોઈએ તેવી નિશાની અને સહી એમ બન્ને ન હોય :

પરંતુ ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે (ઠ) અને (ડ)માં જણાવ્યા પ્રમાણેની કોઈ ખામી, પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારીના પક્ષે કોઈ ભૂલ અથવા ચૂકને કારણે થઈ છે તો, આવી ખામીના કારણે જ મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ :

વધુમાં જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવામાં આવી હોય તેની ઉપરથી એવો સ્પષ્ટ ઈરાદો જણાઈ આવે કે અમુક ઉમેદવારને મત આપ્યો હશે તો, મત આપ્યાનું જણાવતી નિશાની અસ્પષ્ટ છે અથવા એક કરતાં વધુ વાર નિશાની કરી છે તેવા કારણ માત્રથી મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કોઈપણ મતપત્ર નામંજૂર કરતાં પહેલાં, ચૂંટણી અધિકારીએ હાજર રહેલા દરેક મત ગણતરી એજન્ટને મતપત્ર તપાસવાની વાજબી તક આપવી જોઈશે, પણ તેને કોઈપણ મતપત્રને અડકવાની છૂટ આપી જોઈશે નહિ.

(૩) ચૂંટણી અધિકારી, પોતે જે મતપત્રો નામંજૂર કર્યા હોય તે દરેક મતપત્ર ઉપર, "નામંજૂર" જેવા શબ્દો અને નામંજૂર કરવાના કારણો, સંક્ષિપ્તમાં હાથે અથવા રબર સ્ટેમ્પ દ્વારા જણાવવા જોઈશે અને તેવા શેરા ઉપર સહી કરવી જોઈશે.

(૪) આ નિયમ હેઠળ નામંજૂર કરેલ તમામ મતપત્રોનું એક બંડલ બાંધવું જોઈશે.

(૫) મતપત્ર નામંજૂર કરવા સંબંધી અથવા અન્યથા, ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૬) આ નિયમ હેઠળ નામંજૂર કર્યું ન હોય તેવું દરેક મતપત્ર, માન્ય મત તરીકે ગણાશે.

૬૧. મત ગણતરી સતત ચાલુ રાખવા બાબત:—ચૂંટણી અધિકારીએ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, મતગણતરી સતત ચાલુ રાખવી જોઈશે અને કોઈ ગાળા દરમિયાન મતગણતરી મોકૂફ રાખી હોય ત્યારે, મતપત્રોના પેકેટો અને ચૂંટણીને લગતા બીજા તમામ કાગળો તેના પોતાના સીલથી અને આવા ઉમેદવાર અથવા ચૂંટણી એજન્ટ પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તો તેમના સીલથી, સીલ કરીને રાખવા જોઈશે અને આવા ગાળા દરમિયાન, તેને સુરક્ષિત કસ્ટડીમાં રાખવા માટે પૂરતી સાવચેતી રાખવી જોઈશે.

૬૨. પરિણામ-પત્રક તૈયાર કરવા બાબત:—મત ગણતરી પૂરી થયા પછી, ચૂંટણી અધિકારીએ, નીચેની વિગતોવાળું પરિણામ-પત્રક નમૂના ૨૧ મુજબ તૈયાર કરવું જોઈશે :—

(ક) જેમને માન્ય મતો આપવામાં આવ્યા હોય તે ઉમેદવારોના નામો;
(ખ) દરેક ઉમેદવારને આપેલા માન્ય મતોની સંખ્યા;
(ગ) અમાન્ય જાહેર કરેલા મતોની સંખ્યા; અને
(ઘ) આપેલા ગુપ્તરત કરેલા મતોની સંખ્યા.

INDEX

૬૩. પરિણામો જાહેર કરવા અને મતોની ફેરગણતરી કરવા બાબત:—(૧) નિયમ ૬૨ મુજબ પરિણામ-પત્રક તૈયાર કર્યા પછી, ચૂંટણી અધિકારીએ, દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા જાહેર કરવી જોઈશે;

(૨) આવી જાહેરાત કરવામાં આવ્યા પછી, ઉમેદવાર અથવા તેના મત ગણતરી એજન્ટ, તે કયા કારણસર આવી ફેર મતગણતરી કરવા માંગે છે તે કારણ સંપૂર્ણ અથવા આંશત : જણાવીને મતપત્રોની ફેરગણતરી કરવા માટે ચૂંટણી અધિકારીને લેખિત અરજી કરી શકશે.

(૩) આવી અરજી કરવામાં આવ્યે, ચૂંટણી અધિકારી, તે બાબતનો નિર્ણય કરશે અને તે આખી અરજી અથવા તેનો અમુક ભાગ મંજૂર કરી શકશે અથવા જો તેને તુચ્છ અથવા ગેરવાજબી જણાય તો, આખી અરજી નામંજૂર કરી શકશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળ ચૂંટણી અધિકારીનો દરેક નિર્ણય, લેખિતમાં હોવો જોઈશે અને તે માટેના કારણો તેમાં હોવા જોઈશે.

(૫) જો ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૩) હેઠળ, પૂરેપૂરી અરજી અથવા તેનો અમુક ભાગ સ્વીકારવા નિર્ણય કરે તો, તેણે નિયમ બંધ અનુસાર ફરીથી મતગણતરી કરવી જોઈશે અને આવી રીતે મતોની ફેર ગણતરી કર્યા પછી, આવશ્યક હોય તેટલે સુધી, પરિણામ-પત્રક સુધારવું જોઈશે અને તેણે એવી રીતે કરેલ સુધારો જાહેર કરવો જોઈશે.

(૬) દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા, પેટા-નિયમ (૧) હેઠળ અથવા પેટા-નિયમ (૩) હેઠળ ફેરગણતરીનો હુકમ કરવામાં આવ્યાની બાબતમાં, પેટા-નિયમ (૫) હેઠળ જાહેર કરવામાં આવ્યા પછી, ચૂંટણી અધિકારીએ પરિણામપત્રક પૂરું કરીને સહી કરવી જોઈશે અને ત્યાર પછી ફેર ગણતરી માટેની કોઈ અરજી સ્વીકારવી જોઈશે નહિ :

પરંતુ ચૂંટણી પૂરી થયે, હાજર ઉમેદવારો અને ચૂંટણી એજન્ટોને, પેટા-નિયમ (૨)થી મળેલ તેમનો હક વાપરવા માટે વાજબી તક આપવામાં ન આવે ત્યાં સુધી, મતગણતરી પૂરી થયે આ પેટા-નિયમ હેઠળ કોઈ પગલાં લઈ શકશે નહિ.

૬૪. પરિણામ જાહેર કરવા બાબત:—(૧) મતોની ગણતરી પૂરી કરવામાં આવી હોય ત્યારે, ચૂંટણી અધિકારીએ નીચેની રીતે ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની કાર્યવાહી કરવી જોઈશે :—

(૨) પ્રથમ, તેણે સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકનું પરિણામ, તે બેઠક માટે ચૂંટાવા માટે લાયક સ્ત્રીઓમાંથી સૌથી વધુ માન્ય મતો મળ્યા હોય તે સ્ત્રીને તે બેઠક ઉપર ચૂંટાયેલી જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૩) ત્યારપછી, તેણે અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા પછાત વર્ગના માટે જો કોઈ બેઠક અનામત રાખી હોય તો, તેનું પરિણામ, જે વ્યક્તિને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરી હોય તે વ્યક્તિ સિવાયની વ્યક્તિને કે જેને તે અનામત જગા ઉપર ચૂંટાવા માટે લાયક વ્યક્તિઓમાંથી સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને તે ક્રમમાં ચૂંટાયેલો જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૪) ત્યારબાદ તેણે યથાપ્રસંગ, બિન-અનામત બેઠક અથવા બેઠકોનું પરિણામ જે વ્યક્તિઓને અગાઉ અનામત રાખેલી બેઠકો ઉપર ચૂંટાયેલી જાહેર કરવામાં આવી હોય તે વ્યક્તિઓ સિવાયની આવી બેઠકોની સંખ્યા કરતાં વધુ ન હોય તે વ્યક્તિઓ કે જેને સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને અથવા આવી એક કરતાં વધુ બેઠકો હોય ત્યારે તે વ્યક્તિઓને ચૂંટાયેલ જાહેર કરવાનો નિર્ણય કરવો જોઈશે

૬૫. મતો સરખા પડયા બાબત:—કોઈપણ ઉમેદવારો વચ્ચે મતો સરખા પડયા હોવાનું જણાય અને તે પૈકી કોઈ ઉમેદવારને એક મત ઉમેરવાથી ચૂંટાયેલ જાહેર થવાને હકદાર બને ત્યારે, જેને આવો વધારાનો મત આપવામાં આવ્યો હોવાનું ગણાશે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓનો નિર્ણય, ચૂંટણી અધિકારીની હાજરીમાં પોતે નક્કી કરે તેવી રીતે ચીઠ્ઠી નાખીને કરવો જોઈશે.

૬૬. એક કરતાં વધુ વોર્ડોમાંથી ચૂંટાવા બાબત:- (૧) કોઈ વ્યક્તિ, એક કરતાં વધુ વોર્ડમાંથી કાઉન્સિલર તરીકે ચૂંટાય અથવા ચૂંટાયો હોવાનું ગણાય તો, તેણે શહેર ચૂંટણી અધિકારી તરફથી તેને લેખિત નોટિસ મળ્યા પછી ચોવીસ કલાકની અંદર, પોતે કયા વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા ઈચ્છે છે તેની પોતે સહી કરીને લેખિત પસંદગી કરવી જોઈશે અને શહેર ચૂંટણી અધિકારીને તે આપવું જોઈશે. નિયત સમયની અંદર આવી કોઈ પસંદગી કરવામાં આવી ન હોય તો, શહેર ચૂંટણી અધિકારી, જે વોર્ડમાં તેને સૌથી વધુ મતો મળ્યા હોય તે વોર્ડનું પ્રતિનિધિત્વ કરશે તેવું જાહેર કરશે અને એવી રીતે કરેલી પસંદગી અથવા જાહેરાત નિર્ણાયક ગણાશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી પસંદગી અથવા જાહેરાત, શહેર ચૂંટણી અધિકારીએ, સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જણાવવી. તેમ થયે, જે વોર્ડનું આવી વ્યક્તિ પ્રતિનિધિત્વ કરવા માંગતી ન હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીઓએ તરત જ નિયમ-૬૪ હેઠળ તેણે કરેલ પરિણામની જાહેરાત નીચેની રીતે સુધારવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) જે વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા માંગતો ન હોય તેવા કોઈ વોર્ડમાં ઉપર જણાવેલ ઉમેદવારો માટે નોંધાયેલ મતો, આપવામાં આવ્યા ન હોવાનું ગણાશે અને જે કોઈ ઉમેદવાર સદરહુ મતોને કારણે આવા વોર્ડ માટે ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવત તે કોઈપણ ઉમેદવાર તેના માટે ચૂંટાયેલ હોવાનું ગણાશે :

પરંતુ વોર્ડમાં બીજી બેઠક માટે નિયમ ૬૪ હેઠળ અગાઉ ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યો હોય તે ઉમેદવારોનું પરિણામ ફેરવી શકાશે નહિ.

INDEX

૬૭. મત ગણતરી સમયે મત પત્રોનો નાશ થવા અથવા ગુમ થવા બાબત:–(૧) મતોની ગણતરી પુરી થયા પહેલાં કોઈપણ સમયે, મતદાન મથકે વાપરેલ કોઈપણ મતપત્રો, ચૂંટણી અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જવામાં આવે અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરવામાં આવે અથવા ગુમ થાય અથવા નુકસાન થાય અથવા તે મતદાન મથકના મતોનું પરિણામ નક્કી કરી ન શકાય તેટલા પ્રમાણમાં તેની સાથે ચેડાં કરવામાં આવે તો, ચૂંટણી અધિકારીએ તે બાબતનો રિપોર્ટ રાજ્ય ચૂંટણી પંચને તરત જ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજ્ય ચૂંટણી પંચ, તમામ મહત્ત્વના સંજોગોને ધ્યાનમાં લીધા પછી,–

(ક) એવો આદેશ કરશે કે મતોની ગણતરી બંધ કરવી, સંબંધિત મતદાન મથકોએ નવેસરથી મતદાન જાહેર કરવું, નવેસરથી મતદાન લેવા માટે દિવસ નક્કી કરવો અને સમય ગોઠવવો અને એવી રીતે નક્કી કરેલ તારીખ અને એવી રીતે ગોઠવેલ સમય પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરવો; અથવા

(ખ) જો તેને ખાતરી થાય કે તે મતદાન મથકે અથવા સ્થળે નવેસરથી મતદાનના પરિણામથી, ચૂંટણીના પરિણામને કોઈ રીતે અસર થશે નહિ તો, મત ગણતરી શરૂ કરવા અને પૂરી કરવા માટે અને જેના સંબંધમાં મતગણતરી કરવામાં આવી હોય તે ચૂંટણી ફરી કરવા અને પૂરી કરવા માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો ચૂંટણી અધિકારીને આપવો.

(૩) આ નિયમોની જોગવાઈઓ જાણે કે અસલ મતદાનને લાગુ પડતી હોય તે રીતે આવા દરેક નવેસરથી મતદાનને લાગુ પડશે.

૬૮. ચૂંટાયેલા ઉમેદવારને પ્રમાણપત્ર આપવા બાબત:–નિયમ ૧૩ હેઠળ ઉમેદવારને ચૂંટાયેલ જાહેર કર્યો હોવાનું ગણાય અથવા નિયમ ૬૪ થી ૬૬ હેઠળ ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવે તે પછી, જેમ બને તેમ જલદી, ચૂંટણી અધિકારીએ આવા ઉમેદવારને, નમૂના ૨૨ મુજબ ચૂંટણીનું પ્રમાણપત્ર આપવું જોઈશે, ઉમેદવાર પાસેથી તેણે યોગ્ય રીતે સહી કરેલ તે મળ્યાની પહોંચ મેળવવી જોઈશે અને તરત જ રાજ્ય ચૂંટણી પંચને મોકલી આપવી જોઈશે.

૬૯. પરિણામની પ્રસિધ્ધિ:–કાઉન્સિલરો તરીકે ચૂંટાયેલી વ્યકિતઓના નામો, ચૂંટણી અધિકારીએ, રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે.

૭૦. મતપત્રો અને ચૂંટણીને લગતા બીજા કાગળોની કસ્ટડી.–ચૂંટણી અધિકારી, પરિણામ જાહેર કર્યા પછી, વાપરેલ મતપત્રો અને ચૂંટણીને લગતા બીજા કાગળો, સલામત કસ્ટડીમાં જુદા પેકેટમાં રાખવા જોઈશે અને તે ચૂંટણી અધિકારીના અને તેના ઉપર પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ અથવા ચૂંટણી એજન્ટો અથવા મતગણતરી એજન્ટોના સીલથી સીલ કરવા જોઈશે.

૭૧. ચૂંટણી અંગેના કાગળોની રજુઆત અને નિરીક્ષણ :–ચૂંટણી અધિકારીના હવાલામાં હોય તે દરમિયાન, ગણાયેલા, રદ કરાયેલા અથવા બીજીવાર અપાયેલા મતપત્રો અને તેમની સ્થળપ્રતો અને મતદાર યાદીની નિશાનીઓ કરેલી નકલના પેકેટો સક્ષમ કોર્ટના હુકમ હોય તે સિવાય, ખોલવાં નહિ અને તેમાંની ચીજોનું નિરીક્ષણ કરવું નહિ અથવા તે રજુ કરવા નહિ, પણ ચૂંટણીને લગતા બીજા સઘળા દસ્તાવેજો રાજ્ય ચૂંટણી પંચ ઠરાવે તેવી શરતોને અધીન અને તેવી ફી આપવામાં આવ્યેથી લોકોને જોવા માટે ખુલ્લા રહેશે અને કોઈ પણ વ્યકિત, એવી શરતોનું પાલન કરે અને એવી ફી આપે એટલે, તેની અથવા તેના કોઈપણ ભાગની નકલો અથવા નકલો મેળવવા તે હકદાર રહેશે.

૭૨. ચૂંટણી અંગેના કાગળનો નિકાલ કરવા બાબત :–નિયમ ૭૦માં ઉલ્લેખ કરેલાં પેકેટો અને ચૂંટણીને લગતા બીજા સઘળા દસ્તાવેજો, સક્ષમ સત્તામંડળ સમક્ષ ચૂંટણી અરજી નિકાલ બાકી હોય તે સિવાય, એક વર્ષની મુદત માટે રાખી મૂકવાં અને ત્યાર પછી રાજ્ય ચૂંટણી પંચ જે કોઈ આદેશો આપે તે રીતે અને સક્ષમ કોર્ટે આપેલ કોઈપણ આદેશને અધીન રહીને, તેનો નાશ કરવો.

ભાગ–૫

સામાન્ય જોગવાઈ

૭૩. ચૂંટણી પ્રક્રિયા સાથે કોર્પોરેશનના કર્મચારીઓને જોડવા નહિ :–કોર્પોરેશનના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને, ચૂંટણી અધિકારી અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી, મત ગણતરી સુપરવાઈઝર અથવા મત ગણતરી મદદનીશ, તરીકે નીમી શકાશે નહિ અથવા કોર્પોરેશનની ચૂંટણી કરવા સાથે સંકળાયેલ બીજું કોઈપણ કામ સોંપી શકાશે નહિ :

પરંતુ ચૂંટણી અધિકારી, કોર્પોરેશન ચલાવતી હોય તેવી પ્રાથમિક શાળાના શિક્ષકો, તરીકે રોકેલ વ્યકિતઓને પ્રમુખ અથવા મતદાન અધિકારીઓ તરીકે નીમી શકશે.

૭૪. ચૂંટણી દિવસના અગાઉના દિવસે અને ચૂંટણીના દિવસે જાહેર સભાઓ ભરવા ઉપર પ્રતિબંધ : (૧) કોઈપણ વ્યકિત, કોઈ-પણ મતદાન વિસ્તારમાં કોઈપણ ચૂંટણી માટે મતદાન બંધ કરવા માટે નક્કી કરેલ સમયે પૂરા થતા અડતાલીસ કલાકની મુદત દરમિયાન તે મતદાન વિસ્તારમાં કોઈ જાહેર સભા બોલાવી શકશે નહિ, ભરી શકશે નહિ અથવા તેમાં હાજર રહી શકશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત પેટા–કલમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે વ્યકિત કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

INDEX

૭૫. મતદાન મથકે અથવા તેની નજીક પ્રચાર વગેરે કરવાની મનાઈ :—(૧) કોઈપણ વ્યકિત, કોઈપણ મતદાન મથકે જ્યારે મતદાન થતું હોય તે તારીખ અથવા તારીખોએ, મતદાન મથકની અંદર અથવા મતદાન મથકથી ૧૦૦ મીટરની અંદર કોઈપણ જાહેર અથવા ખાનગી સ્થળમાં નીચેના કૃત્યો પૈકી કોઈ કૃત્ય કરી શકશે નહિ.—

(ક) મતો માટે પ્રચાર કરવો;
(ખ) કોઈપણ મતદારને મત આપવાની વિનંતી કરવી;
(ગ) કોઈપણ ખાસ ઉમેદવાર માટે મત ન આપવા કોઈ મતદારને સમજાવવો;
(ઘ) કોઈપણ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવો; અથવા
(ચ) ચૂંટણીને લગતી (સરકારી નોટિસ સિવાય) કોઈપણ નોટિસ અથવા બોર્ડ પ્રદર્શિત કરવું.

(૨) જે કોઈ વ્યકિત ઉપરના પેટા-નિયમ (૧) ની જોગવાઈનું ઉલ્લંઘન કરે તેને દોષિત ઠર્યેથી, કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષા કરવામાં આવશે.

૭૬. મતદારોને વાહનો પૂરા પાડવાની મનાઈ :—(૧) આ નિયમો હેઠળ જોગવાઈ કરેલ કોઈપણ મતદાન મથક સુધી અથવા ત્યાંથી પાછા (ઉમેદવાર પોતે, તેના કુટુંબના સભ્યો અથવા તેના એજન્ટ સિવાય) કોઈપણ મતદારને લાવવા-લઈ જવા માટે ઉમેદવારે અથવા તેના એજન્ટે અથવા ઉમેદવાર અથવા તેના એજન્ટ સાથે બીજી કોઈ વ્યકિતએ કોઈ વાહન અથવા જલયાન કોઈપણ રકમ ચૂકવીને અન્યથા ભાડે રાખવાની અથવા પ્રાપ્ત કરવાની આથી મનાઈ કરી છે.

(૨) ઉપરના પેટા-નિયમ (૧) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિતને, દોષિત ઠર્યે, કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષા કરવામાં આવશે.

૭૭. મત આપવા ચૂંટણી અધિકારીઓએ વગ નહિ વાપરવા બાબત :— પ્રમુખ અધિકારીએ, મતદાન અધિકારીએ અથવા ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારીએ ચૂંટણી સંબંધી કોઈપણ ફરજ બજાવવા માટે નીમેલી કોઈપણ વ્યકિતએ ચૂંટણી કરવામાં અથવા તેની વ્યવસ્થા કરવામાં, ઉમેદવારની ચૂંટણીની તકો વધારવા અથવા ઘટાડવા માટે અથવા ચૂંટણીમાં કોઈપણ વ્યકિતને કોઈપણ રીતે મત આપવા વગ વાપરવા માટે (મત આપવા સિવાય) કોઈ કૃત્ય કરવું નહિ.

૭૮. સરકારી ફરજના ભંગ બદલ શિક્ષા :—કોઈપણ વ્યકિતએ વ્યાજબી કારણ સિવાય, સરકારી ફરજના ભંગ માટે ગુનો કર્યો હોય તો તેને, દોષિત ઠર્યે કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષા કરવામાં આવશે.

૭૯. મતદાન મથકમાંથી મતપત્રો લઈજવા તે ગુનો બને છે :— (૧) જે કોઈ વ્યકિત કોઈપણ ચૂંટણી વખતે મતદાન મથકની બહાર કપટ પૂર્વક મતપત્રો લઈ જાય અથવા લઈ જવાનો પ્રયત્ન કરે અથવા આવું કૃત્ય કરવા જાણી બૂઝીને સહાય કરે અથવા મદદગારી કરે તેને કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષા કરવામાં આવશે.

(૨) મતદાન મથકના પ્રમુખ અધિકારીને એવું માનવાને કારણ હોય કે કોઈ વ્યકિતએ પેટા-નિયમ (૧) હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરી રહયો છે અથવા કર્યો છે તો, આવા અધિકારી, કાયદાની જોગવાઈઓ અનુસાર જરૂરી પગલાં લઈ શકશે.

૮૦. ચૂંટણીના હેતુઓ સારૂ જગાઓ, વાહનો વગેરેનું હંગામી સંપાદન :—(૧) શહેર ચૂંટણી અધિકારીને એમ જણાય કે આ નિયમો હેઠળની ચૂંટણીના સંબંધમાં,—

(ક) મતદાન મથક તરીકે ઉપયોગ કરવા સારૂ અથવા મત લેવાઈ ગયા પછી, મતપેટીઓ રાખવા સારૂ કોઈ જગાની જરૂર છે અથવા જરૂર પડવા સંભવ છે, અથવા

(ખ) કોઈ વાહન, જલયાન અથવા પશુનો કોઈ મતદાન મથકે અથવા મતદાન મથકથી મતપેટીઓ લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણી ચાલતી હોય તે દરમિયાન વ્યવસ્થા જાળવવા માટે પોલીસ દળની વ્યકિતઓને લાવવા લઈ જવાના અથવા એવી ચૂંટણીના સંબંધમાં કોઈપણ ફરજ બજાવવા માટે કોઈ અધિકારી અથવા બીજી વ્યકિતને લાવવા લઈ જવાના હેતુઓ સારૂ જરૂર છે અથવા જરૂર પડવાનો સંભવ છે,

તો લેખિત હુકમ કરીને, એવી જગાનું અથવા યથાપ્રસંગ, એવાં વાહન, જલયાન અથવા પશુનું હંગામી સંપાદન કરી શકશે અને હંગામી સંપાદન કરવાના સંબંધમાં તેને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવા વધુ હુકમો કરી શકશે,

પરંતુ જે કોઈ વાહન, જલયાન અથવા પશુનો ઉપયોગ, કોઈ ઉમેદવાર કાયદેસર રીતે કરતો હોય તેનું હંગામી સંપાદન તેવી ચૂંટણી વખતે મતદાન પુરૂં ન થાય ત્યાં સુધી, આ પેટા-નિયમ હેઠળ કરી શકાશે નહિ.

(૨) આવું હંગામી સંપાદન, શહેર ચૂંટણી અધિકારી જેમને મિલકતના માલિક અથવા કબજેદાર ગણતા હોય તેવી વ્યકિતઓનાં નામનો લેખિત હુકમથી કરવામાં આવશે અને એવો હુકમ જેના નામનો કાઢવામાં આવ્યો હોય તે વ્યકિત ઉપર ઠરાવેલી રીતે બજાવવામાં આવશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ કોઈ મિલકતનું હંગામી સંપાદન કરવામાં આવે, ત્યારે તેવા હંગામી સંપાદનની મુદત, આ પેટા નિયમમાં જણાવેલા કોઈ હેતુ સારૂ, જે મુદત માટે આવી મિલકતની જરૂર હોય તે મુદત કરતાં વધારે હોવી જોઈએ નહિ.

INDEX

સ્પષ્ટીકરણ :—આ નિયમના હેતુ માટે,—

(ક) "જગા" એટલે કોઈપણ જમીન, મકાન અથવા મકાનનો ભાગ અને તેમાં ઝુંપડી, છાપરાં અથવા બીજા બાંધકામનો અથવા તેના કોઈપણ ભાગનો સમાવેશ થાય છે;

(ખ) "વાહન" એટલે યાંત્રિક શકિતથી ચાલતું હોય અથવા બીજી રીતે ચાલતું હોય તેવું માર્ગ વાહન વ્યવહારના હેતુ સારું વપરાતું અથવા વાપરી શકાય એવું કોઈ વાહન.

૮૧. મતદાર યાદીઓમાં મુદ્રણ અને કારકુની ભૂલો બાબત :—મતદાર યાદીમાંની નોંધ અમુક વ્યકિતને લગતી છે કે કેમ, તેવો પ્રશ્ન આ નિયમો હેઠળ ચૂંટણી અધિકારીના અથવા પ્રમુખ અધિકારીના નિર્ણય માટે ઉભો થાય તો, યથાપ્રસંગ ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારી, લેખિતમાં કારણોની નોંધ કરીને, એવો નિર્ણય કરી શકશે કે તેમાં કોઈ કારકુની અથવા મુદ્રણની ભૂલ હોય તે છત સદરહુ વ્યકિતને લગતી નોંધ છે અથવા નથી.

૮૨. મુશ્કેલી દૂર કરવા બાબત :—અધિનિયમ હેઠળ કોઈ ચૂંટણી કરવા માટે કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો, ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ આપે તેવા કોઈપણ આદેશોને આધીન રહીને, ચૂંટણી યોગ્ય રીતે કરવા માટે પોતે જરૂરી જણાય તેવી અધિનિયમ અથવા નિયમો સાથે અસંગત ન હોય તેવું કોઈ કૃત્ય કરી શકશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ટી. એસ. રંધાવા,
ગુજરાત સરકારના સંયુકત સચિવ.

નમૂનો—૧

[જુઓ નિયમ ૫]

ચૂંટણીની જાહેર નોટિસ

———————————— મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

આથી નોટિસ આપવામાં આવે છે કે—

*(૧) — — — — — — — — :— મ્યુનિસિપલ કોર્પોરેશનની ખાલી જગાઓ ભરવા માટે સામાન્ય ચૂંટણી કરવાની છે.

અથવા

*(૧) ....મ્યુનિસિપલ કોર્પોરેશનની નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી કરવાની છે.

અનુક્રમાંક	વોર્ડના નંબર	વોર્ડનું નામ	બેઠકની વિગતો
૧			
૨			
૩			
૪ વગેરે			

(૨) ચૂંટણી માટેની સૂચિ નીચે પ્રમાણે છે.

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ — — /— — /— — — —
(ખ) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ — — /— — /— — — —
(ગ) ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ — — /— — /— — — —
(ઘ) મતદાનની તારીખ — — /— — /— — — —
(ચ) મતદાનનો સમય સવારના———— થી સાંજના———— સુધી.

રાજ્ય ચૂંટણી પંચના હુકમથી,

સ્થળ————————— સચિવ, રાજ્ય ચૂંટણી પંચ.

તારીખ—————————

* લાગુ પડતું ન હોય તે છેકી નાંખવું.

નમૂનો–૨

[જુઓ નિયમ ૬]

ચૂંટણીની જાહેર નોટિસ

.....મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર..... .....વોર્ડનું નામ.....

આથી નોટિસ આપવામાં આવે છે કે :–

(૧) વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....માંથી નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી યોજવાની છે.

કુલ બેઠકો..... છે તે માંથી

*એક બેઠક સ્ત્રી સામાન્ય/અ. જા./સ. આ./ ૫. વર્ગ માટે અનામત રાખી છે.

*એક બેઠક અ. જા./અ. આ./ ૫. વર્ગ માટે અનામત રાખી છે.

*એક બેઠક/બે બેઠકો બિન અનામત છે.

(૨) ઉમેદવારી પત્રો ઉમેદવારે અથવા તેની દરખાસ્ત મૂકનાર અથવા તેને ટેકો આપનાર મારફત નીચેના સરનામે (જાહેર રજાના દિવસ સિવાય કોઈપણ દિવસે પણ તા.....થી મોડું નહિ તે રીતે સવારના ૧૦–૩૦થી બપોરના ૩–૦૦ વાગ્યાની વચ્ચે પહોંચાડી શકાશે.

(૩) ઉમેદવારી પત્રના નમૂના ઉપર જણાવેલ સ્થળેથી અને સમયે મેળવી શકાશે.

(૪) ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ..... ના રોજ .....વાગ્યે મારી કચેરીમાં ચકાસણી કરવામાં આવશે.

(૫) ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ ઉમેદવાર અથવા ઉમેદવાર જેલમાં હોય અથવા પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિત, જાતે, મારી ઓફિસમાં મને તારીખ..... ના રોજ કચેરીના સમય દરમિયાન પણ બપોરના ૩–૦૦ વાગ્યા પહેલાં પહોંચાડી શકશે.

(૬) ચૂંટણી કરવાની થાય તો, મતદાન તારીખ–––... ... ...ના રોજ –... ... ... થી ... ... સુધીનાં સમય વચ્ચે થશે.

સ્થળ ....

તારીખ–––––––

ચૂંટણી અધિકારી,

નમૂનો ૩

[જુઓ નિયમ ૭]

ઉમેદવારી પત્ર

..... મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર .....વોર્ડનું નામ.....

૧. હું ..... મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર..... વોર્ડનું નામ .....માંથી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નીચેની વ્યકિતના નામની દરખાસ્ત કરું છું.

INDEX

નામ .....

પિતાનું /પતિનું નામ .....

જાતિ (સ્ત્રી કે પુરુષ) .....

ટપાલનું સરનામું .....
.....

તેનું નામ, વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....માટેની વોર્ડની મતદાર યાદીમાં અનુક્રમ નંબર.....આગળ નોંધેલ છે.

૨. મારું નામ.....છે અને તે, વોર્ડ નંબર.....
વોર્ડનું નામ .....માટેની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....
આગળ નોંધેલ છે.

તારીખ ..... (દરખાસ્ત મૂકનારની સહી)

૩. હું ઉપર જણાવેલ વ્યક્તિની ઉમેદવાર તરીકેની ઉમેદવારીને ટેકો આપું છું.

૪. મારું નામ.....છે અને વોર્ડ નંબર.....વોર્ડ-
નામ.....ની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....આગળ
નોંધેલ છે.

તારીખ ..... (ટેકો આપનારની સહી)

૫. હું ઉપર જણાવેલ ઉમેદવાર, આ ઉમેદવારીને અનુમતિ આપું છું અને આથી જાહેર કરું છું કે —

(ક) મેં.....વર્ષની ઉંમર પૂરી કરી છે.

@(ખ) હું .....પક્ષ દ્વારા આ ચૂંટણીમાં ઉભો રહયો છું.

(ગ) મેં પસંદ કરેલ પ્રતીક —

(૧).....(૨).....અને(૩).....છે.

(ઘ) મારા નામની અને મારા પિતા/પતિનું નામની ગુજરાતીમાં જોડણી ઉપર જણાવ્યા મુજબ સાચી છે અને મારું નામ મતપત્ર ઉપર આવી રીતે નોંધવાની હું વિનંતિ કરું છું.

(ચ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ, હું..... કોર્પોરેશનમાં ચૂંટાવા માટે લાયક છું અને ગેરલાયક ઠર્યો નથી.

૬. @*હું વધુમાં જાહેર કરું છું કે હું.....જાતિ/આદિજાતિ/વર્ગનો સભ્ય છું જે ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિ/ પછાત વર્ગનો છું. હું આ સાથે.....એ તારીખ..... ના રોજ કાઢી આપેલ જાતિ/આદિજાતિ/વર્ગના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ બીડું છું.

તારીખ ..... (ઉમેદવારની સહી)

@ આ પરિચ્છેદ લાગુ પડતો ન હોય તો તે છેકી નાંખવો.

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાંખવા.

(ચૂંટણી અધિકારીએ ભરવું)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર .....છે.

૨. આ ઉમેદવારી પત્ર* ઉમેદવારે/દરખાસ્ત કરનારે/ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ.....
કલાકે પહોંચાડયો હતો.

INDEX

પહોંચ

(ચૂંટણી અધિકારીએ ભરવું અને ઉમેદવારી પત્ર રજુ કરનાર વ્યકિતને આપવી)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર .....છે.

૨. આ ઉમેદવારી પત્ર* ઉમેદવારે/દરખાસ્ત કરનારે/ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ..... કલાકે પહોંચાડયો હતો.

તારીખ ..... ચૂંટણી અધિકારી

નમૂનો--૪

[જુઓ નિયમ--૧૦]

જેના નામની માન્ય દરખાસ્ત કરવામાં આવી હોય તે ઉમેદવારોની યાદી.

..... મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

અ.નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.				
૨.				
૩.				
૪.				
વગેરે				

સ્થળ .....

તારીખ ..... ચૂંટણી અધિકારી.

નમૂનો—૫

(જુઓ નિયમ—૧૧)

ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ

....મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર.....

વોર્ડનું નામ .....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર.....
વોર્ડનું નામ .....

સાહેબ,

હું..... ઉપરની ચૂંટણીમાં જેના નામથી માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી છે તે ઉમેદવાર, આથી, નોટિસ આપું છું કે, હું મારી ઉમેદવારી પાછી ખેંચી લઉં છું.

તારીખ.....

માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવેલ ઉમેદવારની સહી.

INDEX

(ચૂંટણી અધિકારીએ ભરવું).

આ નોટિસ મને મારી ઓફિસમાં તારીખ :.....ના રોજ.....વાગ્યે.....

(*) (૧) ઉમેદવારે જાતે, અથવા

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઈ જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતિ..... ..... એ

પહોંચાડી હતી.

તારીખ .....

ચૂંટણી અધિકારી.

પહોંચ

(ચૂંટણી એધિકારીએ ભરવું અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ રજૂ કરતી વ્યકિતને આપવી).

વોર્ડ નંબર.....વોર્ડનું નામ... ....ની ચૂંટણીમાં જેના નામની માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી છે તે ઉમેદવાર શ્રી/શ્રીમતી.....ની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ મને મારી ઓફિસમાં તારીખ .....—: ના રોજ.....વાગે.

*(૧) ઉમેદવારે જાતે અથવા

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઈ, જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતિ..... .....એ

પહોંચાડી હતી.

તારીખ :—..... . . . . .

ચૂંટણી અધિકારી.

(*જે શબ્દો લાગુ પડયા ન હોય તે છેકી નાખવા.)

નમૂનો—૬

(જુઓ નિયમ ૧૬)

હરીફ ઉમેદવારની યાદી

..... મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર...વોર્ડનું નામ..... .....

અ. નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ	ફાળવેલ પ્રતિક
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)
૧.					
૨.					
૩.					
૪.					
વગેરે.					

સ્થળ :—.....
તારીખ .....—:

ચૂંટણી અધિકારી.

INDEX

નમૂનો—૭

[જુઓ નિયમ ૧૮ (૩)]

ચૂંટણી એજન્ટની નિમણૂંક

... ... મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી
વોર્ડ નંબર... ... ... વોર્ડનું નામ... ... ...

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર.....
વોર્ડનું નામ.....

સાહેબ,

હું... ... ... ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી શ્રી/શ્રીમતી... ... ... ને ઉપરની ચૂંટણી માટે આજ તારીખથી મારા ચૂંટણી એજન્ટ તરીકે નીમું છું.

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી.

તારીખ.....

હું ઉપરની નિમણૂંકનો સ્વીકાર કરું છું.

તારીખ..... ચૂંટણી એજન્ટની સહી.

તારીખ..... ચૂંટણી અધિકારીની સહી અને સિક્કો.

સ્થળ.....

નમૂનો—૮

[જુઓ નિયમ ૧૮ (૨)]

ચૂંટણી એજન્ટની નિમણૂંક રદ કરવા બાબત.

.....મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી
વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

વોર્ડ નંબર.....

વોર્ડનું નામ.....

સાહેબ,

હું, ... ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી
શ્રી/શ્રીમતી.....ની નિમણૂંક, તાત્કાલિક અમલી
એવી તે રીતે રદ કરું છું.

આપનો વિશ્વાસુ,

તારીખ :- ઉમેદવારની સહી

INDEX

નમૂનો–૯

[જુઓ નિયમ ૨૧ (૩)]

*મતદાન એજન્ટની નિમણૂંક

.....મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

હું .....ઉમેદવાર/ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર.....

નો ચૂંટણી એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી.....(પૂરેપૂરૂ નામ અને સરનામું) ને મથક નંબર .....મતદાન મથકનું નામ.....ઉપર મતદાનના દિવસે હાજર રહેવા માટે મતદાન એજન્ટ તરીકે નીમું છું.

તારીખ .....

આવા મતદાન એજન્ટ તરીકે કામ કરવા સંમત છું. ઉમેદવારની/ચૂંટણી એજન્ટની સહી

તારીખ ..... મતદાન એજન્ટની સહી.

મતદાન એજન્ટનાં એકરાર ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ સહી કરવી.

હું આથી એકરાર કરૂં છું કે ઉપરની ચૂંટણીમાં હું મતદાનની ગુપ્તતા રાખીશ અને ગુપ્તતા જાળવવામાં મદદ કરીશ અને આવી ગુપ્તતાના ભંગ થાય તેવા પ્રકારની કોઈ માહિતી કોઈ વ્યકિતને (કોઈ કાયદાની અથવા તે હેઠળ અધિકૃત કરેલ અમુક હેતુ માટે હોય તે સિવાય) જાણ કરીશ નહિ.

મતદાન એજન્ટની સહી

મારી સમક્ષ સહી કરી.

તારીખ-———— પ્રમુખ અધિકારી

*મતદાન મથકમાં રજુ કરવા માટે મતદાન એજન્ટને સોપવું.

નમૂનો–૧૦

[જુઓ નિયમ ૨૧ (૪)]

મતદાન એજન્ટની નિમણૂંક રદ કરવા બાબત

.....મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર..... વોર્ડનું નામ .....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનું નામ.....

સાહેબ,

હું, ...

ઉમેદવાર શ્રી/શ્રીમતી.....જે ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર છે તેનો ચૂંટણી એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી .....ની નિમણૂંક મતદાન એજન્ટ તરીકે રદ કરૂં છું.

તારીખ..... ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

INDEX

નમૂનો ૧૧

[જુઓ નિયમ ૨૯]

મતપત્રનો નમૂનો

સ્થળપ્રત

..... મ્યુનિસિપલ

કોર્પોરેશન

વર્ણ.....

વોર્ડ નંબર.....

.....

મતપત્રનો અનુક્રમ નંબર.....

મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનો નંબર .....

વોર્ડ યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.....

મતદારની સહી અથવા અંગુઠાનું નિશાન

મતદાન અધિકારીની સહી.....

જોડેલ ભાગ

..... મ્યુનિસિપલ કોર્પોરેશન

વોર્ડ નંબર .....

વોર્ડનું નામ .....

ચૂંટણીનું વર્ષ .....

મતપત્રનો અનુક્રમ નંબર.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

INDEX

નમૂનો ૧૨

[જુઓ નિયમ ૩૩ (૨)]

નિરક્ષર, અંધ અને અશકત મતદારોની યાદી

..... મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....

મતદાન મથક નંબર.....

મતદાન મથકનું નામ.....

વોર્ડ યાદીમાં મતદારનો અનુક્રમ નંબર	મતદારનું પૂરેપૂરું નામ	સાથીનું પુરેપુરું નામ અને સરનામું	સાથીની સહી
(૧)	(૨)	(૩)	(૪)

તારીખ .....

પ્રમુખ અધિકારીની સહી.

નમૂનો — ૧૩,

[જુઓ નિયમ--૩૯]

તકરારી મતોની યાદી.

---------- મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર : ---------- વોર્ડનું નામ : ----------

મતદાન મથક નંબર : ----------મતદાન મથકનું નામ : ----------

અનુ. ક્રમ નંબર.	મતદારનું નામ	વોર્ડ યાદીમાં મતદારના નામનો અનુક્રમ નંબર.	વાંધો ઉઠાવનાર વ્યકિતની સહી અને અંગૂઠાનુંનિશાન	વાંધો ઉઠાવનાર વ્યકિતનું સરનામું.	ઓળખ આપનાર હોય તો તેનું નામ.	વાંધો ઉઠાવનાર નું નામ.	પ્રમુખ અધિકારીનો હુકમ	ડિપોઝીટની રકમ પાછી મળ્યેથી વાંધો ઉઠાવનારની સહી.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧, ૨, ૩ વગેરે.								

તારીખ ----------

પ્રમુખ અધિકારીની સહી.

INDEX

નમૂનો ૧૪

[જુઓ નિયમ ૪૦ (૨)]

સુપરત કરેલા મતોની યાદી.

———————મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર : ..... વોર્ડનું નામ :———————

મતદાન મથક નંબર :———————

મતદાર મથકનું નામ :———————

અનુક્રમ નંબર. (૧)	મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર (૨)	મતદારનું નામ અને સરનામું (૩)	સુપરત કરેલા મતપત્રનો અનુક્રમ નંબર (૪)	મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન (૫)

તારીખ :———————

પ્રમુખ અધિકારીની સહી.

———————

નમૂનો ૧૫

[જુઓ નિયમ ૪૨]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટેની અરજી.

——————— મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર ——————— વોર્ડનું નામ ———————

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર ———————
વોર્ડનું નામ———————

સાહેબ,
હું ઉપરના વોર્ડની આગામી ચૂંટણીમાં, જાતે મારો મત આપવા માંગું છું. ઉપરના વોર્ડ માટેની મતદાર યાદીના અનુક્રમ નંબર———
———પર મારું નામ દાખલ કરેલ છે.

મને વોર્ડ નંબર———ના વોર્ડનું નામ ———ના મતદાન મથક નંબર———મતદાન મથકનું નામ———
———અ સ્થળે ચૂંટણી અંગેની ફરજ ઉપર મૂકવામાં આવ્યો છે.

મતદાનના દિવસે જે મતદાન મથક ઉપર ફરજ ઉપર હોવું તે મતદાન મથકે હું મત આપી શકું તે માટે નમૂના ૧૬ મુજબનું ચૂંટણી ફરજ પ્રમાણપત્ર મને કાઢી આપવાની વિનંતી કરું છું. તે મને નીચેના સરનામે મોકલી આપશો.

———————
———————
———————

આપનો વિશ્વાસુ,

તારીખ. ———————

———————

( )

INDEX

નમૂનો–૧૬

[જુઓ નિયમ ૪૨]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર

---------- મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર ---------- વોર્ડનું નામ ----------

પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી – – ----------વોર્ડ નંબર-------- વોર્ડનું નામ. -- ------ના મતદાર છે, મતદાર યાદીમાં તેનો નંબર ------છે.

તેમની ચૂંટણી અંગેની ફરજ ઉપર હોવાને લીધે, જે મતદાન મથક ઉપર તે મત આપવા હકદાર છે, તે મતદાન મથકે મત આપી શકે તેમ નથી; અને

તેથી મતદાનની તારીખે જ્યાં તે ફરજ ઉપર હોય તે,

મતદાન મથક નંબર----------

મતદાન મથકનું નામ ----------

એ મત આપવાનો તેને આથી અધિકાર આપવામાં આવે છે.

તારીખ: ---------

સ્થળ----------

ચૂંટણી અધિકારીની સહી.
અને સિક્કો.

નમૂનો ૧૭

[જૂઓ નિયમ ૪૫ (૧)]

મતપત્ર હિસાબ

---------- મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.

વોર્ડ નંબર ----------

વોર્ડનું નામ----------

મતદાન મથક નંબર----------

મતદાન મથકનું નામ ----------

		અનુક્રમ નંબરો. થી	સુધી	કુલ સંખ્યા.
૧.	મળેલા મતપત્રો	----	----	----
૨.	નહિ વપરાયેલાં મતપત્રો (એટલે કે મતદારોને કાઢી આપ્યા ન હોય તેવા)			
	(ક) પ્રમુખ અધિકારીની સહીવાળા.	----	----	----
	(ખ) પ્રમુખ અધિકારીની સહી વગરના.	----	----	----
	કુલ (ક+ખ)	----	----	----
૩.	મતદાન મથકે વપરાયેલાં મતપત્રો [(૧)–(૨)=(૩) *			----

INDEX

૪. મતદાન મથકે વપરાયેલા પણ મતપેટીમાં દાખલ નહિ કરેલા મતપત્રો.

(ક) મતદાનની કાર્યરીતિના ભંગ માટે રદ કરેલ મતપત્રો. * _____

(ખ) બીજા કોઈ કારણોસર રદ કરેલ મતપત્રો. * _____

(ગ) સુપરત કરેલ મતપત્રો તરીકે વપરાયેલાં મતપત્રો * _____

કુલ : (ક+ખ+ગ) _____

૫. મતપેટીમાંથી મળવાનાં મતપત્રો.

[(૩) – (૪) = (૫)] * _____

તારીખ :—— ————

પ્રમુખ અધિકારીની સહી.

*અનુક્રમ નંબર આપવાની જરૂર નથી.

નમૂનો—૧૮

[જુઓ નિયમ ૪૫(૨)]

ચૂંટણી ફરજ પરના સ્ટાફના મતપત્રોનો હિસાબ

———————— મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર :-———— વોર્ડનું નામ——————————

(* જેમાંથી ચૂંટણી ફરજ પરના સ્ટાફ મત આપવાનો હકદાર હોય અને મત આપતો હોય તે વોર્ડનો નંબર અને વોર્ડનું નામ અહીં જણાવવું).

(@) મતદાન મથક નંબર————મતદાન મથકનું નામ————વોર્ડ નંબર————વોર્ડનું નામ————

(@) જ્યાં ચૂંટણી ફરજ પરનો સ્ટાફ ખરેખર મત આપતો હોય તે વોર્ડની વિગતો અહીં જણાવવી).

	અનુક્રમ નંબરો. .....થી.....સુધી.		કુલ સંખ્યા
૧. મળેલાં મતપત્રો	.....	.....	.....
૨. વપરાયેલા મતપત્રો	.....	.....	.....
૩. બગડેલાં મતપત્રો	.....	.....	.....
૪. નહિ વપરાયેલાં મતપત્રો	.....	.....	.....

તારીખ :—

પ્રમુખ અધિકારીની સહી.

INDEX

નમૂનો–૧૯

[જુઓ નિયમ ૫૪ (૩)]

મતગણતરી એજન્ટની નિમણૂંક

_ _ _ _ _ _ _ _ _ _ _ _ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી.
વોર્ડ નંબર–––––––––વોર્ડનું નામ–––––––––––

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર–––––––
વોર્ડનું નામ–––––––––

સાહેબ,

હું– _ _ _ _ _ _ _ _ _ _ _

નિયમ–૨૦

[જુઓ નિયમ ૫૪ (૫)]

મતગણતરી એજન્ટની નિમણૂંક રદ કરવા બાબત

————————————————મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી

વોર્ડ નંબર————————————વોર્ડનું નામ————————————————

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

વોર્ડ નંબર————————

વોર્ડનું નામ————————

સાહેબ,

હું,————————————————ઉમેદવાર/ઉપરની ચૂંટણીનો ઉમેદવાર હોય તેવા શ્રી/શ્રીમતી ————————————————————ના મતદાન એજન્ટ આથી શ્રી/શ્રીમતી————————————ની મતગણતરી એજન્ટ તરીકેની નિમણૂક રદ કરું છું.

તારીખ– ————————

ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી

નમૂનો–૨૧

[જુઓ નિયમ ૬૨]

આખરી પરિણામ પત્રક

– મ્યુનિસિપલ કોર્પોરેશનની /ચૂંટણી

વોર્ડ નંબર– – – – – – – – – – – – –વોર્ડનું નામ– – – – – – – – – – – –

અ. નં.	ઉમેદવારનું નામ	પક્ષ સાથે જોડાણ	મતદાન કરેલા મતોની સંખ્યા
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...

મતદાન કરેલા માન્ય મતોની કુલ સંખ્યા – – – – – – – –

અમાન્ય મતોની કુલ સંખ્યા – – – – – – – –

સુપરત કરેલા મતોની કુલ સંખ્યા – – – – – – – –

મતદારોની કુલ સંખ્યા – – – – – – – –

INDEX

હું, આથી, નિયમ ૬૪માં ઠરાવેલ કાર્યરીતિ અનુસર્યા પછી, નીચેના ઉમેદવારોને યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરું છું.

*૧. શ્રીમતી– – – – – – – – – – – – – – – – – –ને સામાન્ય સ્ત્રી/અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિની સ્ત્રી/પછાત વર્ગોની સ્ત્રી માટેની અનામત બેઠકો ઉપર

*૨. શ્રી/શ્રીમતી– – – – – – – – – – – – – – – ને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/પછાત વર્ગો/બિન-અનામત બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર

૩. શ્રી/શ્રીમતી– – – – – – – – – – – – – – – ને બિનઅનામત બેઠક ઉપર

ચૂંટણી અધિકારી

તારીખ————————

---

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.

નમૂનો–૨૨

[જુઓ નિયમ ૬૮]

ચૂંટણી પ્રમાણપત્ર

– – – – – – – – – – – – – – – – –

Extra No. 34 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 7, 1994/JYAISTHA 17, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૯૯૪-નો ૪૯ -એનપીએલ-૪૫૯૩-૩૬૧૧-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ–સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૧૯૯૪નો ૪૯-એનપીએલ-૪૫૯૩-૩૬૫૫-એમ.— ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, (મ્યુનિસિપલ બરો) માં વૉર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમોનો મુસદ્દો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૩૩૪-૧૯૯૩-એનપીએલ-૪૫૯૩-૩૬૫૫-એમ હેઠળ, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૧એ સેન્ટ્રલ સેકશનના પાના નંબર ૧૪૪-૧ થી ૧૪૪-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો, અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૪ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવ્યા હતા;

અને સદરહુ મુસદ્દાના સંબંધમાં સરકારને મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમો ૬ અને ૭, સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો, 'મ્યુનિસિપલ બરોમાં વૉર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. વૉર્ડોની રચના એવી રીતે કરવી જોઈએ કે તમામ વૉર્ડોની વસતી શકય હોય તેટલે સુધી સમાન રહે. ખાસ કરીને, વૉર્ડોની વસતીનો તફાવત, મ્યુનિસિપલ બરોની એકંદર વસતીના દસ ટકા કરતાં વધુ હોવો જોઈએ નહિ :

પરંતુ, રાજય ચૂંટણી કમિશનને એવી ખાતરી થાય કે સમરૂપતા અથવા ભૌગોલિક નિકટતા જાળવવા માટે ઉપરની મર્યાદા કરતાં યથા-પ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસતીના વૉર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

સ્પષ્ટીકરણ:– "મ્યુનિસિપલ બરોના વૉર્ડની એકંદર વસતી" એટલે, મ્યુનિસિપલ બરોની કુલ વસ્તીને, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૪ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૭ હેઠળ નક્કી કરેલ વૉર્ડોની સંખ્યાથી ભાગતાં આવેલી સંખ્યા.

૩. વૉર્ડોનું સીમાંકન કરતી વખતે, ભૌગોલિક નિકટતા જાળવવા, ઉપરાંત નદીઓ, રેલ્વે લાઈનો, માર્ગો જેવી હદોને, શકય હોય તેટલે સુધી વળગી રહેવું જોઈએ.

૪. તમામ વૉર્ડો દરેક વૉર્ડમાંથી ચૂંટવાના ત્રણ કાઉન્સિલરો સહિત બહુવિધ સભ્યનાં વૉર્ડો ગણાશે.

૫. દરેકે દરેક વૉર્ડમાં, એક બેઠક સ્ત્રીઓ માટે (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોવાળી સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકો સહિત) અનામત રાખવી જોઈશે. અને એક બેઠક બિન-અનામત રાખવી જોઈશે. બાકીની ત્રીજી બેઠક સદરહુ અધિ-નિયમની કલમ--૭ હેઠળ રાજય સરકાર જાહેર કરે તેવી અનામતની જરૂરીયાતના આધારે, અનામત રાખી શકાશે.

૬. નિયમો ૫ અને ૭ની જોગવાઈઓને અધીન રહીને,—

(ક) રાજય ચૂંટણી કમિશન, પ્રથમ જે વૉર્ડમાં અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિનો વસતીની સૌથી ઉંચી ટકાવારી હોય તે વૉર્ડોને અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠકો ઉતરતા ક્રમમાં ફાળવી શકશે વધુમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે એવી રીતે ફાળવેલી બેઠકોમાંથી રાજય ચૂંટણી કમિશન, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો ફાળવવામાં આવી હોય તેવા વૉર્ડ, નિર્દિષ્ટ કરી શકશે.

(ખ) ત્યાર પછી, રાજય ચૂંટણી કમિશન, પોતે ઘડે તેવા સૂત્ર (Formula) અનુસાર વૉર્ડોમાં પછાત વર્ગો માટે અનામત રાખેલ બેઠકો ફાળવી શકશે. વધુમાં પછાત વર્ગો માટે એવી રીતે ફાળવેલી બેઠકોમાંથી રાજય ચૂંટણી કમિશન, પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો ફાળવવામાં આવી હોય તેવા વૉર્ડો નિર્દિષ્ટ કરી શકશે.

INDEX

(ગ) ઉપર (ક) અને (ખ)માં જોગવાઈ કર્યા પ્રમાણે બેઠકો ફાળવવામાં આવ્યા પછી, રાજ્ય ચૂંટણી કમિશન, વોર્ડોમાંના અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગોની હોય તે સિવાયની સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકો ફાળવશે.

૭. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકો એક સામાન્ય ચૂંટણીથી બીજી સામાન્ય ચૂંટણીમાં, વારા ફરતી ફાળવી શકાશે.

૮. રાજ્ય ચૂંટણી કમિશન, વોર્ડોનું સૂચિત સીમાંકન અને તે વોર્ડોમાં અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણીનું આખરી સ્વરૂપ આપતા પહેલા, લોકો પાસેથી તે અંગેના સૂચનો મંગાવશે અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા)ના હેતુઓ માટે માન્ય કરેલ રાજકીય પક્ષ સાથે વિચાર વિનિમય કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુનયના તોમર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 35 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 9, 1994/JYAISTHA 19, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જૂન, ૧૯૯૪.

તારીખ ૯મી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 13 OF 1994.

GUJARAT TAX ON LUXURIES (HOTELS AND LODING HOUSES) (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Tax on Luxuries Hotels and Lodging Houses Act, 1977.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૩ :

ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખ સુવિધા કર (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ ૧૯૭૭ નો સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

(૨) તે સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવશે.

સન ૧૯૭૭ ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં.—

(૧) ખંડ (ધ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(ધ) "હોટેલ" એટલે, જ્યાં ખાનપાન સાથે કે તે વગર રહેવાની સગવડની જોગવાઈ કરવામાં આવી હોય તે મકાન અથવા તેનો ભાગ અને તેમાં રહેઠાણની સગવડ, પૈસા લઈને આપવામાં આવતી હોય તે ક્લબ, નિવાસગૃહ, જીમખાના, ધર્મશાળા, મોટેલ સાર્વજનિક ગૃહ અથવા કોઈપણ સ્થળનો સમાવેશ થાય છે;"

(૨) ખંડ (ચ)માં, "પાંત્રીસ રૂપિયા કરતાં ઓછો ન હોય" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા કરતાં વધુ" એ શબ્દો મૂકવા.

રદ કરવા બાબત અને આપવાદ.

૩. (૧) ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વટહુકમ ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

સન ૧૯૯૪નો ગુજરાતનો વટહુકમ. ૧.

(૨) એવી રીતે રદ કરવા છતાં સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલ કોઈપણ પગલું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ છે અથવા લીધેલ છે એમ ગણાશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ, ક્લબ, જીમખાના અને આવી બીજી સંસ્થાઓ, પૈસા લઈને નિવાસની સવલતો આપતી હોવા છતાં, "હોટેલ"ની વ્યાખ્યામાં આવતી નથી અને તેથી સરકાર આવક ગુમાવે છે. રાજ્યની તિજોરીમાં વધુ આવક મેળવવા માટે અધિનિયમની કલમ-૨માં વ્યાખ્યા કરેલ "હોટેલ" શબ્દની ક્ષેત્રમર્યાદા વિસ્તૃત કરવાનું જરૂરી ગણ્યું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખસુવિધા કર (સુધારા) વટહુકમ, ૧૯૯૪ ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધિ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા માટે પ્રસિધ્ધ કર્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનસભાનો આ અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ ૮મી જૂન, ૧૯૯૪. **છબીલદાસ મહેતા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૯મી જૂન, ૧૯૯૪.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 36

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 10, 1994/JYAISTHA 20, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarat translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી મે, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (૧)-(જીએચએન-૧૫)-જીએસટી/૧૦૯૪(એસ-૪૯)(૨૭૩)-૬; (૨)-(જીએચએન-૧૬)-જીએસટી-૧૦૯૪-(એસ-૨); તથા (૩) (જીએચએન-૧૭)/જીએસટી-(એફ્ટીએસ)-૧૦૯૪-(એસ.-૪૯) (૧૨)-૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારેખી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-14) GST/1092/ (S.49)/(251)-TH, DATED 1ST APRIL, 1992.

નાણાં વિભાગના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચએન-૧૪/જીએસટી/૧૦૯૨/(એસ.૪૯)/(૨૫૧)-ઠ સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક (જીએચએન-૧૫)જીએસટી/૧૦૯૪-(એસ.૪૯)/(૨૭૩)-ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ ૪૯ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગના તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨ના, સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચએન-૧૪)/જીએસટી-૧૦૯૨/(એસ.૪૯)/(૨૫૧)-ઠ, નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં ;

(૧) અનુક્રમાંક ૧૦ની નોંધમાં, કોલમો ૨ અને ૪માં, "વેરાપાત્ર પ્લાસ્ટિકનો માલ" એ શબ્દોને બદલે "વેરાપાત્ર માલ" એ શબ્દો મૂકવા.

(૨) અનુક્રમાંક ૧૨ની નોંધમાં, કોલમ ૨માં, "૩૧મી માર્ચ, ૧૯૯૪" એ આંકડા અને શબ્દો કમી કરવાં.

(૩) અનુક્રમાંક ૨૯ની નોંધ કમી કરવી.

(૪) અનુક્રમાંક ૩૦ની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી :-

૧	૨	૩	૪
૩૧.	વાપરેલ શણના કોથળાનું ફેર વેચાણ.	સમગ્ર વેચાણવેરો	—
૩૨.	ડ્રાય બેટરી સેલ્સના મેટલ કોમ્પોનન્ટસના વેચાણો	વેચાણવેરાની રકમ, રૂપિયે સાત પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	—
૩૩.	જાહેર વિતરણ પધ્ધતિ માટે વેચેલ ઘર વપરાશ માટે કેરોસીનનું વેચાણ	સમગ્ર વેચાણવેરો	—

(૫) નમૂના ૩૪માં "વેરાપાત્ર પ્લાસ્ટિકનો માલ" એ શબ્દોને બદલે, "વેરાપાત્ર માલ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT SALES TAX ACT, 1969.

ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૧૯૯૪.

ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક (જીએચએન-૧૬)-જીએસટી-૧૦૯૪-(એસ-૨)(૨૧)-(૨૨)-ઠ.—ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ ૨ના ખંડ (૨૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી કાસ્ટ આયર્ન કાસ્ટીંગને પ્રતિબંધિત માલ તરીકે નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT SALES TAX ACT, 1969.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ હેઠળ જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૧૯૯૪.

ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક (જીએચએન-૧૭)/જીએસટી-(એફટીએસ)/૧૦૯૪/(એસ.૪૯)-(૧૨)ઠ.-ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતનાં ૧લા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ઉદ્દરહુ અધિનિયમને જોડેલી અનુસૂચિ-૩ના અનુક્રમાંક ૧૭ની નોંધમાં દર્શાવેલ તમામ માલના નિર્દિષ્ટ વેચાણોના ટર્નઓવર ઉપર રૂપિયે ચાર પૈસા સુધી વેચાણવેરાના દરો નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 37 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 10, 1994/JYAISTHA 20, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૪.

તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૧૪ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

"GUJARAT BILL NO. 14 OF 1994

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY BILL, 1994.

A BILL

to establish and incorporate an open University in the State of Gujarat for the introduction and promotion of the open University and distance education system in the educational pattern of the state.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-૨ ના પરંતુક અન્વયે આપવામાં આવે અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૪.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિધેયક, ૧૯૯૪.

ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટીના આરંભ અને ઉત્તેજન માટે અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શૈક્ષણિક પદ્ધતિ માટે ઓપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

પ્રકરણ ૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૯૪ કહેવાશે.

(૨) આ કલમ સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧૩મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવી છે એમ ગણાશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(૧) "અધિકારીમંડળો" એટલે, કલમ ૧૫માં નિર્દિષ્ટ કરેલા યુનિવર્સિટીના અધિકારીમંડળો;

(૨) "શૈક્ષણિક આયોજન બોર્ડ" એટલે, કલમ ૧૭ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું શૈક્ષણિક આયોજન બોર્ડ ;

(૩) "વ્યવસ્થાપક બોર્ડ" એટલે, કલમ ૧૬ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું વ્યવસ્થાપક બોર્ડ;

(૪) "કુલાધિપતિ" એટલે, યુનિવર્સિટીના કુલાધિપતિ ;

(૫) "દૂરવર્તી શૈક્ષણિક પદ્ધતિ" એટલે, પ્રસારણ, દૂરસંચાર, પત્રવ્યવહાર, અભ્યાસક્રમો, સેમિનારો, સંપર્ક કાર્યક્રમો અથવા આવા કોઈ બે અથવા વધારે સાધનોના સમન્વય જેવા સંદેશા વ્યવહારના કોઈ સાધન દ્વારા શિક્ષણ આપતી પદ્ધતિ ;

(૬) "કર્મચારી" એટલે, યુનિવર્સિટીએ નિમણૂંક કરેલી કોઈપણ વ્યકિત અને તેમાં યુનિવર્સિટીના અધ્યાપકો અને અન્ય શૈક્ષણિક સ્ટાફનો સમાવેશ થાય છે ;

(૭) "નાણાં સમિતિ" એટલે, કલમ ૧૮ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણાં સમિતિ;

INDEX

(૮) "ઠરાવેલું" એટલે, સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અથવા આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(૯) "માન્ય સંસ્થા" એટલે સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસ માટે સ્થપાયેલી અને જેને યુનિવર્સિટીએ તેવી સંસ્થા તરીકે, માન્ય કરેલી સંસ્થા ;

(૧૦) "પ્રાદેશિક કેન્દ્ર" એટલે, કોઈપણ પ્રદેશમાં અભ્યાસ કેન્દ્રોના કામનું સંકલન અને નિરીક્ષણ કરવાના હેતુ માટે અને વ્યવસ્થાપક બોર્ડ આવા કેન્દ્રોને સોંપ્યાં હોય તેવાં અન્ય કાર્યો બજાવવા માટે યુનિવર્સિટી દ્વારા સ્થાપવામાં અથવા નિભાવવામાં આવેલ કેન્દ્ર ;

(૧૧) "શાળા" એટલે યુનિવર્સિટીની અભ્યાસ શાળા ;

(૧૨) "સ્ટેચ્યુટસ", "અધ્યાદેશો" અને "વિનિયમો" એટલે અનુક્રમે આ અધિનિયમ હેઠળ કરેલ અને તે સમયે અમલમાં હોય તેવા સ્ટેચ્યુટસ, અધ્યાદેશો અને વિનિયમો ;

(૧૩) "વિદ્યાર્થી" એટલે યુનિવર્સિટીનો વિદ્યાર્થી અને તેમાં યુનિવર્સિટીનો કોઈપણ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે પોતાનું નામ દાખલ કરાવ્યું હોય તેવી કોઈપણ વ્યકિતનો સમાવેશ થાય છે ;

(૧૪) "અભ્યાસ કેન્દ્ર" એટલે, યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને સલાહ આપવા, તેમની સાથે વિચાર વિનિમય કરવા, મૂલ્યાંકન કરવા અથવા અન્ય આવશ્યક મદદ આપવા માટેના હેતુ માટે સ્થાપેલ, નિભાવેલ અથવા માન્ય કરેલ કેન્દ્ર ;

(૧૫) "અધ્યાપકો" એટલે, પ્રોફેસરો, રીડરો, લેકચરરો અને યુનિવર્સિટીમાં શિક્ષણ આપવા અથવા યુનિવર્સિટીનો કોઈ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અથવા મદદ પૂરી પાડવા માટે અધ્યાદેશો દ્વારા નામોદ્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વ્યકિતઓ ;

(૧૬) "યુનિવર્સિટી" એટલે, કલમ ૩ હેઠળ સ્થાપેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ;

(૧૭) "કુલપતિ" એટલે, યુનિવર્સિટીના કુલપતિ.

પ્રકરણ—૨

યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને તેનું સંસ્થાપન.

૩. (૧) "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામની એક યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.

(૨) યુનિવર્સિટીનું મુખ્ય મથક અમદાવાદ ખાતે રહેશે; અને યુનિવર્સિટી, રાજ્યમાં પોતાને યોગ્ય લાગે તેવા અન્ય સ્થળોએ સંસ્થાઓ, શાળાઓ, પ્રાદેશિક કેન્દ્રો અને અભ્યાસ કેન્દ્રો સ્થાપી શકશે, નિભાવી શકશે અથવા તેને માન્યતા આપી શકશે.

(૩) પ્રથમ કુલપતિ, વ્યવસ્થાપક બોર્ડ, શૈક્ષણિક આયોજન બોર્ડ અને નાણાં સમિતિના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તે તમામ વ્યકિતઓએ હોદ્દા અથવા સભ્યપદ ધરાવવાનું ચાલુ રાખે ત્યાં સુધી તે બધાનું "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ' આથી રચવામાં આવે છે અને તે તરીકે જાહેર કરવામાં આવે છે અને યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

યુનિવર્સિટીના ઉદ્દેશો.

૪. યુનિવર્સિટીનો ઉદ્દેશ, કોઈપણ સંદેશા વ્યવહાર પધ્ધતિના ઉપયોગ સહિત વિવિધ સાધનો દ્વારા શિક્ષણ અને જ્ઞાનની વૃધ્ધિ અને પસાર કરવાનો, વસતીનાં મોટા ભાગને ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડવાનો અને સામાન્ય રીતે લોકોના કલ્યાણ માટે શિક્ષણને ઉત્તેજન આપવાનો ઓપન યુનિવર્સિટીને અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શિક્ષણ પધ્ધતિને, પ્રોત્સાહન આપવાના રહેશે.

યુનિવર્સિટીની સત્તા.

૫. યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે :—

(૧) યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તેવા જ્ઞાન, ટેકનોલોજી, વ્યવસાયી અને ધંધાદારી શાખાઓમાં શિક્ષણ માટે જોગવાઈ કરવાની અને સંશોધન, પ્રગતિ અને વિસ્તરણ માટે જોગવાઈ કરવાની ;

INDEX

(૨) પદવી, ડિપ્લોમાઓ, પ્રમાણપત્રો અથવા અન્ય કોઈ હેતુ માટે અભ્યાસક્રમોનું આયોજન કરવાની અને તે ઠરાવવાની ;

(૩) પરીક્ષા અથવા કસોટી લેવાની અને યુનિવર્સિટીમાં અન્ય અભ્યાસ પૂરો કર્યો હોય અથવા સ્ટેચ્યુટ અને અધ્યાદેશોથી જણાવેલી રીતે સંશોધન કર્યું હોય તે વ્યકિતઓને પદવી અને ડિપ્લોમા આપવાની અને તેને પ્રમાણપત્રો અથવા શૈક્ષણિક માનપત્રો અથવા માન્યતા આપવાની ;

(૪) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે માનદ્ પદવીઓ અથવા બીજાં શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાની;

(૫) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે, યુનિવર્સિટીએ બનાયત કરેલી અથવા આપેલી કોઈ પદવી ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર પાછાં ખેંચી લેવાની અથવા રદ કરવાની ;

(૬) યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમોના સંબંધમાં દૂરવર્તી પદ્ધતિથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાની રીત નક્કી કરવાની;

(૭) શિક્ષણ આપવા માટે અથવા શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે અથવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન, આલેખન અને તે આપવા અને તેમણે કરેલા કામના મૂલ્યાંકન સહિત, અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની અને તેમની લાયકાતો ઠરાવવા માટે જરૂરી પ્રોફેસરોની, રીડરોની, લેકચરરોની અને શૈક્ષણિક જગાઓ ઊભી કરવાની;

(૮) વ્યકિતઓને અધ્યાપકો તરીકે નીમવાની, રાખવાની અથવા માન્ય કરવાની;

(૯) જુદી જુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવાની;

(૧૦) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે બીજી કોઈ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, વ્યવસાયિક મંડળો અને સંગઠનો સાથે સહકાર આપવાની અને તેમનો સહકાર માંગવાની;

(૧૧) ટ્રસ્ટો અને દેણગીઓ ધરાવવાની અને તેનો વહીવટ કરવાની અને ફેલોશીપ, શિષ્યવૃત્તિ, ચંદ્રકો, ઈનામો અને ગુણવત્તાની માન્યતા માટે હોય તેવી બીજા અન્ય એવોર્ડો શરૂ કરવાની અને બનાયત કરવાની ;

(૧૨) યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તેવા પ્રાદેશિક કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા તે માન્ય કરવાની ;

(૧૩) સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તે રીતે, અભ્યાસ કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા માન્ય કરવાની ;

(૧૪) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓ તપાસવાની અને તેમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમનાં યોગ્ય ધોરણો જળવાય છે તે અને તેમાં ગ્રંથાલય તેમજ પ્રયોગ-શાળાની પૂરતી સગવડ છે, તેની ખાતરી માટે પગલાં લેવાની;

(૧૫) ફિલ્મો, કેસેટો, ટેપો, વિડિયો કેસેટો અને અન્ય સોફ્ટવેર સહિતની શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે જોગવાઈ કરવાની;

(૧૬) અધ્યાપકો, પાઠ લેખનારાઓ, મૂલ્યાંકન કરનારાઓ, અને અન્ય શૈક્ષણિક સ્ટાફ માટે ઓપવર્ગ, વર્કશોપ, સેમિનાર અને અન્ય કાર્યક્રમોની વ્યવસ્થા કરવાની અને તેનું સંચાલન કરવાની;

(૧૭) અધ્યાપન અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને બીજી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવાની;

(૧૮) અન્ય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ અથવા યુનિવર્સિટીના અભ્યાસક્રમની પરીક્ષાઓ અથવા પિરીયડોને સમકક્ષ હોય તેવા ઉચ્ચ શિક્ષણનાં અન્ય સ્થળોની પરીક્ષાઓ અથવા અભ્યાસના (પૂરેપૂરા અથવા તેના ભાગના) પિરીયડોને માન્ય કરવાની અને કોઈપણ સમયે આવી માન્યતા પાછી ખેંચી લેવાની ;

(૧૯) શૈક્ષણિક ટેકનોલોજી અને તેની સાથે સંકળાયેલ બાબતોમાં સંશોધન કરવા અને તેનો વિકાસ કરવા માટે જોગવાઈ કરવાની;

(૨૦) યુનિવર્સિટીને વખતોવખત જરૂરી લાગે તેવી વહીવટી, દફ્તરી અને બીજી જગાઓ ઊભી કરવાની અને તે અંગે નિમણૂકો કરવાની;

INDEX

(૨૧) શૈક્ષણિક અને અન્ય સામાજિક અથવા રાષ્ટ્રીય કારણો માટે લાભો, સખાવતો અને બક્ષિસો સ્વીકારવાની અને તેના યોગ્ય હિસાબો રાખવાની;

(૨૨) યુનિવર્સિટીના હેતુઓ માટે જંગમ અથવા સ્થાવર બન્ને મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની, તેનામાં નિહિત થાય તેવી અથવા પોતે સંપાદન કરે તેવી કોઈપણ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવાની, વેચવાની અથવા અન્યથા તબદીલ કરવાની અથવા તેનો નિકાલ કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે કરાર કરવાની અને જરૂરી અન્ય તમામ કાર્યો અને કૃત્યો કરવાની :

પરંતુ રાજ્ય સરકારની પૂર્વ સંમતિ સિવાય આવી રીતે સ્થાવર મિલકત પટે આપી શકાશે નહિ, વેચી શકાશે નહિ અથવા તબદીલ કરી શકાશે નહિ :

વધુમાં, રાજ્ય સરકારને ખાતરી થાય કે આવી કોઈપણ મિલકત યુનિવર્સિટીના હિતમાં, પટે આપી શકાય, વેચી શકાય અથવા અન્યથા તબદીલ કરી શકાય અથવા તેનો નિકાલ કરી શકાય અથવા નિકાલ કરવાનું યુનિવર્સિટીના હિતમાં છે ત્યારે, રાજ્ય સરકારે યુનિવર્સિટીને જરૂરી આદેશો આપવા જોઈશે અને યુનિવર્સિટીએ આવા આદેશોનું તરત જ પાલન કરવું જોઈશે ;

(૨૩) યુનિવર્સિટીના હેતુ માટે રાજ્ય સરકારની મંજૂરીથી, યુનિવર્સિટીની મિલકતની જામીન-ગીરી ઉપર અથવા અન્યથા, નાણાં ઉછીનાં લેવાની;

(૨૪) કરારો કરવાની, પાર પાડવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે રદ કરવાની;

(૨૫) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી ફી અને અન્ય ચાર્જો નક્કી કરવાની, માંગવાની અને લેવાની;

(૨૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્તને ઉત્તેજન આપવાની, તેનું નિયંત્રણ કરવાની અને તે જાળવવાની;

(૨૭) યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધ્યાપકીય, અન્ય શૈક્ષણિક અને બિન- અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને નોકરીની બીજી શરતો અને તેની આચાર સંહિતા ઠરાવવાની અને તેનું નિયમન કરવાની;

(૨૮) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે ઉચ્ચ શિક્ષણ અથવા અભ્યાસક્રમોની કોઈપણ સંસ્થા માન્ય કરવાની અને આવી માન્યતા પાછી ખેંચી લેવાની;

(૨૯) મુલાકાતી પ્રોફેસરો, નિવૃત્ત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલરો, કલાકારો, કોર્સ રાઈટર અને યુનિવર્સિટીના ઉદ્દેશોની ઉન્નતિમાં ફાળો આપે તેવી અન્ય વ્યકિતઓને કરારથી અથવા અન્યથા રાખવાની;

(૩૦) યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન કાર્યનું સંચાલન કરવાની, સંકલન કરવાની, દેખરેખ રાખવાની, નિયમન અને નિયંત્રણ કરવાની;

(૩૧) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ યુનિવર્સિટીના અધ્યાપકો તરીકે અન્ય યુનિવર્સિટીઓમાં, સંસ્થાઓમાં અથવા સંગઠનોમાં કામ કરતી વ્યકિતઓને માન્ય કરવાની;

(૩૨) જેમાં પરીક્ષા, મૂલ્યાંકન અને કસોટીની કોઈ અન્ય પધ્ધતિનો સમાવેશ કરી શકાય તેવા યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં, વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેના ધોરણો અને શરતો નિર્દિષ્ટ કરવાની;

(૩૩) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની અને યુનિવર્સિટીની અંદર અથવા તેની બહાર પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીઓએ પોતે જ અથવા બીજી કોઈ વ્યકિતઓ દ્વારા ગેરરીતિઓ આચરવા અથવા તેમાં મદદગારી કરવા સહિત, શિસ્તભંગ અથવા ગેરવર્તણૂક માટે યોગ્ય લાગે તેવી શિક્ષા તેઓને કરવાની;

(૩૪) વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના સામાન્ય સ્વાસ્થ્ય અને કલ્યાણનાં પ્રોત્સાહન માટે ગોઠવણ કરવાની;

(૩૫) યુનિવર્સિટીની તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા વાપરવા જરૂરી અથવા આનુષંગિક હોય અને યુનિવર્સિટીના ઉદ્દેશોને પ્રોત્સાહન આપવામાં સહાયક હોય તેવા તમામ અન્ય કાર્યો કરવાની.

INDEX

હકૂમત.

૬. યુનિવર્સિટીને, પોતાની સત્તાની રૂએ, સમગ્ર ગુજરાત રાજ્યમાં હકૂમત રહેશે.

તમામ વર્ગો, જ્ઞાતિઓ અને પંથ માટે યુનિવર્સિટી ખુલ્લી રહેશે.

૭. (૧) યુનિવર્સિટી, લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ અથવા વર્ગની વ્યક્તિઓ માટે ખુલ્લી રહેશે અને કોઈ વ્યક્તિને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે નીમવા અથવા તેમાં બીજો કોઈપણ હોદ્દો કે જગા ધરાવવા અથવા યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે દાખલ થવા અથવા તેમાં સ્નાતક થવા અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવા અથવા યુનિવર્સિટીનો કોઈ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો લાભ મેળવવાનો હક મળી શકે તે માટે યુનિવર્સિટી તેના માટે કોઈ લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ અથવા ધાર્મિક માન્યતા અથવા વ્યવસાય અથવા રાજકીય અથવા બીજા કોઈ મંતવ્ય અંગેની કોઈ કસોટી સ્વીકારે અથવા રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંના કોઈ મજકૂરથી રાજ્ય સરકાર, વખતોવખત કોઈ આદેશ આપે તો તે અનુસાર, સ્ત્રીઓ અથવા સમાજના નબળા વર્ગોની વ્યક્તિઓ અને ખાસ કરીને અનુસૂચિત જાતિની અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને, નિમણૂક અથવા પ્રવેશ આપવા માટેની કોઈ ખાસ જોગવાઈઓ કરતાં યુનિવર્સિટીને બાધ આવે છે એમ ગણાશે નહિ.

પ્રકરણ-૩

યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ.

૮. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે મુજબ રહેશે :—

(૧) કુલાધિપતિ,

(૨) કુલપતિ;

(૩) નિયામકો;

(૪) રજિસ્ટ્રારો; અને

(૫) સ્ટેચ્યુટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાંના બીજા અધિકારીઓ.

કુલાધિપતિ અને તેમની સત્તા.

૯. (૧) ગુજરાતના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના કોઈપણ કામકાજને લગતી માહિતી અથવા રેકોર્ડ, વખતોવખત મંગાવવાને સક્ષમ રહેશે અને કુલપતિએ તે પૂરું પાડવું જોઈશે એવી માહિતી અથવા રેકોર્ડ જોઈ ગયા પછી, યુનિવર્સિટીના હિતમાં, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કુલપતિને આપવાનું પણ કુલાધિપતિ માટે કાયદેસર ગણાશે અને કુલપતિએ તેવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૩) પેટા-કલમો (૪) અને (૫)ની જોગવાઈઓને અધીન રહીને કુલાધિપતિને પોતે આદેશ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા યુનિવર્સિટીની તેના મકાનોની, ગ્રંથાલયોની, પ્રયોગશાળાઓની અને સાધન સામગ્રીની અને કોઈપણ પ્રાદેશિક કેન્દ્રની અથવા અભ્યાસ કેન્દ્રની અને યુનિવર્સિટીએ સંચાલન કરેલ કોઈ પરીક્ષા, શિક્ષણ અને કરેલ અન્ય કામની તપાસ કરાવડાવવાનો અને યુનિવર્સિટીના વહીવટ અને નાણા સાથે સંકળાયેલી કોઈ બાબતના સંબંધમાં તેવી જ રીતે તપાસ કરાવડાવવાનો હક રહેશે.

(૪) કુલાધિપતિ, દરેક કિસ્સામાં, નિરીક્ષણ કરાવવાના અથવા તપાસ કરાવવાના પોતાના ઈરાદાની યુનિવર્સિટીને નોટિસ આપવી જોઈશે અને યુનિવર્સિટીને આવી નોટિસ મળ્યે, નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર અથવા કુલાધિપતિ નક્કી કરે તેવી બીજી કોઈ મુદતની અંદર પોતાને જરૂરી લાગે તેવી રજૂઆત કરવાનો હક રહેશે.

(૫) યુનિવર્સિટીએ, કોઈ રજૂઆત કરી હોય તો તેની વિચારણા કર્યા પછી, કુલાધિપતિ, પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલ હોય તેવું નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે.

(૬) કુલાધિપતિ કોઈ નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવે ત્યારે, યુનિવર્સિટીને પ્રતિનિધિ નિમવાનો હક રહેશે, જેઓને એવા નિરીક્ષણ અથવા તપાસ વખતે જાતે હાજર રહેવાનો અને સુનાવણીનો હક રહેશે.

(૭) કુલાધિપતિ આવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામના સંદર્ભમાં કુલાધિપતિ તેના ઉપર પગલાં લેવા સંબંધી સલાહ આપવા ઈચ્છે તેવા દૃષ્ટિકોણ સાથે લખાણ કરી શકશે અને કુલાધિપતિએ કરેલ લખાણ કુલપતિએ નિરીક્ષણ અથવા તપાસના પરિણામની અને કુલાધિપતિના દૃષ્ટિકોણની અને તે અંગે લીધેલાં પગલાં ઉપર પોતે આપેલી સલાહની વ્યવસ્થાપક બોર્ડને તરત જ જાણ કરવી જોઈશે.

INDEX

(૮) વ્યવસ્થાપક બોર્ડે કુલપતિ મારફત કુલાધિપતિને, એવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામે પોતે લેવા ધારેલ હોય અથવા લેવામાં આવ્યા હોય તેવા કોઈપણ પગલાંની જાણ કરવી જોઈશે.

(૯) વ્યવસ્થાપક બોર્ડ કુલાધિપતિએ, નક્કી કરેલ સમય-મર્યાદાની અંદર, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે કોઈ પગલું લીધું ન હોય ત્યારે કુલાધિપતિ, વ્યવસ્થાપક બોર્ડે આપેલ કોઈ ખુલાસા અથવા કરેલ કોઈ રજૂઆતની વિચારણા કર્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કાઢી શકશે અને વ્યવસ્થાપક બોર્ડ તેવા આદેશોનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૧૦) રાજ્ય સરકાર, જ્યારે જ્યારે પોતાને યોગ્ય લાગે ત્યારે ત્યારે, પેટા-કલમો (૨) થી (૯)માં વર્ણવેલી રીતે તેવાં નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે અને તેને આવા નિરીક્ષણ અથવા તપાસના હેતુઓ માટે સદરહુ પેટા--કલમો હેઠળ કુલાધિપતિને તમામ સત્તા રહેશે.

કુલપતિ.

૧૦. (૧) રાજ્ય સરકાર પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નિમાયેલી સમિતિએ પેટા--કલમ (૩) હેઠળ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી કુલપતિની નિમણૂક કરશે.

(૨) (ક) પેટા--કલમ (૧) ના હેતુઓ માટે કુલાધિપતિ એક સમિતિ નિમશે જે નીચેના સભ્યોની બનશે:—

(૧) વ્યવસ્થાપક બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો, યુનિવર્સિટી સાથે સંકળાયેલ ન હોય તેવો એક સભ્ય;

(૨) ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપિત તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓના બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો એક સભ્ય;

(૩) કુલાધિપતિએ નિયુકત કરવાનો એક સભ્ય.

(ખ) કુલાધિપતિ, સમિતિના ત્રણ સભ્યોમાંથી એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) તેવી રીતે નિમાયેલી સમિતિ, વાજબી સમયની અંદર કુલપતિ તરીકે નિમાવા માટે પોતે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજ્ય સરકારને, તેમના સંબંધી તેવી બીજી વિગતો સાથે તેવી રીતે પસંદ કરેલી વ્યકિતઓનાં નામોની ભલામણ કરશે :

પરંતુ કુલપતિ તરીકે નીમવામાં આવી હોય તેવી જે કોઈ વ્યકિત, ત્રણ વર્ષની મુદત પૂરી થતાં પહેલા, ૬૫ વર્ષની ઉંમરે પહોંચવાને કારણે તે હોદ્દો ધરાવતી બંધ થાય તેને શકય હોય તેટલે સુધી, સમિતિ પસંદ કરી શકશે.

(૪) કુલપતિ, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે વધુ ત્રણ વર્ષની મુદત માટે તે હોદ્દા ઉપર ફેર નિમણૂકને પાત્ર ગણાશે :

પરંતુ રાજ્ય સરકાર, કોઈપણ કુલપતિને , તેની મુદત પૂરી થયા પછી, રાજ્ય સરકાર, નિર્દિષ્ટ કરે તે પ્રમાણે એક વર્ષની કુલ મુદતથી વધુ ન હોય તેટલી મુદત સુધી હોદ્દા પર ચાલુ રહેવા ફરમાવી શકશે.

વધુમાં કુલપતિ તરીકે નિમાયેલી કોઈ વ્યકિત ૬૫ વર્ષની ઉંમર થયા પછી કુલપતિ તરીકે પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલુ રાખી શકે નહિ.

(૫) કુલપતિને આપવાનું મળતર અને જેને અધીન રહીને તેણે હોદ્દો ધરાવવો જોઈશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તેવી રહેશે.

કુલપતિની સત્તા.

૧૧. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય શૈક્ષણિક અને વહીવટી અધિકારી રહેશે અને યુનિવર્સિટીના કામકાજ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની સત્તા વાપરશે અને યુનિવર્સિટીનાં તમામ અધિકારી મંડળના નિર્ણયોનો અમલ કરાવશે.

(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો એવો અભિપ્રાય થાય કે કોઈપણ બાબત ઉપર તાત્કાલિક પગલું લેવું જરૂરી છે તો, તેઓ, આ અધિનિયમથી અથવા તે હેઠળ યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને સોંપેલી કોઈપણ સત્તા વાપરી શકશે અને તેવી બાબત ઉપર પોતે લીધેલાં પગલાં વિષે તેવા અધિકારીમંડળને જાણ કરશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો એવો અભિપ્રાય થાય કે આવું પગલું લેવામાં આવ્યું નથી તો, તેઓ તે બાબત કુલાધિપતિને મોકલી શકશે, જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે :

INDEX

વધુમાં, આ પેટા--કલમ હેઠળ કુલપતિએ લીધેલા પગલાંથી નારાજ થયેલી હોય તેવી યુનિવર્સિટીની સેવામાંની કોઈપણ વ્યકિતને, તેને આવા પગલાંની જે તારીખે જાણ કરવામાં આવી હોય તે તારીખથી નેવું દિવસની અંદર, વ્યવસ્થાપક બોર્ડને આવા પગલાં સામે, અપીલ કરવાનો હક રહેશે અને તેમ થયે, વ્યવસ્થાપક બોર્ડ, કુલપતિએ લીધેલાં પગલાંને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

(૩) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો અભિપ્રાય એવો થાય કે કોઈપણ અધિકારીમંડળનો કોઈ નિર્ણય અથવા હુકમ, તેને આપેલી અધિકારીમંડળની સત્તા બહારનો છે અથવા આ અધિનિયમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશ, નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓ સાથે અસંગત છે અથવા લીધેલા કોઈપણ નિર્ણય, યુનિવર્સિટીના હિતમાં નથી અથવા શાંતિનો ભંગ થવાનો સંભવ છે, તો, એવા નિર્ણયના સાઠ દિવસની અંદર પોતાના નિર્ણયની પુનર્વિચારણા કરવાનું સંબંધિત અધિકારીમંડળને પોતે કહી શકશે અને સંબંધિત અધિકારીમંડળ, કુલપતિએ આદેશ આપ્યા પ્રમાણે પોતાના નિર્ણયની પૂરેપૂરી અથવા અંશત: રીતે પુનર્વિચારણા કરવાની ના પાડે, અથવા સાઠ દિવસની સદરહુ મુદતની અંદર તે નિર્ણય ન લે તો, તે બાબત રાજ્ય સરકારને મોકલવી જોઈશે જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો નિર્ણય, આ પેટા--કલમ હેઠળ, અધિકારીમંડળે અથવા યથા-પ્રસંગ, રાજ્ય સરકાર પુનર્વિચારણા કરે તે મુદત દરમિયાન મુલતવી રાખવો જોઈશે.

(૪) અધિકારીમંડળ, પુનર્વિચારણા કર્યા પછી, કુલપતિએ જણાવેલી રીતે કોઈ નિર્ણય અથવા હુકમમાં સુધારો કરે અથવા તેમાં ફેરફાર કરે ત્યારે એવી રીતે સુધારેલા અથવા ફેરફાર કરેલા નિર્ણય અથવા હુકમ, તેવા સુધારા અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરીથી અમલમાં આવશે.

(૫) આ અધિનિયમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમોનું વિશ્વાસપૂર્વક પાલન કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ ગણાશે અને આ હેતુ માટે તેમને તમામ જરૂરી સત્તા રહેશે.

(૬) કુલપતિ, સ્ટેચ્યુટ અને અધ્યાદેશો દ્વારા ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવાં બીજાં કાર્યો બજાવશે.

નિયામકો.

૧૨. રાજ્ય સરકાર નિયમોથી ઠરાવે તેવા મળતરની અને સેવાની અન્ય શરતોએ, નિયામકની નિમણૂક કરવી જોઈશે અને સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો અને કાર્યો બજાવશે.

રજિસ્ટ્રાર.

૧૩. (૧) રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવે તેવી રીતે તેવા મળતરથી અને સેવાની શરતોએ રજિસ્ટ્રારની નિમણૂક કરવી જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે સત્તા આપેલ રજિસ્ટ્રારને યુનિવર્સિટી વતી, કબૂલાતો અને કરારો કરવાની અને તેના ઉપર સહી કરવાની અને રેકર્ડ અધિકૃત કરવાની સત્તા રહેશે.

(૩) રજિસ્ટ્રાર, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવાં ફરજો અને કાર્યો બજાવશે.

બીજા અધિકારીઓ.

૧૪. યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂકની રીત, મળતર, સત્તા અને ફરજો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ-૪

યુનિવર્સિટી અધિકારીમંડળો

યુનિવર્સિટીનું અધિકારી મંડળ.

૧૫. યુનિવર્સિટીનું અધિકારીમંડળ નીચે પ્રમાણે રહેશે :–

(૧) વ્યવસ્થાપક બોર્ડ;

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડ;

(૩) નાણાં સમિતિ;

(૪) યુનિવર્સિટીનાં અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવાં બીજા અધિકારી-મંડળો.

INDEX

વ્યવસ્થાપક બોર્ડ.

૧૬. (૧) વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય એક્ઝિક્યુટીવ મંડળ રહેશે;

(૨) વ્યવસ્થાપક બોર્ડની રચના, તેનાં સભ્યોના હોદ્દાની મુદત અને તેની સત્તાઓ અને તેનાં કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

શૈક્ષણિક આયોજન બોર્ડ.

૧૭. (૧) યુનિવર્સિટીના શૈક્ષણિક આયોજન બોર્ડની રચના કરવી જોઈશે, જે યુનિવર્સિટીનું મુખ્ય શૈક્ષણિક અને આયોજન મંડળ રહેશે. બોર્ડ, યુનિવર્સિટીનાં અભ્યાસ, શિક્ષણ, પ્રશિક્ષણ, મૂલ્યાંકન અને પરીક્ષાનું ધોરણ જાળવવાને જવાબદાર રહેશે અને વધુમાં યુનિવર્સિટીના વિકાસને ઉત્તેજન આપવાને પણ જવાબદાર રહેશે અને સ્ટેચ્યુટોથી મળે તેવી અથવા મૂકવામાં આવે તેવી સત્તાઓ વાપરશે અને તેવી બીજી ફરજો અને કાર્યો બજાવશે.

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેની સત્તાઓ અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

નાણાં સમિતિ.

૧૮. નાણાં સમિતિની રચના, સત્તા, ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

બીજા અધિકારી મંડળો.

૧૯. યુનિવર્સિટીનાં અધિકારીમંડળ તરીકે સ્ટેચ્યુટથી જાહેર કર્યા હોય તેવાં બીજા અધિકારી-મંડળોની રચના, સત્તા અને ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ-૫

સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો

સ્ટેચ્યુટો.

૨૦. આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને, સ્ટેચ્યુટથી નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :–

(ક) કુલપતિ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ખ) કુલપતિનું મળતર અને સેવાની બીજી શરતો;

(ગ) અધિકારીઓની નિમણૂકની રીત અને તેમનું મળતર અને નિયામક, રજિસ્ટ્રાર અને બીજા અધિકારીઓ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ઘ) યુનિવર્સિટીના તમામ અધિકારીમંડળોની રચના, આવા અધિકારીમંડળોના સભ્યોના હોદ્દાની મુદત અને આવા અધિકારીમંડળો વાપરી શકે તેવી સત્તા અને બજાવી શકે તેવાં કાર્યો;

(ચ) અધ્યાપકો અને યુનિવર્સિટીના બીજા કર્મચારીઓની નિમણૂકની રીત, નોકરી સમાપ્ત કરવાની રીત અને બીજા શિસ્ત અંગેનાં પગલાં સહિત, લાયકાતો, આચારસંહિતા અને સેવાની અન્ય શરતો;

(છ) ટ્રસ્ટ, વસિયત, દાન અને દેણગી સ્વીકારવા અને તેની વ્યવસ્થા કરવી;

(જ) માનદ્ પદવીઓ એનાયત કરવી;

(ઝ) પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(ટ) યુનિવર્સિટીએ, વિભાગો, સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસના કેન્દ્રો અને અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા અને નિભાવવા;

(ઠ) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોના રજિસ્ટરની જાળવણી;

(ડ) યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકોની અને તેમનું કાર્ય સંચાલન;

(ઢ) અભ્યાસ કેન્દ્રોમાં પ્રવેશ આપવાનાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા;

(ત) આ અધિનિયમની અથવા તે હેઠળના સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે અથવા ઠરાવી શકાય તેવી તમામ અન્ય બાબતો.

INDEX

સ્ટેચ્યુટો ઘડવા બાબત.

૨૧. (૧) પહેલો સ્ટેચ્યુટ રાજ્ય સરકારે ઘડવો જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડ, વખતોવખત નવા અથવા વધારાના સ્ટેચ્યુટો કરી શકશે અથવા પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ સ્ટેચ્યુટો સુધારી અથવા રદ કરી શકશે:

પરંતુ વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને વ્યવસ્થાપક બોર્ડે નક્કી કરેલા સમયની અંદર, સૂચિત સુધારાઓમાં પોતાનો અભિપ્રાય લેખિતમાં રજૂ કરવાની વાજબી તક આપ-વામાં ન આવે અને તેવી રીતે આપેલ અભિપ્રાય ઉપર, વ્યવસ્થાપક બોર્ડે, વિચારણા કરી ન હોય ત્યાં સુધી અથવા અધિકારીમંડળના હોદ્દા, સત્તા અથવા રચનાને સ્પર્શતી કોઈપણ સ્ટેચ્યુટ, ઘડી શકશે નહિ, સુધારી શકશે નહિ અથવા રદ કરી શકશે નહિ.

(૩) દરેક નવો સ્ટેચ્યુટ અથવા સ્ટેચ્યુટોમાંનો ઉમેરો અથવા તેના કોઈ સુધારા અથવા તે રદ કરવાની બાબત, કુલાધિપતિ સમક્ષ રજૂ કરવા જોઈશે, જેઓ તેને મંજૂરી આપશે અથવા મંજૂરી પાછી ખેંચી લેશે અથવા વ્યવસ્થાપક બોર્ડને પોતે અવલોકનો કર્યા હોય તો, તેના અવલોકનોની પુનઃ વિચારણા માટે પરત મોકલાવશે.

(૪) નવો સ્ટેચ્યુટ અથવા વિદ્યમાન સ્ટેચ્યુટને સુધારતો અથવા રદ કરતો સ્ટેચ્યુટ, કુલાધિપતિ તેને મંજૂરી આપે નહિ, ત્યાં સુધી કાયદેસર ગણાશે નહિ.

અધ્યાદેશ.

૨૨. (૧) આ અધિનિયમની અને સ્ટેચ્યુટોની જોગવાઈઓને અધીન રહીને, વ્યવસ્થાપક બોર્ડ નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરવા અધ્યાદેશ કરી શકશે:—

(ક) વિદ્યાર્થીઓના પ્રવેશ, અભ્યાસક્રમ અને તેની ફી, પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને બીજા અભ્યાસક્રમોને લગતી લાયકાતો, ફેલોશીપ, એવોર્ડ અને તેના જોવાજ માનપત્રો આપવા માટેની શરતો;

(ખ) પરીક્ષકોની, મોડરેટરોની અને અન્ય સ્ટાફની નિમણૂકની મુદત અને શરતો અને તેમની ફરજો સહિત પરીક્ષાનું સંચાલન;

(ગ) નીચેના સંબંધી નીતિ અને માપદંડ નક્કી કરવાં:—

(૧) પરીક્ષાની ફી અને પરીક્ષકો, મોડરેટરો અને પરીક્ષા કામ માટે નિમાયેલ આવા અન્ય સ્ટાફનું મળતર, મુસાફરી અને અન્ય ભથ્થાં નક્કી કરવાં બાબત;

(૨) ઓપ અભ્યાસક્રમ, વર્કશોપ, સેમિનારો અને બીજા પ્રોગ્રામોની વ્યવસ્થા અને તેના સંચાલન માટે નીમેલા અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકનકારો અને બીજા શૈક્ષણિક સ્ટાફ માટે ચૂકવણી;

(૩) વિદ્યાર્થીઓ પાસેથી મળવાપાત્ર ટ્યુશન--ફી અને બીજા ચાર્જોના દર;

(૪) મુલાકાતી, પ્રોફેસરો, નિષ્ણાત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલર, કલાકાર, કોર્સ રાઈટરોને આપવાના મહેનતાણાના દર;

(ઘ) વિદ્યાર્થીઓની વર્તણૂક અને શિસ્ત અને શિસ્તભંગ અથવા ગેરવર્તણૂક બદલ તેમની સામે લેવાના પગલાં જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:—

(૧) પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીએ પોતે જ અથવા બીજા વિદ્યાર્થી દ્વારા ગેરરીતિ આચરવા અથવા તેમાં મદદગારી કરવાનો;

(૨) પરીક્ષાના ઈન્ચાર્જ અધિકારીએ અથવા યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધિકારી-મંડળે કરવાની અધિકૃત તપાસમાં હાજર રહેવાની અથવા પુરાવો આપવાની ના પાડવાનો;

(૩) યુનિવર્સિટીની અંદર અથવા બહાર અયોગ્ય અથવા અન્યથા વાંધાજનક વર્તણૂક કરવાનો;

(ચ) પરીક્ષાઓ અને બીજા ટેસ્ટ લેવા અને જે રીતે ઉમેદવારોનું પરીક્ષકો મૂલ્યાંકન કરે અથવા તપાસે તે રીતનો;

(છ) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓની તપાસણી બાબતનો;

(જ) યુનિવર્સિટી માટે અથવા તેના વતી કરારો અથવા કબૂલાતો કરવાની રીતનો;

INDEX

(ઝ) વિદ્યાર્થીઓની બદલીના સંબંધમાં, અભ્યાસ કેન્દ્રોએ અને માન્ય સંસ્થાઓએ પાલન કરવાના અને અમલ કરવાના નિયમોનો;

(ટ) પદવીઓ, ડિપ્લોમા અથવા પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવા માટે પદવીદાન સમારંભો યોજવા અને યુનિવર્સિટીમાં માન્ય અભ્યાસક્રમ પાસ કર્યા હોય અથવા સંશોધન કર્યું હોય તેવી વ્યક્તિઓની માન્યતા બાબતનો;

(ઠ) રાજ્યમાંની બીજી યુનિવર્સિટીઓ અને બીજા વૈધાનિક અધિકારીમંડળો સાથે અને રાજ્ય સરકારના વિભાગો સાથે સહયોગ સાધવા બાબતનો;

(ડ) સંયુકત પ્રોજેકટો હાથ ધરવા માટે અધ્યાપકોની અને બીજી કોઈ યુનિવર્સિટીમાં અથવા સંગઠનમાં કામ કરતા બીજા શૈક્ષણિક સ્ટાફની નિર્દિષ્ટ મુદત અથવા મુદતો માટે નિમણૂક કરવા બાબતનો;

(ઢ) યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની સિનિયોરીટીનું નિયમન કરતા સિદ્ધાંતોનો;

(ત) યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ વચ્ચે તકરારની પતાવટ કરવા માટેની કાર્યરીતિનો;

(થ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની જગાઓની પૂરતી સંખ્યા અનામત રાખવા માટેની જોગવાઈ બાબતનો;

(દ) માન્યતા પાછી ખેંચવાની રીતનો;

(ધ) સામાન્ય રીતે, આપેલી સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા માટે વ્યવસ્થાપક બોર્ડના અભિપ્રાય પ્રમાણે જે તમામ બાબતો માટે જોગવાઈ કરવાનું જરૂરી હોય તે તમામ બાબતનો;

(ન) આ અધિનિયમ અથવા સ્ટેચ્યુટથી જે બાબતો માટે અધ્યાદેશો દ્વારા જોગવાઈ કરવાની હોય અથવા કરી શકાય તેવી બીજી કોઈપણ બાબતનો;

(૨) પ્રથમ અધ્યાદેશો, કુલપતિએ અથવા તેમની ગેરહાજરીમાં રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને વ્યવસ્થાપક મંડળે કરવા જોઈશે અને તેવી રીતે કરેલા અધ્યાદેશો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે વ્યવસ્થાપક બોર્ડ, કોઈપણ સમયે સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં ઉમેરી શકશે.

વિનિયમો.

૨૩. યુનિવર્સિટીના અધિકારી મંડળો, વ્યવસ્થાપક બોર્ડની મંજૂરીને અધીન રહીને, તેના પોતાના અને તેણે નીમેલ હોય તો તેવી સમિતિના કામકાજ ચલાવવા માટે આ અધિનિયમ, સ્ટેચ્યુટ અથવા અધ્યાદેશ સાથે સુસંગત હોય તેવા અને જેના માટે અધિનિયમ, સ્ટેચ્યુટ અથવા અધ્યાદેશમાં જોગવાઈ કરી ન હોય તેવા સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે વિનિયમો કરી શકશે.

નિયમો કરવાની સત્તા.

૨૪. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબતો માટે આવા નિયમો કરી શકાશે:—

(ક) કલમ ૧૨ હેઠળ, નિયામકોની નિમણૂકની રીત, બઢતી અને સેવાની બીજી શરતો;

(ખ) કલમ ૧૩ હેઠળ રજિસ્ટ્રારની નિમણૂકની રીત, બઢતી અને સેવાની બીજી શરતો; અને

(ગ) નિયમોથી ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યારપછી તરત આવતા સત્ર દરમ્યાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કોઈ રદ કરે અથવા જે કાંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

INDEX

પ્રકરણ- ૬

નાણાં

યુનિવર્સિટી ફંડ.

૨૫. (૧) યુનિવર્સિટી "યુનિવર્સિટી ફંડ" એ નામનું એક ફંડ સ્થાપશે.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચેની રકમો ભરી શકાશે :-

(ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, ઈંદિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને આપેલ તમામ ફાળા અથવા ગ્રાંટો;

(ખ) ગમે તે પ્રકારના સાધનોમાંથી યુનિવર્સિટીને થયેલી આવક, આમાં ફી અને ચાર્જની આવકના સમાવેશ થાય છે;

(ગ) ટ્રસ્ટ, વસિયત, દાન, દેણગી, આર્થિક સહાય અને બીજી ગ્રાન્ટોમાંથી થતી તમામ આવક અથવા નાણાં;

(ઘ) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને બેંકોમાંથી ઉછીની લીધેલી કોઈપણ રકમ.

(૩) યુનિવર્સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટીનું "આકસ્મિક ફંડ" હોવું જોઈશે અને નિભાવવું જોઈશે, જેમાં આ હેતુ માટે ખાસ રીતે રાજ્ય સરકારે ફાળા અથવા ગ્રાન્ટ તરીકે વખતોવખત આપી હોય તેવી રકમો જમા કરવી જોઈશે. આણધાર્યા ખર્ચને પહોંચી વળવાના હેતુ માટે પેશગીઓ આપવા માટે જ, આવા ફંડનો ઉપયોગ કરવો જોઈશે.

(૪) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, યુનિવર્સિટી ફંડનો કોઈ ભાગ, વખતોવખત યુનિવર્સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટી જમા કરાવી શકશે:

પરંતુ જે ઉદ્દેશો માટે આવું અલગ ફંડ ઉભું કરવામાં આવ્યું હોય તે ઉદ્દેશોને સ્પષ્ટ રીતે લાગુ પડતી હોય તેવી રકમો જ આવા ખાસ સદરમાં જમા કરવી જોઈશે અને ઉધારવી જોઈશે:

વધુમાં, વ્યવસ્થાપક બોર્ડ, ખાસ ઠરાવ પસાર કરીને, યુનિવર્સિટીના હિસાબમાં અક સદરમાંથી બીજા સદરમાં કામચલાઉ રીતે કોઈપણ રકમની તબદીલીને અધિકૃત કરી શકશે.

સન ૧૯૩૪નો ૨જો. સન ૧૯૪૯નો ૧૦ મો.

(૫) યુનિવર્સિટી ફંડ, વ્યવસ્થાપક બોર્ડના સ્વવિવેકાનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં અથવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા આધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણે, કોઈપણ અનુસૂચિત બેંક જ બેન્કીંગ વિનિયમ અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૨૨ હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કાઢી આપેલ લાઈસન્સ ધરાવતી હોય તે બેન્કમાં રાખવું જોઈશે.

વાર્ષિક નાણાંકીય અંદાજો

૨૬. (૧) આગામી નાણાકીય વર્ષ માટે યુનિવર્સિટીના વાર્ષિક નાણાકીય અંદાજો, નાણાકીય વર્ષના આરંભથી ઓછામાં ઓછા પાંચ મહિના પહેલા વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ તૈયાર કરવા જોઈશે.

(૨) યુનિવર્સિટીનું નાણાંકીય વર્ષ રાજ્ય સરકારના જેવું જ રહેશે.

(૩) નાણાકીય અંદાજ, વ્યવસ્થાપક બોર્ડને તેની મંજૂરી માટે સાદર કરવા જોઈશે.

(૪) વ્યવસ્થાપક બોર્ડ ત્યારપછી, નાણાકીય અંદાજોની નકલો, રાજ્ય સરકારને મોકલવી જોઈશે.

વાર્ષિક હિસાબો અને તેનું ઓડિટ.

૨૭. (૧) નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના હિસાબોનું વાર્ષિક પત્રક, વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ, નાણાકીય વર્ષ બંધ થયા પછી, ત્રણ મહિનાની મુદતની અંદર તૈયાર કરવું જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કરેલ વાર્ષિક હિસાબો, રાજ્ય સરકારે નીમેલા ઓડિટરે ઓડિટ કરવાં જોઈશે.

(૩) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કર્યા પ્રમાણે, વાર્ષિક હિસાબો, વાર્ષિક રિપોર્ટની નકલ અને ઓડિટરે તેના અગાઉના રિપોર્ટમાં ઉઠાવેલ વાંધા અને હોદ્દાઓ ઉપર યુનિવર્સિટીએ લીધેલાં પગલાં દર્શાવતા

INDEX

નિવેદનની એક નકલ સહિત, બનતી ત્વરાએ વ્યવસ્થાપક બોર્ડને અને કોઈપણ સંજોગોમાં નાણાંકીય વર્ષ પૂરું થયે, નવ મહિનાની મુદતની અંદર રાજ્ય સરકારને અને રાજ્ય સરકારે નીમેલા ઓડીટરને મોકલવી જોઈશે.

(૪) કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ અથવા યોજનાઓ સંબંધી હિસાબો, જે રીતે જાળવવા જોઈએ તે રીત સંબંધી અથવા ઓડિટ રિપોર્ટમાં અનિયમિતતા કરવા માટે દોષિત જણાયેલ યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ, અધિકારી અથવા કોઈ કર્મચારી સામે જરૂરી પગલાં લેવાના સંબંધમાં યુનિવર્સિટીને આદેશો આપવાને રાજ્ય સરકાર સક્ષમ ગણાશે અને યુનિવર્સિટીએ રાજ્ય સરકારના આદેશો અનુસાર કાર્ય કરવું જોઈશે.

વાર્ષિક રિપોર્ટ.

૨૮. યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ, વ્યવસ્થાપક બોર્ડના આદેશો હેઠળ તૈયાર કરવો જોઈશે, જેમાં બીજી બાબતો સાથે તેના ઉદ્દેશોનું પાલન કરવા માટે યુનિવર્સિટીએ લીધેલા પગલાંનો સમાવેશ થશે.

રાજ્ય સરકારનું નાણાંકીય નિયંત્રણ.

૨૯. (૧) રાજ્ય સરકારની અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, યુનિવર્સિટી –

(૧) અધિકારીઓની, અધ્યાપકોની અથવા બીજા કર્મચારીઓની કોઈ નવી જગાઓ, ઉભી કરી શકશે નહિ;

(૨) તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલ નાણાંકીય જવાબદારીવાળા પગાર, ભથ્થાં, નિવૃત્તિ પછીના લાભો અને બીજા લાભો સુધારી શકશે નહિ;

(૩) કોઈપણ વિકાસ કામો પરનો કોઈ ખર્ચ જોડી શકશે નહિ.

(૨) રાજ્ય સરકારની અથવા આવા અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, ઊભી કરેલી કોઈ જગા તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલા કોઈ નાણાકીય લાભો અથવા કોઈ વિકાસ કામ અંગે કરેલ કોઈ ખર્ચને સહાયક અનુદાનની ચૂકવણીના હેતુ માટે મંજૂર કર્યા વગરના ખર્ચ તરીકે ગણી શકશે.

પ્રકરણ--૭

પૂરક જોગવાઈઓ

કર્મચારીઓની નોકરીની શરતો.

૩૦. (૧) યુનિવર્સિટીના દરેક કર્મચારીને લેખિત કરારથી નીમવામાં આવશે અને આવો કરાર, આ અધિનિયમ, સ્ટેચ્યુટ અને અધ્યાદેશની જોગવાઈઓ સાથે અસંગત હોવો જોઈએ નહિ.

(૨) પેટા કલમ (૧)માં ઉલ્લેખેલ કરાર, યુનિવર્સિટી પાસે રાખવો જોઈશે અને તેની એક નકલ સંબંધિત કર્મચારીને આપવી જોઈશે.

લવાદી ટ્રિબ્યુનલ.

૩૧. યુનિવર્સિટી અને યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધ્યાપક વચ્ચેના કરારમાંથી ઉપસ્થિત થયેલ કોઈ તકરાર, સંબંધિત અધિકારી અથવા અધ્યાપકની વિનંતી ઉપરથી, વ્યવસ્થાપક બોર્ડે નિયુક્ત કરેલો એક સભ્ય સંબંધિત અધિકારીએ અથવા અધ્યાપકે નિયુક્ત કરેલો એક સભ્ય અને કુલાધિપતિએ, નીમવાના મધ્યસ્થીની બનેલી લવાદી ટ્રિબ્યુનલને લખી મોકલવી જોઈએ. ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાશે અને ટ્રિબ્યુનલે નક્કી કરેલી બાબતના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટમાં દાવો માંડી શકશે નહિ. આવી દરેક વિનંતી, ભારત લવાદી અધિનિયમ, ૧૯૪૦ના અર્થ મુજબ, આ કલમની શરતોએ લવાદીમાં રજૂ કરી હોવાનું ગણાશે અને તે અધિનિયમની જોગવાઈઓ તદ્નુસાર લાગુ પડશે. સન ૧૯૪૦-નો ૧૦મો.

INDEX

સત્તાની સોંપણી.

૩૨. આ અધિનિયમ અને સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા અધિકારી મંડળ હુકમ કરીને સ્ટેચ્યુટો, અધ્યાદેશો અને વિનિયમો કરવાની સત્તા સિવાય, પોતાની અથવા તેની સત્તા પોતાના અથવા તેના નિર્યંત્રણ હેઠળના બીજા કોઈ અધિકારીને અથવા અધિકારી મંડળને સોંપી શકશે અને એવી શરતને અધીન રહેશે કે એ રીતે સોંપેલી સત્તા વાપરવા માટેની છેવટની જવાબદારી, તેને સોંપતા અધિકારી અથવા અધિકારીમંડળમાં સત્તા નિહિત થવાનું ચાલુ રહેશે.

યુનિવર્સિટીના અધિકારી-મંડળો અને મંડળોની રચના સંબંધી તકરારો.

૩૩. (૧) (ક) આ અધિનિયમની અથવા કોઈ સ્ટેચ્યુટ, અધ્યાદેશ, વિનિયમો અથવા નિયમોની કોઈ જોગવાઈના અર્થઘટન અંગે; અથવા

(ખ) કોઈ વ્યકિત, યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નીમાયેલ છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે કે કેમ તે સંબંધી,

કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે, તે બાબત રાજ્ય સરકારને રજૂ કરવી જોઈશે, જેનો તે પરનો નિર્ણય આખરી ગણાશે.

(૨) યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા મંડળમાં નિયુકત કરેલી કોઈપણ વ્યકિત અથવા હોદ્દાની રૂએ નીમેલા સભ્ય, સંબંધિત અધિકારીમંડળ, જ્યારે તેની નિયુકિત અથવા નિમણૂંક રદ કરે અથવા જેની રૂએ તે યુનિવર્સિટીના અધિકારી મંડળ અથવા મંડળનો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો બંધ થાય ત્યારે, પોતાનો હોદ્દો ખાલી કર્યો છે એમ ગણાશે.

પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા બાબત.

૩૪. યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા બીજા કોઈ મંડળના (હોદ્દાની રૂએ હોય તેવા સભ્ય સિવાયના) સભ્યનો હોદ્દો, તેવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં, ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલ્દી, યથાપ્રસંગ, કોઈ એક સભ્ય નીમીને અથવા તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઈશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત તો, જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૩૫. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા અન્ય કોઈ મંડળનું કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદમાં જગા ખાલી પડવાના કારણે જ અમાન્ય ગણાશે નહિ.

અધિકારી-મંડળો અને અધિકારીઓ જવાબદાર હોવા બાબત.

૩૬. યુનિવર્સિટીનું હિત યોગ્ય રીતે સલામત છે, તેવું સુનિશ્ચિત કરવા માટે યુનિવર્સિટીના દરેક અધિકારી મંડળો અને અધિકારીઓની ફરજ ગણાશે.

શુધ્ધબુધ્ધિથી લીધેલા પગલાંનુ રક્ષણ.

૩૭. આ અધિનિયમ સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોની કોઈપણ જોગવાઈ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઈ કાર્ય માટે યુનિવર્સિટીના કોઈ અધિકારી, કર્મચારી અથવા અધિકારીમંડળ સામે કોઈપણ દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

યુનિવર્સિટીના રેકર્ડની સાબિતીની રીત.

૩૮. યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા સમિતિની કોઈ પહોંચ, અરજી, નોટિસ, હુકમ, કાર્યવાહી, ઠરાવની નકલ અથવા યુનિવર્સિટીના કબજામાંના અન્ય દસ્તાવેજો અથવા યુનિવર્સિટીએ યોગ્ય રીતે જાળવેલ કોઈ રજિસ્ટરમાંની કોઈ નોંધ, રજિસ્ટ્રારે પ્રમાણિત કરી હોય તો તે, બાબતોના પુરાવા તરીકે દાખલ કરવી જોઈશે અને તેના નિર્દિષ્ટ કામકાજમાં તેની અસલ નકલ રજૂ કરી હોય તો, પુરાવામાં ગ્રાહ્ય ગણાશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૩૯. આ અધિનિયમની જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત ન થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે.

INDEX

વચગાળાની જોગવાઈઓ.

૪૦. આ અધિનિયમ, અને સ્ટેચ્યુટોમાં ગમે તે મજકૂર હોય તે છતાં,–

(ક) પ્રથમ કુલપતિ, અને પ્રથમ રજિસ્ટ્રારને આ અધિનિયમના આરંભ પછી, ત્રણ વર્ષથી વધુ હોય તેટલી મુદત માટે અને રાજ્ય સરકારને યોગ્ય ગણી તેવી બોલીઓ અને શરતો, રાજ્ય સરકાર, શક્ય હોય તેટલું જલ્દી નીમી શકશે.

(ખ) પ્રથમ વ્યવસ્થાપક બોર્ડ વધુમાં વધુ પંદર સભ્યોનું બનશે, જેઓની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ગ) પ્રથમ શૈક્ષણિક આયોજન બોર્ડ, વધુમાં વધુ અગિયાર સભ્યોનું બનશે. તેઓની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ઘ) પ્રથમ નાણાં સમિતિ વધુમાં વધુ સાત સભ્યોની બનશે. તેઓની નિયુક્તિ રાજ્ય સરકાર કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

રદ કરવા બાબત અને અપવાદ.

૪૧. (૧) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે. **સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૧૫**

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના, મુખ્ય આધનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી મુખ્ય આધનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સ્તરે, પ્રાદેશિક ભાષામાં ઉચ્ચ શિક્ષણ આપતી કોઈ ઓપન યુનિવર્સિટી નથી. તેથી, ઉચ્ચ શિક્ષણ આપવા માટે રાજ્યમાં ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવાનું જરૂરી ગણ્યું છે. રાજ્યના સમૃધ્ધ વારસા પર આધારિત ઓપન યુનિવર્સિટી, શિક્ષણ અને તાલીમ વિસ્તરણ દ્વારા રાજ્યના વિકાસમાં રચનાત્મક ભાગ ભજવવા માટે પ્રયત્ન કરશે અને તેનાથી રાજ્યના લોકોની સંસ્કૃતિને ઉત્તેજન મળશે અને વિકાસ સધાશે.

આ હેતુ માટે, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી, મહિનાની ૧૧મી તારીખે ગુજરાત વિધાનસભામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વિધેયક, ૧૯૯૪ એ નામનું વિધેયક દાખલ કર્યું હતું. પરંતુ સમયના અભાવે ગૃહ તે વિચારણામાં લઈ શકયું નહોતું. તેથી ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વટહુકમ, ૧૯૯૪, સન ૧૯૯૪ના જૂન મહિનાના શૈક્ષણિક વર્ષથી ઓપન યુનિવર્સિટી સ્થાપી શકાય તે હેતુ માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો.

આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોમાં વિધેયકની કેટલીક અગત્યની જોગવાઈઓ સમાવવામાં આવી છે. :—

કલમ–૧.—આ કલમથી, ટૂંકી સંજ્ઞા અને આરંભ માટે જોગવાઈ કરી છે.

કલમ–૨.—આ કલમથી, વ્યાખ્યાઓ માટે જોગવાઈ કરી છે.

કલમ—૩ થી ૭.—આ કલમોથી, યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન, ઉદ્દેશો, સત્તા અને હકૂમત માટે જોગવાઈ કરી છે.

કલમ—૮ થી ૧૪.—આ કલમો, યુનિવર્સિટીના અધિકારીઓ, અને તેમની સત્તા, ફરજો અને કાર્યો સંબંધી છે.

કલમો—૧૫ થી ૧૯.—આ કલમો, યુનિવર્સિટીના જુદા જુદા અધિકારીમંડળોની રચના અને તેમની સત્તા, ફરજો, અને કાર્યો સંબંધી છે.

કલમો—૨૦ થી ૨૪.—આ કલમો, અમુક અધિકારી મંડળ દ્વારા સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો કરવા સંબંધી છે.

કલમ—૨૫.— આ કલમથી, યુનિવર્સિટી ફંડ માટે જોગવાઈ કરી છે.

કલમો—૨૬ થી ૨૯.—આ કલમોથી, રાજ્ય સરકારના વાર્ષિક નાણાંકીય અંદાજો, વાર્ષિક હિસાબ, ઓડિટ, વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવાની અને નાણાંકીય નિયંત્રણ માટે જોગવાઈ કરી છે.

કલમ—૩૦.—આ કલમથી, યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની શરતો માટે જોગવાઈ કરી છે.

કલમ—૩૧.—આ કલમથી, યુનિવર્સિટી અને યુનિવર્સિટીના કોઈપણ અધિકારીઓ અથવા અધ્યાપક વચ્ચેના કરારમાંથી ઉપસ્થિત થતી તકરારના કિસ્સામાં લવાદી ટ્રિબ્યુનલ માટે જોગવાઈ કરી છે.

કલમ—૩૨.—આ કલમથી, યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધિકારીમંડળને સત્તાની સોંપણી કરવા માટે જોગવાઈ કરી છે.

કલમ—૩૩.—આ કલમથી, અધિનિયમના અર્થઘટન અથવા યુનિવર્સિટી, અધિકારી મંડળ અથવા મંડળોની રચના અંગેની તકરારો રાજ્ય સરકારને લખી મોકલવા અને રાજ્ય સરકારના નિર્ણયને આખરી ગણવા માટે જોગવાઈ કરી છે.

કલમ—૩૪ થી ૩૭.—આ કલમથી, પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ ભરવા માટે, જગાઓ ખાલી પડવાને કારણે યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળની કાર્યવાહીઓ અમાન્ય ન ઠરાવવા માટે, યુનિવર્સિટીનું હિત, અધિકારીઓ અને અધિકારીમંડળ દ્વારા સલામત રાખવા અને યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા કર્મચારીઓએ, શુધ્ધબુધ્ધિથી, કરેલા અથવા કરવા ધારેલા કાર્ય માટે ક્ષતિપૂર્તિની જોગવાઈ કરી છે.

કલમ—૩૯.—આ કલમથી, મુશ્કેલીઓ દૂર કરવા રાજ્ય સરકારની સત્તા માટે જોગવાઈ કરી છે.

કલમ—૪૦.—આ કલમથી, અધિનિયમ કર્યા પછી, ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત માટે પ્રથમ કુલપતિ, અને રજિસ્ટ્રારની નિમણૂક કરવા માટે જોગવાઈ કરી છે. વળી, ત્રણ વર્ષની મુદત માટે પ્રથમ વ્યવસ્થાપક બોર્ડ, શૈક્ષણિક આયોજન બોર્ડ અને નાણા સમિતિની રચના કરવા માટે જોગવાઈ કરી છે.

નરહરી અમીન.

INDEX

નાણાંકીય યાદી

વિધેયકની કલમ ૨૫ની પેટા-કલમ (૨)(ક)થી, રાજ્ય સરકારે, બીજાઓ વચ્ચે યુનિવર્સિટી ગ્રાન્ટના અથવા ફાળાની ચુકવણી જણાવી છે. આ જોગવાઈ અધિનિયમિત કરવામાં આવે તો અને તેનો અમલ કરવામાં આવે તો, તેમાં યુનિવર્સિટીને આપવાની ગ્રાન્ટ પેટે રાજ્યના એકત્રિત ફંડમાંથી બે કરોડ અને એકતાળીસ લાખ રૂપિયાના આવર્તક પ્રકારના અંદાજેલ વાર્ષિક ખર્ચનો સમાવેશ થાય છે.

નરહરી અમીન.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :–

કલમ - ૫.–(૧) આ કલમની યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, તે કલમમાં નિર્દિષ્ટ કરેલી સત્તા ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા--કલમ (૩)થી, યુનિવર્સિટીના સંબંધિત અધિકારીમંડળને, જે રીતે માન્ય અભ્યાસક્રમ પૂરો કરવાનો હોય, પરીક્ષા અને ટેસ્ટ પાસ કરવાના હોય તે રીત અને જે વ્યક્તિઓને યુનિવર્સિટી પદવી અને ડિપ્લોમાં આપી શકે અને જેમને પ્રમાણપત્ર આપી શકે તેવી વ્યક્તિઓએ, જે શરતોએ સંશોધન કરવાનું હોય તે શરતો ઠરાવવાની સત્તા મળે છે.

(૩) પેટા--કલમ (૪)થી, વ્યવસ્થાપક બોર્ડને જે રીતે યુનિવર્સિટીએ માનદ્ પદવીઓ અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાના હોય તે રીત, સ્ટેચ્યુટો દ્વારા ઠરાવવાની સત્તા મળે છે.

(૪) પેટા--કલમ (૫) થી, વ્યવસ્થાપક બોર્ડને, યુનિવર્સિટી દ્વારા મળેલા અથવા આપેલા કોઈ પદવી, ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર યુનિવર્સિટી જે રીતે પાછા ખેંચી શકે અથવા રદ કરી શકે તે રીત, સ્ટેચ્યુટોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૫) પેટા--કલમ (૬) થી, યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમના સંબંધમાં દૂરવર્તી શિક્ષણની જે રીત વ્યવસ્થા કરી શકાય તે રીત નક્કી કરવાની, યુનિવર્સિટીને સત્તા મળે છે.

(૬) પેટા--કલમ (૭) થી, યુનિવર્સિટીને પ્રોફેસર, રીડર, લેક્ચરર અને બીજી શૈક્ષણિક જગાઓ માટે લાયકાત ઠરાવવાની સત્તા મળે છે.

(૭) પેટા--કલમ (૯) થી, યુનિવર્સિટીને જુદી જુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવાની સત્તા મળે છે.

(૮) પેટા--કલમ (૧૩) થી, વ્યવસ્થાપક બોર્ડને, સ્ટેચ્યુટમાં દર્શાવેલી રીતે અભ્યાસ કેન્દ્રો સ્થાપવાની, તેને નિભાવવાની અથવા તેને માન્ય કરવાની સત્તા મળે છે.

(૯) પેટા--કલમ (૨૫) થી, વ્યવસ્થાપક બોર્ડને, યુનિવર્સિટીએ નક્કી કરવાના, માગવાનાં અથવા લેવાની ફી અને બીજા ચાર્જ, અધ્યાદેશોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૧૦) પેટા--કલમ (૩૧) થી, વ્યવસ્થાપક બોર્ડને અધ્યાદેશમાં જણાવ્યા પ્રમાણેની બોલીઓ અને શરતોએ, બીજી યુનિવર્સિટીઓમાં, સંસ્થાઓમાં અથવા સંગઠનોમાં કામ કરતી વ્યક્તિને માન્ય કરવાની સત્તા મળે છે.

(૧૧) પેટા--કલમ (૩૨) થી, યુનિવર્સિટીને, અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે ધોરણો નક્કી કરવાની અને શરતો નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ--૮.—આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટોથી યુનિવર્સિટીની સેવામાંના અન્ય અધિકારીઓને, યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ--૧૦.—(૧) આ કલમથી પેટા--કલમ (૨)(ક)(૧)થી, વ્યવસ્થાપક બોર્ડને, સ્ટેચ્યુટોથી ઠરાવેલ રીતે, સમિતિમાં યુનિવર્સિટી સંકળાયેલ ન હોય તેવા એક સભ્યને નિયુકત કરવાની સત્તા મળે છે અને પેટા--કલમ બાબત (૨)થી, તમામ યુનિવર્સિટીના કુલપતિઓના બોર્ડને, સ્ટેચ્યુટોથી ઠરાવેલી રીતે સમિતિમાં એક સભ્યને નિયુકત કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા--કલમ (૫) થી, વ્યવસ્થાપક બોર્ડને, કુલપતિને આપવાનાં મળતર અને જેને અધીન રહીને તે હોદ્દા ધરાવશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યુટથી નક્કી કરવાની સત્તા મળે છે.

INDEX

કલમ ૧૧.–આ કલમની પેટા-કલમ (૬)થી, કુલપતિને, સ્ટેચ્યુટો અને અધ્યાદેશોથી કરાવી શકાય તેવી બીજી સત્તા વાપરવાની અને કાર્યો બજાવવાની સત્તા મળે છે.

કલમ–૧૨.–આ કલમથી, રાજ્ય સરકારને, જે રીતે જે મળતરો અને સેવાની જે શરતોએ ડિરેક્ટરોને નીમવાના હોય તે રીત, મળતરો અને શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ–૧૩.–(૧) આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને જે રીતે જે મળતરો અને સેવાની જે શરતોએ, રજિસ્ટ્રારને નીમવાના હોય તે રીત, મળતરો અને શરતો, ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૩) થી, રજિસ્ટ્રારને, સ્ટેચ્યુટોથી વ્યવસ્થાપક બોર્ડ દ્વારા ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરવાની અને તેવી ફરજો અને કાર્યો બજાવવાની સત્તા મળે છે.

કલમ–૧૪.–આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને, યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂકની રીત, મળતરો અને સત્તા અને ફરજો, સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ–૧૫.–આ કલમની બાબત (૪) થી, વ્યવસ્થાપક બોર્ડને, સ્ટેચ્યુટથી આવા અધિકારી મંડળોને, યુનિવર્સિટીના અધિકારી મંડળો તરીકે જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ–૧૬.–આ કલમની પેટા-કલમ (૨) થી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી તેની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેમની સત્તા અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ–૧૭.–આ કલમની પેટા-કલમ (૨) થી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી શૈક્ષણિક આયોજન બોર્ડની રચના, તેના સભ્યોની મુદત અને તેમણે વાપરવાની સત્તા અને બજાવવાનાં કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ–૧૮.–આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી નાણાં સમિતિની રચના અને સમિતિએ વાપરવાની સત્તા અને બજાવવાની ફરજો અને કાર્યો, ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૧૯.– આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને સ્ટેચ્યુટથી, યુનિવર્સિટીનાં બીજા અધિકારી મંડળોની રચના, ફરજો અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૨૦.– આ કલમથી, વ્યવસ્થાપક બોર્ડને, પેટા-ખંડ (ક)થી (ત)માં જણાવેલી તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત, સ્ટેચ્યુટથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ-૨૧.– આ કલમથી, રાજ્ય સરકારને, પ્રથમ સ્ટેચ્યુટો ઘડવાની સત્તા મળે છે, અને વ્યવસ્થાપક બોર્ડને, તે સ્ટેચ્યુટો કરવાની, સુધારવાની, રદ કરવાની અથવા તેમાં ઉમેરો કરવાની સત્તા મળે છે.

કલમ-૨૨.– આ કલમની પેટા-કલમ (૨)થી, કુલપતિને તેમની ગેરહાજરીમાં, વ્યવસ્થાપક બોર્ડને રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ બાબતો માટે પ્રથમ અધ્યાદેશ કરવાની સત્તા મળે છે અને વ્યવસ્થાપક બોર્ડને, તે અધ્યાદેશો સુધારવાની, રદ કરવાની અથવા તેમાં ઉમેરો કરવાની પણ સત્તા મળે છે.

કલમ–૨૩.– આ કલમથી, યુનિવર્સિટીનાં અધિકારીમંડળોને, વ્યવસ્થાપક બોર્ડની મંજૂરી લઈને, ઠરાવેલી રીતે વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ-૨૪.– આ કલમથી, રાજ્ય સરકારને સામાન્ય રીતે આ અધિનિયમના હેતુઓ અમલમાં લાવવા માટે અને ખાસ કરીને, પેટા-ખંડ (૨)માં નિર્દિષ્ટ તમામ અથવા તે પૈકીના કોઈપણ બાબત માટે, નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ-૩૨ આ કલમથી, અધિકારી અથવા અધિકારીમંડળને, પોતાની અથવા તેની સત્તા, બીજા કોઈપણ અધિકારી અથવા અધિકારીમંડળને સોંપવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાંની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

નરહરી અમીન.

તારીખ : ૯મી જૂન, ૧૯૯૪.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 38

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

[Vol. XXXV] SATURDAY, JUNE 11, 1994/JYAISTHA 21, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી-૯૪નો ૩૦૬ એનપીએલ-૪૫૯૪-૧૭૫૪-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT MUNICIPALITIES (CONDUCT OF ELECTION) RULES, 1994.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સંબંધી જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂન, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો).

ક્રમાંક : કેવી-૯૪-નો ૩૦૬ -એનપીએલ-૪૫૯૪-૧૭૫૪--એમ.—ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬૯ની પેટા-કલમ (૫) સાથે વાંચતા કલમ ૨૭૭ થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૩મી મે, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૯૪નો ૨૯૦-એનપીએલ-૪૫૯૪-૧૭૫૪-એમ હેઠળ તા. ૧૬મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૧, એના પાન ૨૦૧/૧ થી ૨૦૧/૪૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

INDEX

અને સદરહુ મુસદ્દા અંગે એવી રીતે મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા હતા;

તેથી હવે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬ની પેટા-કલમ (૫) સાથે વાંચતા કલમ ૨૭૭ ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરેછે:—

ભાગ–૧

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા:—આ નિયમો 'ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. વ્યાખ્યા:—આ નિયમોમાં સંદર્ભથી. અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો);

(ખ) "મતપેટી" માં, મતદારોએ મતપત્રો નાખવા માટે વાપરેલી કોઈ પેટી, બેગ અથવા અન્ય પાત્રનો સમાવેશ થાય છે;

(ગ) "ગણતરી એજન્ટ" એટલે ચૂંટણી પછી મતપત્રોની ગણતરી કરતી વખતે હાજર રહેવા માટે આ નિયમોના નિયમ ૫૩ હેઠળ પોતાના મત ગણતરી એજન્ટ તરીકે ઉમેદવારે અથવા તેના ચૂંટણી એજન્ટે નીમેલી કોઈ વ્યકિત;

(ઘ) "જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી" એટલે નિયમ ૩ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલા કોઈ અધિકારી;

(ચ) "ચૂંટણી" એટલે, નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અથવા મ્યુનિસિપલ બરોના કોઈપણ વોર્ડની બેઠક અથવા બેઠકોની કોઈ પેટા-ચૂંટણી;

(છ) "ચૂંટણી એજન્ટ" એટલે, આ નિયમોના નિયમ ૧૮ હેઠળ પોતાના ચૂંટણી એજન્ટ તરીકે ઉમેદવારે નીમેલી કોઈ વ્યકિત;

(જ) મ્યુનિસિપલ બરોના સંબંધમાં "મ્યુનિસિપલ મતદાર યાદી" એટલે મ્યુનિસિપલ બરોના તમામ વોર્ડો માટે ચૂંટણી નોંધણી અધિકારીએ પ્રસિધ્ધ કરેલ મતદારોની યાદીઓનો સંગ્રહ;

(ઝ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો કોઈપણ નમૂનો અને તેમાં ગુજરાત રાજ્યમાં સરકારી હેતુઓ માટે વપરાતી કોઈપણ ભાષામાં તેના ભાષાંતરનો સમાવેશ થાય છે;

(ટ) "મતદાન એજન્ટ" એટલે મતદાન દરમિયાન મતદાન મથકમાં હાજર રહેવા માટે નિયમ ૨૧ હેઠળ પોતાના મતદાન એજન્ટ તરીકે ઉમેદવારે અથવા તેના ચૂંટણી એજન્ટે નીમેલી કોઈ વ્યકિત;

(ઠ) "મતદાન અધિકારી" એટલે પ્રમુખ અધિકારીને મદદ કરવા માટે મતદાન અધિકારી તરીકે નિયમ ૨૩ હેઠળ ચૂંટણી અધિકારીએ નીમેલી કોઈ વ્યકિત ;

(ડ) "મતદાન મથક" એટલે ચૂંટણીના સમયે મતદાન લેવા માટે આ નિયમોના નિયમ ૨૨ હેઠળ ચૂંટણી અધિકારીએ નિયત કરેલું સ્થળ;

(ઢ) "પ્રમુખ અધિકારી" એટલે નિયમ ૨૩ હેઠળ ચૂંટણી અધિકારીએ નીમેલી કોઈ વ્યકિત અને તેમાં, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીના કાર્યો પૈકી કોઈ કાર્ય કરવા માટે કોઈ મતદાન અધિકારીનો સમાવેશ થાય છે;

(ત) "ચૂંટણી અધિકારી" એટલે નિયમ ૪ હેઠળ રાજ્ય ચૂંટણી પંચે નીમેલી કોઈ વ્યકિત અને તેમાં મદદનીશ ચૂંટણી અધિકારીનો સમાવેશ થાય છે;

(થ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(દ) "રાજ્ય ચૂંટણી પંચ" એટલે ભારતના સંવિધાનની કલમ ૨૪૩-ઝમાં ઉલ્લેખેલ પંચ;

(ધ) વોર્ડની ચૂંટણીના સંબંધમાં "મતદાર" એટલે તે ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય તેવી કોઈપણ વ્યકિત અને ચૂંટણી નોંધણી અધિકારીએ, પ્રસિધ્ધ કરેલ તે વોર્ડ માટેના મતદારોની યાદીમાં જેના નામનો સમાવેશ કર્યો હોય તે વ્યકિત.

INDEX

ભાગ--૨

ચૂંટણી પ્રક્રિયા

૩. જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીકીની નિમણૂંક.— (૧) જિલ્લાની નગરપાલિકાઓની ચૂંટણી કરવા માટે, રાજય ચૂંટણી પંચ, જે જિલ્લામાં મ્યુનિસિપલ બરો આવેલું હોય તે જિલ્લાના કલેકટરને, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી તરીકે નીમશે;

(૨) જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, રાજય ચૂંટણી પંચના દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, તેના જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણી કરવા માટે સંપૂર્ણ હવાલો ધરાવશે.

૪. ચૂંટણી અધિકારીઓની અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂંક — (૧) નગરપાલિકાની ચૂંટણીઓ કરવા માટે, રાજય ચૂંટણી પંચના નિયમોના નિયમ ૭૨ની જોગવાઈઓને અધીન રહીને, પોતે જરૂરી ગણે તેટલા ચૂંટણી અધિકારીઓના અને મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂંક કરી શકશે.

(૨) ચૂંટણી અધિકારી મૂકે તેવા નિયંત્રણોને અધીન રહીને, મદદનીશ ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારીના તમામ અથવા કોઈપણ સત્તા વાપરી શકશે:

પરંતુ નિયમો ૬ થી ૧૧, ૧૩ ૧૧, ૧૬, ૧૮, ૪૨, ૫૦ થી ૫૩ અને ૫૮ થી ૬૯ હેઠળ ચૂંટણી અધિકારી વાપરી શકે કે સત્તા, મદદનીશ ચૂંટણી અધિકારી વાપરી શકશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીના સામાન્ય માર્ગદર્શન અને, દેખરેખ હેઠળ કામ કરશે.

૫. ચૂંટણીના ઈરાદાની જાહેર નોટિસ.— (૧) નીચેના પેટા-નિયમો (૨) થી (૭) અને અધીન રહીને, નગરપાલિકાની ચૂંટણીના ઈરાદાની નમૂના ૧ મુજબની જાહેર નોટિસ રાજય ચૂંટણી પંચે આપવી જોઈએ અને તેમાં ઉમેદવારો પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉમેદવારી પત્રોના ચકાસણી માટેની તારીખ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની છેલ્લી તારીખ અને જરૂરી હોય તો, ચૂંટણીની તારીખ જણાવવી જોઈશે.

(૨) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, ઉપરના પેટા-નિયમ (૧) હેઠળની જાહેર નોટિસની પ્રસિધ્ધિની તારીખ પછીના સાતમા દિવસની રહેશે અથવા જો તે દિવસ જાહેર રજાનો દિવસ હોય તો, તે પછીના જાહેર રજાનો દિવસ ન હોય તેવા તેની તરત પછીના દિવસની રહેશે.

(૩) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ, ઉમેદવારી પત્રોના ભરવા માટેની છેલ્લી તારીખ પછીના દિવસની રહેશે.

(૪) ઉમેદવારી પાછી ખેંચવાની માટેની છેલ્લી તારીખ, ઉમેદવારીપત્રોની ચકાસણી માટેની તારીખ પછી બીજા દિવસની રહેશે.

(૫) ચૂંટણીની તારીખ, ઉમેદવારી પાછી ખેંચવા માટેની છેલ્લી તારીખના પચીસ દિવસ કરતાં વહેલી હોવી જોઈશે નહિ.

(૬) જેના માટે જાહેરનોટિસ આપી હોય તે ચૂંટણીના હેતુઓ માટે, આવી જાહેર નોટિસની તારીખે અમલમાં હોય તેવી મ્યુનિસિપલ મતદાર યાદી, પ્રસ્તૃત ગણાશે અને ચૂંટણી પૂરી ન થાય ત્યાંસુધી આવી યાદીમાં કોઈ ઉમેરો કરવાની પરવાનગી આપી શકાશે નહિ.

૬. ઉમેદવારીપત્રો મંગાવતી ચૂંટણી અધિકારીની નોટિસ.— નિયમ ૫ હેઠળ જાહેર નોટિસ બહાર પાડવામાં આવે કે તરત, ચૂંટણી અધિકારી, આવી ચૂંટણી માટેના ઉમેદવારોના ઉમેદવારી પત્રો મંગાવી અને ઉમેદવારી પત્રો સોંપવાના હોય તેનો સમય અને સ્થળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટેનો સમય અને સ્થળ અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ કયા સમયે અને કયા સ્થળે સોંપવાની છે તે સમય અને સ્થળ નિર્દિષ્ટ કરતા નમૂના-૨ મુજબની જાહેર નોટિસ બહાર પાડશે.

૭. ઉમેદવારી પત્રો:— (૧) દરેક ઉમેદવારી પત્ર, નમૂના ૩ મુજબ હોવું જોઈશે.

(૨) દરેક ઉમેદવારી પત્રમાં, ઉમેદવારનું નામ, ઉંમર, જાતિ અને સરનામાની સંપૂર્ણ વિગતો હોવી જોઈશે, અને તેમાં જેઓ તે વોર્ડની ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય અને જેના નામનો તે વોર્ડ માટે મતદાર યાદીમાં સમાવેશ થયેલો હોય તેવી બે વ્યકિતઓ, એક દરખાસ્ત કરનાર અને બીજી ટેકો આપનારની સહી હોવી જોઈશે અને એવી રીતે ઉમેદવારી કરવાની પોતાની સંમતિના પ્રતિક રૂપે ઉમેદવારની સહી હોવી જોઈશે.

(૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને બીજા પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામતને અધીન રહીને, જે વ્યકિત નગરપાલિકાની ચૂંટણીમાં મત આપવાને હકદાર હોય અને જેના નામો મ્યુનિસિપલ મતદાર યાદીમાં સમાવેશ કરેલ હોય તે વ્યકિત કોઈપણ વોર્ડમાંથી ચૂંટણી લડી શકશે.

(૪) જુદા જુદા મતદારો ઉમેદવાર વતી એક કરતાં વધુ ઉમેદવારી પત્રો ફાઈલ કરી શકાશે, પણ ઉમેદવાર વતી ફાઈલ કરેલ કુલ ઉમેદવારી પત્રો વોર્ડ દીઠ ચાર કરતાં વધુ હોવા જોઈશે નહિ. ચાર કરતાં વધુ ઉમેદવારો પત્રો પાસે રજૂ હોય તો, પ્રથમ રજૂ કરેલ ચાર ઉમેદવારી પત્રો વિચારણામાં લેવામાં આવશે અને બાકીના સંક્ષિપ્ત રીતે નામંજૂર કરવામાં આવશે.

INDEX

(૫) મતદાર એક કરતાં વધુ ઉમેદવારની દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે દરખાસ્ત કરી શકશે નહિ. મતદારે એક કરતાં વધુ ઉમેદવારો માટે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનાર તરીકે ઉમેદવારી પત્રો ઉપર સહી કરી હોય ત્યારે, ચૂંટણી અધિકારીને પ્રથમ મળેલ એક સિવાયના અન્ય તમામ ઉમેદવારી પત્રો અમાન્ય જાહેર કરવામાં આવશે.

(૬) ઉપર્યુક્ત ભરેલ અને સહી કરેલ દરેક ઉમેદવારી પત્ર કચેરીના સમય દરમિયાન પણ નિયમ ૬ હેઠળ ચૂંટણી અધિકારીએ બહાર પાડેલી નોટિસમાં આ અર્થે નિર્દિષ્ટ કરેલા સ્થળે ઉમેદવારોના ઉમેદવારી પત્રો માટે નક્કી કરેલા દિવસોએ બપોરના ત્રણ વાગ્યા પહેલા ઉમેદવાર અથવા દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનારે જાતે ચૂંટણી અધિકારીને સોંપવું જોઈશે.

(૭) ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્ર મળ્યે, ઉમેદવારી પત્રમાં તેનો અનુક્રમ નંબર નોંધશે અને કઈ તારીખે અને કયા સમયે ઉમેદવારી પત્ર પોતાને સોંપવામાં આવ્યું તે જણાવતા તેની ઉપરના પ્રમાણપત્રમાં સહી કરશે.

(૮) જે ઉમેદવાર, યથાપ્રસંગ, અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગના ઉમેદવાર તરીકે માન્ય ગણવા ઇચ્છતા ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર સાથે જાતિ/આદિજાતિ/વર્ગનું પ્રમાણપત્ર કાઢી આપવા માટે રાજ્ય સરકારે નિયત કરેલા સક્ષમ સત્તાધિકારીએ કાઢી આપેલ આવા પ્રમાણપત્રની અધિકૃત ઝેરોક્ષ નકલ રજૂ કરવી જોઈશે.;

ઉમેદવારી પત્રની ચકાસણી વખતે અનામત બેઠક સામે ચૂંટાવાને પાત્ર ગણવામાં આવે તેવા ઉમેદવારના દરજ્જા સંબંધી કોઈ તકરાર ઉભા થાય ત્યારે ચૂંટણી અધિકારી, ઉમેદવારને ઉપર ઉલ્લેખેલા પ્રમાણપત્રની મૂળ નકલ અને/અથવા ઉમેદવારના દાવાના સમર્થનમાં બીજા કોઈ દસ્તાવેજો રજૂ કરવાનું જણાવી શકશે. આવા પુરાવાની ચકાસણી કર્યા પછી, ચૂંટણી અધિકારી, અનામત બેઠક ઉપર ચૂંટાવા માટે પાત્ર થવા ઉમેદવારોનો દાવો સ્વીકારવામાં આવ્યો છે કે નહિ તે જાહેર કરશે. દાવો સ્વીકારવામાં આવ્યો ન હોય તો ઉમેદવારને સામાન્ય ઉમેદવાર તરીકે ગણવામાં આવશે. અને તે કિસ્સામાં તે, નિયમ ૧૭ હેઠળ ઠરાવ્યા પ્રમાણે ડિપોઝીટમાં ખૂટતી રકમ તરત જ જમા કરશે અથવા જમા કરાવડાવશે.

૮. ઉમેદવારી પત્રોની ચકાસણી.—નિયમ ૫ હેઠળ ઉમેદવારી પત્રોની ચકાસણી માટે નક્કી કરેલી તારીખે અને સમયે ચૂંટણી અધિકારી ઉમેદવારી પત્રો તપાસશે અને કોઈ ઉમેદવારી અંગે લેવામાં આવે તેવા તમામ વાંધાઓનો નિર્ણય કરશે અને આવા વાંધા ઉપરથી અથવા પોતે જરૂરી ગણે તેવી કોઈ સંક્ષિપ્ત તપાસ કર્યા પછી પોતાની મેળે નીચેના કોઈપણ કારણોસર ઉમેદવારી પત્રને અમાન્ય જાહેર કરી શકશે.

(૧) મ્યુનિસિપલ મતદાર યાદીમાં શહેરની મ્યુનિસિપલ બરોના મતદાર તરીકે ઉમેદવારની નોંધણી કરવામાં આવી નથી;
(૨) ઉમેદવારે નિયમ--૧૭માં ઉલ્લેખેલી ડીપોઝીટની રકમ મૂકી નથી અથવા મૂકાવડાવી નથી.;
(૩) ઉમેદવાર, કાઉન્સિલર તરીકે ચૂંટાવા માટે જરૂરી ઓછામાં ઓછી ઉંમરનો નથી;
(૪) ઉમેદવાર, અધિનિયમની કોઈ જોગવાઈઓ હેઠળ કાઉન્સિલર બનવા માટે ગેરલાયક થયો છે;

(૫) જે વોર્ડ માટે ઉમેદવારી પત્ર ફાઈલ કરવામાં આવ્યું હોય તે વોર્ડનાં મતદાર તરીકે દરખાસ્ત કરનાર અથવા ટેકો આપનારનું નામ નોંધાયું નથી.;

(૬) ઉમેદવારી પત્ર ઉપર ઉમેદવારની અથવા દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી સાચી નથી.;

(૭) ઉમેદવારી પત્ર ઉપર દરખાસ્ત કરનારની અથવા ટેકો આપનારની સહી આ ઉમેદવારી પત્ર પહેલાં ચૂંટણી અધિકારીને સોંપવામાં આવ્યું હોય તેવા બીજા ઉમેદવારી પત્ર ઉપર પણ કરવામાં આવી છે.

૯. માન્ય દરખાસ્તવાળા ઉમેદવારોનું વર્ગીકરણ.—માન્ય દરખાસ્તવાળા ઉમેદવારોનું નીચેના વર્ગોમાં વર્ગીકરણ કરવું જોઈશે :—

(ક) "સામાન્ય સ્ત્રી ઉમેદવાર" જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા બિન અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

(ખ) "અનુસૂચિત જાતિની સ્ત્રી ઉમેદવાર" જે સામન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિન અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

(ગ) "અનુસૂચિત આદિજાતિની સ્ત્રી ઉમેદવાર".—જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય, પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

(ઘ) "અન્ય પછાત વર્ગની સ્ત્રી ઉમેદવાર" જે સામાન્ય સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક માટે અથવા અન્ય પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રાખેલી બેઠક અથવા અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે,

INDEX

(ચ) "અનુસૂચિત જાતિના પુરુષ ઉમેદવાર"— જે અનુસૂચિત જાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(છ) "અનુસૂચિત આદિજાતિના પુરુષ ઉમેદવાર"—જે અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-- અનામત બેઠક માટે ચૂટવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે ;

(જ) " અન્ય પછાત વર્ગોના પુરુષ ઉમેદવાર"-- જે અન્ય પછાત વર્ગો માટે અનામત રાખેલી બેઠક માટે અને બિન-- અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે;

(ઝ) " સામાન્ય પુરુષ ઉમેદવાર --"જે બિન-અનામત બેઠક માટે ચૂંટાવાને હકદાર હોય પણ બીજી કોઈ બેઠક માટે ચૂંટાવાને હકદાર ન હોય તે

૧૦. માન્ય દરખાસ્તવાળા ઉમેદવારોની યાદી.-- તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કરવામાં આવી હોય અને તેના સ્વીકાર અથવા અસ્વીકાર ના નિર્ણયો નોંધવામાં આવ્યા હોય તે પછી, તરત જ, ચૂંટણી અધિકારીએ નમૂના ૪ મુજબ માન્ય દરખાસ્તવાળા ઉમેદવારોની તેમના વર્ગીકરણ સહિત યાદી તૈયાર કરવી જોઈશે અને પોતાની કચેરીમાં લોકોની જાણ માટે પ્રદર્શિત કરવી જોઈશે.

૧૧. ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ.-- કોઈ માન્ય દરખાસ્તવાળા ઉમેદવાર તે ચૂંટણી લડવા માંગતો નથી એવી નિયમ ૫ (૪) હેઠળ નક્કી કરેલા દિવસે બપોરના ત્રણ વાગ્યા પહેલાં, ચૂંટણી અધિકારીને નમૂના ૫ મુજબ લેખિત નોટીસ જાતે પહોંચાડીને પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. ચૂંટણી અધિકારીએ, કયા સમયે અને કઈ તારીખે તે પહોંચાડવામાં આવી છે તે સમય અને તારીખની તેના ઉપર નોંધ કરવી. જે ઉમેદવારે ઉપર્યુક્ત રીતે ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટીસ આપી હોય તે ઉમેદવાર, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ રદ કરી શકશે નહિ.

પરંતુ ઉમેદવાર જેલમાં અથવા પોલીસ કસ્ટડીમાં હોવાને કારણે પોતાની ઉમેદવારી પાછી ખેંચવાની અરજી જાતે પહોંચાડી શકે તેમ ન હોય ત્યારે, તે પોતે આ અર્થે અધિકૃત કરેલી વ્યકિત, તેના વતી તે અરજી પહોંચાડી શકશે.

૧૨. જેમના નામની માન્ય દરખાસ્ત કરી ન હોય તો.-- ઉમેદવારી પત્રો પાછા ખેંચવા માટેનો નક્કી કરેલ સમય પૂરો થયા પછી, કોઈ માન્ય દરખાસ્તવાળો ઉમેદવાર ન હોય તે, કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ ખાલી પડેલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી જોઈશે.

૧૩. બિન-હરીફ ચૂંટણી.-- ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, જેમના નામની માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી હોય તો ઉમેદવારની સંખ્યા, જગાઓ કરતાં ઓછી હોય અથવા સરખી હોય તો એવી રીતે નિયુકત થયેલી તમામ વ્યકિતઓ બિન હરિફ ચૂંટાયેલી ગણાશે અને બાકીની જગા અથવા જગાઓ હોય તો તે, માટે કોઈ કાઉન્સિલર ચૂંટાયો નથી એમ ગણાશે અને અધિનિયમની કલમ ૧૮ હેઠળ આવી ખાલી પડેલી જગા અથવા જગાઓ પૂરવા માટેની કાર્યવાહી હાથ ધરવી જોઈશે.

સ્પષ્ટીકરણ.-- આ નિયમના હેતુ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે કોઈ વ્યકિત, પોતે અનામત બેઠક માટે ચૂંટાવાપાત્ર હોય તે સિવાય, તેને આવી અનામત બેઠક માટે નામની દરખાસ્ત કરી હોવાનું ગણી શકાશે નહિ.

૧૪. હરિફાઈવાળી ચૂંટણી અને હરીફ ઉમેદવારો.--.—ઉમેદવારી પાછી ખેંચી લીધા પછી, માન્ય દરખાસ્તવાળા ઉમેદવારોની સંખ્યા, જગ્યાઓ કરતાં વધુ હોય તો, કાઉન્સિલરોની ચૂંટણી માન્ય દરખાસ્તવાળી વ્યકિતઓમાંથી કરવી અને આવી ચૂંટણીને "હરિફાઈવાળી ચૂંટણી" કહેવી અને આવી વ્યકિતઓને "હરિફ ઉમેદવારો " કહેવા.

૧૫. હરીફ ઉમેદવારોના પ્રતીકો ફાળવવા બાબત.-- (૧) રાજ્ય ચૂંટણી પંચ, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારો પસંદ કરે તેવા પ્રતીકો નિર્દિષ્ટ કરશે અને તેમની પસંદગી જે નિયંત્રણોને આધીન હોય તે નિયંત્રણો નિર્દિષ્ટ કરશે.

(૨) ઉમેદવારોની ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખના તરત પછીના દિવસે, ચૂંટણી અધિકારી, નીચેની રીતે હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવાની કાર્યવાહી શરૂ કરશે.

(૩) ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) હુકમ ૧૯૬૮ હેઠળ ગુજરાત રાજ્યમાં માન્ય રાજકીય પક્ષો ઉભા કરેલ ઉમેદવારો માટે, ચૂંટણી અધિકારીએ, સદરહુ હુકમ હેઠળ તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતીક ફાળવવું જોઈશે :

પરંતુ આવો રાજકીય પક્ષ, કોઈપણ વોર્ડમાં બેઠક દીઠ માત્ર એક ઉમેદવાર ઉભો રાખી શકશે. પક્ષે સ્ત્રીઓ અથવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાત અથવા બીજા પછાત વર્ગો માટે અનામત રાખેલ બેઠક અથવા પ્રથમ બિનઅનામત બેઠક અથવા યથાપ્રસંગ બીજી બિન અનામત બેઠક માટે પોતાનો કયો ઉમેદવાર છે તે સ્પષ્ટ રીતે જણાવવું જોઈશે.

સ્પષ્ટીકરણ.-- માન્ય રાજકીય પક્ષ દ્વારા ઉભા રાખેલ ઉમેદવારને માન્ય રાખવા માટે ઉમેદવારે, નિયમ ૧૧માં નિર્દિષ્ટ કરેલ ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ પહેલાં, ગુજરાતમાં તે પક્ષના રાજ્ય એકમના પ્રમુખે અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિતએ તે મતલબનો સહી કરેલ પત્ર રજૂ કરવો જોઈશે.

INDEX

(૪) ઉમેદવારે અથવા તેના વતી, એક કરતાં વધારે ઉમેદવારી પત્રો પહોંચાડયા હોય ત્યારે, પ્રથમ પહોંચાડવામાં આવેલા ઉમેદવારી-પત્રમાં પસંદ કરેલા પ્રતીકો પસંદ કરવામાં આવશે અને બીજા કોઈ પ્રતીકો પસંદ કરવાની વિચારણા કરવામાં આવશે નહિ. પછી. ભલે તે ઉમેદવારી પત્ર નામંજૂર કર્યું હોય.

(૫) ચૂંટણી અધિકારી, હરીફ ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્રમાં દર્શાવેલ પ્રતીકોની પસંદગી ધ્યાનમાં લેશે, અને

(ક) શકય હોય ત્યાં સુધી તેની પસંદગીને અનુરૂપ હોય તે પ્રમાણે દરેક હરીફ ઉમેદવારને જુદા જુદા પ્રતીક ફાળવશે; અને

(ખ) એકથી વધુ ઉમેદવારો એક જ પ્રતીક માટે પોતાની પસંદગી દર્શાવે, તો તે ઉમેદવારોમાંથી કયા ઉમેદવારોને તે પ્રતીક ફાળવવું તે (કોમ્પ્યુટર દ્વારા ડ્રો કરવા સહિત) ચિઠ્ઠી નાંખીને નક્કી કરવામાં આવશે.

(૬) સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતીક વર્તુળમાં હોવું જોઈશે.

(૭) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોના ઉમેદવારોને ફાળવેલ પ્રતીક ચોરસમાં હોવું જોઈશે.

(૮) અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોના સ્ત્રી ઉમેદવારોને ફાળવેલ પ્રતીક, ચોરસની અંદર વર્તુળમાં હોવું જોઈશે.

(૯) વોર્ડમાં એક કરતાં વધુ સ્થળે બિન-અનામત જગા માટે ચૂંટણી કરવાની હોય ત્યારે, અન્ય રાજકીય પક્ષના પ્રથમ ઉમેદવારને, તે પક્ષ માટે અનામત રાખેલ પ્રતીક ફાળવવામાં આવશે અને બીજા ઉમેદવારને, તે અનામત રાખેલ પ્રતીક ચોરસમાં રાખવામાં આવશે.

(૧૦) આ અર્થે રાજ્ય ચૂંટણી પંચ પોતે યોગ્ય ગણે તેવી રીતે જે કિસ્સામાં ફાળવણી સુધારે તેમાં રાજ્ય ચૂંટણી પંચે કાઢેલ સામાન્ય આદેશો સાથે સુસંગત ન હોય તે સિવાય, ઉમેદવારને ચૂંટણી અધિકારીએ કોઈ પ્રતીક ફાળવ્યું હોય તો તેમનો નિર્ણય આખરી ગણાશે.

૧૬. હરીફ ઉમેદવારોની યાદી.– (૧) હરીફ ઉમેદવારોને પ્રતીકોની ફાળવણી પૂરી થયા પછી, તરત જ, ચૂંટણી અધિકારી, તમામ હરીફ ઉમેદવારોના નામ અને તેમને ફાળવવામાં આવેલા પ્રતીકો જણાવતી ગુજરાતી ભાષામાં કક્કાવારીના ક્રમમાં નમુના ૬ મુજબ હરીફ ઉમેદવારોની યાદી તૈયાર કરશે.

(૨) દરેક ઉમેદવારનું નામ, તેના ઉમેદવારી પત્રમાં જણાય તે પ્રમાણે સંદરહુ યાદીમાં દર્શાવવામાં આવશે;

પરંતુ ઉમેદવારને એમ જણાય કે પોતાના નામની જોડણી ખરી નથી અથવા પોતાના ઉમેદવારીપત્રમાં અન્યથા સાચી દર્શાવી નથી અથવા જે પ્રચલિત નામથી ઓળખાતો હોય તે નામથી જુદું છે, ત્યારે તે, હરીફ ઉમેદવારોની યાદી તૈયાર થાય તે પહેલાં કોઈપણ સમયે, યોગ્ય નમુનામાં અને પોતાના નામની જોડણી ચૂંટણી અધિકારીને લેખિતમાં મોકલવી જોઈશે અને ચૂંટણી અધિકારીને વિનંતીથી યથાર્થતા અંગે ખાતરી થયેથી, તે જરૂરી ભૂલ સુધારશે અથવા નમૂના ૬ પ્રમાણે યાદીમાં ફેરફાર કરશે અને હરીફ ઉમેદવારોની યાદીમાં તે નમૂનો સ્વીકારશે અને જોડણી સુધારશે.

(૩) બે અથવા વધુ ઉમેદવારો એક જ નામ ધરાવતા હોય તો, તેમના ધંધા અથવા રહેઠાણથી અથવા ચૂંટણી અધિકારી યોગ્ય ગણે તેવી બીજી અમુક રીતે, ઉમેરો કરીને તે નામને જુદુ પાડશે.

(૪) ચૂંટણી અધિકારી, શકય હોય તેટલું જલ્દી આવા દરેક ઉમેદવારને અથવા તેના ચૂંટણી એજન્ટને હરીફ ઉમેદવારોની યાદીની એક નકલ પૂરી પાડશે.

(૫) ચૂંટણી અધિકારીએ, શકય હોય તેટલું જલ્દી, હરીફ ઉમેદવારોની યાદી, રાજપત્રમાં પ્રસિધ્ધ કરાવવી જોઈશે અને વળી તે, પોતાની કચેરીમાં, મદદનીશ ચૂંટણી અધિકારીઓની કચેરીઓમાં, નગરપાલિકામાં અને પોતે યોગ્ય ગણે તેવા બીજા સ્થળોએ પ્રદર્શિત કરવી જોઈશે.

૧૭. ડીપોઝીટ અને રિફન્ડ બાબત.—(૧) નિયમ ૧૫ના પેટા-નિયમ (૨) હેઠળ નક્કી કરેલ ઉમેદવારી પત્રો ભરવા માટેની છેલ્લી તારીખે અથવા તે પહેલાં દરેક ઉમેદવારે ચૂંટણી અધિકારી પાસે રૂપિયા પાંચસોની રકમ રોકડમાં જમા કરવી પડશે અથવા જમા કરાવડાવી પડશે અને આવી ડીપોઝીટની રકમ જમા કરાવ્યા સિવાય, કોઈ ઉમેદવાર યોગ્ય રીતે નિયુકત થયેલો છે એમ ગણાશે નહિ.

પરંતુ ઉમેદવાર સ્ત્રી હોય અથવા અનુસૂચિત જાતિ, અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગનો હોય ત્યારે, ડીપોઝીટની રકમ બસો પચાસ રૂપિયા સુધી ઘટાડવામાં આવશે.

વધુમાં ઉમેદવારનો અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગોના હોવાનો દાવો નામંજૂર કરવામાં આવ્યો અને તેને, નિયમ ૩૭ના પેટા-નિયમ (૮)ના ખંડ (૨) હેઠળ સામાન્ય ઉમેદવાર તરીકે જાહેર કરવામાં આવે ત્યારે, ઉમેદવારે, તરત જ ચૂંટણી અધિકારી પાસે ખૂટતી બસો પચાસ રૂપિયાની રકમ રોકડમાં જમા કરવી પડશે અથવા જમા કરાવડાવવી પડશે.

INDEX

(૨) ડીપોઝીટ પરત કરવામાં આવશે જો–

(૧) ઉમેદવાર, ચૂંટાયેલો જાહેર થાય અથવા યોગ્ય રીતે ચૂંટાયેલો હોવાનું ગણવામાં આવે તો, અથવા
(૨) આ નિયમોની જોગવાઈઓ મુજબ ઉમેદવારે પોતાનું ઉમેદવારી પત્ર પાછું ખેંચી લીધું હોય; અથવા
(૩) ઉમેદવારનું ઉમેદવારીપત્ર અમાન્ય જાહેર કરવામાં આવ્યું હોય; અથવા
(૪) મતદાન શરૂ થાય તે પહેલાં ઉમેદવાર મૃત્યુ પામે; અથવા
(૫) ઉમેદવાર ચૂંટાવામાં નિષ્ફળ ગયો હોય, પણ પેટા-નિયમ (૩)માં નિર્દિષ્ટ કરેલી સંખ્યા કરતા વધું માન્ય મતો મેળવ્યા હોય;

(૩) ઉમેદવાર ચૂંટાયો ન હોય અને તેને મળેલા માન્ય મતોની સંખ્યા થયેલા મતદાનના માન્ય મતોની કુલ સંખ્યાને વોર્ડમાં ચૂંટવાના કાઉન્સિલરોની સંખ્યા વડે ભાગતા જે આવે તેના છઠા ભાગ કરતાં વધુ ન હોય તો તેની ડિપોઝીટ જપ્ત થશે.

(૪) ડિપોઝીટની રકમ જપ્ત કરવામાં આવી ન હોય તો, નિયમ ૬૩ હેઠળ ચૂંટણીનું પરિણામ જાહેર થયા પછી શકય તેટલી જલદી તે પરત કરવામાં આવશે :

પરંતુ ઉમેદવાર સામાન્ય ચૂંટણીમાં એક કરતાં વધુ વોર્ડમાં યોગ્ય રીતે નિયુકત થયેલા હોય તો તેણે અથવા તેના વતી મૂકેલી એક કરતાં વધુ ન હોય તેટલી ડિપોઝીટ પરત કરવામાં આવશે અને બાકીની ડિપોઝીટો જપ્ત કરવામાં આવશે :

વધુમાં ડિપોઝીટ પરત કરવામાં આવે તે પહેલાં, ઉમેદવાર મૃત્યુ પામે, ત્યારે, તેના કાયદેસરના વારસદારોને તે પરત કરવામાં આવશે.

૧૮. મતદાન એજન્ટ.—(૧) હરીફ ઉમેદવાર નમૂના ૭ મુજબ નોટિસ આપીને કોઈપણ વ્યકિતને પોતાના ચૂંટણી એજન્ટ તરીકે નીમી શકશે. આવી નિમણૂંકની નોટિસ ચૂંટણી અધિકારીને તેની બે નકલો મોકલાવીને આપવી જોઈશે, જેઓ તેની એક નકલ નિમણૂંકની પોતાની મંજૂરીના પ્રતિક રૂપે તેના ઉપર સિકકો મારી અને સહી કર્યા પછી, ચૂંટણી એજન્ટોને પરત કરશે.

(૨) પેટા નિયમ (૧) હેઠળ ચૂંટણી એજન્ટની નિમણૂંક રદ કરતો આદેશ, નમૂના ૮ મુજબ કરવો જોઈશે.

ભાગ—૩

મતદાન

૧૯. મતદાન.—હરિફાઈવાળી ચૂંટણીની બાબતમાં, નિયમ ૫ હેઠળ જણાવેલી તારીખે મતદાન લેવામાં આવશે;

૨૦. મતદાનનો સમય.—રાજય ચૂંટણી પંચ, મતદાન શરૂ કરવાનો સમય અને તે બંધ કરવાનો સમય નક્કી કરશે, મતદાન માટે નક્કી કરેલ સમય, રાજયપત્રમાં જાહેરનામા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે.

૨૧. મતદાન એજન્ટો.—(૧) ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ, રાજય ચૂંટણી પંચ આ અર્થે, વખતોવખત કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશોને અધીન રહીને, જે વોર્ડમાંથી આવો ઉમેદવાર ચૂંટણી લડવાનો હોય તે વોર્ડના દરેક મતદાન મથકે, મતદાનના સમયે મતદાન મથકમાં પોતાના વતી હાજર રહેવા માટે મતદાન એજન્ટ નીમી શકશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ નીમવામાં આવે તેવા, મતદાન મથક દીઠ એક એજન્ટ અને બે રીલીફ એજન્ટ રહેશે.

(૩) આવી દરેક નિમણૂંક નમૂના ૯ મુજબ કરવી જોઈશે અને મતદાન મથકે રજૂ કરવા માટે મતદાન એજન્ટને સોંપી દેવો જોઈશે.

(૪) કોઈપણ મતદાન એજન્ટને પેટા-નિયમ (૧) હેઠળ પોતાની નિમણૂંકનો પત્ર યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલ એકરાર ઉપર પ્રમુખ અધિકારી સમક્ષ ભરીને સહી કર્યા પછી, પ્રમુખ અધિકારીને તે આપે તે સિવાય, મતદાન મથકમાં દાખલ થવા દેવામાં આવશે નહિ.

(૫) મતદાન એજન્ટની નિમણૂક રદ કરતો પત્ર, નમૂના ૧૦ મુજબ હોવો જોઈશે અને પ્રમુખ અધિકારીને આપવો જોઈશે.

૨૨. મતદાન મથકો.—જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, રાજય ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી લઈને દરેક વોર્ડ માટે, પોતે જરૂરી ગણે તેટલા મતદાન મથકો પસંદ કરશે અને તેવી રીતે પસંદ કરેલા મતદાન મથકોની યાદી, અને તેમાં આવરી લીધેલ સંબંધિત મતદાન વિસ્તાર પ્રસિધ્ધ કરશે.

૨૩. પ્રમુખ અધિકારીઓ અને મતદાન અધિકારીઓ.—(૧) ચૂંટણી અધિકારી આ નિયમોના નિયમ ૭૨ની જોગવાઈઓને અધીન રહીને, દરેક મતદાન મથક માટે એક 'પ્રમુખ અધિકારી" નીમશે અને પ્રમુખ અધિકારીને મદદ કરવા માટે એક અથવા વધુ મતદાન અધિકારીઓ નીમશે.

(૨) દરેક મતદાન અધિકારી, પ્રમુખ અધિકારી તેવીરીતે આદેશ આપે તો, આ નિયમો હેઠળ પ્રમુખ અધિકારીને સોંપેલી તમામ અથવા કોઈપણ ફરજ બજાવી શકશે.

INDEX

(૩) માંદગી અથવા બીજી ટાળી ન શકાય તેવા કારણોસર, પ્રમુખ અધિકારીને મતદાન મથકમાંથી ગેરહાજર રહેવાની ફરજ પડી હોય તો, ચૂંટણી અધિકારી જેને આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કર્યા હોય તેવા, મતદાન અધિકારીઓ પૈકી કોઈ એક મતદાન અધિકારીએ તેની ફરજો બજાવવી જોઈશે.

૨૪. પ્રમુખ અધિકારીઓની ફરજો.—(૧) પ્રમુખ અધિકારી મતદાન મથકે વ્યવસ્થા સંભાળશે, ચૂંટણીનું સંચાલન સારી રીતે ચાલે છે અને મતદાન મથકની અંદર કોઈપણ એક સમયે પ્રવેશ આપવાના મતદારોની સંખ્યાનું નિયમન થાય છે તે જોશે અને નીચેના સિવાયની તમામ વ્યકિતઓને તેમાંથી બહાર કાઢશે :—

(ક) મતદાન અધિકારીઓ;

(ખ) ચૂંટણી સાથે સંકળાયેલ ફરજ પરના સરકારી અધિકારીઓ;

(ગ) રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યકિતઓ;

(ઘ) ઉમેદવારો, તેમના ચૂંટણી એજન્ટો અને નિયમ ૨૧ના પેટા-નિયમ (૪)ની જોગવાઈઓને આધીન રહીને, ઉમેદવારે લેખિતમાં નીમેલા અને ચૂંટણી અધિકારીએ તે અર્થે અધિકૃત કરેલ દરેક ઉમેદવારના એક મતદાન એજન્ટ; અને

(ચ) મતદારના હાથમાં તેડેલું બાળક;

(છ) મદદ લીધા સિવાય હરીફરી શકતા ન હોય તેવા કોઈ અંધ અથવા અશકત મતદારની સાથે આવેલ વ્યકિત; અને

(જ) પ્રમુખ અધિકારી, વખતો વખત મતદારોની ઓળખ આપવાના હેતુ માટે પ્રવેશ આપે તેવી બીજી કોઈ વ્યકિતઓ,

૨૫. મતદાન મથકે વ્યવસ્થા.—(૧) દરેક મતદાન મથકની બહાર,—

(ક) મતદાર વિસ્તાર, મતદાન મથકે મત આપવાને હકદાર મતદારો, દરેક મતદારે આપવાના મતોની સંખ્યા, કેવી રીતે મત પત્ર ઉપર નિશાની કરવી, અને કેવી રીતે મત આપવા તે સંબંધી મતદારને આપવાની બીજી કોઈ સૂચનાઓ હોય તો તે નિર્દિષ્ટ કરતી નોટિસ; અને

(ખ) હરીફ ઉમેદવારોની યાદીની નકલ,
પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) જેમાં મતદારો, બીજા લોકો જોઈ ન શકે તેવી રીતે પોતાના મત નોંધી શકે તેવી એક અથવા વધુ કુટીરો દરેક મતદાન મથકમાં રાખવી.

(૩) ચૂંટણી અધિકારીએ દરેક મતદાન મથકે પુરતી સંખ્યામાં મત પેટીઓ, મતદાર યાદીના સંબંધિત ભાગની નકલો, મતપત્રો, મતપત્રો ઉપર વિશિષ્ટ નિશાની કરવા માટેના સિક્કા મારવાના સાધનો અને મત આપવા માટે મતદારો માટે જરૂરી થીજ વસ્તુઓ અને સાધન સામગ્રી આંપવી જોઈશે.

(૪) મતદાન મથક, પુરૂષો અને સ્ત્રીઓ એમ બન્ને માટે હોય ત્યારે, પ્રમુખ અધિકારી પુરૂષો અને સ્ત્રીઓ માટે અલગ લાઈનો રાખવાનો આદેશ આપી શકશે અને જુદા જુદા જુથોમાં વારા ફરતી તેમને મતદાન મથકમાં પ્રવેશ આપવો જોઈશે.

૨૬. મતપેટીઓ.—દરેક મતપેટીની રચના એવી હોવી જોઈએ કે તેમાં મતપત્રો દાખલ કરી શકાય પણ પેટીનું તાળું ખોલ્યા સિવાય મત પાછા લઈ શકાય નહિ, તે મત પેટીઓ રાજય ચૂંટણી પંચ મંજૂર કરે તેવી ડીઝાઈનની હોવી જોઈશે.

૨૭. મતદાન માટે મતપેટીઓ તૈયાર કરવા બાબત.—(૧) મતપેટીને સુરક્ષિત બનાવવા માટે પેપર સીલનો ઉપયોગ કર્યો હોય ત્યારે પ્રમુખ અધિકારીએ પેપર સીલ ઉપર તેની પોતાની સહી કરવી જોઈશે અને તેના ઉપર સહી કરવા ઈચ્છતા હાજર મતદાન એજન્ટોની તેના ઉપર સહી લેવી જોઈશે.

(૨) ત્યારબાદ પ્રમુખ અધિકારીએ, તે પછી, મતપેટી ઉપર તેના માટે રાખેલ જગામાં તેવી રીતે સહી કરેલું પેપર સીલ લગાડવું જોઈશે અને તે પછી મતપેટીને, તેમાં મતપત્રો દાખલ કરવા માટે તેનો ખાંચો ખુલ્લો રહે તેવી રીતે સીલ મારી ને સુરક્ષાત કરવી જોઈશે.

(૩) મતપેટી સુરક્ષિત રાખવા માટે વાપરેલા સીલ, એવી રીતે લગાડવા જોઈશે કે મતપેટી બંધ કર્યા પછી સીલ તોડ્યા સિવાય ફરી પેટી ખોલવાનું શકય બને નહિ.

(૪) મતપેટીઓ સુરક્ષિત રાખવા માટે પેપર સીલ વાપરવાનું જરૂરી ન હોય, ત્યારે પ્રમુખ અધિકારીએ મતપેટીને સુરક્ષિત કરીને એવી રીતે સીલ લગાડવું કે મતપત્રો દાખલ કરવા માટે ખાંચો ખુલ્લો રહે અને હાજર રહેલા મતદાન એજન્ટો તેવી રીતે પોતાના સીલ લગાડવા માગતા, હોય તો તેમને તેમ કરવા દેવા જોઈશે.

INDEX

(૫) મતદાન મથકે વાપરેલ દરેક મતપેટીને તેની અંદર અને બહાર એમ બન્ને બાજુઓએ નીચેની નિશાનીઓવાળા લેબલો લગાડવા જોઈશે :—

(ક) વોર્ડનો અનુક્રમ નંબર, હોય તો તે અને તેનું નામ;
(ખ) મતદાન મથકનો અનુક્રમ નંબર અને નામ;
(ગ) મતપેટીનો અનુક્રમ નંબર (મતદાન પુરુ થયા પછી માત્ર મતપેટીની બહાર લેબલ ઉપર લખવો) અને;
(ઘ) મતદાનની તારીખ.

(૬) મતદાનના આરંભની તરત પહેલા પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટોને અને હાજર હોય તેવી બીજી વ્યકિતઓને નિર્દેશન કરીને બતાવવું જોઈશે કે મતપેટી ખાલી છે અને પેટા-નિયમ (૫)માં ઉલ્લેખેલ લેબલો લગાડેલા છે.

(૭) ત્યારબાદ મતપેટી બંધ કરવી જોઈશે. તેને સીલ લગાડવું જોઈશે, અને તેને સુરક્ષિત કરવી જોઈશે અને પ્રમુખ અધિકારી અને મતદાન એજન્ટોની સંપૂર્ણ નજર સમક્ષ મુકવી જોઈશે.

૨૮. મતદાર યાદીની નિશાની કરેલ નકલ.— મતદાનના આરંભની તરત જ પહેલા પ્રમુખ અધિકારીએ, મતદાન એજન્ટો અને હાજર બીજા લોકોને નિદર્શન કરી બતાવવું જોઈશે કે મતદાન દરમિયાન વાપરવાની મતદાર યાદીની નિશાની કરેલી નકલમાં મતદારોને કાઢી આપેલ મતપત્રો સંબંધી કોઈપણ નોંધ કરવામાં આવી નથી.

૨૯. મતપત્રનો નમૂનો.— (૧) દરેક મતપત્ર સાથે સ્થળપ્રત જોડેલ હોવી જોઈશે. અને સદરહુ મતપત્ર અને સ્થળપ્રત નમૂના ૧૧ મુજબ હોવું જોઈશે.

(૨) ઉમેદવારોના નામો જે ક્રમમાં હરીફ ઉમેદવારોની યાદીમાં આવતા હોય તેજ રીતે મતપત્ર ઉપર દર્શાવવા જોઈશે અને તેજ ક્રમમા ગોઠવવા જોઈશે.

(૩) મતપત્ર ઉપરની વિગતો ગુજરાતી ભાષામાં હોવી જોઈશે.

(૪) મતપત્રો, અનુક્રમ નંબરોવાળા હોવા જોઈશે, સ્થળપ્રત ઉપર અને મતપત્રના આગળના ભાગમાં છાપેલાં અનુક્રમ નંબરો હોવા જોઈશે.

(૫) નિયમ ૧૧ હેઠળ ઉમેદવારોને ફાળવેલા પ્રતીકો, મતપત્ર ઉપર ઉમેદવારના નામની સામેની બાજુએ દર્શાવેલ હોવા જોઈશે.

(૬) મતપત્ર ઉપર દરેક ઉમેદવારને ફાળવેલ જગા, એક સરખા માપની હોવી જોઈશે.

(૭) જુદા જુદા ઉમેદવારો માટે જોગવાઈ કરેલ જુદી પાડતી લાઈન અથવા રાખેલ વિસ્તાર મતપત્ર ઉપર એક સરખો હોવો જોઈશે.

૩૦. મતદારને મતપત્ર કાઢી આપવા માટેની કાર્યરીતિ.— (૧) મતદારને આપવામાં આવે તે પહેલાં દરેક મતપત્ર અને તેની સાથે જોડેલી સ્થળ પ્રત ઉપર, રાજય, ચૂંટણી પંચ આદેશ આપે તેવી વિશિસ્ટ પ્રકારની નિશાની, પાછળના ભાગમાં લગાડવી જોઈશે, અને દરેક મતપત્રને તે આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારીએ તેની પાછલી બાજુએ પૂરી સહી કરવી જોઈશે.

(૨) મતદારને મતપત્ર કાઢી આપતી વખતે, મતદાન અધિકારીએ,—

(ક) તેના સ્થળપ્રત ઉપર, મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં નોંધ્યા પ્રમાણેનો મતદારનો મતદાર યાદીમાંનો નંબર નોંધવો જોઈશે;

(ખ) સદરહુ સ્થળપ્રત ઉપર, તે મતદારની સહી અથવા અંગૂઠાની નિશાની લેવી જોઈશે.

(ગ) મતદાર યાદીની નિશાનીવાળી નકલમાં, મતદારના નામની નિશાની એવી રીતે જણાવવી જોઈશે કે તે મતદારને કાઢી આપેલ મતપત્રનો અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય તેને મતપત્ર કાઢી આપવામાં આવ્યું છે:

પરંતુ મતદારે, તે મતપત્રની સ્થળપ્રત ઉપર પોતાની સહી કરી હોય અથવા અંગૂઠાની નિશાની કરી હોય તે સિવાય, તેને કોઈ મતપત્ર આપવું જોઈશે નહિ.

(૩) (ક) મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, પ્રમુખ અધિકારી, મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની કરાવડાવશે:

પરંતુ મતદારના ડાબા હાથની પહેલી આંગળી ઉપર તેવી નિશાની પહેલેથી જ હોય તો ચૂંટણી વખતે તેનો મત પહેલેથી જ પડેલો હતો એમ ગણાશે અને કોઈપણ મતપત્ર આપવું જોઈશે નહિ.

INDEX

વધુમાં મતદાર, તેના ડાબા હાથની પહેલી આંગળી ઉપર અવિલોપ્ય શાહીથી નિશાની લગાવવા દે તે સિવાય, તેને મતપત્ર આપવું જોઈશે નહિ.

(ખ) આ પેટા-નિયમમાં મતદારના ડાબા હાથની પહેલી આંગળીના કોઈ ઉલ્લેખનો અર્થ, મતદારને પોતાના ડાબા હાથની પહેલી આંગળી ન હોય, તો તેના ડાબા હાથની અન્ય કોઈપણ આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો અને તેના ડાબા હાથની તમામ આંગળીઓ ન હોય, તો તેના જમણા હાથની પહેલી આંગળીનો ઉલ્લેખ તરીકે કરવો.

અને બન્ને, હાથોની તમામ આંગળીઓ ન હોય તો તેના ડાબા અથવા જમણા હાથના એવા કોઈ આખરી ભાગના ઉલ્લેખ તરીકે કરવો.

(૪) કોઈપણ પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારી અથવા કોઈ બીજા અધિકારી માટે, સ્થળપ્રત ઉપર મતદારના અંગૂઠાની છાપની શાખ કરવાનું જરૂરી ગણાશે નહિ.

(૫) મતદાન મથકમાંની કોઈપણ વ્યકિતને, અમુક મતદારોને કાઢી આપેલ મતપત્રોના અનુક્રમ નંબર નોંધવા દઈ શકાશે નહિ.

૩૧. મતદાન.--(ક) આમાં હવે પછી જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, ચૂંટણીમાં મત આપતા તમામ મતદારોએ આ નિયમો હેઠળ તેમના માટે જોગવાઈ કરેલ મતદાન મથકે રૂબરૂ મત આપવો જોઈશે.

(ખ) મત રૂબરૂ જ આપવો જોઈશે અને પ્રતિનિધિ મારફત કોઈ મત આપી શકાશે નહિ.

(ગ) જે વોર્ડ માટેની ચૂંટણી કરવામાં આવી રહી હોય તે વોર્ડના મતદાર તરીકે મતદાર યાદીમાં જેનું નામ નોંધેલ ન હોય તેવી કોઈપણ વ્યકિત પાસેથી મત સ્વીકારી શકાશે નહિ.

૩૨. મતદાન માટેની કાર્યરીતિ અને મતદાનની ગુપ્તતા.-- (૧) મતપત્ર કાઢી આપવામાં આવ્યું હોય તે દરેક મતદારે, મતદાન મથકમાં, મતદાનની ગુપ્તતા જાળવવી જોઈશે અને તે હેતુ માટે, આમાં હવે પછી જણાવેલ મતદાનની કાર્યરીતિનું પાલન કરવું જોઈશે.

(૨) મતપત્ર મળ્યે, મતદારે તુરત--

(ક) ગમે તે એક મતદાન કુટીરમાં જવું જોઈશે;

(ખ) જે ઉમેદવારને તે મત આપવા માગતા હોય તે ઉમેદવારના અથવા વોર્ડમાં એક કરતાં વધુ બેઠકો માટે ચૂંટણી કરવાની હોય તો ઉમેદવારોના પ્રતીક ઉપર અથવા તેની નજીકમાં તે હેતુ માટે પૂરા પાડેલા સાધન વડે મતપત્ર ઉપર નિશાની કરવી જોઈશે,

(ગ) પોતાનો મત છુપાવી શકાય એ રીતે મતપત્રની ગડી વાળવી જોઈશે;

(ઘ) આવશ્યક જણાય તો, મતપત્ર ઉપરની વિશિષ્ટ નિશાની પ્રમુખ અધિકારીને બતાવવી જોઈશે;

(ચ) ગડી વાળેલું મતપત્ર મતપેટીમાં નાખવું જોઈશે; અને

(છ) મતદાન મથકથી જતા રહેવું જોઈશે.

(૩) દરેક મતદારે અયોગ્ય વિલંબ કર્યા વિના, મત આપવો જોઈશે.

(૪) કોઈ મતદાર, મતદાન કુટિરમાં હોય, ત્યારે બીજા કોઈપણ મતદારને તેમાં દાખલ થવા દેવો જોઈશે નહિ.

(૫) જેને મતપત્ર આપવામાં આવ્યું હોય તે મતદાર, પ્રમુખ અધિકારીએ ચેતવણી આપ્યા પછી, પેટા--નિયમ (૨)માં, જણાવ્યા પ્રમાણેની કાર્યરીતિનું પાલન કરવાની ના પાડે, તો તે મતદારને આપેલું મતપત્ર તે ઉપર તેણે મત નોંધ્યો હોય કે નોંધ્યો ન હોય તો પણ, તેની પાસેથી પ્રમુખ અધિકારીએ અથવા પ્રમુખ અધિકારીના આદેશ હેઠળ મતદાન અધિકારીએ પાછું લઈ લેવું જોઈશે.

(૬) મતપત્ર પાછું લઈ લેવામાં આવે તે પછી, પ્રમુખ અધિકારી, તેની પાછળ "રદ કર્યું મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે," એ શબ્દો લખવા જોઈશે અને એ શબ્દો નીચે પોતાની સહી કરવી જોઈશે.

INDEX

(૭) જેમના ઉપર "રદ કર્યું, મતદાન કાર્યરીતિનો ભંગ કરવામાં આવ્યો છે," એવું લખેલું હોય તે તમામ મતપત્રો અલગ કવરમાં રાખવાં, જેના ઉપર "મતદાન કાર્યરીતિનો ભંગ કરતાં રદ કરેલ મતપત્રો" એ શબ્દો લખવા જોઈશે.

(૮) જેની પાસેથી પેટા-નિયમ (૫) હેઠળ મતપત્ર લઈ લેવામાં આવ્યું હોય તે મતદાર, અન્ય કોઈ શિક્ષાને પાત્ર થાય તેને બાધ આવ્યા સિવાય, એવા મતપત્ર ઉપર મત નોંધ્યો હોય તોતે ગણનરીમાં લેવો જોઈશે નહિ.

૩૩. અંધ અથવા અશકત મતદારોના મતો નોંધવા બાબત.—(૧) પ્રમુખ અધિકારીને ખાતરી થાય કે અંધાપા અથવા અન્ય શારીરિક અશકતતાને લીધે, કોઈ મતદાર મતપત્ર ઉપરનાં પ્રતીકો ઓળખી શકે એમ નથી અથવા મદદ વિના તેના ઉપર નિશાની કરી શકે એમ નથી. તો પ્રમુખ અધિકારી, મતદારને તેની સાથે તેના વતી મતપત્ર ઉપર મત નોંધવા માટે અને તેની ઈચ્છા અનુસાર અને આવશ્યક હોય, તો મત છુપાવી શકાય, તો તે રીતે મતપત્રની ગડી વાળવા માટે અને તેને મતપેટીમાં દાખલ કરવા માટે મત કુટિરમાં અઢાર વર્ષ કરતાં ઓછી ઉમરના ન હોય તેવા સાથીને લઈ જવાની પરવાનગી આપવામાં આવશે:

પરંતુ કોઈ વ્યકિતને તે જ દિવસે કોઈ મતદાન મથકે એક કરતાં વધુ મતદારનાં સાથી તરીકે કામ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ;

વધુમાં, આ નિયમ હેઠળ કોઈપણ દિવસે મતદારના સાથી તરીકે કામ કરવાની કોઈ વ્યકિતને પરવાનગી આપવામાં આવે તે પહેલાં, વ્યકિતને એવો એકરાર કરવાનું ફરમાવવામાં આવશે કે મતદાર વતી તેણે નોંધેલો મત તે ગુપ્ત રાખશે અને તે દિવસે કોઈ મતદાન મથકે બીજા કોઈ મતદારના સાથી તરીકે તેણે કામ કરેલું નથી.

(૨) પ્રમુખ અધિકારીએ, આ નિયમ હેઠળના તમામ કેસોનું રેકર્ડ, નમૂના ૧૨ મુજબ રાખવું જોઈશે.

૩૪. મતદારને મદદ કરવા બાબત.—પ્રમુખ અધિકારી, જે કોઈ મતદાર, ઠરાવેલી રીતે મત આપવાને અશકતતા અથવા નિરક્ષરતાને કારણે અશકત હોય તેવા કોઈ મતદારને જોઈતી હોય તેવી મદદ આપશે.

૩૫. મતદારની ઓળખ.—મતદારને મતપત્ર આપવામાં આવે તે પહેલાં, કોઈપણ સમયે, પ્રમુખ અધિકારીને અથવા મતદાન અધિકારીને, પોતાની મેળે, તેને આવા મતદાન મથકમાં મતદારની ઓળખ વિષે અથવા મત આપવાના તેના હક વિષે શંકાનું કારણ હોય, અને ઉમેદવાર અથવા મતદાન એજન્ટ દ્વારા તેમ કરવાનું ફરમાવવામાં આવે તો, પોતે જરૂરી ગણે તેવા પ્રશ્નો મતદારને પૂછીને પોતે ખાતરી કરશે કે જે મતદારના સબંધમાં આવી નોંધ છે તે મતદાર સાથે આવી વ્યકિત મળતી આવે છે.

૩૬. મતદાન બંધ કરવા બાબત.—(૧) પ્રમુખ અધિકારી, નિયમ ૨૦ હેઠળ તે માટે નક્કી કરેલ સમયે મતદાન બંધ કરશે અને તે પછી, મતદાન મથકમાં કોઈપણ મતદારને દાખલ થવા દેશે નહિ;

પરંતુ મતદાન બંધ કરવામાં આવે તે પહેલાં મતદાન મથકે હાજર હોય તેવા તમામ મતદારોને તેમનો મત આપવા દેવામાં આવશે.

(૨) મતદાન બંધ થાય તે પહેલાં, મતદાન મથકે કોઈ મતદાર હાજર હતો કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો પ્રમુખ અધિકારીએ તેનો નિર્ણય કરવો જોઈશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

૩૭. મતોની સંખ્યા.—દરેક મતદાર, આવા વોર્ડ માટે આવી ચૂંટણી વખતે જેટલા કાઉન્સિલરો ચૂંટવાના હોય તેટલા ઘણા મતો આપવાને હકદાર થશે.

૩૮. તકરારી મતો.—(૧) કોઈપણ એજન્ટ, આવા દરેક વાંધા માટે, પ્રમુખ અધિકારીને, રૂપિયા ૨૦/-ની રકમ પ્રથમ રોકડમાં જમા કરાવીને અમુક મતદાર હોવાનો દાવો કરતી વ્યકિતની ઓળખ માટે વાંધો ઉઠાવી શકશે.

(૨) આવી રકમ જમા કરાવવામાં આવ્યે, પ્રમુખ અધિકારી,—

(ક) ખોટું નામ ધારણ કરવા માટે વાંધો ઉઠાવનાર વ્યકિતને શિક્ષાની ચેતવણી આપશે;

(ખ) ચૂંટણી યાદીમાં સંબંધ ધરાવતી નોંધ પૂરેપૂરી વાંચશે અને તે કહેશે કે નોંધમાં ઉલ્લેખેલી વ્યકિત તે છે કે કેમ ?

(ગ) તેનું નામ અને સરનામું, નમૂના ૧૩ મુજબ વાંધો ઉઠાવેલ મતોની યાદીમાં દાખલ કરશે; અને

(ઘ) સદરહુ યાદીમાં તેની સહી કરવાનું તેને ફરમાવશે.

(૩) પ્રમુખ અધિકારી, ત્યાર પછી, વાંધા સંબંધી સંક્ષિપ્ત રીતે તપાસ કરશે અને તે હેતુ માટે,—

(ક) વાંધો ઉઠાવનારને વાંધાની સાબિતીનો પુરાવો રજૂ કરવાને ફરમાવશે અને વાંધો ઉઠાવેલી વ્યકિતને તેની ઓળખ માટે સાબિતીનો પૂરાવો રજૂ કરવાનું ફરમાવશે.

(ખ) તેની ઓળખાણ સાબિત કરવાના હેતુ માટે, વાંધો ઉઠાવેલી વ્યક્તિને કોઈપણ જરૂરી પ્રશ્ન પૂછશે અને સોગંદ ઉપર જવાબ આપવાનું તેને ફરમાવશે; અને

(ગ) વાંધો ઉઠાવેલી વ્યક્તિને સોગંદ લેવડાવશે અને કોઈપણ બીજી વ્યક્તિને તેનો પૂરાવો રજૂ કરવાનું જણાવશે.

(૪) તપાસ કર્યા પછી, પ્રમુખ અધિકારીને એવું લાગે કે વાંધો સાબિત કરવામાં આવ્યો નથી તો, વાંધો ઉઠાવેલી વ્યક્તિને મત આપવાની છૂટ આપશે, અને તેને એમ જણાય કે વાંધો સાબિત કરવામાં આવ્યો છે તો, વાંધો ઉઠાવેલી વ્યક્તિને મત આપવામાંથી તે બાકાત રાખશે.

(૫) પ્રમુખ અધિકારીનો એવો અભિપ્રાય થાય કે વાંધો ક્ષુલ્લક છે અથવા શુદ્ધ બુદ્ધિથી કર્યો નથી તો, પેટા-નિયમ (૧) હેઠળ મૂકેલી અનામતની રકમ સરકારમાં જપ્ત કરવાનો આદેશ કરશે અને બીજા કોઈપણ કેસમાં, તપાસનો નિર્ણય કરતી વખતે, વાંધો ઉઠાવનારની અનામત પરત કરશે.

૩૯. સુપરત કરેલ મતપત્રો.—(૧) અમુક મતદાર પોતે જ છે એમ જણાવતી વ્યક્તિ, બીજી વ્યક્તિઓ આવા મતદાર તરીકે અગાઉ મત આપ્યો હોય તે પછી, મતપત્ર માટે અરજી કરે, તો પ્રમુખ અધિકારી તેની ઓળખ સંબંધી પૂછે તે પ્રશ્નનો સંતોષકારક તે જવાબ આપ્યા પછી, આ નિયમની નીચેની જોગવાઈઓને અધીન રહીને, બીજા કોઈ મતદાર જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવા હકદાર હોય તે જ રીતે મતપત્ર (જેનો આમાં હવે પછી આ નિયમોમાં "સુપરત કરેલ મતપત્ર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ઉપર નિશાની કરવા માટે તે હકદાર થશે.

(૨) સુપરત કરેલ મતપત્ર આપવામાં આવે તે પહેલાં, આવી દરેક વ્યક્તિએ, નમૂના ૧૪ મુજબની યાદીમાં પોતાને લગતી નોંધ સામે પોતાના નામની સહી કરવી જોઈશે.

(૩) સુપરત કરેલ મતપત્ર, મત દાનમાં ઉપયોગમાં લીધેલાં બીજા મતપત્રો જેવું જ ગણાશે, સિવાય કે—

(ક) મતદાન મથકે ઉપયોગમાં લેવા માટે કાઢેલા મતપત્રોના બંડલમાં અનુક્રમે આવું સુપરત કરેલું મતપત્ર છેલ્લું હોવું જોઈશે; અને

(ખ) આવા સુપરત કરેલ મતપત્રની અને તેની સ્થળપ્રતની પાછળ, પ્રમુખ અધિકારીએ "સુપરત કરેલ મતપત્ર" એ શબ્દો પોતાને હાથે લખીને તેના ઉપર સહી કરવી જોઈશે.

(૪) મતદારે મત કુટિમાં સુપરત કરેલ મતપત્ર ઉપર નિશાની કર્યા પછી અને તેની ગડી વાળ્યા પછી, તે મતપત્ર મતપેટીમાં નાખવાને બદલે, પ્રમુખ અધિકારીને આપવું જોઈશે. જેઓ તે માટે ખાસ રાખેલા કવરમાં આવું મતપત્ર મૂકશે.

૪૦. બગડેલાં અને પાછાં આપેલાં મતપત્રો બાબત.—(૧) કોઈ મતદારે પોતાનું મતપત્ર ગાફેલપણાથી એવી રીતે વાપર્યું હોય કે તેનો મતપત્ર તરીકે સહેલાઈથી ઉપયોગ થઈ શકે નહિ, તો તે મતપત્ર, પ્રમુખ અધિકારીને પાછું આપવામાં આવ્યે અને પોતાના ગાફેલપણાસંબંધી તેમને ખાતરી થયે બગડેલા મતપત્રો ને બદલે, બીજું મતપત્ર આપવામાં આવશે અને પ્રમુખ અધિકારીએ તેવી રીતે પાછા આપેલા મતપત્ર ઉપર અને આવા મતપત્રની સ્થળપ્રત ઉપર "બગડેલું' રદ કરેલું" એવા શબ્દો લખવા જોઈશે.

(૨) મતદાર મતપત્ર મેળવ્યા પછી, તેનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કરે, તો તેણે પ્રમુખ અધિકારીને તે પરત કરવું જોઈશે અને તેવી રીતે પરત કરેલ મતપત્ર અને આવા મતપત્રની સ્થળપ્રત ઉપર, પ્રમુખ અધિકારીએ "પરત આવેલ; રદ કરેલ" એવા શબ્દો લખવા જોઈશે.

(૩) ઉપરના પેટા--નિયમો (૧) અને (૨) હેઠળ રદ કરેલાં તમામ મતપત્રો અલગ પેકેટમાં રાખવાં જોઈશે.

૪૧. ચૂંટણી ફરજ પર હોય તેવા અધિકારીઓના મતદાન બાબત.—(૧) પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી અથવા કોઈ બીજી વ્યક્તિ જે મતદાન મથક ઉપર પોતાને મત આપવાનો હક ન હોય તેવા મતદાન મથકે ફરજ ઉપર હોય તે જ્યાં તેની ફરજ હોય તે મતદાન મથકે તેનો મત આપવા દેવા માટે નમૂના ૧૫ મુજબ ચૂંટણી અધિકારીને અરજી કરી શકશે. આવી અરજી મળ્યે, ચૂંટણી અધિકારી, નમૂના ૧૬ મુજબ એવું પ્રમાણીત કરે કે અરજદાર, જેનાં સંબંધમાં તેને રોકવામાં આવ્યો હોય તે વોર્ડ માટે અથવા બીજા કોઈપણ વોર્ડ માટે, ચૂંટણીમાં મત આપવા માટે હકદાર છે તો તેને, તે મતદાર મથકે તેનો મત નોંધવા દેવો જોઈશે.

જે મતદાન મથકે પોતે અન્યથા મત આપવા માટે હકદાર હોય તે મતદાન મથકનું નામ, જે વોર્ડમાં મતદાન મથક આવેલું હોય તેની મતદાર યાદીમાં તેના નંબર સહિત મતપત્રની સ્થળપ્રત ઉપર નોંધવું જોઈશે.

(૨) એવું મતપત્ર, પ્રમુખ અધિકારીએ કવરમાં મૂકવું જોઈશે અને તેને સીલ કરવું જોઈશે અને, પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ પ્રમાણપત્ર સાથે ચૂંટણી અધિકારીને પાછું મોકલવું જોઈશે. જેઓ આવા મતપત્રનો યોગ્ય વોર્ડના માન્ય મતપત્રોમાં સમાવેશ કરશે.

૪૨. મતપેટીઓને સીલ કરવા બાબત :—(૧) પ્રમુખ અધિકારીએ મતદાન બંધ થયા પછી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતપેટીનું બાકોરું બંધ કરશે અને બાકોરું બંધ કરવા માટે પેટીમાં કોઈ યાંત્રિક યુકિત ન હોય, તો તે બાકોરા ઉપર જ સીલ મારશે અને હાજર રહેલા મતદાન એજન્ટને તેમના સીલ લગાડવાની છૂટ આપશે.

INDEX

(૨) ત્યારપછી મતપેટીને સીલ કરીને સુરક્ષિત રાખવી જોઈશે.

(૩) પ્રથમ મતપેટી પૂરેપૂરી ભરાઈ જવાને કારણે બીજી મતપેટીનો ઉપયોગ કરવાનું જરૂરી લાગે ત્યારે, બીજી મતપેટીને ઉપયોગમાં લેવામાં આવે તે પહેલાં, પેટા-નિયમો (૧) અને (૨) માં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રથમ પેટી બંધ કરવી જોઈશે, તેને સીલ કરવી જોઈશે અને સુરક્ષિત રાખવી જોઈશે.

૪૩. મતદાનની સાધનસામગ્રી અને બીજા કાગળો સીલ કરવા બાબત :—દરેક મતદાન મથકના પ્રમુખ અધિકારી, વ્યવહાર્ય હોય તેટલું જલ્દી, મતદાન બંધ થયા પછી, હાજર હોય તેવા કોઈપણ ઉમેદવારો અથવા મતદાન એજન્ટોની હાજરીમાં, નીચેના સાદા અલગ પેકેટો કરશે અને પોતાના સીલથી સીલ કરશે અને તેના ઉપર પોતાનું સીલ લગાડવાનું નક્કી કરે તેવા ઉમેદવારો અને એજન્ટોને સીલ લગાડવા દેશે :—

(ક) નહિ વપરાયેલ મતપત્રો,

(ખ) સુપરત કરેલા મતપત્રો,

(ગ) બગડેલાં અને પાછા આવેલા મતપત્રો,

(ઘ) મતદાર યાદીની નિશાની કરેલી નકલ,

(ચ) મતપત્રોની સ્થળપત્રો,

(છ) સુરપત કરેલાં મતો,

(જ) તકરારી મતોની યાદી,

(ઝ) ચૂંટણી ફરજ પરના અધિકારીઓના મતો.

પ્રમુખ અધિકારીએ તમામ પેકેટો સીલ કર્યા પછી દરેક પેકેટ ઉપર તેની વિગતોનું વર્ણન નોંધવું જોઈશે.

૪૪. મતપત્રોનો હિસાબ :—(૧) (ક) પ્રમુખ અધિકારીએ, મતદાન બંધ કરતી વખતે, પોતાને આપેલા મતપત્રોની સંખ્યા દર્શાવતા અને મતપત્રોના નીચેના સદરો હેઠળ તેમનો હિસાબ આપવા, નમૂના ૧૭ મુજબ મતપત્રોનો હિસાબ તૈયાર કરવો જોઈશે.

(૧) મતપેટીમાંના મતો,

(૨) નહિ વાપરેલા મતો,

(૩) બગડેલાં અને પાછા આવેલ મતો, પઅને

(૪) સુપરત કરેલ મતો;

(ખ) પ્રમુખ અધિકારીએ, મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે અને તેના ઉપર "મતપત્રોનો હિસાબ" એવા શબ્દો લખવા જોઈશે.

(૨) જુદા જુદા વોર્ડના મતદારો હોય તેવા તેના મતદાન મથકમાં ચૂંટણી ફરજ પરના સ્ટાફે વાપરવા માટે તેને કોઈ મતપત્રો આપ્યા હોય ત્યારે, પ્રમુખ અધિકારીએ મતદાન બંધ કરતી વખતે, ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટે તેને આપેલ મતપત્રોની સંખ્યા દર્શાવતો નમૂનો ૧૮ મુજબ મતપત્રોનો અને આપેલ મતપત્રો, વાપરેલ મતપત્રો અને પરત કરેલ મતપત્રોના સદર હેઠળ તેને ગણતરીમાં લેવા માટે હિસાબ કરવો જોઈશે. પ્રમુખ અધિકારીએ આ મતપત્રોનો હિસાબ જુદા કવરમાં મૂકવો જોઈશે અને તેના ઉપર "ચૂંટણી ફરજ પરના સ્ટાફ માટેનો મતપત્ર હિસાબ" એવા શબ્દો લખવા. તેણે આ કવર જે વોર્ડને લગતું મતપત્ર હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીને મોકલી આપવું

પરંતુ તેણે જુદા જુદા વોર્ડોના મતપત્રો માટે જુદા હિસાબો તૈયાર કરવા જોઈશે.

૪૫. ચૂંટણી અધિકારીને મતપેટીઓ વગેરે સોંપી દેવા બાબત.—(૧) પ્રમુખ અધિકારીએ, ચૂંટણી અધિકારી આદેશ કરે તેવા સ્થળે ચૂંટણી અધિકારીને :—

(૧) મતપેટીઓ,

(૨) મત પત્ર હિસાબ,

(૩) નિયમ ૪૩ હેઠળ સીલ કરેલ પેકેટો;

(૪) મતદાનમાં વાપરેલ બીજા તમામ કાગળો, સોંપી દેવા જોઈશે અથવા સોંપી દેવડાવવા જોઈશે.

INDEX

(૨) ચૂંટણી અધિકારીએ, મતોની ગણતરીનો નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી, તમામ મતપેટીઓ, પેકેટો અને બીજા કાગળો લઈ જવા માટેની સલામતી માટે અને તેમની સલામત કસ્ટડી માટે પૂરતી ગોઠવણ કરવી જોઈશે.

૪૬. દુર્વર્તન બદલ મતદાન મથકેથી કાઢી મુકવા બાબત.—જો કોઈપણ વ્યકિત મતદાન મથકે દુર્વર્તન કરે અથવા પ્રમુખ અધિકારીના અથવા પ્રમુખ અધિકારીની ફરજ બજાવતા મતદાન અધિકારીના કાયદેસર હુકમો માનવાને ચૂકે, તો તેને પ્રમુખ અધિકારીના અથવા એવા મતદાન અધિકારીના હુકમથી કોઈપણ પોલીસ અધિકારી અથવા પ્રમુખ અધિકારી અથવા તેવા મતદાન અધિકારીએ તેને કાઢી મૂકવા માટે લેખીત અધિકૃત કરેલી બીજી કોઈ વ્યકિત મતદાન મથકેથી તરત જ કાઢી મૂકી શકશે અને એવી રીતે કાઢી મૂકવામાં આવેલી વ્યકિતને પ્રમુખ અધિકારીની અથવા એવા મતદાન અધિકારીની પરવાનગી સિવાય દિવસ દરમિયાન મતદાન મથકમાં ફરીથી દાખલ થવા દેવામાં આવશે નહિ.

પરંતુ આ સત્તા, કોઈપણ મતદાન મથકે મત આપવા માટે બીજી રીતે હકદાર હોય તેવા કોઈપણ મતદારને લેવા મતદાન મથકે મત આપવાની તકને બાધ આવે તે રીતે વાપરવી નહિ.

૪૭. કટોકટીના પ્રસંગે મતદાન મોકૂફ રાખવા.—બાબત : રાજ્ય ચૂંટણી પંચ, પૂરતા કારણસર, કારણોની લેખિત નોંધ કરીને, કટોકટીના કિસ્સામાં જેવા કે સુલેહ શાંતિનો ભંગ, કુદરતી, આપત્તિ વગેરે વખતે, મતદાન માટે નકકી કરેલ તારીખે મુલતવી રાખી શકશે, અથવા તેવી મુદત વધારી શકશે એવી રીતે મતદાન મોકૂફ રાખવામાં આવે ત્યારે રાજ્ય ચૂંટણી પંચ, વ્યવહાર્ય હોય તેટલે સુધી મતદાન કરાવવાનો પ્રયત્ન કરશે.

૪૮. મતદાન મુલતવી રાખવા બાબત.—(૧) કોઈપણ ચૂંટણી વખતે, કોઈપણ મતદાન મથકમાં મત લેવાનું શકય ન હોય અથવા કોઈપણ મતદાન મથકની કાર્યવાહીમાં હુલ્લડ, હિંસા, સુલેહ શાંતિનો ભંગ, કુદરતી આપત્તિ અથવા બીજા કોઈ પૂરતા કારણસર દખલગીરી થાય અથવા અડચણ ઊભી થાય તો, આવા મતદાન મથકના પ્રમુખ અધિકારીએ સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જાણ કરવી જોઈશે.

(૨) પેટા–નિયમ (૧) હેઠળ પ્રમુખ અધિકારીનો રિપોર્ટ મળ્યે, ચૂંટણી અધિકારી તરતજ મતદાન મથકે દોડી જશે અને ખાતરી થાય કે મતદાન ચાલુ રાખી શકાય તેમ નથી, તો પાછળથી જાહેર કરવાની તારીખ સુધી મતદાન મુલતવી રાખવાનું જાહેર કરશે અને તે સંજોગોનો રિપોર્ટ રાજ્ય ચૂંટણી પંચને કરશે.

(૩) ચૂંટણી અધિકારી શકય હોય તેટલું જલ્દી રાજ્ય ચૂંટણી પંચની અગાઉથી મંજૂરી લઈને, જે તારીખે મતદાન ફરી શરૂ થશે તેની તારીખ નકકી કરશે અને મતદાન મથક નકકી કરશે અને જે સમય દરમિયાન મત લેવાના હોય તે સમય નકકી કરશે અને જ્યાં સુધી આવુ મોકુફ રાખેલ મતદાન પૂરૂ કરવામાં ન આવે ત્યાં સુધી, આવી કોઈ ચૂંટણીમાં મતગણતરી કરી શકાશે નહિ.

૪૯. મતદાન મોકૂફ રાખ્યે અનુસરવાની કાર્યરીતિ.–(૧) કોઈપણ મતદાન મથકે મતદાન નિયમ ૪૮ હેઠળ મોકૂફ રાખેલ હોય તો, નિયમો ૪૨ થી ૪૫ની જોગવાઈઓ, વ્યવહાર્ય હોય તેટલે સુધી જાણે કે નિયમ ૨૦ હેઠળ તે અર્થે નકકી કરેલ સમયે મતદાન બંધ કર્યુ હોય તેમ લાગુ પડશે;

(૨) નિયમ ૪૮ના પેટા–નિયમ (૩) હેઠળ મોકૂફ રાખેલ મતદાન શરૂ કરવામાં આવે ત્યારે, એવી રીતે મોકૂફ રાખેલ મતદાન વખતે અગાઉ મત આપનાર મતદારોને, ફરીથી મત આપવાની છૂટ આપી શકાશે નહિ.

(૩) ચૂંટણી અધિકારીએ, જ્યાં આવું મતદાન મોકફ રાખ્યું હોય તે મતદાન મથકના પ્રમુખ અધિકારીને, મતદાર યાદીની નિશાની કરેલી નકલવાળું સીલબંધ કવર અને નવી મતપેટીઓ આપવી જોઈશે.

(૪) પ્રમુખ અધિકારીએ મતદાન એજન્ટની હાજરીમાં સીલબંધ પેકેટ ખોલવું જોઈશે અને મોકૂફ રાખેલ મતદાન વખતે જેને મતપત્રો કાઢી આપ્યા હોય તે મતદારોના નામોની નિશાની કરવા માટે, મતદાર યાદીની નિશાની કરેલી નકલ તેના અનુક્રમ નંબર તેમાં નોંધ્યા સિવાય વાપરવી જોઈશે.

(૫) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૬ની જોગવાઈઓ, જાણે કે એવી રીતે મતદાન મોકૂફ રાખ્યા પહેલાંના મતદાનના સંબંધમાં લાગુ પડે છે તેમ મોકૂફ રાખેલ મતદાન કરવાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગું પડશે.

૫૦. અડચણ અથવા મત પેટીઓને નુકશાન થયાના કિસ્સામાં ફરીથી મતદાન લેવા બાબત.—(૧) કોઈપણ ચૂંટણીમાં—

(ક) મતદાન મથકમાં વાપરેલ કોઈપણ મતપેટી, પ્રમુખ અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જાય અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરે અથવા ગુમ કરે અથવા નુકશાન પહોંચાડે અથવા એટલા પ્રમાણમાં ચેડાં કરે કે તે મતદાન મથકનું મતદાન પરિણામ નકકી કરી શકાય નહિ, અથવા

INDEX

(ખ) જેનાથી મતદાન રદ થઈ જવાનો સંભવ હોય તેવી કોઈ કાર્યરીતિમાં એવી કોઈ ભૂલ અથવા અનિયમસરતા મતદાન મથકે આચરવામાં આવી હોય,

તો ચૂંટણી અધિકારીઓ, તરત જ રાજ્ય ચૂંટણી પંચને તે બાબતનો રિપોર્ટ કરવો જોઈશે.

(૨) તેમ થયે, રાજ્ય ચૂંટણી પંચ, તમામ મહત્ત્વના સંજોગોને ધ્યાનમાં લીધા પછી,-

(ક) તે મતદાન મથકનું મતદાન રદ જાહેર કરશે અને તે મતદાન મથકે ફરીથી મતદાન લેવા માટે દિવસ નક્કી કરશે અને સમય નક્કી કરશે અને એવી રીતે નક્કી કરેલ દિવસ અને એવી રીતે નક્કી કરેલ સમય પોતે યોગ્ય ગણે તેવી રીતે જાહેર કરશે, અથવા

(ખ) તેને એવી ખાતરી થાય કે તે મતદાન મથકે ફરીથી મતદાન થવાના પરિણામે ચૂંટણીના પરિણામ ઉપર કોઈ રીતે અસર થશે નહિ અથવા કાર્યરીતિમાંની ભૂલ અથવા અનિયમસરતા મહત્ત્વની નથી તો, ફરીથી ચૂંટણી કરવા માટે અને ચૂંટણી પૂરી કરવા માટે એમને યોગ્ય લાગે તેવા આદેશો ચૂંટણી અધિકારીને આપશે.

(૩) પેટા-નિયમ (૧) હેઠળ રાજ્ય ચૂંટણી પંચને રીપોર્ટ મોકલવામાં આવ્યો હોય ત્યારે ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ તરફથી મતદાનની ગણતરી શરૂ કરવા માટેની સ્પષ્ટતા મેળવવામાં ન આવે ત્યાં સુધી, તેમ કરી શકાશે નહિ.

(૪) નિયમો ૧૯(૨), ૨૦ થી ૪૬ની જોગવાઈઓ, જેવી રીતે અસલ સૂચિત મતદાનના સંબંધમાં લાગુ પડે છે તેમ ફરી મતદાન લેવાના સંબંધમાં જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.

૫૧. મતદાન પહેલા ઉમેદવારનું મૃત્યુ થયે, મતદાન રદ કરવા બાબત.-માન્ય રાજકીય પક્ષો ઉભો કરેલ ઉમેદવાર-

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખે સરવારના ૧૧-૦૦ વાગ્યા પછી કોઈપણ સમયે મૃત્યુ પામે અને તેનું ઉમેદવારી પત્ર નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય, અથવા

(ખ) જેનું ઉમેદવારીપત્ર નિયમ ૮ હેઠળ ચકાસણી કર્યે કાયદેસર જણાય અને નિયમ ૧૧ હેઠળ તેની ઉમેદવારી પાછી ખેંચી લીધી ન હોય તે મૃત્યુ પામે અને બેમાંથી કોઈપણ કિસ્સામાં નિયમ ૧૬ હેઠળ હરીફ ઉમેદવારોની યાદીની પ્રસિધ્ધિ પહેલા કોઈપણ સમયે તેના મૃત્યુનો રિપોર્ટ મળે; અથવા

(ગ) હરીફ ઉમેદવાર તરીકે મૃત્યુ પામે અને તેના મૃત્યુનો રિપોર્ટ મતદાન શરૂ થાય તે પહેલા મળે તો,

રાજ્ય ચૂંટણી પંચ, ઉમેદવારના મૃત્યુની હકીકત સંબંધી ખાતરી થયે, હુકમ કરીને, તે વોર્ડમાં મતદાન રદ કરશે અને ચૂંટણી સંબંધી તમામ કાર્યવાહી તે નવી ચૂંટણી હોય તેમ તમામ બાબતમાં, નવેસરથી શરૂ કરવામાં આવશે :

પરંતુ મૃત્યુ પામેલ ઉમેદવારોના ઉમેદવારી પત્ર સહિત તમામ ઉમેદવારી પત્રોની ચકાસણી કર્યા પછી હોય તે સિવાય, ખંડ (ક) માં ઉલ્લેખેલ બાબતમાં, મતદાન રદ કરવા માટેનો કોઈ હુકમ કરી શકાશે નહિ :

વધુમાં મતદાન રદ થવાના સમયે, ઉમેદવાર હોય તેવી વ્યકિતની બાબતમાં કોઈ વધુ ઉમેદવારીપત્ર ભરવાનું જરૂરી રહેશે નહિ.

વળી, મતદાન રદ થતાં પહેલાં, નિયમ ૧૧ હેઠળ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ જેણે આપી હોય તે વ્યકિત, આવી રીતે મતદાન રદ થયા પછી, ચૂંટણી માટેના ઉમેદવાર તરીકે દરખાસ્ત કરવા માટે ગેરલાયક ગણાશે નહિ.

સ્પષ્ટીકરણ.-આ નિયમના હેતુ માટે, "માન્ય રાજકીય પક્ષ" એટલે, ગુજરાત રાજ્ય માટે ચૂંટણી પ્રતીક (અનામત રાખવા અને ફાળવવા) બાબત હુકમ, ૧૯૬૮ હેઠળ ચૂંટણી પંચે માન્ય કરેલ રાજકીય પક્ષ.

ભાગ ૪

મતોની ચકાસણી અને મત ગણતરી અને પરિણામ જાહેર કરવા બાબત.

૫૨. મતોની ગણતરી કરવા માટે તારીખ, સમય અને સ્થળ નક્કી કરવા બાબત.-(૧) ચૂંટણી અધિકારી, મતદાનની તારીખ પહેલા અથવા તેના માટે નક્કી કરેલ તારીખોની પહેલી તારીખ પહેલા ઓછામાં ઓછા એક અઠવાડિયા આગાઉ મતોની ગણતરી જ્યાં કરવાની હોય તે સ્થળ અથવા સ્થળો અને મતગણતરી શરૂ કરવામાં આવે તે તારીખ અને સમય નક્કી કરશે અને દરેક ઉમેદવારને અને તેના ચૂંટણી એજન્ટને તેની લેખિતમાં નોટિસ આપશે :

પરંતુ કોઈપણ કારણસર ચૂંટણી અધિકારીને, તેમ કરવાનું જરૂરી જણાય તો દરેક ઉમેદવારને તેની લેખિતમાં નોટિસ આપ્યા પછી, જેવી રીતે નક્કી કરેલ તારીખ, સમય અને સ્થળ અથવા સ્થળોમાં અથવા તેઓ પૈકી કોઈ બાબતમાં ફેરફાર કરી શકશે.

INDEX

૫૩. મત ગણતરી કરનાર એજન્ટો .— (૧) ઉમેદવાર અથવા તેનો ચૂંટણી એજન્ટ ચૂંટણી પંચ વખતોવખત આ અર્થે કાઢે તેવા સામાન્ય અથવા ખાસ આદેશને આધીન રહીને, મતપત્રોની ગણતરી કરવાના સમયે પોતાના વતી હાજર રહેવા માટે મત ગણતરી એજન્ટો નીમી શકશે.

(૨) ઉપરના પેટા-નિયમ હેઠળ ઉમેદવાર નીમી શકાય તેટલા મત ગણતરી કરનાર એજન્ટોની સંખ્યા, મતગણતરીના સ્થળે ચૂંટણી અધિકારીએ જોગવાઈ કરેલ મત ગણતરી માટેના ટેબલોની સંખ્યા કરતાં વધુ હોવી જોઈશે નહિ.

(૩) દરેક ગણતરી એજન્ટની નિમણૂંક, નમૂના ૧૯ મુજબ બે નકલમાં કરવી જોઈશે; જેમાંની એક નકલ ચૂંટણી અધિકારીને મોકલવી જોઈશે જ્યારે બીજી નકલ, નિયમ ૫૨ હેઠળ ગણતરી કરવા માટે નક્કી કરેલ સમયના મોડામાં મોડા એક કલાક અગાઉ ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવા માટે મત ગણતરી કરનાર એજન્ટને આપવી જોઈશે.

(૪) કોઈપણ મત ગણતરી એજન્ટે, પેટા-કલમ (૨) હેઠળ તેની નિમણૂંકની બીજી નકલ, યોગ્ય રીતે ભરીને અને તેમાં જણાવેલ એકરારમાં સહી કરીને ચૂંટણી અધિકારીને આપ્યું હોય અને મતગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં પ્રવેશવા માટે ચૂંટણી અધિકારી પાસેથી અધિકાર પત્ર મેળવ્યો હોય, તે સિવાય, તેને મત ગણતરી માટે નક્કી કરેલા સ્થળમાં દાખલ કરવામાં આવશે નહિ.

(૫) પેટા-કલમ (૧) હેઠળ મણગણતરી કરનાર એજન્ટની નિમણૂંક નમૂના ૨૦ મુજબ રદ કરવી જોઈશે અને ચૂંટણી અધિકારી પાસે તે મૂકવી જોઈશે.

(૬) મત ગણતરીના આરંભ પહેલાં, એવી રીતે નિમણૂંક રદ કરવાના પ્રસંગે, ઉમેદવાર અથવા તેના ચૂંટણી એજન્ટ, પેટા-નિયમ (૨) અનુસાર નવી નિમણૂંક કરી શકશે.

૫૪. મત ગણતરી સુપરવાઈઝરો અને મત ગણતરી મદદનીશોની નિમણૂંક કરવા બાબત.—(૧) આ નિયમોના નિયમ ૭૨ની જોગવાઈ-ઓને આધીન રહીને, ચૂંટણી અધિકારી, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીની પૂર્વ મંજૂરીથી, મત ગણતરીમાં પોતાને મદદ કરવા જરૂરી લાગે તેટલા મત ગણતરી સુપરવાઈઝરો અને મત ગણતરી મદદનીશોની નિમણૂંક કરી શકશે.

(૨) ઉમેદવારે અથવા તેના વતી ચૂંટણીમાં અથવા ચૂંટણી સંબંધી રોકેલ અથવા અન્યથા તેના માટે કામ કરતી કોઈપણ વ્યકિતને, પેટા-નિકય (૧)ના ખંડ (ક) હેઠળ નીમી શકાશે નહિ.

૫૫. મત ગણતરી કરવા માટે નક્કી કરેલ સ્થળમાં પ્રવેશ બાબત.—(૧) ચૂંટણી અધિજારી, મતોની ગણતરી કરવા માટે નક્કી કરેલ સ્થળમાંથી નીચેની વ્યકિતઓ સિવાય, તમામ વ્યકિતઓને બહાર કાઢી મૂકશે :—

(ક) મતગણતરી સુપરવાઈઝર અને મત ગણતરી મદદનીશો;

(ખ) રાજ્ય ચૂંટણી પંચે અધિકૃત કરેલી વ્યકિતઓ;

(ગ) ચૂંટણી સંબંધી ફરજ ઉપરના સરકારી નોકરો;

(ઘ) ઉમેદવારો, તેની ચૂંટણી એજન્ટો અને મતગણતરી માટેના ટેબલ દીઠ એક કરતાં વધુ હોય તેટલા મત ગણતરી એજન્ટ,

(૨) ચૂંટણી અધિકારી, અમુક કોઈ મત ગણતરીના ટેબલ ઉપર અથવા મતગણતરીના ટેબલોની સમૂહ આગળ મતગણતરી ઉપર કયા મતગણતરી કરનાર અજન્ટ અથવા અજન્ટો દેખરેખ રાખશે તે નક્કી કરશે.

(૩) મત ગણતરી દરમિયાન, પોતે દુર્વર્તન કરનાર અથવા ચૂંટણી અધિકારીના કાયદેસરના આદેશોનું પાલન ન કરનાર કોઈપણ વ્યકિતને, ચૂંટણી અધિકારી અથવા ચૂંટણી અધિકારી આ અર્થે અધિકૃત કરે તેવી કોઈપણ વ્યકિત અથવા પોલીસ અધિકારી જ્યાં મતોની ગણતરી થઈ રહી હોય ત્યાંથી કાઢી મૂકી શકશે.

૫૬. મતદાનની ગુપ્તા જાળવવા બાબત.—(૧) ચૂંટણીમાં મત નોંધવા અથવા મત ગણતરી સાથે લંકળાયેલ દરેક અધિકારી, કારકુન, એજન્ટ અથવા બીજી કોઈ વ્યકિતએ મતદાનની ગુપ્તતા જાળવવી અને તે જાળવવામાં મદદ કરશે અને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત હોય તેવા હેતુ સિવાય) આવી ગુપ્તતાનો ભંગ થાય તેવા પ્રકારની કોઈપણ માહિતી કોઈપણ વ્યકિતને આપશે નહીં.

(૨) જે કોઈ વ્યકિત, ઉપરના પેટા-નિયમ (૧)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને, ગુનો સાબિત થયેથી, કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષા કરવામાં આવશે.

૫૭. મત પેટીઓની ચકાસણી અને ખોલવા બાબત.—(૧) ચૂંટણી અધિકારી, એક કરતાં વધુ મતદાન મથકોએ વાપરેલ મત પેટી અથવા મતપેટીઓ ખોલાવી શકશે અને સાથોસાથ આવી પેટીઓમાં જણાયેલા મત પત્રોની ગણતરી કરવી.

(૨) મત ગણતરી કરવાના ટેબલ ઉપર કોઈ મત પેટી ખોલતાં પહેલાં, તે ટેબલ પાસે હાજર મત ગણતરી અજન્ટોને પેપર સીલ અથવા તેના ઉપર લગાડેલા બીજા સીલ પણ અકબંધ છે તેની પોતે ખાતરી કરવા માટે તેમને તપાસવાની છૂટ આપી શકશે.

INDEX

(૩) ચૂંટણી અધિકારીએ પોતે ખાતરી કરવી જોઈશે કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા નથી;

(૪) ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈપણ મત પેટી સાથે હકીકતમાં ચેડાં કરવામાં આવ્યા છે તો, તે પેટીમાંના મત પત્રોની તેણે ગણતરી કરવી નહિ અને નિયમ ૫૦માં જણાવેલી કાર્યરીતિ અનુસરવી.

૫૮. મતોની ગણતરી અને ચકાસણી : (૧) દરેક મતદાન મથકને લગતી મત પેટી અથવા પેટીઓ અથવા, યથાપ્રસંગ, મત પત્રોવાળા કવરો, એક પછી એક ખોલવામાં આવશે અને તેમાંના મતપત્રો બહાર કાઢવામાં આવશે અને ગણવામાં આવશે અને તેની સંખ્યા પત્રકમાં નોંધવામાં આવશે.

(૨) ચૂંટણી અધિકારીએ સુપ્રત મતપત્રોના નિશાની કરેલ મતદાર-યાદીના અથવા મતપત્રોની સ્થળપ્રતના સીવલવાળા પેકેટો ખોલવા નહિ, ચૂંટણી અધિકારીએ, નિયમ ૪૪ હેઠળ પ્રમુખ અધિકારીએ, નમૂના ૧૭ અને નમૂના ૧૮ મુજબ રજૂ કરેલ પત્રકની ગણતરી કરેલ મતપત્રોની બગાડેલા અને પરત થયેલા મતપત્રોની અને નિયમ ૪૧ હેઠળ તજવીજ કરેલ મત પત્રોની બિન વપરાયેલ મતપત્રો જે પોતાના કબજામાં હોય તે અને સુપરત કરેલા મતોની યાદીની સંખ્યા સાથે સરખામણી કરવી, ત્યાર પછી પોતે ખોલ્યા હોય તે દરેક કવર તેણે ફરી બંધ કરવા અને સીલ લગાડવા અને દરેક પેકેટ ઉપર તેની વિગતોનું વર્ણન અને જે ચૂંટણીને લગતું હોય તે ચૂંટણીની તારીખ નોંધવી.

(૩) ચૂંટણી અધિકારીએ તે પછી, બહાર કાઢેલા તમામ મતપત્રો ભેગા કરી દેવા અને સરળ પડે તેવા બન્ડલમાં, મત ગણતરી કરનાર સુપરવાઈઝરોને અને મત ગણતરી કરવા માટેના મત ગણતરી મદદનીશોમાં વહેંચવા :

પરંતુ સુપરત કરેલા મતપત્રોવાળું કોઈ કવર ખોલવું નહિ અને એવા કોઈપણ મતો ગણવા નહિ.

(૪) એવી રીતે મતપત્રોની વહેંચણી કર્યા પછી, તેની ચકાસણી કરવી અને ગણતરી કરવી. ઉમેદવારો અથવા તેના મત ગણતરી એજન્ટોને, ખરેખર તેને અડકયા સિવાય મતપત્રો તપાસવામાં વાજબી તક આપી શકાશે.

૫૯. મતપત્રો નામંજૂર કરવા બાબત : (૧) ચૂંટણી અધિકારી, નીચે પ્રમાણે હોય તો, મતપત્ર નામંજૂર કરશે.—

(૧) તેનો ઉપરની એવી કોઈ નિશાની અથવા લખાણ હોય કે જેથી મતદાર ઓળખી શકાય,

(૨) અનિશ્ચિતતાને કારણે તે રદબાતલ હોય;

(૩) તેની ઉપર કોઈપણ મત નોંધવામાં આવ્યો ન હોય;

(૪) તેની ઉપર નોંધેલા મતોની સંખ્યા ભરવાની બેઠકોની સંખ્યા કરતાં વધારે હોય ;

(૫) આપેલી જગા સિવાય બીજે નિશાની કરી હોય;

(૬) તે હેતુ માટે પૂરા પાડેલ સાધન સિવાય નિશાની કરી હોય.

(૭) તેની ઉપર મત જણાવતી નિશાની એવી રીતે કરી હોય કે જેથી કયા ઉમેદવારને મત આપવામાં આવ્યા છે તે નક્કી કરવાનું શંકાસ્પદ બને.

(૮) તે બનાવટી મતપત્રો હોય,

(૯) તેને એવી રીતે નુકશાન કર્યું હોય અથવા ચહેરાઈ નાંખ્યુ હોય કે તેની ખરા મતપત્ર તરીકે ઓળખે તેને સાબિત કરી શકાય તેમ ન હોય;

(૧૦) અમુક મતદાન મથકે વાપરવા માટે અધિકૃત કરેલ મતપત્રના અનુક્રમ નંબર અથવા ડીઝાઈનથી યથાપ્રસંગ જુદા અનુક્રમ નંબર હોય અથવા ડીઝાઈન હોય,

(૧૧) નિયમ ૩૦ની જોગવાઈઓ હેઠળ હોવી જોઈએ તેવી નિશાની અને સહી એમ બંને ન હોય :

પરંતુ ચૂંટણી અધિકારીને એવી ખાતરી થાય કે (૧૦) અને (૧૧) માં જણાવ્યા પ્રમાણેની કોઈ ખામી, પ્રમુખ અધિકારી અથવા મતદાન અધિકારીના પક્ષે કોઈ ભૂલ અથવા ચૂકને કારણે થઈ છે, તો, આવી ખામીના કારણે જ મતદાન નામંજૂર કરી શકાશે નહિ;

વધુમાં જે રીતે મતપત્ર ઉપર નિશાની કરવામાં આવી હોય તેની ઉપરથી એવો સ્પષ્ટ ઈરાદો જણાઈ આવે કે અમુક ઉમેદવારને મત આપ્યો હશે તો, મત આપ્યાનું જણાવતી નિશાની અસ્પષ્ટ છે અથવા એક કરતાં વધુવાર નિશાની કરી છે તેવા કારણ માત્રથી મતપત્ર નામંજૂર કરી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કોઈપણ મતપત્ર નામંજૂર કરતાં પહેલાં, ચૂંટણી અધિકારીએ હાજર રહેલા દરેક મત ગણતરી એજન્ટને મતપત્ર તપાસવાની વાજબી તક આપવી જોઈશે, પણ તેને કોઈપણ મતપત્રને અડકવાની છૂટ આપવી જોઈશે નહિ;

INDEX

(૩) ચૂંટણી અધિકારી પોતે જે મતપત્રો નામંજૂર કર્યા હોય તે દરેક મતપત્ર ઉપર "નામંજૂર" એવાં શબ્દો અને નામંજૂર કરવાનાં કારણો; સંક્ષિપ્તમાં, હાથે અથવા રબર સ્ટેમ્પ દ્વારા જણાવવા જોઈશે અને તેવા શેરો ઉપર સહી કરવી જોઈશે.

(૪) આ નિયમ હેઠળ નામંજૂર કરેલ તમામ મતપત્રોનું એક બંડલ બાંધવું જોઈશે.

(૫) મતપાત્ર નામંજૂર કરવા સંબંધી અથવા અન્યથા ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૬) આ નિયમ હેઠળ નામંજૂર કર્યું ન હોય તેવું દરેક મતપત્ર માન્ય મત તરીકે ગણાશે.

૬૦. મત ગણતરી સતત ચાલુ રાખવા બાબત:– ચૂંટણી અધિકારીએ, વ્યવહાર્ય હોય તેટલે સુધી, મતગણતરી સતત ચાલુ રાખવી જોઈશે અને કોઈ ગાળા દરમિયાન મતગણતરી મોકુફ રાખી હોય ત્યારે, મતપત્રોના પેકેટો અને ચૂંટણીને લગતા બીજા તમામ કાગળોના પોતાના સીલથી અને આવા ઉમેદવાર અથવા ચૂંટણી એજન્ટ પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તો તેમના સીલથી સીલ કરીને રાખવા અને અથવા ગાળા દરમિયાન તેને સુરક્ષિત કસ્ટડીમાં રાખવા માટે પૂરતી સાવચેતી રાખવી જોઈશે.

૬૧. પરિણામપત્રક તૈયાર કરવા બાબત.– મત ગણતરી પૂરી થયા પછી, ચૂંટણી અધિકારીએ, નીચેની વિગતોવાળું પરિણામ -પત્રક નમૂના ૨૧ મુજબ તૈયાર કરવું જોઈશે.–

(૧) જે ને માન્ય મતો આપવામા આવ્યા હોય તે ઉમેદવારોના નામો;

(૨) દરેક ઉમેદવારને આપેલા માન્ય મતોની સંખ્યા;

(૩) અમાન્ય જાહેર કરેલા મતોની સંખ્યા ;

(૪) આપેલા સુધારત કરેલા મતોની સંખ્યા.

૬૨. પરિણામો જાહેર કરવા અને મતોની ફેર ગણતરી બાબત:– (૧) નિયમ ૬૧ મુજબ પરિણામ પત્રક તૈયાર કર્યા પછી, ચૂંટણી અધિકારીએ, દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા જાહેર કરવી જોઈશે;

(૨) આવી જાહેરાત કરવામાં આવ્યા પછી, ઉમેદવાર અથવા તેના મત ગણતરી એજન્ટ, તે કયા કારણસર આવી ફેર મતગણતરી કરવા માંગે છે તે કારણ સંપૂર્ણ અથવા અંશત: જણાવીને મતપત્રોની ફેર ગણતરી કરવા માટે ચૂંટણી અધિકારીને લેખિત અરજી કરી શકશે.

(૩) આવી અરજી કરવામાં ચૂંટણી અધિકારી તે બાબતનો નિર્ણય કરશે અને તે આખી અરજી અથવા તેનો અમુક ભાગ મંજૂર કરી શકશે અથવા જો તે તેને તુચ્છ અથવા ગેર વ્યાજબી જણાય તો આખી અરજી નામંજૂર કરી શકશે.

(૪) પેટા-નિયમ (૩) હેઠળ ચૂંટણી અધિકારીનો દરેક નિર્ણય લેખિતમાં હોવો જોઈશે અને તે માટેના કારણો તેમાં હોવા જોઈશે.

(૫) જો ચૂંટણી અધિકારી, પેટા-નિયમ (૩) હેઠળ પૂરેપૂરી અરજી અથવા તેનો અમુક ભાગ સ્વીકારવા નિર્ણય કરે તો, તેણે નિયમ ૫૪ અનુસાર ફરીથી મતગણતરી કરવી જોઈશે અને આવીરીતે મતોની ફેર ગણતરી કર્યા પછી આવશ્યક હોય તેટલે સુધી, પરિણામ પત્રક સુધારવું જોઈશે અને તેણે એવી રીતે કરેલ સુધારો જાહેર કરવો જોઈશે.

(૬) દરેક ઉમેદવારને મળેલા મતોની કુલ સંખ્યા પેટા-નિયમ (૧) હેઠળ પેટા-નિયમ (૩) હેઠળ ફેર ગણતરીનો હુકમ કરવામાં આવ્યાની બાબતમાં, પેટા-નિયમ (૫) હેઠળ જાહેર કરવામાં આવ્યા પછી, ચૂંટણી અધિકારીએ પરિણામ પત્રક પુરું કરીને સહી કરવી જોઈશે અને ત્યારપછી ફેર ગણતરી માટેની કોઈ અરજી સ્વીકારવી નહિ.

પરંતુ ચૂંટણી પૂરી થયે હાજર ઉમેદવારો અને ચૂંટણી એજન્ટોને પેટા-નિયમ (૨) થી મળેલ તેમનો હક વાપરવા માટે વાજબી તક આપવામાં ન આવે ત્યાંસુધી મત ગણતરી પૂરી થયે આ પેટા-નિયમ હેઠળ કોઈ પગલાં લઈ શકશે નહિ.

૬૩. પરિણામ જાહેર કરવા બાબત.– (૧) મત ગણતરી પૂરી કરવામાં આવી હોય, ત્યારે ચૂંટણી અધિકારીએ નીચેની રીતે ચૂંટણીનું પરિણામ જાહેર કરવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૨) પ્રથમ, તેણે સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકનું પરિણામ તે બેઠક માટે ચૂંટાવા માટે લાયક સ્ત્રીઓમાંથી સૌથી વધુ માન્ય મતો મળ્યા હોય તે સ્ત્રીને તે બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરતો તેણે નિર્ણય કરવો જોઈશે.

(૩) ત્યારપછી, તેણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અથવા બીજા પછાત વર્ગના માટે જો કોઈ બેઠક અનામત રાખી હોય તો તેનું પરિણામ જે વ્યકિતને અગાઉ, સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠક ઉપર ચૂંટાયેલ જાહેર કરી હોય તે તે વ્યકિત સિવાયની વ્યકિતને કે જેને તે અનામત જગા ઉપર ચૂંટાવા માટે લાયક વ્યકિતઓમાંથી સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તે ક્રમમાં ચૂંટાયેલો જાહેર કરતો નિર્ણય કરવો જોઈશે.

INDEX

(૪) ત્યારબાદ તેણે યથાપ્રસંગ, બિન અનામત બેઠક અથવા બેઠકોનું પરિણામ જે વ્યકિતને અગાઉ અનામત રાખેલી બેઠકો ઉપર ચૂંટાયેલો જાહેર કરવામાં આવી હોય તે વ્યકિતઓ સિવાયની આવી બેઠકોની સંખ્યા કરતાં વધુ ન હોય તે વ્યકિતઓ કે જેને સૌથી વધુ માન્ય મતો મેળવ્યા હોય તેને અથવા આવી એક કરતાં વધુ બેઠકો હોય ત્યારે તે વ્યકિતને ચૂંટાયેલ જાહેર કરતો નિર્ણય કરવો જોઈશે.

૬૪. મતો સરખા પડવા બાબત.— કોઈપણ ઉમેદવારો વચ્ચે મતો સરખા હોવાનું જણાય અને તે પૈકી કોઈ ઉમેદવારને એક મત ઉમેરવાથી તે ચૂંટાયેલ જાહેર કરવાનો હકદાર બને ત્યારે જેને આવો વધારાનો મત આપવામાં આવ્યો હોવાનું ગણાશે તે વ્યકિત અથવા વ્યકિતઓના નિર્ણય ચૂંટણી અધિકારીની હાજરીમાં ચિઠ્ઠી નાખીને કરવો જોઈશે.

૬૫. એક કરતાં વધુ વોર્ડમાંથી ચૂંટાવા બાબત:-(૧) કોઈ વ્યકિત, એક કરતાં વધુ વોર્ડમાંથી કાઉન્સીલર તરીકે ચૂંટાય અથવા ચૂંટાયો હોવાનું ગણાય તો, તેણે જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી તરફથી તેને લેખિત નોટિસ મળ્યા પછી ૨૪ કલાકની અંદર, પોતે કયા વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા ઈચ્છે છે તેની પોતે સહી કરીને લેખિતમાં પસંદગી કરવી જોઈશે. અને જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીને તે આપવું જોઈશે, નિયત સમયની અંદર આવી કોઈ પસંદગી કરવામાં આવી ન હોય તો, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી, જે વોર્ડમાં તેને સૌથી વધુ મતો મળ્યા હોય તે વોર્ડનું પ્રતિનિધિત્વ કરશે તેવું જાહેર કરશે અને એવી રીતે કરેલી પસંદગી અથવા જાહેરાત નિર્ણાયક ગણાશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળ કરેલી પસંદગી અથવા જાહેરાત, જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીએ, સંબંધિત ચૂંટણી અધિકારીને તરત જ જણાવવી, તેમ થયે, જે વોર્ડનું આવી વ્યકિત પ્રતિનિધિત્વ કરવા માંગતી ન હોય તે વોર્ડના ચૂંટણી અધિકારીઓએ તરતજ નિયમ--૬૩ હેઠળ તેણે કરેલ પરિણામની જાહેરાત નીચેની રીતે સુધારવાની કાર્યવાહી કરવી જોઈશે.

(૩) જે વોર્ડનું પ્રતિનિધિત્વ કરવા માંગતા ન હોય તેવા કોઈ વોર્ડમાં ઉપર જણાવેલ ઉમેદવારો માટે નોંધાયેલ મતો, આપવામાં આવ્યા ન હોવાનું ગણાશે અને જે કોઈ ઉમેદવાર સદરહુ મતોને કારણે આવા વોર્ડ માટે જેને ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવ્યો હોય તે કોઈપણ ઉમેદવાર તેના માટે ચૂંટાયેલ હોવાનું ગણાશે:

પરંતુ વોર્ડમાં બીજી બેઠક માટે નિયમ ૬૩ હેઠળ અગાઉ ચૂંટાયેલ જાહેર કરવામાં આવ્યો હોય તે ઉમેદવારનું પરિણામ ફેરવી શકાશે નહિ.

૬૬. મત ગણતરીના સમયે મત પત્રોનો નાશ થવા અથવા ગૂમ થવા બાબત-- (૧) મત ગણતરી પૂરી થયા પહેલાં કોઈપણ સમયે, મતદાન મથકે વાપરેલ કોઈપણ મતપત્રો, ચૂંટણી અધિકારીની કસ્ટડીમાંથી ગેરકાયદેસર લઈ જવામાં આવે અથવા આકસ્મિક રીતે અથવા ઈરાદાપૂર્વક તેનો નાશ કરવામાં આવે અથવા ગૂમ થાય અથવા નુકસાન થાય અથવા તે મતદાન મથકના મતોનું પરિણામ નક્કી કરી ન શકાય તેવા પ્રમાણમાં તેની સાક્ષી ચેડાં કરવામાં આવે તો, ચૂંટણી અધિકારીએ તે બાબતનો રિપોર્ટ રાજય ચૂંટણી પંચને તરતજ કરવો જોઈશે.

(૨) જો તેને ખાતરી થાય કે તે મતદાન મથકે અથવા સ્થળે નવેસરથી મતદાનના પરિણામથી ચૂંટણીના પરિણામને કોઈ રીતે અસર થશે નહિ તો, મત ગણતરી શરૂ કરવા અને પૂરી કરવા માટે અને જેના સંબંધમાં મત ગણતરી કરવામાં આવી હોય તે ચૂંટણી ફરી કરવા અને પૂરી કરવા માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો ચૂંટણી અધિકારીને આપવા.

(૩) આ નિયમોની જોગવાઈઓ જાણે કે અસલ મતદાનને લાગુ પડતી હોય તે રીતે આવા દરેક નવેસરથી મતદાનને લાગુ પડશે.

૬૭. ચૂંટાયેલા ઉમેદવારને પ્રમાણપત્ર આપવા બાબત.—નિયમ ૬૩ હેઠળ ઉમેદવારને ચૂંટાયેલ જાહેર કર્યો હોવાનું ગણાય અથવા નિયમ ૬૩ થી ૬૫ હેઠળ ચૂંટાયેલ હોવાનું જાહેર કરવામાં આવે તે પછી, જેમ બને તેમ જલ્દી ચૂંટણી અધિકારીએ આવા ઉમેદવારને, નમૂના ૨૨ મુજબ ચૂંટણીનું પ્રમાણપત્ર આપવું જોઈશે, ઉમેદવાર પાસેથી તેણે યોગ્ય રીતે સહી કરેલ તે મળ્યાની પહોંચ મેળવવી જોઈશે અને તરતજ રાજય ચૂંટણી પંચને મોકલી આપવી જોઈશે.

૬૮. પરિણામની પ્રસિધ્ધિ.—કાઉન્સિલરો તરીકે ચૂંટાયેલી વ્યકિતઓના નામો, ચૂંટણી અધિકારીએ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા જોઈશે.

૬૯. મતપત્રો અને ચૂંટણીને લગતા બીજા કાગળોની કસ્ટડી.—ચૂંટણી અધિકારી પરિણામ જાહેર કર્યા પછી, વાપરેલ મતપત્રોની અને ચૂંટણીને લગતા બીજા કાગળો, સલામત કસ્ટડીમાં જુદા પેકેટમાં રાખવા જોઈશે અને તે ચૂંટણી અધિકારીના અને તેના ઉપર પોતાનું સીલ લગાડવા ઈચ્છતા હોય તેવા ઉમેદવારોએ અથવા ચૂંટણી એજન્ટો અથવા મતગણતરી એજન્ટોના સીલથી સીલ કરવા જોઈશે.

૭૦. ચૂંટણી અંગેના કાગળોની રજુઆત અને નિરીક્ષણ.—ચૂંટણી અધિકારીના હવાલામાં હોય તે દરમિયાન ગણાયેલા રદ કરાયેલા અથવા સુપરત કરેલા મતપત્રો તેમની સ્થળપત્રો અને મતદાર યાદીની નિશાનીઓ કરેલી નકલના પેકેટો સક્ષમ કોર્ટનો હુકમ હોય તે સિવાય ખોલવા નહિ, તેમાંની ચીજોનું નિરીક્ષણ કરવું નહિ, અથવા તે રજુ કરવી નહિ પણ ચૂંટણી ને લગતા બીજા તમામ દસ્તાવેજો રાજય ચૂંટણી પંચ ઠરાવે તેવી શરતોને આધીન રહીને અને તેવી ફી આપવામાં આવેથી લોકોને જોવા માટે ખુલ્લા રહેશે અને કોઈપણ વ્યકિત એવી શરતનું પાલન કરે અને એવી ફી આપે એટલે, તેની અથવા તેના કોઈપણ ભાગની નકલ અથવા નકલો મેળવવાને હકદાર રહેશે.

૭૧. ચૂંટણી અંગેના કાગળનો નિકાલ કરવા બાબત.—નિયમ ૬૮માં ઉલ્લેખ કરેલાં પેકેટો અને ચૂંટણીને લગતા બીજા તમામ દસ્તાવેજો સક્ષમ સત્તામંડળ સમક્ષ ચૂંટણી અરજી નિકાલ બાકી હોય તે સિવાય, એક વર્ષની મુદત માટે રાખી મૂકવા અને ત્યાર પછી રાજય ચૂંટણી પંચ જે કોઈ આદેશો આપે તે રીતે અને સક્ષમ કોર્ટ આપેલ કોઈપણ આદેશને આધીન રહીને તેનો નાશ કરવો.

INDEX

ભાગ--૫

સામાન્ય જોગવાઈ

૭૨. ચૂંટણી પ્રક્રિયા સાથે નગરપાલિકાના કર્મચારીઓને જોડવા નહિ.-- નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને ચૂંટણી અધિકારી, અથવા મદદનીશ ચૂંટણી અધિકારી, પ્રમુખ અધિકારી, મતદાન અધિકારી, મત ગણતરી સુપરવાઈઝર અથવા મત ગણતરી મદદનીશ તરીકે નીમી શકાશે નહિ અથવા નગરપાલિકાની ચૂંટણી કરવા સાક્ષે સંકળાયેલ બીજું કોઈપણ કામ સોંપી શકાશે નહિ.

પરંતુ ચૂંટણી અધિકારી, નગરપાલિકા ચલાવતી હોય તેવી પ્રાથમિક શાળાના શિક્ષકો તરીકે રોકેલી વ્યકિતઓને પ્રમુખ અથવા મતદાન અધિકારી તરીકે નીમી શકશે.

૭૩. ચૂંટણી દિવસના અગાઉના દિવસે અને ચૂંટણીના દિવસે જાહેર સભાઓ ભરવા ઉપર પ્રતિબંધ .-- (૧) કોઈપણ વ્યકિત, કોઈપણ મતદાન વિસ્તારમાં કોઈપણ ચૂંટણી માટે મતદાન બંધ કરવા માટે નક્કી કરેલ સમયે પૂરા અડતાલીસ કલાકની મુદત દરમિયાન તે મતદાન વિસ્તારમાં કોઈ જાહેર સભા બોલાવી શકશે નહિ, ભરી શકશે નહિ અથવા તેમાં હાજર રહી શકશે નહિ.

(૨) જે કોઈ વ્યકિત પેટા કલમ (૧) ની જોગવાઈનું ઉલ્લંઘન કરે તે વ્યકિત, કાયદાની જોગવાઈઓ અનુસાર શિક્ષાને પાત્ર થશે.

૭૪. મતદાર યાદીઓમાં મુદ્રણ અને કારકૂની ભૂલો બાબત.-- મતદાર યાદીમાંની કોઈ નોંધ અમુક વ્યકિતને લગતી છે કે કેમ, તેવો પ્રશ્ન આ નિયમો હેઠળ ચૂંટણી અધિકારીના અથવા પ્રમુખ અધિકારીના, નિર્ણય માટે ઉભો થાય તો, યથા પ્રસંગ ચૂંટણી અધિકારી અથવા પ્રમુખ અધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને, એવો નિર્ણય કરી શકશે કે તેમાં કોઈ કારકૂની અથવા મુદ્રણની ભૂલ હોય તે છતાં, સદરહુ વ્યકિતને લગતી નોંધ છે અથવા નથી.

૭૫. મુશ્કેલી દૂર કરવા બાબત.-- અધિનિયમ હેઠળ કોઈ ચૂંટણી કરવા માટે કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો ચૂંટણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ આપે તેવા કોઈપણ આદેશોને અધીન રહીને, ચૂંટણી યોગ્ય રીતે કરવા માટે પોતે જરૂરી જણાય તેમ અધિનિયમ અથવા નિયમો સાથે અસંગત ન હોય તેવું કોઈ કૃત્ય કરી શકશે નહિ.

૭૬ તત્સમાન નિયમો રદ કરવા બાબત.-- મ્યુનિસિપલ ચૂંટણી નિયમો, ૧૯૬૪, આથી રદ કર્યા છે.

નમૂનો– ૧.

[જુઓ નિયમ ૫]

ચૂંટણીની જાહેર નોટિસ

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

આથી નોટિસ આપવામાં આવે છે કે–

*(૧).....ના નગરપાલિકાની નીચેની જગાઓ ભરવા માટે સામાન્ય ચૂંટણી કરવાની છે.

*(૧).....નગરપાલિકાની નીચેની ખાલી જગા ભરવા માટે ચૂંટણી કરવાની છે.

અનુકમાંક	વોર્ડ નંબર	વોર્ડનું નામ	બેઠકની વિગતો
૧			
૨			
૩			
૪ વગેરે			

INDEX

૨. ચૂંટણી માટેની સૂચિ નીચે પ્રમાણે છે.-

(ક) ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ
(ખ) ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ
(ગ) ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેવાની તારીખ
(ઘ) મતદાનની તારીખ
(ચ) મતદાનનો સમય સવારના.....થી સાંજના.....સુધી

સ્થળ .....

તારીખ.....

રાજ્યની ચૂંટણી પંચના હુકમથી

સચિવ, રાજ્ય ચૂંટણી પંચ.

*લાગુ પડતું ન હોય તે છેકી નાખવું.

નમૂનો-૨

[જુઓ નિયમ ૬]

ચૂંટણીની જાહેર નોટિસ

.....નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

આથી નોટિસ આપવામાં આવે છે કે.-

(૧) વોર્ડ નંબર.....વોર્ડનું નામ .....માંથી નીચેની ખાલી જગાઓ ભરવા માટે ચૂંટણી કરવાની છે.

કુલ બઠકો.....છે તે માંથી .....

એક બેઠક સ્ત્રી સામાન્ય/અ. જા./અ. આ. પ. વર્ગ માટે અનામત રાખી છે,

*એક બેઠક અ. જા./અ. આ./પ. વર્ગ માટે અનામત છે.

*એક બેઠક/બે બેઠકો બિન અનામત છે.

(૨) ઉમેદવારી પત્રો ઉમેદવારે અથવા તેની દરખાસ્ત મૂકનાર અથવા તેને ટેકો આપનાર મારફત નીચેના સરનામે (જાહેર રજાના દિવસ સિવાય કોઈ પણ દિવસે પણ તા.....થી મોડુ નહિ તે રીતે સવારના ૧૦-૩૦ થી બપોરના ૩-૦૦ વાગ્યાની વચ્ચે પહોંચાડી શકાશે.

(૩) ઉમેદવારી પત્રનો નમૂનો ઉપર જણાવેલ સ્થળેથી અને સમયે મેળવવી શકાશે,

(૪) ઉમેદવારી પત્રોની ચકાસણી તારીખ.....ના રોજ.....વાગ્યે મારી કચેરીમાં કરવામાં આવશે.

(૫) ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ ઉમેદવાર અથવા ઉમેદવાર જેલમાં હોય અથવા પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈપણ વ્યકિત, જાતે મારી ઓફિસમાં મને તારીખ.....ના રોજ કચેરીના સમય દરમિયાન પણ બપોરના ૩-૦૦ વાગ્યા પહેલાં પહોંચાડી શકશે.

(૬) ચૂંટણીની કરવાની થાય તો, મતદાન તારીખ.....ના રોજ.....થી.....સુધીના સમય વચ્ચે થશે.

સ્થળ .....

તારીખ .....

ચૂંટણી અધિકારી.

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.

INDEX

નમૂનો ૩

[જુઓ નિયમ ૭]

ઉમેદવારી પત્ર

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....

૧. હું.....ની નગરપાલિકાના વોર્ડ નંબર.....વોર્ડનું નામ..... માંથી ચૂંટણી માટે ઉમેદવાર તરીકે નીચેની વ્યક્તિના નામની દરખાસ્ત કરું છું.

નામ .....

પિતાનું/પતિનું નામ .....

જાતિ (સ્ત્રી કે પુરુષ) .....

ટપાલનું સરનામું .....
.....

તેનું નામ, વોર્ડ નંબર.....વોર્ડનું નામ .....માટેની વોર્ડની મતદાર યાદીમાં અનુક્રમ નંબર.....આગળ નોંધેલ છે.

૨. મારું નામ .....છે અને તે, વોર્ડ નંબર.....બોર્ડનું નામ.....માટેની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....આગળ નોંધેલ છે.

તારીખ..... (દરખાસ્ત મૂકનારની સહી)

૩. હું ઉપર જણાવેલ વ્યક્તિની ઉમેદવાર તરીકેની ઉમેદવારીને ટેકો આપું છું.

૪. મારું નામ .....છે અને વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....ની વોર્ડ યાદીમાં અનુ. નંબર.....આગળ નોંધેલ છે.

તારીખ..... (ટેકો આપનારની સહી)

૫. હું ઉપર જણાવેલ ઉમેદવાર, આ ઉમેદવારીને અનુમતિ આપું છું કે– આથી જાહેર કરું છું કે–

(ક) મેં.....વર્ષની ઉંમર પૂરી કરી છે.

(ખ) હું.....પક્ષ દ્વારા આ ચૂંટણીમાં ઉભો રહયો છું.

(ગ) મેં પસંદ કરેલ પ્રતીક–

(૧)..... (૨).....અને(૩) .....છે.

(ઘ) મારા નામની મારા પિતા/પતિનું નામની ગુજરાતીમાં જોડણી ઉપર જણાવ્યા મુજબ સાચી છે. અને મારું નામ મતપત્ર ઉપર આવી રીતે નોંધવાની હું વિનંતી કરું છું.

(ચ) મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ, હું.....મ્યુનિસિપલ બરોમાં ચૂંટાવા માટે લાયક છું અને ગેરલાયક ઠર્યો નથી.

૬. હું વધુમાં જાહેર કરું છું કેહું.....જાતિ/આદિજાતિ/વર્ગનો સભ્ય છું જે ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/પછાત વર્ગનો છું હું આ સાથે, ...એ તારીખ.....ના રોજ કાઢી આપેલ જાતિ/આદિજાતિ/વર્ગના પ્રમાણપત્રની ઝેરોક્ષ/નકલ બીડું છું.

તારીખ..... (ઉમેદવારની સહી)

@ આ પરિચ્છેદ લાગુ પડતો ન હોય તો તે છેકી નાંખવો.

* જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાંખવા.

INDEX

(ચૂંટણી અધિકારીએ ભરવું)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર.....છે.

૨. આ ઉમેદવારી પત્ર *ઉમેદવારે/દરખાસ્ત કરનાર/ટેકો આપનારે મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ..... કલાકે પહોંચાડ્યું હતો.

તારીખ.....

ચૂંટણી અધિકારી,

પહોંચ

(ચૂંટણી અધિકારીએ ભરવું અને ઉમેદવારી પત્ર રજૂ કરનાર વ્યક્તિને આપવી)

૧. ઉમેદવારી પત્રનો અનુક્રમ નંબર.....

૨. આ ઉમેદવારી પત્ર *ઉમેદવારે/દરખાસ્ત કરનારે/ટેકો આપનારે મને મારી ઓફિસમાં/તારીખ.....ના રોજ..... કલાકે પહોંચાડ્યું હતું.

તારીખ.....

ચૂંટણી અધિકારી,

નમૂનો-૪

[જુઓ નિયમ-૧૦]

જેમના નામની માન્યરીતે દરખાસ્ત કરવામાં આવી હોય તે ઉમેદવારોની યાદી

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર ..... વોર્ડનું નામ .....

અ. નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષસાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧.				
૨.				
૩.				
૪. વગેરે				

સ્થળ.....

તારીખ.....

ચૂંટણી અધિકારી,

નમૂનો–૫

[જુઓ નિયમ ૧૧]

ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ

.....ની નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર.....
વોર્ડનું નામ.....

મે, સાહેબ

હું.....ઉપરની ચૂંટણીમાં જેનાનામની માન્ય રીતે દરખાસ્ત થયેલ ઉમેદવાર, આથી, નોટિસ આપું છું કે, હું મારી ઉમેદવારી પાછી ખેંચી લઉં છું.

તારીખ : માન્યરીતે દરખાસ્ત કરવામાં આવેલ ઉમેદવારની સહી,

(ચૂંટણી અધિકારીએ ભરવું)

આ નોટીસ મને મારી ઓફિસમાં તારીખ.....ના રોજ .....વાગ્યે.....

*(૧) ઉમેદવારે જાતે અથવા,

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઇ જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતી.....એ

પહોંચાડી હતી.

તારીખ..... ચૂંટણી અધિકારી,

પહોંચ

(ચૂંટણી અધિકારીએ ભરવું અને ઉમેદવારી પાછી ખેંચવાની નોટિસ રજૂ કરતી વ્યકિતને આપવી)

વોર્ડ નંબર .....વોર્ડનું નામ.....ની ચૂંટણીમાં જેના નામની માન્ય રીતે દરખાસ્ત કરવામાં આવી હોય તે ઉમેદવાર શ્રી/શ્રીમતી.....એ ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસ મને મારી ઓફિસમાં તારીખ .....ના રોજ .....વાગે.

*(૧) ઉમેદવારે જાતે, અથવા

*(૨) ઉમેદવાર જેલમાં/પોલીસ કસ્ટડીમાં હોઇ જેની સાબિતી મને આપવામાં આવી છે તે ઉમેદવારે યોગ્ય રીતે અધિકૃત કરેલ શ્રી/શ્રીમતી.....એ પહોંચાડી હતી.

તારીખ..... ચૂંટણી અધિકારી,

---

* (જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાખવા.)

INDEX

નમૂનો—૬

[જુઓ નિયમ ૧૬]

હરીફ ઉમેદવારોની યાદી

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર : ..... વોર્ડનું નામ.....

અ.નં. (૧)	ઉમેદવારનું નામ (૨)	સરનામું (૩)	પક્ષ સાથે જોડાણ (૪)	ઉમેદવારનો વર્ગ (૫)	ફાળવેલ પ્રતીક (૬)
૧.					
૨.					
૩.					
૪.					
૫.					
૬.					
૭.					
૮.	વગેરે				

સ્થળ.....

તારીખ : ..... ચૂંટણી અધિકારી

નમૂનો–૭

[(જુઓ નિયમ ૧૮ (૧))]

ચૂંટણી એજન્ટની નિમણૂક

_____ નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર _____ વોર્ડનું નામ _____

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર _____
વોર્ડનું નામ _____

સાહેબ,

હું _____ ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી શ્રી/શ્રીમતી ..... ને ઉપરની ચૂંટણી માટે આજ તારીખથી મારા ચૂંટણી એજન્ટ તરીકે નીમું છું.

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી.

તારીખ.....

હું ઉપરની નિમણૂકનો સ્વીકાર કરું છું.

ચૂંટણી એજન્ટની સહી.

તારીખ.....

ચૂંટણી અધિકારીની સહી અને સિક્કો.

સ્થળ.....

INDEX

નમૂનો—૮

[જુઓ નિયમ ૧૮(૨)]

ચૂંટણી એજન્ટની નિમણૂક રદ કરવા બાબત

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

વોર્ડ નંબર.....

વોર્ડનું નામ.....

સાહેબ,

હું.....ઉપરની ચૂંટણીનો ઉમેદવાર આથી, શ્રી/
શ્રીમતી.....ની નિમણૂંક, તાત્કાલિક અમલમાં આવે તે રીતે રદ કરું છું.

આપનો વિશ્વાસુ,

ઉમેદવારની સહી.

તારીખ.....

નમૂનો—૯.

[જુઓ નિયમ ૨૧ (૩)]

*મતદાન એજન્ટની નિમણૂંક

.....ની નગરપાલિકાની ચૂંટણી વોર્ડ નંબર.....

વોર્ડનું નામ.....

હું,.....ઉમેદવાર/ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર.....ની
ચૂંટણીનો એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી.....(પૂરેપૂરું નામ અને સરનામું)ને મથક
નંબર.....મતદાન મકથનું નામ.....ઉપર મતદાનના
દિવસે હાજર રહેવા માટે મતદાન એજન્ટ તરીકે નીમું છું.

ઉમેદવારની/ચૂંટણી એજન્ટની સહી

તારીખ.....

આવા મતદાન એજન્ટ તરીકે કામ કરવા સંમત છું.

મતદાન એજન્ટની સહી

તારીખ.....

મતદાન એજન્ટના એકરાર, ઉપર, પ્રમુખ અધિકારી સમક્ષ સહી કરવી.

હું આથી એકરાર કરું છું કે ઉપરની ચૂંટણીમાં હું મતદાનની ગુપ્તતા રાખીશ અને ગુપ્તતા જાળવવામાં મદદ કરી અને આવી ગુપ્તતાના ભંગ થાય તેવા પ્રકારની કોઈ માહિતીની કોઈ વ્યકિતને (અમુક હેતુ માટે કોઈ કાયદાથી અથવા તે હેઠળ અધિકૃત કરેલા અમુક હેતુ માટે હોય તે સિવાય) જાણ કરીશ નહિ.

મતદાન એજન્ટની સહી.

મારી સમક્ષ સહી કરી.

પ્રમુખ અધિકારી.

તારીખ.....

---

*મતદાન મથકમાં રજૂ કરવા માટે મતદાન એજન્ટને સોંપવો.

નમૂનો—૧૦.

[જુઓ નિયમ ૨૧ (૫)]

મતદાન એજન્ટની નિમણૂક રદ કરવા બાબત.

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....

પ્રતિ,
પ્રમુખ અધિકારી,
મતદાન મથકનો નંબર.....
મતદાન મથકનું નામ.....

સાહેબ,

હું,.....ઉમેદવાર/શ્રી/શ્રીમતી.....જે ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર છે તેનો ચૂંટણી એજન્ટ, આથી, શ્રી/શ્રીમતી.....ની નિમણૂક મતદાન એજન્ટ તરીકે રદ કરું છું.

તારીખ.....

ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

નમૂનો—૧૧

[જુઓ નિયમ—૨૯]

મતપત્રનો નમૂનો

જોડેલો ભાગ.

.....નગરપાલિકા

વોર્ડ નંબર .....
વોર્ડનું નામ.....

ચૂંટણીનું વર્ષ.....

મતપત્રનો અનુક્રમ નંબર .....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

સ્થળપત્ર

.....નગરપાલિકાની

ચૂંટણીનું વર્ષ
વોર્ડનો નંબર.....
વોર્ડનું નામ .....
મતપત્રનો અનુક્રમ નંબર .....
મતદાન મથકનો નંબર.....

મતદાન મથકનું નામ.....

મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.....

મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન

મતદાન અધિકારી સહી

INDEX

નમૂનો–૧૨

[જુઓ નિયમ ૩૩ (૨)]

નિરક્ષર, અંધ અને અશકત મતદારોની યાદી

———————————————————————————————નગરપાલિકાની ચૂંટણી,

વોર્ડ નંબર———————————— વોર્ડનું નામ———————————

મતદાન મથક નંબર' ————————————————

મતદાન મથકનું નામ. ————————————————

મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર.	મતદારનું પૂરેપૂરું નામ.	સાથીનું પૂરેપૂરું નામ અને સરનામું.	સાથીની સહી.
(૧)	(૨)	(૩)	(૪)

તારીખ :———————————— પ્રમુખ અધિકારીની સહી.

———————

નમૂનો — ૧૩.

[જુઓ નિયમ--૩૮ (૨)(ગ)]

વાંધો ઉઠાવેલ મતોની યાદી.

— — — — — — — — —નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર ————————વોર્ડનું નામ :————————

મતદાન મથક નંબર :————————મતદાન મથકનું નામ :————————

અનુ. ક્રમ નંબર	મતદારનું નામ	મતદાર યાદીમાં મતદારના નામનો અનુક્રમ નંબર	વાંધો ઉઠાવનાર વ્યકિતની સહી અને અંગૂઠાનું નિશાન	વાંધો ઉઠાવનાર વ્યકિતનું સરનામું.	ઓળખ આપનાર હોય તો તેનું નામ.	વાંધો ઉઠાવનાર-નું નામ.	પ્રમુખ અધિકારીનો હુકમ	ડિપોઝીટની રકમ પાછી મળ્યેથી વાંધો ઉઠાવનારની સહી.
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧								
૨								
૩								
વગેરે.								

તારીખ :———————— પ્રમુખ અધિકારીની સહી.

———————

નમૂનો ૧૪

[જુઓ નિયમ ૩૯ (૨)]

સુપરત કરેલા મતોની યાદી.

.....નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

મતદાન મથક નંબર.....

મતદાર મથકનું નામ.....

અનુક્રમ નંબર.	મતદાર યાદીમાં મતદારનો અનુક્રમ નંબર	મતદારનું નામ અને સરનામું.	સુપરત કરેલા મતપત્રનો અનુક્રમ નંબર	મતદારની સહી અથવા અંગૂઠાની નિશાની.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)

તારીખ.....

પ્રમુખ અધિકારીની સહી

નમૂનો ૧૫

[જુઓ નિયમ ૪૧ (૧)]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર માટેની અરજી.

.....નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....

પ્રતિ,
ચૂંટણી અધિકારી,
વોર્ડ નંબર.....
વોર્ડનું નામ.....

સાહેબ,

હું ઉપરના વોર્ડની આગામી ચૂંટણીમાં, જંતે મત આપવા માંગુ છું. ઉપરના વોર્ડ માટેની મતદાર યાદીના અનુક્રમ નંબર..... પર મારું નામ દાખલ કરેલ છે.

મને વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....ના મતદાન મથક નંબર.....મતદાન મથકનું નામ..... .....એ સ્થળે ચૂંટણી અંગેની ફરજ ઉપર મૂકવામાં આવ્યો છે.

મતદાનના દિવસે જે મતદાન મથક ઉપર ફરજ ઉપર હોઉં તે મતદાન મથકે હું મત આપી શકું તે માટે નમૂના ૧૬ મુજબનું ચૂંટણી ફરજ પ્રમાણપત્ર મને કાઢી આપવાની વિનંતી કરું છું. તે મને નીચેના સરનામે મોકલી આપશો.

આપનો વિશ્વાસુ,

તારીખ.....

INDEX

નમૂનો--૧૬

[જુઓ નિયમ ૪૧(૧)]

ચૂંટણી ફરજ પ્રમાણપત્ર

.....નગરપાલિકાની ચૂંટણી.

વોર્ડ નંબર..... વોર્ડનું નામ .....

પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતિ.....વોર્ડ નંબર.....ના વોર્ડનું નામ..... .....ના મતદાર છે, તેનો અનુક્રમ નંબર.....છે.

તેમની ચૂંટણી અંગેની ફરજ ઉપર હોવાને લીધે, જે મતદાન મથક ઉપર તે મત આપવા હકદાર છે, તે મતદાન મથકે મત આપી શકે તેમ નથી; અને,

તેથી મતદાનની તારીખે જ્યાં તે ફરજ ઉપર હોય તે,

મતદાન મથક નંબર.....

મતદાન મથકનું નામ.....

આ મત આપવાનો તેને આથી અધિકાર આપવામાં આવે છે.

તારીખ.....
સ્થળ.....

ચૂંટણી અધિકારીની સહી
અને સિક્કો,

નમૂનો ૧૭

[જુઓ નિયમ ૪૪ (૧)]

મતપત્ર હિસાબ

.....નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....
મતદાન મથક નંબર.....
મતદાન મથકનું નામ.....

	અનુક્રમ નંબરો .....થી .....સુધી	કુલ સંખ્યા
૧. મળેલા મતપત્રકો	----------	----------
૨. નહિ વપરાયેલાં મતપત્રકો (એટલે કે મતદારોને કાઢી આપ્યા ન હોય તેવા)		
(ક) પ્રમુખ અધિકારીની સહીવાળા.	----------	----------
(ખ) પ્રમુખ અધિકારીની સહી વગરના.	----------	----------
(કુલ (ક + ખ)	----------	----------
૩. મતદાન મથકે વપરાયેલાં મતપત્રો [(૧)--(૨)=(૩)]*	----------	----------

INDEX

૪. મતદાન મથકે વપરાયેલા પણ મતપેટીમાં દાખલ નહિ કરેલા મતપત્રો.

(ક) મતદાન કાર્યરીતિના ભંગ માટે રદ કરેલ મતપત્રો. ---------

(ખ) બીજા કોઈ કારણોસર રદ કરેલ મતપત્રો. ---------

(ગ) સુપરત કરેલ મતપત્રો તરીકે વપરાયેલાં મતપત્રો ---------

* કુલ : (ક+ખ+ગ) ---------

૫. મતપેટીમાંથી મળવાનાં મતપત્રો.
[(૩)-(૪)=(૫)] *

તારીખ. : પ્રમુખ અધિકારીની સહી.

---

*અનુક્રમ નંબર આપવાની જરૂર નથી.

નમૂનો ૧૮

[જુઓ નિયમ ૪૪(૨)]

ચૂંટણી ફરજ પરના સ્ટાફના મતપત્રોનો હિસાબ

- - - - - - - - - - નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર- - - - - - - - - - - વોર્ડનું નામ :- - - - - - - - - - -

(* જેમાંથી ચૂંટણીની ફરજ પરના સ્ટાફ મત આપવાને હકદાર હોય અને મત આપતો હોય તો વોર્ડનો નંબર અને વોર્ડનું નામ અહીં જણાવવું).

(૦) મતદાન મથક નંબર..... મતદાન મથકનું નામ———— વોર્ડ નંબર———— વોર્ડનું નામ————

(૦) જ્યાં ચૂંટણી ફરજ પરનો સ્ટાફ ખરેખર મત આપતો હોય તે વોર્ડની વિગતો અહીં જણાવવી).

	અનુક્રમ નંબરો.		કુલ સંખ્યા
	.....થી.....		.....સુધી.
૧. મળેલાં મતપત્રો	.....	.....	.....
૨. વપરાયેલા મતપત્રો	.....	.....	.....
૩. બગડેલાં મતપત્રો	.....	.....	.....
૪. નહિ વપરાયેલાં મતપત્રો	.....	.....	.....

તારીખ :— પ્રમુખ અધિકારીની સહી,

INDEX

નમૂનો–૧૯

[જુઓ નિયમ ૫૩ (૨)]

મતગતણરી એજન્ટની નિમણૂક

----------નગરપાલિકા ચૂંટણી
વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી.
વોર્ડ નંબર.....
વોર્ડનુ નામ.....

સાહેબ,

હું---------- ----------ઉમેદવાર/ઉપરની ચૂંટણીમાં ઉમેદવાર હોય તેવા શ્રી/શ્રીમતી.....
----------નો ચૂંટણી એજન્ટ આથી, નીચેની વ્યકિતઓને મત ગણતરી દરમિયાન હાજર રહેવા મારા મત ગણતરી એજન્ટો તરીકે નીમું છે.

અ. નં.	મતગણતરી એજન્ટનું નામ	મતગણતરી એજન્ટનું સરનામું
૧.		
૨.		
૩.		
વગેરે		

ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

અમે આવા મતગણતરી એજન્ટો તરીકે કામ કરવા કબૂલ કરીએ છીએ.

અ. નં.	મતગણતરી એજન્ટનું નામ	મતગણતરી એજન્ટની સહી
૧.		
૨.		
૩.		
વગેરે.		

મતગણતરી એજન્ટોનો એકરાર

(ચૂંટણી અધિકારી સમક્ષ સહી કરવી)

હું/અમે આથી જાહેર કરું છું/કરીએ છીએ કે હું/અમે ઉપરની ચૂંટણીમાં મતદાનની ગુપ્તતા રાખીશું અને ગુપ્તતા જાળવવામાં મદદ કરીશ/કરીશું અને અવી ગુપ્તતાનું ઉલ્લંઘન થાય તેવા પ્રકારની કોઈ માહિતીની કોઈ વ્યકિતને (કોઈપણ કાયદાથી અથવા તે હેઠળ અંમુક અધિકૃત હેતુ માટે હોય તે સિવાય] જાણ કરીશ નહિ/કરીશું નહિ.

અ. નં.	મતગણતરી એજન્ટનું નામ	મતગણતરી એજન્ટની સહી
૧.		
૨.		
૩.		
વગેરે.		

મારી સમક્ષ સહી કરી.

તારીખ.....

ચૂંટણી અધિકારી.

નિયમ---૨૦

[જુઓ નિયમ ૫૩ (૫)]

મતગણતરી એજન્ટની નિમણૂક રદ કરવા બાબત

———————————————————————————————————નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર..... —વોર્ડનું નામ.....

પ્રતિ,

ચૂંટણી અધિકારી,

વોર્ડ નંબર—

વોર્ડનું નામ—

સાહેબ,

હું, ———————————————————————————————————નો ઉમેદવાર/ઉપરની ચૂંટણીનો ઉમેદવાર હોય તેવા શ્રી/શ્રીમતી— ———————————————————————————————————ના મતદાન એજન્ટ આથી શ્રી/શ્રીમતી— ———————————————————————————————————ની મતગણતરી એજન્ટ તરીકેની નિમણૂક રદ કરું છું.

તારીખ : ———————————

ઉમેદવાર/ચૂંટણી એજન્ટની સહી.

———————————

નમૂનો—૨૧

[જુઓ નિયમ ૬૧]

આખરી પરિણામ પત્રક

———————————————————————————————————નગરપાલિકાની ચૂંટણી

———————————————————————————————————નગરપાલિકાની ચૂંટણી

વોર્ડ નંબર— ———————————————————————————————————વોર્ડનું નામ— ———————————————————————————————————

અ. નં.	ઉમેદવારનું નામ	પક્ષ સાથે જોડાણ	મતદાન કરેલા મતોની સંખ્યા
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...
... ...	... ...	... ...	... ...

મતદાન કરેલા માન્ય મતોની કુલ સંખ્યા ———————————

અમાન્ય મતોની કુલ સંખ્યા ———————————

સુપરત કરેલા મતોની કુલ સંખ્યા ———————————

મતદારોની કુલ સંખ્યા ———————————

INDEX

હું, આથી નિયમ ૬૩માં ઠરાવેલ કાર્યરીતિ અનુસર્યા પછી, નીચેના ઉમેદવારોને યોગ્ય રીતે ચૂંટાયેલા જાહેર કરું છું.

*૧. શ્રીમતી----------ને સામાન્ય સ્ત્રી/અનુસૂચિત જાતિની સ્ત્રી/અનુસૂચિત આદિજાતિની સ્ત્રી પછાત વર્ગોની સ્ત્રી માટેની અનામત બેઠકો ઉપર

*૨. શ્રી/શ્રીમતી----------ને અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ/પછાત વર્ગો/બિન-અનામત બેઠક માટે અનામત રખાયેલ બેઠક ઉપર

૩. શ્રી/શ્રીમતી----------ને બિનઅનામત બેઠક ઉપર

તારીખ :-

ચૂંટણી અધિકારી.

*જે શબ્દો લાગુ પડતા ન હોય તે છેકી નાંખવા.

નમૂનો-૨૨

[જુઓ નિયમ ૬૭]

ચૂંટણી પ્રમાણપત્ર

----------ની નગરપાલિકાની ચૂંટણી

વૉર્ડ નંબર----------વૉર્ડનું નામ----------

હું----------ની નગરપાલિકાની ચૂંટણી માટે વૉર્ડ નંબર----------
વૉર્ડનું----------માટેના ચૂંટણી અધિકારી----------
----------આથી, પ્રમાણિત કરું છું કે, તારીખ----------માહે----------
સન ૧૯----------ના રોજ----------(માન્ય રાજકીય પક્ષનું નામ) દ્વારા ઉભા રાખેલા શ્રી/શ્રીમતી----
----------રહેવાસી----------મુનિસિપલબરોની નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટણીમાં સદરહુ વૉર્ડમાંથી યોગ્ય રીતે ચૂંટાયેલ જાહેર કરૂ છું અને તેના પ્રતીક તરીકે મે તેમને ચૂંટણીનું આ પ્રમાણપત્ર આપ્યું છે.

તારીખ : ----------

સ્થળ : ----------

ચૂંટણી અધિકારીની સહી અને સિક્કો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુનયના તોમર,
ગુજરાત સરકારના નાયબ-સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 39

REGISTERED NO. G/GNR/2.

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, JUNE 11, 1994/JYAISTHA, 21, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૩૦૧૧-૯૪-એનપીએલ-૪૧૯૯-૧૭૫૫-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re.

THE GUJARAT MUNICIPALITIES (REGISTRATION OF VOTES)

RULES, 1994.

ગુજરાત નગરપાલિકા (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂન, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪).

ક્રમાંક કેવી-૩૦૧૫-૯૪-એનપીએલ-૪૧૯૪-૧૭૧૫-એમ.—ગુજરાત નગરપાલિકા (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી મે, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૯૯૪નો ૨૯૧-એનપીએલ-૪૧૯૪-૧૭૧૫-એમ, હેઠળ, તારીખ ૧૬મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનના પાના ૨૦૨-૧ થી ૨૦૨-૬ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ મુસદ્દા અંગે સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૯ની પેટા-કલમ (૨ક) સાથે વાંચતા કલમ ૨૭૭ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો 'ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. વ્યાખ્યા.—(૧) આ નિયમોમાં, સંદર્ભથી, અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો).

(ખ) "મતદાર નોંધણી અધિકારી" એટલે, નિયમ ૩ હેઠળ નિમાયેલ અધિકારી અને તેમાં, મદદનીશ મતદાર નોંધણી અધિકારીનો સમાવેશ થાય છે;

(ગ) "નમૂનો" એટલે, આ નિયમોને જોડેલો નમૂનો;

(ઘ) "કલમ" એટલે, અધિનિયમની કલમ.

૩. મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીની નિમણૂંક.—(૧) રાજ્ય ચૂંટણી પંચ, મ્યુનિસિપલ બરોના મતદારોની યાદી તૈયાર કરવા અને સુધારવા માટે મતદાર નોંધણી અધિકારીઓ તરીકે એક અથવા વધુ અધિકારીઓને નીમશે.

(૨) મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા માટે રાજ્ય ચૂંટણી પંચ, સમગ્ર મ્યુનિસિપલ બરો અથવા તેના કોઈ ભાગ માટે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે એક અથવા વધુ અધિકારીઓને નીમી શકશે.

(૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, મૂકે તેવી મર્યાદાઓને અધીન રહીને, આ નિયમો હેઠળ પોતાની હકૂમતની અંદર, મતદાર નોંધણી અધિકારીના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે અને તમામ અથવા કોઈપણ સત્તા વાપરશે.

૪. મતદારોની યાદીઓનો મુસદ્દો તૈયાર કરવા અને પ્રસિધ્ધ કરવા બાબત.—મતદાર નોંધણી અધિકારીઓ, રાજ્ય ચૂંટણી પંચ દ્વારા એ રીતે આદેશ કરવામાં આવ્યે, નીચેની રીતે, મ્યુનિસિપલ બરોના દરેક વોર્ડ માટેની મતદારોની યાદીનો મુસદ્દો, તૈયાર કરીને પ્રસિધ્ધ કરવો જોઈશે—

(૧) તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રીય કાયદાની જોગવાઈઓ, અનુસાર, તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીને મતદારોની યાદી તૈયાર કરવાના હેતુ માટે આધાર તરીકે લેવી જોઈશે.

(૨) જેઓ વોર્ડની ભૌગોલિક હદમાં રહેતી અને જેમના નામ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીમાં સમાવિષ્ટ કર્યા હોય તેવી તમામ વ્યકિતઓનાં નામોનો, સદરહુ વોર્ડની મતદાર યાદીના મુસદ્દામાં સમાવેશ કરવો જોઈશે.

INDEX

(૩) મતદાર નોંધણી અધિકારીએ ઉપર્યુકત રીતે તૈયાર કરેલ યાદી પ્રસિધ્ધ કરવી જોઈશે અને તેની એક નકલ નગરપાલિકાની મુખ્ય કચેરીમાં અને પોતે નક્કી કરે તેવા બીજા સ્થળે સહેલાઈથી દેખાઈ આવે તેવી રીતે લોકોને જોવા માટે પ્રદર્શિત કરવી જોઈશે, અને દસ દિવસની મુદત સુધી તે એવી રીતે પ્રદર્શિત કરી રાખવી જોઈશે. મતદારોની યાદીના મુસદ્દાની નકલ જોઈતી હોય તેવી કોઈપણ વ્યકિતને, ગુજરાત વિધાનસભાની મતદાર યાદી અથવા તેના ભાગની નકલ જે દરે વેચવામાં આવતી હોય તે જ દરે તે આપવી જોઈશે.

(૪) મતદાર નોંધણી અધિકારીએ જે દિવસે યાદી પ્રસિધ્ધ કરી હોય તે દિવસે, કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિની હકિકતની જાહેરખબર આપીને, સદરહુ યાદી કયા સ્થળે પ્રદર્શિત કરી છે તે સ્થળો અને કયા સ્થળેથી અને કયા દરે સદરહુ યાદીની નકલો મળી શકશે તેની નોટિસ આપવી જોઈશે.

૫. મતદાર યાદીના મુસદ્દાના સુધારા આ અર્થે પોતાને કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મેળે મતદાર નોંધણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈ કોઈ ભૂલને લીધે વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગ સાથે મતદાર યાદી મળતી આવતી નથી તો તે સુધરાવશે, જેથી કરીને સદરહુ મતદાર યાદી સાથે મળતી આવે અને તે હેતુ માટે મતદાર યાદીના મુસદ્દો સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં કોઈ નોંધ ઉમેરી શકશે.

૬. મતદાર યાદીના મુસદ્દામાં ઉમેરો કરવા માટેના દાવો.— (૧)(ક) કેન્દ્રિય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીમાં નોંધણી કરાવવાને હકદાર અને જેનું નામ એવીરીતે ઉમેરી શકાય તેમ ન હોય તેવી કોઈપણ વ્યકિત, આ નિયમોના નિયમ ૪ હેઠળ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધિની તારીખથી ૧૦ દિવસથી મોડું ન હોય તે રીતે, સંબંધિત વોર્ડ માટેની મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરાવવા માટે મતદાર નોંધણી અધિકારીને અરજી કરી શકશે.

(ખ) આવો દરેક દાવો, નમૂના 'ક' મુજબ હોવો જોઈશે અને જેનું નામ તે વોર્ડ માટેની મતદાર યાદીમાં અગાઉ ઉમેરાયેલ હોય તેવી વ્યકિતએ યોગ્ય રીતે સહી કરેલ હોવી જોઈશે અને બીજી વ્યકિતએ સામી સહી કરેલ હોવી જોઈશે.

(૨) મતદાર નોંધણી અધિકારી પોતે જરૂરી ગણે તેવી સંક્ષિપ્ત તપાસ કર્યા પછી તેને એવી ખાતરી થાય કે અરજદાર કેન્દ્રીય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગમાં નોંધવવાને હકદાર છે, તો તે મતદાર યાદીમાં અરજદારનું નામ ઉમેરશે,

૭. આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવા બાબત.—

(૧) ત્યાર પછી મતદાર નોંધણી અધિકારીએ,—

(ક) ઉપરના નિયમો ૫ અને ૬ હેઠળ પોતાના નિર્ણયો પાર પાડવા માટે અથવા મતદાર યાદીના મુસદ્દામાં પછીથી જણાંવેલી કારકૂની અને મુદ્રણની ભૂલો અને બીજી અચોકસાઈ સુધારવા માટે, સુધારા યાદી તૈયાર કરવી જોઈશે;

(ખ) સુધારાની યાદી સહિતની મતદાર યાદી પ્રસિધ્ધ કરવી જોઈશે, તેની એક પૂરી નકલ બનાવીને જોવા માટે મળી શકે તે રીતે તેની કચેરીમાં નોટિસ પ્રદર્શિત કરવી જોઈશે.

(૨) એવી રીતે પ્રસિધ્ધ થયેં સુધારા યાદી સાથેની મતદાર યાદી મ્યુનિસિપલ બરો માટેની આખરી મતદાર યાદી ગણાશે અને તે તરતજ અમલમાં આવશે.

(૩) દરેક વોર્ડ માટેની મતદાર યાદી, આવી યાદીમાં નોંધાયેલ કોઈપણ વ્યકિત તે વોર્ડમાંથી ચૂંટણીમાં મત આપવાને હકદાર છે કેમ તે નક્કી કરવાના હેતુ માટેનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૪) (ક) મતદાર યાદીની છપાયેલ નકલો મતદાર નોંધણી અધિકારી, વખતો વખત ઠરાવે તેવી દરેક નકલ માટેની ફી ભર્યે તેની માંગણી કરતી કોઈપણ વ્યકિતને આપવામાં આવશે.

(ખ) મતદાર નોંધણી અધિકારીએ (આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ, સુધારા યાદી હોય તો તે સાથે) તેની બે નકલો વિના મૂલ્યે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા) હેતુઓ માટે માન્ય દરેક રાજકીય પક્ષને પૂરી પાડવી જોઈશે.

(૫) મતદાર નોંધણી અધિકારીએ, આખરી મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણીપંચને મોકલવી જોઈશે.

INDEX

નમૂનો-ક

[જુઓ નિયમ ૬(૧)(ખ)]

નામ ઉમેરવા માટેની દાવા અરજી.

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,
.....
.....

સાહેબ,

હું વિનંતી કરું છું કે,..... મ્યુનિસિપલબરોના વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....માટેની મતદાર યાદીમાં મારું નામ ઉમેરવું.

(૧) મારું પૂરેપૂરું નામ.....છે.

(૨) મારા પિતાનું/માતાનું/પતિનું નામ .....છે.

(૩) મારું રહેણાંકનું સ્થળ.....છે.
મ્યુનિસિપલ સેસન્સ નં. સરવે નં/ઘરનો છેવટનો પ્લોટ નં. ..... શેરી/મહોલ્લો.....
..... વોર્ડ નં. ..... વોર્ડનું નામ..... નગર.....છે.

હું આથી જાહેર કરું છું કે મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ—

(૧) હું ભારતનો નાગરિક છું.

(૨) ગત જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે મારી ઉંમર .....વર્ષ અને..... મહિનાની હતી;

(૩) હું સામાન્ય રીતે ઉપર આપેલા સરનામે રહું છું.

(૪) બીજા કોઈ વોર્ડની યાદીમાં મારું નામ દાખલ કરવા માટે મેં અરજી કરી નથી;

(૫) મારું નામ, મ્યુનિસિપલ બરોની બીજી કોઈપણ મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું નથી.

મારું નામ, મ્યુનિસિપલબરોનો વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....ની મતદાર યાદીના ભાગ .....ના અનુક્રમ નંબર.....પર દાખલ કરવામાં આવ્યું છે અને તે યાદીમાંથીતે કાઢી નાખવાની હું વિનંતી કરું છું.

તારીખ.....
સ્થળ.....

દાવેદારની સહી અથવા અંગૂઠાનું નિશાન,

જો વોર્ડમાં દાવેદારે નામ દાખલ કરવા માટે અરજી કરી હોય તે વોર્ડની મતદાર યાદીમાંનો હું મતદાર છું અને મતદાર યાદીના અનુક્રમ નં. .....પર મારું નામ દાખલ કરેલું છે. હું તેના દાવાને સમર્થન આપું છું અને તેના ઉપર સામા સહી કરું છું.

.....
મતદારની સહી

નામ(પુરેપૂરું) .....
.....

INDEX

લીધેલાં પગલાંની જાણ

શ્રી/શ્રીમતી/કુ.....સરનામું.....ની.....
નમૂના-ક મુજબની અરજી,–

(ક) સ્વીકારવામાં આવી છે અને તેનું /તેણીનું નામ વે ર્ડની મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે જુઓ વોર્ડની મતદાર યાદી.....માં અનુક્રમાંક.....

(ખ) નીચેના કારણોસર અસ્વીકાર કરવામાં આવ્યો છે;

.....
.....

તારીખ .....

મતદાર નોંધણી અધિકારી,

(સરનામું)–

અરજી મળ્યાની પહોંચ

શ્રી/શ્રીમતી/કુમારી.....સરનામું.....
.....ના તરફથી નમૂના "ક" મુજબની અરજી તારીખ.....રોજ.....વાગ્યે મળેલ છે

તારીખ .....

મતદાર નોંધણી અધિકારી,

(સરનામું).–

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સુનયના તોમર,
ગુજરાત સરકારના નાયબ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 40 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, JUNE 13, 1994/JYAISTHA 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી જૂન, ૧૯૯૪.

તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક-૧૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Gujarat Bill No. 15 of 1994.

THE BOMBAY STAMP (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay Stamp Act, 1958.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૫.

મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે. અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ સને ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ચોથી તારીખે અમલમાં આવી છે. એમ ગણાશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

સન ૧૯૫૮ના ૬૦મા અધિનિયમની કલમ–૨નો સુધારો.

૨. મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨ માં,—

(૧) ખંડ (ઘઘ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ચ) "કલીયરન્સ લિસ્ટ" એટલે મંડળના નિયમો અથવા પેટા-નિયમો અનુસાર, મંડળના કલીયરીંગ હાઉસને સાદર કરવાનું ફરમાવ્યું હોય તેવા કરારોને લગતું લેવડ-દેવડનું લીસ્ટ :

પરંતુ આ અધિનિયમના હેતુઓ માટે તેવી લેવડદેવડ કરનાર વ્યાકતએ અથવા તેના વતી યોગ્ય રીતે અધિકાર આપેલા એટર્નીએ સહી કરેલા નીચેના એકરારનો સમાવેશ થતો હોય તે સિવાય, કોઈપણ લેખને, કલીયરન્સ લિસ્ટ તરીકે ગણવો નહિ :—

"હું/અમે, આથી પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરું છું/કરીએ છીએ કે ઉપરના લિસ્ટમાં મારી/અમારી લેવડ–દેવડનું સંપૂર્ણ અને સાચું નિવેદન છે અને તેમાં મંડળના નિયમો/પેટા-નિયમો અનુસાર કલીયરન્સ હાઉસને સાદર કરવાને ફરમાવેલી લેવડદેવડનો સમાવેશ કરવામાં આવ્યો છે. હું/અમે વધુમાં એકરાર કરું છું/કરીએ છીએ કે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ ૧લીના, યથાપ્રસંગ, આર્ટિકલ ૧ અથવા આર્ટિકલ ૩૯ હેઠળ જે લેવડ દેવડના સંબંધમાં, મુકિત માંગવામાં આવી છે તે કોઈપણ લેવડદેવડને આમાંથી બાકાત રાખવામાં આવી નથી.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

સ્પષ્ટીકરણ .—આ ખંડના હેતુ માટે લેવડદેવડમાં વેચાણ અને ખરીદી બન્નેનો સમાવેશ થશે.";

(૨) ખંડ (જ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(જ) "માલિકી ફેરબત" માં,—

(૧) વેચાણ અંગેનું માલિકી ફેરબતનો,

(૨) દરેક લેખનો,

(૩) કોઈપણ દીવાની કોર્ટનું દરેક હુકમનામું અથવા આખરી હુકમનો, અથવા

સન ૧૯૫૬નો ૧લા

(૪) કંપનીઓના જોડાણના સંબંધમાં, કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ હાઈકોર્ટે કરેલ દરેક હુકમ,

INDEX

જેના ઉપરથી જંગમ અથવા સ્થાવર મિલકત અથવા કોઈપણ અસ્કયામત અથવા કોઈપણ મિલકતમાંનું હિત કોઈપણ હયાત વ્યકિતને તબદીલ કરવામાં આવ્યું હોય અથવા તેમાં નિહિત થયું હોય અને અનુસૂચિ--૧થી અન્યથા સ્પષ્ટપણે ઠરાવ્યું ન હોય તેનો,

સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ.—આ ખંડના હેતુ માટે જેના દ્વારા કોઈ મિલકતના સહ-માલિકે પોતાનું હિત તે મિલકતના અન્ય સહ-માલિકને તબદીલ કર્યું હોય અને વહેંચણીનો લેખ ન હોય તેવો કોઈપણ લેખ, જેનાથી હયાત વ્યકિતઓની મિલકત તબદીલ થતી હોય તેવો લેખ છે એમ ગણાશે;"

(૩) ખંડ (ઠ) પછી; નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ઠક) "સ્થાવર મિલકત"માં, જમીન, જમીનમાંથી પ્રાપ્ત થતાં લાભો અને જમીનને જોડેલી વસ્તુઓ અથવા જમીન સાથે જોડેલી કોઈ વસ્તુ સાથે કાયમી, જોડાયેલી વસ્તુનો સમાવેશ થાય છે.";

(૪) ખંડ (ઢક)માં,—

(૧) "કોઈ જંગમ" એ શબ્દો પછી, "અથવા સ્થાવર" એ શબ્દો દાખલ કરવા;

(૨) "આવી બક્ષિસ" એ શબ્દોને બદલે, "આવી મૌખિક બક્ષીસ" એ શબ્દો મૂકવા.

(૫) ખંડ (થ) માં,—

(૧) "સ્થાવર" એ શબ્દને બદલે, "જંગમ અથવા સ્થાવર અથવા તે બંને" એ શબ્દો મૂકવાં;

(૨) પેટા-ખંડ (૪) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો:—

"(૫) પટ્ટા ના સંબંધમાં, કોઈપણ દીવાની કોર્ટના હુકમનામાનો અથવા આખરી હુકમનો,

સમાવેશ થાય છે :

પરંતુ આવા હુકમનામા અથવા હુકમ અનુસાર, પટ્ટાનો પછીથી લેખ કરવામાં આવ્યો હોય ત્યારે, સ્ટેમ્પ ડ્યુટી, આવા હુકમનામા અથવા હુકમ ઉપર અગાઉ ભરી હોય અને વસૂલ કરેલ હોય તો તે, આવા લેખ ઉપર લેવાપાત્ર કુલ ડ્યુટી પેટે સરભર કરવી જોઈશે;";

(૬) ખંડ (ધ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ધક) "જંગમ મિલકત"માં ઉભા ઈમારતી લાકડાનો, ઉભા પાકનો અને ઘાસ, ઝાડ ઉપરના ફળો અને તેમાંના રસનો, અને સ્થાવર મિલકત સિવાયની અન્ય દરેક પ્રકારની મિલકતને જેના દ્વારા કોઈપણ હક અથવા જવાબદારી ઉભી થાય, તબદીલ થાય, મર્યાદિત થાય, લાગુ પડાય, નાશ થાય અથવા નોંધાય અથવા તેમ થવાનું અભિપ્રેત હોય તેનો સમાવેશ થાય છે;"

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩-કનો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-કમાં, "શહેરી વિસ્તારમાં" એ શબ્દો પછી, "જ્યાં મિલકત આવેલી હોય તેના સંબંધમાં" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, "તે કરી આપતી વખતે સ્ટેમ્પ મારવો જોઈશે" એ શબ્દોને બદલે, નીચેનો મજકૂર મૂકવો.—

"તે કરી આપતી વખતે અથવા ત્યારપછી તરત જ, તે કરી આપ્યાના દિવસ પછીના તરતના કામકાજના દિવસે સ્ટેમ્પ મારવો જોઈશે:

પરંતુ અનુસૂચિ--૧ના આર્ટિકલો ૧૮-ક, ૧૮-ખ, ૧૮-ગ, ૧૮-ઘ અથવા ૧૮-ચ માં, વર્ણવેલ કલીયરન્સ લિસ્ટ ઉપર તે કર્યાની તારીખથી બે મહિનાની અંદર જો આવું કલીયરન્સ લિસ્ટ જરૂરી સ્ટેમ્પ ડ્યુટીની રકમ સાથે તેના નિયમો અને પેટા-નિયમો અનુસાર મંડળના કલીયરન્સ હાઉસે સ્ટેમ્પ મારવા માટે સાદર કર્યું હોય, તો આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી રાજ્ય સરકારે અધિકૃત કરેલો અધિકારી સ્ટેમ્પ મારી શકશે.".

INDEX

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૦માં,— સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૦નો સુધારો.

(૧) ખંડ (ચ)માં, "અને" એ શબ્દ કમી કરવો;

(૨) ખંડ (છ)માં, અંતે, "અને" એ શબ્દ ઉમેરવો;

(૩) ખંડ (છ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :--

"(જ) બીજી કોઈ બાબતમાં, લેખ કરનાર વ્યકિતએ.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧માં, પેટા-કલમ (૧)માં, "પચ્ચીસ રૂપિયાથી વધારે ન હોય અને પાંચ રૂપિયાથી ઓછી ન હોય" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયાથી વધારે ન હોય અને પચ્ચીસ રૂપિયાથી ઓછી ન હોય" એ શબ્દો મૂકવા. સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૧નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૨--કમાં (૧) પેટા કલમ (૧)ને બદલે નીચેની પેટા-કલમ મૂકવી :— સન ૧૯૫૮ના મુંબઈના ૬૦માં અધિનિયમના કલમ ૩૨-કનો સુધારો.

સન ૧૯૦૮નો ૧૬મો.

"(૧) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ રજિસ્ટ્રેશન માટે, માલિકી, ફેરબત, વિનિમય લેખ, બક્ષિશપત્ર, વેચાણ પ્રમાણપત્ર, વહેંચણીનો લેખ, ભાગીદારીનો લેખ, વ્યવસ્થાપત્રનો લેખ, સ્થાવર મિલકત વેચવા માટેનું મુખત્યારનામું અવેજ બદલ આપવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, અથવા નામે કરીને પટ્ટે આપ્યું હોય, ત્યારે તેની સાથે તેની ખરી નકલ જોડવી જોઈશે; અને ઉપર્યુકત અધિનિયમ હેઠળ આવા લેખ રજિસ્ટર કરનાર કોઈ અધિકારીને અથવા કલમ ૩૩માં ઉલ્લેખ કરેલી કોઈપણ વ્યકિત સમક્ષ એવો લેખ રજૂ કરવામાં આવે અથવા તેનાં કાર્યો બજાવતી વખતે મૂકવામાં આવે તે વ્યકિતને એમ માનવાને કારણ હોય કે તેમાં જણાવેલ અવેજ, એવા લેખનો વિષય હોય તેવી મિલકતની આશરે બજાર કિંમત જેટલો થતો નથી અથવા યથા પ્રસંગ, એવા લેખનો વિષય હોય તેવી મિલકતની બજાર કિંમત તેમાં ખરી જણાવી નથી, તો તે, યથા પ્રસંગ, લેખ રજિસ્ટર કર્યા અથવા એવા લેખના સંબંધમાં પોતાના કાર્યો બજાવ્યા પહેલાં કે પછી, જે જિલ્લામાં સમગ્ર મિલકત અથવા તેનો કોઈ ભાગ આવેલો હોય તે જિલ્લાના કલેકટરને, એવી મિલકતની ખરી બજાર કિંમત અને આ કલમ હેઠળ લેખ ઉપર આપવાની યોગ્ય ડયુટી નક્કી કરવા માટે લેખ મોકલી શકશે.";

(૨) પેટા-કલમ (૨)માં "કલમ ૩૧ની પેટા--કલમ (૩) અથવા આ કલમની પેટા--કલમ (૧) હેઠળ લેખ મળ્યેથી" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "કલમ ૩૧ની પેટા-કલમ (૩) અથવા આ કલમની પેટા--કલમ (૧) હેઠળ લેખ અથવા લેખની ખરી નકલ મળ્યેથી" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા;

(૩) પેટા--કલમ (૩)માં "બસો પચાસ રૂપિયાનો" એ શબ્દો પછી, "અથવા ભરવાપાત્ર યોગ્ય ડયુટીની રકમ અથવા તેના ભાગની ખૂટતી રકમ, એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમનો" એ શબ્દો દાખલ કરવા;

(૪) પેટા--કલમ (૪)માં, "બે વર્ષની", એ શબ્દોને બદલે, "છ વર્ષની" એ શબ્દો મૂકવા.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૬ને બદલે, નીચેની કલમ મૂકવી :— સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૪૬ને બદલે નવી કલમ મૂકવા બાબત.

"૪૬. (૧) આ અધિનિયમ હેઠળ આપવી પડતી ડયુટી, દંડ અથવા બીજી રકમો જે વ્યકિતને આપવા ફરમાવ્યું હોય તેવી કોઈ વ્યકિત, તેની ચૂકવણી માટે ઠરાવેલા સમયની અંદર તે ન ભરે ત્યારે તે, એવી રકમ જે મુદત માટે આપવાની બાકી હોય તે મુદત માટે એવી રકમ ઉપર અથવા તેનાથી કોઈ ઓછી રકમ ઉપર, દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદુ વ્યાજ આપવાને પાત્ર થશે. ડયુટી, દંડ અને વ્યાજની વસૂલાત.

(૨) આ અધિનિયમ હેઠળ આપવી પડતી તમામ ડયુટી, દંડ, વ્યાજ અને બીજી રકમો, જેની પાસે તે બાકી હોય તે વ્યકિતની જંગમ અથવા સ્થાવર મિલકત જપ્ત કરીને તથા વેચીને અથવા જમીન મહેસૂલની બાકી તરીકે કલેકટર વસૂલ કરી શકશે;

INDEX

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ-૫૩નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, "પ્રકરણ-૩ એ શબ્દ અને આંકડા પછી, "કલમ ૩૨-ક ની પેટા-કલમ (૩) સિવાય" એ શબ્દો, આંકડા અક્ષર અને કૌંસ દાખલ કરવા.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમમાં નવી કલમ દાખલ કરવા બાબત.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :—

કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અને ૪૧ હેઠળ કલેકટરના નિર્ણયની ફેર તપાસ.

"૫૩ ક (૧) કલમ ૩૨ની પેટા-કલમ (૩) કલમ ૩૨-કની પેટા-કલમ (૩), કલમ ૩૯ની પેટા-કલમ (૨) અને કલમ ૪૧ની પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલેકટર દ્વારા કોઈપણ લેખ ઉપર ભૂલથી અથવા અન્યથા તેના ઉપર લેવાપાત્ર ડ્યુટી કરતાં ઓછી ડ્યુટી લેવામાં આવે અથવા યથાપ્રસંગ ડ્યુટી લેવાપાત્ર ન હોવાનું ઠરાવવામાં આવે ત્યારે, મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારી, યથાપ્રસંગ, કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અથવા ૪૧ હેઠળ કલેકટરના પ્રમાણપત્રની તારીખથી છ વર્ષની મુદતની અંદર સંબંધિત પક્ષકારને પોતાના સમક્ષ લેખ રજુ કરવા માટે ફરમાવી શકશે અને પક્ષકારને સૂનાવણીની વાજબી તક આપ્યા પછી, તેવા લેખ ઉપર કોઈ ડ્યુટી લેવાપાત્ર છે કે કેમ અથવા તેના ઉપર ઓછી ડ્યુટી લેવામાં આવી છે કે કેમ તેની તપાસ કરી શકશે અને સંબંધિત પક્ષકાર પાસે કોઈ ડ્યુટી ખૂટતી હોય તો તે, વસૂલ કરવા માટેનો હુકમ કરી શકશે. ત્યારબાદ આવી ખૂટતી ડ્યુટી ભર્યા પછી લેખ ઉપર શેરો કરવો જોઈશે.

(૨) પક્ષકાર અસલ લેખ રજૂ કરવાનું ચૂકયેથી, મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીએ, કલેકટર સમક્ષ દાખલ કરેલ લેખની ખરી નકલના અથવા ઉતારાના આધારે, આ કલમ હેઠળ આગળની કાર્યવાહી કરવી જોઈશે અને આવી નકલ અથવા ઉતારા આ કલમના હેતુઓ સારુ અસલ લેખ છે એમ ગણાશે.".

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦માં અધિનિયમની અનુસૂચિ-૧નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં અનુસૂચિ-૧માં,—

(૧) આર્ટીકલ ૫માં,—

(૧) શીર્ષકમાં, "કબૂલાતનો દસ્તાવેજ" એ શબ્દો પછી, "અથવા તેનું રેકર્ડ" એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (૯)માં, "માફી" એ શીર્ષક હેઠળ "કબૂલાતનો દસ્તાવેજ" એ શબ્દો પછી, "અથવા તેનું રેકર્ડ" એ શબ્દો દાખલ કરવા;

(૨) આર્ટિકલ ૬માં, ખંડ (૨)માં પેટા-ખંડ (ક)માં, બાબતો (૧) થી (૮) ને બદલે, નીચેની બાબતો મૂકવી :—

"(૧) લોનની રકમ અથવા દેવું રૂા. ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે ન હોય, ત્યારે	દરેક સો રૂપિયા અથવા તેના ભાગ દીઠ પચાસ પૈસા.
(૨) તે રૂા. ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે હોય ત્યારે	દરેક સો રૂપિયા અથવા તેના ભાગદીઠ એક રૂપિયો".

(૩) આર્ટિકલ ૧૮માં "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે "બે રૂપિયા" એ શબ્દો, મૂકવા;

(૪) આર્ટિકલ ૧૮ પછી, નીચેના નવા આર્ટિકલો દાખલ કરવા :—

"૧૮-ક. (૧) **ક્લીયરન્સ લિસ્ટ.**— શેર બજારના ક્લીયરીંગ હાઉસને સાદર કરેલ સરકારી જામીનગીરીઓની ખરીદી અથવા વેચાણ માટેની લેવદેવડને લગતું ક્લીયરન્સ લિસ્ટ.	યથાપ્રસંગ ઠરાવેલા ચાલુ ભાવે અથવા કરારના ભાવે ગણેલી જામીનગીરીઓની કિંમત ઉપર આવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથા પ્રસંગ, આર્ટિકલ ૫ (ખ) અથવા ૩૯ (જ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

INDEX

(૨) **ક્લીયરન્સ લિસ્ટ.**-- કોઈપણ સંસ્થાપિત કંપની અથવા બીજી કોઈ એક સંસ્થાપિત કંપની અથવા બીજી સંસ્થાપિત મંડળીમાંની અથવા એવી કંપની અથવા મંડળીના શેર, સ્ક્રિપ, સ્ટોક, બોંડ, ડિબેન્ચર, ડીબેન્ચર સ્ટોક અથવા તેવાંજ પ્રકારની બજારમાં વેચવાજોગ બીજી જામીનગીરીની ખરીદી અથવા વેચાણ માટેની લેવડ-દેવડને લગતું જે ક્લીયરન્સ લિસ્ટ જામીનગીરીઓના કબાલા (નિયમન) બાબતના અધિનિયમ, ૧૯૫૬ હેઠળ માન્ય કરેલા અથવા ન કરેલા શેરબજાર (સ્ટોક એકસચેન્જ)-ના ક્લીયરીંગ હાઉસને સાદર કર્યું હોય તે.

યથાપ્રસંગ ઠરાવેલા ચાલુ ભાવે અથવા કરારના ભાવે ગણેલી જામીનગીરીઓની કિંમત ઉપર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથાપ્રસંગ, આર્ટિકલ (૫) (ગ) (૧) અથવા ૩૯ (છ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

સન ૧૯૫૬નો ૪૨મો.

૧૮--ખ.--**ક્લીયરન્સ લિસ્ટ.**-- કોઈ કોટન એસોસિયેશનના ક્લીયરીંગ હાઉસને સાદર કરેલું રૂની ખરીદી અથવા વેચાણ માટે લેવડદેવડને લગતું ક્લીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથાપ્રસંગ આર્ટિકલ ૫ (ઘ) અથવા ૩૯ (ક) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮-ગ.—**ક્લીયરન્સ લિસ્ટ.**—કોઈ બુલીઅન એસોસી-એશનના ક્લીયરીંગ હાઉસને સાદર કરેલું લગડી અથવા સિક્કાની ખરીદી અથવા વેચાણ માટેની લેવડદેવડને લગતું ક્લીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિકલ ૫ (ચ) અથવા ૩૯ (ખ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮-ઘ. **ક્લીયરન્સ લિસ્ટ.**—તેલીબીયાંના એસોસિએ-શનના ક્લીયરીંગ હાઉસને સાદર કરેલું તેલીબીયાંની ખરીદી અથવા વેચાણની લેવડદેવડને લગતું ક્લીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથા-પ્રસંગ, આર્ટિકલ ૫ (છ) અથવા ૩૯ (ગ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮-ચ. **ક્લીયરન્સ લિસ્ટ.**—કોઈપણ પ્રકારના સૂતર અથવા બિન-ખનીજ તેલો અથવા કોઈપણ પ્રકારના તેજાનાની ખરીદી અથવા વેચાણની લેવડદેવડને લગતું ક્લીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિ-કલ ૫(જ) અથવા ૩૯(ઘ) હેઠળ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

(૫) આર્ટિકલ ૨૦માં,—

(૧) ખંડ (ખ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ગ) મિલકતનું માલિકી ફેરબદલ (આર્ટિકલ નંબર ૫૬ હેઠળ ડ્યુટી લીધી હોય અથવા ડ્યુટી મુક્ત કર્યું હોય તેવું તબદીલી ખત ન હોય તેવું) જે માલિકી ફેરબદલનો વિષય,—

આર્ટિકલ ૨૦ (ખ) મુજબ જેટલી ડ્યુટી લેવા પાત્ર થાય છે તેટલી ડ્યુટી.

(૧) જેટલે સુધી મુંબઈ બિન-વ્યાપારી કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૯ હેઠળ રચાયેલ અને રજિસ્ટર થયેલ કોર્પોરેશનની; અથવા

સન ૧૯૫૯નો મુંબઈનો ૨૬મો.

(૨) જેટલે સુધી ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ અથવા ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ રચાયેલ બોર્ડની;

સન ૧૯૬૧નો ગુજરાતનો ૨૮મો.

(૩) જેટલે સુધી ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ લાગુ પડતી હોય તે જગા.

સન ૧૯૭૨નો ગુજરાતનો ૨૨મો.

એવા કોર્પોરેશને, બોર્ડે, મંડળીએ, કંપનીએ અથવા, યથાપ્રસંગ, એસોસિયેશને તેના સભ્ય અથવા, યથાપ્રસંગ ફાળવણીદારની તરફેણમાં (પછી તે તેના શેરોની ખરીદીના પરિણામે હોય કે ન હોય) અથવા એવા સભ્યે અથવા, યથા--પ્રસંગ ફાળવણીદારે બીજા સભ્ય અથવા ફાળવણીદારની તરફેણમાં (પછી તે તેના શેરો બીજા સભ્યના અથવા યથાપ્રસંગ, ફાળવણીદારના નામે તબદીલ કરવાના પરિણામે હોય કે ન હોય) એવા કોર્પોરેશનની, બોર્ડની, મંડળીની, કંપનીની અથવા યથાપ્રસંગ, એસોસિયેશનની જગાને લગતું હોય તેટલે સુધી તે";

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૩મો.

(૨) વિદ્યમાન સ્પષ્ટીકરણને, સ્પષ્ટીકરણ ૨ તરીકે ફરી નંબર આપવો અને એ રીતે ફરી નંબર આપેલા સ્પષ્ટીકરણ-૨ પહેલાં, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું :—

INDEX

સ્પષ્ટીકરણ. ૧—આ આર્ટિકલના હેતુઓ માટે, સ્થાવર મિલકત વેચવાની કબૂલાત અથવા રદ ન કરી શકાય તેવું મુખત્યારનામું, એવી કબૂલાત અથવા મુખત્યારનામું કરતાં પહેલાં, કરતી વખતે અથવા કર્યા પછી, એવી મિલકતના કબજાની તબદીલીની બાબતમાં, માલિકીફેર ખત છે એમ ગણાશે અને તદનુસાર તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી લેવાપાત્ર થશે:

પરંતુ કલમ ૩૨-કની જોગવાઈઓ, જેવી રીતે માલિકીફેર ખતને લાગુ પડે છે તેવી રીતે એવી કબૂલાત અથવા મુખત્યારનામાને, જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે ;

વધુમાં, આવી વેચાણ કબૂલાત અનુસાર પાછળથી માલિકીફેર ખત કરવામાં આવે ત્યારે, માલિકીફેર ખત હોવાનું ગણાતું હોય તેવી કબૂલાત ઉપર અગાઉથી સ્ટેમ્પ ડ્યુટી ભરી હોય અને વસૂલ કરી હોય તો તે, માલિકીફેર ખત ઉપર લેવાપાત્ર કુલ ડ્યુટી પેટે સરભર કરવામાં આવશે.

(૬) આર્ટિકલ ૨૧માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૭) આર્ટિકલ ૨૫માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૮) આર્ટિકલ ૨૭ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"૨૭. વધારે બોજા બાબતનો લેખ-એટલે ગીરો મૂકેલી મિલકત ઉપર વધારે બોજો નાંખતો હોય એવો કોઈપણ લેખ—

(ક) મૂળ ગીરો, આર્ટિકલ ૩૬ના ખંડ (ક)માં ઉલ્લેખેલા વર્ણન ચૈકીનો એક લેખ (એટલે કે કબજા સહિત) હોય ત્યારે :	તેવા લેખથી તારણ અપાયેલી વધુ બોજાની રકમ માટે આર્ટિકલ ૨૦ (ક) હેઠળ માલિકી ફેરખત ઉપર જેટલી ડ્યુટી લેવા પાત્ર થાય છે તેટલી ડ્યુટી.
(ખ) આવો ગીરો, આર્ટિકલ ૩૬ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા વર્ણન ચૈકીના એક લેખ (એટલે કે કબજા સિવાય) હોય ત્યારે,	
(૧) વધારે બોજા બાબતનો લેખ કરવામાં આવે તે વખતે તેવા લેખ હેઠળ મિલકતનો કબજો આપેલો હોય તો.	(મૂળ ગીરો અને તેવા મૂળ ગીરો અને વધારાના બોજા ઉપર અગાઉ ભરેલ કોઈ વધારે બોજા સહિત) કુલ બોજાની રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે આઠ રૂપિયા, બાદ આવા મૂળ ગીરો અને વધુ બોજા ઉપર અગાઉથી ભરેલી ડ્યુટી.
(૨) તેવી રીતે કબજો આપવામાં આવ્યો ન હોય તો,	તેવા લેખથી તારણ અપાયેલી વધારે બોજાની રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે ત્રણ રૂપિયા.

(૯) આર્ટિકલ ૩૧માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા

(૧૦) આર્ટિકલ ૩૨માં, "ચાલીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "સાંઠ રૂપિયા" એ શબ્દો મૂકવા

(૧૧) આર્ટિકલ ૩૫માં, ખંડ (ક) માં, "એક સો રૂપિયા" એ શબ્દોને બદલે, "એક હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૧૨) આર્ટિકલ ૩૬માં,—

(૧) ખંડ (ક)માં,—

(૧) " ન હોય અથવા" એ શબ્દો કમી કરવા ;

(૨) કોલમ ૨માં, "આર્ટિકલ ૨૦" એ શબ્દોને પછી, "ના ખંડ (ક)" એ શબ્દો, કૌંસ અને અક્ષર દાખલ કરવા;

INDEX

(૨) વિદ્યમાન ખંડ (ખ)ને તે આર્ટિકલના ખંડ (ગ) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ગ) પહેલાં, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ખ) તેવા ખતમાં લખેલી મિલકતો અથવા તે મિલકતના કોઈ ભાગનો કબજો આપ્યો ન હોય અથવા આપવાની કબૂલાત કરી ન હોય, ત્યારે.	તેવા ખતથી તારણ આપેલી રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે ત્રણ રૂપિયા.

સ્પષ્ટીકરણ.—ગીરો લેનારે ગીરો રાખેલ મિલકત અથવા તેના ભાગનું ભાડું અથવા પટ્ટો ઉધરાવવા માટે મુખત્યારનામું આપ્યું હોય તેવા ગીરો આપનારે આ આર્ટિકલના અર્થ મુજબ કબજો આપ્યો છે એમ ગણાશે.";

(૧૩) આર્ટિકલ ૪૫માં,—

(૧) ખંડો (ક), (ખ) અને (ગ)માં કોલમ ૨માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (જ)ને, તે આર્ટિકલના ખંડ (ઝ) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ) પહેલાં, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(જ) સ્થાવર મિલકત વેચવાના હક સહિત અવેજ બદલ કર્યું હોય ત્યારે અથવા ગમે તે નામે ઓળખાતા પ્રમોટર અથવા વિકાસકારને, કોઈપણ સ્થાવર મિલકત ઉપર બાંધકામ માટે, તેના વિકાસ માટે, અથવા વેચાણ અથવા (ગમે તે રીતે) તબદીલ કરવા માટે અવેજ સાથે કે તે વગર કર્યું હોય ત્યારે અથવા કોઈ પણ સ્થાવર મિલકતને રદ ન કરી શકાય તેવી રીતે કબજો તબદીલ કરીને અવેજ સાથે કે અવેજ વગર કર્યું હોય;	અવેજની રકમ અથવા યથા પ્રસંગ સ્થાવર મિલકતની બજાર કિંમત એ બેમાંથી જે વધારે હોય તે રકમ માટે આર્ટિકલ ૨૦ હેઠળ માલિકી ફેરબત ઉપર જેટલી ડયુટી લેવાપાત્ર થાય છે તેટલી ડયુટી.";

(૩) એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ)માં કોલમ ૨ માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(૪) સદરહુ આર્ટિકલ નીચેના વિદ્યમાન પાદટીપ, અને સ્પષ્ટીકરણને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

સ્પષ્ટીકરણ ૧.—આ આર્ટિકલના હેતુઓ માટે એક કરતાં વધારે વ્યકિતઓ, જ્યારે એક જ પેઢીની હોય ત્યારે, એક વ્યકિત તરીકે ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.—"રજિસ્ટ્રેશન" એ સંજ્ઞામાં, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળના રજિસ્ટ્રેશનને આનુષંગિક દરેક કાર્યનો સમાવેશ થાય છે. સન ૧૯૦૮નો ૧૬મો.

સ્પષ્ટીકરણ ૩.—ખંડ (જ) હેઠળ, મુખત્યારનામા ઉપર ડયુટી ભરી હોય અને તે મિલકતને લગતું માલિકીફેર ખત, મુખત્યારનામું કરનાર વ્યકિત અને જેની તરફેણમાં તે કરવામાં આવ્યું હોય તે વ્યકિત વચ્ચે મુખત્યારનામા અનુસાર પાછળથી કરવામાં આવ્યું હોય ત્યારે, માલિકીફેર ખત ઉપરની ડયુટી, મુખત્યારનામા ઉપરની ડયુટી જેટલી ઘટાડીને મિલકતની બજાર કિંમત ઉપર ગણતરી કરેલ ડયુટી ગણાશે.";

(૧૪) આર્ટિકલ ૫૭માં,—

(૧) કોલમ ૧માં, "પેટા-પટ્ટાથી" એ શબ્દો પછી "અથવા કોઈપણ દીવાની કોર્ટ અથવા કોઈપણ મહેસૂલી અધિકારીએ કરેલા આખરી હુકમ અથવા હુકમનામાથી" એ શબ્દો દાખલ કરવા;

(૨) કોલમ ૨માં, "તબદીલીના અવેજની રકમ માટેના આર્ટિકલ ૨૦" એ શબ્દો અને આંકડાને બદલે, "તબદીલીના અવેજની રકમ અથવા યથાપ્રસંગ, સ્થાવર મિલ્કતની બજાર કિંમત એ બેમાંથી વધારે હોય તે રકમ માટેના આર્ટિકલ ૨૦ (ક)" એ શબ્દો, આંકડા, કૌંસ અને અક્ષર મૂકવાં.

૧૨. (૧) મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે. સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૪.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે. રદ કરવા બાબત અને બચાવ.

INDEX

ઉદ્દેશો અને કારણો.

રાજ્યના નાણાંકીય સાધનો વધારવા, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮માં રહેલી અમુક ખામીઓ દૂર કરીને કર ભરવાનું ટાળવાનું અટકાવવા અને તેનાથી રાજ્યની તિજોરીમાં આવક મેળવવા માટે, સદરહુ અધિનિયમની જોગવાઈઓ સુધારવાનું ઈષ્ટ જણાયું હતું. સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં અમુક રાહતો આપવાનું જરૂરી ગણ્યું હતું.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને આ વિધેયક મૂકવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોમાં, વિધેયકની અગત્યની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવવામાં આવી છે.:–

કલમ–૨.–(૧) આ કલમની પેટા-કલમ (૧)થી મંડળના ક્લિયરીંગ હાઉસને સાદર કરવાનું ફરમાવ્યું હોય તેવા કરારોને લગતી લેવડ દેવડની યાદી ઉપર સ્ટેમ્પ ડ્યુટી લેવાનું ધાર્યું હોવાને લીધે "કલીયરીંગ હાઉસ" એ શબ્દની વ્યાખ્યા કરવામાં આવી છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી "માલિકી ફેરબદલ" એ શબ્દની વ્યાખ્યા કરી છે, જેથી કરીને કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ કોર્ટના હુકમ દ્વારા કંપનીઓના જોડાણના સંબંધમાં કરેલા માલિકી ફેર બદલનો સમાવેશ કરી શકાય.

(૩) આ કલમની પેટા-કલમ (૩)થી, 'સ્થાવર મિલકત'ની અને પેટા-કલમ (૬)થી જંગમ મિલકતની વ્યાખ્યાઓ કરી છે.

કલમ–૩.–જ્યારે શહેરી વિસ્તારમાં લેખ કરવામાં આવ્યો હોય ત્યારે, કલમ ૩–ક હેઠળ વધારાની ડ્યુટી લેવાપાત્ર છે. એવું ધ્યાનમાં આવ્યું છે કે સ્ટેમ્પ ડ્યુટી ટાળવા માટે શહેરી વિસ્તારમાં મિલકત આવેલી હોવા છતાં, ગ્રામ વિસ્તારમાં લેખ કરવામાં આવે છે. આ ડ્યુટી ટાળવાનું ઓછું કરવા માટે, આ કલમથી કલમ ૩–ક યોગ્ય રીતે સુધારવા ધાર્યું છે.

કલમ–૪.–આ કલમથી સૂચવેલ કલમ ૧૭માંના સુધારાથી, લેખ કરી આપ્યાના દિવસ પછીના કામકાજના દિવસે તેના ઉપર સ્ટેમ્પ લગાડવાની વ્યકિતને સગવડ આપે છે.

કલમ–૫.–આ કલમથી, કલમ ૩૦માં નવો ખંડ (જ) દાખલ કરવા ધાર્યું છે જેથી કરીને યોગ્ય સ્ટેમ્પનો ખર્ચ, તે કલમના ખંડ (ક) થી (છ) માં જોગવાઈ કરી હોય તે સિવાયના કિસ્સામાં લેખ કરતી વ્યકિત યોગ્ય સ્ટેમ્પનો ખર્ચ ભોગવશે એવી જોગવાઈ કરી શકાય.

કલમ–૬.–આ કલમથી, કલમ ૩૧ સુધારવા ધાર્યું છે જ્યારે ન્યાયનિર્ણય માટે કલેકટર સમક્ષ લેખ સાદર કરવામાં આવે ત્યારે, એકસો રૂપિયાથી વધારે ન હોય અને પચીસ રૂપિયાથી ઓછી ન હોય તેટલી ફીનો દર વધારવા માટે જોગવાઈ કરી છે.

કલમ–૭ (૧) આ કલમની પેટા-કલમ (૧)થી મૂકવા ધારેલ કલમ ૩૨-કની પેટા-કલમ (૧) થી, જેથી જોગવાઈ કરી છે કે રજિસ્ટ્રેશન માટે રજૂ કરેલ દરેક લેખની સાથે, તેની ખરી નકલ જોડવી જોઈશે. રજિસ્ટ્રર કરનાર અધિકારી, જે જિલ્લામાં મિલકત આવેલ હોય તે જિલ્લાના કલેકટરને, એવી મિલકતની સાચી બજાર કિંમત નકકી કરવા માટે અને સદરહુ કલમ ૩૨-ક હેઠળ એવા લેખ ઉપર યોગ્ય ડ્યુટી ભરવા માટે લેખ મોકલી શકશે.

(૨) આ કલમની પેટા-કલમ (૩)થી સુધારવા ધારેલ પેટા-કલમ (૩)થી એવી જોગવાઈ કરી છે કે ડ્યુટીની ખૂટતી રકમ રૂ. ૨૫૦/– કરતાં ઓછી હોય ત્યારે, લેખ ઉપર ભરવા પાત્ર યોગ્ય ડ્યુટીની રકમ અથવા તેના ભાગની ખૂટતી રકમ કરતાં વધુ દંડ હોવો જોઈશે નહિ.

(૩) આ કલમની પેટા-કલમ (૪) થી સુધારવા ધારેલ પેટા-કલમ (૪) થી, કલેકટરને અવેજના અથવા બજાર કિંમતના ખરાપણા સંબંધી, લેખના રજિસ્ટ્રેશનની તારીખથી છ વર્ષની મુદતની અંદર પોતાની ખાતરી માટે પોતાની મેળે લેખની તપાસ કરવા માટે મંગાવવાની સત્તા મળે છે.

કલમ–૮.–આ કલમથી, મૂકવા ધારેલ કલમ-૪૬થી, ઠરાવેલી સમય મર્યાદાની અંદર ભરી ન હોય તેવી ડ્યુટીની રકમ, દંડ અને બીજી રકમો ઉપર ૨૪ ટકાના દરે વ્યાજ આપવા માટેની જોગવાઈ કરી છે. અધિનિયમ હેઠળ આપવાની ડ્યુટી, દંડ અથવા બીજી રકમો જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાને પાત્ર છે

INDEX

કલમ ૧૦.–આ કલમથી નવી દાખલ કરવા ધારેલ કલમ ૫૩-ક થી, મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીને, ભૂલથી અથવા અન્યથા લેખ ઉપર લેવાપાત્ર ડ્યુટી કરતાં ઓછી ડ્યુટી લીધેલ હોય ત્યારે, છ વર્ષની મુદતની અંદર, કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અથવા ૪૧ હેઠળ કલેક્ટરે આપેલા પ્રમાણપત્રનું પોતાની મેળે પુનર્વિલોકન કરવાની સત્તા મળે છે.

કલમ ૧૧. આ કલમથી, અધિનિયમની અનુસૂચિ ૧ સુધારી છે અને લેખો ઉપર આપવાપાત્ર ડ્યુટીના દરમાં ફેરફાર કર્યો છે.

દલસુખભાઈ ગોધાણી.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં, નીચેની બાબતો અંગે ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:–

કલમ--૫.આ કલમથી દાખલ કરવા ધારેલ કલમ--૧૭ના પરંતુકથી, રાજ્ય સરકારને, આ અધિનિયમની અનુસૂચિ--૧ના આર્ટિકલો ૧૮-ક, ૧૮-ખ, ૧૮-ગ, ૧૮-ઘ અથવા ૧૮-ચ માં વર્ણવેલ ક્લીયરન્સ લિસ્ટ ઉપર સ્ટેમ્પ મારવા નિયમો દ્વારા, અધિકારીને અધિકાર આપવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪. દલસુખભાઈ ગોધાણી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર,
તા. ૧૦મી જૂન, ૧૯૯૪.

કુ ઓચ. કે. ઝવેરી.
સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra. No. 41 REGISTERED NO. G/GUJ/1.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, JUNE 13, 1994/JYAISTHA 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી જૂન, ૧૯૯૪.

તારીખ ૧૦મી જૂન ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ માટે પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 16 OF 1994.

THE BOMBAY MOTOR VEHICLES TAX (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

(૨) તે સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

સન૧૯૫૮ નો મુંબઈ નો ૬૫મો.

૨. મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેના આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે માં, પેટા-કલમ ૩-કમાં, નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું :—

સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમે ૩-કનો સુધારો.

"સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે "લકઝરી મુકરર ઓમ્નિબસ" એટલે વીસ કરતાં વધારે ઉતારૂઓ લઈ જવાની પરવાનગીવાળી અને વચ્ચેની કોઈપણ પહોળાઈની ગેંગવે સહિત કોઈપણ બાજુએ બે અને બે અથવા એક અને ત્રણ અથવા એક અને બે અથવા એક અને એક બેઠક વ્યવસ્થાવાળી ઓમ્નિ બસ, પછી ભલે આવી ઓમ્નિ બસમાં કોઈપણ એક બેઠક હરોળ ચાર કરતાં વધુ બેઠકોની બનતી હોય".

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં,—

સન ૧૯૫૮ ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૨૦ નો સુધારો.

(૧) પેટા-કલમ (૧)માં, "મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડ્યા પ્રમાણેના તે અધિનિયમમાં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય" એ શબ્દો પછી, "અને પેટા-કલમો (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), અને (૧છ) ની જોગવાઈઓને અધીન રહીને," એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

(૨) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમો દાખલ કરવી:—

સન ૧૯૭૫ નો મુંબઈ નો ૪૬મો.

"(૧ક) પેટા-કલમ (૧)માં અને માર્ગ અને પુલો ઉપરનો ટોલ અધિનિયમ ૧૯૭૫ની જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ પેટા-કલમો (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ) અને (૧છ) ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર,—

સન ૧૯૯૪નો ગુજરાતનો

(ક) મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪ના આરંભ પછી, રાજ્ય સરકારે અથવા કોઈપણ વ્યકિતએ તેનો ખર્ચ, બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય અથવા યથા પ્રસંગ મરામત કર્યા હોય તેવા અને જે બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામતનો કુલ મૂડી ખર્ચ પચાસ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોય તેવો કોઈ પુલ, તેને જોડતા રસ્તા સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતાં માર્ગ ઉપરથી, અથવા

(ખ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, લોકોની ખાસ સેવા માટે હોય તેવા કોઈ પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા તેના પસાર થતા માર્ગ ઉપરથી,

પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપર ટોલ મૂકાઈ શકશે.

INDEX

સ્પષ્ટીકરણ.— આ કલમના હેતુઓ માટે,—

(૧) "મૂડી ખર્ચ" એ શબ્દપ્રયોગમાં, સુધારણા, મજબૂતાઈ વધારવા, પહોળા બનાવવા, બાંધકામ મરામત, અને તે જાળવણી જેવાં અમુક આવશ્યક ચાલુ અથવા તાકીદના ક્રમોના પૂર્વનિર્ધારીત ખર્ચનો; સમાવેશ થાય છે;

(૨) "વ્યકિત" એ શબ્દપ્રયોગમાં, કોઈપણ કંપની અથવા એસોસિએશન અથવા વ્યકિતઓના મંડળ પછી તે સંસ્થાપિત હોય કે ન હોય અથવા પેઢીનો સમાવેશ થાય છે;

(૩) શંકાના નિવારણ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે "બાંધેલા" એ શબ્દ પ્રયોગમાં, ઉપયોગ કરવા માટે તૈયાર હોય તેવા પુલ, તેના જોડતા માર્ગ સહિત, અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા માર્ગનો સમાવેશ થાય છે.

(૧ખ) પેટા-કલમ (૧ક) હેઠળ લેવાનો ટોલ, રાજ્ય સરકાર, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામા દ્વારા જાહેર કરે તેવા દરે, તેટલી મુદત માટે અને તેવા પુલ, તેને જોડતા માર્ગ સહિત, અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપર લેવામાં આવશે:

પરંતુ મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે તે ઉપરનું વ્યાજ અને ટોલ ઉઘરાવવા માટેનો ખર્ચ કરતાં વધુ ન હોય તેટલી રકમ, આ કલમ હેઠળ લેવામાં આવશે અને વસૂલ કરવામાં આવશે :

વધુમાં પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા માર્ગનું બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત, રાજ્ય સરકાર સિવાયની બીજી કોઈ વ્યકિતએ કર્યું હોય ત્યારે, મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે એવા દરે રોકાણની આવક અને ટોલ ઉઘરાવવાના ખર્ચ કરતાં વધુ ન હોય તેટલી રકમ આ કલમ હેઠળ લઈ શકાશે અને વસૂલ કરી શકાશે.

(૧ગ) પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતા માર્ગનું બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત, રાજ્ય સરકારે કર્યો હોય તો તેના ઉપર પેટા-કલમ (૧-ક) હેઠળ લેવાપાત્ર ટોલ,—

(૧) રાજ્ય સરકાર પોતે અથવા આ અર્થે પોતે અધિકૃત કરેલ એજન્ટ મારફત;

(૨) કોઈપણ વ્યકિતએ કર્યું હોય તો, તેવી વ્યકિત અથવા તેના નોકરો;

ઠરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ અને તેવી રીતે ટોલ વસૂલ કરી શકશે.

(૧ઘ) ચાલુ પુલ, તેના જોડતાં માર્ગ સહિતનો તેનો ઉપયોગ કરવાની સગવડ વધારવા માટે, એક જ સ્રોત, નદી અથવા ખાડી અથવા માર્ગ અથવા રેલ્વે લાઈન ઉપર અથવા તેની નીચેના પુલ તરીકે વધારવાનો પુલ બાંધવામાં આવ્યો હોય, ત્યારે આવો પુલ, તેને જોડતા માર્ગ સહિત, તેની રચના, ટોલ લેવાના હેતુ માટે, એક જ માર્ગ છે એમ ગણાશે, તેમ છતાં, આવા વધારાના પુલ, તેના જોડતા માર્ગ સહિત તેનો મૂડી ખર્ચ અને ટોલ ઉઘરાવવાના ખર્ચની રકમ કરતાં વધુ ટોલ વસૂલ કરી શકાશે નહિ.

(૧ચ) આ કલમની પેટા-કલમ (૧ક) હેઠળ ટોલ ભરવાને પાત્ર હોય તેવા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને, ટોલ ભર્યો હોય તે સિવાય પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અગર પસાર થતા માર્ગ ઉપરથી પસાર થવા દેવામાં આવશે નહિ અને રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્ટને અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧ગ)માં ઉલ્લેખેલી વ્યકિતને પુલ ઉપરથી પસાર થતા આવા વાહનોને અટકાવવાની સત્તા રહેશે.

(૧છ) (ક) રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરાતા તમામ મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને, ટોલ ભરવામાંથી મુકિત આપવામાં આવશે.

(ખ) પોતે નાખે તેવી શરતોને અધીન રહીને રાજ્ય સરકાર જાહેર હિતમાં તેમ કરવું જરૂરી ગણે તો રાજપત્રમાં જાહેરનામા દ્વારા, મોટર-વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોના કોઈપણ નિર્દિષ્ટ વર્ગ અથવા વર્ગોને, ટોલ ભરવામાંથી મુકિત આપી શકશે.

(૩) પેટા-કલમ (૨)માં, "પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસો અને આંકડાને બદલે, "પેટા-કલમો (૧), (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), (૧છ)" એ શબ્દો, કૌંસો, આંકડા અને અક્ષરો મૂકવાં;

INDEX

(૪) હાંસિયાની નોંધમાં, "મોટર વાહનો" એ શબ્દો પહેલાં, "અમુક તાકીદના પ્રસંગ સિવાય" એ શબ્દો ઉમેરવા.

૪. સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા અધિનિયમની કલમ ૨૩નો સુધારો મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ઢ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(ત) ટોલ ઉઘરાવવાની બોલીઓ અને શરતો અને રીત ઠરાવવા બાબત."

રદ કરવા બાબત અને અપવાદ.

૫. (૧) મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૨.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ સાથે અસંગત ન હોય તેટલા પૂરતું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

ઉદ્દેશો અને કારણો

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની વિદ્યમાન કલમ ૩-ક, સામાન્ય મુકરર ઓમ્નિબસ અને લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિ બસ માટે જુદા જુદા વેરાના દરો માટે જોગવાઈ કરે છે. લકઝરી અથવા પ્રવાસી મુકરર ઓમ્નિબસ ઉપર સામાન્ય ઓમ્નિબસ કરતાં વધારે વેરો છે. મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮માં અથવા સદરહુ મુંબઈ અધિનિયમમાં "લકઝરી મુકરર ઓમ્નિબસ" એ શબ્દપ્રયોગની વ્યાખ્યા કરી નથી. તેથી, લકઝરી બસ તરીકે સામાન્ય રીતે ઓળખાતી અને કેન્દ્રીય અધિનિયમ હેઠળ પ્રવાસી વાહનો માટે ઠરાવેલા વિશિષ્ટ વર્ણન વાળી ઓમ્નિબસ ઉપર, લકઝરી ઓમ્નિબસ માટે નિર્દિષ્ટ કરેલા દરે વેરો લેવામાં આવે છે. એવું ધ્યાનમાં આવ્યું છે કે ઓમ્નિબસના ચાલકો (ઓપરેટરો) તેમના વાહનોમાં પ્રવાસી વાહનો માટે ઠરાવેલ વિશિષ્ટ વર્ણનોમાં જૂજ ફેરફાર કરીને લકઝરી ઓમ્નિબસને લાગુ પડતા વેરાનો ઉંચો દર ભરવાનું ટાળે છે. લકઝરી ઓમ્નિબસ ઉપર લેવાનો વેરો ટાળવા માટે કોઈ અવકાશ ન રાખવા માટે, અધિનિયમની કલમ ૩-ક્માં સ્પષ્ટીકરણ દાખલ કરીને સદરહુ શબ્દપ્રયોગની વ્યાખ્યા કરવાનું જરૂરી જણાયું હતું.

ગુજરાત રાજ્યમાં ઉદ્યોગોના ઝડપી વિકાસને ધ્યાનમાં લેતાં, રાજ્યમાં, માર્ગ વ્યવહારના સાધનો સુધારવાનું અને ગુણવત્તા વધારવાનું જરૂરી બન્યું છે. તેથી, રાજ્યમાં ભારે ઔદ્યોગિક ટ્રાફિક અને વધુ પડતા બીજા ભારે ટ્રાફિકની જરૂરિયાતને પહોંચી વળવા માટે નવાપુલો, તેને જોડતા માર્ગો સહિત, પસાર થતાં માર્ગો, નવા માર્ગોના વિભાગ બાંધવાનું અને ચાલુ માર્ગોની ભાર વાહનની ક્ષમતા સુધારવાનું જરૂરી છે. રાજ્યના મર્યાદિત નાણાંકીય સાધનોને ધ્યાનમાં રાખીને, મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ,૧૯૯૪ના આરંભ પછી, પુલ, તેને જોડતા માર્ગો સહિત, નવા માર્ગોના વિભાગ અથવા પસાર થતા માર્ગ, બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય, અથવા મરામત કર્યા હોય, અને જેના બાંધકામ, ફેરબાંધકામ, સુધારણા અથવા મરામતનું કુલ મૂડી ખર્ચ પચાસ લાખ રૂપિયા કરતાં વધુ હોય તેવા અથવા લોકોને ખાસ સેવા આપવાનું ગણ્યું હોય, તેની ઉપરથી પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરો ઉપર ટોલ લેવાનું જરૂરી ગણ્યું છે, તેથી, મૂડી ખર્ચ અને તેના ઉપરના વ્યાજની વસૂલાતના પ્રમાણમાં ટોલ લેવા માટે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૨૦ સુધારવાનું ઈષ્ટ જણાયું હતું. જ્યારે રાજ્ય સરકાર સિવાયની વ્યકિતઓ પુલ બાંધ્યો હોય ત્યારે આવી વ્યકિતની મૂડી ખર્ચની વસુલાત જ નહીં પણ આવી વ્યકિતએ કરેલ રોકાણની આવકના પ્રમાણમાં ટોલ ઉઘરાવવાની તેને સત્તા આપવાની પણ જોગવાઈ કરી છે. રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરેલા તમામ મોટર વાહનો અને એવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો અથવા રાજ્ય સરકાર જાહેર કરે તેવા અન્ય વાહનોને ટોલ ભરવામાંથી મુકિત આપવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ સંબંધી મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪ એ નામનું વિધેયક, સન ૧૯૯૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૫મી તારીખે ગુજરાત વિધાનસભામાં દાખલ કરવામાં આવ્યું હતું પરંતુ સમયના અભાવે ગૃહ વિચારણામાં લઈ શકયું ન હોતું.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા માટે પ્રસિદ્ધ કર્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

રામસિંહ પરમાર.

INDEX

નાણાંકીય યાદી

વિધેયકની કલમ ૨ થી દાખલ કરવા ધારેલ સ્પષ્ટીકરણ ૨૦ સુધી ઉતારૂઓ લઈ જવા માટે પરવાનગીવાળી ઓમ્નિ બસને બાકાત રાખી છે. વટહુકમની જોગવાઈઓ મુજબ આવી ઓમ્ની બસના ચાલકોએ ભરેલ લકઝરી ઓમ્નિ બસ માટે ઠરાવેલ ઉંચા દરે વેરો પરત કરવો પડશે. આવી ઓમ્નિ બસના ચાલકોને આપવાના રીફંડની અંદાજિત રકમમાં રાજયના એકત્રિત ફંડમાંથી આશરે એકવીસ લાખનો બિન આવર્તક ખર્ચનો સમાવેશ થશે.

વિધેયકની કલમ૩થી, કલમ ૨૦માં દાખલ કરવા ધારેલ નવી પેટા-કલમ (૧૬)થી, રાજય સરકારને, પુલો ઉપરથી પસાર થતાં મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરો પર ટોલ વસૂલ કરવાની સત્તા મળે છે. તે હેતુ માટે, ટોલ ઉઘરાવવા માટે આવા પુલો પર ટોલ પ્લાઝાની સ્થાપના કરવાનું જરૂરી છે. આ જોગવાઈ, અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે તો, ટોલ-પ્લાઝાની સ્થાપના માટે, રાજયના એકત્રિત ફંડમાંથી આશરે એક લાખ પચાસ હજાર રૂપિયાના બિન આવર્તક ખર્ચનો સમાવેશ થશે. માર્ગ અને મકાન વિભાગનો વિદ્યમાન સ્ટાફ, ટોલ ઉઘરાવશે અને તેથી, રાજયના એકત્રિત ફંડમાંથી આ કારણે કોઈ વધારાનો ખર્ચ થશે નહિ.

રામસિંહ પરમાર.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં, નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ ૩.-- (૧) આ કલમથી દાખલ કરવા ધારેલ કલમ ૨૦ની પેટા-કલમ (૧ખ)થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, કયા દરોએ કેટલી મુદત માટે અને કયા પુલના સંબંધમાં ટોલ વસૂલ કરવામાં આવશે તે જાહેર કરવાની સત્તા મળે છે.

પેટા--કલમ (૧ખ) ના પહેલા પરંતુકથી, રાજય સરકારને, મૂડી ખર્ચ ઉપર વ્યાજનો દર નક્કી કરવાની સત્તા મળે છે અને બીજા પરંતુકથી, રાજય સરકારને, રાજય સરકાર સિવાયની અન્ય વ્યકિતએ કરેલા રોકાણ ઉપર આવકનો દર નક્કી કરવાની સત્તા મળે છે.

(૨) આ કલમથી દાખલ કરવા ધારેલ પેટા--કલમ (૧-ગ) થી રાજય સરકારને ટોલ ઉઘરાવવા માટે એજન્ટ અધિકૃત કરવાની અને કઈ બોલીઓ અને શરતો અને કઈ રીતે કર ઉઘરાવવો જોઈશે તે ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમથી, દાખલ કરવા ધારેલ પેટા-કલમ (૧છ) ના ખંડ (ખ) થી, રાજય સરકારને, રાજપત્રમાં જાહેરનામા દ્વારા મોટર વાહનોના અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતાં ટ્રેઈલરોના કોઈ પણ નિર્દિષ્ટ વર્ગ અથવા વર્ગોને, ટોલ ભરવામાંથી મુકિત આપવાની સત્તા મળે છે.

કલમ ૪.-- આ કલમથી દાખલ કરવા ધારેલ કલમ ૨૩ની પેટા--કલમ (૨) ના ખંડ (ત)થી, રાજય સરકારને ટોલ ઉઘરાવવાની બોલીઓ અને શરતો અને રીત, નિયમોથી, ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

રામસિંહ પરમાર.

તારીખ, ૧૦મી જૂન, ૧૯૯૪.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર
તા. ૧૦મી જૂન, ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 42 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

Vol. XXXV] MONDAY, JUNE 13, 1994/JYAISTHA 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી જુન, ૧૯૯૪.

તારીખ ૧૩મી જૂન ૧૯૯૪ના ગુજરાત રાજ્યપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૧૭નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Gujarat Bill No. 17 of 1994.

THE GUJARAT SALES TAX (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Sales Tax Act, 1969.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૩-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૭ .

ગુજરાત વેચાણવેરા (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ અથવા કલમ ૯ સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે અને આ અધિનિયમની બાકીની કલમો સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લો.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લા અધિનિયમની કલમ ૩-કનો સુધારો.

૨. ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૩-કમાં પેટા-કલમ (૫)માં, "પાંચ પૈસા" એ શબ્દોને બદલે "દસ પૈસા" એ શબ્દો મૂકવા.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં, 'પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસ અને આંકડો જે બે જગાએ આવે છે ત્યાંથી તે કમી કરવાં.

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લા અધિનિયમની કલમ ૭નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦-ક માં,—

(૧) પેટા-કલમ (૧)માં,—

(ક) "કલમ ૨ના ખંડ (૧૦)ના પેટા-ખંડ (છ)માં ઉલ્લેખેલ વેપારી સિવાયનાં", એ શબ્દો, કૌંસ, અક્ષર અને આંકડા કમી કરવાં;

(ખ) "અને કલમ ૪૯ની પેટા-કલમ (૨) હેઠળ વેરો ભરવામાંથી સંપૂર્ણત: અથવા અંશત: મુક્તિ આપેલ માલના" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવા;

સન ૧૯૭૦નો ગુજરાતનો ૧લા અધિનિયમની કલમ ૧૦-કનો સુધારો.

(૨) પેટા-કલમ (૧) પછી, પણ કોષ્ટક પહેલાં, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી :—

સન ૧૯૯૪નો ગુજરાતનો અધિનિયમ.

"(૧-ક) કલમ ૩-ક હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઈ વેપારીએ કરેલ તમામ નિર્દિષ્ટ વેચાણોનું ટર્નઓવર, જે વર્ષમાં ગુજરાત વેચાણ વેરા (સુધારા) અધિનિયમ,૧૯૯૪ અમલમાં આવે તે વર્ષમાં અને ત્યાર પછી દરેક વર્ષમાં, પ્રથમ પચાસ લાખથી વધે અથવા કલમો ૩-અને ૩-ક બન્ને હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઈપણ વેપારીએ કરેલ તમામ નિર્દિષ્ટ વેચાણોનું કુલ ટર્નઓવર અને તમામ વેચાણોનું ટર્નઓવર, પ્રથમ પચાસ લાખ રૂપિયાથી વધે ત્યારે, નિર્દિષ્ટ વેચાણોના વેરાપાત્ર ટર્નઓવર અથવા તમામ નિર્દિષ્ટ વેચાણોના કુલ વેરાપાત્ર ટર્નઓવર અને તમામ વેરાપાત્ર માલના તેણે કરેલા તમામ વેચાણોના વેરાપાત્ર ટર્નઓવર ઉપર નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલા દરોએ ટર્નઓવર વેરો લેવામાં આવશે."

(૩) પેટા કલમ (૪)માં, " તમામ વેચાણોનું ટર્નઓવર" એ શબ્દોને બદલે, " તમામ વેચાણોનું ટર્નઓવર તમામ નિર્દિષ્ટ વેચાણનું ટર્નઓવર, અથવા યથાપ્રસંગ, તમામ નિર્દિષ્ટ વેચાણોનું કુલ ટર્નઓવર અને તમામ વેચાણોનું ટર્નઓવર" એ શબ્દો મૂકવા.

INDEX

(૪) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું.-

"સ્પષ્ટીકરણ : આ કલમના હેતુઓ સારુ,-

"(૧) "વેરાપાત્ર ટર્ન ઓવર" એ શબ્દ પ્રયોગ એટલે પેટા-કલમ (૨) હેઠળ કરેલી કપાતો પછી પ્રાપ્ત કર્યા પ્રમાણે તમામ વેરાપાત્ર માલનું ટર્નઓવર; અને

(૨) "વેરાપાત્ર માલ" એ શબ્દ પ્રયોગનો અર્થ એટલે આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તે માલ અથવા આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર થાત પણ કલમ ૪૯ની પેટા-કલમ (૨) હેઠળ મુક્તિ આપી હોય તે માલ."

સન ૧૯૭૦-ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં,-

(૧) ખંડ (૧)માં,-

(ક) પેટા-ખંડ (ખ)માં, "અથવા" એ શબ્દ અંતે ઉમેરવો;

(ખ) પેટા-ખંડ (ખ) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

"(કક) માલ, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં પોતે ફેરવેચવા માટે ખરીદ્યા છે અને એવો માલ, પોતે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર એવી રીતે ફરી વેચશે;

(૨) ખંડ (૨)માં,-

(ક) પેટા-ખંડ (ગ)માં, "અથવા" એ શબ્દ અંતે ઉમેરવો;

(ખ) પેટા-ખંડ (ગ) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

"(કક) માલ, લાઈસન્સદાર વેપારી હોય તેવા તેના મુખ્ય વેપારી વતી આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં ફેર વેચવા માટે ખરીદ્યો છે અને એવા માલનું કમિશન એજન્ટે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં મુખ્ય વેપારી પોતે ફેર વેચાણ કરશે.".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૩ને બદલે નવી કલમ મૂકવી.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩ને બદલે, નીચેની કલમ મૂકવી:-

પ્રમાણપત્ર ઉપર કપાત કરવામાં આવી હોય તે સિવાય ટર્નઓવર ઉપર કોઈ કપાત કરવી નહિ.

૧૩. વેચાણોના ટર્નઓવરમાંથી કલમો ૭ અથવા ૮માં ઠરાવ્યા પ્રમાણે લાઈસન્સદાર વેપારીને, માન્ય વેપારીને અથવા તેના મુખ્ય વેપારી વતી ખરીદવાની પરમીટ ધરાવવા કમિશન એજન્ટને કરેલાં માલના વેચાણો બાદ કરવાં નહિ, સિવાય કે –

(ક) લાઈસન્સદાર વેપારી,—

(૧) ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે માલ પોતે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં ફેરવેચાણ માટે ખરીદવામાં આવ્યો છે; અથવા

(૨) ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, અનુસૂચિ ૨, ભાગ--ખમાં નિર્દિષ્ટ કરેલ માલ,

(ક) આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં અથવા ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં હોય તે સિવાય, આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ગુજરાત રાજ્યમાં પોતે ફરી વેચવા ધારે છે; અથવા

(ખ) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં પોતે ફરી વેચવા ધારે છે; અથવા

(ખ) માન્ય વેપારી ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, પ્રતિબંધિત માલ સિવાયનો તેને વેચેલો માલ, કાચા અથવા પ્રક્રિયા માટેના માલ તરીકે અથવા તેણે વેચવા માટેના વેરાપાત્ર માલની બનાવટમાં વાપરવા માટેના માલ તરીકે ઉપયોગ કરવા સારૂ તેણે ખરીદેલ માલ છે, અથવા

(ગ) કમિશન એજન્ટ ઠરાવેલ નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, પોતાનો મુખ્ય વેપારી જે--

INDEX

(૧) લાઈસન્સદાર વેપારી હોય–

(ક) અને માલ, કમિશન એજન્ટે તેની ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં મુખ્ય વેપારી પોતે ફરી વેચશે; અથવા

(ખ) અનુસૂચિ ૨,ભાગ ખમાં નિર્દિષ્ટ કરેલ માલ,

(૧) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં અથવા ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં, હોય તે સિવાય, ગુજરાત રાજ્યમાં ફરી વેચશે; અથવા

(૨) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં ફરી વેચશે તે મુખ્ય વેપારી વતી માલ ખરીદેલ છે;

અથવા

(૨) માન્ય વેપારી હોય અને પ્રતિબંધિત માલ સિવાયના માલ તરીકે ખરીદેલ માલ, તે મુખ્ય વેપારી તે માલનો કાચા અથવા પ્રક્રિયા માટેના માલ તરીકે અથવા વેચાણ માટે વેરાપાત્ર માલની બનાવટમાં વાપરવાના માલ તરીકે ઉપયોગ કરશે અને કમિશન એજન્ટ તે માલ, પોતે કરેલી ખરીદીની તારીખથી ત્રણ મહિનાની અંદર તેના મુખ્ય વેપારીને અથવા મુખ્ય વેપારીના હુકમ પ્રમાણે મોકલશે, તે મુખ્ય વેપારી વતી માલ ખરીદેલ છે;

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯-કમાં,– **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૯-કનો સુધારો.**

(૧) પેટા-કલમ (૨) કમી કરવી.

(૨) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું.–

"**સ્પષ્ટીકરણ.**—આ કલમના હેતુઓ માટે, "ખોળ" એ શબ્દ પ્રયોગનો અર્થ, "કપાસીયાનાં ખોળ સિવાયનો ખોળ એવો થશે." ;

૮. મુખ્ય અધિનિયમમાં કલમ ૩૦-ક, પછી નીચેની નવી કલમ દાખલ કરવી:– **સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમમાં નવી કલમ ૩૦-કક દાખલ કરવા બાબત.**

"૩૦ કક. રજિસ્ટર થયેલ વેપારી, વેચાણની લેવડદેવડમાં ઉતર્યા સિવાય, બીજા રજિસ્ટર થયેલ વેપારીને, સરકારી આવકની છેતરપીંડી કરવાના ઈરાદાથી અથવા સરકાર પોતાની આવકમાં છેતરાય તેવા ઈરાદાથી બીલ અથવા કેશમેમો આપે તે પ્રસંગે, કમિશનર પોતાને યોગ્ય લાગે એવી તપાસ કર્યા પછી અને તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, એવું બીલ અથવા કેશ મેમો આપનાર અથવા સ્વીકારનાર રજિસ્ટર થયેલા વેપારીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કમિશનર, કેસના સંજોગોને ધ્યાનમાં લઈને નક્કી કરે તેવી આગળની કે પાછળની તારીખથી રદ કરી શકશે: **અમુક સંજોગોમાં રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવા બાબત.**

પરંતુ આ કલમ હેઠળ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ થવા છતાં.–

(ક) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવાના કમિશનરના હુકમની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે કોઈપણ વેરો, દંડ અથવા વ્યાજના સંબંધમાં વેપારીની જવાબદારી ચાલુ રહેશે.

INDEX

(ખ) રદ કર્યાની તારીખથી શરુ થતી અને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરતાં કમિશનરના હુકમની તારીખે પૂરી થતી મુદત દરમિયાન કોઈપણ સમયે, આ કલમ હેઠળ જેનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કર્યું હોય તે વેપારી પાસેથી માલ ખરીદનાર વેપારી, કમિશનરની ખાતરી માટે એવું પૂરવાર કરે કે તેને વેચેલો માલના સંબંધમાં લેણો વેરો ભરી દેવામાં આવ્યો છે, તે રજિસ્ટર થયેલ વેપારી પાસેથી એવા માલની ખરીદી કરી છે એમ ગણાશે".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૨ને બદલે, નવી કલમ મુકવી.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૨ને બદલે, નીચેની કલમ મૂકવી.—

"૪૨. કલમ ૬૫, ૬૭ અથવા ૬૯ હેઠળના કોઈ હુકમ અનુસાર અથવા કોઇ કોર્ટ કે સત્તાધિકારીના કોઈ હુકમ અનુસાર નવી આકારણી કરવાનું જરૂરી હોય ત્યારે, એવી નવી આકારણી, એવા હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર ગમે તે સમયે કરવી જોઈશે.

આકારણી માટે મુદત મર્યાદા.

પરંતુ મુદત મર્યાદાની ગણતરી કરતી વખતે કોઈ કોર્ટ કે સત્તાધિકારીના હુકમ કે મનાઈ હુકમથી આકારણીની કાર્યવાહી રોકવામાં આવી હોય તેવી કોઈ મુદત બાદ કરવામાં આવશે,"

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૪નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૪માં, ત્રીજા પરંતુકને બદલે નીચેનો પરંતુક મૂકવો :-

"પરંતુ કલમ ૪૨ના પરંતુકની જોગવાઈઓ, આ કલમમાં નિર્દિષ્ટ મુદત-મર્યાદાની ગણતરી કરવા માટે જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે."

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૭નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૭માં,—

(૧) પેટા-કલમ (૪ક)માં, પરંતુકમાં, ખંડ (૨) ક્રમી કરવો.

(૨) પેટા કલમ (૪ક) પછી, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી.

"(૪ખ) કોઈ વેપારી પેટા-કલમ (૪ક) હેઠળ વ્યાજ ભરવાને પાત્ર હોય અને તેણે વેરાની, દંડની અને વ્યાજની કુલ રકમ કરતાં ઓછી રકમ ભરી હોય ત્યારે એવી રીતે ભરેલી રકમમાંથી પ્રથમ વ્યાજની રકમ ખાતે જમા કરવી જોઈશે ત્યારબાદ કોઈ રકમ બાકી રહે તો દંડની રકમ પેટે જમા કરવી જોઈશે અને ત્યારબાદ કોઈ રકમ બાકી રહે તો, વેરાની રકમ પેટે જમા કરવી જોઈશે."

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૦નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૦માં, પરંતુકને બદલે, નીચેનો પરંતુક મુકવો.

"પરંતુ કલમ ૪૨ના પરંતુકની જોગવાઈઓ, આ કલમમાં નિર્દિષ્ટ કરેલ મુદત મર્યાદાની ગણતરી કરવા માટે જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.".

INDEX

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૪માં, પેટા-કલમ (૧)માં, ખંડ (કક)માં,—

(૧) "કલમ ૪૧ હેઠળ આકારણીના હુકમની ફ્રમે" એ શબ્દો અને આંકડા પછી, "નિર્દિષ્ટ વર્ષ માટે" આ શબ્દો દાખલ કરવા અને તે શબ્દો સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી હંમેશા દાખલ કર્યા છે એમ ગણાશે;

(૨) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું અને તે સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી હંમેશા અંતે ઉમેર્યું છે એમ ગણાશે :—

"સ્પષ્ટીકરણ.—આ ખંડના હેતુઓ સારૂ "નિર્દિષ્ટ વર્ષ" એ શબ્દપ્રયોગ એટલે.—

(૧) સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી શરૂ થતું નાણાંકીય વર્ષ;

(૨) સન ૧૯૯૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી શરૂ થતું અંગ્રેજી વર્ષ.

(૩) કારતક સુદ એકમથી શરૂ થતું સંવત ૨૦૪૯નું વર્ષ;

(૪) સન ૧૯૯૩ના ઓક્ટોબર મહિનાની ૧લી તારીખથી શરૂ થતું સહકારી વર્ષ; અથવા

(૫) ત્યાર પછી, એવું કોઈ વર્ષ".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, ખંડ (૪) કમી કરવો.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૫માં, પેટા-કલમ (૧)માં, "બે હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭૫નો સુધારો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં.—

(૧) અનુક્રમાંક ૧૪ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી.—

૧	૨	૩
"૧૪.	ધાસચારો, સત્વવાળા પદાર્થો અને કપાસીયાનો ખોળ પણ તેમાં કપાસીયા સિવાય,) બીજા ખોળનો અને તેલ રહિત ખોળ સહિત ઢોરોનું ખાણ,	—

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

(૨) અનુક્રમાંક ૧૫-ક ની નોંધમાં, કોલમ (૨)માં "બારી બારણાંની ફ્રેમો" એ શબ્દો પછી, "અને હાથે બનાવેલ પાયા અને પીઠીયા" એ શબ્દો ઉમેરવા.

૧૭. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ-૨માં, ભાગ ક્રમાં,—

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

INDEX

(૧) અનુક્રમાંક ૧૬ની નવી નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી :-

૧	૨	૩	૪
"૧૬.-ક.	કાસ્ટ આયર્ન કાસ્ટિંગ.	રૂપિયે ચાર પૈસા	રૂપિયે ચાર પૈસા"

(૨) અનુક્રમાંક ૩૩ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :-

૧	૨	૩	૪
"૩૩.	જાહેર વિતરણ પધ્ધતિ માટે વેચેલ ઘર વપરાશ માટેના કેરોસીન સિવાય કેરોસીન	રૂપિયે આઠ પૈસા	રૂપિયે આઠ પૈસા"

(૩) અનુક્રમાંક ૩૫ની નોંધમાં, કોલમો ૩ અને ૪માં, "એકવીસ પૈસા" એ શબ્દોને બદલે, "પચીસ પૈસા" એ શબ્દો મૂકવા.

(૪) અનુક્રમાંક ૭૪ની નોંધમાં, કોલમો ૩ અને ૪માં, "સાત પૈસા" એ શબ્દોને બદલે "ચાર પૈસા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૩.

૧૮. (૧) ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

ઉદ્દેશો અને કારણો

રાજ્યના નાણાંકીય સાધનો વધારવા, ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯માં રહેલી અમુક ખામીઓ દૂર કરીને કર ભરવાનું ટાળવાનું અટકાવવા અને તેનાથી રાજ્યની તિજોરીમાં વધુ આવક મેળવવા માટે અને વેરો ભરવામાં અમુક રાહતો આપવા માટે સદરહુ અધિનિયમની જોગવાઈઓ સુધારવાનું ઈષ્ટ જણાયું છે.

ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૪ ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોમાં, વિધેયકની અગત્યની જોગવાઈઓ સમજાવવામાં આવી છે.—

કલમ ૨.—આ કલમથી, નિર્દિષ્ટ કરેલાં માલનાં વેચાણોના ટર્નઓવર ઉપર વેચાણવેરાનો વધુમાં વધુ દર રૂપિયે પાંચ પૈસાને બદલે, દસ પૈસા કરવા અધિનિયમની કલમ-૩ક-ની પેટા-કલમ (૧) સુધારવા ધાર્યું છે.

કલમ ૪.—આ કલમથી કલમ ૧૦-ક સુધારવા ધાર્યું છે. વિદ્યમાન કલમ ૧૦-ક હેઠળ વર્કસ કોન્ટ્રાકટના અમલમાં સંડોવાયેલ માલમાંથી મિલકત તબદીલ કરનાર વેપારીને, આ કલમના હેતુ માટે બાકાત રાખ્યો હતો. આવી રીતે બાકાત રાખવાનું જતું કર્યું છે. વધુમાં વેરાપાત્ર માલના નિર્દિષ્ટ વેચાણોનું ટર્ન ઓવર સદરહુ કલમ હેઠળ ટર્નઓવર વેરાને પાત્ર થતો નથી. આ કલમથી આવા માલના નિર્દિષ્ટ વેચાણોના ટર્નઓવરને ટર્ન ઓવર વેરાને પાત્ર બનાવવા ધાર્યું છે.

INDEX

કલમો ૫ અને ૬.—આ કલમોથી, અધિનિયમની કલમો ૧૨ અને ૧૩ સુધારવા ધાર્યું છે. વિદ્યમાન કલમ ૧૩ હેઠળ, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન વેચાણના હેતુ માટે વેપારી વેરા મુક્ત માલ ખરીદી શકે છે. એવું ધ્યાનમાં આવ્યું છે કે જ્યારે આ સગવડોનો દૂર-ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે રાજ્યને આવક થતી નથી. વેરો ભરવાનું ટાળવાનું ઓછું કરવા માટે, લાઈસન્સદાર વેપારી અથવા કમિશન એજન્ટ પાસેથી એવા માલના વેચાણો ઉપર રૂપિયે ચાર પૈસાના દરે અને જ્યારે એવા માલ માટે ઓછો દર નિર્દિષ્ટ કર્યો હોય ત્યારે, તે કરતાં ઓછા દરે વેરો લેવા ધાર્યું છે.

કલમ ૭.—આ કલમથી, કલમ ૧૦-કની પેટા-કલમ (૨) કમી કરવા ધાર્યું છે.

કલમ ૮.—કર ભરવાનું ટાળવાનું અટકાવવા માટે, રજિસ્ટર થયેલ વેપારી, સરકારી આવકની છેતરપીંડી કરવાના ઈરાદાથી અથવા સરકાર પોતાની આવકમાં છેતરાય તેવા ઈરાદાથી વેચાણની લેવડ દેવડમાં ઉતર્યા સિવાય, બીલ અથવા કેશમેમો આપતા અથવા સ્વીકારતા રજિસ્ટર થયેલ વેપારીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર પાછલી તારીખથી અથવા ભવિષ્યની તારીખથી રદ કરવા માટે કમિશનરને સત્તા આપવા નવી કલમ ૩૦-કક દાખલ કરવા ધાર્યું છે.

કલમ ૯.—આ કલમથી અધિનિયમની નવી કલમ ૪૨ મૂકવા ધાર્યું છે. જેથી કરીને અમુક કેસોમાં આકારણી પૂરી કરવા માટેની સમય મર્યાદા દૂર કરી શકાય.

કલમ ૧૧.—વેરાની વસુલાત વધુ અસરકારક બનાવવા માટે, કોઈ વેપારી વ્યાજ, દંડ અને વેરો ભરવાને પાત્ર હોય તેવા દાખલામાં, રકમની ચૂકવણી કઈ રીતે જમા કરાવવાની હોય છે તે રીત ઠરાવવા માટે અધિનિયમની કલમ ૪૭માં નવી પેટા-કલમ (૪ખ) દાખલ કરવા ધાર્યું છે.

કલમ ૧૩.—સન ૧૯૯૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧થી સુધાર્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૫૪, સન ૧૯૯૩-ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવી છે અને સદરહુ રકમ જે હિસાબી વર્ષને લગતી હોય તે હિસાબી વર્ષ પૂરું થયાની તારીખની તરત પછી આવતી તારીખથી આકારણીના હુકમની તારીખ સુધી શરૂ થતી મુદતના સંબંધમાં, રિફંડની રકમ ઉપર દર વર્ષે ચૌદ ટકાના દરે વ્યાજ ચૂકવવા માટે જોગવાઈ કરે છે. કયા હિસાબી વર્ષ માટે સુધારેલી કલમ લાગુ પડતી હતી તે પ્રશ્ન ઉપસ્થિત થયો હોઈ આ કલમથી, કલમ ૫૪ યોગ્ય રીતે સુધારીને અને 'નિર્દિષ્ટ વર્ષ' એ શબ્દ પ્રયોગની વ્યાખ્યા કરીને, સ્પષ્ટ કરવા ધાર્યું છે.

કલમ ૧૫.—આ કલમથી, કલમ ૭૫ સુધારવા ધાર્યું છે, જેથી કરીને દંડની વધુમાં વધુ રકમ રૂપિયા બે હજારથી રૂપિયા વીસ હજાર સુધી વધારી શકાય.

કલમ ૧૬ અને ૧૭.—આ કલમોથી અનુસૂચિઓ ૧ અને ૨માંની અમુક નોંધો સુધારવા ધાર્યું છે.

મનોહરસિંહજી જાડેજા.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબત સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ ૧૩.—આ કલમથી મૂકવા ધારેલ અધિનિયમની કલમ ૧૩ ના ખંડ (ક), ખંડ (ખ), અને ખંડ (ગ)થી રાજ્ય સરકારને, કયા નમૂનામાં લાઈસન્સદાર વેપારી, માન્ય વેપારી અથવા, યથાપ્રસંગ, કમિશન એજન્ટ, તેમાં ઉલ્લેખેલ બાબતો પ્રમાણિત કરવી જોઈએ તે ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત સત્તાની સોંપણી, આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૩મી જૂન, ૧૯૯૪. **મનોહરસિંહજી જાડેજા.**

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

ગાંધીનગર : તારીખ ૧૩મી જૂન, ૧૯૯૪.

IX-Extra-42-3

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No 43 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, JUNE 18, 1994/JYAISTHA 28, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૧૬મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક ટી.ડબ્લ્યુ-૩૨૪-૧૯૯૪-એનપીસેલ-૪૧૯૬-૩૬૫૧-એમ-ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૩૨૪-૧૯૯૪-એનપીએલ-૪૫૯૩-૩૬૫૫-એમ.– ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમો ૬ અને ૭ સાથે વાંચતા કલમ ૨૭૭ ની પેટા કલમ (૨)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ માં નીચે મુજબ સુધારો કરે છે.–

નિયમ ૫માં, નીચેનો પરંતુક ઉમેરવો:–

"પરંતુ નગરપાલિકામાં બિન-અનામત બેઠકોની સંખ્યા વોર્ડની સંખ્યા કરતાં ઓછી હોય ત્યારે, દરેક વોર્ડમાં એક બેઠક બિન-અનામત હોવી જોઈશે તેવી શરત લાગુ પડશે નહિ."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

સુનયના તોમર,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 44

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 23, 1994/ASADHA 2, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી મદનલાલ કાપડિયાએ તા. ૨૩મી જૂન, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

"GUJARAT BILL NO. 18 OF 1994.

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay, Provincial Municipal Corporations Act, 1949.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૮

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:--

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) અધિનિયમ ૧૯૯૪' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૬૯મો.

સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા અધિનિયમમાં નવી કલમ ૩૯૭-ક દાખલ કરવા બાબત

૨. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯માં કલમ ૩૯૭ પછી નીચેની નવી કલમ દાખલ કરવી. :—

ધરપકડ કરવાની સત્તા.

"૩૯૭--ક. (૧) કમિશનરના સામાન્ય અથવા ખાસ હુકમથી આ અર્થે સત્તા આપેલ કોર્પોરેશનના કોઈ અધિકારીને એમ માનવાને કારણ હોય કે, કોઈપણ વ્યકિતએ શહેરની હદોમાં ઓકટ્રોય અથવા ટોલ ભરવાનું ટાળવાનું કૃત્ય અથવા કૃત્યો કર્યા છે, તો તે, તેવી વ્યકિતની ધરપકડ કરી શકશે અને જેમ બને તેમ જલ્દી, આવી ધરપકડ કરવાના કારણોની તેને જાણ કરવી જોઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ધરપકડ કરાયેલી દરેક વ્યકિતને, બિનજરૂરી વિલંબ વગર, મેજિસ્ટ્રેટ સમક્ષ લઈ જવી જોઈશે.

સન ૧૯૭૪નો ૨જો

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશનના કોઈ અધિકારીએ કોઈપણ વ્યકિતની ધરપકડ કરી હોય ત્યારે, જામીન ઉપર અથવા અન્યથા તેવી વ્યકિતને છોડાવવાના હેતું માટે, તેને, પોલીસ મથકના ઈન્ચાર્જ અધિકારીને હોય તેવી જ અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળની તેવી જ જોગવાઈઓને અધીન હોય તેવી જ સત્તા રહેશે.

સન ૧૯૭૪નો ૨જો.

(૪) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ગમે તે મજકૂર હોય તે છતાં, ઓકટ્રોય અથવા ટોલ ભરવાનું ટાળવાનું કૃત્ય, પોલીસ અધિકારનો ગુનો ગણાશે".

INDEX

ઉદ્દેશો અને કારણો

ઓકટ્રોય એ મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકનું મુખ્ય સાધન છે. હાલના દિવસોમાં ઓકટ્રોય ભરવાનું ટાળવાના પ્રસંગો મોટી સંખ્યામાં બને છે. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં ઓકટ્રોય ભરવાનું ટાળવા માટે કરેલી જોગવાઈથી, માત્ર ઓકટ્રોય ભરવાનું ટાળનારાઓ પાસેથી દંડ વસૂલ કરવામાં આવે છે. હાલના સંજોગોમાં આ જોગવાઈ અપૂરતી જણાય છે. તેથી, કોર્પોરેશનને ઓકટ્રોય ભરવાનું ટાળનારાઓ સામે સખતાઈથી વર્તવા માટે વધારે સત્તાઓ આપવી જોઈએ. આનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનની આવકમાં કરોડો રૂપિયાનો વધારો થશે અને જાહેર હિતના વધારે કામો હાથ પર લઈ શકાશે. આવા ગુનેગારોની ધરપકડ કરવાની સત્તા મળે, ઉપર્યુકત અધિનિયમમાં આવી જોગવાઈ દાખલ કરવાના ઈરાદાથી કોર્પોરેશનના હાથ મજબૂત બનશે. તેથી આ વિધેયક લાવવામાં આવ્યું છે.

ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

મદનલાલ કાપડીયા,
વિ.સ.સ."

ગાંધીનગર.

તા. ૨૩મી જૂન, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 45 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 23, 1994/ASADHA 2, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્યશ્રી પરસોત્તમભાઇ રૂપાલાએ તા. ૨૩મી જૂન, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

INDEX

" GUJARAT BILL NO. 19 OF 1994.

A BILL

to provide for retirement on attaining the age of 58 years and for prohibition of extension of service after retirement of employees under the State Civil Services or under the services of a Board, Corporation, Local authority or any other organisation which is controlled or financed by the Government of the State of Gujarat.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૯.

ગુજરાત રાજ્ય સેવા (વય નિવૃત્તિ) વિધેયક, ૧૯૯૪.

રાજ્ય સેવાની નોકરીઓ હેઠળના અથવા જેનું ગુજરાત સરકાર નિયંત્રણ કરતી હોય અથવા નાણાંની જોગવાઈ કરતી હોય તેવા બોર્ડ, કોર્પોરેશન, સ્થાનિક સત્તામંડળ અથવા બીજી કોઈ સંસ્થાની નોકરીઓ હેઠળના કર્મચારીઓની ૫૮ વર્ષની વય થતાં નિવૃત્તિ માટે અને નિવૃત્તિબાદ નોકરીની મુદત લંબાવવા પર પ્રતિબંધ મૂકવા માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત રાજ્ય સેવા (વયનિવૃત્તિ) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો-

(ક) "બોર્ડ, કોર્પોરેશન અથવા સ્થાનિક સત્તા મંડળ" એટલે રાજ્યમાં વિદ્યમાન કોઈ કાયદા હેઠળ રાજ્ય સરકારે રચેલ કોઈ બોર્ડ, કોર્પોરેશન અથવા સ્થાનિક સત્તામંડળ.

(ખ) "કર્મચારી" એટલે રાજ્ય સરકારની અથવા રાજ્ય સરકાર નિયંત્રણ કરતી હોય અથવા નાણાંની જોગવાઈ કરતી હોય તેવા બોર્ડ, કોર્પોરેશન, સ્થાનિક સત્તામંડળ અથવા કોઈપણ સંસ્થાની રાજ્ય સેવાઓમાં નિમાયેલ કોઈ વ્યકિત.

(ગ) "રાજ્ય સેવાઓ" એટલે રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર નિયંત્રણ કરતી હોય અથવા નાણાની જોગવાઈ કરતી હોય તેવા કોઈ બોર્ડ, કોર્પોરેશન, સ્થાનિક સત્તામંડળ અથવા કોઈ સંસ્થા હેઠળની સેવાઓ.

(ઘ) "રાજ્ય સરકાર" એટલે ગુજરાત રાજ્યની સરકાર.

નિવૃત્તિ.

૩ રાજ્ય સરકારની રાજ્ય સેવામાં અથવા કોઈ વિદ્યમાન કાયદા હેઠળ રચાયેલ અથવા રાજ્ય સરકાર જેનું નિયંત્રણ કરતી હોય અથવા નાણાંની જોગવાઈ કરતી હોય તેવા કોઈ બોર્ડ, કોર્પોરેશન અથવા મંડળની સેવામાંના કોઈપણ વર્ગ, કેડર અથવા ગ્રેડના કોઈ અધિકારી અથવા કર્મચારી ૫૮ વર્ષની વય થયા પછી, વયનિવૃત્તિ થયે આવી સેવામાંથી નિવૃત્ત થશે.

નિવૃત્તિ પછી નોકરીની મુદત લંબાવવાનો પ્રતિબંધ.

૪. રાજ્ય સરકારની રાજ્ય સેવામાંના અથવા કોઈ વિદ્યમાન કાયદા હેઠળ રચાયેલ અથવા રાજ્ય સરકાર જેનું નિયંત્રણ કરતી હોય અથવા નાણાંની જોગવાઈ કરતી હોય તેવા કોઈ બોર્ડ, કોર્પોરેશન અથવા મંડળની સેવામાંના કોઈ અધિકારી અથવા કર્મચારીના કોઈપણ કેસમાં તેની ૫૮ વર્ષની વય થયે નિવૃત્તિ પછી ફરી નોકરીમાં રાખવો નહિ અથવા તેની નોકરીની મુદત લંબાવવી નહિ.

INDEX

ઉદ્દેશો અને કારણો

રાજ્યમાં એક તરફ બેરોજગારીનું પ્રમાણ વધતું જાય છે અને દિનપ્રતિદિન બેરોજગારીનો પ્રશ્ન જટીલ બનતો જાય છે. બીજી બાજુ, રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર જેનું નિયંત્રણ કરતી હોય અથવા નાણાંની જોગવાઈ કરતી હોય તેવા બોર્ડો, કોર્પોરેશનો અને મંડળોના ઘણાં અધિકારીઓ અને કર્મચારીઓને, ૫૮ વર્ષની વયે, તેમની નિવૃત્તિ પછી, નોકરીની મુદત લંબાવી આપવાનું રીતસરનું વલણ રહ્યું છે. આ વલણ બેરોજગારીની સમસ્યામાં વધારો કરે છે અને વહીવટી કાર્યોની ગુણવત્તામાં ઘટાડો કરે છે. આ પ્રશ્નનો મહત્વના પ્રમાણમાં ઉકેલ લાવવાનું આ વિધાન મંડળને આવશ્યક જણાયું છે.

તેથી આ વિધેયક,

પરષોત્તમભાઈ રૂપાલા,
વિ. સ. સ.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકની કલમ-૧ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં, આ અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

પરષોત્તમભાઈ રૂપાલા,
વિ. સ. સ.

ગાંધીનગર.

તા. ૨૩મી જૂન, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 46 REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 28, 1994/ASADHA, 7, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જૂન, ૧૯૯૪.

તારીખ ૨૮મી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 8 OF 1994.

GUJARAT TAX ON LUXURIES (HOTELS AND LODGING HOUSES) (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જૂન મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી હોવાથી તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 8 OF 1994.

AN ACT

further to amend the Gujarat Tax on Luxuries Hotels and Lodging Houses Act, 1977.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૮:

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જૂન મહિનાની ૨૮મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત (હોટેલ અને નિવાસ ગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ વધુ સુધારવા અધિનિયમ;

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે

(૨) તે સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવેલ છે એમ ગણાશે.

સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

સન ૧૯૭૭નો ગુજરાતનો ૨૪મો.

૨. ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં,—

(૧) ખંડ (ધ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:—

"(ધ) "હોટેલ" એટલે, જ્યાં ખાનપાન સાથે કે તે વગર રહેવાની સગવડ પૈસા લઈને આપવામાં આવતી હોય તે મકાન અથવા મકાનનો ભાગ અને તેમાં રહેઠાણની સગવડ, પૈસા લઈને આપવામાં આવતી હોય તે ક્લબ, નિવાસગૃહ, જીમખાના, ધર્મશાળા, મોટેલ, સાર્વજનિક ગૃહ અથવા કોઈપણ સ્થળનો સમાવેશ થાય છે;".

(૨) ખંડ (ચ)માં, "પાંત્રીસ રૂપિયા કરતાં ઓછો ન હોય" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા કરતાં વધુ" એ શબ્દો મૂકવા.

રદ કરવા બાબત અને અપવાદ.

સન ૧૯૯૪નો ગુજરાતનો ટહુકમ. ૧.

૩. (૧) ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર (સુધારા) વટહુકમ ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

(૨) એવી રીતે રદ કરવા છતાં સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ કોઈપણ કૃત્ય અથવા લીધેલ કોઈપણ પગલું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ કરેલ છે અથવા લીધેલ છે એમ ગણાશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 47 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 28, 1994/ASADHA 7, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુન, ૧૯૯૪.

તારીખ ૨૮મી જુન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૯નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 9 OF 1994.

THE BOMBAY MOTOR VEHICLES TAX (GUJARAT AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેનાં અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જૂન મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 9 OF 1994.

AN ACT

further to amend the Bombay Motor Vehicles Tax Act, 1958.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૯

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જૂન મહિનાની ૨૮મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ "મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

(૨) તે સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

સન ૧૯૫૮ નો મુંબઈ નો ૬૧મો.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૧મા અધિનિયમની કલમ ૩-નો સુધારો.

૨. મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, પેટા-કલમ ૩-કમાં, નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું :—

"સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે "લકઝરી મુકરર ઓમ્નિબસ" એટલે વચ્ચેની કોઈપણ પહોળાઈની ગેંગવે સહિત કોઈપણ બાજૂએ બે અને બે અથવા એક અને ત્રણ અથવા એક અને બે અથવા એક અને એક બેઠક વ્યવસ્થાવાળી ઓમ્નિ બસ, પછી ભલે આવી ઓમ્નિ બસમાં કોઈપણ એક બેઠક હરોળ ચાર કરતાં વધુ બેઠકોની બનતી હોય".

સન ૧૯૫૮ના મુંબઈના ૬૧મા અધિનિયમની કલમ ૩૦ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦માં,—

(૧) પેટા-કલમ (૧)માં, "મુંબઈ રાજ્યના કચ્છ વિસ્તારને લાગુ પાડયા પ્રમાણેના તે અધિનિયમમાં ઠરાવ્યા પ્રમાણે હોય તે સિવાય" એ શબ્દો પછી, "અને પેટા-કલમો (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), અને (૧છ) ની જોગવાઈઓને અધીન રહીને," એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરો દાખલ કરવા.

(૨) પેટા-કલમ (૧) પછી, નીચેની પેટા-કલમો દાખલ કરવી:—

સન ૧૮૭૫ નો મુંબઈ નો ૩૬મો.

"(૧ક) પેટા-કલમ (૧)માં અને માર્ગ અને પુલો ઉપરનો ટોલ અધિનિયમ ૧૮૭૫ની જોગવાઈઓમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પણ પેટા-કલમો (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ) અને (૧છ) ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકાર,—

સન ૧૯૯૪નો ગુજરાતનો અધિનિયમ નો.

(ક) મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪ના આરંભ પછી, રાજ્ય સરકારે અથવા કોઈપણ વ્યકિતએ તેનો ખર્ચ, બાંધ્યા હોય, ફરી બાંધ્યા હોય, સુધાર્યા હોય અથવા યથા પ્રસંગ મરામત કર્યા હોય તેવા અને જે બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામતનો કુલ મૂળ ખર્ચ પચાસ લાખ રૂપિયા કરતાં ઓછો ન હોય તેવા કોઈ પુલ, તેને જોડતા રસ્તા સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતાં માર્ગ ઉપરથી, અથવા

INDEX

(ખ) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, લોકોની ખાસ સેવા માટે હોય તેવા કોઈ પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા તેના પસાર થતા માર્ગ ઉપરથી,

પસાર થતા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપર ટોલ લઈ શકશે.

સ્પષ્ટીકરણ.— આ કલમના હેતુઓ માટે,—

(૧) "મૂડી ખર્ચ" એ શબ્દપ્રયોગમાં, સુધારણા, મજબૂતાઈ વધારવા, પહોળા બનાવવા, બાંધકામ મરામત અને તે જોળવણી જેવાં અમુક આવશ્યક ચાલુ અથવા તાકીદના કામોના પૂર્વનિર્ધારીત ખર્ચનો સમાવેશ થાય છે;

(૨) "વ્યકિત" એ શબ્દપ્રયોગમાં, કોઈપણ કંપની અથવા એસોસિએશન અથવા વ્યકિતઓના મંડળ પછી તે સંસ્થાપિત હોય કે ન હોય અથવા પેઢીનો સમાવેશ થાય છે;

(૩) શંકાના નિવારણ માટે, આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે "બાંધેલા" એ શબ્દ પ્રયોગમાં, ઉપયોગ કરવા માટે તૈયાર હોય તેવા પુલ, તેના જોડતા માર્ગ સહિત, અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા માર્ગનો સમાવેશ થાય છે.

(૧ખ) પેટા-કલમ (૧ક) હેઠળ લેવાનો ટોલ, રાજ્ય સરકાર, વખતોવખત, રાજપત્રમાં જાહેરનામા દ્વારા જાહેર કરે તેવા દરે, તેટલી મુદત માટે અને તેવા પુલ, તેને જોડતા માર્ગ સહિત, અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપર લેવામાં આવશે:

પરંતુ મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે તેવા દરે તે ઉપરનું વ્યાજ અને ટોલ ઉઘરાવવા માટેનો ખર્ચ કરતાં વધુ ન હોય તેટલી રકમ, આ કલમ હેઠળ લેવામાં આવશે અને વસૂલ કરવામાં આવશે :

વધુમાં પુલ, તેને જોડતો માર્ગ સહિત અથવા નવા માર્ગનો વિભાગ અથવા પસાર થતો માર્ગનું બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત, રાજ્ય સરકાર સિવાયની બીજી કોઈ વ્યકિતએ કર્યું હોય ત્યારે, મૂડી ખર્ચ, રાજ્ય સરકાર નક્કી કરે એવા દરે રોકાણની આવક અને ટોલ ઉઘરાવવાના ખર્ચ કરતાં વધુ ન હોય તેટલી રકમ આ કલમ હેઠળ લઈ શકાશે અને વસૂલ કરી શકાશે.

(૧ગ) પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતા માર્ગનું બાંધકામ, ફેર-બાંધકામ, સુધારણા અથવા યથાપ્રસંગ મરામત, રાજ્ય સરકારે કર્યો હોય તો તેના ઉપર પેટા-કલમ (૧-ક) હેઠળ લેવાપાત્ર ટોલ,—

(૧) રાજ્ય સરકાર પોતે અથવા આ અર્થે પોતે અધિકૃત કરેલ એજન્ટ મારફત;

(૨) કોઈપણ વ્યકિતએ કર્યું હોય તો, તેવી વ્યકિત અથવા તેના નોકરો;

કરાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ અને તેવી રીતે ટોલ વસૂલ કરી શકશે.

(૧ઘ) ચાલુ પુલ, તેના જોડતાં માર્ગ સહિતનો તેનો ઉપયોગ કરવાની સગવડ વધારવા માટે, એક જ સ્રોત, નદી અથવા ખાડી અથવા માર્ગ અથવા રેલ્વે લાઈન ઉપર અથવા તેની નીચેના પુલ તરીકે વધારવાનો પુલ બાંધવામાં આવ્યો હોય, ત્યારે આવો પુલ, તેને જોડતા માર્ગ સહિત, તેની રચના, ટોલ લેવાના હેતુ માટે, એક જ માર્ગ છે એમ ગણાશે, તેમ છતાં, આવા વધારાના પુલ, તેના જોડતા માર્ગ સહિત તેનો મૂડી ખર્ચ અને ટોલ ઉઘરાવવાના ખર્ચની રકમ કરતાં વધુ ટોલ વસૂલ કરી શકાશે નહિ.

(૧ચ) આ કલમની પેટા-કલમ (૧ક) હેઠળ ટોલ ભરવાને પાત્ર હોય તેવા મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને, ટોલ ભર્યો હોય તે સિવાય, પુલ, તેને જોડતા માર્ગ સહિત અથવા નવા માર્ગના વિભાગ અથવા પસાર થતા માર્ગ ઉપરથી પસાર થવા દેવામાં આવશે નહિ અને રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકારે અધિકૃત કરેલ એજન્ટને અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૧ગ)માં ઉલ્લેખેલી વ્યકિતને પુલ ઉપરથી પસાર થતા આવા વાહનોને અટકાવવાની સત્તા રહેશે.

(૧છ) (ક) રાજ્ય સરકારે અથવા કેન્દ્ર સરકારે અથવા તેના વતી ઉપયોગ કરાતા તમામ મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોને, ટોલ ભરવામાંથી મુકિત આપવામાં આવશે.

(ખ) પોતે નાખે તેવી શરતોને આધીન રહીને રાજ્ય સરકાર જાહેર હિતમાં તેમ કરવું જરૂરી ગણે તો રાજપત્રમાં જાહેરનામા દ્વારા, મોટર-વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરોના કોઈપણ નિર્દિષ્ટ વર્ગ અથવા વર્ગોને, ટોલ ભરવામાંથી મુકિત આપી શકશે.

INDEX

(૩) પેટા-કલમ (૨)માં, "પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસો અને આંકડાને બદલે, "પેટા-કલમો (૧), (૧ક), (૧ખ), (૧ગ), (૧ઘ), (૧ચ), (૧છ) " એ શબ્દો, કૌંસો, આંકડા અને અક્ષરો મૂકવાં;

(૪) હાંસિયાની નોંધમાં, "મોટર વાહનો" એ શબ્દો પહેલાં "અમુક તાકીદના પ્રસંગ સિવાય" એ શબ્દો ઉમેરવા.

સન ૧૯૫૮ ના મુંબઈ ના ૬૫ માં અધિનિયમની કલમ ૨૩નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩માં, પેટા-કલમ (૨)માં, ખંડ (૩) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ત) ટોલ ઉઘરાવવાની બોલીઓ અને શરતો અને રીત ઠરાવવા બાબત."

રદ કરવા બાબત અને અપવાદ.

૫. (૧) મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) વટ હુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૨.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ સાથે અસંગત ન હોય તેટલા પૂરતું આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 48 REGISTERED NO. G/GNR/1

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 30, 1994/ASADHA 9, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી જૂન, ૧૯૯૪.

તારીખ ૩૦મી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજ્યપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 20 OF 1994.

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay Provincial Municipal Corporations Act, 1949.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે :–

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦.

મુંબઈ પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ "મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯ મો.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૮ને બદલે, નવી કલમ મૂકવા બાબત.

૨. મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૮ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :–

મતદારોની લાયકાતો.

"૮. (૧) દરેક વોર્ડ માટે, એક મતદાર યાદી રહેશે.

સને ૧૯૫૦નો ૪૩ મો.

(૨) મતદાર યાદી, તે સમયે અમલમાં હોય તેવા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના જેવી જ રહેશે અને પેટા-કલમ (૩)ની જોગવાઈઓ અનુસાર સુધાર્યા પ્રમાણે, ફેરફાર કર્યા પ્રમાણે, અદ્યાવત અને પ્રસિદ્ધ કર્યા પ્રમાણેની રહેશે.

(૩) રાજ્ય ચૂંટણી પંચના દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, ઠરાવેલી રીતે, આ અર્થે રાજ્ય ચૂંટણી પંચ મુકરર કરે તેવા અધિકારીઓ, તે મતદાર યાદી સુધારશે, તેમાં ફેરફાર કરશે, તેને અદ્યાવત બનાવશે અને તે પ્રસિદ્ધ કરશે.

(૪) કોઈપણ વ્યક્તિ, એક કરતાં વધુ વોર્ડની અને કોઈપણ વોર્ડની મતદાર યાદીમાં પોતાનું નામ એક કરતાં વધુ વખત સમાવિષ્ટ કરાવવાનો હકદાર રહેશે નહિ.

(૫) પેટા-કલમ (૨) હેઠળ પ્રસિધ્ધ કરેલ કોઈપણ વોર્ડની મતદાર યાદી, મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબંધમાં જેટલે સુધી સુધારેલી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ૧૦નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦માં, પેટા-કલમ (૧)માં, "૧૩, ૧૭ અને ૪૦૪ ની" એ આંકડા અને શબ્દને બદલે, "૧૩ અને ૪૦૪ની" એ આંકડા અને શબ્દ મૂકવા;

INDEX

સન મુંબઈના પાલ્મા અધિનિયમની કલમ ૧૭ રદ કરવા બાબત

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ કમી કરવી.

ઉદ્દેશો અને કારણો

વિદ્યમાન કલમ ૮, મતદારોની લાયકાત માટે જોગવાઇ કરે છે. નગરપાલિકાની મતદાર યાદીમાં મતદાર તરીકે નામ નોંધાવવા હકદાર બનવા માટે, ધંધાની જગા અથવા કરની આવશ્યકતા એ એક જરૂરી લાયકાત છે. મતદાર થવા માટે સ્થાનિક સત્તામંડળોને લગતા કાયદાઓની એકરૂપતા રાખવા માટે આવી લાયકાત નાબૂદ કરવાનું જરૂરી છે.

લોકસભાની અને દરેક રાજ્યની વિધાનસભાની ચૂંટણી માટેનો, મતાધિકાર, જે મતદારોની ઉંમર એકવીસ વર્ષ કરતાં ઓછી ન હોય તેમને પ્રાપ્ત થઈ શકતો હતો. સંવિધાન (એકસઠમાં સુધારા) અધિનિયમ, ૧૯૮૮થી, ભારતના સંવિધાનમાં સુધારો કરવામાં આવ્યો, જેના પરિણામે જેમની ઉંમર ૧૮ વર્ષથી ઓછી ન હોય તેવા મતદારો, આવી ચૂંટણીમાં મતદાન કરવાને હકદાર બન્યા, તેથી મ્યુનિસિપલ કોર્પોરેશનના અને રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓના હેતુ માટે બે અલગ અલગ યાદીઓ તૈયાર કરવાનું અને જાળવવાનું હવે જરૂરી નથી. રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે તૈયાર કરેલી મતદાર વિભાગની મતદાર યાદી, મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ માટે પણ સ્વીકારવા ધાર્યું છે. આ હેતુ માટે, કલમ ૮ ને બદલે નવી કલમ મૂકવાનું અને અધિનિયમની કલમો ૧૦ અને ૧૭માં તેના પારિણામિક સુધારા કરવાનું જરૂરી જણાયું છે. આ વિધેયકની ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

નરહરી અમીન.

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબત સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે.

કલમ-૨, આ કલમથી મૂકવા ધારેલ નવી કલમ ૮ની પેટા-કલમ (૩)થી, રાજ્ય ચૂંટણી પંચને, મતદાર યાદીઓ સુધારવા માટે, તેમાં ફેરફાર કરવા માટે, તેને અદ્યાવત બનાવવા માટે અને પ્રસિદ્ધ કરવા માટે અધિકારી મુકરર કરવાની સત્તા મળે છે અને રાજ્ય સરકારને આ અર્થે રીત ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૩૦મી જૂન, ૧૯૯૪. નરહરી અમીન.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તારીખ ૩૦મી જૂન, ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 49 REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 30, 1994/ASADHA 9, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૪.

તારીખ ૩૦મી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 21 OF 1994.

THE GUJARAT LOCAL AUTHORITIES (TEMPORARY POSTPONEMENT OF ELECTIONS) BILL, 1994.

A BILL

to provide for temporary postponement of elections of local authorities.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૧.

ગુજરાત સ્થાનિક સત્તામંડળ (ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા) બાબત વિધેયક, ૧૯૯૪.

સ્થાનિક સત્તામંડળોની ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા બાબત વિધેયક.

ગુજરાત રાજ્યમાં વ્યાપક વરસાદ થવાને પરિણામે, ચોમાસાની ઋતુ દરમિયાન સ્થાનિક સત્તામંડળોની ચૂંટણી યોજવાનું મુશ્કેલ બન્યું છે.

અને ભારતના ચૂંટણી પંચે, તેના સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખના અંદર્ભમાં, ગુજરાત રાજ્યના તમામ મતદાર મંડળોની સમગ્રતયા મતદાર યાદીઓમાં સુધારાઓ કરવા માટે યાત્રતા તારીખ તરીકે નક્કી કરી છે અને તેમ કરવા આદેશ આપ્યો છે અને વળી સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૪થી તારીખને મતદાર યાદીની આખરી પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરી છે.

અને મતદાર યાદીઓ સમગ્રતયા સુધારીને બહોળા જનસમુદાયને આવરી લેવાનો સંભવ છે અને તે મુજબ સ્થાનિક સત્તામંડળની આગામી ચૂંટણીઓમાં તેમને તેમના મતાધિકારથી વંચિત રાખી શકાય નહિ;

અને વિધાનસભાની મતદાર યાદીઓ સ્થાનિક સત્તામંડળની ચૂંટણીના હેતુ માટેની મતદાર યાદીઓ ગણાશે.

અને ઉપર જણાવેલા કારણોસર સ્થાનિક સત્તામંડળની ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા માટે અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતો માટે જોગવાઈ કરવાનું જરૂરી જણાયું છે.

આથી ભારતના ગણરાજ્યના ચિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત સ્થાનિક સત્તામંડળ (ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા) બાબત અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "ચૂંટણી" એટલે, મતદાર યાદીઓ તૈયાર કરવાથી શરૂ થતી અને કાઉન્સિલરની અથવા યથાપ્રસંગ સ્થાનિક સત્તામંડળના સભ્યની ચૂંટણીમાંના અંતિમ તમામ તબક્કે પૂરી થતી સમગ્ર ચૂંટણી પ્રક્રીયા અને તેમાં તેનો સમાવેશ થાય છે અને તે હંમેશાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ગણવી અને તેમાં તેનો સમાવેશ કરવો;

(ખ) "સ્થાનિક સત્તામંડળ" એટલે સંબંધિત અધિનિયમ હેઠળ રચાયેલ પંચાયત, નગરપાલિકા અને મ્યુનિસિપલ કોર્પોરેશન;

(ગ) "સંબંધિત અધિનિયમ" એટલે—

(૧) પંચાયતના સંબંધમાં, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩,

સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

INDEX

સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૨) નગરપાલિકાના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩,

સન ૧૯૪૯નો મુંબઈનો ૧૯મો.

(૩) કોર્પોરેશનના સંબંધમાં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

સ્થાનિક સત્તામંડળની ચૂંટણીઓ મોકૂફ રાખવા બાબત.

૩. સંબંધિત અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા ઉપનિયમો અથવા હુકમોમાં અથવા કોઈપણ કોર્ટ, અથવા સત્તામંડળના કોઈપણ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકુર હોય તે છતાં, આ અધિનિયમના આરંભની તારીખથી અને સને ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૪થી તારીખ સુધી અને તે તારીખ સહિતની કોઈપણ દરમિયાન, કોઈપણ કોર્પોરેશન અથવા કોઈપણ નગરપાલિકાના કાઉન્સિલરોની અથવા કોઈપણ પંચાયતના સભ્યોની કોઈપણ સામાન્ય ચૂંટણી અને આવા કોઈપણ કાઉન્સિલર અથવા સભ્યની પ્રાસંગિક ખાલી પડતી જગા ભરવા માટેની કોઈપણ ચૂંટણી કરી શકશે નહિ, અને જે સ્થાનિક સત્તામંડળની આ અધિનિયમના આરંભ પહેલાં મુદત પૂરી થઈ ગઈ હોય અથવા સને ૧૯૯૫ના જુન મહિનાની પહેલી તારીખ પહેલાં મુદત પૂરી થવાની હોય અથવા વચગાળાના અથવા નાના શહેરો વિસ્તાર તરીકે ગણાતા હોય તેવા વિસ્તાર માટે રચાયેલ હોય તે સ્થાનિક સત્તામંડળની ચૂંટણી, ત્યારબાદ શરૂ કરી સને ૧૯૯૫ના જુન મહિનાની પહેલી તારીખ પહેલાં સંબંધિત અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર પૂરી કરવી જોઈશે.

સંબંધિત અધિનિયમ લાગુ પાડવા બાબત.

૪. આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, સંબંધિત અધિનિયમની જોગવાઈઓ, અન્ય તમામ બાબતોમાં, કોર્પોરેશન, નગરપાલિકા અથવા પંચાયતની બાબતમાં લાગુ પડશે.

મુશ્કેલીઓ દૂર કરવા બાબત.

૫. આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવામાં અથવા તેમાં જણાવેલી કોઈપણ બાબતના કારણે અથવા આ અધિનિયમમાં જણાવેલી કોઈપણ બાબતના સંબંધમાં સંબંધિત અધિનિયમ અમલમાં લાવવામાં કોઈપણ મુશ્કેલી ઉપસ્થિત થાય, તો રાજ્ય સરકાર પ્રસંગ ઉપસ્થિત થાય તે પ્રમાણે, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે પોતાને જરૂરી હોવાનું જણાયું તેવું કોઈપણ કાર્ય કરી શકશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

સમગ્ર ગુજરાત રાજ્યમાં ચોમાસુ જામ્યું છે અને તે વ્યાપક બન્યું છે અને તેની શરૂઆતમાં જ જાનમાલને ભારે નુકશાન કર્યું છે. તેથી, આ ચોમાસા દરમિયાન સ્થાનિક સત્તામંડળોની ચૂંટણી યોજવાનું મુશ્કેલ બન્યું છે. ફરીથી રાજ્ય વિધાન મંડળોની મતદાર યાદીઓ, સ્થાનિક સત્તામંડળોની ચૂંટણીના હેતુ માટે, મતદાર યાદી તરીકે અપનાવવામાં આવશે. ભારતના ચૂંટણી પંચે, તેના તારીખ ૨૭મી મે, ૧૯૯૪ના પત્ર નંબર ૨૩/૯૪ પી.એસ.૨/૨૭૫માં જણાવેલ આદેશોમાં ૧લી જાન્યુઆરી, ૧૯૯૫ના સંદર્ભમાં રાજ્યના તમામ મતદાર મંડળોની સમગ્રતયા મતદાર યાદીઓ સુધારવા માટે તેને પાત્રતા તારીખ તરીકે જોગવાઈ કરી છે અને ૪થી જાન્યુઆરી, ૧૯૯૫ને વિધાનસભા મતદાર મંડળો માટેની મતદાર યાદીઓની આખરી પ્રસિધ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરી છે. આવી રીતે સમગ્રતયા મતદાર યાદીઓ સુધારીને બંહોળા જનસમુદાયને આવરી લેવામાં આવશે. આવી વ્યકિતઓ, સ્થાનિક સત્તામંડળોની આગામી ચૂંટણીઓમાં પોતાનો મતાધિકાર વાપરી શકે તે માટે, સ્થાનિક સત્તામંડળોની ચૂંટણીઓ ૪થી જાન્યુઆરી, ૧૯૯૫ સુધી મોકૂફ રાખવાનું જરૂરી જણાયું છે અને ત્યારબાદ સંબંધિત અધિનિયમની જોગવાઈઓ અનુસાર ૧લી જુન, ૧૯૯૫ પહેલાં ચૂંટણીઓ યોજીને પૂરી કરવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયક, ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા માટે કામચલાઉ પગલા તરીકે લાવવામાં આવ્યું છે.

તારીખ : ૩૦મી જૂન, ૧૯૯૪.

છબીલદાસ મહેતા,
ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તારીખ : ૩૦મી જૂન, ૧૯૯૪.

IX-Ex.-49-2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 50

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 1, 1994/ASADHA 10, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ક. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 10 OF 1994.

THE GUJARAT SALES TAX (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૧લી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી, સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

GUJARAT ACT NO. 10 OF 1994.

AN ACT

further to amend the Gujarat Sales Tax Act, 1969.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૦.

રાજ્યપાલની અનિમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૧લી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.

ગુજરાત વેચાણવેરો અધિનિયમ, ૧૯૬૯ વધુ સુધારવા બાબત અધિનિયમ

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાલીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત વેચાણવેરા (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ અથવા કલમ ૯ સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે અને આ અધિનિયમની બાકીની કલમો સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે.

સન ૧૯૭૦-નો ગુજરાતનો ૧લો.

સન ૧૯૭૦-નો ગુજરાતનો ૧લા અધિ-નિયમની કલમ ૩-કનો સુધારો.

૨. ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૩-કમાં પેટા-કલમ (૫)માં, "પાંચ પૈસા" એ શબ્દોને બદલે "દસ પૈસા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦-નો ગુજરાતનો ૧લા અધિ-નિયમની કલમ ૭નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં, "પેટા-કલમ (૧)" એ શબ્દો, કૌંસ અને આંકડો જે બે જગાએ આવે છે ત્યાંથી તે કમી કરવાં.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિ-નિયમની કલમ ૧૦-કનો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૦-ક માં,-

(૧) પેટા-કલમ (૧)માં,-

(ક) "કલમ ૨ના ખંડ (૧૦)ના પેટા-ખંડ (છ)માં ઉલ્લેખેલ વેપારી સિવાયનાં", એ શબ્દો, કૌંસ, અક્ષર અને આંકડા કમી કરવાં;

(ખ) "અને કલમ ૪૯ની પેટા-કલમ (૨) હેઠળ વેરો ભરવામાંથી સંપૂર્ણત: અથવા અંશત: મુક્તિ આપેલ માલના" એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવા;

(૨) પેટા-કલમ (૧) પછી, પણ ફોષ્ટક પહેલાં, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી :-

સન ૧૯૯૪-નો ગુજરાતનો અધિનિયમ.

"(૧-ક) કલમ ૩-ક હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઈ વેપારીએ કરેલ તમામ નિર્દિષ્ટ વેચાણોનું ટર્ન ઓવર, જે વર્ષમાં ગુજરાત વેચાણ વેરા (સુધારા) અધિનિયમ,૧૯૯૪ અમલમાં આવે તે વર્ષમાં અને ત્યાર પછી દરેક વર્ષમાં, પ્રથમ પચાસ લાખથી વધે અથવા કલમો ૩ અને ૩-ક બન્ને હેઠળ વેરો ભરવાને જવાબદાર કોઈપણ વેપારીએ કરેલ તમામ નિર્દિષ્ટ વેચાણોનું કુલ ટર્નઓવર અને તમામ વેચાણોનું ટર્નઓવર, પ્રથમ પચાસ લાખ રૂપિયાથી વધે ત્યારે, નિર્દિષ્ટ વેચાણોના વેરાપાત્ર ટર્નઓવર અથવા તમામ નિર્દિષ્ટ વેચાણોના કુલ વેરાપાત્ર ટર્નઓવર અને તમામ વેરાપાત્ર માલના તેણે કરેલા તમામ વેચાણોના વેરાપાત્ર ટર્નઓવર ઉપર નીચેના કોષ્ટકમાં નિર્દિષ્ટ કરેલાં દરોએ ટર્નઓવર વેરો લેવામાં આવશે.";

(૩) પેટા કલમ (૪)માં, " તમામ વેચાણોનું ટર્નઓવર" એ શબ્દોને બદલે, " તમામ વેચાણોનું ટર્નઓવર, તમામ નિર્દિષ્ટ વેચાણનું ટર્નઓવર, અથવા યથાપ્રસંગ, તમામ નિર્દિષ્ટ વેચાણોનું કુલ ટર્નઓવર અને તમામ વેચાણોનું ટર્નઓવર" એ શબ્દો મૂકવા,

INDEX

(૪) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું.-

"સ્પષ્ટીકરણ :—આ કલમના હેતુઓ માટે,-

"(૧) "વેરાપાત્ર ટર્ન ઓવર" એ શબ્દ પ્રયોગ એટલે પેટા-કલમ (૨) હેઠળ કરેલી કપાતો પછી પ્રાપ્ત કર્યા પ્રમાણે તમામ વેરાપાત્ર માલનું ટર્નઓવર; અને

(૨) "વેરાપાત્ર માલ" એ શબ્દ પ્રયોગનો અર્થ એટલે આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર હોય તે માલ અથવા આ અધિનિયમ હેઠળ વેરાપાત્ર થતા પણ કલમ ૪ની પેટા-કલમ (૨) હેઠળ મુક્તિ આપી હોય તે માલ.".

સન ૧૯૭૦-ના ગુજરાતના ૧લા અધિ-નિયમની કલમ ૧૨નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં,-

(૧) ખંડ (૧)માં,-

(ક) પેટા-ખંડ (ખ)માં, "અથવા" એ શબ્દ અંતે ઉમેરવો;

(ખ) પેટા-ખંડ (ખ) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :-

"(કક) માલ, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં પોતે ફેરવેચવા માટે ખરીદ્યા છે અને એવો માલ, પોતે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર એવી રીતે ફરી વેચશે;

(૨) ખંડ (૨)માં,-

(ક) પેટા-ખંડ (ગ)માં, "અથવા" એ શબ્દ અંતે ઉમેરવો;

(ખ) પેટા-ખંડ (ગ) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો :—

"(કક) માલ, લાઈસન્સદાર વેપારી હોય તેવા તેના મુખ્ય વેપારી વતી આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં ફેર વેચવા માટે ખરીદ્યો છે અને એવા માલનું કમિશન એજન્ટે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર, આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં મુખ્ય વેપારી પોતે ફેર-વેચાણ કરશે.".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૩ને બદલે નવી કલમ મૂકવી.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩ને બદલે, નીચેની કલમ મૂકવી:-

પ્રમાણપત્ર ઉપર કપાત કરવામાં આવી હોય તે સિવાય ટર્નઓવર ઉપર કોઈ કપાત કરવી નહિ.

"૧૩. વેચાણોના ટર્નઓવરમાંથી કલમો ૭ અથવા ૮માં ઠરાવ્યા પ્રમાણે લાઈસન્સદાર વેપારીને, માન્ય વેપારીને અથવા તેના મુખ્ય વેપારી વતી ખરીદવાની પરમીટ ધરાવવા કમિશન એજન્ટને કરેલાં માલના વેચાણો બાદ કરવાં નહિ, સિવાય કે—

(ક) લાઈસન્સદાર વેપારી,—

(૧) ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે માલ પોતે આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં ફેરવેચાણ માટે ખરીદવામાં આવ્યો છે; અથવા

(૨) ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, અનુસૂચિ ૨, ભાગ--ખમાં નિર્દિષ્ટ કરેલ માલ,—

(ક) આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં અથવા ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં હોય તે સિવાય, આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ગુજરાત રાજ્યમાં પોતે ફરી વેચવા ધારે છે; અથવા

(ખ) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં પોતે ફરી વેચવા ધારે છે; અથવા

(ખ) માન્ય વેપારી ઠરાવેલા નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, પ્રતિબંધિત માલ સિવાયનો તેને વેચેલો માલ, કાચા અથવા પ્રક્રિયા માટેના માલ તરીકે અથવા તેણે વેચવા માટેના વેરાપાત્ર માલની બનાવટમાં વાપરવા માટેના માલ તરીકે ઉપયોગ કરવા સારૂ તેણે ખરીદેલ માલ છે; અથવા

(ગ) કમિશન એજન્ટ ઠરાવેલ નમૂનામાં એમ પ્રમાણિત કરે કે, પોતાનો મુખ્ય વેપારી જે--

INDEX

(૧) લાઈસન્સદાર વેપારી હોય–

(ક) અને માલ, કમિશન એજન્ટે તેની ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં મુખ્ય વેપારી પોતે ફરી વેચશે; અથવા

(ખ) અનુસૂચિ ૨,ભાગ ખમાં નિર્દિષ્ટ કરેલ માલ,–

(૧) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર, આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યના ક્રમમાં અથવા ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં, હોય તે સિવાય, ગુજરાત રાજ્યમાં ફરી વેચશે; અથવા

(૨) આવી ખરીદીની તારીખથી છ મહિનાની અંદર ભારતના પ્રદેશની બહાર નિકાસના ક્રમમાં ફરી વેચશે તે મુખ્ય વેપારી વતી માલ ખરીદેલ છે;

અથવા

(૨) માન્ય વેપારી હોય અને પ્રતિબંધિત માલ સિવાયના માલ તરીકે ખરીદેલ માલ, તે મુખ્ય વેપારી તે માલનો કાચા રૂથવા પ્રક્રિયા માટેના માલ તરીકે અથવા વેચાણ માટે વેરાપાત્ર માલની બનાવટમાં વાપરવાના માલ તરીકે ઉપયોગ કરશે અને કમિશન એજન્ટ તે માલ, પોતે કરેલી ખરીદીની તારીખથી ત્રણ મહિનાની અંદર તેના મુખ્ય વેપારીને અથવા મુખ્ય વેપારીના હુકમ પ્રમાણે મોકલશે, તે મુખ્ય વેપારી વતી માલ ખરીદેલ છે;

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯-કમાં,— સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૧૯-કનો સુધારો.

(૧) પેટા-કલમ (૨) કમી કરવી.

(૨) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું:–

"સ્પષ્ટીકરણ.—આ કલમના હેતુઓ માટે, "ખોળ" એ શબ્દ પ્રયોગનો અર્થ, "કપાસીયાનાં ખોળ સિવાયનો ખોળ એવો થશે.".

૮. મુખ્ય અધિનિયમમાં કલમ ૩૦-ક, પછી નીચેની નવી કલમ દાખલ કરવી:— સન ૧૯૭૦નાં ગુજરાતના ૧લા અધિનિયમમાં નવી કલમ ૩૦-કક દાખલ કરવા બાબત.

"૩૦ કક. રજિસ્ટર થયેલ વેપારી, વેચાણની લેવડદેવડમાં ઉતર્યા સિવાય, બીજા રજિસ્ટર થયેલ વેપારીને, સરકારી આવકની છેતરપીંડી કરવાના ઈરાદાથી અથવા સરકાર પોતાની આવકમાં છેતરાય તેવા ઈરાદાથી બીલ અથવા કેશમેમો આપે તે પ્રસંગે, કમિશનર પોતાને યોગ્ય લાગે એવી તપાસ કર્યા પછી અને તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, એવું બીલ અથવા કેશ મેમો આપનાર અથવા સ્વીકારનાર રજિસ્ટર થયેલા વેપારીનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર કમિશનર, કેસના સંજોગોને ધ્યાનમાં લઈને નક્કી કરે તેવી આગળની કે પાછળની તારીખથી રદ કરી શકશે: અમુક સંજોગોમાં રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવા બાબત.

પરંતુ આ કલમ હેઠળ રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ થયા છતાં,—

(ક) રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરવાના કમિશનરના હુકમની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે કોઈપણ વેરો, દંડ અથવા વ્યાજના સંબંધમાં વેપારીની જવાબદારી ચાલુ રહેશે;

INDEX

(ખ) રદ કર્યાની તારીખથી શરુ થતી અને રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કરતાં કમિશનરના હુકમની તારીખ પૂરી થતી મુદત દરમિયાન કોઈપણ સમયે, આ કલમ હેઠળ જેનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રદ કર્યું હોય તે વેપારી પાસેથી માલ ખરીદનાર વેપારી, કમિશનરની ખાતરી માટે એવું પૂરવાર કરે કે તેને વેચેલા માલના સંબંધમાં લેણો વેરો ભરી દેવામાં આવ્યો છે, તે રજિસ્ટર થયેલ વેપારી પાસેથી એવા માલની ખરીદી કરી છે એમ ગણાશે".

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૨ને બદલે, નવી કલમ મૂકવી.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૨ને બદલે, નીચેની કલમ મૂકવી.—

અમુક કિસ્સાઓમાં આકારણીની સમય મર્યાદા.

"૪૨. કલમ ૬૧, ૬૭ અથવા ૬૯ હેઠળના કોઈ હુકમ અનુસાર અથવા કોઈ કોર્ટ કે સત્તાધિકારીના કોઈ હુકમ અનુસાર નવી આકારણી કરવાનું જરૂરી હોય ત્યારે, એવી નવી આકારણી, એવા હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર ગમે તે સમયે કરવી જોઈશે :

પરંતુ મુદત મર્યાદાની ગણતરી કરતી વખતે કોઈ કોર્ટ કે સત્તાધિકારીના હુકમ કે મનાઈ હુકમથી આકારણીની કાર્યવાહી રોકવામાં આવી હોય તેવી કોઈ મુદત બાદ કરવામાં આવશે."

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૪નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૪માં, ત્રીજા પરંતુકને બદલે નીચેનો પરંતુક મૂકવો :-

"પરંતુ કલમ ૪૨ના પરંતુકની જોગવાઈઓ, આ કલમમાં નિર્દિષ્ટ મુદત-મર્યાદાની ગણતરી કરવા માટે જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે."

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૪૭નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૭માં,—

(૧) પેટા-કલમ (૪ક)માં, પરંતુકમાં, ખંડ (૨) કમી કરવો;

(૨) પેટા કલમ (૪ક) પછી, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી;

"(૪ખ) કોઈ વેપારી પેટા-કલમ (૪ક) હેઠળ વ્યાજ ભરવાને પાત્ર હોય અને તેણે વેરાની, દંડની અને વ્યાજની કુલ રકમ કરતાં ઓછી રકમ ભરી હોય ત્યારે એવી રીતે ભરેલી રકમમાંથી પ્રથમ વ્યાજની રકમ ખાતે જમા કરવી જોઈશે ત્યારબાદ કોઈ રકમ બાકી રહે તો દંડની રકમ પેટે જમા કરવી જોઈશે અને ત્યારબાદ કોઈ રકમ બાકી રહે તો, વેરાની રકમ પેટે જમા કરવી જોઈશે."

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૦નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૦માં, પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો. :-

"પરંતુ કલમ ૪૨ના પરંતુકની જોગવાઈઓ, આ કલમમાં નિર્દિષ્ટ કરેલ મુદત મર્યાદાની ગણતરી કરવા માટે જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે.".

INDEX

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૪માં, પેટા-કલમ (૧)માં, ખંડ (કક)માં,—

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૫૪નો સુધારો.

(૧) "કલમ ૪૧ હેઠળ આકારણીના હુકમની રૂએ" એ શબ્દો અને આંકડા પછી, "નિર્દિષ્ટ વર્ષ માટે" એ શબ્દો દાખલ કરવા અને તે શબ્દો સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી હંમેશા દાખલ કર્યા છે એમ ગણાશે;

(૨) નીચેનું સ્પષ્ટીકરણ અંતે ઉમેરવું અને તે સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી હંમેશા અંતે ઉમેર્યું છે એમ ગણાશે :—

"સ્પષ્ટીકરણ.—આ ખંડના હેતુઓ સારૂ "નિર્દિષ્ટ વર્ષ" એ શબ્દપ્રયોગ એટલે—

(૧) સન ૧૯૯૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી શરૂ થતું નાણાંકીય વર્ષ;

(૨) સન ૧૯૯૩ના જાન્યુઆરી મહિનાની ૧લી તારીખથી શરૂ થતું અંગ્રેજી વર્ષ.;

(૩) કારતક સુદ એકમથી શરૂ થતું સંવત ૨૦૪૯નું વર્ષ;

(૪) સન ૧૯૯૩ના ઓકટોબર મહિનાની ૧લી તારીખથી શરૂ થતું સહકારી વર્ષ; અથવા

(૫) ત્યાર પછી, એવું કોઈ વર્ષ".

૧૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૬માં, ખંડ (૪) કમી કરવો.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૬૬નો સુધારો.

૧૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૭૧માં, પેટા-કલમ (૧)માં, "બે હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની કલમ ૭૧નો સુધારો.

૧૬. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧માં;—

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૧નો સુધારો.

(૧) અનુક્રમાંક ૧૪ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી;—

૧	૨	૩
"૧૪.	ઘાસચારો, સત્વવાળા પદાર્થો અને કપાસીયાનો ખોળ પણ તેમાં કપાસીયા સિવાય,) બીજ ખોળ અને તેલ રહિત ખોળ સહિત ઢોરોનું ખાણ,	—

(૨) અનુક્રમાંક ૧૧-ક ની નોંધમાં, કોલમ (૨)માં "બારી બારણાંની ફ્રેમો" એ શબ્દો પછી, "અને હાથે બનાવેલ પાપડા અને પીઠીયા" એ શબ્દો ઉમેરવા.

૧૭. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ-૨માં, ભાગ કમાં,—

સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા અધિનિયમની અનુસૂચિ ૨નો સુધારો.

INDEX

(૧) અનુક્રમાંક ૧૬ની નોંધ પછી, નીચેની નોંધ નવી ઉમેરવી :-

૧	૨	૩	૪
"૧૬.-ક.	કાસ્ટ આયર્ન કાસ્ટિંગ.	રૂપિયે ચાર પૈસા	રૂપિયે ચાર પૈસા"

(૨) અનુક્રમાંક ૩૩ની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :-

૧	૨	૩	૪
"૩૩.	જાહેર વિતરણ પધ્ધતિ માટે વેચેલ ઘર વપરાશ માટેના કેરોસીન સિવાય કેરોસીન	રૂપિયે આઠ પૈસા	રૂપિયે આઠ પૈસા"

(૩) અનુક્રમાંક ૩૫ની નોંધમાં, કોલમો ૩ અને ૪માં, "એકવીસ પૈસા" એ શબ્દોને બદલે, "પચીસ પૈસા" એ શબ્દો મૂકવા.

(૪) અનુક્રમાંક ૩૪ની નોંધમાં, કોલમો ૩ અને ૪માં, "સાત પૈસા" એ શબ્દોને બદલે "ચાર પૈસા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૩.

૧૮. (૧) ગુજરાત વેચાણવેરા (સુધારા) વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 51 REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 6, 1994/ASADHA 15, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 11 OF 1994.

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS (GUJARAT AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૬ઠ્ઠી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

GUJARAT ACT NO. 11 OF 1994.

AN ACT

further to amend the Bombay Provincial Municipal Corporations Act, 1949.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૧.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૬ઠ્ઠી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :–

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૪૯નો મુંબઈનો ૬૯મો.

સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા અધિનિયમની કલમ–૮ને બદલે, નવી કલમ મૂકવા બાબત.

૨. મુંબઈ પ્રાવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૮ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :

મતદારોની યાદી.

"૮. (૧) દરેક વોર્ડ માટે, એક મતદાર યાદી રહેશે.

સન ૧૯૫૦નો ૪૩મો.

(૨) મતદાર યાદી તે સમયે અમલમાં હોય તેવા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના જેવી જ રહેશે અને પેટા–કલમ (૩)ની જોગવાઈઓ અનુસાર સુધાર્યા પ્રમાણે, ફેરફાર કર્યા પ્રમાણે, અદ્યાવત અને પ્રસિદ્ધ કર્યા પ્રમાણેની રહેશે.

(૩) રાજ્ય ચૂંટણી પંચના દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણને અધીન રહીને, ઠરાવેલી રીતે, આ અર્થે રાજ્ય ચૂંટણી પંચ મુકરર કરે તેવા અધિકારીઓ, તે મતદાર યાદી સુધારશે, તેમાં ફેરફાર કરશે, તેને અદ્યાવત બનાવશે અને તે પ્રસિદ્ધ કરશે.

(૪) કોઈપણ વ્યકિત, એક કરતાં વધુ વોર્ડની અને કોઈપણ વોર્ડની મતદાર યાદીમાં પોતાનું નામ એક કરતાં વધુ વખત સમાવિષ્ટ કરાવવાને હકદાર રહેશે નહિ.

(૫) પેટા-કલમ (૨) હેઠળ પ્રસિદ્ધ કરેલ કોઈપણ વોર્ડની મતદાર યાદી, મ્યુનિસિપલ કોર્પોરેશનના સંબંધમાં, જેટલે સુધી સુધારેલી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ-૧૦નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં કલમ ૧૦માં, પેટા-કલમ (૧)માં, "૧૩, ૧૭ અને ૪૦૪ની" એ આંકડા અને શબ્દને બદલે, "૧૩ અને ૪૦૪ની" એ આંકડા અને શબ્દ મૂકવા.

સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ-૧૭ રદ કરવા બાબત.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ કમી કરવી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 52 REGISTERED NO. G/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 6, 1994/ASADHA 15, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૬ઠ્ઠા જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 12 OF 1994.

THE GUJARAT LOCAL AUTHORITIES (TEMPORARY POSTPONEMENT OF ELECTIONS) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૬ઠ્ઠી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

GUJARAT ACT NO. 12 OF 1994.

AN ACT

to provide for temporary postponement of elections of local authorities.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૨.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૬ઠ્ઠી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

સ્થાનિક સત્તામંડળોની ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

ગુજરાત રાજ્યમાં વ્યાપક વરસાદ થવાને પરિણામે, ચોમાસાની ઋતુ દરમિયાન સ્થાનિક સત્તામંડળોનાં ચૂંટણી યોજવાનું મુશ્કેલ બન્યું છે;

અને ભારતના ચૂંટણી પંચે, તેના સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૧ લી તારીખના સંદર્ભમાં, ગુજરાત રાજ્યના તમામ મતદાર મંડળોની સમગ્રતયા મતદાર યાદીઓમાં સુધારાઓ કરવા માટે પાત્રતા તારીખ નક્કી કરી છે અને તેમ કરવા આદેશ આપ્યો છે; અને વળી સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૪થી તારીખને મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ માટેની તારીખ તરીકે નક્કી કરી છે;

અને વિધાનસભાની મતદાર યાદીઓ સ્થાનિક સત્તામંડળની ચૂંટણીના હેતુ માટેની મતદાર યાદીઓ ગણાશે,

અને મતદાર યાદીઓ સમગ્રતયા સુધારીને બહોળા જનસમુદાયને આવરી લેવાનો સંભવ છે; અને તે મુજબ સ્થાનિક સત્તામંડળની આગામી ચૂંટણીઓમાં તેમને તેમના મતાધિકારથી વંચિત રાખી શકાય નહિ;

અને ઉપર જણાવેલા કારણોસર સ્થાનિક સત્તામંડળની ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા માટે અને તેની સાથે સંકળાયેલી બીજી બાબતો માટે જોગવાઈ કરવાનું વાજબી જણાયું છે.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત સ્થાનિક સત્તામંડળ (ચૂંટણીઓ કામચલાઉ મોકૂફ રાખવા) બાબત અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "ચૂંટણી" એટલે, મતદાર યાદીઓ તૈયાર કરવાથી શરૂ થતી અને કાઉન્સિલરની અથવા યથાપ્રસંગ સ્થાનિક સત્તામંડળના સભ્યની ચૂંટણીમાંના અંતિમ તમામ તબક્કે પૂરી થતી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને તેમાં તેનો સમાવેશ થાય છે અને તે હંમેશાં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ગણવી અને તેમાં તેનો સમાવેશ કરવો;

(ખ) "સ્થાનિક સત્તામંડળ" એટલે સંબંધિત અધિનિયમ હેઠળ રચાયેલ પંચાયત, નગરપાલિકા અને મ્યુનિસિપલ કૉર્પોરેશન;

(ગ) "સંબંધિત અધિનિયમ" એટલે–

(૧) પંચાયતના સંબંધમાં, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩, સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો.

(૨) નગરપાલિકા સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩, સન ૧૯૬૪નો ગુજરાતનો ૩૪મો.

(૩) કોર્પોરેશનના સંબંધમાં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯. સન ૧૯૪૯નો મુંબઈનો ૬૯મો.

સ્થાનિક સત્તામંડળની ચૂંટણીઓ મોકૂફ રાખવા બાબત.

૩. સંબંધિત અધિનિયમમાં અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા ઉપનિયમો અથવા હુકમોમાં અથવા કોઈપણ કોર્ટ, અથવા સત્તામંડળના કોઈપણ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકુર હોય તે છતાં, આ અધિનિયમના આરંભની તારીખથી અને સને ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૪થી તારીખ સુધી અને તે તારીખ સહિતની મુદત દરમિયાન, કોઈપણ કોર્પોરેશન અથવા કોઈપણ નગરપાલિકાના કાઉન્સિલરોની અથવા કોઈપણ પંચાયતના સભ્યોની કોઈપણ સામાન્ય ચૂંટણી અને આવા કોઈપણ કાઉન્સિલર અથવા સભ્યની પ્રાસંગિક ખાલી પડતી જગા ભરવા માટેની કોઈપણ ચૂંટણી કરી શકશે નહિ, અને જે સ્થાનિક સત્તામંડળની આ અધિનિયમના આરંભ પહેલાં મુદત પૂરી થઈ ગઈ હોય અથવા સન ૧૯૯૫ના બે મહિનાની ૧લી તારીખ પહેલાં મુદત પૂરી થવાની હોય અથવા વચગાળાના અથવા નાના શહેરી વિસ્તાર તરીકે ગણાતા હોય તેવા વિસ્તાર માટે રચાયેલ હોય તે સ્થાનિક સત્તામંડળની ચૂંટણી, ત્યારબાદ શરૂ કરી સન ૧૯૯૫ના મે મહિનાની ૧લી તારીખ પહેલાં સંબંધિત અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર પૂરી કરવી જોઈશે.

સંબંધિત અધિનિયમ લાગુ પાડવા બાબત.

૪. આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, સંબંધિત અધિનિયમની જોગવાઈઓ, અન્ય તમામ બાબતોમાં, કોર્પોરેશન, નગરપાલિકા અથવા પંચાયતની બાબતમાં લાગુ પડશે.

મુશ્કેલીઓ દૂર કરવા બાબત.

૫. આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવામાં અથવા તેમાં જણાવેલી કોઈપણ બાબતના કરણે અથવા આ અધિનિયમમાં જણાવેલી કોઈપણ બાબતના સંબંધમાં સંબંધિત અધિનિયમ અમલમાં લાવવામાં કોઈપણ મુશ્કેલી ઉપસ્થિત થાય, તો રાજ્ય સરકાર પ્રસંગ ઉપસ્થિત થાય તે પ્રમાણે, મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે પોતાને જરૂરી હોવાનું જણાય તેવું કોઈપણ કાર્ય કરી શકશે.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 53 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 13, 1994/ASADHA 22, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

મહેસુલ મંત્રીશ્રી દલસુખભાઇ ગોધાણીએ તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોનો નિયમ ૧૨૭-આ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

"Gujarat Bill No. 22 of 1994.

THE BOMBAY INAMS (KUTCH AREA) ABOLITION (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay Inams (Kutch Area) Abolition Act, 1958 for certain purposes.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૨.

મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

અમુક હેતુઓ માટે મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ "મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

સન ૧૯૫૮ના મંબઈના ૯૮માં અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

સન. ૧૯૫૮નો મુંબઈનો ૯૮મો.

૨. મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૪માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:—

"(૫) પેટા-કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ ગઈ હોય તે છતાં, પેટા-કલમ (૨) હેઠળ લેણદાર સન ૧૯૯૪નો ડિસેમ્બર મહિનો પુરો થાય તે પહેલા દાવો જાહેર કરી શકશે.".

સન ૧૯૫૮ના મુંબઈના ૯૮મા નવી-કલમ-૧૬-ઘ દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬-ગ પછી, નીચેની કલમ દાખલ કરવી:—

વળતર માટે અરજી કરવા સારુ વધુ સમય લંબાવવા બાબત.

"૧૬. ઘ (૧) કલમ ૧૫ અથવા ૧૬ હેઠળ વળતર માટે અરજી કરવા માટે કલમ ૧૬-ગ માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ ગઈ હોય તે છતાં, કલમ ૧૨, ૧૩ અથવા ૧૬ હેઠળ વળતરનો દાવો કરતી કોઈ વ્યકિત સન ૧૯૯૪નો ડિસેમ્બર મહિનો પૂરા થતા પહેલાં, તે માટેની અરજી કલેકટરને કરી શકશે.

સન ૧૯૯૪ નો ગુજરાતનો

(૨) મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪ના આરંભ પહેલા કોઈ વ્યકિતએ કરેલી વળતર માટેની કોઈ અરજી, કલેકટરે દાખલ કરી ન હોય ત્યારે, આવી વ્યકિત પેટા-કલમ (૧) હેઠળ અરજી કરવાને પણ હકદાર રહેશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળની કોઈ અરજી મળ્યેથી, કલેકટરે તે દાખલ કરવી જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ જાણે કે કલમ ૧૫ અથવા યથાપ્રસંગ, કલમ ૧૬ હેઠળ ઠરાવેલી મુદતની અંદર અરજી કરી હોય તેમ તે અરજીને લાગુ પડશે:

પરંતુ કલેકટર આવી અરજી દાખલ કરવાની ના પાડે તો, અરજદાર, કલેકટરના હુકમ સામે, તે હુકમની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે.". અને રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવો તેના ઉપર હુકમ કરી શકશે.".

INDEX

ઉદ્દેશો અને કારણો

મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૧૪ની પેટા-કલમ (૨) હેઠળ નિર્દિષ્ટ કરેલા કોઈ ઈનામદાર અથવા પેટા-ઈનામ ધારણ કરનારના લેણદારે પોતાનો દાવો જાહેર કરવા માટેની મુદત, સદરહુ અધિનિયમની કલમ-૧૫ની પેટા-કલમ (૧) હેઠળ નિર્દિષ્ટ કરેલા ઈનામદાર અથવા પેટા-ઈનામ ધારણ કરનારને આપવાપાત્ર વળતરની રકમ નક્કી કરવા માટેની અરજી કરવાની મુદત અને કલમ ૧૬ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવેલી કોઈ વ્યકિતને આપવા પાત્ર વળતર માટેની અરજી કરવાની મુદત, વખતોવખત લંબાવવામાં આવી છે અને છેલ્લે ૧૯૬૯માં, સન ૧૯૬૯નો સપ્ટેમ્બર મહિનો પૂરો થતાં સુધી લંબાવવામાં આવી હતી. રાજય સરકારના ધ્યાન ઉપર લાવવામાં આવ્યું છે કે હજુ પણ મોટા ભાગના લેણદારો, ઈનામદારો, પેટા-ઈનામ ધારણ કરનારાઓ અને અન્ય વ્યકિતઓ જરૂરી અરજી કરવાની તકનો પોતે લાભ લઈ શકયા નથી. તેથી ઉપર્યુકત મુદત, સન ૧૯૯૪નો ડિસેમ્બર મહિનો પુરો થતા સુધી લંબાવવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા ધાર્યું છે.

દલસુખભાઈ ગોધાણી.

નાણાકીય યાદી

વિધેયકની કલમ-૩થી, નવી દાખલ કરવા ધારેલ કલમ ૧૬-ઘમાં કલમ ૧૫ અથવા ૧૬ હેઠળ વળતર માટે અરજી કરવા અંગે સમય-મર્યાદા લંબાવવાની જોગવાઈ કરી છે. વળતર માટેના દાવા માટે હકદાર વ્યકિત, લંબાવેલી સમય મર્યાદાની અંદર કલેકટરને અરજી કરી શકશે અને આવી વ્યકિતને આપવાની વળતરની રકમમાં, રાજયના એકત્રિત ફંડમાંથી આશરે રૂા. ૨૦,૫૫,૬૪૯/-ના અંદાજિત ખર્ચનો સમાવેશ થશે, જેમાંથી આશરે રૂા. ૯૧,૨૦૦/-નું આવર્તક પ્રકારનું ખર્ચ હશે અને આશરે રૂા. ૧૯,૬૪,૪૪૯/-નું બિન-આવર્તક પ્રકારનું ખર્ચ હશે.

તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૪

દલસુખભાઈ ગોધાણી. "

ગાંધીનગર
તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNL/1

Extra No. 54

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 13, 1994/ASADHA 22, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

નાણા મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજા એ તા. ૧૩મી જુલાઈ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭-એ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે:—

INDEX

Extra No. 55 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 13, 1994/ASADHA 22, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

Gujarat Bill No. 24 of 1994.

THE GUJARAT MUNICIPALITIES (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Municipalities Act, 1963.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ--૧૨૭--અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષશ્રીની સંમતીથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક કમાંક ૨૪.

ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના ચુમ્માળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :--

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૬૪ ના ગુજરાત ના ૩૪ મો.

૨. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, પ્રકરણ ૩ માં,—

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં શીર્ષક, પેટા-શીર્ષક અને કલમો ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ને બદલે નવી કલમો મૂકવા બાબત.

(૧) "પ્રમુખ, ઉપ-પ્રમુખ, સભ્યો અને મુખ્ય અધિકારી" એ શીર્ષકને બદલે, "નગરપાલિકાના પ્રમુખ, ઉપ-પ્રમુખ, કાઉન્સિલર અને અધિકારીઓ અને કર્મચારીઓ" એ શીર્ષક મૂકવું;

(૨) કલમ ૪૬ પછી આવતા પેટા--શીર્ષક "(૩) મુખ્ય અધિકારી અને બીજા અધિકારીઓ" ને બદલે, "(૩) નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ" એ પેટા-શીર્ષક મૂકવું;

(૩) કલમો ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ને બદલે, નીચેની કલમો મૂકવી :--

મુખ્ય અધિકારી અને બીજા અધિકારીઓની નિમણૂંક.

"૪૭. (૧) (ક) દરેક નગરપાલિકા માટે રાજ્ય સરકારે નીમેલા એક મુખ્ય અધિકારી રહેશે.

(ખ) નગરપાલિકાના મુખ્ય અધિકારીની, ઠરાવની તરફેણમાં મત આપતા નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ સંખ્યાના બે ત્રૃતીયાંશ કરતાં ઓછી ન હોય તેટલી બહુમતીથી તે મતલબનો ઠરાવ પસાર કર્યો હોય તો, રાજ્ય સરકાર, તે નગરપાલિકામાંથી તરત જ તેની બદલી કરવામાં આવશે

(૨) નગરપાલિકા, નિયામકની પૂર્વ મંજૂરીથી અને રાજ્ય સરકાર એવી રીતે ફરમાવે તો, નીચેના તમામ અથવા તે પૈકી કોઈ અધિકારીને નીમી શકશે :--

(૧) નગરપાલિકાના ઈજનેર;
(૨) વોટર વર્કસ ઈજનેર;
(૩) નગરપાલિકા આરોગ્ય અધિકારી;
(૪) નગરપાલિકા ઓડિટર;
(૫) નગરપાલિકા શિક્ષણ અધિકારી;
(૬) આ અર્થે રાજ્ય સરકાર મુકરર કરે તેવા બીજા કોઈપણ અધિકારી.

INDEX

(૩) કલમ ૪૭-કની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમો (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલ અધિકારીઓની ભરતી અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૪) કલમ ૪૭-કની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ જગાઓ ઉપર નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં નિહિત થશે.

નગરપાલિકા સેવાની રચના.

૪૭-ક. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે આ અધિનિયમ હેઠળ કાર્યો અને ફરજો બજાવવાના હેતુ માટે નગરપાલિકાના અધિકારીઓની સેવાઓ એકરૂપ કરવા અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે તો તે, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજપત્રમાં જાહેરનામા દ્વારા,—

(ક) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી સંખ્યાની વસતી ધરાવતી મ્યુનિસિપલ બરોમાંની તમામ નગરપાલિકાઓના સંબંધમાં,—

(૧) આવી નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓની, અને

(૨) કલમ ૪૭ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા બીજા કોઈપણ અધિકારીઓની, નગરપાલિકા સેવા અથવા સેવાઓ (જેનો આમાં હવે પછી "જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હોદ્દા" તરીકે કહયા છે તે) રચી શકશે;

(ખ) વખતોવખત એવો આદેશ કરી શકશે કે આવી દરેક નગરપાલિકા સેવા, તેવા વર્ગો, કેડરો અને જગાઓ (જગાઓના ગ્રેડ સહિત) ની બનશે; અને

(ગ) આવા દરેક વર્ગ અથવા કેડરમાંની શરૂઆતની અધિકારીઓની સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે.

(૨) **રાજ્ય સરકાર નીચેના માટે નિયમો કરી શકશે.**:—

(ક) કોઈપણ નગરપાલિકા હેઠળ અગાઉ કામ કરતી વ્યકિતઓની આ કલમ હેઠળ અથવા અન્યથા રચાયેલ નગરપાલિકા સેવામાં સમાવવા માટેની જોગવાઈઓ સહિત, પરીક્ષાઓ લઈને અથવા અન્યથા ભરતી કરવાની રીતનું નિયમન કરવા માટે;

(ખ) જે વ્યકિત સમાવાનું પસંદ ન કરે અથવા આવી કોઈપણ સેવામાં તેમને સમાવામાં ન આવે તેવી અથવા નિવૃત્ત થવાનું પસંદ કરે તેવી વ્યકિતને વળતર, પેન્શન અથવા ગ્રેજ્યુઈટી અથવા તેના જેવા બીજા છેવટના લાભો માટે જોગવાઈ કરવા માટે; અને

(ગ) આવી નગરપાલિકાની સેવામાં નીમાયેલ અથવા તેમાં સમાયેલ વ્યકિતઓની સેવાની શરતો માટે :

પરંતુ આવી કોઈપણ સેવામાં સમાવાયેલ કોઈપણ વ્યકિતની સેવાની બોલીઓ અને શરતો, આવી રીતે સમાવેશ કર્યાની તરતજ પહેલાં તેને લાગુ પડતા લાભો કરતાં ઓછી લાભદાયી થશે નહિ.

(૩) આ કલમ હેઠળ રચાયેલ આવી નગરપાલિકા સેવા ઉપર નીમાયેલ અથવા તેમાં સમાવેશ કરેલ વ્યકિતઓને કલમ ૪૮ની જોગવાઈઓ લાગુ પડતી બંધ થશે:

પરંતુ એવી રીતે લાગુ પડવાનું બંધ થવાથી, આવી કોઈપણ સેવામાં સમાવાયેલ વ્યકિતઓના સંબંધમાં એવી રીતે સમાવેશ કર્યા પહેલાં કરેલા અથવા ન કરેલા કોઈપણ કાર્યના સંબંધમાં, કલમ ૪૮ના અગાઉના અમલને બાધ આવશે નહિ.

(૪) કલમ ૪૭ ની પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં આ કલમ હેઠળ રચાયેલી કોઈપણ નગરપાલિકાના અધિકારીઓની બઢતીઓ અને બદલીઓ સહિત નિમણૂંક કરવાની સત્તા અને તેમની સેવાની શરતોને લગતી તમામ બાબતો સંબંધી સત્તા, રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૫) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકામાં સમાવિષ્ટ કરેલા અધિકારીઓ રાજ્ય સરકારના કર્મચારીઓ ગણાશે, પણ તેઓ તેમના પગારો તથા ભથ્થાં સીધેસીધા નગરપાલિકા ફંડમાંથી લેશે.

(૬) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવાના કોઈપણ અધિકારીઓના પેટા-કલમ (૫) હેઠળ નગરપાલિકા ફંડમાંથી આકારવામાં આવ્યા હોય તે સિવાયના પેન્શન, રજા અને ભથ્થાં પેટે રાજ્ય સરકાર નક્કી કરે તેટલો ખર્ચ અને આ કલમ હેઠળ રચાયેલ નગરપાલિકા સેવા અથવા સેવાઓનો તમામ વહીવટી ખર્ચ, રાજ્ય સરકારને નગરપાલિકા ફંડમાંથી દર વર્ષે આપવો જોઈશે. કોઈપણ નગરપાલિકા, આ અર્થે ઠરાવેલી મુદતની અંદર આવું ખર્ચ અથવા આવા અધિકારીઓના પગાર અને ભથ્થાં ન આપે તો, કલમ ૨૬૨ની પેટા-કલમ (૩)ની જોગવાઈ, તે કલમ હેઠળ આપેલ ન હોય તેવા ખર્ચ અથવા મહેનતાણાની ચૂકવણીના સંબંધમાં લાગુ પડે છે તે રીતે આવા ખર્ચની અથવા આવા અધિકારીઓના પગાર તથા ભથ્થાંની ચુકવણીને લાગુ પડશે.

શિક્ષા કરવા બાબત.

૪૮. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, અને કલમ ૪૭-ક હેઠળ કરેલ કોઈપણ નિયમોને આધીન રહીને, સબળ અને પુરતા કારણોસર, નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચેની શિક્ષાઓ કરી શકાશે :-

(૧) ઠપકો;

(૨) લાયકીઆડ પર અટકાવવા સહિત, ઈજાફાઓ અથવા બઢતી અટકાવવી;

(૩) નિયત પગાર અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં નીચલા તબકકામાં નીચલી જગા ઉપર ઉતારવો;

(૪) ગફલત અથવા હુકમના ભંગથી નગરપાલિકાને થયેલ આર્થિક નુકશાન તેના પગારમાંથી સંપૂર્ણત: કે અંશત: વસૂલ કરવું;

(૫) દંડ;

(૬) સેવા મોકૂફી;

(૭) ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ન ઠરે તેવી રીતે સેવામાંથી દૂર કરવો;

(૮) સેવામાંથી બરતરફી,જે સામાન્ય રીતે ભવિષ્યની નોકરી માટે ગેરલાયક થાય.

(૨) નગરપાલિકાના કોઈ અધિકારી અથવા કર્મચારીની નિમણૂક કરવાને સક્ષમ હોય તેવા સત્તાધિકારી, પેટા-કલમ (૧)માં જણાવેલી શિક્ષાઓ પૈકીની કોઈપણ શિક્ષા, આવા અધિકારી અથવા કર્મચારીને કરી શકશે.

(૩) કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચલી જગા ઉપર ઉતારી શકાશે નહિ અથવા નોકરીમાંથી દૂર કરી શકાશે નહિ અથવા બરતરફ કરી શકાશે નહિ અને કોઈ આર્થિક નુકશાનવાળી કોઈપણ શિક્ષા, આ કલમ હેઠળ તેને કરી શકાશે નહિ, સિવાય કે તેને એવી રીતે પાયરી ઉતાર, દૂર કરવા, બરતરફ કરવા અથવા શિક્ષા કરવા સામે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવી હોય:

પરંતુ આ પેટા-કલમ નીચેના પ્રસંગે લાગુ પડશે નહી :-

(ક) ફોજદારી તહોમત અંગે દોષિત ઠરે તેવી વર્તણૂકના કારણે કોઈ વ્યકિતને પાયરી ઉતાર, દૂર કરવા અથવા બરતરફ કરવાની શિક્ષા કરવામાં આવી હોય ત્યારે; અથવા

(ખ) સક્ષમ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે આવા સત્તાધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને, આવી વ્યકિતને કારણ દર્શાવવાની તક આપવાનું વાજબી રીતે વ્યવહારૂ ગણ્યુ ન હોય ત્યારે.

(૪) નીચેના કોષ્ટકના કોલમ (૧)માં જણાવેલ શિક્ષા નાખતા અધિકારીએ કરેલી કોઈ શિક્ષા નાખતા કોઈ હુકમ સામે સદરહુ કોષ્ટકના કોલમ (૨)માં જણાવેલ અધિકારીને અપીલ કરવી જોઈશે.

કોષ્ટક

શિક્ષા કરતા સત્તાધિકારી (૧)	જેને અપીલ કરી શકાય તેવા ઉપલા સત્તાધિકારી (૨)
મુખ્ય અધિકારી	કારોબારી સમિતિ
કારોબારી સમિતિ અથવા પ્રમુખ	નગરપાલિકા
નગરપાલિકા	નગરપાલિકાના નિયામક

(૫) સંબંધિત અધિકારી અથવા કર્મચારીએ જેની સામે અપીલ કરવાની હોય તે હુકમ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અપીલ કરી હોય તે સિવાય, આવી કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.

મુખ્ય અધિકારીની સત્તા અને ફરજો.

૪૯. (૧) મુખ્ય અધિકારી,-

(ક) પ્રમુખના નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખને અધીન રહીને, નગરપાલિકાના નાણાકીય અને કારોબારી તંત્ર ઉપર દેખરેખ રાખશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ તેમના ઉપર નાખવામાં આવે તેવી ફરજો બજાવશે અથવા તેને મળે તેવી અથવા સોંપવામાં આવે તેવી સત્તા વાપરશે.

(ખ) નગરપાલિકાના તમામ નિર્ણયો અથવા ઠરાવોને અમલમાં લાવવા માટે પગલાં લેશે;

(ગ) નગરપાલિકાના હિસાબો અને રજીસ્ટરો રખાવશે અને દેખરેખ રખાવશે ;

INDEX

(ઘ) નગરપાલિકાના હુકમોને અધીન રહીને, ઓડિટરે દર્શાવેલી કોઈ અનિયમિતતા દૂર કરવા માટે ઝડપી પગલાં લેશે ;

(ચ) અંદાજપત્ર તૈયાર કરશે અને તે કારોબારી સમિતિને સાદર કરશે;

(છ) નગરપાલિકાના નાણા તથા મિલકતને લગતાં કપટ, ઉચાપત, ચોરી અથવા નુકશાનના તમામ કેસોનો રિપોર્ટ, પ્રમુખ અને સંબંધિત સમિતિને કરશે;

(જ) નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે;

(ઝ) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો, ઉપ-નિયમો અને સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંબંધમાં પગાર, ભથ્થાં, રજા અને બીજા લાભો સંબંધી તમામ પ્રશ્નોનો નિર્ણય કરશે;

(ટ) કલેકટરને અથવા કલેકટર આ અર્થે વખતો વખત નીમે તેવા બીજા અધિકારીને, નગરપાલિકાની કોઈપણ બેઠકમાં પસાર કરેલ દરેક ઠરાવની નકલ પૂરી પાડશે.

(૨) મુખ્ય અધિકારી, નિયામકની પૂર્વ મંજૂરીથી, કોઈ નગરપાલિકા અધિકારી અથવા કર્મચારીને પોતાની સત્તા અથવા ફરજો સોંપી શકશે :

પરંતુ આવી સોંપણી, નિયામક ઠરાવે તેવી મર્યાદાઓ હોય તો તેને અને મુખ્ય અધિકારીના નિયંત્રણ અને સુધારાને અધીન રહેશે.

નગરપાલિકાના બીજા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક.

૫૦. (૧) નગરપાલિકા, નિયામકની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમ હેઠળની ફરજો અદા કરવાના હેતુ માટે જરૂરી ગણે તેવી કલમ ૪૭ની પેટા-કલમ (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના અધિકારીઓ અને કર્મચારીઓની જગાઓ ઉભી કરી શકશે.

(૨) આવા અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અને તેમની સેવાની શરતો, કલમ ૨૭૧ હેઠળ કરેલા નિયમો અનુસાર નક્કી કરવામાં આવે તેવા રહેશે.

(૩) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી કોઈ જગામાં નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં અથવા કલમ ૨૭૧ હેઠળ આ અર્થે કરેલા નિયમોથી નગરપાલિકાએ સત્તા આપેલ સત્તાધિકારીમાં, નિહિત થશે.".

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૧૨૯-ક દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૯ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :—

ઓકટ્રોઈ ઉઘરાવવા બાબત.

૧૨૯—ક. (૧) રાજ્ય સરકાર, આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, ઓકટ્રોઈ વસૂલ કરવા માટે નગરપાલિકા, જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી ઈજારો આપે, તો તે કાયદેસર ગણાશે.

(૨) ઈજારાની શરતો મુજબ આપવાની સઘળી રકમો ચુકવવામાં આવે નહિ, તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૩) ઈજારદાર અને ઓકટ્રોઈ ઓકઠી કરવામાં પોતાને મદદ કરવા સારુ ઈજારદારે નોકરીમાં રાખેલી દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ તે ઓકઠી કરવા માટે નગરપાલિકાએ નીમેલી વ્યકિતઓ ગણાશે અને આ અધિનિયમ હેઠળ આવી ઓકટ્રોઈ ઓકઠી કરવા માટે નીમાયેલી વ્યકિતઓની બધી સત્તા વાપરશે અને તેમની જવાબદારીઓને અધીન રહેશે.

INDEX

(૪) આવી કોઈ ઓક્ટ્રોઈ લેવા, એકઠી કરવા અને વસૂલ કરવા માટેના કોઈ નિયમો અથવા હુકમો, આ કલમની જોગવાઈઓને અધીન રહીને, અમલમાં આવશે.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭૩ કમી કરવી."

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં કલમ ૨૭૩ કમી કરવા બાબત.

ઉદ્દેશો અને કારણો

નગરપાલિકાના મુખ્ય અધિકારી જ અગત્યના અધિકારી છે જેમાં નગરપાલિકાનો વહીવટ નિહિત થાય છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની વિદ્યમાન જોગવાઈઓ હેઠળ, નગરપાલિકા તેને નીમે છે. કાઉન્સિલરોની કુલ સંખ્યાના બે-તૃતિયાંશ બહુમતિથી પસાર કરેલ ઠરાવ દ્વારા નગરપાલિકા તેને દૂર કરી શકે છે. વ્યવહારમાં એવું ધ્યાનમાં આવ્યું છે કે કાઉન્સિલરો દર પાંચ વર્ષે બદલાય છે જ્યારે મુખ્ય અધિકારીની બદલી કરી શકાતી ન હોવાથી, તે તેની સત્તાનો દુરપયોગ કરે છે અને નગરપાલિકાનો ગેરવહીવટ ચલાવે છે. આવી પરિસ્થિતિ નિવારવા માટે, અને નગરપાલિકાનો વહીવટ સુધારવા માટે, રાજ્ય સરકાર દ્વારા મુખ્ય અધિકારીની નિમણૂક અને બદલી માટે અને રાજ્યમાં મુખ્ય અધિકારીની નગરપાલિકા-સેવા રચવા માટેની સત્તા લઈ લેવા માટે જોગવાઈ કરવાનું જરૂરી ગણ્યું છે. રાજ્ય સરકાર, નગરપાલિકા આરોગ્ય અધિકારીઓ, વોટર વર્કસ ઈજનેરો, નગરપાલિકા ઓડિટર, વગેરેની સેવાના સંબંધમાં, સત્તા પોતાની પાસે લઈ શકે તેવું જરૂરી ગણ્યું છે. તેથી જ્યારે પણ રાજ્ય સરકાર જરૂરી ગણે ત્યારે તે યોગ્ય પગલાં લઈ શકે છે. તદ્નુસાર, અધિનિયમની કલમ ૪૭ થી ૫૦ની વિદ્યમાન જોગવાઈઓ બદલવા અને કલમ ૪૭-ક નવી દાખલ કરવા ધાર્યું છે.

એવું જણાય છે કે અમુક નગરપાલિકાઓના કર્મચારીઓ મારફતે ઓક્ટ્રોઈ ઉઘરાવવામાં તૃટિ થાય છે, પરિણામે તેની નાણાંકીય સ્થિતને વિપરીત અસર થાય છે. જાહેર લીલામ દ્વારા અથવા ખાનગી કરાર દ્વારા, ખાનગી એજન્સીઓને ઓક્ટ્રોઈ ઉઘરાવવાનો ઈજારો આપીને પરિસ્થિતિ સુધારવાનું શક્ય છે. તદ્નુસાર કલમ ૩૭ી દાખલ કરવા ધારેલ નવી કલમ ૧૨૯-ક થી સત્તા લેવામાં આવી છે.

આ વિધેયકથી ઉપરના ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

નરહરી અમીન,

INDEX

નાણાકીય યાદી

વિધેયકની કલમ ૨ની પેટા-કલમ (૩) થી મૂકવા ધારેલી કલમ ૪૭-કની પેટા-કલમ (૧) થી, નગરપાલિકા સેવાઓમાંના અધિકારીઓના પેન્શન, રજા અને ભથ્થાં પેટે અને તે પેટા-કલમ હેઠળ રચાયેલી નગરપાલિકા સેવાના વહીવટ માટે રાજ્ય સરકારને થવાના ખર્ચના સંબંધમાં શરૂઆતમાં રાજ્યના એકત્રિત ફંડમાંથી કરવાના ખર્ચનો સમાવેશ કર્યો છે. આ ખર્ચ નગરપાલિકાએ સરકારને મજરે આપવો પડશે. આ જોગવાઈ કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે તો, રાજ્યના એકત્રિત ફંડમાંથી આશરે અંદાજિત વાર્ષિક વીસ લાખ રૂપિયાનો ખર્ચ થશે. આ ખર્ચ અનાવર્તક પ્રકારનું છે.

નરહરી અમીન,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :—

કલમ ૧ : આ કલમની પેટા-કલમ (૧) થી, રાજ્ય સરકારને, આ અધિનિયમની બાકીની જોગવાઈઓ, અમલમાં લાવવાની તારીખ રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.(૧) પેટા-કલમ (૩)થી મૂકવા ધારેલ કલમ ૪૭ની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, સદરહુ કલમ ૪૭ની પેટા-કલમો (૧) અને (૨)માં ઉલ્લેખેલ અધિકારીઓની ભરતી અને સેવાની શરતો, નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) પેટા-કલમ (૩)થી મૂકવા ધારેલ કલમ ૪૭-કની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી કલમ ૪૭ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા મુખ્ય અધિકારીઓ અને તમામ અથવા તે પૈકીના કોઈપણ અધિકારીની નગરપાલિકા સેવા અથવા સેવાઓ રચવાની સત્તા મળે છે.

(૩) પેટા-કલમ (૩)થી મૂકવા ધારેલ કલમ ૪૭ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, કોઈપણ નગરપાલિકા હેઠળ કામ કરતી વ્યકિતઓની, આ કલમ હેઠળ રચાયેલી નગરપાલિકા સેવામાં સમાવેશ કરવાની, જે વ્યકિતઓ સમાવવાનું પસંદ ન કરે અથવા નિવૃત્ત થવાનું પસંદ કરે તેવી વ્યકિતઓના છેવટના લાભો માટે અને નગરપાલિકા સેવામાં નીમાયેલી અથવા સમાવેશ કરેલી વ્યકિતઓની સેવાની શરતોની જોગવાઈ સહિત, ભરતીની રીતનું નિયમન કરવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

(૪) વિધેયકની કલમ ૩થી દાખલ કરવા ધારેલ કલમ ૭૪૯-કની પેટા-કલમ (૧)થી રાજ્ય સરકારને, જેને અધીન રહીને, જાહેર લીલામ અથવા ખાનગી કરાર દ્વારા, ઓકટ્રોઈ ઉઘરાવવાનો ઈજારો આપવાનું નગરપાલિકા માટે કાયદેસર ગણાશે તેવા નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૪. નરહરી અમીન,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

ગાંધીનગર, તારીખ ૧૩મી જુલાઈ, ૧૯૯૪

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No, 56

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JULY 14, 1994/ASADHA, 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT BILL NO. 25 OF 1994.

THE GUJARAT APPROPRIATION BILL, 1994.

A BILL

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the year ending on the thirty-first day of March, 1995.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલ અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૫.

ગુજરાત વિનિયોગ વિધેયક, ૧૯૯૪.

સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :–

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૯૪-૯૫ના નાણાંકીય વર્ષ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી રૂા. ૩૦,૨૪,૩૩,૫૩૯,૦૦૦ કાઢવા બાબત.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા સાત હજાર ચોવીસો કરોડ, તેત્રીસ લાખ, ઓગણ ચાલીસ હજારની રકમ એ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૪-૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે.

વિનિયોગ.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો.

એચ–૫૨૬–૧

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧,૬૦,૩૧,૦૦૦	...	૧,૬૦,૩૧,૦૦૦
૨.	કૃષિ.	મહેસૂલ	૧,૭૬,૪૨,૬૯,૦૦૦	...	૧,૭૬,૪૨,૬૯,૦૦૦
		મૂડી	૧૦,૦૩,૩૩,૦૦૦	...	૧૦,૦૩,૩૩,૦૦૦
૩	નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ	મહેસૂલ	૧૯,૭૬,૧૩,૦૦૦	...	૧૯,૭૬,૧૩,૦૦૦
		મૂડી	૫૬,૬૭,૦૦૦	...	૫૬,૬૭,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૨૨,૮૧,૨૫,૦૦૦	...	૨૨,૮૧,૨૫,૦૦૦
		મૂડી	૨,૬૭,૦૦૦	...	૨,૬૭,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૮,૧૩,૯૫,૦૦૦	...	૮,૧૩,૯૫,૦૦૦
		મૂડી	૯,૦૧,૮૪,૦૦૦	...	૯,૦૧,૮૪,૦૦૦
૬	સહકાર	મહેસૂલ	૧૨,૭૪,૨૭,૦૦૦	...	૧૨,૭૪,૨૭,૦૦૦
		મૂડી	૭,૪૫,૫૯,૦૦૦	...	૭,૪૫,૫૯,૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૮૯,૨૦,૦૦૦	...	૮૯,૨૦,૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૧૦,૧૮,૪૧,૮૨,૦૦૦	૨૪,૪૮,૦૦,૦૦૦	૧૦,૪૨,૮૯,૮૨,૦૦૦
		મૂડી	૪,૦૦,૦૦૦	...	૪,૦૦,૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૧૬,૪૨,૦૦૦	...	૩,૧૬,૪૨,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૩૬,૫૭,૦૦૦	...	૩૬,૫૭,૦૦૦
૧૨	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૧,૭૪,૯૯,૦૦૦	...	૧,૭૪,૯૯,૦૦૦
૧૩	ઉર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૨,૦૩,૩૩,૩૩,૦૦૦	...	૨,૦૩,૩૩,૩૩,૦૦૦
		મૂડી	૨,૩૫,૯૦,૫૦,૦૦૦	...	૨,૩૫,૯૦,૫૦,૦૦૦
૧૪	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૦૦,૦૦,૦૦૦	...	૨,૦૦,૦૦,૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૧,૭૭,૯૦,૦૦૦	...	૧,૭૭,૯૦,૦૦૦
		મૂડી	૨,૩૭,૦૦૦	...	૨,૩૭,૦૦૦
૧૬	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૨૧,૨૮,૫૧,૦૦૦	...	૨૧,૨૮,૫૧,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૨,૨૯,૨૦,૦૦૦	...	૧૨,૨૯,૨૦,૦૦૦
૧૮	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૧,૩૧,૪૫,૬૭,૦૦૦	૨,૬૭,૦૦૦	૧,૩૧,૪૮,૩૪,૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૨૩,૯૦,૨૫,૦૦૦	...	૩,૨૩,૯૦,૨૫,૦૦૦
		મૂડી	૮૦,૦૦,૦૦૦	૬૭,૦૦૦	૮૦,૬૭,૦૦૦
૨૦	નાણાં વિભાગને લગતું દેવું ભરપાઇ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ	...	૭,૧૧,૫૮,૬૩,૦૦૦	૭,૧૧,૫૮,૬૩,૦૦૦
		મૂડી	...	૮,૯૩,૫૩,૫૫,૦૦૦	૮,૯૩,૫૩,૫૫,૦૦૦
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૧,૯૧,૩૭,૦૦૦	...	૧,૯૧,૩૭,૦૦૦
૨૨	નાગરિક પુરવઠો	મહેસૂલ	૧૨,૯૮,૫૧,૦૦૦	...	૧૨,૯૮,૫૧,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	...	૬૭,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૩,૭૦,૯૭,૦૦૦	...	૩,૭૦,૯૭,૦૦૦
		મૂડી	૧૬,૬૭,૦૦૦	...	૧૬,૬૭,૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૪૫,૩૭,૦૦૦	—	૪૫,૩૭,૦૦૦
૨૬	વન	મહેસૂલ	૨૮,૯૧,૭૦,૦૦૦	—	૨૮,૯૧,૭૦,૦૦૦
		મૂડી	૩૦,૫૪,૫૧,૦૦૦	—	૩૦,૫૪,૫૧,૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૧,૧૨,૦૦,૦૦૦	—	૧,૧૨,૦૦,૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	—	૫૧,૩૭,૦૦૦	૫૧,૩૭,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૧,૪૯,૪૨,૦૦૦	—	૧,૪૯,૪૨,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૧૫,૨૭,૦૧,૦૦૦	—	૧૫,૨૭,૦૧,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૨૦,૦૩,૦૦૦	૮૧,૧૦,૦૦૦	૧,૦૧,૧૩,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૬,૩૦,૮૧,૦૦૦	—	૬,૩૦,૮૧,૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૨,૯૫,૧૨,૦૦૦	—	૨,૯૫,૧૨,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૮,૯૨,૩૧,૦૦૦	—	૨૮,૯૨,૩૧,૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૨,૪૫,૭૧,૦૦૦	૨,૬૭,૦૦૦	૨,૪૮,૩૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧,૩૮,૭૩,૦૦૦	—	૧,૩૮,૭૩,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧,૯૭,૧૫,૨૨,૦૦૦	—	૧,૯૭,૧૫,૨૨,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૪૫,૦૬,૬૭,૦૦૦	—	૪૫,૦૬,૬૭,૦૦૦
૪૧	પાણી પુરવઠા	મહેસૂલ	૪૫,૨૬,૧૦,૦૦૦	—	૪૫,૨૬,૧૦,૦૦૦
		મૂડી	૧,૧૧,૧૧,૦૦,૦૦૦	—	૧,૧૧,૧૧,૦૦,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૬,૯૫,૯૭,૦૦૦	—	૧૬,૯૫,૯૭,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૧,૧૨,૧૩,૦૦૦	—	૧,૧૨,૧૩,૦૦૦
૪૪	પોલીસ	મહેસૂલ	૨,૧૨,૭૨,૨૪,૦૦૦	—	૨,૧૨,૭૨,૨૪,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૫,૮૮,૭૦,૦૦૦	—	૫,૮૮,૭૦,૦૦૦
૪૬	વાહનવ્યવહાર	મહેસૂલ	૭,૯૯,૭૫,૦૦૦	—	૭,૯૯,૭૫,૦૦૦
		મૂડી	૧,૮૬,૦૦,૦૦૦	—	૧,૮૬,૦૦,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૬,૦૩,૪૯,૦૦૦	૮૬,૦૦૦	૧૬,૦૪,૩૫,૦૦૦
		મૂડી	૭,૪૧,૬૭,૦૦૦	—	૭,૪૧,૬૭,૦૦૦
૪૮	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૭૩,૧૭,૦૦૦	—	૭૩,૧૭,૦૦૦
૪૯	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૧૫,૯૭,૮૦,૦૦૦	—	૧૫,૯૭,૮૦,૦૦૦
૫૦	ઉદ્યોગો	મહેસૂલ	૫૨,૬૭,૪૦,૦૦૦	—	૫૨,૬૭,૪૦,૦૦૦
		મૂડી	૧,૩૧,૭૯,૫૨,૦૦૦	—	૧,૩૧,૭૯,૫૨,૦૦૦
૫૧	ખાણ અને ખનીજ	મહેસૂલ	૫,૪૪,૯૩,૦૦૦	—	૫,૪૪,૯૩,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૧,૭૭,૦૦૦	—	૩૧,૭૭,૦૦૦
		મૂડી	૫૦,૦૦,૦૦૦	—	૫૦,૦૦,૦૦૦
૫૩	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૧૯,૮૦,૦૦૦	—	૧૯,૮૦,૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૦,૦૩,૭૪,૦૦૦	—	૧૦,૦૩,૭૪,૦૦૦
		મૂડી	૨૦,૦૦,૦૦૦	—	૨૦,૦૦,૦૦૦
૫૫	પ્રવાસન	મહેસૂલ	૨,૨૮,૫૦,૦૦૦	—	૨,૨૮,૫૦,૦૦૦
		મૂડી	૨૮,૦૦,૦૦૦	—	૨૮,૦૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૫૬.	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૩,૫૩,૦૦૦	..	૯૩,૫૩,૦૦૦
૫૭	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૪૬,૯૫,૦૦૦	..	૪૬,૯૫,૦૦૦
૫૮.	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૩૩,૯૯,૪૨,૦૦૦	..	૩૩,૯૯,૪૨,૦૦૦
		મૂડી	૧,૩૩,૦૦૦	..	૧,૩૩,૦૦૦
૬૦.	કાયદા વિભાગ	મહેસૂલ	૯૪,૧૩,૦૦૦	..	૯૪,૧૩,૦૦૦
		મૂડી	૧૭,૦૦૦	..	૧૭,૦૦૦
૬૧.	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૨૫,૪૩,૮૮,૦૦૦	૩,૧૯,૫૭,૦૦૦	૨૮,૬૩,૪૫,૦૦૦
૬૨.	કાયદો વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૨,૬૧,૦૦૦	..	૯૨,૬૧,૦૦૦
૬૩.	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૫૦,૮૦,૦૦૦	..	૫૦,૮૦,૦૦૦
૬૫.	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૧,૨૫,૪૦,૦૦૦	..	૧,૨૫,૪૦,૦૦૦
૬૬.	નર્મદા વિકાસ યોજના	મૂડી	૫,૧૧,૨૮,૨૯,૦૦૦	..	૫,૧૧,૨૮,૨૯,૦૦૦
૬૭.	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૩,૪૦,૬૯,૪૨,૦૦૦	..	૩,૪૦,૬૯,૪૨,૦૦૦
		મૂડી	૧,૧૮,૮૨,૫૫,૦૦૦	..	૧,૧૮,૮૨,૫૫,૦૦૦
૬૮.	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯,૩૩,૦૦૦	..	૯,૩૩,૦૦૦
૬૯	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ	મહેસૂલ	૭૬,૨૨,૦૦૦	..	૭૬,૨૨,૦૦૦
૭૦.	સમૂહ વિકાસ	મહેસૂલ	૫૮,૦૬,૨૩,૦૦૦	..	૫૮,૦૬,૨૩,૦૦૦
		મૂડી	..	૫,૫૩,૦૦૦	૫,૫૩,૦૦૦
૭૧.	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૧૯,૬૩,૪૦,૦૦૦	૩૩,૬૭,૩૩,૦૦૦	૫૩,૩૦,૭૩,૦૦૦
		મૂડી	૧,૫૪,૬૭,૦૦૦	..	૧,૫૪,૬૭,૦૦૦
૭૨.	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૧,૨૧,૮૯,૦૦૦	..	૧૧,૨૧,૮૯,૦૦૦
૭૩.	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬,૫૬,૦૭,૦૦૦	..	૬,૫૬,૦૭,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૭૪.	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૨,૦૧,૦૩,૦૦૦	..	૨,૦૧,૦૩,૦૦૦
૭૫.	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧૯,૨૨,૨૩,૦૦૦	૧૮,૬૭,૦૦૦	૧૯,૪૦,૯૦,૦૦૦
૭૬.	જિલ્લા વહીવટ	મહેસૂલ	૧૯,૦૯,૯૩,૦૦૦	..	૧૯,૦૯,૯૩,૦૦૦
૭૭.	કુદરતી આફત અંગે રાહત	મહેસૂલ	૫૬,૫૦,૦૦,૦૦૦	..	૫૬,૫૦,૦૦,૦૦૦
		મૂડી	૧૬,૬૭,૦૦૦	..	૧૬,૬૭,૦૦૦
૭૮.	ડાંગ જિલ્લો	મહેસૂલ	૮,૮૬,૭૩,૦૦૦	..	૮,૮૬,૭૩,૦૦૦
		મૂડી	૩૩,૦૦૦	..	૩૩,૦૦૦
૭૯.	વળતર અને સોંપણી	મહેસૂલ	૫,૦૩,૬૩,૦૦૦	૨૮,૪૭,૦૦૦	૫,૩૨,૧૦,૦૦૦
		મૂડી	૩૮,૦૦,૦૦૦	૨૯,૩૩,૦૦૦	૬૭,૩૩,૦૦૦
૮૦.	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૧,૬૦,૦૦૦	૩,૦૦૦	૩૧,૬૩,૦૦૦
		મૂડી	૬,૮૦,૦૦૦	..	૬,૮૦,૦૦૦
૮૧.	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧,૬૭,૪૩,૦૦૦	..	૧,૬૭,૪૩,૦૦૦
૮૨.	બિન રહેણાંક મકાનો	મહેસૂલ	૬૧,૨૪,૬૮,૦૦૦	૨,૦૮,૦૦૦	૬૧,૨૬,૭૬,૦૦૦
		મૂડી	૨૨,૩૧,૨૧,૦૦૦	..	૨૨,૩૧,૨૧,૦૦૦
૮૩	રહેણાંક મકાનો	મહેસૂલ	૨૬,૧૮,૩૩,૦૦૦	—	૨૬,૧૮,૩૩,૦૦૦
		મૂડી	૫,૨૨,૪૧,૦૦૦	—	૫,૨૨,૪૧,૦૦૦
૮૪	માર્ગો અને પુલો	મહેસૂલ	૧,૫૪,૯૫,૦૫,૦૦૦	—	૧,૫૪,૯૫,૦૫,૦૦૦
		મૂડી	૩૨,૯૪,૬૭,૦૦૦	—	૩૨,૯૪,૬૭,૦૦૦
૮૫	બંદરો	મૂડી	૫,૪૬,૬૭,૦૦૦	—	૫,૪૬,૬૭,૦૦૦
૮૬	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧,૫૧,૨૯,૦૦૦	—	૧,૫૧,૨૯,૦૦૦
		મૂડી	૪,૮૧,૬૭,૦૦૦	—	૪,૮૧,૬૭,૦૦૦
૮૭	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪,૪૯,૨૦,૦૦૦	-	૪,૪૯,૨૦,૦૦૦
		મૂડી	૩૩,૩૪,૦૦૦	—	૩૩,૩૪,૦૦૦
૮૮.	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	મહેસૂલ	૬૫,૮૨,૦૦૦	—	૬૫,૮૨,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૯૯	રાજ્ય આબકારી	મહેસૂલ	૧,૫૭,૯૦,૦૦૦	—	૧,૫૭,૯૦,૦૦૦
૯૦	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૪૮,૧૬,૮૨,૦૦૦	–	૪૮,૧૬,૮૨,૦૦૦
		મૂડી	૯૩,૩૩,૦૦૦	–	૯૩,૩૩,૦૦૦
૯૧	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧૮,૧૧,૩૯,૦૦૦	—	૧૮,૧૧,૩૯,૦૦૦
		મૂડી	૩૪,૫૩,૦૦૦	—	૩૪,૫૩,૦૦૦
૯૩	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૭૮,૨૬,૪૦,૦૦૦	—	૭૮,૨૬,૪૦,૦૦૦
		મૂડી	૬,૨૫,૪૭,૦૦૦	—	૬,૨૫,૪૭,૦૦૦
૯૪	આદિજાતિ વિકાસ પેટા-યોજના	મહેસૂલ	૧,૮૬,૧૪,૫૭,૦૦૦	—	... ૧,૮૬,૧૪,૫૭,૦૦૦
		મૂડી	૬૬,૪૮,૦૭,૦૦૦	—	૬૬,૪૮,૦૭,૦૦૦
૯૫	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૪૩,૮૩,૦૦૦	—	૪૩,૮૩,૦૦૦
૯૬	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૪,૩૪,૬૩,૦૦૦	૬,૧૮,૭૦,૦૦૦	૧૦,૫૩,૩૩,૦૦૦
		મૂડી	૩,૬૩,૫૩,૦૦૦	—	૩,૬૩,૫૩,૦૦૦
૯૭	શહેરી વિકાસ	મહેસૂલ	૩૧,૯૯,૫૯,૦૦૦	—	૩૧,૯૯,૫૯,૦૦૦
		મૂડી	૧૪,૩૩,૩૩,૦૦૦	—	૧૪,૩૩,૩૩,૦૦૦
૯૮	વળતર, [સોંપણી અને કર વસૂલાત અંગે ખર્ચ]	મહેસૂલ	૧૬,૯૫,૭૩,૦૦૦	૪,૧૫,૬૨,૦૦૦	૨૧,૧૧,૩૫,૦૦૦
૯૯	શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭૫,૪૧,૦૦૦	—	૭૫,૪૧,૦૦૦
૧૦૦	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	મહેસૂલ	૨૧,૦૦,૦૦૦	—	૨૧,૦૦,૦૦૦
૧૦૧	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.	મહેસૂલ	૫,૮૪,૧૯,૦૦૦	—	૫,૮૪,૧૯,૦૦૦
	કુલ	મહેસૂલ	૪૦,૦૦,૧૬,૪૯,૦૦૦	૭,૮૫,૧૫,૭૭,૦૦૦	૪૭,૮૫,૩૨,૨૬,૦૦૦
		મૂડી	૧૩,૪૫,૧૨,૦૫,૦૦૦	૮,૯૩,૮૯,૦૮,૦૦૦	૨૨,૩૯,૦૧,૧૩,૦૦૦
	કુલ સરવાળો :		૫૩,૪૫,૨૮,૫૪,૦૦૦	૧૬,૭૯,૦૪,૮૫,૦૦૦	૭૦,૨૪,૩૩,૩૯,૦૦૦

INDEX

ઉદ્દેશો અને કારણો

ભારતના સંવિધાનની કલમ ૨૦૪(૧) થી ઠરાવ્યું છે કે વિધાનસભાએ ગ્રાન્ટો મંજૂર કર્યા પછી,—

(ક) વિધાનસભાએ એ રીતે મંજૂર કરેલી ગ્રાન્ટોને, અને

(ખ) રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલાં, પણ વિધાનસભા સમક્ષ અગાઉ મૂકેલા પત્રકમાં બતાવેલી રકમ કરતા કોઈપણ સંજોગોમાં વધુ નહિ તેટલા ખર્ચને,

પહોંચી વળવા માટે જોઈતા તમામ નાણાનો રાજ્યના એકત્રિત ફંડમાંથી વિનિયોગ કરવા માટે જોગવાઈ કરવા બનતી ત્વરાએ, વિધેયક દાખલ કરવું જોઈએ.

તે મુજબ વિધેયકમાં, સન ૧૯૯૫ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષ માટે વિધાનસભાએ મંજૂર કરેલી ગ્રાન્ટોને અને આ રાજ્યના એકત્રિત ફંડ ખાતે ઉધારેલાં ખર્ચને પહોંચી વળવા માટે જોઈતી એકંદર રકમો નિર્દિષ્ટ કરી છે.

આ રકમો નીચે દર્શાવેલી છે :—

રૂા.

(ક)	મહેસૂલી ખર્ચ	૪૭,૮૫,૩૨,૨૬,૦૦૦
(ખ)	મૂડી ખર્ચ	૨૨,૩૯,૦૧,૧૩,૦૦૦
	કુલ :	૭૦,૨૪,૩૩,૩૯,૦૦૦

તા. ૧૪મી જુલાઇ, ૧૯૯૪.

મનોહરસિંહજી જાડેજા.

તારીખ ૧૪ મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદિય બાબતોનો વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 57 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 15, 1994/ASADHA 24, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

[સભ્યશ્રી હરજીવનદાસ પટેલે તા. ૧૪મી જુલાઈ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાન-સભાના નિયમોના નિયમ ૧૨૭-આ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે :—

INDEX

GUJARAT BILL NO. 26 OF 1994.

THE BOMBAY ELECTRICITY DUTY (GUJARAT AMENDMENT) BILL 1994.

A BILL

further to amend the Bombay Electricity Duty Act, 1958.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૬

મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટુંકી સંજ્ઞા અને આરંભ

૧. આ અધિનિયમ મુંબઈ વિદ્યુત શુલ્ક (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

સન ૧૯૫૮ના મુંબઈના ૪૦મા અધિનિયમની અનુસૂચિ ૧ નો સુધારો.

૨. મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮માં, અનુસૂચિ--૧માં, ભાગ--૧માં, બાબત (૭)ને બદલે નીચેની બાબતો મુકવી :—

સન ૧૯૫૮નો મુંબઈનો ૪૦મો.

"(૭) ગ્રાહકે અને તેના કુટુંબના સભ્યોએ, રહેઠાણ માટે અને/અથવા ચાલક શક્તિનો ઉપયોગ કર્યા વિના, કુટિર ઉદ્યોગો, હસ્તકળા, હસ્તકામ અથવા જોબ-વર્ક જેવી નીચેની સ્વરોજગારમાંની પ્રવૃત્તિઓ ધંધાની કોઈ પ્રવૃત્તિ કરવા માટે ઉપયોગ કરેલ જગાના સંબંધમાં વપરાયેલ વીજળી શક્તિ માટે :—	**વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૧૦ ટકા.**

૧. ચાંદરડી અથવા કપડાં સ્વચ્છ રાખવાં, તેને ઈસ્ત્રી કરવી, તે વેતરવા અથવા સીવવા સહિતનું દરજી કામ;

૨. ભરત-કામ;

૩. ગૂંથણ-કામ;

૪. પતંગ બનાવવા અને પતંગની દોરી રંગવી અને વીંટાળવી;

૫. તમાકુના મિશ્રણ-કામ અને તમાકુના પાન કાપવા સહિતનું બીડી કામ;

૬. હુન્નરકામ જેવા કે ફૂલ, રમકડાં, મૂર્તિઓ, તાજીયા (પેપરબીર) વગેરે બનાવવાં;

૭. ગાદલાં, ગોદડાં, ઓશીકાં વગેરે બનાવવા સહિતનું પીંજણ કામ;

૮. જોડાં બનાવવા વગેરે સહિતનું મોચી-કામ;

૯. સુથારી કામ;

INDEX

૧૦. માટીમાંથી મૂર્તિઓ, રમકડાં, કુંડા વગેરે બનાવવા સહિતનું કુંભાર-કામ;

૧૧. દોરા, નાડી, દોરડાં, કાથી, વાણ વગેરે તૈયાર કરવા;

૧૨. હાથી-દાંત અને લાખ કામ;

૧૩. પૂંઠાના ખોખાં બનાવવા;

૧૪. ફરસાણ, મિઠાઈ વગેરે બનાવવું;

૧૫. વાંસકામ એટલે કે ટોપલા વગેરે બનાવવાં;

૧૬. કાથી-કામ એટલે કે સાદડી, સાવરણી વગેરે બનાવવા;

૧૭. લાય-સાળનું તથા ખાદીના કાપડનું કાંતણ-કામ અને તેને વણાટકામનું કામ;

૧૮. ટાઈપ-લેખન કામ;

૧૯. ચિત્ર-કામ;

૨૦. સિયાબી-કામ;

૨૧. ઉપરની નોંધેલી પૈકીની કોઈ નોંધ હેઠળ આવતું ન હોય તેવું કોઈ હસ્તશ્રમનું કામ અથવા કોઈ જોબ-વર્ક અથવા સ્વરોજગારની પ્રવૃત્તિ;

(૮) ધાર્મિક અને પવિત્ર સ્થળો તરીકે ઉપયોગ કરેલ જગાઓના સંબંધમાં વપરાયેલ વીજળી શકિત માટે :— વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૧૦ ટકા.

૧. જ્યાં પૂજા, નમાઝ, પ્રાર્થના વગેરે થતી હોય તેવા મંદિર, દરગાહ, દેવળ, ગુરદ્વારા, દેરાસર, અગિયારી વગેરે;

૨. ગીતા, કુરાન, બાઈબલ વગેરે જેવા પવિત્ર ગ્રંથોમાંથી શ્લોક ગવાતા હોય અને/અથવા ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું હોય તેવા પાઠશાળા, મદ્રેશા, ઈશ્વર વિદ્યાશાળા વગેરે.

૩. દેરી, સમાધિ, દરગાહ, કબર, સ્મારક, સ્મશાનગૃહ, કબ્રસ્તાન વગેરે.

(૯) જેનો ઉદ્દેશ નફો કરવાનો નથી તેવી નીચેની સંસ્થાઓએ વાપરેલ વીજળી શકિત માટે :— વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૧૦ ટકા.

૧. હોસ્પિટલ, દવાખાનું, પ્રસૂતિ-ગૃહ રોગ-નિદાન પ્રયોગશાળા, આરોગ્ય ભવન (સેનેટોરિયમ) વગેરે;

૨. શાળા, કોલેજ, બાલમંદિર, વ્યાયામશાળા વગેરે;

૩. ગ્રંથાલય, કલબ, વાંચનાલય વગેરે.

૪. અનાથાશ્રમ, ધર્મશાળા, મુસાફરખાના, ઉપાશ્રય, ઘરડાનું ઘર વગેરે;

૫. સ્નાનાગાર, નાટયગૃહ વગેરે.

(૧૦) ઉપરની બાબતો (૧) થી (૯) પૈકીની કોઈપણ બાબત હેઠળ આવતી ન હોય તેવી કોઈ જગાના સંબંધમાં વપરાયેલી વીજળી શકિત માટે." વીજળી વપરાશ માટે ચૂકવવાની રકમના ૧૦ ટકા.

INDEX

ઉદ્દેશો અને કારણો

મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ની વિદ્યમાન જોગવાઈઓ અનુસાર, પોતાનાં ખર્ચને પહોંચી વળવા માટે, ગ્રાહકો અને તેમના કુટુંબના સભ્યો દ્વારા, ચાલક શક્તિનો ઉપયોગ કર્યા વિના, જ્યાં કેટલીક સ્વ-રોજગારની પ્રવૃત્તિઓ અને /અથવા હસ્તકામોનાં કામો કરવામાં આવતાં હોય તેવી રહેણાકની જગાઓમાં વપરાયેલ વીજળી શક્તિ ઉપર, વિદ્યુત શુલ્કનો સૌથી ઉંચો દર, એટલે કે ૬૦ ટકા લેવામાં આવે છે. ધાર્મિક સ્થળોમાં અને સખાવતી સંસ્થાઓમાં વપરાતી વીજળી શક્તિ ઉપર પણ વીજળી વપરાશ માટે થૂકવવાની રકમના ૬૦ ટકાનો સૌથી ઊંચો દર લેવામાં આવે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ, સ્થાનિક મંડળો અને પંચાયતોએ પણ, ધાર્મિક અને સખાવતી સંસ્થાઓ ઉપર લેવામાં આવતો સામાન્ય વેરો માફ કર્યો છે એ હકીકત લક્ષમાં લઈને તેઓએ વાપરેલી વીજળી શક્તિ ઉપર આ સૌથી ઊંચા દરે શુલ્ક લેવાનું ન્યાયી નથી.

સ્વરોજગારમાં રોકાયેલ દલિત વર્ગોને, ધાર્મિક સ્થળોને અને સખાવતી સંસ્થાઓને કંઈ ન્યાય અને રાહત આપવા-ના ઉદ્દેશથી, આ વિધેયકથી મુંબઈ વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮ સુધારવા ધાર્યું છે. જેથી ઉપરના હેતુઓ માટે રહેણાંકની જગાઓને લાગુ પડતા દરે વિદ્યુત શુલ્ક લઈ શકાય.
તેથી, આ વિધેયક.

તારીખ : ૧૭મી જૂન, ૧૯૯૪.

હરજીવનદાસ પટેલ,
વિ. સ. સ.

ગાંધીનગર,
તા. ૧૫મી જુલાઈ, ૧૯૯૪.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

IX—Extra—57—2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 58

REGISTERED NO. G/GNR/2.

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 15, 1994/ASADHA, 24, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

સભ્ય શ્રી આત્મારામ પરમારે તા. ૧૫મી જુલાઈ, ૧૯૯૪ના રોજ દાખલ કરેલું નીચેનું વિધેયક ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-આ અન્વયે સામાન્ય માહિતી અર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે. :—

INDEX

GUJARAT BILL NO. 27 OF 1994.

THE GUJARAT AGRICULTURE WORKERS BILL, 1994.

A BILL

to provide for the welfare of the Agriculture Workers in the state of Gujarat, to regulate their employment and conditions of Service and for matters connected therewith

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૨૭

ગુજરાત ખેત કામદાર વિધેયક, ૧૯૯૪.

ગુજરાત રાજ્યમાં ખેત કામદારોના કલ્યાણ, તેમના રોજગાર અને નોકરીની શરતોનું નિયમન કરવા અને તે સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

પ્રકરણ—૧

પ્રારંભિક.

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ, "ગુજરાત ખેત કામદાર અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) તે, રાજ્ય સરકાર રાજપત્રમાં, જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,

(૧) "બોર્ડ" એટલે આ અધિનિયમની કલમ ૧૪ હેઠળ રાજ્ય સરકારે રચેલ રોજગાર બાંયધરી બોર્ડ.

(૨) "સમાધાન અધિકારી", "નોંધણી અધિકારી" અને "ઈન્સ્પેક્ટર" એટલે આ અધિનિયમની કલમ ૭ હેઠળ નીમેલા અધિકારીઓ.

(૩) "રોજગાર"; "તકરાર" એ શબ્દોનો અર્થ મજૂર કાયદામાં તેમનો જે અર્થ કર્યો છે તે જ થશે.

(૪) "માલિક" એટલે જે વ્યકિત જાતે પોતાની જમીન ખેડતી હોય અથવા ગણોતિયા તરીકે જમીન ખેડતી હોય તે વ્યકિત અથવા બીજી કોઈ બાબતમાં, જમીન ખરેખર કબજામાં હોય તેવી વ્યકિત, તેના વારસો, નામે કરી લેનાર અને કાયદેસરના પ્રતિનિધિઓ.

(૫) "ફંડ" એટલે આ અધિનિયમની કલમ ૧૩ હેઠળ રચાયેલ 'ખેત કામદાર કલ્યાણ ફંડ'.

(૬) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી રાજ્ય સરકારે ઠરાવેલું.

(૭) "ટ્રિબ્યુનલ" એટલે આ અધિનિયમની કલમ ૩ હેઠળ રચાયેલ ખેત કામદાર ટ્રિબ્યુનલ.

(૮) "કામદાર" એટલે જે વ્યકિત જમીન માલિકે તેને આપવાના વેતનના અવેજ બદલ માલિકની ખેતીની જમીન ઉપર કામ કરતી હોય, અને તે જમીનના સંબંધમાં બીજું કોઈપણ ખેતી વિષયક કામ કરતી હોય તે વ્યકિત.

INDEX

પ્રકરણ—૨

ખેત કામદારોની ટ્રિબ્યુનલ અને અધિકારીઓ

ખેત કામદારોની ટ્રિબ્યુનલની રચના.

૩. ખેત કામદારોના કલ્યાણની સલામતીના હેતુ માટે, રાજ્ય સરકારે, રાજપત્રમાં જાહેરનામાથી, એકમાત્ર સભ્યના બનેલા ખેત કામદારોનું ટ્રિબ્યુનલ રચવું જોઈશે. જેઓ ખેત કામદારોનું પ્રતિનિધિત્વ કરશે.

ટ્રિબ્યુનલના સભ્યના હોદ્દાની મુદત અને સેવાની શરતો.

૪. જે મુદત માટે ટ્રિબ્યુનલના સભ્ય હોદ્દો ધરાવશે તે મુદત અને સેવાની અન્ય શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

મુદત પૂરી થયા પહેલાં નિમણૂંક સમાપ્ત કરવાની રાજ્ય સરકારની સત્તા.

૫. રાજ્ય સરકાર, સભ્યના હોદ્દાની મુદત પૂરી થયા પહેલા ટ્રિબ્યુનલના સભ્યની સેવા સમાપ્ત કરી શકશે, જો આવો સભ્ય :—

(૧) નાદાર ઠરે; અથવા

(૨) હોદ્દાની મુદત દરમિયાન કોઈ પગારવાળી નોકરીમાં પોતે રહે;

(૩) રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે માનસિક અથવા શારીરિક રીતે અશકતતાના કારણે હોદ્દા ઉપર ચાલુ રહેવાને અયોગ્ય થાય; અથવા

(૪) નૈતિક અધ:પતનના ગુના માટે દોષિત ઠરે.

ખાલી જગા ભરવા બાબત.

૬. ટ્રિબ્યુનલના સભ્યપદની ખાલી જગા, શકય હોય તેટલી જલ્દી અને ઠરાવેલ હોય તે રીતે રાજ્ય સરકારે ભરવી જોઈશે.

નોંધણી અધિકારીઓ, સમાધાન અધિકારીઓ અને ઈન્સ્પેકટરોની નિમણૂંક.

૭. રાજ્ય સરકારે, રાજપત્રમાં, જાહેરનામા દ્વારા નોંધણી અધિકારીઓ સમાધાન અધિકારીઓ, અને ઈન્સ્પેકટરોને નીમવા જોઈશે, જેમની સત્તા, કાર્યો અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

ટ્રિબ્યુનલનું મુખ્ય મથક.

૮. ટ્રિબ્યુનલનું મુખ્ય મથક રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવા સ્થળે રાખવામાં આવશે..

પ્રકરણ—૩

રોજગારની સલામતી અને કલ્યાણ

ખેત-કામદારોને કામે રાખવા માટે પ્રથમ પસંદગી આપવા બાબત.

૯. માલિકે, નીચેના વર્ગોમાંથી ખેત કામદારોને રાખવા જોઈશે :—

(૧) જેમણે, છેલ્લાં સાત વર્ષ, અથવા તેના ભાગ, પણ સતત અથવા તૂટ પડયા સિવાય ૨૪૦ થી ઓછા ન હોય તેટલા દિવસ દરમિયાન કોઈપણ સમય સુધી એવું કામ કર્યું હોય તેવા ખેત કામદારો;

(૨) તે જ ગામના અન્ય કામદારો;

(૩) બહારના વિસ્તારોના કામદારો:

INDEX

પરંતુ, જેટલે સુધી પૂર્વ વર્ગના કામદારો મળી શકતા હોય અને અનુગામી વર્ગના કામદારોને કામે રાખવાના પ્રસંગે, રાજ્ય સરકારની ખાસ મંજરી મેળવી હોય તેટલે સુધી, અનુગામી વર્ગના કામદારોને કામે રાખી શકાશે નહિ.

ન્યૂનતમ વેતન આપવા બાબત.

૧૦. અભણ કામદારોને તેવા ખેત કામદારે નિયુક્ત કર્યા હોય તેવા તેજ ગામના ભણેલા ખેત કામદારની હાજરીમાં ન્યૂનતમ વેતનની ચૂકવણી કરવી જોઈશે. માલિકે આવી ચૂકવણી પ્રમાણિત કરતા સાક્ષીની સહી લેવી જોઈશે.

ન્યૂનતમ વેતનની ફેરવિચારણા.

૧૧. ખેત કામદારો માટેના વેતનોના દરોની, ઠરાવવામાં આવે તેવી રીતે દર બે વરસે ઓછામાં ઓછી એક વખત ફેર વિચારણા કરવી જોઈશે.

માલિક વેતન ઘટાડી શકશે નહિ.

૧૨. કોઈપણ માલિક, કોઈપણ કારણસર, ખેત કામદારોના વેતન સીધી અથવા આડકતરી રીતે ઘટાડી શકશે નહિ.

ખેત-કામદારોના કલ્યાણ ફંડની સ્થાપના.

૧૩. (૧) રાજ્ય સરકારે, ખેત કામદારોના કલ્યાણ માટે "ખેત કામદારોનું કલ્યાણ ફંડ" એ નામનું ફંડ સ્થાપવું જોઈશે. આ ફંડ માલિકે જમા કરાવવાના હોય તેવા કામદારોના પ્રોવિડન્ટ ફંડનું બનેલું રહેશે અને ચૂકવેલા પગારના ૧૦ ટકાથી ઓછો ફાળો જમા કરાવવામાં કોઈ કસૂર થયેથી તે પોલીસ અધિકારનો ગુનો ગણાશે.

(૨) ફંડ, રાજ્ય સરકારે રચેલી સમિતિમાં નિહિત થશે, તે તેનો વહીવટ કરશે, તેમજ તે ખેત કામદારોનું પ્રતિનિધિત્વ કરતા હોય તેવા અધ્યક્ષનું અને સરકારના એક અને માલિકના એક એવા સભ્યનું બનેલું રહેશે.

(૩) રાજ્ય સરકાર અને માલિકોએ આપવાના ફંડ ફાળાનો દર, ઠરાવવામાં આવે તેવો રહેશે, પરંતું ચૂકવેલ વેતનના દસ ટકા કરતાં ઓછો હોવો જોઈશે નહિ.

કામદાર બાંયધરી બોર્ડની સ્થાપના.

૧૪. (૧) રાજ્ય સરકારે, "કામદાર બાંયધરી બોર્ડ" એ નામના બોર્ડની રચના કરવી જોઈશે, તે, ખેત કામદારોનું પ્રતિનિધિત્વ કરતા અધ્યક્ષની અને સરકારનો એક અને માલિકનો એક એવા સભ્યની બનેલી રહેશે.

(૨) બોર્ડના હોદ્દાની મુદત, સેવાની શરતો, સત્તા અને કાર્યો ઠરાવવામાં આવે તેવા રહેશે.

રોજગારની બાંયધરી.

૧૫. બોર્ડે ખેત કામદારોના પરિવારના ઓછામાં ઓછા એક સભ્યને રોજગાર આપવાનો પ્રયાસ કરવો જોઈશે. નોંધણી અધિકારી પાસે ખેત કામદારોના નામોની નોંધણીની તારીખથી ૧૫ દિવસની અંદર આવા રોજગારની જોગવાઈ કરવામાં ન આવે તો તેને, તે બેરોજગાર રહે તેટલી મુદત માટે દિવસ દીઠ ન્યૂનતમ વેતનના દરે બેકારી ભથ્થું આપવું જોઈશે.

પ્રકરણ—૪

તકરારો

રોજગારની તકરારોની પતાવટ.

૧૬. (૧) માલિક અને ખેત કામદારો વચ્ચે તકરાર ચાલુ હોય અથવા તેની ધરપકડ કરવામાં આવી હોય ત્યારે, સમાધાન અધિકારી, સમાધાનની કાર્યવાહી કરી શકશે.

(૨) તકરારની પતાવટ, સમાધાનની કાર્યવાહી દરમિયાન નક્કી થાય તો, સમાધાન અધિકારીએ તેનો રિપોર્ટ મજુર કમિશનરને અને રાજ્ય સરકારના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના સચિવને મોકલવો જોઈશે.

(૩) આવી કોઈપણ પતાવટ, સમાધાન અધિકારી પાસે નક્કી ન થાય તો, તકરાર, ખેત કામદારોની ટ્રિબ્યુનલને મોકલવી, જે તેને મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર તેને તેની કાર્યવાહીઓનો નિર્ણય કરશે અને તેનો ચુકાદો આપશે.

(૪) ખેત કામદારોની ટ્રિબ્યુનલનો ચૂકાદો આખરી ગણાશે.

પ્રકરણ—૫

શિક્ષા અને કાર્યરીતિ

પોલીસ અધિકારનો ગુનો.

૧૭. (૧) આ અધિનિયમ હેઠળ કરેલો કોઈપણ ગુનો, પોલીસ અધિકારનો ગુનો ગણાશે.

(૨) નારાજ થયેલ કોઈપણ કામદાર અથવા તેના વતી કોઈપણ મંડળ, માલિક સામે ફોજદારી કાર્યરીતિ ગુનો ફાઈલ કરી શકશે અને આવા કોઈપણ દાવામાં થયેલ ખર્ચ, રાજ્ય સરકારે ભોગવવો જોઈશે.

INDEX

ગુનાની વિચારણા.

૧૮. પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટની કોર્ટથી ઉતરતા દરજ્જાની અથવા તાબાની કોઈ કોર્ટથી, આ અધિનિયમ હેઠળ ગુનાની વિચારણા કરી શકાશે નહિ.

વેતન ન ચૂકવવા માટે શિક્ષા.

૧૯. જે કોઈ વ્યકિત, વેતન ન ચૂકવે, અથવા ઓછું ચૂકવે અથવા મોડું ચૂકવવાનો ગુનો કરે તો તેને એક વર્ષ કરતાં ઓછી ન હોય પણ ત્રણ વર્ષ સુધી લંબાવી શકાય તેવી મુદતની કેદની, અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે.

પ્રકરણ—૬

પ્રકીર્ણ

નિયમો કરવાની સત્તા.

૨૦. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરી શકશે.

(૨) આ કલમથી મળેલી નિયમો કરવાની સત્તા, પૂર્વ પ્રસિધ્ધિ પછી, નિયમો કરવાની શરતને અધીન રહેશે.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે ત્યાર પછી બનતી ત્વરાએ, ત્રીસ દિવસ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવે તે સત્ર અથવા ત્યાર પછી તરત જ આવતા સત્ર દરમિયાન રાજ્ય વિધાનમંડળ તરીકે રાજ્ય વિધાનમંડળ તેમાં જે કંઈ રદ કરે અથવા ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળે એ રીતે કરેલ કોઈ ફેરફાર અથવા રદ થવા બાબત રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ કરવામાં આવશે.

ઉદ્દેશો અને કારણો

ગુજરાતમાં, ખેત કામદારોની વસતી રાજ્યના તમામ ભાગોમાં ફેલાયેલી છે. તે કરોડોની સંખ્યામાં છે. કામદારોની સ્થિતિ ત્રાસજનક છે. ઘણાંખરાં કિસ્સાઓમાં તેઓને ન્યૂનતમ વેતન આપવામાં આવતું નથી. બે-રોજગારી એ રોજનો ક્રમ છે. કેટલીકવાર બહારના વિસ્તારોમાંથી આવતા કામદારોને સ્થાનિક કામદારોના ભોગે સસ્તા દરે કામે રાખવામાં આવે છે અને આમ સ્થાનિક ખેત અર્થતંત્ર અને ખેત કામદારોની આર્થિક પરિસ્થિતિ અસ્તવ્યસ્ત થઈ જાય છે. તેથી રક્ષણ આપવા માટે સલામતિ અને સામાજિક સુરક્ષા માટે અને ગુજરાત રાજ્યના કરોડો ખેત કામદારોને હકકો અને વિશેષાધિકારો આપવા માટે સર્વગ્રાહી કાયદો ઘડવાની અતિ વિલંબિત જરૂરિયાત છે. કાયદાના આ ભાગથી આ દિશામાં પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આત્મારામ પરમાર
વિ.સ.સ.

નાણાંકીય યાદી

ખેત કામદારો અંગેનું સર્વગ્રાહી વિધેયક દાખલ કરવાનું હોવાથી અને તે સમગ્ર રાજ્યને આવરી લેતું હોવાથી રાજ્ય ઉપર કેટલીક નાણાંકીય જવાબદારી આવી પડશે. પણ જટિલતા અને ગૂંચવણો જોતાં રાજ્યના એકત્રિત ફંડમાં સમાવેશ કરવાના અંદાજિત ખર્ચની ચોક્કસ રકમનો અંદાજ કાઢવાનું ઘણું મુશ્કેલ છે તેમ છતાં, પ્રારંભિક તબક્કામાં એમ લાગે છે કે રૂા. ૫૦ લાખની રકમ, આ વિધેયકની જોગવાઈનો અમલ કરવાના હેતુને પહોંચી વળવા માટે પૂરતી થશે.

આત્મારામ પરમાર,
વિ.સ.સ.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી

કલમ—૧.—કલમ-૧ની પેટા-કલમ (૩)થી રાજ્ય સરકારને, આ અધિનિયમ અમલમાં લાવવાની તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ—૩. આ કલમથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામું બહાર પાડીને ખેત કામદારોની ટ્રીબ્યુનલ રચવાની સત્તા મળે છે.

કલમ ૪.—આ કલમથી, રાજ્ય સરકારને, ટ્રિબ્યુનલના સભ્યની મુદત અને સેવાની અન્ય શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬.— આ કલમથી રાજ્ય સરકારને ટ્રીબ્યુનલના સભ્યપદમાંની ખાલી જગા ભરવા માટેની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.—આ કલમથી, રાજ્ય સરકારને, નોંધણી અધિકારીઓ, સમાધાન અધિકારીઓ અને ઈન્સ્પેક્ટરો નીમવાની અને તેમના સત્તા, કાર્યો અને સેવાની શરતો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૮.—આ કલમથી, રાજ્ય સરકારને ટ્રીબ્યુનલના મુખ્ય મથક માટે સ્થળ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૧૦.—આ કલમથી, રાજ્ય સરકારને ન્યૂનતમ વેતનના દરોની ફેર વિચારણા માટેની રીત ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.—આ કલમથી, રાજ્ય સરકારને, ખેત કામદારોના કલ્યાણ ફંડ સ્થાપવાની અને ફંડમાં સરકારી અને માલિકના ફાળાના દરો નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૧૪.—આ કલમથી, રાજ્ય સરકારને, રોજગાર બાંયધરી બોર્ડની રચના કરવાની અને બોર્ડની કચેરીનું માળખું, સેવાની શરતો, સત્તા અને કાર્યો ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૦.—આ કલમથી, રાજ્ય સરકારને, અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે નિયમો કરવાની સત્તા મળે છે.

ઉપરની બાબતો વહીવટી અને રોજિંદા પ્રકારની છે અને તેથી, ધારાકીય સત્તાની સોંપણી, સામાન્ય પ્રકારની છે.

આત્મારામ પરમાર,
વિ.સ.સ.

એન. કે. કથીરીઆ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

ગાંધીનગર,
તા. ૧૫મી જુલાઈ, ૧૯૯૪.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 59

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 22, 1994/ASADHA 31, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક .....નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 13 OF 1994.

THE BOMBAY STAMP (GUJARAT AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૨મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,

ગુજરાત સરકારના સચિવ,
વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO 13 OF 1994.

AN ACT

further to amend the Bombay Stamp Act, 1958.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૨મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૩૧મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે. અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ સને ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ચોથી તારીખે અમલમાં આવી છે. એમ ગણાશે.

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

સન ૧૯૫૮ના ૬૦મા અધિનિયમના કલમ–૨નો સુધારો.

૨. મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨ માં,—

(૧) ખંડ (ધ્ધ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ચ) "કલીયરન્સ લિસ્ટ" એટલે મંડળના નિયમો અથવા પેટા-નિયમો અનુસાર, મંડળના કલીયરીંગ હાઉસને સાદર કરવાનું ફરમાવ્યું હોય તેવા કરારોને લગતું લેવડ-દેવડનું લીસ્ટ :

પરંતુ આ અધિનિયમના હેતુઓ માટે તેવી લેવડદેવડ કરનાર વ્યકિતએ અથવા તેના વતી યોગ્ય રીતે અધિકાર આપેલા એટર્નીએ સહી કરેલા નીચેના એકરારનો સમાવેશ થતો હોય તે સિવાય, કોઈપણ લેખને, કલીયરન્સ લિસ્ટ તરીકે ગણવો નહિ :—

સન ૧૯૫૮નો મુંબઈનો ૬૦મો.

"હું/અમે, આથી પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરૂં છું/કરીએ છીએ કે ઉપરના લિસ્ટમાં મારી/અમારી લેવડ–દેવડનું સંપૂર્ણ અને સાચું નિવેદન છે અને તેમાં મંડળના નિયમો/પેટા-નિયમો અનુસાર કલીયરન્સ હાઉસને સાદર કરવાને ફરમાવેલી લેવડદેવડનો સમાવેશ કરવામાં આવ્યો છે. હું/અમે વધુમાં એકરાર કરૂ છું/કરીએ છીએ કે મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની અનુસૂચિ ૧લીના, યથાપ્રસંગ, આર્ટિકલ ૫ અથવા આર્ટિકલ ૩૯ હેઠળ જે લેવડ દેવડના સંબંધમાં, મુકિત માંગવામાં આવી છે તે કોઈપણ લેવડદેવડને આમાંથી બાકાત રાખવામાં આવી નથી.

સ્પષ્ટીકરણ :—આ ખંડના હેતુ માટે લેવડદેવડમાં વેચાણ અને ખરીદી બન્નેનો સમાવેશ થશે.";

(૨) ખંડ (જ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(જ) "માલિકી ફેરબત" માં,—

(૧) વેચાણ અંગેનું માલિકી ફેરબતનો,

(૨) દરેક લેખનો,

(૩) કોઈપણ દીવાની કોર્ટનું દરેક હુકમનામું અથવા આખરી હુકમનો, અથવા

સન ૧૯૫૬નો ૧૬મા

(૪) કંપનીઓના જોડાણના સંબંધમાં, કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩૯૪ હેઠળ હાઈકોર્ટે કરેલ દરેક હુકમ,

INDEX

જેના ઉપરથી જંગમ અથવા સ્થાવર મિલકત અથવા કોઈપણ આસ્કયામત અથવા કોઈપણ મિલકતમાંનું હિત કોઈપણ હયાત વ્યકિતને તબદીલ કરવામાં આવ્યું હોય અથવા તેમાં નિહિત થયું હોય અને અનુસૂચિ--૧થી અન્યથા સ્પષ્ટપણે ઠરાવ્યું ન હોય તેનો,

સમાવેશ થાય છે.

સ્પષ્ટીકરણ.--આ ખંડના હેતુ માટે જેના દ્વારા કોઈ મિલકતના સહ-માલિકે પોતાનું હિત તે મિલકતના અન્ય સહ-માલિકને તબદીલ કર્યું હોય અને વહેંચણીનો લેખ ન હોય તેવો કોઈપણ લેખ, જેનાથી હયાત વ્યકિતઓની મિલકત તબદીલ થતી હોય તેવો લેખ છે એમ ગણાશે;"

(૩) ખંડ (૬) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(૬ક) "સ્થાવર મિલકત"માં, જમીન, જમીનમાંથી ખાખ્ત થતાં લાભો અને જમીનને જોડેલી વસ્તુઓ અથવા જમીન સાથે જોડેલી કોઈ વસ્તુ સાથે કાયમી, જોડાયેલી વસ્તુનો સમાવેશ થાય છે.";

(૪) ખંડ (૭ક)માં,—

(૧) "કોઈ જંગમ" એ શબ્દો પછી, "અથવા સ્થાવર" એ શબ્દો દાખલ કરવા;

(૨) "આવી બક્ષિસ" એ શબ્દોને બદલે, "આવી મૌખિક બક્ષીસ" એ શબ્દો મૂકવા.

(૫) ખંડ (૧૪) માં,—

(૧) "સ્થાવર" એ શબ્દને બદલે, "જંગમ અથવા સ્થાવર અથવા તે બંને" એ શબ્દો મૂકવાં;

(૨) પેટા-ખંડ (૪) પછી, નીચેનો પેટા-ખંડ દાખલ કરવો:—

"(૫) પટ્ટાના સંબંધમાં, કોઈપણ દીવાની કોર્ટના હુકમનામાનો અથવા આખરી હુકમનો,

સમાવેશ થાય છે :

પરંતુ આવા હુકમનામા અથવા હુકમ અનુસાર, પટ્ટાનો પછીથી લેખ કરવામાં આવ્યો હોય ત્યારે, સ્ટેમ્પ ડયુટી, આવા હુકમનામા અથવા હુકમ ઉપર અગાઉ ભરી હોય અને વસૂલ કરેલ હોય તો તે, આવા લેખ ઉપર લેવાપાત્ર કુલ ડયુટી પેટે સરભર કરવી જોઈશે;";

(૬) ખંડ (૧૬) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(૧૬ક) "જંગમ મિલકત"માં ઉભા ઈમારતી લાકડાનો, ઉભા પાકનો અને ઘાસ, ઝાડ ઉપરના ફળો અને તેમાંના રસનો, અને સ્થાવર મિલકત સિવાયની અન્ય દરેક પ્રકારની મિલકતને જેના દ્વારા કોઈપણ હક અથવા જવાબદારી ઉભી થાય, તબદીલ થાય, મર્યાદિત થાય, લાગુ પડાય, નાશ થાય અથવા નોંધાય અથવા તેમ થવાનું અભિપ્રેત હોય તેનો સમાવેશ થાય છે;"

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩-કનો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩-કમાં, "શહેરી વિસ્તારમાં" એ શબ્દો પછી, "જ્યાં મિલકત આવેલી હોય તેના સંબંધમાં" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૧૭નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭માં, "તે કરી આપતી વખતે સ્ટેમ્પ મારવો જોઈશે." એ શબ્દોને બદલે, નીચેનો મજકૂર મૂકવો.—

"તે કરી આપતી વખતે અથવા ત્યારપછી તરત જ, તે કરી આપ્યાના દિવસ પછીના તરતના કામકાજના દિવસે સ્ટેમ્પ મારવો જોઈશે :

પરંતુ અનુસૂચિ--૧ના આર્ટિકલો ૧૮-ક, ૧૮-ખ, ૧૮-ગ, ૧૮-ઘ અથવા ૧૮-ચ માં, વર્ણવેલ કલીયરન્સ લિસ્ટ ઉપર તે કર્યાની તારીખથી બે મહિનાની અંદર જો આવું કલીયરન્સ લિસ્ટ જરૂરી સ્ટેમ્પ ડયુટીની રકમ સાથે તેના નિયમો અને પેટા-નિયમો અનુસાર મંડળના કલીયરન્સ હાઉસે સ્ટેમ્પ મારવા માટે સાદર કર્યું હોય, તો આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી રાજ્ય સરકારે અધિકૃત કરેલો અધિકારી સ્ટેમ્પ મારી શકશે.".

INDEX

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૦માં,— સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૦નો સુધારો.

(૧) ખંડ (ચ)માં, "અને" એ શબ્દ કમી કરવો ;

(૨) ખંડ (છ)માં, અંતે, "અને" એ શબ્દ ઉમેરવો ;

(૩) ખંડ (છ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(જ) બીજી કોઈ બાબતમાં, લેખ કરનાર વ્યકિતએ.".

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૧માં, પેટા-કલમ (૧)માં, "પચ્ચીસ રૂપિયાથી વધારે ન હોય અને પાંચ રૂપિયાથી ઓછી ન હોય" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયાથી વધારે ન હોય અને પચ્ચીસ રૂપિયાથી ઓછી ન હોય" એ શબ્દો મૂકવા. સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૩૧નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩૨--કમાં (૧) પેટા કલમ (૧)ને બદલે નીચેની પેટા-કલમ મૂકવી :— સન ૧૯૫૮ના મુંબઈના ૬૦માં અધિનિયમના કલમ ૩૨-કનો સુધારો.

સન ૧૯૦૮નો ૧૬મો.

"(૧) રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ રજિસ્ટ્રેશન માટે, માલિકી, ફેરબત, વિનિમય લેખ, બક્ષિશપત્ર, વેચાણ પ્રમાણપત્ર, વહેંચણીનો લેખ, ભાગીદારીનો લેખ, વ્યવસ્થાપત્રનો લેખ, સ્થાવર મિલકત વેચવા માટેનું મુખત્યારનામું અવેજ બદલ આપવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, અથવા નામે કરીને પટ્ટે આપ્યું હોય, ત્યારે તેની સાથે તેની ખરી નકલ જોડવી જોઈશે; અને ઉપર્યુકત અધિનિયમ હેઠળ આવા લેખ રજિસ્ટર કરવાં કોઈ અધિકારીને અથવા કલમ ૩૩માં ઉલ્લેખ કરેલી કોઈપણ વ્યકિત સમક્ષ એવો લેખ રજૂ કરવામાં આવે અથવા તેનાં કાર્યો બજાવતી વખતે મૂકવામાં આવે તે વ્યકિતને એમ માનવાને કારણ હોય કે તેમાં જણાવેલ અવેજ, એવા લેખનો વિષય હોય તેવી મિલકતની આશરે બજાર કિંમત જેટલો થતો નથી અથવા યથા પ્રસંગ, એવા લેખનો વિષય હોય તેવી મિલકતની બજાર કિંમત તેમાં ખરી જણાવી નથી, તો તે, યથા પ્રસંગ, લેખ રજિસ્ટર કર્યા અથવા એવા લેખના સંબંધમાં પોતાના કાર્યો બજાવ્યા પહેલાં કે પછી, જે જિલ્લામાં સમગ્ર મિલકત અથવા તેનો કોઈ ભાગ આવેલો હોય તે જિલ્લાના કલેકટરને, એવી મિલકતની ખરી બજાર કિંમત અને આ કલમ હેઠળ લેખ ઉપર આપવાની યોગ્ય ડયુટી નક્કી કરવા માટે લેખ મોકલી શકશે.";

(૨) પેટા-કલમ (૨)માં "કલમ ૩૧ની પેટા--કલમ (૩) અથવા આ કલમની પેટા--કલમ (૧) હેઠળ લેખ મળ્યેથી" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "કલમ ૩૧ની પેટા-કલમ (૩) અથવા આ કલમની પેટા--કલમ (૧) હેઠળ લેખ અથવા લેખની ખરી નકલ મળ્યેથી" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા;

(૩) પેટા--કલમ (૩)માં "બસો પચાસ રૂપિયાનો" એ શબ્દો પછી, "અથવા ભરવાપાત્ર યોગ્ય ડયુટીની રકમ અથવા તેના ભાગની ખૂટતી રકમ, એ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમનો" એ શબ્દો દાખલ કરવા;

(૪) પેટા--કલમ (૪)માં, "બે વર્ષની", એ શબ્દોને બદલે, "છ વર્ષની" એ શબ્દો મૂકવા.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪૬ને બદલે, નીચેની કલમ મૂકવી :— સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૪૬ને બદલે નવી કલમ મૂકવા બાબત.

"૪૬. (૧) આ અધિનિયમ હેઠળ આપવી પડતી ડયુટી, દંડ અથવા બીજી રકમો જે વ્યકિતને આપવા ફરમાવ્યું હોય તેવી કોઈ વ્યકિત, તેની ચૂકવણી માટે ઠરાવેલા સમયની અંદર તે ન ભરે ત્યારે તે, એવી રકમ જે મુદત માટે આપવાની બાકી હોય તે મુદત માટે એવી રકમ ઉપર અથવા તેનાથી કોઈ ઓછી રકમ ઉપર, દર વર્ષે ચોવીસ ટકાના દરે સાદુ વ્યાજ આપવાને પાત્ર થશે. ડયુટી, દંડ અને વ્યાજની વસૂલાત.

(૨) આ અધિનિયમ હેઠળ આપવી પડતી તમામ ડયુટી, દંડ, વ્યાજ અને બીજી રકમો, જેની પાસે તે બાકી હોય તે વ્યકિતની જંગમ અથવા સ્થાવર મિલકત જપ્ત કરીને તથા વેચીને અથવા જમીન મહેસૂલની બાકી તરીકે કલેકટર વસૂલ કરી શકશે;

INDEX

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની કલમ ૫૩નો સુધારો.

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩માં, પેટા-કલમ (૧)માં, "પ્રકરણ-૩ એ શબ્દ અને આંકડા પછી, " કલમ ૩૨-ક ની પેટા-કલમ (૩) સિવાય" એ શબ્દો, આંકડા અક્ષર અને કૌંસ દાખલ કરવા.

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમમાં નવી કલમ દાખલ કરવા બાબત.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૫૩ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :—

કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અને ૪૧ હેઠળ કલેક્ટરના નિર્ણયની ફેર તપાસ.

"૫૩ ક (૧) કલમ ૩૨ની પેટા-કલમ (૩) કલમ ૩૨-કની પેટા-કલમ (૩), કલમ ૩૯ની પેટા-કલમ (૨) અને કલમ ૪૧ની પેટા-કલમ (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કલેક્ટર દ્વારા કોઈપણ લેખ ઉપર ભૂલથી અથવા અન્યથા તેના ઉપર લેવાપાત્ર ડ્યુટી કરતાં ઓછી ડ્યુટી લેવામાં આવે અથવા યથાપ્રસંગ ડ્યુટી લેવાપાત્ર ન હોવાનું ઠરાવવામાં આવે ત્યારે, મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારી, યથાપ્રસંગ, કલમો ૩૨, ૩૨-ક, ૩૯ અથવા ૪૧ હેઠળ કલેક્ટરના પ્રમાણપત્રની તારીખથી છ વર્ષની મુદતની અંદર સંબંધિત પક્ષકારને પોતાના સમક્ષ લેખ રજુ કરવા માટે ફરમાવી શકશે અને પક્ષકારને સૂનાવણીની વાજબી તક આપ્યા પછી, તેવા લેખ ઉપર કોઈ ડ્યુટી લેવાપાત્ર છે કે કેમ અથવા તેના ઉપર ઓછી ડ્યુટી લેવામાં આવી છે કે કેમ તેની તપાસ કરી શકશે અને સંબંધિત પક્ષકાર પાસે કોઈ ડ્યુટી ખૂટતી હોય તો તે, વસૂલ કરવા માટેનો હુકમ કરી શકશે. ત્યારબાદ આવી ખૂટતી ડ્યુટી ભર્યા પછી લેખ ઉપર શેરો કરવો જોઈશે.

(૨) પક્ષકાર અસલ લેખ રજૂ કરવાનું ચૂકયેથી, મુખ્ય નિયંત્રણ મહેસૂલ અધિકારીએ, કલેક્ટર સમક્ષ દાખલ કરેલ લેખની ખરી નકલના અથવા ઉતારાના આધારે, આ કલમ હેઠળ આગળની કાર્યવાહી કરવી જોઈશે અને આવી નકલ અથવા ઉતારા આ કલમના હેતુઓ સારુ અસલ લેખ છે એમ ગણાશે.".

સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા અધિનિયમની અનુસૂચિ-૧નો સુધારો.

૧૧. મુખ્ય અધિનિયમમાં અનુસૂચિ-૧માં,—

(૧) આર્ટીકલ ૫માં,—

(૧) શીર્ષકમાં, "કબૂલાતનો દસ્તાવેજ" એ શબ્દો પછી, "અથવા તેનુ રેકર્ડ" એ શબ્દો દાખલ કરવા;

(૨) ખંડ (૯)માં, "માફી" એ શીર્ષક હેઠળ "કબૂલાતનો દસ્તાવેજ" એ શબ્દો પછી, "અથવા તેનું રેકર્ડ" એ શબ્દો દાખલ કરવા;

(૨) આર્ટિકલ ૬માં, ખંડ (૨)માં પેટા-ખંડ (ક)માં, બાબતો (૧) થી (૮) ને બદલે, નીચેની બાબતો મૂકવી :—

"(૧) લોનની રકમ અથવા દેવું રૂા. ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે ન હોય, ત્યારે	દરેક સો રૂપિયા અથવા તેના ભાગ દીઠ પચાસ પૈસા.
(૨) તે રૂા. ૧૫,૦૦,૦૦૦ કરતાં વધારે હોય ત્યારે	દરેક સો રૂપિયા અથવા તેના ભાગદીઠ એક રૂપિયો".

(૩) આર્ટિકલ ૧૮માં "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે "બે રૂપિયા" એ શબ્દો, મૂકવા;

(૪) આર્ટિકલ ૧૮ પછી, નીચેના નવા આર્ટિકલો દાખલ કરવા :—

"૧૮-ક. (૧) ક્લીયરન્સ લિસ્ટ.— શેર બજારના ક્લીયરીંગ હાઉસને સાદર કરેલ સરકારી જામીનગીરીઓની ખરીદી અથવા વેચાણ માટેની લેવદેવડને લગતું ક્લીયરન્સ લિસ્ટ.	યથાપ્રસંગ ઠરાવેલા ચાલુ ભાવે અથવા કરારના ભાવે ગણેલી જામીનગીરીઓની કિંમત ઉપર આવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથા પ્રસંગ, આર્ટિકલ ૫ (ખ) અથવા ૩૯ (જ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

INDEX

(૨) **કલીયરન્સ લિસ્ટ.**-- કોઈપણ સંસ્થાપિત કંપની અથવા બીજી કોઈ એક સંસ્થાપિત કંપની અથવા બીજી સંસ્થાપિત મંડળીમાંની અથવા એવી કંપની અથવા મંડળીના શેર, સ્ક્રિપ, સ્ટોક, બોંડ, ડિબેન્ચર, ડીબેન્ચર સ્ટોક અથવા તેવા જ પ્રકારની બજારમાં વેચવાજોગ બીજી જમીનગીરીની ખરીદી અથવા વેચાણ માટેની લેવડ-દેવડને લગતું જે કલીયરન્સ લિસ્ટ જમીનગીરીઓના કબાલા (નિયમન) બાબતના અધિનિયમ, ૧૯૫૬ હેઠળ માન્ય કરેલા અથવા ન કરેલા શેરબજાર (સ્ટોક એકસચેન્જ)-- ના કલીયરીંગ હાઉસને સાદર કર્યું હોય તે.

સન ૧૯૫૬નો ૪૨મો.

યથાપ્રસંગ ઠરાવેલા ચાલુ ભાવે અથવા કરારના ભાવે ગણેલી જામીનગીરીઓની કિંમત ઉપર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથાપ્રસંગ, આર્ટિકલ (૫) (ગ) (૧) અથવા ૩૯ (છ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮--ખ.--**કલીયરન્સ લિસ્ટ.**-- કોઈ કોટન એસોસિયેશનના કલીયરીંગ હાઉસને સાદર કરેલું રૂની ખરીદી અથવા વેચાણ માટે લેવડદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં, યથાપ્રસંગ આર્ટિકલ ૫ (ઘ) અથવા ૩૯ (ક) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮-ગ.—**કલીયરન્સ લિસ્ટ.**—કોઈ બુલીઅન એસોસીએશનના કલીયરીંગ હાઉસને સાદર કરેલું લગડી અથવા સિક્કાની ખરીદી અથવા વેચાણ માટેની લેવડદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિકલ ૫ (ચ) અથવા ૩૯ (ખ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮-ઘ. **કલીયરન્સ લિસ્ટ.**—તેલીબીયાંના એસોસિએશનના કલીયરીંગ હાઉસને સાદર કરેલું તેલીબીયાંની ખરીદી અથવા વેચાણની લેવડદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથા-પ્રસંગ, આર્ટિકલ ૫ (છ) અથવા ૩૯ (ગ) મુજબ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

૧૮-ચ. **કલીયરન્સ લિસ્ટ.**—કોઈપણ પ્રકારના સૂતર અથવા બિન-ખનીજ તેલો અથવા કોઈપણ પ્રકારના તેજાનાની ખરીદી અથવા વેચાણની લેવડદેવડને લગતું કલીયરન્સ લિસ્ટ.

લેવડદેવડના અથવા તેના ભાગના એકમ પર એવા લિસ્ટમાંની દરેક નોંધના સંબંધમાં યથાપ્રસંગ, આર્ટિકલ ૫(જ) અથવા ૩૯(ઘ) હેઠળ ભરવાપાત્ર ડ્યુટીની રકમ.

(૫) આર્ટિકલ ૨૦માં,—

(૧) ખંડ (ખ) પછી, નીચેનો નવો ખંડ દાખલ કરવો :—

"(ગ) મિલકતનું માલિકી ફેરબદલ (આર્ટિકલ નંબર ૫૬ હેઠળ ડ્યુટી લીધી હોય અથવા ડ્યુટી મુકત કર્યું હોય તેવું તબદીલી બદલ ન હોય તેવું) જે માલિકી ફેરબદલનો વિષય,—

આર્ટિકલ ૨૦ (ખ) મુજબ જેટલી ડ્યુટી લેવા પાત્ર થાય છે તેટલી ડ્યુટી.

(૧) જેટલે સુધી મુંબઈ બિન-વ્યાપારી કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૯ હેઠળ રચાયેલ અને રજિસ્ટર થયેલ કોર્પોરેશનની; અથવા

સન ૧૯૫૯નો મુંબઈનો ૨૬મો.

(૨) જેટલે સુધી ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ અથવા ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ રચાયેલ બોર્ડની;

સન ૧૯૬૧નો ગુજરાતનો ૨૮મો.

(૩) જેટલે સુધી ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩ની જોગવાઈઓ લાગુ પડતી હોય તે જગા.

સન ૧૯૭૨નો ગુજરાતનો ૨૨મો.

એવા કોર્પોરેશને, બોર્ડે, મંડળીએ, કંપનીઓ અથવા, યથાપ્રસંગ, એસોસિયેશને તેના સભ્ય અથવા, યથાપ્રસંગ ફાળવણીદારની તરફેણમાં (પછી તે તેના શેરોની ખરીદીના પરિણામે હોય કે ન હોય) અથવા એવા સભ્યે અથવા, યથા--પ્રસંગ ફાળવણીદારે બીજા સભ્ય અથવા ફાળવણીદારની તરફેણમાં (પછી તે તેના શેરો બીજા સભ્યના અથવા યથાપ્રસંગ, ફાળવણીદારના નામે તબદીલ કરવાના પરિણામે હોય કે ન હોય) એવા કોર્પોરેશનની, બોર્ડની, મંડળીની, કંપનીની અથવા યથાપ્રસંગ, એસોસિયેશનની જગાને લગતું હોય તેટલે સુધી તે";

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૩મો.

(૨) વિદ્યમાન સ્પષ્ટીકરણને, સ્પષ્ટીકરણ ૨ તરીકે ફરી નંબર આપવો અને એ રીતે ફરી નંબર આપેલા સ્પષ્ટીકરણ-૨ પહેલાં, નીચેનું સ્પષ્ટીકરણ દાખલ કરવું :—

INDEX

સ્પષ્ટીકરણ. ૧—આ આર્ટિકલના હેતુઓ માટે, સ્થાવર મિલકત વેચવાની કબૂલાત અથવા રદ ન કરી શકાય તેવું મુખત્યારનામું, એવી કબૂલાત અથવા મુખત્યારનામું કરતાં પહેલાં, કરતી વખતે અથવા કર્યા પછી, એવી મિલકતના બજાની તબદીલીની બાબતમાં, માલિકીફેર ખત છે એમ ગણાશે અને તદનુસાર તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી લેવાપાત્ર મુશે:

પરંતુ કલમ ૩૨-કની જોગવાઈઓ, જેવી રીતે માલિકીફેર ખતને લાગુ પડે છે તેવી રીતે એવી કબૂલાત અથવા મુખત્યારનામાને, જોઈતા ફેરફારો સાથે લાગુ પડશે :

વધુમાં, આવી વેચાણ કબૂલાત અનુસાર પાછળથી માલિકીફેર ખત કરવામાં આવે ત્યારે, માલિકીફેર ખત હોવાનું ગણાતું હોય તેવી કબૂલાત ઉપર અગાઉથી સ્ટેમ્પ ડ્યુટી ભરી હોય અને વસૂલ કરી હોય તો તે, માલિકીફેર ખત ઉપર લેવાપાત્ર કુલ ડ્યુટી પેટે સરભર કરવામાં આવશે.

(૬) આર્ટિકલ ૨૧માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" આ શબ્દો મૂકવા;

(૭) આર્ટિકલ ૨૫માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૮) આર્ટિકલ ૨૭ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"૨૭. વધારે બોજા બાબતનો લેખ-એટલે ગીરો મૂકેલી મિલકત ઉપર વધારે બોજો નાંખતો હોય એવો કોઈપણ લેખ—

(ક) મૂળ ગીરો, આર્ટિકલ ૩૬ના ખંડ (ક)માં ઉલ્લેખેલા વર્ણન પૈકીનો એક લેખ (એટલે કે કબજા સહિત) હોય ત્યારે : — તેવા લેખથી તારણ અપાયેલી વધુ બોજા રકમ માટે આર્ટિકલ ૨૦ (ક) હેઠળ માલિકી ફેરખત ઉપર જેટલી ડ્યુટી લેવા પાત્ર થાય છે તેટલી ડ્યુટી.

(ખ) આવો ગીરો, આર્ટિકલ ૩૬ના ખંડ (ખ)માં ઉલ્લેખેલા વર્ણન પૈકીના એક લેખ (એટલે કે કબજા સિવાય) હોય ત્યારે,

(૧) વધારે બોજા બાબતનો લેખ કરવામાં આવે તે વખતે તેવા લેખ હેઠળ મિલકતનો કબજો આપેલો હોય તો. — (મૂળ ગીરો અને તેવા મૂળ ગીરો અને વધારાના બોજા ઉપર અગાઉ ભરેલ કોઈ વધારે બોજા સહિત) કુલ બોજાની રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે આઠ રૂપિયા, બાદ આવા મૂળ ગીરો અને વધુ બોજા ઉપર અગાઉથી ભરેલી ડ્યુટી.

(૨) તેવી રીતે કબજો આપવામાં આવ્યો ન હોય તો, — તેવા લેખથી તારણ અપાયેલી વધારે બોજાની રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે ત્રણ રૂપિયા.

(૯) આર્ટિકલ ૩૧માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા

(૧૦) આર્ટિકલ ૩૨માં, "ચાલીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "સાંઠ રૂપિયા" એ શબ્દો મૂકવા

(૧૧) આર્ટિકલ ૩૫માં, ખંડ (ક) માં, "એક સો રૂપિયા" એ શબ્દોને બદલે, "એક હજાર રૂપિયા" આ શબ્દો મૂકવા ;

(૧૨) આર્ટિકલ ૩૬માં,—

(૧) ખંડ (ક)માં,—

(૧) "ન હોય અથવા" એ શબ્દો કમી કરવા ;

(૨) કોલમ ૨માં, "આર્ટિકલ ૨૦" એ શબ્દોને પછી, "ના ખંડ (ક)" એ શબ્દો, કૌંસ અને અક્ષર દાખલ કરવા;

INDEX

(૨) વિદ્યમાન ખંડ (ખ)ને તે આર્ટિકલના ખંડ (ગ) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ગ) પહેલાં, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ખ) તેવા ખતમાં લખેલી મિલકતો અથવા તે મિલકતના કોઈ ભાગનો કબજો આપ્યો ન હોય અથવા આપવાની કબૂલાત કરી ન હોય, ત્યારે. તેવા ખતથી તારણ આપેલી રકમ માટે દરેક રૂપિયા ૧૦૦ અથવા તેના ભાગ માટે ત્રણ રૂપિયા.

સ્પષ્ટીકરણ.—ગીરો લેનારે ગીરો રાખેલ મિલકત અથવા તેના ભાગનું ભાડું અથવા પટ્ટો ઉઘરાવવા માટે મુખત્યારનામું આપ્યું હોય તેવા ગીરો આપનારે આ આર્ટિકલના અર્થ મુજબ કબજો આપ્યો છે એમ ગણાશે.";

(૧૩) આર્ટિકલ ૪૫માં,—

(૧) ખંડો (ક), (ખ) અને (ગ)માં કોલમ ૨માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (જ)ને, તે આર્ટિકલના ખંડ (ઝ) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ) પહેલાં, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(જ) સ્થાવર મિલકત વેચવાના હક સહિત અવેજ બદલ કર્યું હોય ત્યારે અથવા ગમે તે નામે ઓળખાતા પ્રમોટર અથવા વિકાસકારને, કોઈપણ સ્થાવર મિલકત ઉપર બાંધકામ માટે, તેના વિકાસ માટે, અથવા વેચાણ અથવા (ગમે તે રીતે) તબદીલ કરવા માટે અવેજ સાથે કે તે વગર કર્યું હોય ત્યારે અથવા કોઈ પણ સ્થાવર મિલકતને રદ ન કરી શકાય તેવી રીતે કબજો તબદીલ કરીને અવેજ સાથે કે અવેજ વગર કર્યું હોય; અવેજની રકમ અથવા યથા પ્રસંગ સ્થાવર મિલકતની બજાર કિંમત એ બેમાંથી જે વધારે હોય તે રકમ માટે આર્ટિકલ ૨૦ હેઠળ માલિકી ફેરબદલ ઉપર જેટલી ડ્યુટી લેવાપાત્ર થાય છે તેટલી ડ્યુટી.";

(૩) એવી રીતે ફરી નંબર આપેલ ખંડ (ઝ)માં કોલમ ૨ માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા.

(૪) સદરહુ આર્ટિકલ નીચેના વિદ્યમાન પાદટીપ, અને સ્પષ્ટીકરણને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

સ્પષ્ટીકરણ ૧.—આ આર્ટિકલના હેતુઓ માટે એક કરતાં વધારે વ્યક્તિઓ, જ્યારે એક જ પેઢીની હોય ત્યારે, એક વ્યક્તિ તરીકે ગણાશે.

સ્પષ્ટીકરણ ૨.—"રજિસ્ટ્રેશન" એ સંજ્ઞામાં, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળના રજિસ્ટ્રેશનને આનુષંગિક દરેક કાર્યનો સમાવેશ થાય છે.

સન ૧૯૦૮નો ૧૬મો.

સ્પષ્ટીકરણ ૩.—ખંડ (જ) હેઠળ, મુખત્યારનામા ઉપર ડ્યુટી ભરી હોય અને તે મિલકતને લગતું માલિકીફેર ખત, મુખત્યારનામું કરનાર વ્યક્તિ અને જેની તરફેણમાં તે કરવામાં આવ્યું હોય તે વ્યક્તિ વચ્ચે મુખત્યારનામા અનુસાર પાછળથી કરવામાં આવ્યું હોય ત્યારે, માલિકીફેર ખત ઉપરની ડ્યુટી, મુખત્યારનામા ઉપરની ડ્યુટી જેટલી ઘટાડીને મિલકતની બજાર કિંમત ઉપર ગણતરી કરેલ ડ્યુટી ગણાશે.";

(૧૪) આર્ટિકલ ૫૭માં,—

(૧) કોલમ ૧માં, "પેટા-પટ્ટાથી" એ શબ્દો પછી "અથવા કોઈપણ દીવાની કોર્ટ અથવા કોઈપણ મહેસૂલી અધિકારીએ કરેલા આખરી હુકમ અથવા હુકમનામાથી" એ શબ્દો દાખલ કરવા;

(૨) કોલમ ૨માં, "તબદીલીના અવેજની રકમ માટેના આર્ટિકલ ૨૦" એ શબ્દો અને આંકડાને બદલે, "તબદીલીના અવેજની રકમ અથવા યથાપ્રસંગ, સ્થાવર મિલ્કતની બજાર કિંમત એ બેમાંથી વધારે હોય તે રકમ માટેના આર્ટિકલ ૨૦ (ક)" એ શબ્દો, આંકડા, કૌંસ અને અક્ષર મૂકવાં.

૧૨. (૧) મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૪.

રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના, મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 60 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 27, 1994/SRAVANA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ઇ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 14 OF 1994.

DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

GUJARAT ACT NO. 14 OF 1994.

AN ACT

to establish and incorporate an open University in the State of Gujarat for the introduction and promotion of the open University and distance education system in the educational pattern of the state.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૪.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો)

ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટીના આરંભ અને ઉત્તેજન માટે અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શૈક્ષણિક પદ્ધતિ માટે ઓપન યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

પ્રકરણ ૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અધિનિયમ, ૧૯૯૪ કહેવાશે.

(૨) આ કલમ સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧૩મી તારીખે અમલમાં આવી છે એમ ગણાશે અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૨૬મી તારીખથી અમલમાં આવી છે એમ ગણાશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(૧) "અધિકારીમંડળો" એટલે, કલમ ૧૫માં નિર્દિષ્ટ કરેલા યુનિવર્સિટીના અધિકારીમંડળો;

(૨) "શૈક્ષણિક આયોજન બોર્ડ" એટલે, કલમ ૧૭ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું શૈક્ષણિક આયોજન બોર્ડ ;

(૩) "વ્યવસ્થાપક બોર્ડ" એટલે, કલમ ૧૬ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું વ્યવસ્થાપક બોર્ડ;

(૪) "કુલાધિપતિ" એટલે, યુનિવર્સિટીના કુલાધિપતિ ;

(૫) "દૂરવર્તી શૈક્ષણિક પદ્ધતિ" એટલે, પ્રસારણ, દૂરસંચાર, પત્રવ્યવહાર, અભ્યાસક્રમો, સેમિનારો, સંપર્ક કાર્યક્રમો અથવા આવા કોઈ બે અથવા વધારે સાધનોના સમન્વય જેવા સંદેશા વ્યવહારના કોઈ સાધન દ્વારા શિક્ષણ આપતી પદ્ધતિ ;

(૬) "કર્મચારી" એટલે, યુનિવર્સિટીએ નિમણૂંક કરેલી કોઈપણ વ્યકિત અને તેમાં યુનિવર્સિટીના અધ્યાપકો અને અન્ય શૈક્ષણિક સ્ટાફનો સમાવેશ થાય છે ;

(૭) "નાણાં સમિતિ" એટલે, કલમ ૧૮ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણાં સમિતિ;

INDEX

(૮) "ઠરાવેલું" એટલે, સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અથવા આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(૯) "માન્ય સંસ્થા" એટલે સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસ માટે સ્થપાયેલી અને જેને યુનિવર્સિટીએ તેવી સંસ્થા તરીકે, માન્ય કરેલી સંસ્થા ;

(૧૦) "પ્રાદેશિક કેન્દ્ર" એટલે, કોઈપણ પ્રદેશમાં અભ્યાસ કેન્દ્રોના કામનું સંકલન અને નિરીક્ષણ કરવાના હેતુ માટે અને વ્યવસ્થાપક બોર્ડ આવા કેન્દ્રોને સોંપ્યાં હોય તેવાં અન્ય કાર્યો બજાવવા માટે યુનિવર્સિટી દ્વારા સ્થાપવામાં અથવા નિભાવવામાં આવેલ કેન્દ્ર ;

(૧૧) "શાળા" એટલે યુનિવર્સિટીની અભ્યાસ શાળા ;

(૧૨) "સ્ટેચ્યુટસ", "અધ્યાદેશો" અને "વિનિયમો" એટલે અનુક્રમે આ અધિનિયમ હેઠળ કરેલ અને તે સમયે અમલમાં હોય તેવા સ્ટેચ્યુટસ, અધ્યાદેશો અને વિનિયમો ;

(૧૩) "વિદ્યાર્થી" એટલે યુનિવર્સિટીનો વિદ્યાર્થી અને તેમાં યુનિવર્સિટીનો કોઈપણ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે પોતાનું નામ દાખલ કરાવ્યું હોય તેવી કોઈપણ વ્યકિતનો સમાવેશ થાય છે;

(૧૪) "અભ્યાસ કેન્દ્ર" એટલે, યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓને સલાહ આપવા, તેમની સાથે વિચાર વિનિમય કરવા, મૂલ્યાંકન કરવા અથવા અન્ય આવશ્યક મદદ આપવા માટેના હેતુ માટે સ્થાપેલ, નિભાવેલ અથવા માન્ય કરેલ કેન્દ્ર ;

(૧૫) "અધ્યાપકો" એટલે, પ્રોફેસરો, રીડરો, લેકચરરો અને યુનિવર્સિટીમાં શિક્ષણ આપવા અથવા યુનિવર્સિટીનો કોઈ અભ્યાસક્રમ ચાલુ રાખવા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા અથવા મદદ પૂરી પાડવા માટે અધ્યાદેશો દ્વારા નામોદ્દિષ્ટ કરવામાં આવે તેવી અન્ય વ્યકિતઓ ;

(૧૬) "યુનિવર્સિટી" એટલે, કલમ ૩ હેઠળ સ્થાપેલ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ;

(૧૭) "કુલપતિ" એટલે, યુનિવર્સિટીના કુલપતિ.

પ્રકરણ—૨

યુનિવર્સિટી

યુનિવર્સિટીની સ્થાપના અને તેનું સંસ્થાપન.

૩. (૧) "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામની એક યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.

(૨) યુનિવર્સિટીનું મુખ્ય મથક અમદાવાદ ખાતે રહેશે; અને યુનિવર્સિટી, રાજ્યમાં પોતાને યોગ્ય લાગે તેવા અન્ય સ્થળોએ સંસ્થાઓ, શાળાઓ, પ્રાદેશિક કેન્દ્રો અને અભ્યાસ કેન્દ્રો સ્થાપી શકશે, નિભાવી શકશે અથવા તેને માન્યતા આપી શકશે.

(૩) પ્રથમ કુલપતિ, વ્યવસ્થાપક બોર્ડ, શૈક્ષણિક આયોજન બોર્ડ અને નાણાં સમિતિના પ્રથમ સભ્યો અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તે તમામ વ્યકિતઓએ હોદ્દા અથવા સભ્યપદ ધરાવવાનું ચાલુ રાખે ત્યાં સુધી તે બધાનું "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" એ નામનું સંસ્થાપિત મંડળ આથી રચવામાં આવે છે અને તે તરીકે જાહેર કરવામાં આવે છે અને યુનિવર્સિટીને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

યુનિવર્સિટીના ઉદ્દેશો.

૪. યુનિવર્સિટીનો ઉદ્દેશ, કોઈપણ સંદેશા વ્યવહાર પધ્ધતિના ઉપયોગ સહિત વિવિધ સાધનો દ્વારા શિક્ષણ અને જ્ઞાનની વૃધ્ધિ અને પ્રસાર કરવાનો, વસતીનાં મોટા ભાગને ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડવાનો અને સામાન્ય રીતે લોકોના કલ્યાણ માટે શિક્ષણને ઉત્તેજન આપવાનો ઓપન યુનિવર્સિટીને અને રાજ્યના શૈક્ષણિક ઢાંચામાં દૂરવર્તી શિક્ષણ પધ્ધતિને, પ્રોત્સાહન આપવાના રહેશે.

યુનિવર્સિટીની સત્તા.

૫. યુનિવર્સિટીને નીચેની સત્તા રહેશે :—

(૧) યુનિવર્સિટી વખતોવખત નક્કી કરે તેવા જ્ઞાન, ટેકનોલેજી વ્યવસાયી અને ધંધાદારી શાખાઓમાં શિક્ષણ માટે જોગવાઈ કરવાની અને સંશોધન, પ્રગતિ અને વિસ્તરણ માટે જોગવાઈ કરવાની ;

INDEX

(૨) પદવી, ડિપ્લોમાઓ, પ્રમાણપત્રો અથવા અન્ય કોઈ હેતુ માટે અભ્યાસક્રમોનું આયોજન કરવાની અને તે ઠરાવવાની ;

(૩) પરીક્ષા અથવા કસોટી લેવાની અને યુનિવર્સિટીમાં માન્ય અભ્યાસ પૂરો કર્યો હોય અથવા સ્ટેચ્યુટ અને અધ્યાદેશોથી જણાવેલી રીતે સંશોધન કર્યું હોય તે વ્યકિતઓને પદવી અને ડિપ્લોમા આપવાની અને તેને પ્રમાણપત્રો અથવા શૈક્ષણિક માનપત્રો અથવા માન્યતા આપવાની ;

(૪) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે માનદ્ પદવીઓ અથવા બીજાં શૈક્ષણિક વિશિષ્ટ માન આપવાની;

(૫) સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે, યુનિવર્સિટીએ એનાયત કરેલી અથવા આપેલી કોઈ પદવી ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર પાછાં ખેંચી લેવાની અથવા રદ કરવાની ;

(૬) યુનિવર્સિટીના શૈક્ષણિક કાર્યક્રમોના સંબંધમાં દૂરવર્તી પદ્ધતિથી શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાની રીત નક્કી કરવાની;

(૭) શિક્ષણ આપવા માટે અથવા શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે અથવા વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ અંગે માર્ગદર્શન, આલેખન અને તે આપવા અને તેમણે કરેલા કામના મૂલ્યાંકન સહિત, અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સંચાલન કરવાની અને તેમની લાયકાતો ઠરાવવા માટે જરૂરી પ્રોફેસરોની, રીડરોની, લેકચરરોની અને શૈક્ષણિક જગાઓ ઊભી કરવાની;

(૮) વ્યકિતઓને અધ્યાપકો તરીકે નીમવાની, રાખવાની અથવા માન્ય કરવાની;

(૯) જુદી જુદી પરીક્ષાઓ માટે શિક્ષણના અભ્યાસક્રમો ઠરાવવાની;

(૧૦) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુ માટે બીજી કોઈ યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, વ્યવસાયિક મંડળો અને સંગઠનો સાથે સહકાર આપવાની અને તેમનો સહકાર માંગવાની;

(૧૧) ટ્રસ્ટો અને દેણગીઓ ધરાવવાની અને તેનો વહીવટ કરવાની અને ફેલોશીપ, શિષ્યવૃત્તિ, ચંદ્રકો, ઈનામો અને ગુણવત્તાની માન્યતા માટે હોય તેવા બીજા અન્ય એવોર્ડો શરૂ કરવાની અને એનાયત કરવાની

(૧૨) યુનિવર્સિટી વખતો વખત નક્કી કરે તેવા પ્રાદેશિક કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા તે માન્ય કરવાની ;

(૧૩) સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તે રીતે, અભ્યાસ કેન્દ્રો સ્થાપવાની, નિભાવવાની અથવા માન્ય કરવાની ;

(૧૪) પ્રાદેશક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓ તપાસવાનો અને તમાં શિક્ષણ, અધ્યાપન અને તાલીમનાં યોગ્ય ધોરણો જળવાય છે તે અને તેમાં ગ્રંથાલય તેમજ પ્રયોગ-શાળાની પૂરતી સગવડ છે, તેની ખાતરી માટે પગલાં લેવાની;

(૧૫) ફિલ્મો, કેસેટો, ટેપો, વિડિયો કેસેટો અને અન્ય સોફ્ટવેર સહિતની શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવા માટે જોગવાઈ કરવાની;

(૧૬) અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકન કરનારાઓ, અને અન્ય શૈક્ષણિક સ્ટાફ માટે ઓપવર્ગ, વર્કશોપ, સેમિનાર અને અન્ય કાર્યક્રમોની વ્યવસ્થા કરવાની અને તેનું સંચાલન કરવાની;

(૧૭) અધ્યાપન અને સંશોધન માટે સહિયારી પ્રયોગશાળાઓ, ગ્રંથાલયો, સંગ્રહાલયો અને બીજી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવાની;

(૧૮) અન્ય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ અથવા યુનિવર્સિટીના અભ્યાસક્રમની પરીક્ષાઓ અથવા પિરીયડોને સમકક્ષ હોય તેવા ઉચ્ચ શિક્ષણનાં અન્ય સ્થળોની પરીક્ષાઓ અથવા અભ્યાસના (પૂરેપૂરા અથવા તેના ભાગના) પિરીયડોને માન્ય કરવાની અને કોઈપણ સમયે આવી માન્યતા પાછી ખેંચી લેવાની ;

(૧૯) શૈક્ષણિક ટેકનોલોજી અને તેની સાથે સંકળાયેલ બાબતોમાં સંશોધન કરવા અને તેનો વિકાસ કરવા માટે જોગવાઈ કરવાની;

(૨૦) યુનિવર્સિટીને વખતોવખત જરૂરી લાગે તેવી વહીવટી, દફતરી અને બીજી જગાઓ ઉભી કરવાની અને તે અંગે નિમણૂકો કરવાની;

INDEX

(૨૧) શૈક્ષણિક અને અન્ય સામાજિક અથવા રાષ્ટ્રીય કારણો માટે લાભો, સખાવતો અને બક્ષિસો સ્વીકારવાની અને તેના યોગ્ય હિસાબો રાખવાની;

(૨૨) યુનિવર્સિટીના હેતુઓ માટે જંગમ અથવા સ્થાવર બન્ને મિલકત સંપાદન કરવાની, ધરાવવાની અને તેની વ્યવસ્થા કરવાની, તેનામાં નિહિત થાય તેવી અથવા પોતે સંપાદન કરે તેવી કોઈપણ જંગમ અથવા સ્થાવર મિલકત પટે આપવાની, વેચવાની અથવા અન્યથા તબદીલ કરવાની અથવા તેનો નિકાલ કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે કરાર કરવાની અને જરૂરી અન્ય તમામ કાર્યો અને કૃત્યો કરવાની :

પરંતુ રાજ્ય સરકારની પૂર્વ સંમતિ સિવાય આવી રીતે સ્થાવર મિલકત પટે આપી શકાશે નહિ, વેચી શકાશે નહિ અથવા તબદીલ કરી શકાશે નહિ :

વધુમાં, રાજ્ય સરકારને ખાતરી થાય કે આવી કોઈપણ મિલકત યુનિવર્સિટીના હિતમાં, પટે આપી શકાય, વેચી શકાય અથવા અન્યથા તબદીલ કરી શકાય અથવા તેનો નિકાલ કરી શકાય ત્યારે, રાજ્ય સરકારે યુનિવર્સિટીને જરૂરી આદેશો આપવા જોઈશે અને યુનિવર્સિટીએ આવા આદેશોનું તરત જ પાલન કરવું જોઈશે ;

(૨૩) યુનિવર્સિટીના હેતુઓ માટે રાજ્ય સરકારની મંજૂરીથી, યુનિવર્સિટીની મિલકતની જામીનગીરી ઉપર અથવા અન્યથા, નાણાં ઉછીનાં લેવાની;

(૨૪) કરારો કરવાની, પાર પાડવાની, તેમાં ફેરફાર કરવાની અથવા તે રદ કરવાની;

(૨૫) અધ્યાદેશોથી ઠરાવવામાં આવે તેવી ફી અને અન્ય ચાર્જો નક્કી કરવાની, માંગવાની અને લેવાની;

(૨૬) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં શિસ્ત પલાવવાની, તેનું નિયંત્રણ કરવાની અને તે જાળવવાની;

(૨૭) યુનિવર્સિટીના કર્મચારીઓ અને અધ્યાપકીય, અન્ય શૈક્ષણિક અને બિન- અધ્યાપકીય સ્ટાફના સભ્યોના પગાર ધોરણો, ભથ્થાં અને નોકરીની બીજી શરતો અને તેની આચાર સંહિતા જણાવવાની અને તેનું નિયમન કરવાની;

(૨૮) યુનિવર્સિટી નક્કી કરે તેવા હેતુઓ માટે ઉચ્ચ શિક્ષણ અથવા અભ્યાસક્રમોની કોઈપણ સંસ્થા માન્ય કરવાની અને આવી માન્યતા પાછી ખેંચી લેવાની;

(૨૯) મુલાકાતી પ્રોફેસરો, નિવૃત્ત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલરો, કલાકારો, કોર્સ રાઈટર અને યુનિવર્સિટીના ઉદ્દેશોની ઉન્નતિમાં ફાળો આપે તેવી અન્ય વ્યકિતઓને કરારથી અથવા અન્યથા રાખવાની;

(૩૦) યુનિવર્સિટીના અનુસ્નાતક અધ્યાપન અને સંશોધન કાર્યનું સંચાલન, સંકલન દેખરેખ નિયમન અને નિયંત્રણ કરવાની;

(૩૧) અધ્યાદેશોથી જણાવવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ યુનિવર્સિટીનાં અધ્યાપકો તરીકે અન્ય યુનિવર્સિટીઓમાં, સંસ્થાઓમાં અથવા સંગઠનોમાં કામ કરતી વ્યકિતઓને માન્ય કરવાની;

(૩૨) જેમાં પરીક્ષા, મૂલ્યાંકન અને કસોટીની કોઈ અન્ય પધ્ધતિનો સમાવેશ કરી શકાય તેવા યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં, વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેના ધોરણો અને શરતો નિર્દિષ્ટ કરવાની;

(૩૩) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સામે શિસ્તભંગના પગલાં લેવાની અને યુનિવર્સિટીની અંદર અથવા તેની બહાર પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીઓએ પોતે જ અથવા બીજી કોઈ વ્યકિતઓ દ્વારા ગેરરીતિઓ આચરવા અથવા તેમાં મદદગારી કરવા સહિત, શિસ્તભંગ અથવા ગેરવર્તણૂક માટે યોગ્ય લાગે તેવી શિક્ષા તેઓને કરવાની;

(૩૪) વિદ્યાર્થીઓ અને કર્મચારીઓના સામાન્ય સ્વાસ્થ્ય અને કલ્યાણનાં પ્રોત્સાહન માટે ગોઠવણ કરવાની;

(૩૫) યુનિવર્સિટીની તમામ અથવા તે પૈકી કોઈપણ સત્તા વાપરવા જરૂરી અથવા આનુષંગિક હોય અને યુનિવર્સિટીના ઉદ્દેશોને પ્રોત્સાહન આપવામાં સહાયક હોય તેવા તમામ અન્ય કાર્યો કરવાની.

INDEX

હકૂમત.

૬. યુનિવર્સિટીને, પોતાની સત્તાની રૂએ, સમગ્ર ગુજરાત રાજ્યમાં હકૂમત રહેશે.

તમામ વર્ગો, જ્ઞાતિઓ અને પંથ માટે યુનિવર્સિટી ખુલ્લી રહેશે.

૭. (૧) યુનિવર્સિટી, લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ અથવા વર્ગની વ્યક્તિઓ માટે ખુલ્લી રહેશે અને કોઈ વ્યક્તિને યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે નીમવા અથવા તેમાં બીજો કોઈપણ હોદ્દો કે જગા ધરાવવા અથવા યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકે દાખલ થવા અથવા તેમાં સ્નાતક થવા અથવા કોઈ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવા અથવા યુનિવર્સિટીનો કોઈ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો લાભ મેળવવાનો હક મળી શકે તે માટે યુનિવર્સિટી તેના માટે કોઈ લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ અથવા ધાર્મિક માન્યતા અથવા વ્યવસાય અથવા રાજકીય અથવા બીજા કોઈ મંતવ્ય અંગેની કોઈ કસોટી સ્વીકારે અથવા રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

(૨) પેટા-કલમ (૧)માંના કોઈ મજકૂરથી રાજ્ય સરકાર, વખતોવખત કોઈ આદેશ આપે તો તે અનુસાર, સ્ત્રીઓ અથવા સમાજના નબળા વર્ગોની વ્યક્તિઓ અને ખાસ કરીને અનુસૂચિત જાતિની અથવા અનુસૂચિત આદિજાતિની વ્યક્તિઓને, નિમણૂક અથવા પ્રવેશ આપવા માટેની કોઈ ખાસ જોગવાઈઓ કરવામાં યુનિવર્સિટીને બાધ આવે છે એમ ગણાશે નહિ.

પ્રકરણ-૩

યુનિવર્સિટીના અધિકારીઓ

યુનિવર્સિટીના અધિકારીઓ.

૮. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે મુજબ રહેશે :—

(૧) કુલાધિપતિ,

(૨) કુલપતિ;

(૩) નિયામકો;

(૪) રજિસ્ટ્રારો; અને

(૫) સ્ટેચ્યુટથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવા યુનિવર્સિટીની સેવામાંના બીજા અધિકારીઓ.

કુલાધિપતિ અને તેમની સત્તા.

૯. (૧) ગુજરાતના રાજ્યપાલ, યુનિવર્સિટીના કુલાધિપતિ રહેશે.

(૨) કુલાધિપતિ, યુનિવર્સિટીના કોઈપણ કામકાજને લગતી માહિતી અથવા રેકોર્ડ, વખતોવખત મંગાવવાને સક્ષમ રહેશે અને કુલપતિએ તે પૂરું પાડવું જોઈશે એવી માહિતી અથવા રેકોર્ડ જોઈ ગયા પછી, યુનિવર્સિટીના હિતમાં, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કુલપતિને આપવાનું પણ કુલાધિપતિ માટે કાયદેસર ગણાશે અને કુલપતિએ તેવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૩) પેટા-કલમો (૪) અને (૫)ની જોગવાઈઓને અધીન રહીને, કુલાધિપતિને પોતે આદેશ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા યુનિવર્સિટીની, તેના મકાનોની, ગ્રંથાલયોની, પ્રયોગશાળાઓની અને સાધન સામગ્રીની અને કોઈપણ પ્રાદેશિક કેન્દ્રની અથવા અભ્યાસ કેન્દ્રની અને યુનિવર્સિટીએ લીધેલ કોઈ પરીક્ષા, શિક્ષણ અને કરેલ અન્ય કામની તપાસ કરાવડાવવાનો અને યુનિવર્સિટીના વહીવટ અને નાણા સાથે સંકળાયેલી કોઈ બાબતના સંબંધમાં તેવી જ રીતે તપાસ કરાવડાવવાનો હક રહેશે.

(૪) કુલાધિપતિ, દરેક કિસ્સામાં, નિરીક્ષણ કરાવવાના અથવા તપાસ કરાવવાના પોતાના ઈરાદાની યુનિવર્સિટીને નોટિસ આપવી જોઈશે અને યુનિવર્સિટીને, આવી નોટિસ મળ્યે, નોટિસ મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર અથવા કુલાધિપતિ નક્કી કરે તેવી બીજી કોઈ મુદતની અંદર પોતાને જરૂરી લાગે તેવી રજૂઆત કરવાનો હક રહેશે.

(૫) યુનિવર્સિટીએ, કોઈ રજૂઆત કરી હોય તો તેની વિચારણા કર્યા પછી, કુલાધિપતિ, પેટા-કલમ (૩)માં ઉલ્લેખ કર્યા પ્રમાણે નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે.

(૬) કુલાધિપતિ કોઈ નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવે ત્યારે, યુનિવર્સિટીને પ્રતિનિધિ નિમવાનો હક રહેશે, જેઓને એવા નિરીક્ષણ અથવા તપાસ વખતે જાતે હાજર રહેવાનો અને સુનાવણીનો હક રહેશે.

(૭) કુલાધિપતિ આવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામના સંદર્ભમાં કુલાધિપતિ તેના ઉપર પગલાં લેવા સંબંધી સલાહ આપવા ઈચ્છે તેવા મંતવ્ય સાથે લખાણ કરી શકશે અને કુલાધિપતિએ કરેલ લખાણ કુલપતિએ નિરીક્ષણ અથવા તપાસના પરિણામની અને કુલાધિપતિના મંતવ્યની અને તે અંગે લીધેલાં પગલાં ઉપર પોતે આપેલી સલાહની વ્યવસ્થાપક બોર્ડને તરત જ જાણ કરવી જોઈશે.

INDEX

(૮) વ્યવસ્થાપક બોર્ડે, કુલપતિ મારફત કુલાધિપતિને, એવા નિરીક્ષણ અથવા તપાસના પરિણામે પોતે લેવા ધારેલ હોય અથવા લેવામાં આવ્યા હોય તેવા કોઈપણ પગલાંની જાણ કરવી જોઈશે.

(૯) વ્યવસ્થાપક બોર્ડ, કુલાધિપતિએ, નક્કી કરેલ સમય-મર્યાદાની અંદર, કુલાધિપતિને ખાતરી થાય તેવી રીતે કોઈ પગલું લીધું ન હોય ત્યારે, કુલાધિપતિ, વ્યવસ્થાપક બોર્ડે આપેલ કોઈ ખુલાસા અથવા કરેલ કોઈ રજૂઆતની વિચારણા કર્યા પછી, પોતાને યોગ્ય લાગે તેવા આદેશો કાઢી શકશે અને વ્યવસ્થાપક બોર્ડ તેવા આદેશોનું પાલન કરવા બંધાયેલ રહેશે.

(૧૦) રાજ્ય સરકાર, જ્યારે જ્યારે પોતાને યોગ્ય લાગે ત્યારે ત્યારે, પેટા-કલમો (૨) થી (૯)માં વર્ણવેલી રીતે તેવાં નિરીક્ષણ અથવા તપાસ કરાવડાવી શકશે અને તેને આવા નિરીક્ષણ અથવા તપાસના હેતુઓ માટે સદરહુ પેટા--કલમો હેઠળ કુલાધિપતિને તમામ સત્તા રહેશે.

કુલપતિ

૧૦. (૧) રાજ્ય સરકાર પેટા-કલમ (૨) હેઠળના હેતુ માટે નિમાયેલી સમિતિએ પેટા--કલમ (૩) હેઠળ ભલામણ કરેલી ત્રણ વ્યકિતઓમાંથી કુલપતિની નિમણૂક કરશે.

(૨) (ક) પેટા--કલમ (૧) ના હેતુઓ માટે કુલાધિપતિ એક સમિતિ નિમશે જે નીચેના સભ્યોની બનશે:—

(૧) વ્યવસ્થાપક બોર્ડે સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો, યુનિવર્સિટી સાથે સંકળાયેલ ન હોય તેવો એક સભ્ય;

(૨) ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપિત તમામ યુનિવર્સિટીઓના કુલપતિએ સ્ટેચ્યુટથી ઠરાવેલી રીતે નિયુકત કરવાનો એક સભ્ય;

(૩) કુલાધિપતિએ નિયુકત કરવાનો એક સભ્ય.

(ખ) કુલાધિપતિ, સમિતિના ત્રણ સભ્યોમાંથી એક સભ્યને તેના અધ્યક્ષ તરીકે નીમશે.

(૩) તેવી રીતે નિમાયેલી સમિતિ, વાજબી સમયની અંદર કુલપતિ તરીકે નિમાવા માટે પોતે યોગ્ય ગણે તેવી ત્રણ વ્યકિતઓને પસંદ કરશે અને રાજ્ય સરકારને, તેમના સંબંધી તેવી બીજી વિગતો સાથે તેવી રીતે પસંદ કરેલી વ્યકિતઓનાં નામોની ભલામણ કરશે :

પરંતુ કોઈ વ્યકિત કુલપતિ તરીકે નિમાયેલી હોય તો તે ત્રણ વર્ષની મુદત પૂરી થતાં પહેલા, ૬૫ વર્ષની ઉંમરે પહોંચવાને કારણે તે હોદ્દો ધરાવતી બંધ થાત, તેને શકય હોય તેટલે સુધી, સમિતિ પસંદ કરી શકશે નહિ.

(૪) કુલપતિ, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે વધુ ત્રણ વર્ષની મુદત માટે તે હોદ્દા ઉપર ફેર નિમણૂકને પાત્ર ગણાશે :

પરંતુ રાજ્ય સરકાર, કોઈપણ કુલપતિને , તેની મુદત પૂરી થયા પછી, રાજ્ય સરકાર, નિર્દિષ્ટ કરે તે પ્રમાણે એક વર્ષની કુલ મુદતથી વધુ ન હોય તેટલી મુદત સુધી હોદ્દા પર ચાલુ રહેવા ફરમાવી શકશે.

વધુમાં કુલપતિ તરીકે નિમાયેલી કોઈ વ્યકિત ૬૫ વર્ષની ઉંમર થયા પછી તે તરીકે હોદ્દો ધરાવવાનું ચાલુ રાખી શકશે નહિ.

(૫) કુલપતિને આપવાનું મળતર અને જેને અધીન રહીને તેણે હોદ્દો ધરાવવો જોઈશે તે બોલીઓ અને શરતો સ્ટેચ્યુટોથી ઠરાવવામાં આવે તેવા રહેશે.

કુલપતિની સત્તા.

૧૧. (૧) કુલપતિ, યુનિવર્સિટીના મુખ્ય શૈક્ષણિક અને વહીવટી અધિકારી રહેશે અને યુનિવર્સિટીના કામકાજ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાની સત્તા વાપરશે અને યુનિવર્સિટીનાં તમામ અધિકારી મંડળના નિર્ણયોનો અમલ કરાવશે.

(૨) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો એવો અભિપ્રાય થાય કે કોઈપણ બાબત ઉપર તાત્કાલિક પગલું લેવું જરૂરી છે તો, તેઓ, આ અધિનિયમથી અથવા તે હેઠળ યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને સોંપેલી કોઈપણ સત્તા વાપરી શકશે અને તેવી બાબત ઉપર પોતે લીધેલાં પગલાં વિષે તેવા અધિકારીમંડળને જાણ કરશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો એવો અભિપ્રાય થાય કે આવું પગલું લેવામાં આવ્યું નથી તો, તેઓ તે બાબત કુલાધિપતિને મોકલી શકશે, જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે ।

INDEX

વધુમાં, આ પેટા–કલમ હેઠળ કુલપતિએ લીધેલા પગલાંથી નારાજ થયેલી હોય તેવી યુનિવર્સિટીની સેવામાંની કોઈપણ વ્યક્તિને, તેને આવા પગલાંની જે તારીખે જાણ કરવામાં આવી હોય તે તારીખથી નેવું દિવસની અંદર, વ્યવસ્થાપક બોર્ડને આવા પગલાં સામે, અપીલ કરવાનો હક રહેશે અને તેમ થયે, વ્યવસ્થાપક બોર્ડ, કુલપતિએ લીધેલાં પગલાંને બહાલ રાખી શકશે, તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે.

(૩) આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, કુલપતિનો એવો અભિપ્રાય થાય કે કોઈપણ અધિકારીમંડળનો કોઈ નિર્ણય અથવા હુકમ, તેને આપેલી અધિકારીમંડળની સત્તા બહારનો છે અથવા આ અધિનિયમ, સ્ટેચ્યુટ,સ અધ્યાદેશો, નિયમો અથવા વિનિયમોની જોગવાઈઓસાથે અસંગત છે અથવા લીધેલા કોઈપણ નિર્ણય, યુનિવર્સિટીના હિતમાં નથી અથવા શાંતિનો ભંગ થવાનો સંભવ છે, તો, એવા નિર્ણયના સાઠ દિવસની અંદર પોતાના નિર્ણયની પુનર્વિચારણા કરવાનું સંબંધિત અધિકારીમંડળને પોતે કહી શકશે અને સંબંધિત અધિકારીમંડળ, કુલપતિએ આદેશ આપ્યા પ્રમાણે પોતાના નિર્ણયની પૂરેપૂરી અથવા અંશત: રીતે પુનર્વિચારણા કરવાની ના પાડે, અથવા સાઠ દિવસની સદરહુ મુદતની અંદર તે નિર્ણય ન લે તો, તે બાબત રાજ્ય સરકારને મોકલવી જોઈશે જેમનો તે અંગેનો નિર્ણય આખરી ગણાશે :

પરંતુ સંબંધિત અધિકારીમંડળનો નિર્ણય, આ પેટા–કલમ હેઠળ, અધિકારીમંડળે અથવા યથા-પ્રસંગ, રાજ્ય સરકાર પુનર્વિચારણા કરે તે મુદત દરમિયાન મુલતવી રાખવો જોઈશે.

(૪) અધિકારીમંડળ, પુન:વિચારણા કર્યા પછી, કુલપતિએ જણાવેલી રીતે કોઈ નિર્ણય અથવા હુકમમાં સુધારો કરે અથવા તેમાં ફેરફાર કરે ત્યારે એવી રીતે સુધારેલા અથવા ફેરફાર કરેલા નિર્ણય અથવા હુકમ, તેવા સુધારા અથવા ફેરફાર કર્યાની તારીખથી ફરીથી અમલમાં આવશે.

(૫) આ અધિનિયમ, સ્ટેચ્યુટ, અધ્યાદેશો, વિનિયમો અને નિયમોનું વિશ્વાસપૂર્વક પાલન કરવામાં આવે છે તેવું સુનિશ્ચિત કરવાની કુલપતિની ફરજ ગણાશે અને આ હેતુ માટે તેમને તમામ જરૂરી સત્તા રહેશે.

(૬) કુલપતિ, સ્ટેચ્યુટ અને અધ્યાદેશો દ્વારા ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવાં બીજાં કાર્યો બજાવશે.

નિયામકો.

૧૨. રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે, મળતરોએ અને સેવાની અન્ય શરતોએ, નિયામકોની નિમણૂક કરવી જોઈશે અને સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો અને કાર્યો બજાવશે.

રજિસ્ટ્રાર.

૧૩. (૧) રાજ્ય સરકારે કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેવી રીતે તેવા મળતરોએ અને સેવાની શરતોએ રજિસ્ટ્રારની નિમણૂક કરવી જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે સત્તા આપેલ રજિસ્ટ્રારને યુનિવર્સિટી વતી, કબૂલાતો અને કરારો કરવાની અને તેના ઉપર સહી કરવાની અને રેકર્ડ પ્રમાણિત કરવાની સત્તા રહેશે.

(૩) રજિસ્ટ્રાર, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો અને કાર્યો બજાવશે.

બીજા અધિકારીઓ.

૧૪. યુનિવર્સિટીના બીજા અધિકારીઓની નિમણૂકની રીત, મળતર, સત્તા અને ફરજો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ-૪

યુનિવર્સિટી અધિકારીમંડળો

યુનિવર્સિટીનું અધિકારી મંડળ.

૧૫. યુનિવર્સિટીનું અધિકારીમંડળ નીચે પ્રમાણે રહેશે :–

(૧) વ્યવસ્થાપક બોર્ડ;

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડ;

(૩) નાણાં સમિતિ;

(૪) યુનિવર્સિટીનાં અધિકારીમંડળો તરીકે સ્ટેચ્યુટથી જાહેર કરવામાં આવે તેવાં બીજાં અધિકારી-મંડળો.

INDEX

વ્યવસ્થાપક બોર્ડ.

૧૬. (૧) વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીનું મુખ્ય એક્ઝિક્યુટીવ મંડળ રહેશે;

(૨) વ્યવસ્થાપક બોર્ડની રચના, તેનાં સભ્યોના હોદ્દાની મુદત અને તેની સત્તાઓ અને તેનાં કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

શૈક્ષણિક આયોજન બોર્ડ.

૧૭. (૧) યુનિવર્સિટીના શૈક્ષણિક આયોજન બોર્ડની રચના કરવી જોઈશે, જે યુનિવર્સિટીનું મુખ્ય શૈક્ષણિક અને આયોજન મંડળ રહેશે. બોર્ડ, યુનિવર્સિટીનાં અભ્યાસ, શિક્ષણ, પ્રશિક્ષણ, મૂલ્યાંકન અને પરીક્ષાનું ધોરણ જાળવવાને જવાબદાર રહેશે અને વધુમાં યુનિવર્સિટીના વિકાસને ઉત્તેજન આપવાને પણ જવાબદાર રહેશે અને સ્ટેચ્યુટોથી મળે તેવી અથવા મૂકવામાં આવે તેવી સત્તાઓ વાપરશે અને તેવી બીજી ફરજો અને કાર્યો બજાવશે.

(૨) શૈક્ષણિક આયોજન બોર્ડની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેની સત્તાઓ અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

નાણાં સમિતિ.

૧૮. નાણાં સમિતિની રચના, સત્તા, ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

બીજા અધિકારી મંડળો.

૧૯. યુનિવર્સિટીનાં અધિકારીમંડળ તરીકે સ્ટેચ્યુટથી જાહેર કર્યા હોય તેવાં બીજાં અધિકારી-મંડળોની રચના, સત્તા અને ફરજો અને કાર્યો સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવાં રહેશે.

પ્રકરણ-૫

સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અને નિયમો

સ્ટેચ્યુટો.

૨૦. આ અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને, સ્ટેચ્યુટથી નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે :–

(ક) કુલપતિ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ખ) કુલપતિના મળતરો અને સેવાની બીજી શરતો;

(ગ) અધિકારીઓની નિમણૂકની રીત અને તેમના મળતરો અને નિયામક, રજિસ્ટ્રાર અને બીજા અધિકારીઓ વાપરી શકે તે સત્તા અને બજાવી શકે તેવાં ફરજો અને કાર્યો;

(ઘ) યુનિવર્સિટીના વ્યવસ્થાપક મંડળની અને બીજા અધિકારી મંડળોની રચના, આવા અધિકારી મંડળોના સભ્યોના હોદ્દાની મુદત અને આવા અધિકારીમંડળો વાપરી શકે તેવી સત્તા અને બજાવી શકેતેવાં કાર્યો;

(ચ) યુનિવર્સિટીના અધ્યાપકો અને બીજા કર્મચારીઓની નિમણૂકની રીત, નોકરી સમાપ્ત કરવાની રીત અને બીજા શિસ્ત અંગેનાં પગલાં સહિત, લાયકાતો, આચારસંહિતા અને સેવાની અન્ય શરતો;

(છ) ટ્રસ્ટ, વસિયત, દાન અને દેણગી સ્વીકારવા અને તેની વ્યવસ્થા કરવી;

(જ) માનદ્ પદવીઓ એનાયત કરવી;

(ઝ) પદવીઓ એનાયત કરવા માટે પદવીદાન સમારંભો યોજવા;

(ટ) યુનિવર્સિટીના વિભાગો દ્વારા સંશોધન અથવા વિશિષ્ટ અભ્યાસના કેન્દ્રો અને અનુસ્નાતક કેન્દ્રો શરૂ કરવા અને નિભાવવા;

(ઠ) સ્નાતકોનું રજિસ્ટ્રેશન અને રજિસ્ટર થયેલા સ્નાતકોનું રજિસ્ટર રાખવા

(ડ) યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકોની કાર્યરીતિ અને તેમનું કાર્ય સંચાલન;

(ઢ) અભ્યાસ કેન્દ્રોમાં પ્રવેશ આપવાનાં વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા;

(ત) આ અધિનિયમની અથવા તે હેઠળ સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે અથવા ઠરાવી શકાય તેવી અન્ય તમામ બાબતો.

INDEX

સ્ટેચ્યુટો ઘડવા બાબત.

૨૧. (૧) પહેલો સ્ટેચ્યુટ રાજ્ય સરકારે ઘડવો જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડ, વખતોવખત નવા અથવા વધારાના સ્ટેચ્યુટો કરી શકશે અથવા પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલ સ્ટેચ્યુટો સુધારી અથવા રદ કરી શકશે:

પરંતુ વ્યવસ્થાપક બોર્ડ, યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળને વ્યવસ્થાપક બોર્ડે નક્કી કરેલા સમયની અંદર, સૂચિત સુધારાઓમાં પોતાનો અભિપ્રાય લેખિતમાં રજૂ કરવાની વાજબી તક આપવામાં ન આવે અને તેવી રીતે આપેલ અભિપ્રાય ઉપર, વ્યવસ્થાપક બોર્ડે, વિચારણા કરી ન હોય ત્યાં સુધી આવા અધિકારીમંડળના હોદ્દા, સત્તા અથવા રચનાને અસર કરતા કોઈપણ સ્ટેચ્યુટ ઘડી શકશે નહિ, સુધારી શકશે નહિ અથવા રદ કરી શકશે નહિ.

(૩) દરેક નવો સ્ટેચ્યુટ અથવા સ્ટેચ્યુટોમાંનો ઉમેરો અથવા તેના કોઈ સુધારો અથવા તે રદ કરવાની બાબત, કુલાધિપતિ સમક્ષ રજૂ કરવા જોઈશે, જેઓ તેને મંજૂરી આપશે અથવા મંજૂરી અટકાવશે અથવા વ્યવસ્થાપક બોર્ડને પોતે અવલોકનો કર્યા હોય તો, તેના આધારે પુનઃ વિચારણા માટે પરત મોકલી શકશે.

(૪) નવો સ્ટેચ્યુટ અથવા વિદ્યમાન સ્ટેચ્યુટને સુધારતો અથવા રદ કરતો સ્ટેચ્યુટ, કુલાધિપતિ મંજૂરી કરે, તે સિવાય કાયદેસર ગણાશે નહિ.

આદેશો.

૨૨. (૧) આ અધિનિયમની અને સ્ટેચ્યુટોની જોગવાઈઓને અધીન રહીને, અધ્યાદેશોમાં નીચેની તમામ અથવા તે પૈકી કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે:—

(ક) વિદ્યાર્થીઓના પ્રવેશ, અભ્યાસક્રમ અને તેની ફી, પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્ર અને બીજા અભ્યાસક્રમોને લગતી લાયકાતો, ફેલોશીપ, એવોર્ડ અને તેના જોવાજ માનપત્રો આપવા માટેની શરતો;

(ખ) પરીક્ષકોની, મોડરેટરોની અને અન્ય સ્ટાફની નિમણૂકની મુદત અને શરતો અને તેમની ફરજો સહિત પરીક્ષાનું સંચાલન;

(ગ) નીચેના સંબંધી નીતિ અને માપદંડ નક્કી કરવાં:—

(૧) પરીક્ષાની ફી અને પરીક્ષકો, મોડરેટરો અને પરીક્ષા કામ માટે નિમાયેલ આવા અન્ય સ્ટાફનું મળતર, મુસાફરી અને અન્ય ભથ્થાં નક્કી કરવાં બાબત;

(૨) ઓપ અભ્યાસક્રમ, વર્કશોપ, સેમિનારો અને બીજા પ્રોગ્રામોની વ્યવસ્થા અને તેના સંચાલન માટે નીમેલા અધ્યાપકો, પાઠ લખનારાઓ, મૂલ્યાંકનકારો અને બીજા શૈક્ષણિક સ્ટાફ માટે ચૂકવણી;

(૩) વિદ્યાર્થીઓ પાસેથી મળવાપાત્ર ટ્યુશન-ફી અને બીજા ચાર્જોના દર;

(૪) મુલાકાતી પ્રોફેસરો, નિષ્ણાત પ્રોફેસરો, કન્સલટન્ટો, ફેલો, સ્કોલર, કલાકાર, કોર્સ રાઈટરોને આપવાના મહેનતાણાના દર;

(ઘ) વિદ્યાર્થીઓની વર્તણૂક અને શિસ્ત અને શિસ્તભંગ અથવા ગેરવર્તણૂક બદલ તેમની સામે લેવાના પગલાં જેમાં નીચેનાંનો સમાવેશ થાય છે:—

(૧) પરીક્ષામાં અથવા તેના સંબંધમાં વિદ્યાર્થીએ પોતે જ અથવા બીજા વિદ્યાર્થી દ્વારા ગેરરીતિ આચરવા અથવા તેમાં મદદગારી કરવાનો;

(૨) પરીક્ષાના ઈન્ચાર્જ અધિકારીએ અથવા યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધિકારીમંડળે કરવાની અધિકૃત તપાસમાં હાજર રહેવાની અથવા પુરાવો આપવાની ના પાડવાનો; અથવા

(૩) યુનિવર્સિટીની અંદર અથવા બહાર અયોગ્ય અથવા અન્યથા વાંધાજનક વર્તણૂક કરવાનો;

(ચ) પરીક્ષાઓ અને બીજા ટેસ્ટ લેવા અને જે રીતે ઉમેદવારોનું પરીક્ષકો દ્વારા મૂલ્યાંકન અથવા તપાસ કરી શકાય તે રીતનો;

(છ) પ્રાદેશિક કેન્દ્રો, અભ્યાસ કેન્દ્રો અને માન્ય સંસ્થાઓની તપાસણી બાબતનો;

(જ) યુનિવર્સિટી માટે અથવા તેના વતી કરારો અથવા કબૂલાતો કરવાની રીતનો;

INDEX

(ઝ) વિદ્યાર્થીઓની બદલીના સંબંધમાં, અભ્યાસ કેન્દ્રોએ અને માન્ય સંસ્થાઓએ પાલન કરવાના અને અમલ કરવાના નિયમોનો;

(ટ) પદવીઓ, ડિપ્લોમા મેળવવા માટેઅથવા પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટ માન આપવા માટે પદવીદાન સમારંભો યોજવા અને યુનિવર્સિટીમાં માન્ય અભ્યાસક્રમ પાસ કર્યો હોય અથવા સંશોધન કર્યું હોય તેવી વ્યકિતઓની માન્યતા બાબતનો;

(ઠ) રાજ્યમાંની બીજી યુનિવર્સિટીઓ બીજા વૈધાનિક અધિકારીમંડળો અને રાજ્ય સરકારના વિભાગો સાથે સહયોગ સાધવા બાબતનો;

(ડ) સંયુકત પ્રોજેકટો હાથ ધરવા માટે બીજી કોઈ યુનિવર્સિટીમાં અથવા સંગઠનમાં કામ કરતા અધ્યાપકોની અને બીજા શૈક્ષણિક સ્ટાફની નિર્દિષ્ટ મુદત અથવા મુદતો માટે નિમણૂકો કરવા બાબતનો;

(ઢ) યુનિવર્સિટીના કર્મચારીઓની સેવાની સિનિયોરીટીનું નિયમન કરતા સિદ્ધાંતોનો;

(ત) યુનિવર્સિટી અને વિદ્યાર્થીઓ વચ્ચે તકરારની પતાવટ કરવા માટેની કાર્યરીતિનો;

(થ) અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓના સભ્યો માટે યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને બીજા કર્મચારીઓની જગાઓની પૂરતી સંખ્યા અનામત રાખવા માટેની જોગવાઈ બાબતનો;

(દ) માન્યતા પાછી ખેંચવાની રીતનો;

(ધ) સામાન્ય રીતે, આપેલી સત્તા વાપરવા અથવા ફરજો બજાવવા માટે વ્યવસ્થાપક બોર્ડના અભિપ્રાય પ્રમાણે જે તમામ બાબતો માટે જોગવાઈ કરવાનું જરૂરી હોય તે તમામ બાબતનો;

(ન) આ અધિનિયમ અથવા સ્ટેચ્યુટથી જે બાબતો માટે અધ્યાદેશો દ્વારા જોગવાઈ કરવાની હોય અથવા કરી શકાય તેવી બીજી કોઈપણ બાબતનો;

(૨) પ્રથમ અધ્યાદેશો, કુલપતિએ અથવા તેમની ગેરહાજરીમાં રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને વ્યવસ્થાપક મંડળે કરવા જોઈશે અને તે અધ્યાદેશો, સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે વ્યવસ્થાપક બોર્ડ, કોઈપણ સમયે સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં ઉમેરી શકશે.

વિનિયમો.

૨૩. યુનિવર્સિટીના અધિકારી મંડળો, વ્યવસ્થાપક બોર્ડની મંજૂરીને અધીન રહીને, તેના પોતાના અને તેણે નીમેલ હોય તો તેવી સમિતિના કામકાજ ચલાવવા માટે આ અધિનિયમ, સ્ટેચ્યુટ અથવા અધ્યાદેશ સાથે સુસંગત હોય તેવા અને જેના માટે અધિનિયમ, સ્ટેચ્યુટ અથવા અધ્યાદેશમાં જોગવાઈ કરી ન હોય તેવા સ્ટેચ્યુટથી ઠરાવવામાં આવે તેવી રીતે વિનિયમો કરી શકશે.

નિયમો કરવાની સત્તા.

૨૪. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબતો માટે આવા નિયમો કરી શકાશે:—

(ક) કલમ ૧૨ હેઠળ નિયામકોની નિમણૂકની રીત, મળતરો અને સેવાની બીજી શરતો;

(ખ) કલમ ૧૩ હેઠળ રજિસ્ટ્રારની નિમણૂકની રીત, મળતરો અને સેવાની બીજી શરતો; અને

(ગ) નિયમોથી ઠરાવવાની અથવા ઠરાવી શકાય તેવી બીજી કોઈપણ બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધીમાં રાજ્ય વિધાન મંડળ સમક્ષ મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર અથવા ત્યારપછી તરત આવતા સત્ર દરમ્યાન રાજ્ય વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા રાજ્ય વિધાનમંડળ તેમાં જે કાંઈ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ એવી રીતે જે કોઈ રદ કરે અથવા જે કાંઈ ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે તે અમલમાં આવશે.

INDEX

પ્રકરણ- ૬

નાણાં

યુનિવર્સિટી ફંડ.

૨૫. (૧) યુનિવર્સિટી, "યુનિવર્સિટી, ફંડ" એ નામનું એક ફંડ સ્થાપશે.

(૨) યુનિવર્સિટી ફંડ નીચેનાનું બનશે અથવા તે ફંડમાં નીચેની રકમો ભરી શકાશે :–

(ક) રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, ઈન્દીરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશને આપેલ તમામ ફાળા અથવા ગ્રાન્ટો;

(ખ) ગમે તે પ્રકારના સાધનોમાંથી યુનિવર્સિટીને થયેલી આવક, આમાં ફી અને ચાર્જની આવકનો સમાવેશ થાય છે;

(ગ) ટ્રસ્ટ, વસિયત, દાન, દેણગી, આર્થિક સહાય અને બીજી ગ્રાન્ટોમાંથી થતી તમામ આવક અથવા નાણાં;

(ઘ) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને બેંકોમાંથી ઉછીની લીધેલી કોઈપણ રકમ.

(૩) યુનિવર્સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટીનું "આકસ્મિક ફંડ" હોવું જોઈશે અને નિભાવવું જોઈશે, જેમાં આ હેતુ માટે ખાસ રીતે રાજ્ય સરકારે ફાળા અથવા ગ્રાન્ટ તરીકે વખતોવખત આપી હોય તેવી રકમો જમા કરવી જોઈશે. આગધાર્યા ખર્ચને પહોંચી વળવાના હેતુ માટે પેશગીઓ આપવા માટે જ, આવા ફંડનો ઉપયોગ કરવો જોઈશે.

(૪) રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, યુનિવર્સિટી ફંડનો કોઈ ભાગ, વખતોવખત યુનિવર્સિટીના હિસાબમાં અલગ સદર હેઠળ યુનિવર્સિટી જમા કરાવી શકશે:

પરંતુ જે ઉદ્દેશો માટે આવું અલગ ફંડ ઉભું કરવામાં આવ્યું હોય તે ઉદ્દેશોને સ્પષ્ટ રીતે લાગુ પડતી હોય તેવી રકમો જ આવા ખાસ સદરમાં જમા કરવી જોઈશે અને ઉધારવી જોઈશે:

વધુમાં, વ્યવસ્થાપક બોર્ડ, ખાસ ઠરાવ પસાર કરીને, યુનિવર્સિટીના હિસાબમાં એક સદરમાંથી બીજા સદરમાં કામચલાઉ રીતે કોઈપણ રકમની તબદીલીને અધિકૃત કરી શકશે.

સન ૧૯૩૪નો ૨જો. સન ૧૯૪૯નો ૧૦ મો.

(૫) યુનિવર્સિટી ફંડ, વ્યવસ્થાપક બોર્ડના સ્વવિવેકાનુસાર, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં અથવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણે, બેન્કીંગ વિનિયમ અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૨૨ હેઠળ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા કાઢી આપેલ લાઈસન્સ ધરાવતી હોય તે કોઈપણ અનુસૂચિત બેન્કમાં રાખવું જોઈશે.

વાર્ષિક નાણાંકીય અંદાજ.

૨૬. (૧) આગામી નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના વાર્ષિક નાણાંકીય અંદાજો, નાણાંકીય વર્ષના આરંભથી ઓછામાં ઓછા પાંચ મહિના પહેલા વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ તૈયાર કરવા જોઈશે.

(૨) યુનિવર્સિટીનું નાણાંકીય વર્ષ રાજ્ય સરકારના જેવું જ રહેશે.

(૩) નાણાંકીય અંદાજ, વ્યવસ્થાપક બોર્ડને તેની મંજૂરી માટે સાદર કરવા જોઈશે.

(૪) વ્યવસ્થાપક બોર્ડ ત્યારપછી, નાણાંકીય અંદાજોની નકલો, રાજ્ય સરકારને મોકલવી જોઈશે.

વાર્ષિક હિસાબો અને તેનું ઓડિટ.

૨૭. (૧) નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના હિસાબોનું વાર્ષિક પત્રક, વ્યવસ્થાપક બોર્ડની દેખરેખ હેઠળ, નાણાંકીય વર્ષ બંધ થયા પછી, ત્રણ મહિનાની મુદતની અંદર તૈયાર કરવું જોઈશે.

(૨) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કરેલ વાર્ષિક હિસાબો, રાજ્ય સરકારે નીમેલા ઓડિટરે ઓડિટ કરવાં જોઈશે.

(૩) વ્યવસ્થાપક બોર્ડે મંજૂર કર્યા પ્રમાણે, વાર્ષિક હિસાબો, ઓડિટ રિપોર્ટની નકલ અને ઓડિટરે તેના અગાઉના રિપોર્ટમાં ઉઠાવેલ વાંધા અને મુદ્દાઓ ઉપર યુનિવર્સિટીએ લીધેલાં પગલાં દર્શાવતા

INDEX

નિવેદનની એક નકલ સહિત, બનતી ત્વરાએ વ્યવસ્થાપક બોર્ડને અને કોઈપણ સંજોગોમાં નાણાંકીય વર્ષ પૂરું થયે, નવ મહિનાની મુદતની અંદર, રાજ્ય સરકારને અને રાજ્ય સરકારે નીમેલા ઓડીટરને મોકલવી જોઈશે.

(૪) કેટલીક વિશિષ્ટ પ્રવૃત્તિઓ અથવા યોજનાઓ સંબંધી હિસાબો, જે રીતે જાળવવા જોઈએ તે રીત સંબંધી અથવા ઓડિટ રિપોર્ટમાં અનિયમિતતા કરવા માટે દોષિત જણાયેલ યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ, અધિકારી અથવા કોઈ કર્મચારી સામે જરૂરી પગલાં લેવાના સંબંધમાં યુનિવર્સિટીને આદેશો આપવાને રાજ્ય સરકાર સક્ષમ ગણાશે અને યુનિવર્સિટીએ રાજ્ય સરકારના આદેશો અનુસાર કાર્ય કરવું જોઈશે.

વાર્ષિક રિપોર્ટ.

૨૮. યુનિવર્સિટીનો વાર્ષિક રિપોર્ટ, વ્યવસ્થાપક બોર્ડના આદેશો હેઠળ તૈયાર કરવો જોઈશે, જેમાં બીજી બાબતો સાથે તેના ઉદ્દેશોનું પાલન કરવા માટે યુનિવર્સિટીએ લીધેલા પગલાંનો સમાવેશ થશે.

રાજ્ય સરકારનું નાણાંકીય નિયંત્રણ.

૨૯. (૧) રાજ્ય સરકારની અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલ કોઈ અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, યુનિવર્સિટી –

(૧) અધિકારીઓની, અધ્યાપકોની અથવા બીજા કર્મચારીઓની કોઈ નવી જગાઓ, ઉભી કરી શકશે નહિ;

(૨) તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલ નાણાંકીય જવાબદારીવાળા પગાર, ભથ્થાં, નિવૃત્તિ પછીના લાભો અને બીજા લાભો સુધારી શકશે નહિ;

(૩) કોઈપણ વિકાસ કામો પરનો કોઈ ખર્ચ વધારી શકશે નહિ.

(૨) રાજ્ય સરકારની અથવા આવા અધિકૃત અધિકારીની પૂર્વ મંજૂરી લીધા સિવાય, ઊભી કરેલી કોઈ જગા, તેના અધિકારીઓ, અધ્યાપકો અને બીજા કર્મચારીઓને આપેલા કોઈ નાણાકીય લાભો અથવા કોઈ વિકાસ કામ અંગે કરેલ કોઈ ખર્ચને સહાયક અનુદાનની ચૂકવણીના હેતુ માટે મંજૂર કર્યા વગરના ખર્ચ તરીકે ગણી શકાશે.

પ્રકરણ--૭

પરચૂરણ જોગવાઈઓ

કર્મચારીઓની નોકરીની શરતો.

૩૦. (૧) યુનિવર્સિટીના દરેક કર્મચારીને લેખિત કરારથી નીમવામાં આવશે અને આવો કરાર, આ અધિનિયમ, સ્ટેચ્યુટસ અને અધ્યાદેશોની જોગવાઈઓ સાથે અસંગત હોવો જોઈએ નહિ.

(૨) પેટા કલમ (૧)માં ઉલ્લેખેલ કરાર, યુનિવર્સિટી પાસે રાખવો જોઈશે અને તેની એક નકલ, સંબંધિત કર્મચારીને આપવી જોઈશે

લવાદી ટ્રિબ્યુનલ.

૩૧. યુનિવર્સિટી અને યુનિવર્સિટીના કોઈ અધિકારી અથવા અધ્યાપક વચ્ચેના કરારમાંથી ઉપસ્થિત થયેલ કોઈ તકરાર, સંબંધિત અધિકારી અથવા અધ્યાપકની વિનંતી ઉપરથી, વ્યવસ્થાપક બોર્ડે નિયુક્ત કરેલો એક સભ્ય સંબંધિત અધિકારીએ અથવા અધ્યાપકે નિયુક્ત કરેલો એક સભ્ય અને કુલાધિપતિએ નીમવાના મધ્યસ્થીની બનેલી લવાદી ટ્રિબ્યુનલને લખી મોકલવી જોઈએ. ટ્રિબ્યુનલનો નિર્ણય આખરી ગણાશે અને ટ્રિબ્યુનલે નક્કી કરેલી બાબતના સંબંધમાં કોઈપણ દીવાની કોર્ટમાં દાવો માંડી શકશે નહિ. આવી દરેક વિનંતી, ભારત લવાદી અધિનિયમ, ૧૯૪૦ના અર્થ મુજબ, આ કલમની શરતોએ લવાદીમાં રજૂ કરી હોવાનું ગણાશે અને તે અધિનિયમની જોગવાઈઓ તદ્નુસાર લાગુ પડશે. **સન ૧૯૪૦-નો ૧૦મો.**

INDEX

સત્તાની સોંપણી.

૩૨. આ અધિનિયમ અને સ્ટેચ્યુટની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા અધિકારી મંડળ,હુકમ કરીને સ્ટેચ્યુટો, અધ્યાદેશો અને વિનિયમો કરવાની સત્તા સિવાય, પોતાની અથવા તેની સત્તા પોતાના અથવા તેના નિયંત્રણ હેઠળના બીજા કોઈ અધિકારીને અથવા અધિકારી મંડળને સોંપી શકશે અને એવી શરતને અધીન રહેશે કે એ રીતે સોંપેલી સત્તા વાપરવા માટેની છેવટની જવાબદારી, તેને સોંપતા અધિકારી અથવા અધિકારીમંડળમાં સત્તા નિહિત થવાનું ચાલુ રહેશે.

યુનિવર્સિટીના અધિકારી-મંડળો અને મંડળોની રચના સંબંધી તકરારો.

૩૩. (૧) (ક) આ અધિનિયમની અથવા કોઈ સ્ટેચ્યુટસ, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોની કોઈ જોગવાઈના અર્થઘટન અંગે; અથવા

(ખ) કોઈ વ્યકિત, યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા બીજા મંડળના સભ્ય તરીકે યોગ્ય રીતે નીમાયેલ છે કે કેમ અથવા એવા સભ્ય તરીકે હકદાર છે કે કેમ તે સંબંધી,

કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે, તે બાબત રાજ્ય સરકારને રજૂ કરવી જોઈશે, જેનો તે પરનો નિર્ણય આખરી ગણાશે.

(૨) યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા મંડળમાં નિયુકત કરેલી કોઈપણ વ્યકિત અથવા હોદ્દાની રૂએ નીમેલા સભ્ય, સંબંધિત અધિકારીમંડળ, જ્યારે તેની નિયુકિત અથવા નિમણૂંક રદ કરે અથવા જેની રૂએ તે યુનિવર્સિટીના અધિકારી મંડળ અથવા મંડળનો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો બંધ થાય ત્યારે, પોતાનો હોદ્દો ખાલી કર્યો છે એમ ગણાશે.

પ્રસંગોપાત ખાલી પડતી જગા ભરવા બાબત.

૩૪. યુનિવર્સિટીના કોઈ અધિકારી મંડળ અથવા બીજા કોઈ મંડળના (હોદ્દાની રૂએ હોય તેવા સભ્ય સિવાયના) સભ્યનો હોદ્દો, તેવા સભ્યના હોદ્દાની મુદત પૂરી થાય તે પહેલાં, ખાલી પડે, તો તેવી જગા, જેમ બને તેમ જલ્દી, યથાપ્રસંગ, કોઈ એક સભ્યને નીમીને અથવા તેને કો-ઓપ્ટ કરીને ભરવી જોઈશે અને તે સભ્ય, પોતે જે સભ્યને બદલે નિમાયેલો અથવા કો-ઓપ્ટ થયેલો હોય તે સભ્ય, જો તે જગા ખાલી પડી ન હોત તો, જેટલો સમય હોદ્દો ધરાવત તેટલા સમય સુધી જ તે હોદ્દો ધરાવશે.

જગા ખાલી પડવાને લીધે કાર્યવાહી અમાન્ય ગણાશે નહિ.

૩૫. યુનિવર્સિટીના કોઈ અધિકારીમંડળ અથવા અન્ય કોઈ મંડળનું કાર્ય અથવા કાર્યવાહી, તેના સભ્યપદ ખાલી પડવાના કારણે જ અમાન્ય ગણાશે નહિ.

અધિકારીક મંડળો અને અધિકારીઓ જવાબદાર હોવા બાબત.

૩૬. યુનિવર્સિટીનું હિત યોગ્ય રીતે સલામત છે, તેવું સુનિશ્ચિત કરવા માટે યુનિવર્સિટીના દરેક અધિકારી મંડળો અને અધિકારીઓની ફરજ ગણાશે.

શુધ્ધબુધ્ધિથી લીધેલા પગલાંનુ રક્ષણ.

૩૭. આ અધિનિયમ, સ્ટેચ્યુટો, અધ્યાદેશો, વિનિયમો અથવા નિયમોની કોઈપણ જોગવાઈ અનુસાર શુધ્ધબુધ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઈ કાર્ય માટે યુનિવર્સિટીના કોઈ અધિકારી, કર્મચારી અથવા અધિકારીમંડળ સામે કોઈપણ દાવો અથવા અન્ય કાનૂની કાર્યવાહી માંડી શકાશે નહિ.

યુનિવર્સિટીના રેકર્ડની સાબિતીની રીત.

૩૮. યુનિવર્સિટીના કોઈપણ અધિકારીમંડળ અથવા સમિતિની કોઈ પહોંચ, અરજી, નોટિસ, હુકમ, કાર્યવાહી, ઠરાવની નકલ અથવા યુનિવર્સિટીના કબજામાંના અન્ય દસ્તાવેજો અથવા યુનિવર્સિટીએ યોગ્ય રીતે જાળવેલ કોઈ રજિસ્ટરમાંની કોઈ નોંધ, રજિસ્ટ્રારે પ્રમાણિત કરી હોય તો તે, બાબતોના પુરાવા તરીકે દાખલ કરવી જોઈશે અને તેના નિર્દિષ્ટ કામકાજમાં તેની અસલ નકલ રજૂ કરી હોય તો, પુરાવામાં ગ્રાહ્ય ગણાશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

૩૯. આ અધિનિયમની જોગવાઈનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી, આ આધનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઈઓ કરી શકશે.

INDEX

વચગાળાની જોગવાઈઓ.

૪૦. આ અધિનિયમ, અને સ્ટેચ્યુટોમાં ગમે તે મજકૂર હોય તે છતાં,–

(ક) પ્રથમ કુલપતિ, અને પ્રથમ રજિસ્ટ્રારને આ અધિનિયમના આરંભ પછી, ત્રણ વર્ષથી વધુ ન હોય તેટલી મુદત માટે અને રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ, રાજ્ય સરકાર, શકય હોય તેટલું જલ્દી નીમી શકશે

(ખ) પ્રથમ વ્યવસ્થાપક બોર્ડ, વધુમાં વધુ પંદર સભ્યોનું બનશે, જેઓને રાજ્ય સરકાર નિયુકત કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ગ) પ્રથમ શૈક્ષણિક આયોજન બોર્ડ, વધુમાં વધુ અગિયાર સભ્યોનું બનશે. તેઓને રાજ્ય સરકાર નિયુકત કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

(ઘ) પ્રથમ નાણાં સમિતિ વધુમાં વધુ સાત સભ્યોની બનશે, તેઓને રાજ્ય સરકાર નિયુકત કરશે અને તેઓ ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

રદ કરવા બાબત અને અપવાદ.

૪૧. (૧) ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વટહુકમ, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે. સન ૧૯૯૪નો ગુજરાત વટહુકમ ૬.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો છે તે છતાં, સદરહુ વટહુકમ હેઠળ કરેલું કોઈપણ કાર્ય અથવા લીધેલું કોઈપણ પગલું, આ અધિનિયમ હેઠળ કરેલું છે અથવા લીધેલું છે એમ ગણાશે.

———

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 61 REGISTERED NO. G/GNR/



सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 27, 1994/SRAVANA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૫નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

INDEX

GUJARAT ACT NO. 15 OF 1994

THE GUJARAT MUNICIPALITIES (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહીનાની ૨૭મી તારીખે અનુમતી આપી હતી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 15 OF 1994.

AN ACT

further to amend the Gujarat Municipalities Act, 1963.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.).

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ; ૧૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :--

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત નગરપાલિકા (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે.

સન ૧૯૬૪-નો ગુજરાત-નો ૩૪મો.

૨. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, પ્રકરણ ૩ માં,—

સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં શીર્ષક, પેટા-શીર્ષક અને કલમો ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ને બદલે નવી કલમો મૂકવા બાબત.

(૧) "પ્રમુખ, ઉપ-પ્રમુખ, સભ્યો અને મુખ્ય અધિકારી" એ શીર્ષકને બદલે, "નગરપાલિકાના પ્રમુખ, ઉપ-પ્રમુખ, કાઉન્સિલર અને અધિકારીઓ અને કર્મચારીઓ" એ શીર્ષક મૂકવું;

(૨) કલમ ૪૬ પછી આવતા પેટા--શીર્ષક "(૩) મુખ્ય અધિકારી અને બીજા અધિકારીઓ" ને બદલે, "(૩) નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ" એ પેટા-શીર્ષક મૂકવું;

(૩) કલમો ૪૭, ૪૮, ૪૯ અને ૫૦ને બદલે, નીચેની કલમો મૂકવી :--

મુખ્ય અધિકારી અને બીજા અધિકારી-ઓની નિમણુંક.

"૪૭. (૧) (ક) દરેક નગરપાલિકા માટે રાજ્ય સરકારે નીમેલા એક મુખ્ય અધિકારી રહેશે.

(ખ) નગરપાલિકાના મુખ્ય અધિકારીની, ઠરાવની તરફેણમાં મત આપતા નગરપાલિકાના કાઉન્સિલરોની કુલ સંખ્યાના બે તૃતીયાંશ કરતાં ઓછી ન હોય તેટલી બહુમતીથી તે મતલબનો ઠરાવ પસાર કર્યો હોય તો, રાજ્ય સરકારે, તે નગરપાલિકામાંથી તરત જ તેની બદલી કરવી જોઈશે.

(૨) નગરપાલિકા, નિયામકની પૂર્વ મંજૂરીથી અને રાજ્ય સરકાર એવી રીતે ફરમાવે તો, નીચેની તમામ અથવા તે પૈકી કોઈ જગા ઉભી કરી શકશે :--

(૧) નગરપાલિકાના ઈજનેર;
(૨) વોટર વર્કસ ઈજનેર;
(૩) નગરપાલિકા આરોગ્ય અધિકારી;
(૪) નગરપાલિકા ઓડિટર;
(૫) નગરપાલિકા શિક્ષણ અધિકારી; અને
(૬) આ અર્થે રાજ્ય સરકાર મુકરર કરે તેવા બીજા કોઈપણ અધિકારી.

INDEX

(૩) કલમ ૪૭-કની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમો (૧) અને (૨)માં ઉલ્લેખ કરેલ અધિકારીઓની ભરતી અને સેવાની શરતો ઠરાવવામાં આવે તેવા રહેશે.

(૪) કલમ ૪૭-કની જોગવાઈઓને અધીન રહીને, પેટા-કલમ (૨)માં ઉલ્લેખેલ જગાઓ ઉપર નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં નિહિત થશે.

નગરપાલિકા સેવાની રચના.

૪૭-ક. (૧) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે આ અધિનિયમ હેઠળ કાર્યો અને ફરજો બજાવવાના હેતુ માટે નગરપાલિકાના અધિકારીઓની સેવાઓ એકરૂપ કરવા અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે તો તે, આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજપત્રમાં જાહેરનામા દ્વારા,—

(ક) જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી સંખ્યાની વસતી ધરાવતી મ્યુનિસિપલ બરોમાંની તમામ નગરપાલિકાઓના સંબંધમાં,—

(૧) આવી નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓની, અને

(૨) કલમ ૪૭ની પેટા-કલમ (૨)માં નિર્દિષ્ટ કરેલ તફાવત અથવા બીજા કોઈપણ અધિકારીઓની, નગરપાલિકા સેવા અથવા સેવાઓ (જેનો આમાં હવે પછી "જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા હોદ્દા" તરીકે કહ્યા છે તે) રચી શકશે;

(ખ) વખતોવખત એવો આદેશ કરી શકશે કે આવી દરેક નગરપાલિકા સેવા, તેના વર્ગો, કેડરો અને જગાઓ (જગાઓના ગ્રેડ સહિત)ની બનશે; અને

(ગ) આવા દરેક વર્ગ અથવા કેડરમાં શરૂઆતમાં અધિકારીઓની સંખ્યા નિર્દિષ્ટ કરી શકશે.

(૨) રાજ્ય સરકાર નીચેના માટે નિયમો કરી શકશે:—

(ક) કોઈપણ નગરપાલિકા હેઠળ અગાઉ કામ કરતી વ્યકિતઓની આ કલમ હેઠળ અથવા અન્યથા રચાયેલ નગરપાલિકા સેવામાં સમાવવા માટેની જોગવાઈઓ સહિત, પરીક્ષાઓ લઈને અથવા અન્યથા ભરતી કરવાની રીતનું નિયમન કરવા માટે;

(ખ) આવી કોઈપણ સેવામાં સમાવાનું પસંદ ન કરે અથવા નિવૃત્ત થવાનું પસંદ કરે તેવી વ્યકિતને વળતર, પેન્શન અથવા ગ્રેજ્યુઈટી અથવા તેના જેવા બીજા છેવટના લાભો માટે જોગવાઈ કરવા માટે; અને

(ગ) આવી નગરપાલિકાની સેવામાં નીમાયેલ અથવા તેમાં સમાયેલ વ્યકિતઓની સેવાની શરતો માટે:

પરંતુ આવી કોઈપણ સેવામાં સમાવાયેલ કોઈપણ વ્યકિતની સેવાની શરતો, આવી રીતે સમાવેશ કર્યાની તરતજ પહેલાં તેને લાગુ પડતા લાભો કરતાં ઓછી લાભદાયી થશે નહિ.

(૩) આ કલમ હેઠળ રચાયેલ આવી નગરપાલિકા સેવા ઉપર નીમાયેલ અથવા તેમાં સમાવેશ કરેલ વ્યકિતઓને કલમ ૪૮ની જોગવાઈઓ લાગુ પડતી બંધ થશે:

પરંતુ એવી રીતે લાગુ પડવાનું બંધ થવાથી, આવી કોઈપણ સેવામાં સમાવાયેલ વ્યકિતઓના સંબંધમાં એવી રીતે સમાવેશ કર્યા પહેલાં કરેલા અથવા ન કરેલા કોઈપણ કાર્યના સંબંધમાં, કલમ ૪૮ના અગાઉના અમલને બાધ આવશે નહિ.

(૪) કલમ ૪૭ની પેટા-કલમ (૪)માં ગમે તે મજકૂર હોય તે છતાં આ કલમ હેઠળ રચાયેલી કોઈપણ નગરપાલિકા સેવાના અધિકારીઓની બઢતીઓ અને બદલીઓ સહિત નિમણૂંક કરવાની સત્તા અને તેમની સેવાની શરતોને લગતી તમામ બાબતો સંબંધી સત્તા, રાજ્ય સરકારમાં નિહિત થશે.

(૫) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવામાં સમાવિષ્ટ કરેલા અધિકારીઓ, રાજ્ય સરકારના કર્મચારીઓ ગણાશે, પણ તેઓ તેમના પગારો તથા ભથ્થાં સીધેસીધા નગરપાલિકા ફંડમાંથી લેશે.

(૬) આ કલમ હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા સેવાના કોઈપણ અધિકારીઓના પેટા-કલમ (૫) હેઠળ નગરપાલિકા ફંડમાંથી આકારવામાં આવ્યા હોય તે સિવાયના પેન્શન, રજા અને ભથ્થાં પેટે રાજ્ય સરકાર નક્કી કરે તેટલો ખર્ચ અને આ કલમ હેઠળ રચાયેલ નગરપાલિકા સેવા અથવા સેવાઓનો તમામ વહીવટી ખર્ચ, રાજ્ય સરકારને નગરપાલિકા ફંડમાંથી દર વર્ષે આપવો જોઈશે. કોઈપણ નગરપાલિકા, આ અર્થે ઠરાવેલી મુદતની અંદર આવું ખર્ચ અથવા આવા અધિકારીઓના પગાર અને ભથ્થાં ન આપે તો, કલમ ૨૬૨ની પેટા-કલમ (૩)ની જોગવાઈ, તે કલમ હેઠળ આપેલ ન હોય તેવા ખર્ચ અથવા મહેનતાણાની ચૂકવણીના સંબંધમાં લાગુ પડે છે તે રીતે આવા ખર્ચની અથવા આવા અધિકારીઓના પગાર તથા ભથ્થાંની ચુકવણીને લાગુ પડશે.

INDEX

શિક્ષા કરવા બાબત.

૪૮. (૧) તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદાની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, અને કલમ ૪૭--ક હેઠળ કરેલ કોઈપણ નિયમોને આધીન રહીને, સબળ અને પુરતા કારણોસર, નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચેની શિક્ષાઓ કરી શકાશે :--

(૧) કપકો;

(૨) લાયકીનાડ પર અટકાવવા સહિત, ઈજાફાઓ અથવા બઢતી અટકાવવી;

(૩) નિયત પગાર અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં અથવા સમયશ્રેણી પગાર ધોરણમાં નીચલા તબક્કામાં નીચલી જગા ઉપર ઉતારવો;

(૪) ગફલત અથવા હુકમના ભંગથી નગરપાલિકાને થયેલ આર્થિક નુકશાન તેના પગારમાંથી સંપૂર્ણત: કે અંશત: વસૂલ કરવું;

(૫) દંડ;

(૬) સેવા મોકૂફી;

(૭) ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ન ઠરે તેવી રીતે સેવામાંથી દૂર કરવો;

(૮) સેવામાંથી બરતરફી, જે સામાન્ય રીતે ભવિષ્યની નોકરી માટે ગેરલાયક ઠાય.

(૨) નગરપાલિકાના કોઈ અધિકારી અથવા કર્મચારીની નિમણૂક કરવાને સક્ષમ હોય તેવા સત્તાધિકારી, પેટા--કલમ (૧)માં જણાવેલી શિક્ષાઓ સિવાયની કોઈપણ શિક્ષા, આવા અધિકારી અથવા કર્મચારીને કરી શકશે.

(૩) કોઈપણ અધિકારી અથવા કર્મચારીને નીચલી જગા ઉપર ઉતારી શકાશે નહિ અથવા નોકરીમાંથી દૂર કરી શકાશે નહિ અથવા બરતરફ કરી શકાશે નહિ અને કોઈ આર્થિક નુકશાનવાળી કોઈપણ શિક્ષા, આ કલમ હેઠળ તેને કરી શકાશે નહિ, સિવાય કે તેને એવી રીતે પાયરી ઉતાર, દૂર કરવા, બરતરફ કરવા અથવા શિક્ષા કરવા સામે કારણ દર્શાવવાની વાજબી તક આપવામાં આવી હોય:

પરંતુ આ પેટા--કલમ નીચેના પ્રસંગે લાગુ પડશે નહિ :--

(ક) ફોજદારી તહોમત અંગે દોષિત ઠરે તેવી વર્તણૂકના કારણે કોઈ વ્યકિતને પાયરી ઉતાર, દૂર કરવા અથવા બરતરફ કરવાની શિક્ષા કરવામાં આવી હોય ત્યારે; અથવા

(ખ) સક્ષમ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે આવા સત્તાધિકારી લેખિતમાં કારણોની નોંધ કરીને, આવી વ્યકિતને કારણ દર્શાવવાની તક આપવાનું વાજબી રીતે વ્યવહારૂ ગણ્યુ ન હોય ત્યારે.

(૪) નીચેના કોષ્ટકના કોલમ (૧)માં જણાવેલ શિક્ષા નાખતા અધિકારીએ કરેલ કોઈ શિક્ષા નાખતા કોઈ હુકમ સામે સદરહુ કોષ્ટકના કોલમ (૨)માં જણાવેલ અધિકારીને અપીલ કરવી જોઈશે.

કોષ્ટક

શિક્ષા કરતા સત્તાધિકારી (૧)	જેને અપીલ કરી શકાય તેવા ઉપલા સત્તાધિકારી (૨)
મુખ્ય અધિકારી	કારોબારી સમિતિ
કારોબારી સમિતિ અથવા પ્રમુખ	નગરપાલિકા
નગરપાલિકા	નગરપાલિકાના નિયામક

(૫) સંબંધિત અધિકારી અથવા કર્મચારીએ જેની સામે અપીલ કરવાની હોય તે હુકમ મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અપીલ કરી હોય તે સિવાય, આવી કોઈપણ અપીલ દાખલ કરી શકાશે નહિ.

મુખ્ય અધિકારીની સત્તા અને ફરજો.

૪૯. (૧) મુખ્ય અધિકારી,--

(ક) પ્રમુખના નિયંત્રણ, માર્ગદર્શન અને દેખરેખને આધીન રહીને, નગરપાલિકાના નાણાકીય અને કારોબારી તંત્ર ઉપર દેખરેખ રાખશે અને આ અધિનિયમથી અથવા તે હેઠળ તેમના ઉપર નાખવામાં આવે તેવી ફરજો બજાવશે અથવા તેને મળે તેવી અથવા સોંપવામાં આવે તેવી સત્તા વાપરશે.

(ખ) નગરપાલિકાના તમામ નિર્ણયો અથવા ઠરાવોને અમલમાં લાવવા માટે પગલાં લેશે;

(ગ) નગરપાલિકાના હિસાબો અને રજીસ્ટરો રખાવશે અને દેખરેખ રખાવશે ;

INDEX

(ધ) નગરપાલિકાના હુકમોને અધીન રહીને, ઓડિટરે દર્શાવેલી કોઈ અનિયમિતતા દૂર કરવા માટે ઝડપી પગલાં લેશે ;

(ન) અંદાજપત્ર તૈયાર કરશે અને તે કારોબારી સમિતિને સાદર કરશે;

(પ) નગરપાલિકાના નાણા તથા મિલકતને લગતાં કપટ, ઉચાપત, ચોરી અથવા નુકશાનના તમામ કેસોનો રિપોર્ટ, પ્રમુખ અને સંબંધિત સમિતિને કરશે;

(ફ) નગરપાલિકાના તમામ અધિકારીઓ અને કર્મચારીઓના કાર્યો અને કાર્યવાહીઓ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખશે;

(બ) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમો, ઉપ-નિયમો અને સામાન્ય અથવા ખાસ હુકમોને અધીન રહીને, નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓના સંબંધમાં પગાર, ભથ્થાં, રજા અને બીજા લાભો સંબંધી તમામ પ્રશ્નોનો નિર્ણય કરશે;

(ભ) કલેકટરને અથવા કલેકટર આ અર્થે વખતો વખત નીમે તેવા બીજા અધિકારીને, નગરપાલિકાની કોઈપણ બેઠકમાં પસાર કરેલ દરેક ઠરાવની નકલ પૂરી પાડશે.

(૨) મુખ્ય અધિકારી, નિયામકની પૂર્વ મંજૂરીથી, કોઈ નગરપાલિકા અધિકારી અથવા કર્મચારીને પોતાની સત્તા અથવા ફરજો સોંપી શકશે :

પરંતુ આવી સોંપણી, નિયામક ઠરાવે તેવી મર્યાદાઓ હોય તો તેને અને મુખ્ય અધિકારીના નિયંત્રણ અને સુધારાને અધીન રહેશે.

નગરપાલિકાના બીજા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક.

૫૦. (૧) નગરપાલિકા, નિયામકની પૂર્વ મંજૂરીથી, આ અધિનિયમ હેઠળની ફરજો અદા કરવાના હેતુ માટે જરૂરી ગણે તેવી કલમ ૪૭ની પેટા-કલમ (૧) અને (૨)માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના અધિકારીઓ અને કર્મચારીઓની જગાઓ ઉભી કરી શકશે.

(૨) આવા અધિકારીઓ અને કર્મચારીઓની ભરતી અને તેમની સેવાની શરતો, કલમ ૨૭૧ હેઠળ કરેલા નિયમો અનુસાર નક્કી કરવામાં આવે તેવી રહેશે.

(૩) પેટા-કલમ (૧)માં ઉલ્લેખેલી કોઈ જગામાં નિમણૂક કરવાની સત્તા, નગરપાલિકામાં અથવા કલમ ૨૭૧ હેઠળ આ અર્થે કરેલા નિયમોથી નગરપાલિકાઓ સત્તા આપેલ સત્તાધિકારીમાં, નિહિત થશે.".

સને ૧૯૮૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં નવી કલમ ૧૨૯-ક દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨૯ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :—

ઓક્ટ્રોઈ ઉઘરાવવા બાબત.

"૧૨૯-ક. (૧) રાજ્ય સરકાર, આ અર્થે કરે તેવા નિયમોને અધીન રહીને, ઓક્ટ્રોઈ વસૂલ કરવા માટે નગરપાલિકા, જાહેર લીલામથી અથવા ખાનગી કરારથી ઈજારો આપે, તો તે કાયદેસર ગણાશે.

(૨) ઈજારાની શરતો મુજબ આપવાની સઘળી રકમો ચુકવવામાં આવે નહિ, તો તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે.

(૩) ઈજારદાર અને ઓક્ટ્રોઈ એકઠી કરવામાં પોતાને મદદ કરવા સારુ ઈજારદારે નોકરીમાં રાખેલી દરેક વ્યકિત, આ અધિનિયમ હેઠળ તે એકઠી કરવા માટે નગરપાલિકાએ નીમેલી વ્યકિતઓ હોવાનું ગણાશે અને આ અધિનિયમ હેઠળ આવી ઓક્ટ્રોઈ એકઠી કરવા માટે નીમાયેલી વ્યકિતઓની બધી સત્તા વાપરશે અને તેમની જવાબદારીઓને અધીન રહેશે.

INDEX

(૪) આવી કોઈ ઓક્ટ્રોઈ લેવા, એકઠી કરવા અને વસૂલ કરવા માટેના કોઈ નિયમો અથવા હુકમો, આ કલમની જોગવાઈઓને અધીન રહીને, અમલમાં આવશે".

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૭૩ ક્રમી કરવી. સને ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા અધિનિયમમાં કલમ ૨૭૩ ક્રમી કરવા બાબત.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No 62

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, JULY 27, 1994/SRAVANA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 16 OF 1994.

THE GUJARAT STATE GUARANTEES (AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 16 OF 1994.

AN ACT

Further to amend the Gujarat State Guarantees Act, 1963

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૬.

(રાજ્યપાલશ્રીની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ, મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).-

ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૬૩નો ગુજરાતનો ૨૨મો.

સન ૧૯૬૩ના ગુજરાતના ૨૨મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

૨. ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, ૧૯૬૩ માં, કલમ ૨માં, પેટા-કલમ (૧)માં, "રૂપિયા ૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૮૦,૦૦,૦૦,૦૦,૦૦૦"એ અક્ષરો અને આંકડા મૂકવા.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 63

REGISTERED NO. GAGNEA

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 27, 1994/SRAVANA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ સને ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૭નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 17 OF 1994

THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) ACT, 1994

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ, મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 17 OF 1994

AN ACT

further to amend the Gujarat Co-operative Societies Act, 1961.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૭.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ, મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦મો.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૬૮નો સુધારો.

૨. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં, કલમ ૬૮માં, "૧૨ ટકા" આ આંકડા અને શબ્દોને બદલે, "૧૫ ટકા" એ આંકડા અને શબ્દો મૂકવા.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમમાં કલમ ૬૯ને બદલે નવી કલમ મૂકવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૯ને બદલે, નીચેનો મજકુર મૂકવો:-

ગુજરાત રાજ્ય સહકારી સંઘના શૈક્ષણિક ફંડમાં ફાળો આપવા બાબત.

"૬૯ (૧) જે દરેક મંડળી ચાલુ વર્ષના નફામાંથી તેના સભ્યોને ૩ ટકા અથવા વધુ દરે ડિવિડન્ડ આપવાનું જાહેર કરે, તે મંડળીઓ, ઠરાવવામાં આવે તેવા દરે ગુજરાત રાજ્ય સહકારી સંઘના શૈક્ષણિક ફંડમાં ફાળો આપવો જોઈશે.

(૨) શૈક્ષણિક ફંડમાં ફાળો આપવાને પાત્ર હોય તેવી કોઈપણ મંડળી જે તારીખે પોતાના હિસાબો પોતાની વાર્ષિક સામાન્ય બેઠકમાં, સામાન્ય મંડળે સ્વીકાર્યા હોય તે તારીખથી બે મહિનાની અંદર, ગુજરાત રાજ્ય સહકારી સંઘને સદરહુ ફાળો આપ્યો હોય ને સિવાય, તેના સભ્યોને ડિવિડન્ડ આપી શકશે નહિ.

(૩) આ કલમની જરૂરિયાતોનું જાણીબુજીને પાલન ન કરનાર કોઈ અધિકારી, ગુજરાત રાજ્ય સહકારી સંઘને તે રકમ ભરી આપવા માટે અંગત રીતે જવાબદાર થશે.

સ્પષ્ટીકરણ :- આ કલમમાં, "ગુજરાત રાજ્ય સહકારી સંઘ" એ શબ્દ પ્રયોગ એટલે સહકારી પ્રવૃત્તિથી વાકેફ થવા, તેને ઉત્તેજન અથવા પ્રોત્સાહન આપવા માટે તાલીમની સગવડ આપવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય માટે સ્થાપેલી સમવાયી મંડળી.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 64 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 27, 1994/SRAVANA 5, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 18 OF 1994

THE GUJARAT APPROPRIATION ACT, 1994

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૭મી તારીખે અનુમતિ આપી લેવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

કુ. રોચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 18 OF 1994

AN ACT

to authorise payment and appropriation of certain further sums from and out of the Consolidated Fund of the State of Gujarat for the services of the year ending on the thirty-first day of March, 1995.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૮.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના જુલાઈ મહિનાની ૨૭મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

સન ૧૯૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :–

૧. આ અધિનિયમ 'ગુજરાત વિનિયોગ અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે. — ટૂંકી સંજ્ઞા.

૨. આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં નિર્દિષ્ટ રકમોથી વધુ ન હોય તેટલી એકંદર રૂપિયા સાત હજાર બોંતેર કરોડ, તેત્રીસ લાખ, ઓગણ ચાલીસ હજારની રકમ એ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સેવાઓ અને હેતુઓ માટે, સન ૧૯૯૪-૯૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાંકીય વર્ષ દરમિયાન જે જુદા જુદા ખર્ચ આપવાના થશે તે પેટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી આપવામાં આવશે અને ઉપયોગમાં લેવામાં આવશે. — સન ૧૯૯૪-૯૫ના નાણાંકીય વર્ષ પૂરતે ગુજરાત રાજ્યનો એકત્રિત ફંડમાંથી રૂ. ૭૨,૩૩,૩૯,૩૩,૩૯,૦૦૦ કઢવાનો અધિકાર.

૩. આ અધિનિયમથી ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી જે રકમો આપવા અને તેનો ઉપયોગ કરવા માટે અધિકાર આપવામાં આવ્યો હોય તે રકમોનો વિનિયોગ, સદરહુ વર્ષના સંબંધમાં અનુસૂચિમાં જણાવેલી સેવાઓ અને હેતુઓ માટે કરવો. — વિનિયોગ.

INDEX

અનુસૂચિ

(જુઓ કલમો ૨ અને ૩)

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૧	કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ	મહેસૂલ	૧,૬૦,૩૧,૦૦૦	...	૧,૬૦,૩૧,૦૦૦
૨.	કૃષિ.	મહેસૂલ	૧,૭૬,૪૨,૬૯,૦૦૦	...	૧,૭૬,૪૨,૬૯,૦૦૦
		મૂડી	૧૦,૦૩,૩૩,૦૦૦	...	૧૦,૦૩,૩૩,૦૦૦
૩	નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તારે વિકાસ	મહેસૂલ	૧૯,૭૬,૧૩,૦૦૦	...	૧૯,૭૬,૧૩,૦૦૦
		મૂડી	૫૬,૬૭,૦૦૦	...	૫૬,૬૭,૦૦૦
૪	પશુપાલન અને ડેરી વિકાસ	મહેસૂલ	૨૨,૮૧,૨૫,૦૦૦	...	૨૨,૮૧,૨૫,૦૦૦
		મૂડી	૨,૬૭,૦૦૦	...	૨,૬૭,૦૦૦
૫	મત્સ્યોદ્યોગ	મહેસૂલ	૮,૧૩,૯૫,૦૦૦	...	૮,૧૩,૯૫,૦૦૦
		મૂડી	૯,૦૧,૮૪,૦૦૦	...	૯,૦૧,૮૪,૦૦૦
૬	સહકાર	મહેસૂલ	૧૨,૭૪,૨૭,૦૦૦	...	૧૨,૭૪,૨૭,૦૦૦
		મૂડી	૭,૪૫,૫૯,૦૦૦	...	૭,૪૫,૫૯,૦૦૦
૮	શિક્ષણ વિભાગ	મહેસૂલ	૮૯,૨૦,૦૦૦	...	૮૯,૨૦,૦૦૦
૯	શિક્ષણ	મહેસૂલ	૧૦,૧૮,૪૧,૮૨,૦૦૦	૨૪,૪૮,૦૦,૦૦૦	૧૦,૪૨,૮૯,૮૨,૦૦૦
		મૂડી	૪,૦૦,૦૦૦	...	૪,૦૦,૦૦૦
૧૦	શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૧૬,૪૨,૦૦૦	...	૩,૧૬,૪૨,૦૦૦
૧૧	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ	મહેસૂલ	૩૬,૫૭,૦૦૦	...	૩૬,૫૭,૦૦૦
૧૨	કર વસૂલાત અંગેનું ખર્ચ (ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગ)	મહેસૂલ	૧,૭૪,૯૯,૦૦૦	...	૧,૭૪,૯૯,૦૦૦
૧૩	ઉર્જા પરિયોજનાઓ	મહેસૂલ	૨,૦૩,૩૩,૩૩,૦૦૦	...	૨,૦૩,૩૩,૩૩,૦૦૦
		મૂડી	૨,૩૫,૯૦,૫૦,૦૦૦	...	૨,૩૫,૯૦,૫૦,૦૦૦
૧૪	ઉર્જા અને પેટ્રો-કેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચ	મૂડી	૨,૦૦,૦૦,૦૦૦	...	૨,૦૦,૦૦,૦૦૦
૧૫	નાણા વિભાગ	મહેસૂલ	૧,૭૭,૯૦,૦૦૦	...	૧,૭૭,૯૦,૦૦૦
		મૂડી	૨,૩૭,૦૦૦	...	૨,૩૭,૦૦૦
૧૬	કર વસૂલાત અંગેનું ખર્ચ (નાણા વિભાગ)	મહેસૂલ	૨૧,૨૮,૫૧,૦૦૦	...	૨૧,૨૮,૫૧,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂ.	રૂ.	રૂ.
૧૭	તિજોરી અને હિસાબ વહીવટ	મહેસૂલ	૧૨,૨૯,૨૦,૦૦૦	...	૧૨,૨૯,૨૦,૦૦૦
૧૮	પેન્શન અને નિવૃત્તિના બીજા લાભો	મહેસૂલ	૬,૭૧,૪૫,૬૭,૦૦૦	૨,૬૭,૦૦૦	૬,૭૧,૪૮,૩૪,૦૦૦
૧૯	નાણા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩,૨૩,૯૦,૨૫,૦૦૦	...	૩,૨૩,૯૦,૨૫,૦૦૦
		મૂડી	૮૦,૦૦,૦૦૦	૬૭,૦૦૦	૮૦,૬૭,૦૦૦
૨૦	નાણાં વિભાગને લગતું દેવુ ભરપાઇ કરવું અને તે અંગે ખર્ચ	મહેસૂલ	...	૭,૧૧,૫૮,૬૩,૦૦૦	૭,૧૧,૫૮,૬૩,૦૦૦
		મૂડી	...	૮,૯૩,૫૩,૫૫,૦૦૦	૮,૯૩,૫૩,૫૫,૦૦૦
૨૧	અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ	મહેસૂલ	૧,૯૧,૩૭,૦૦૦	...	૧,૯૧,૩૭,૦૦૦
૨૨	નાગરિક પુરવઠા	મહેસૂલ	૧૨,૯૮,૫૧,૦૦૦	...	૧૨,૯૮,૫૧,૦૦૦
		મૂડી	૬૭,૦૦૦	...	૬૭,૦૦૦
૨૩	અન્ન	મહેસૂલ	૩,૭૦,૯૭,૦૦૦	...	૩,૭૦,૯૭,૦૦૦
		મૂડી	૧૬,૬૭,૦૦૦	...	૧૬,૬૭,૦૦૦
૨૫	વન અને પર્યાવરણ વિભાગ	મહેસૂલ	૪૫,૩૭,૦૦૦	—	૪૫,૩૭,૦૦૦
૨૬	વન	મહેસૂલ	૨૮,૯૧,૭૦,૦૦૦	—	૨૮,૯૧,૭૦,૦૦૦
		મૂડી	૩૦,૫૪,૫૧,૦૦૦	—	૩૦,૫૪,૫૧,૦૦૦
૨૭	પર્યાવરણ	મહેસૂલ	૧,૧૨,૦૦,૦૦૦	—	૧,૧૨,૦૦,૦૦૦
૨૯	રાજ્યપાલ	મહેસૂલ	—	૫૧,૩૭,૦૦૦	૫૧,૩૭,૦૦૦
૩૦	મંત્રી પરિષદ	મહેસૂલ	૧,૪૯,૪૨,૦૦૦	—	૧,૪૯,૪૨,૦૦૦
૩૧	ચૂંટણી	મહેસૂલ	૧૫,૨૭,૦૧,૦૦૦	—	૧૫,૨૭,૦૧,૦૦૦
૩૨	જાહેર સેવા આયોગ	મહેસૂલ	૨૦,૦૩,૦૦૦	૮૧,૧૦,૦૦૦	૧,૦૧,૧૩,૦૦૦
૩૩	સામાન્ય વહીવટ વિભાગ	મહેસૂલ	૬,૩૦,૮૧,૦૦૦	—	૬,૩૦,૮૧,૦૦૦
૩૪	આર્થિક સલાહ અને આંકડા	મહેસૂલ	૨,૯૫,૧૨,૦૦૦	—	૨,૯૫,૧૨,૦૦૦
૩૫	સામાન્ય વહીવટ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૨૮,૯૨,૩૧,૦૦૦	—	૨૮,૯૨,૩૧,૦૦૦
૩૬	રાજ્ય વિધાનમંડળ	મહેસૂલ	૨,૪૫,૭૧,૦૦૦	૨,૬૭,૦૦૦	૨,૪૮,૩૮,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂ.	રૂ.	રૂ.
૩૮	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ	મહેસૂલ	૧,૩૮,૭૩,૦૦૦	—	૧,૩૮,૭૩,૦૦૦
૩૯	તબીબી અને જાહેર આરોગ્ય	મહેસૂલ	૧,૯૭,૧૫,૨૨,૦૦૦	—	૧,૯૭,૧૫,૨૨,૦૦૦
૪૦	પરિવાર કલ્યાણ	મહેસૂલ	૪૫,૦૬,૬૭,૦૦૦	—	૪૫,૦૬,૬૭,૦૦૦
૪૧	પાણી પુરવઠા	મહેસૂલ	૪૫,૨૬,૧૦,૦૦૦	—	૪૫,૨૬,૧૦,૦૦૦
		મૂડી	૧,૧૧,૧૧,૦૦,૦૦૦	—	૧,૧૧,૧૧,૦૦,૦૦૦
૪૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૬,૯૫,૯૭,૦૦૦	—	૧૬,૯૫,૯૭,૦૦૦
૪૩	ગૃહ વિભાગ	મહેસૂલ	૧,૧૨,૧૩,૦૦૦	—	૧,૧૨,૧૩,૦૦૦
૪૪	પોલીસ	મહેસૂલ	૨,૧૨,૭૨,૨૪,૦૦૦	—	૨,૧૨,૭૨,૨૪,૦૦૦
૪૫	જેલ	મહેસૂલ	૫,૮૮,૭૦,૦૦૦	—	૫,૮૮,૭૦,૦૦૦
૪૬	વાહનવ્યવહાર	મહેસૂલ	૭,૯૯,૭૫,૦૦૦	—	૭,૯૯,૭૫,૦૦૦
		મૂડી	૧,૮૬,૦૦,૦૦૦	—	૧,૮૬,૦૦,૦૦૦
૪૭	ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૧૬,૦૩,૪૯,૦૦૦	૯૬,૦૦૦	૧૬,૦૪,૩૫,૦૦૦
		મૂડી	૭,૪૧,૬૭,૦૦૦	—	૭,૪૧,૬૭,૦૦૦
૪૮	ઉદ્યોગ અને ખાણ વિભાગ	મહેસૂલ	૭૩,૧૭,૦૦૦	—	૭૩,૧૭,૦૦૦
૪૯	લેખનસામગ્રી અને મુદ્રણ	મહેસૂલ	૧૧,૯૭,૮૦,૦૦૦	—	૧૧,૯૭,૮૦,૦૦૦
૫૦	ઉદ્યોગો	મહેસૂલ	૫૨,૬૭,૪૦,૦૦૦	—	૫૨,૬૭,૪૦,૦૦૦
		મૂડી	૧,૩૧,૭૯,૫૨,૦૦૦	—	૧,૩૧,૭૯,૫૨,૦૦૦
૫૧	ખાણ અને ખનીજ	મહેસૂલ	૫,૪૪,૯૩,૦૦૦	—	૫,૪૪,૯૩,૦૦૦
૫૨	ઉદ્યોગ અને ખાણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૧,૭૭,૦૦૦	—	૩૧,૭૭,૦૦૦
		મૂડી	૫૦,૦૦,૦૦૦	—	૫૦,૦૦,૦૦૦
૫૩	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ	મહેસૂલ	૧૯,૮૦,૦૦૦	—	૧૯,૮૦,૦૦૦
૫૪	માહિતી અને પ્રચાર	મહેસૂલ	૧૦,૦૩,૭૪,૦૦૦	—	૧૦,૦૩,૭૪,૦૦૦
		મૂડી	૨૦,૦૦,૦૦૦	—	૨૦,૦૦,૦૦૦
૫૫	**પ્રવાસન**	મહેસૂલ	૨,૨૮,૫૦,૦૦૦	—	૨,૨૮,૫૦,૦૦૦
		મૂડી	૨૮,૦૦,૦૦૦	—	૨૮,૦૦,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨			૩	
			રૂા.	રૂા.	રૂા.
૫૬.	માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૩,૫૩,૦૦૦	..	૯૩,૫૩,૦૦૦
૫૭.	શ્રમ અને રોજગાર વિભાગ	મહેસૂલ	૪૬,૮૫,૦૦૦	..	૪૬,૮૫,૦૦૦
૫૮.	શ્રમ અને રોજગાર	મહેસૂલ	૩૩,૯૯,૪૨,૦૦૦	..	૩૩,૯૯,૪૨,૦૦૦
		મૂડી	૧,૩૩,૦૦૦	..	૧,૩૩,૦૦૦
૬૦.	કાયદા વિભાગ	મહેસૂલ	૯૪,૧૩,૦૦૦	..	૯૪,૧૩,૦૦૦
		મૂડી	૧૭,૦૦૦	..	૧૭,૦૦૦
૬૧.	ન્યાયતંત્રનો વહીવટ	મહેસૂલ	૨૫,૪૩,૮૮,૦૦૦	૩,૧૯,૫૭,૦૦૦	૨૮,૬૩,૪૫,૦૦૦
૬૨.	કાયદા વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯૨,૬૧,૦૦૦	..	૯૨,૬૧,૦૦૦
૬૩.	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ	મહેસૂલ	૫૦,૮૦,૦૦૦	..	૫૦,૮૦,૦૦૦
૬૫.	નર્મદા અને જળસંપત્તિ વિભાગ	મહેસૂલ	૧,૨૫,૪૦,૦૦૦	..	૧,૨૫,૪૦,૦૦૦
૬૬.	નર્મદા વિકાસ યોજના	મૂડી	૫,૧૧,૨૮,૨૯,૦૦૦	..	૫,૧૧,૨૮,૨૯,૦૦૦
૬૭.	સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ	મહેસૂલ	૩,૪૦,૬૯,૪૨,૦૦૦	..	૩,૪૦,૬૯,૪૨,૦૦૦
		મૂડી	૧,૧૮,૮૨,૫૫,૦૦૦	..	૧,૧૮,૮૨,૫૫,૦૦૦
૬૮.	નર્મદા અને જળસંપત્તિ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૯,૩૩,૦૦૦	..	૯,૩૩,૦૦૦
૬૯	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ	મહેસૂલ	૭૬,૨૨,૦૦૦	..	૭૬,૨૨,૦૦૦
૭૦.	સમૂહ વિકાસ	મહેસૂલ	૫૮,૦૬,૨૩,૦૦૦	..	૫૮,૦૬,૨૩,૦૦૦
		મૂડી	..	૫,૫૩,૦૦૦	૫,૫૩,૦૦૦
૭૧.	ગ્રામ ગૃહનિર્માણ	મહેસૂલ	૧૯,૬૩,૪૦,૦૦૦	૩૩,૬૭,૩૩,૦૦૦	૫૩,૩૦,૭૩,૦૦૦
		મૂડી	૧,૧૪,૬૭,૦૦૦	..	૧,૧૪,૬૭,૦૦૦
૭૨.	વળતર અને સોંપણી	મહેસૂલ	૧૧,૨૧,૮૯,૦૦૦	..	૧૧,૨૧,૮૯,૦૦૦
૭૩.	પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૬,૫૬,૦૭,૦૦૦	..	૬,૫૬,૦૭,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે ઉધારેલી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૭૪.	મહેસૂલ વિભાગ	મહેસૂલ	૨,૦૧,૦૩,૦૦૦	..	૨,૦૧,૦૩,૦૦૦
૭૫.	કર વસૂલાત અંગે ખર્ચ (મહેસૂલ વિભાગ)	મહેસૂલ	૧૯,૨૨,૨૩,૦૦૦	૧૮,૬૭,૦૦૦	૧૯,૪૦,૯૦,૦૦૦
૭૬.	જિલ્લા વહીવટ	મહેસૂલ	૧૯,૦૯,૯૩,૦૦૦	..	૧૯,૦૯,૯૩,૦૦૦
૭૭.	કુદરતી આફત અંગે રાહત	મહેસૂલ	૫૬,૫૦,૦૦,૦૦૦	..	૫૬,૫૦,૦૦,૦૦૦
		મૂડી	૧૬,૬૭,૦૦૦	..	૧૬,૬૭,૦૦૦
૭૮.	ડાંગ જિલ્લો	મહેસૂલ	૮,૮૬,૭૩,૦૦૦	..	૮,૮૬,૭૩,૦૦૦
		મૂડી	૩૩,૦૦૦	..	૩૩,૦૦૦
૭૯.	વળતર અને સોંપણી	મહેસૂલ	૫,૦૩,૬૩,૦૦૦	૨૮,૪૭,૦૦૦	૫,૩૨,૧૦,૦૦૦
		મૂડી	૩૮,૦૦,૦૦૦	૨૯,૩૩,૦૦૦	૬૭,૩૩,૦૦૦
૮૦.	મહેસૂલ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૩૧,૬૦,૦૦૦	૩,૦૦૦	૩૧,૬૩,૦૦૦
		મૂડી	૬,૮૦,૦૦૦	..	૬,૮૦,૦૦૦
૮૧.	માર્ગ અને મકાન વિભાગ	મહેસૂલ	૧,૬૭,૪૩,૦૦૦	..	૧,૬૭,૪૩,૦૦૦
૮૨.	બિન રહેણાંક મકાનો	મહેસૂલ	૬૧,૨૪,૬૮,૦૦૦	૨,૦૮,૦૦૦	૬૧,૨૬,૭૬,૦૦૦
		મૂડી	૨૨,૩૧,૨૧,૦૦૦	..	૨૨,૩૧,૨૧,૦૦૦
૮૩	રહેણાંક મકાનો	મહેસૂલ	૨૬,૧૮,૩૩,૦૦૦	—	૨૬,૧૮,૩૩,૦૦૦
		મૂડી	૫,૨૨,૪૧,૦૦૦	—	૫,૨૨,૪૧,૦૦૦
૮૪	માર્ગો અને પુલો	મહેસૂલ	૧,૫૪,૯૧,૦૫,૦૦૦	—	૧,૫૪,૯૫,૦૫,૦૦૦
		મૂડી	૩૨,૯૪,૬૭,૦૦૦	—	૩૨,૯૪,૬૭,૦૦૦
૮૫	બંદરો	મૂડી	૫,૪૬,૬૭,૦૦૦	—	૫,૪૬,૬૭,૦૦૦
૮૬	ગુજરાત પાટનગર બાંધકામ યોજના	મહેસૂલ	૧,૫૧,૨૯,૦૦૦	—	૧,૫૧,૨૯,૦૦૦
		મૂડી	૪,૮૧,૬૭,૦૦૦	—	૪,૮૧,૬૭,૦૦૦
૮૭	માર્ગ અને મકાન બાંધકામ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૪,૪૯,૨૦,૦૦૦	—	૪,૪૯,૨૦,૦૦૦
		મૂડી	૩૩,૩૪,૦૦૦	—	૩૩,૩૪,૦૦૦
૮૮.	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	મહેસૂલ	૬૫,૮૨,૦૦૦	—	૬૫,૮૨,૦૦૦

INDEX

માંગણી/ વિનિયોગનો નંબર	સેવાઓ અને હેતુઓ		વધુમાં વધુ રકમ		
			મંજૂર કર્યા પ્રમાણે	એકત્રિત ફંડ ખાતે બારેજી	કુલ
૧	૨		૩		
			રૂા.	રૂા.	રૂા.
૮૯	રાજ્ય આબકારી	મહેસૂલ	૧,૫૭,૯૦,૦૦૦	—	૧,૫૭,૯૦,૦૦૦
૯૦	સમાજ સુરક્ષા અને કલ્યાણ	મહેસૂલ	૪૮,૧૬,૮૨,૦૦૦	—	૪૮,૧૬,૮૨,૦૦૦
		મૂડી	૯૩,૩૩,૦૦૦	—	૯૩,૩૩,૦૦૦
૯૧	અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ	મહેસૂલ	૧૮,૧૧,૩૯,૦૦૦	—	૧૮,૧૧,૩૯,૦૦૦
		મૂડી	૩૪,૫૩,૦૦૦	—	૩૪,૫૩,૦૦૦
૯૩	અનુસૂચિત જાતિઓ માટે ખાસ અંગભૂત યોજના	મહેસૂલ	૭૮,૨૬,૪૦,૦૦૦	—	૭૮,૨૬,૪૦,૦૦૦
		મૂડી	૬,૨૫,૪૭,૦૦૦	—	૬,૨૫,૪૭,૦૦૦
૯૪	આદિજાતિ વિકાસ પેટા-યોજના	મહેસૂલ	૧,૮૬,૧૪,૫૭,૦૦૦	—	... ૧,૮૬,૧૪,૫૭,૦૦૦
		મૂડી	૬૬,૪૮,૦૭,૦૦૦	—	૬૬,૪૮,૦૭,૦૦૦
૯૫	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ	મહેસૂલ	૪૩,૮૩,૦૦૦	—	૪૩,૮૩,૦૦૦
૯૬	શહેરી ગૃહનિર્માણ	મહેસૂલ	૪,૩૪,૬૩,૦૦૦	૬,૧૮,૭૦,૦૦૦	૧૦,૫૩,૩૩,૦૦૦
		મૂડી	૩,૬૩,૫૩,૦૦૦	—	૩,૬૩,૫૩,૦૦૦
૯૭	શહેરી વિકાસ	મહેસૂલ	૩૧,૯૯,૫૯,૦૦૦	—	૩૧,૯૯,૫૯,૦૦૦
		મૂડી	૧૪,૩૩,૩૩,૦૦૦	—	૧૪,૩૩,૩૩,૦૦૦
૯૮	બળતર, સોંપણી અને કર વસૂલાત અંગે ખર્ચ	મહેસૂલ	૧૬,૯૫,૭૩,૦૦૦	૪,૧૫,૬૨,૦૦૦	૨૧,૧૧,૩૫,૦૦૦
૯૯	શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગને લગતું અન્ય ખર્ચ	મહેસૂલ	૭૫,૪૧,૦૦૦	—	૭૫,૪૧,૦૦૦
૧૦૦	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	મહેસૂલ	૨૧,૦૦,૦૦૦	—	૨૧,૦૦,૦૦૦
૧૦૧	યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ.	મહેસૂલ	૫,૮૪,૧૯,૦૦૦	—	૫,૮૪,૧૯,૦૦૦
	કુલ	મહેસૂલ	૪૦,૦૦,૧૬,૪૯,૦૦૦	૩,૮૫,૧૫,૭૩,૦૦૦	૪૩,૮૫,૩૨,૨૬,૦૦૦
		મૂડી	૧૩,૪૫,૧૨,૭૫,૦૦૦	૮,૯૩,૫૯,૦૮,૦૦૦	૨૨,૩૯,૦૧,૧૩,૦૦૦
	કુલ સરવાળો :		૫૩,૪૫,૨૮,૫૪,૦૦૦	૧૬,૭૯,૦૪,૮૫,૦૦૦	૭૦,૨૪,૩૩,૩૯,૦૦૦

IX Ex. 64-3

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 65

REGISTERED NO. G/SG-32/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, AUGUST 4, 1994/SRAVANA 13, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૭૧/ટીવીપી/૧૮૯૨-૩૦૨૭/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૧ મે, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૭૧/ડીવીપી/૧૮૯૨-૩૦૨૭/એલ.—કપડવંજ નગરપાલિકાએ (જિલ્લો ખેડા) (જેનો આમાં હવે પછી "સદરહુ નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે)તેની નગરપાલિકાની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલ વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાનાં મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર તારીખ ૧૧મી જૂન, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨માં પાના નંબર ૨૨૧૩ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ નગરપાલિકાએ રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સુધારેલી સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું.

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફારો શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૭૬/ડીવીપી/૧૮૯૨/૩૦૨૭/એલ હેઠળ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીમાં પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં, કોઈ વ્યકિતને કોઈ સુચનો અથવા વાંધા હોય, તો તે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩નું સદરહુ સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવ્યું હતું.

અને ગુજરાત સરકારે, સદરહુ ફેરફારોના સંબંધમાં પોતાને મળેલા સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલા સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ સુધારેલા વિકાસ યોજના અને તે અંગેના વિનિયમો મંજૂર કરે છે, અને

(ગ) આખરી સુધારેલી વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૪ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના કપડવંજ (જિલ્લો-ખેડા)ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના આખરી સ્વરૂપ આપેલા ફેરફારો.

(૧) મહેસૂલી સરવે નંબર ૧૧૭૭/ક વાળી જમીન "રહેણાંકના ઝોન" માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ "સ્મશાન ભૂમિ" માટે મુકરર કરવી.

(૨) મહેસૂલી સરવે નંબર ૬૪૩/ક વાળી (પૂર્વ બાજુની) જમીન, 'તળાવ માટે મુકરર કરેલ જમીન'માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૩) આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ ખાતે દર્શાવ્યા પ્રમાણે, મહેસૂલી સરવે નંબર ૬૧/ક, A. B. C. D. વાળી જમીન "કૃષિવિષયક ઝોન" માંથી કમી કરવી અને આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૪) મહેસૂલી સરવે નંબર ૩૭૫, ૩૭૬ માંથી પસાર થતો ૧૨--૦૦ મિટર પહોળો સૂચિત માર્ગ, કમી કરવો અને માર્ગમાંથી એવી રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૫) મહેસૂલી સરવે નંબર ૨૫, ૨૬ માંથી પસાર થતો ૧૮.૦૦ મિટર પહોળો સૂચિત માર્ગ કમી કરવો અને માર્ગમાંથી એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે, "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૬) મહેસૂલી સરવે નંબર ૬૮૭/ભાગ વાળી જમીન, રહેણાંકના ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૬ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૭) મહેસૂલી સરવે નંબર ૨૭૩ વાળી જમીન, "સાર્વજનિક ઉપયોગ" માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૭ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૮) મહેસૂલી સરવે નંબર ૪૨૯/ભાગ વાળી જમીન, "રહેણાંકના ઝોન"માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૮ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૯) મહેસૂલી સરવે નંબર ૪૦/ભાગ વાળી જમીન "રહેણાંકના ઉપયોગ" માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૯ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઝ) હેઠળ "યાતાયાત ચક્કર" તરીકે આનામત રાખવી

(૧૦) મહેસૂલી સરવે નંબર ૩૮ વાળી જમીન "રહેણાંકના ઉપયોગ" માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૦ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરવી.

(૧૧) મહેસૂલી સરવે નંબર ૬૨૨ વાળી જમીન "રહેણાંકના ઉપયોગ"માંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૧ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ
વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 66 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, AUGUST 5, 1994/SRAVANA 14, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૮૨/ડીવીપી/૨૯૯૧/૧૩૦૦/(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પાનધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી મે, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૮૨/ડીવીપી/૨૯૯૧/૧૩૦૦/(૯૪)-એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી તારીખ ૩૧મી ડીસેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪બીના પાના ૨૭૨-૧ થી ૨૭૨-૨ ઉપર પ્રસિદ્ધ થયેલ તારીખ ૩૦મી ડીસેમ્બર, ૧૯૯૨ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૨૬૬/ડીવીપી/૨૯૯૧/૨૬૪૦/(૯૨)/એલ રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No 67 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVJ MONDAY, AUGUST 8, 1994/SRAVANA 17, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—iX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૭ ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન—૨૭) જીએસઆર--૧૦૯૪ (૭૭)--૬ અને ક્રમાંક : (જીએચએન--૨૭) જીએસઆર--૧૦૯૪-(૭૭)-૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-627)-GST-1070-(S-49)-TH, DATED THE 29TH APRIL, 1970.

નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન--૬૨૭)-જીએચટી--૧૦૭૦/એસ-૪૯-ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨જી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન--૨૬) જીએસટી--૧૦૯૪ (એસ-૪૯)-(૨૭૧)-ઠ, ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ ૪૯ની પેટા-કલમ (૨)થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૬૨૭)-જી એસટી (૧૦૭૯ (એસ-૪૯)/ઠ, નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક : ૨૧૧૧ની નોંધમાં, શરત ૧૯માં, બાબત (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

"(૧) નમૂના ૨૬ પ્રમાણેના પ્રમાણપત્રના આધારે કરેલ ખરીદી ઉપર ભરેલ વેરાની રકમમાંથી કપાત કર્યા પછી, અનુસૂચિ-૨-ક અથવા ૨-ખના કોલમ ૩ અથવા ૪માં વેચેલા અથવા ખરીદેલા માલની સામે જણાવેલા વેરાના દરે અથવા ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ની કલમ ૪૯ (૨) હેઠળના જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના ઓછા દરે ગણતરી કરેલ વેરાની એકંદર રકમ".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓમ. એન. જોષી
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SALES TAX RULES, 1970.

ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા સંબંધી જાહેરનામું
નાણાં વિભાગ
સચિવાલય, ગાંધીનગર તા. ૨જી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન--૨૭) જીએસઆર-૧૦૯૪-(૭૭)-ઠ.— ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે, ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા તાત્કાલીક પગલાં લેવાનું અને ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૮૬ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૮૬થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "ગુજરાત વેચાણવેરા (દ્વિતીય સુધારા) નિયમો, ૧૯૯૪" કહેવાશે.

. ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦માં, નિયમ ૧૦ પછી, નીચેનો નિયમ દાખલ કરવો.:

INDEX

"૫૦-ક, ટર્નઓવર વેરો લેવા માટે વેચાણ કિંમતમાં ઘટાડો કરવા બાબત.—કોઈ રજિસ્ટર થયેલ વેપારી, જેના ઉપર તેણે ટર્નઓવર વેરો ભરવાના હોય તેવા કોઈ વેચાણના સંબંધમાં,—

(૧) જે વેચાણ કિંમત ઉપર ટર્નઓવર વેરો લેવા પાત્ર હોય તેમાંથી વેચાણવેરા અથવા સામાન્ય વેચાણવેરા તરીકે અલગ રીતે તેણે વસૂલ કરેલી રકમ, હોય તો તે બાકાત રાખી શકશે; અથવા

(૨) જે વેચાણ કિંમત ઉપર ટર્નઓવર વેરો લેવાપાત્ર હોય તેમાંથી નીચેની ફોર્મુલા અનુસાર ગણતરી કરેલી રકમ બાદ. કરી શકશે.

જે વેચાણ કિંમત ઉપર ટર્નઓવર વેરો લેવાપાત્ર હોય અવી વેચાણ કિંમત ગુણ્યા આર ૧૦૦+આર.

("આર" એટલે માલના વેચાણને લાગુ પડતા વેરાનો દર, એટલે કે વેચાણ કિંમત માત્ર વેચાણવેરાને પાત્ર હોય ત્યારે, વેચાણ-વેરાનો દર અથવા સામાન્ય વેચાણવેરાને જ પાત્ર હોય ત્યારે, સામાન્ય વેચાણવેરાનો દર".)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રે

INDEX

Extra No. 68

REGISTERED NO. GAZ/B/II

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, AUGUST 11, 1994/SRAVANA 20, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી--૭૫૮--૯૪--ગોગેમગોન--૮૦૯૪--૩૩૫--પી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

જે. બી. પારેખી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATION ACT, 1949.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા).

ક્રમાંક : કેવી--૭૫૮/૯૪/એએમએન--૮૦૯૪-૩૩૫-પી.– મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા)ની કલમ-૮ની પેટા-કલમ (૩) સાથે વાંચતા કલમ-૪૫૬ની પેટા-કલમ (૨) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ-૪૫૬ની પેટા-કલમ (૨)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવાતે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સૂચિત જાહેરનામાના મુસદ્દા અંગે જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે વિચારણામાં લેશે.

જાહેરનામા મુસદ્દો

૧. **ટૂંકી સંજ્ઞા**—આ નિયમો 'મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. **વ્યાખ્યા**– (૧) આ નિયમોમાં, સંદર્ભથી, અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા);

(ખ) "મતદાર નોંધણી અધિકારી" એટલે, નિયમ ૩ હેઠળ નિમાયેલ અધિકારી અને તેમાં, મદદનીશ મતદાર નોંધણી અધિકારીનો સમાવેશ થાય છે;

(ગ) "નમૂનો" એટલે, આ નિયમોને જોડેલો નમૂનો;

(ઘ) "કલમ" એટલે, અધિનિયમની કલમ.

૩. મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીનો નિમણૂક—(૧) રાજય ચૂંટણી પંચ, મ્યુનિસિપલ કોર્પોરેશનના મતદારોની યાદી તૈયાર કરવા અને સુધારવા માટે મતદાર નોંધણી અધિકારીઓ તરીકે એક અથવા વધુ અધિકારીઓને નીમશે.

(૨) મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા માટે રાજય ચૂંટણી પંચ, સમગ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા તેના કોઈ ભાગ માટે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે એક અથવા વધુ અધિકારીઓને નીમી શકશે.

(૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, મૂકે તેવી મર્યાદાઓને અધીન રહીને, આ નિયમો હેઠળ પોતાની હકૂમતની અંદર, મતદાર નોંધણી અધિકારીના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે અને તમામ અથવા કોઈપણ સત્તા વાપરશે.

૪. મતદાર યાદીઓનો મુસદ્દો તૈયાર કરવા અને પ્રસિધ્ધ કરવા બાબત.—મતદાર નોંધણી અધિકારીઓ, રાજય ચૂંટણી પંચ દ્વારા એ રીતે આદેશ કરવામાં આવ્યે, નીચેની રીતે, મ્યુનિસિપલ કોર્પોરેશનના દરેક વોર્ડ માટેની મતદારોની યાદીનો મુસદ્દો, તૈયાર કરીને પ્રસિધ્ધ કરવો જોઈશે—

(૧) તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રિય કાયદાની જોગવાઈઓ અનુસાર, તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીને મતદારોની યાદી તૈયાર કરવાના હેતુ માટે આધાર તરીકે લેવી જોઈશે.

(૨) જેઓ વોર્ડની ભૌગોલિક હદમાં રહેતી અને જેમના નામ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીમાં સમાવિષ્ટ કર્યા હોય તેવી તમામ વ્યકિતઓનાં નામોનો, સદરહુ વોર્ડની મતદાર યાદીના મુસદ્દામાં સમાવેશ કરવો જોઈશે.

INDEX

(૩) મતદાર નોંધણી અધિકારીએ ઉપર્યુકત રીતે તૈયાર કરેલ યાદી પ્રસિધ્ધ કરવી જોઈશે અને તેની એક નકલ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં અને પોતે નક્કી કરે તેવા બીજા સ્થળે સહેલાઈથી દેખાઈ આવે તેવી રીતે લોકોને જોવા માટે પ્રદર્શિત કરવી જોઈશે, અને પંદર દિવસની મુદત સુધી તે એવી રીતે પ્રદર્શિત કરી રાખવી જોઈશે. મતદારોની યાદીના મુસદ્દાની નકલ જોઈતી હોય તેવી કોઈપણ વ્યકિતને, ગુજરાત વિધાનસભાની મતદાર યાદી અથવા તેના ભાગની નકલ જે દરેક વેચવામાં આવતી હોય તે જ દરે તે આપવી જોઈશે

(૪) મતદાર નોંધણી અધિકારીએ જે દિવસે યાદી પ્રસિધ્ધ કરી હોય તે દિવસે, કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમા પ્રસિધ્ધિની હકીકતની જાહેરખબર આપીને, સદરહુ યાદી કયા સ્થળે પ્રદર્શિત કરી છે તે સ્થળો અને કયા સ્થળેથી અને કયા દરે સદરહુ યાદીની નકલો મળી શકશે તેની નોટિસ આપવી જોઈશે.

૫. મતદાર યાદીના મુસદ્દાના સુધારા.—આ અર્થે પોતાને કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મેળે મતદાર નોંધણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈ કોઈ ભૂલને લીધે વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગ સાથે મતદાર યાદી મળતી આવતી નથી તો તે સુધારાવશે. જેથી કરીને સદરહુ મતદાર યાદી સાથે મળતી આવે અને તે હેતુ માટે મતદાર યાદીનો મુસદ્દો સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં કોઈ નોંધ ઉમેરી શકશે.

૬. મતદાર યાદીના મુસદ્દામાં ઉમેરો કરવા માટેના દાવા.—(૧) (ક) કેન્દ્રિય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીમાં નોંધણી કરાવવાને હકદાર અને જેનું નામ વર્ષના પ્રથમ દિવસે એવી રીતે ઉમેરી શકાય તેમ ન હોય તેવી કોઈપણ વ્યકિત, આ નિયમોના નિયમ-૪ હેઠળ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિધ્ધીની તારીખથી પંદર દિવસથી મોડું ન હોય તે રીતે, સંબંધિત વોર્ડ માટેની મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરાવવા માટે મતદાર નોંધણી અધિકારીને અરજી કરી શકશે.

(ખ) આવો દરેક દાવો નમૂના 'ક' મુજબ હોવો જોઈશે અને જેનું નામ તે વોર્ડ માટેની મતદાર યાદીમાં અગાઉ ઉમેરાયેલ હોય તેવી વ્યકિતએ યોગ્ય રીતે સહી કરેલ હોવી જોઈશે અને બીજી વ્યકિતએ સામી સહી કરેલ હોવી જોઈશે.

(૨) મતદાર નોંધણી અધિકારી, પોતે જરૂરી ગણે તેવી સંક્ષિપ્ત તપાસ કર્યા પછી, તેને એવી ખાતરી થાય કે અરજદાર કેન્દ્રીય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગમાં નોંધાવવાને હકદાર છે, તો તે મતદાર યાદીમાં અરજદારનું નામ ઉમેરશે.

૭. આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવા બાબત.—(૧) ત્યાર પછી મતદાર નોંધણી અધિકારીએ,—

(ક) ઉપરના નિયમો ૫ અને ૬ હેઠળ પોતાના નિર્ણયો પાર પાડવા માટે અથવા મતદાર યાદીના મુસદ્દામાં પછીથી જણાવેલી કારકૂની અને મુદ્રણની ભૂલો અને બીજી અચોકસાઈ સુધારવા માટે, સુધારા યાદી તૈયાર કરવી જોઈશે;

(ખ) સુધારાની યાદી સહિતની મતદાર યાદી પ્રસિધ્ધ કરવી જોઈશે અને પોતાની કચેરીના નોટિસ બોર્ડ ઉપર લોકોને જોવા માટે પ્રદર્શિત કરવી જોઈશે અને જે દિવસે આવી આખરી યાદી પ્રસિધ્ધ કરી હોય તે દિવસે, કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધિની હકીકતની અને સદરહુ યાદી કયા સ્થળે પ્રદર્શિત કરી છે તે સ્થળ જાહેરખબર આપીને નોટિસમાં આપવી જોઈશે.

(૨) એવી રીતે પ્રસિધ્ધ થયે સુધારા યાદી સાથેની મતદાર યાદી મ્યુનિસિપલ કોર્પોરેશન માટેની આખરી મતદાર યાદી ગણાશે અને તે તરતજ અમલમાં આવશે.

(૩) દરેક વોર્ડ માટેની મતદાર યાદી, આવી યાદીમાં નોંધાયેલ કોઈપણ વ્યકિત તે વોર્ડમાંથી ચૂંટણીમાં મત આપવાને હકદાર છે. કેમ તે નક્કી કરવાના હેતુ માટેનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૪) (ક) મતદાર યાદીની છપાયેલ નકલો જોઈતી હોય તેવી કોઈપણ વ્યકિતને ગુજરાત વિધાનસભાની મતદાર યાદી અથવા તેના ભાગની નકલ જે દરે વેચવામાં આવતી હોય તે જ દરે તે આપવી જોઈશે.

(ખ) મતદાર નોંધણી અધિકારીએ (આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ, સુધારા યાદી હોય તો તે સાથે) તેની બે નકલો વિના મૂલ્યે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા) હેતુઓ માટે માન્ય દરેક રાજકીય પક્ષને પૂરી પાડવી જોઈશે.

(૫) મતદાર નોંધણી અધિકારીએ, આખરી મતદાર યાદીની નકલ રાજય ચૂંટણીપંચને મોકલવી જોઈશે.

૮. તત્સમાન નિયમો રદ કરવા બાબત.— તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ આથી રદ કરવામાં આવે છે.

INDEX

નમૂનો--ક

[જુઓ નિયમ ૬ (૧) (ખ)]

નામ ઉમેરવા માટેની દાવા અરજી.

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,

.....

.....

સાહેબ,

હું વિનંતી કરું છું કે,.....શહેરના વોર્ડ નંબર..... વોર્ડનું નામ.....માટેની મતદાર યાદીમાં મારું નામ ઉમેરવું.

(૧) મારું પૂરેપૂરું નામ.....છે.

(૨) મારા પિતાનું/માતાનું/પતિનું નામ.....છે.

(૩) મારું રહેણાંકનું સ્થળ.....છે.
મ્યુનિસિપલ સેસન્સ નં. સરવે નં/ઘરનો છેવટનો પ્લોટ નં. ....શેરી/મહોલ્લો .....
.....વોર્ડ નં.....વોર્ડનું નામ.....નગર.....

હું આથી જાહેર કરું છું કે મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ--

(૧) હું ભારતનો નાગરિક છું

(૨) ગત જાન્યુઆરી મહિનાની પહેલી તારીખે મારી ઉંમર.....વર્ષ અને.....મહિનાની હતી;

(૩) હું સામાન્ય રીતે ઉપર આપેલા સરનામે રહું છું.

(૪) બીજા કોઈ વોર્ડની યાદીમાં મારું નામ દાખલ કરવા માટે મેં અરજી કરી નથી;

(૫) મારું નામ, મ્યુનિસિપલ કોર્પોરેશનની બીજી કોઈપણ મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું નથી.

મારું નામ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર.....વોર્ડનું નામ.....ની મતદાર યાદીના ભાગ ... ... ના અનુક્રમ નંબર.....પર દાખલ કરવામાં આવ્યું છે અને તે યાદીમાંથી તે કાઢી નાખવાની હું વિનંતી કરું છું.

તારીખ.....

દાવેદારની સહી અથવા અંગૂઠાનું નિશાન,

સ્થળ.....

જે વોર્ડમાં દાવેદારે નામ દાખલ કરવા માટે અરજી કરી હોય તે વોર્ડની મતદાર યાદીમાંનો હું મતદાર છું અને મતદાર યાદીના અનુક્રમ નં.....પર મારું નામ દાખલ કરેલું છે. હું તેના દાવાને સમર્થન આપું છું અને તેના ઉપર સામી સહી કરું છું.

.....

મતદારની સહી

નામ (પૂરેપૂરું) .....
.....

INDEX

લીધેલાં પગલાંની જાણ

શ્રી/શ્રીમતી/કુ.....સરનામું.....ની.....
નમૂના-ક મુજબની અરજી,–

(ક) સ્વીકારવામાં આવી છે અને તેનું/તેણીનું નામ વૉર્ડની મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે જુઓ વૉર્ડની મતદાર યાદી.....માં અનુક્રમાંક.....

(ખ) નીચેના કારણોસર અસ્વીકાર કરવામાં આવ્યો છે.

.....

.....

તારીખ.....

મતદાર નોંધણી અધિકારી,

(સરનામું)

અરજી મળ્યાની પહોંચ

શ્રી/શ્રીમતી/કુમારી..... સરનામું..... .....
....ના તરફથી નમૂના "ક" મુજબની અરજી તારીખ.....રોજ.....વાગ્યે મળેલ છે

તારીખ.....

મતદાર નોંધણી અધિકારી,

(સરનામું)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ઓલ. એ. શાહ,
ગુજરાત સરકારના નાયબ-સચિવ.

IX-Extra-68-2

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 69 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, AUGUST 18, 1994/SRAVANA 27, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૩૧૯૯૪-એએમએન-૮૦૯૩-૩૯૧૫-પી,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારઘી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATIONS ACT, 1949.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : કેવી-૩૫૯૯-૯૪-એએમએન-૮૦૯૩-૩૯૫૫-પી.—સન ૧૯૯૧ની વસતીના સંબંધિત આંકડા તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૩ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે;

અને જામનગર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજવાની છે;

તેથી, હવે, જામનગર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનને લાગેવળગે છે તેટલે સુધી, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૬૯મા)ની સદરહુ કલમ ૫૫ની પેટા-કલમ (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતા કલમ-૫૫ની પેટા-કલમ (૩)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એવું નક્કી કરે છે કે,—

(ક) જામનગર શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનનું સત્તર વોર્ડોમાં વિભાજન કરવું જોઈશે. કોર્પોરેશન એકાવન કાઉન્સિલરોનું બનશે;

(ખ) ચાર બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રહેશે જેમાંથી એક બેઠક, અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રહેશે.

(ગ) પાંચ બેઠકો, પછાત વર્ગો માટે અનામત રહેશે જેમાંની બે બેઠકો, પછાત વર્ગની સ્ત્રી માટે અનામત રહેશે; અને

(ઘ) સત્તર બેઠકો, (ઉપર ઉલ્લેખેલી અનુસૂચિત જાતિ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિતની) સ્ત્રીઓ માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. એ. શાહ,
સરકારના નાયબ સચિવ.

———

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No 70 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, AUGUST 31, 1994/BHADRA 9, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી ઓગષ્ટ ,૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૪/૧૪/ઈડીસી/૧૦૮૫/ડી, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE THERRORIST AND DISRUPTIVE ACTIVITIES (PREVENTION) ACT, 1987.

આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી જૂન, ૧૯૯૪.

ક્રમાંક: જીકે/૯૪/૧૪/ઈડીસી/૧૦૮૫/ડી.—આતંકવાદી અને વિનાશક પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૮૭ (સન ૧૯૮૭ના ૨૮મા)ની કલમ ૯ની પેટા-કલમ (૪) થી મળેલી સત્તાની રૂએ, અને તારીખ ૧૮-૭-૯૨નું સરકારી જાહેરનામું, ક્રમાંક : જીકે/૯૨/૨૩/ઈડીસી/૧૦૮૧/ડી રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભલામણથી અને તેમની સંમતિથી, પ્રથમના, ૧૪ બ્રહ્મ, સીટી સીવીલ કોર્ટ અને અધિક સેશન જજ, અમદાવાદને, મુકરર કરેલી કોર્ટ, અમદાવાદમાં હકૂમત વાપરવા માટે, મુકરર કરેલી કોર્ટ, અમદાવાદના અધિક જજ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. બી. જાડેજા,
સરકારના નાયબ સચિવ.

PK—Binder-70-1

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 71 REGISTERED NO. G/GNR/2

©

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, SEPTEMBER 14, 1994/BHADRA 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

તારીખ ૧૩મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર, ભાગ—૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૯નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

INDEX

GUJARAT ACT NO. 19 OF 1994

THE BOMBAY INAMS (KUTCH AREA) ABOLITION (GUJARAT AMENDMENT) ACT, 1994.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૧૯૯૪ના સપ્ટેમ્બર મહિનાની ૧૦મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

GUJARAT ACT NO. 19 OF 1994

AN ACT

further to amend the Bombay Inams (Kutch Area) Abolition Act, 1958 for certain Purposes.

સન ૧૯૯૪નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૯.

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૯૪ના સપ્ટેમ્બર મહિનાની ૧૩મી તારીખે "ગુજરાત રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

અમુક હેતુઓ માટે મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી અધિનિયમ, ૧૯૫૮ વધુ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ "મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

સન ૧૯૫૮ના મુંબઈના ૯૮મા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.

૨. મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૪માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:—

"(૫) પેટા-કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ ગઈ હોય તે છતાં, પેટા-કલમ (૨) હેઠળ લેણદાર સન ૧૯૯૪નો ડિસેમ્બર મહિનો પૂરો થાય તે પહેલા દાવો જાહેર કરી શકશે.".

સન ૧૯૫૮ના મુંબઈના ૯૮મા અધિનિયમની નવી કલમ-૧૬-ઘ દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૬-ગ પછી, નીચેની કલમ દાખલ કરવી:—

વળતર માટે અરજી કરવા સારું વધુ સમય લંબાવવા બાબત.

"૧૬. ઘ (૧) કલમ ૧૫ અથવા ૧૬ હેઠળ વળતર માટે અરજી કરવા માટે કલમ ૧૬-ગમાં નિર્દિષ્ટ કરેલી મુદત પૂરી થઈ ગઈ હોય તે છતાં, કલમ ૧૨, ૧૩ અથવા ૧૬ હેઠળ વળતરનો દાવો કરતી કોઈ વ્યકિત સન ૧૯૯૪નો ડિસેમ્બર મહિનો પૂરા થતાં પહેલાં, તે માટેની અરજી કલેકટરને કરી શકશે.

સન ૧૯૯૪નો ગુજરાતનો ૧૯મો.

(૨) મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪ના આરંભ પહેલા કોઈ વ્યકિતએ કરેલી વળતર માટેની કોઈ અરજી, કલેકટરે દાખલ કરી ન હોય ત્યારે, આવી વ્યકિત પેટા-કલમ (૧) હેઠળ અરજી કરવાને પણ હકદાર રહેશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળની કોઈ અરજી મળ્યેથી, કલેકટરે તે દાખલ કરવી જોઈશે અને આ અધિનિયમની તમામ જોગવાઈઓ જાણે કે કલમ ૧૫ અથવા યથાપ્રસંગ, કલમ ૧૬ હેઠળ ઠરાવેલી મુદતની અંદર અરજી કરી હોય તેમ તે અરજીને લાગુ પડશે :

પરંતુ કલેકટર આવી અરજી દાખલ કરવાની ના પાડે તો, અરજદાર, કલેકટરના હુકમ સામે, તે હુકમની તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર રાજ્ય સરકારને અપીલ કરી શકશે અને રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવો તેના ઉપર હુકમ કરી શકશે.".

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 72 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, SEPTEMBER 17, 1994/BHADRA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૩૪૧--૯૪--અમન--૮૦૯૪-૧૭૨૧--પી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સુધારા જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર. ૨૨મી જુલાઈ, ૧૯૯૪

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : કેવી--૩૪૧--૯૪--અમન--૮૦૯૪--૧૭૨૧--પી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૩૧મી મે, ૧૯૯૪ના જાહેરનામા ક્રમાંક : કેવી-૩૦૪--૯૪--એએમએન--૮૦૯૪-૧૭૨૧--પી, થી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેનું ગુજરાતી ભાષાંતર તા. ૩જી જુન, ૧૯૯૪ના સરકારી ગેઝેટ પાર્ટ--૯ એક્સ્ટ્રા ઓર્ડીનરીમાં કરવામાં આવેલ છે. સદર નિયમોના નિયમ--૧૧ના પેટાનિયમ--૭, ૮, અને ૯માં "ચોરસ" ની જગ્યાએ "લંબ ચોરસ" વાંચવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી. એસ. રાવા,
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 73 REGISTERED NO. G.[illegible]/3.

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, SEPTEMBER 29, 1994/ASVINA 7, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી-૯૪-૩૦) ઈપીટી-૧૦૯૪-જીઓઆઈ--૨૮--ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

ઓ. બી. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક. (જીએચટી/૯૪/૩૦) ઈપીટી/૧૦૯૪/જીઓઆઈ/૨૮/ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે.

તેથી, હવે ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૨૯ની પેટા--કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અનુસૂચિ--૧માં જણાવેલ નીચેની ૧ રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ફિલ્મો પ્રદર્શિત કરવાને, અનુસૂચિ--૨માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમો ૩ અને ૬ હેઠળ લેવાપાત્ર કર ભરવામાંથી સંપૂર્ણતઃ મુકિત આપે છે.

INDEX

અનુસૂચિ—૧

અનુક્રમાંક	ફિલ્મનું નામ	વિગતો
૧	૨	૩
(૧)	ચરાચર (બંગાળી)	ઉત્તમ ફિચર, ફિલ્મ, સુવર્ણકાળ એવોર્ડ વિજેતા નિર્માતા : મેસર્સ ગોપમુવી પ્રાઈવેટ લિમિટેડ. ૧૩૨, લેનીન સરાઈ, બીજો માળ, કલકત્તા--૧૩.
(૨)	પ્રાદેશિક ભાષાઓમાં ઉત્તમ ફિલ્મો.	
૧.	અબારતન (આસામી)	રજતકમળ એવોર્ડ વિજેતા, નિર્માતા--શ્રી ભબેન્દ્રનાથ, શેઈકીયા, બસીસ્થાપુર--૨, ગુવાહાટી-૨૮
૩.	અંતરીન (બંગાળી)	રજતકમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : એન. એફ. ડી. સી. ડિસ્કવરી ઓફ ઈન્ડિયા, નેહરુ સેન્ટર, ડો. એ. પી. બી. રોડ, વરલી, મુંબઈ.
૪.	પતંગ (હિન્દી)	રજતકમળ એવોર્ડ, નિર્માતા : શ્રી સંજય સાહી, એ. પી. કોલોની, ગયા--૮૨૩૦૦, બિહાર.
૫.	ચિન્નારી મુથા (કન્નડ)	રજતકમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રીમતી નાગીની નાગાભરના, નં. ૬, ૩ ક્રોસ વળાંક, એસબીએમ કોલોની, બેંગ્લોર--૫૦.
૬.	વિયેયન (મલાયલમ)	રજતકમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી રવી (શ્રી કે. રવીન્દ્રનાથ નાયર) જનરલ પિકચર્સ, બીચરોડ, કવીલોન--૬૯૧૦૦૧, કેરાલા.
૭.	સામ્બલ વાગ્મા (મણીપુરી)	રજતકમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : મેસર્સ સોબીતા દેવી, ધીએક્સ--સીન પીઓના બઝાર, ઈમ્ફાલ, મણીપુર.
૮.	લાપનદવ (મરાઠી)	રજતકમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી સચીન પારેકર, પારેકર વાડ, અમોલ હાઉસ, પહેલો માળ, પારનુકા, કલ્યાણ--૪૨૧૩૦૧.
૯.	અરણ્ય રોડવા (ઓરિયા)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી પરાસર પ્રુસ્તી, ગૌરી પિકચર, ૨૮૧, શાહીનગર, ભુવનેશ્વર--૭૫૧૦૦૭, ઓરિસા.
૧૦.	કાંચહારી (પંજાબી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી વિજય ટંડન, એચ. એન--૧૮૩, સેકટર નં. ૮, પંચકુલ--૧૩૪૧૦૯.
૧૧.	મહાનાધી (તામીલ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી એસ. એ. રાજકન્નુ, ૧૫૪, આરંધન સ્ટ્રીટ એન. વામનરોડ, ટી. નગર, મદ્રાસ--૧૭.
૧૨.	મિસ્ટર પેલ્લમ (તેલુગુ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી ગૌરંગ પારધા ગરાધી. ૩૦૭, જે. એમ. એપ્ટસ બેગમપેટ, હૈદરાબાદ.
૧૩.	મુહાફીઝ (ઉર્દૂ)	રજત કમળ એવોર્ડ વિજેતા નિર્માતા : શ્રી વાહીદ ચૌહાણ. સેસીલ કોર્ટ, એમ. ભુસાણ રોડ, મુંબઈ--૩.
૧૪.	માંશ્રાકુ (કોડાવા)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : શ્રી બી. એન. રવી શંકર. નં. ૩૨, ૧૬ ક્રોસ, ૩૩ મેઈન, ૬ ફેસ, જે. પી. નગર. બેંગ્લોર--૭૮.

INDEX

૧	૨	૩
(૧૫)	બાંગર પાટલર (તુલુ)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : ડો. રીચાર્ડ કેસ્ટાલીનો "નિધ્યાદર" એન. જી. રોડ મેંગ્લોર–૧.
(૩)	રાષ્ટ્રીય એકતા ઉપર ઉત્તર ફિચર ફિલ્મ માટે નરગીસદત્ત એવોર્ડ	
૧૬.	સરદાર (હિન્દી)	રજત કમળ એવોર્ડ વિજેતા, નિર્માતા : ફાઉન્ડેશન ફોર ફિલ્મ્સ ઓન ઈન્ડિયાઝ વોર ઓફ ઈન્ડીપેન્ડન્સ C/o. શ્યામ બેનેગલ સહ્યાદ્રી ફિલ્મ્સ, ૧૯/૨૦ એ એવરેસ્ટ બિલ્ડીંગ, તારદેવ રોડ, મુંબઈ–૩૪.
(૪)	બાળકોની ઉત્તમ ફિલ્મ.	
૧૭.	લાવણ્ય પ્રીતી (ઓરિયા)	સુવર્ણમાળ એવોર્ડ વિજેતા, નિર્માતા : નેશનલ સેન્ટર ઓફ ફિલ્મ્સ ફોર ચિલ્ડ્રન એન્ડ યંગ પીપલ (*N.C.Y.P.*) ફિલ્મ્સ ડિવિઝન કોમ્પ્લેક્ષ–૨૪, ડો. જી. દેશમુખ માર્ગ મુંબઈ–૨૬.

અનુસૂચિ

શરતો

(૧) કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન દરો વધારવા નહી અને વિદ્યમાન પ્રવેશ–દરો આપેલી મુક્તિની રકમથી ઘટાડવા.

(૨) કર ભરવામાંથી આપેલી આ મુક્તિ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક : ઈપ.ટી/૧૦૮૩/૧૩૨૪/ઈની જોગવાઈઓ અનુસાર રહેશે.

(૩) કર ભરવામાંથી આપેલી આ મુક્તિ ફિલ્મની નવપ્રિન્ટ માટે તેર અઠવાડિયા સુધી મળશે. તેથી ૧૩×૯=૧૧૭ અઠવાડિયાની બધી રીતની મુક્તિ ઉપરાંતની મુદત ગણાશે, કુલ ૧૧૭ અઠવાડિયામાંથી સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ કરતાં વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદમાં ૩૯ અઠવાડિયા સુધી મુક્તિ મળશે. બાકીના ૭૮ અઠવાડિયાઓમાં, સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ થી વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારમાં ફિલ્મ પ્રદર્શિત કરવી.

(૪) કર ભરવામાંથી આપેલી આ મુક્તિ, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે વર્ષની મુદત સુધી રહેશે.

(૫) મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. કે. અસરાની,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

EXTRA No.74 REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, OCTOBER 17,1994/ ASVINA 25,1916.

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than these published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૭ ડિસેમ્બર, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી નવેમ્બર ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૨૫૪-એચબીએ-૧૦૯૦-૭૯-ઠ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારનાં નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT HOUSING BOARD RULES,1977.

ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૭ સુધારવા સંબંધી

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૧૯૯૩.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૨૫૪-એચબીએ-૧૦૯૦-૭૯-ઠ :- ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૭ વધુ સુધારવા માટેના નિયમોનો મુસદ્દો, ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ,

INDEX

૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા)નાં કલમ-૭૩ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૧૫૦/એચબીએ/૧૦૯૦/૭૯-ઠ હેઠળ, તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૩ની ગુજરાત રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બી ના પાના ૧૨૭-૧ થી ૧૨૭-૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અને સૂચનો તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૩ સુધીમાં મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં કોઇ વાંધા અને સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, સદરહુ અધિનિયમની સદરહુ કલમ ૭૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ઙ) સાથે વાંચતાં, ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા) ની સદરહુ કલમ ૭૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ઙ) સાથે વાંચતાં, સદરહુ અધિનિયમની કલમ ૭૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો 'ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ (પ્રથમ સુધારા) નિયમો, ૧૯૯૩'' કહેવાશે.

૨. ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ નિયમો, ૧૯૭૭માં, -

(૧) નિયમ-૪ માં, પેટા-નિયમ (૨)ને બદલે, નીચેનો મજકૂર મુકવો :-

''(૨) (૧) તેઓ, પ્રથમ દરજ્જાના સરકારી અધિકારીને, મળવાપાત્ર હોય તેવા દરોએ, મુસાફરી ભથ્થું, દૈનિક ભથ્થું, હોટેલ ખર્ચ મેળવવાને પણ હકદાર થશે. તેઓ, રેલ્વેમાં પ્રથમ વર્ગ અથવા બીજા વર્ગના વાતાનુકૂલિત સ્લીપર દ્વારા મુસાફરી કરવા માટે હકદાર થશે. બોર્ડના સભ્ય, અધ્યક્ષની પરવાનગીથી, બોર્ડની અથવા બોર્ડની સમિતિઓની બેઠકોમાં હાજરી આપવા માટે તેમની પોતાની અથવા બીજાની ઉછીની લીધેલી અથવા ભાડાની કારમાં માર્ગ દ્વારા મુસાફરી કરી શકશે. આવા કિસ્સામાં તો, સરકાર વખતોવખત ઠરાવે તેવા દરે, પૂરેપૂરું માઇલેજ ભથ્થું લઇ શકશે.''.

(૨) પેટા-નિયમ (૨-ઙ) કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ.એ.શાહ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 75 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, OCTOBER 17, 1994/ASVINA 25, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાક : (જીએચએન--૩૧) જીએસઆર--૧૮૯૪ (૭૮)--ઠ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. વી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SALES TAX RULES, 1970.

ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાક : (જીએચએન--૩૧) જીએસઆર--૧૦૯૪-(૭૮)--ઠ.—ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વેચાણ વેરા નિયમો, ૧૯૭૦ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત વેચાણ વેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ ૮૬ની પેટા--કલમ (૪)ના પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૮૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'ગુજરાત વેચાણ વેરા (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦માં, નિયમ ૬ માં, પેટા-નિયમ (૧) પછી, નીચેનો મજકુર દાખલ કરવો :—

" (૧--ક) ટ્રિબ્યુનલનો સભ્ય, પોતે પાંસઠ વર્ષની ઉંમરનો થાય ત્યાં સુધી તે હોદ્દો ધરાવશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 76 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] MONDAY, OCTOBER 17, 1994/ASVINA 25, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તા. ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (૧) (જીએચએન--૩૨) એમએસએ--૧૦૯૪--(એસ-૩૫)--૪૧ (૬) (૨) (જીએચએન-૩૩/જીએસટી/૧૦૯૪/એસ--૪૯/(૨૭૬)-ઠનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી., પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-65)-MSA/1081-(S-35) —TH, DATED THE 7TH OCTOBER, 1981

નાણાં વિભાગનું તારીખ ૭મી ઓકટોબર, ૧૯૮૧નું સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૬૫)-એમએસએ-૧૦૮૧-(એસ-૩૫) ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૪થી ઓકટોબર, ૧૯૯૪.

મુંબઈ મોટર સ્પિરિટ, વેચાણવેરા, અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : (જીએચએન--૩૨) એમએસએ--૧૦૯૪--(એસ--૩૫)--(૪૧) ઠ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, મુંબઈ મોટર સ્પિરિટ વેચાણવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૬ મા)ની કલમ ૩૫ની પેટા--કલમ (૧) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૭મી ઓકટોબર, ૧૯૮૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન--૬૫) એમએસએ--૧૦૮૧/(એસ--૩૫) ઠ નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૫ આગળની નોંધ ક્રમી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,.

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, FINANCE DEPARTMENT NO. (GHN-67)GST-1070/(S-49)-TH DATED THE 29TH APRIL, 1970

નાણાં વિભાગનું તારીખ : ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન--૬૨૭) જીએસટી-૧૦૭૦/એસ-૪૯--ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૪થી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન--૩૩)/જીએસટી/૧૦૯૪/એસ--૪૯/(૨૭૬)/ઠ.— ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ ના ગુજરાતના ૧ લા) ની કલમ--૪૯ની પેટા--કલમ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ: ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન--૬૨૭) /જીએસટી/૧૦૭૦/એસ--૪૯--ઠ નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, નોંધ ૮૬માં, પેટા--નોંધ (૩) ક્રમી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 77 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, OCTOBER 28, 1994/KARTIKA 6, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૮મી ઓકટોબર ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૪૬૭-૯૪-એએમએન-૮૦૯૪-૩૩૫-પી,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY PROVINCIAL MUNICIPAL CORPORATION ACT, 1949.

મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓકટોબર, ૧૯૯૪.

મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (મુંબઈ સન ૧૯૪૯નો ૫૯).

ક્રમાંક : કેવી-૪૬૭-૯૪-એએમએન-૮૦૯૪-૩૩૫-પી.—મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ મુંબઈના ૫૯મા)ની કલમ--૮ની પેટા-કલમ (૩) સાથે વાંચતા કલમ--૪૫૬ની પેટા-કલમ (૨)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૩૫૮-૯૪-એએમએન-૮૦૯૪-૩૩૫-પી હેઠળ, તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૪ની ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૧-એ સેન્ટ્રલ સેકશન પાન ૨૮૯—૧ થી ૨૮૯—૪ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ મુસદ્દા અંગે સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી. તેથી, હવે મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈના ૫૯મા)ની કલમ ૮ની પેટા-કલમ (૩)ની સાથે વાંચતા, કલમ ૪૫૬ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો 'મુંબઈ પ્રોવિન્સિયલ કોર્પોરેશન (મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. અર્થઘટન.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો);

(ખ) "મતદાર નોંધણી અધિકારી" એટલે, નિયમ ૩ હેઠળ નિમાયેલ અધિકારી અને તેમાં, મદદનીશ મતદાર નોંધણી અધિકારીનો સમાવેશ થાય છે.

(ગ) "નમૂનો" એટલે, આ નિયમોને જોડેલ નમૂનો;

(ઘ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. મતદાર નોંધણી અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીની નિમણૂંક:—

(૧) મ્યુનિસિપલ કોર્પોરેશનના મતદારોની યાદી તૈયાર કરવા અને સુધારવા માટે રાજ્ય ચૂંટણી પંચ, મતદાર નોંધણી અધિકારી તરીકે એક કે વધુ અધિકારીઓ નિમશે.

(૨) મતદાર નોંધણી અધિકારીને મદદ કરવા માટે, રાજ્ય ચૂંટણી પંચ, સમગ્ર મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા તેના કોઈ ભાગ માટે મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે એક કે વધુ અધિકારીઓ નીમી શકશે.

(૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી નાંખે તેવી મર્યાદાઓને અધીન રહીને, પોતાની હકુમતની અંદર આ નિયમો હેઠળ, મતદાર નોંધણી અધિકારીના તમામ અથવા કોઈપણ કાર્યો બજાવશે અને તમામ અથવા કોઈપણ સત્તા વાપરશે.

૪. મતદારોની યાદીનો મુસદ્દો તૈયાર કરવા અને પ્રસિદ્ધ કરવા બાબત.—મતદાર નોંધણી અધિકારી, રાજ્ય ચૂંટણી પંચ એ રીતે આદેશ કર્યે, મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રત્યેક વોર્ડ માટે મતદારોની યાદીનો મુસદ્દો નીચેની રીતે તૈયાર કરી, પ્રસિદ્ધ કરશે:—

(૧) મતદારોની યાદી તૈયાર કરવાના હેતુ માટે, તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રીય કાયદાઓની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીને આધાર તરીકે લેવી જોઈશે.

INDEX

(૨) જેઓ વોર્ડની ભૌગોલિક હદમાં રહેતી હોય અને જેમના નામ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીમાં સમાવિષ્ટ કર્યા હોય તેવી તમામ વ્યકિતઓનાં નામોનો, સદરહુ વોર્ડની મતદાર યાદીના મુસદ્દામાં સમાવેશ કરવો જોઈશે.

(૩) મતદાર નોંધણી અધિકારીએ, ઉપર્યુકત રીતે તૈયાર કરેલ યાદી પ્રસિદ્ધ કરવી જોઈશે અને તેની એક નકલ, મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીમાં અને પોતે નક્કી કરે તેવા બીજા સ્થળોએ સહેલાઈથી દેખાઈ આવે તેવી રીતે, લોકોને જોવા માટે પ્રદર્શિત કરવી જોઈશે. અને પંદર દિવસની મુદત સુધી તે એવી રીતે પ્રદર્શિત કરી રાખવી જોઈશે. મતદારોની યાદીના મુસદ્દાની નકલ જોઈતી હોય તેવી કોઈપણ વ્યકિતને, ગુજરાત વિધાનસભાની મતદાર યાદી અથવા તેના ભાગની નકલ જે દરે વેચવામાં આવતી હોય, તે જ દરે આપવામાં આવશે.

(૪) મતદાર નોંધણી અધિકારીએ જે દિવસે યાદીનો મુસદ્દો પ્રસિદ્ધ કરવામાં આવે તે દિવસે, કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં, પ્રસિદ્ધની હકીકતની જાહેરખબર આપીને, સદરહુ યાદી કયા સ્થળે પ્રદર્શિત કરી છે તે સ્થળો અને કયા સ્થળેથી અને કયા દરે, સદરહુ યાદીની નકલો મળી શકશે તેની નોટિસ આપવી જોઈશે.

૫. મતદાર યાદીના મુસદ્દાના ફેરફાર.—આ અર્થે પોતાને કરેલી અરજી ઉપરથી અથવા પોતાની મેળે, મતદાર નોંધણી અધિકારીને એવી ખાતરી થાય કે કોઈ ભૂલને લીધે વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગ કે મતદાર યાદી મળતી આવતી નથી તો તે એવી રીતે સુધરાવશે, કે જેથી કરીને સદરહુ મતદાર યાદી સાથે મળતી આવે અને તે હેતુ માટે, મતદાર યાદીનો મુસદ્દો સુધારી શકશે, રદ કરી શકશે અથવા તેમાં કોઈ નોંધ ઉમેરી શકશે.

૬. મતદાર યાદીના મુસદ્દામાં ઉમેરો કરવા માટેના દાવા:—

(૧) (ક) જે કોઈ વ્યકિત કેન્દ્રીય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીમાં નોંધણી કરાવવાને હકદાર બની હોય અને તેનું નામ એવી રીતે ઉમેરી શકાય તેમ ન હોય તેવી કોઈપણ વ્યકિત, આ નિયમોના નિયમ (૪) હેઠળ મતદાર યાદીના મુસદ્દાની પ્રસિદ્ધિની તારીખથી પંદર દિવસથી મોડું ન હોય તે રીતે, સંબંધિત વોર્ડ માટેની મતદાર યાદીમાં પોતાનું નામ ઉમેરાવવા માટે, મતદાર નોંધણી અધિકારીને અરજી કરી શકશે.

(ખ) આવો દરેક દાવો, નમૂના "ક" મુજબ હોવો જોઈએ અને જેનું નામ તે વોર્ડ માટેની મતદાર યાદીમાં અગાઉ ઉમેરાયેલ હોય તેવી વ્યકિતએ યોગ્ય રીતે સહી કરેલ હોવી જોઈશે, અને બીજી વ્યકિતએ સામી સહી કરેલ હોવી જોઈશે.

(૨) મતદાર નોંધણી અધિકારી પોતે જરૂરી ગણે તેવી સંક્ષિપ્ત તપાસ કર્યા પછી, તેને એવી ખાતરી થાય કે અરજદાર કેન્દ્રિય કાયદા હેઠળ વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગમાં નોંધાવવાને હકદાર છે, તો તે મતદાર યાદીમાં અરજદારનું નામ ઉમેરશે.

૭. આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવા બાબત:—

(૧) ત્યાર પછી, મતદાર નોંધણી અધિકારીએ,—

(ક) ઉપરના નિયમો ૬ અને ૭ હેઠળ પોતાના નિર્ણયો પાર પાડવા માટે અથવા મતદાર યાદીના મુસદ્દામાં પછીથી જણાયેલી કારકૂની અથવા મુદ્રણની ભૂલો અથવા બીજી અચોકસાઈઓ સુધારવા માટે સુધારા યાદી તૈયાર કરવી જોઈશે;

(ખ) સુધારાની યાદી સહિતની મતદાર યાદી પ્રસિદ્ધ કરવી જોઈશે, અને તે લોકોને જોવા માટે પોતાની કચેરીના નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવી જોઈશે, અને જે દિવસે આવી આખરી યાદી પ્રસિદ્ધ કરી હોય તે દિવસે, કોઈપણ બે સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધિની હકીકતની જાહેરખબર આપીને, કયા સ્થળે સદરહુ યાદી જોવા માટે મૂકી છે તેની નોટિસ આપવી જોઈશે.

(૨) એવી રીતે પ્રસિદ્ધ થયે, સુધારા સાથેની મતદાર યાદી, મ્યુનિસિપલ કોર્પોરેશન માટેની આખરી મતદાર યાદી ગણાશે અને તે તુરત જ અમલમાં આવશે.

(૩) દરેક વોર્ડ માટેની મતદાર યાદી, આવી યાદીમાં નોંધાયેલ કોઈપણ વ્યકિત તે વોર્ડમાંથી ચૂંટણીમાં મત આપવાને હકદાર છે કે કેમ તે નક્કી કરવાના હેતુ માટેનો નિર્ણાયક પુરાવો ગણાશે.

(૪) (ક) આખરી મતદાર યાદીની છાપેલી નકલો જોઈતી હોય તેવી કોઈપણ વ્યકિતને, ગુજરાત વિધાનસભાની મતદાર યાદી અથવા તેના ભાગની નકલ જે દરે વેચવામાં આવતી હોય તે જ દરે, આપવી જોઈશે.

(ખ) લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા)ના હેતુઓ માટે માન્ય હોય તેવા દરેક રાજકીય પક્ષને, મતદાર નોંધણી અધિકારીએ આખરી મતદાર યાદી (સુધારા યાદી હોય તો તે સાથે આખરી પ્રસિદ્ધ થઈ હોય તો તે)ની બે નકલો વિના મૂલ્યે આપવી જોઈશે.

(ગ) મતદાર નોંધણી અધિકારીએ, આખરી મતદાર યાદીની નકલ રાજ્ય ચૂંટણી પંચને મોકલવી જોઈશે.

૮. તત્સમાન નિયમો રદ કરવા બાબત.—મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો, ૧૯૯૪ તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના રોજથી આથી રદ કરવામાં આવે છે.

INDEX

નમૂનો—ક

[જુઓ નિયમ ૬ (૧) (ખ)]

નામ દાખલ કરવા માટેની દાવા અરજી

પ્રતિ,

મતદાર નોંધણી અધિકારી,
.....
.....

શ્રીમાન,

હું વિનંતી કરું છું કે.....શહેરના.....
વોર્ડ નામ.....વોર્ડ નંબર માટેની મતદાર યાદીમાં મારું નામ દાખલ કરવું.

(૧) મારું પૂરેપૂરું નામ : .....છે.

(૨) મારા પિતા/માતા/પતિનું નામ : .....છે.

(૩) મારા રહેઠાણનું સ્થળ :

મ્યુનિસિપલ સેન્સસ નંબર/સર્વે નંબર/ઘરનો છેવટનો પ્લોટ નંબર.....
શેરી / મહોલ્લો.....વોર્ડ નંબર : .....
વોર્ડ નામ : .....નગર.....છે.

હું આથી મારી ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે જાહેર કરું છું :—

(૧) હું ભારતનો નાગરિક છું.

(૨) ગત જાન્યુઆરીની પહેલી તારીખે મારી ઉંમર.....વર્ષ અને.....મહિના હતી.

(૩) હું સામાન્ય રીતે ઉપર આપેલા સરનામે રહું છું.

(૪) બીજા કોઈ વોર્ડની મતદાર યાદીમાં મારું નામ દાખલ કરવા માટે મેં અરજી કરી નથી.

(૫) મ્યુનિસિપલ કોર્પોરેશનની બીજી કોઈપણ મતદાર યાદીમાં મારું નામ દાખલ કરવામાં આવ્યું નથી; અથવા

મારું નામ બરો મ્યુસિપિલના.....વોર્ડ નામ.....
વોર્ડ નંબરની મતદાર યાદીનાં.....ભાગના.....
અનુક્રમાંક.....આગળ દાખલ કરવામાં આવ્યું છે તે યાદીમાંથી તે કાઢી નાખવાની હું વિનંતી કરું છું.

તારીખ:.....

સ્થળ:—.....

.....
દાવેદારની સહી અથવા અંગૂઠાનું નિશાન

જે વોર્ડની મતદાર યાદીમાં, દાવેદારે ઉમેરો કરવા માટે અરજી કરી છે તેનો હું મતદાર છું અને મારું નામ મતદાર યાદીના અનુક્રમાંક.....આગળ દાખલ કરેલું છે. તેના દાવાને હું સમર્થન આપું છું અને તેના ઉપર સામી સહી કરું છું.

.....
મતદારની સહી

નામ પૂરેપૂરું : .....
.....

INDEX

લીધેલા પગલાની જાણ

શ્રી/શ્રીમતી/કુ.....

સરનામું : .....ની
નમૂના–ક મુજબની અરજી.

(ક) સ્વીકારવામાં આવી છે અને તેનું/તેણીનું નામ વોર્ડની મતદાર યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે, જુઓ.....
વોર્ડની મતદાર યાદી.....માં અનુક્રમાંક.....

(ખ) નીચેના કારણોસર રદ કરી છે :

.....
.....
.....

તારીખ : .....

મતદાર નોંધણી અધિકારી,

(સરનામું) .. ..

તારીખ : .....

અરજી મળ્યાની પહોંચ

શ્રી/શ્રીમતી/કુમારી.....
સરનામું.....ની તરફથી
.....ના રોજ.....કલાકે
નમૂના–ક મુજબની અરજી મળેલ છે.

મતદાર નોંધણી આધકારી,

(સરનામું) .....

.....

તારીખ : .....

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એમ. જોશી,
ગુજરાત સરકારના નાયબ–સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 78 REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, NOVEMBER 14, 1994/KARTIKA 23, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએન--૩૪/જીએસટી-૧૦૯૪/(એસ-૪૯)/૨૭૭/ અને (જીએચએન-૩૫) જીએસટી-૧૦૯૪ (એસ-૪૯) (૨૭૮)-ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION FINANCE DEPARTMENT NO. (GHN-627)G-ST-1070 (S-49)-GH DATED THE 29TH APRIL 1970.

નાણા વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ,૧૯૭૦નું સરકારી જાહેરનામાં ક્રમાંક (જીએચએન-૬૨૭)જીએસટી/૧૦૭૦ (એસ--૪૯) ઠ, સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૩૪) જીએસટી--૧૦૯૪/(એસ--૪૯)/ (૨૭૭)/ઠ--ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે,

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ ૪૯ની પેટા કલમ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણા વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચએન-૬૨૭) જીએસટી-૧૦૭૦ (એસ--૪૯)-ઠ નીચે પ્રમાણે સુધારે છે.--

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં વિદ્યમાન અનુક્રમાંક ૮૩ની નોંધને--નોંધ ૮૩ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-નોંધ (૧) પછી, નીચેની પેટા નોંધો ઉમેરવી.:--

૧	૨	૩	૪
"(૨)	ભારત સરકારે વખતોવખત સુધાર્યા પ્રમાણેના ઔષધ (કિંમત નિયંત્રણ) હુકમ, ૧૯૮૭ હેઠળ નક્કી કરવામાં આવી હોય તે કિંમતનોંધ ૨૨૯માં આવરી લીધેલ હોય તેવી ઔષધ અને દવાઓ સિવાયની ઔષધો અને દવાઓના વેચાણો.	વેચાણવેરાની રકમ રૂપિયે ચાર પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી	વખતોવખત સુધાર્યા પ્રમાણેના ઔષધ (કિંમત નિયંત્રણ) હુકમ, ૧૯૮૭ હેઠળ જે ઔષધ અથવા દવાઓની કિંમત નક્કી કરવામાં આવી હોય તેવી જ ઔષધ અને દવાઓ, આ જાહેરનામા હેઠળ મુકિત મેળવવાને હકદાર રહેશે.
(૩)	ભારત સરકારે વખતોવખત સુધાર્યા પ્રમાણે ઔષધ (કિંમત નિયંત્રણ) હુકમ, ૧૯૮૭ હેઠળ જે ઔષધ અને દવાઓની કિંમત નક્કી કરવામાં આવી હોય તે દવાઓ અને ઔષધોના વેચાણો.	સમગ્ર ટર્ન ઓવર વેરો	વખતોવખત સુધાર્યા પ્રમાણેના ઔષધ (કિંમત નિયંત્રણ) હુકમ, ૧૯૮૭ હેઠળ જે ઔષધ અને દવાઓની કિંમત નક્કી કરવામાં આવી હોય તે જ ઔષધ અને દવાઓ, આ જાહેરનામા હેઠળ મુકિત મેળવવા હકદાર રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION FINANCE DEPARTMENT NO. (GHN-14) GST-1092 (S-49)-(251) TH, DATED THE 1ST APRIL, 1992.

નાણા વિભાગનું તા. ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું,

ક્રમાંક : (જીએચએન--૧૪) જીએસટી--૧૦૯૨-- (એસ--૪૯)-- (૨૫૧) ઠ, સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન--૩૫)-જીએસટી--૧૦૯૪- (એસ.૪૯) (૨૭૮) ઠ:— ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે.

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧ લા) ની કલમ ૪૯ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક : (જીએચએન-૧૪) -જીએસટી--૧૦૯૨-(એસ-૪૯) (૨૫૧)-ઠ નીચે પ્રમાણે સુધારે છે .—

સદરહું જાહેરનામામાં જોડેલી અનુસૂચિમાં--

(૧) અનુક્રમાંક ૧૧ની નોંધને બદલે નીચેની નોંધ મૂકવી :--

૧	૨	૩	૪
"૧૧	(૧) ઓઈલ મીલર હોય તેવા વેપારીએ કરેલી ભોંયસિંગ અથવા સિંગદાણાની ખરીદી.	અધિનિયમની કલમ ૧૯-ખ હેઠળ ખરીદ વેરાની રકમ રૂપિયે એક પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	ગુજરાત રાજ્યની બહાર ન થાય તેવા વેચાણો માટે સિંગતેલ બનાવવામાં એવી રીતે ખરીદેલ ભોંયસિંગ અથવા સિંગદાણાનો ઓઈલ મીલર, ઉપયોગ કરે તો.
	(૨) ઓઈલ મીલર હોય તેવા વેપારીએ ભોંયસિંગ, સિંગદાણા અથવા એરંડા સિવાયના તેલીબિયાંની કરેલી ખરીદી.	અધિનિયમની કલમ ૧૯-ખ હેઠળ ખરીદ વેરાની રકમ રૂપિયે બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	ગુજરાત રાજ્ય બહાર ન થાય તેવા વેચાણો માટે ખાદ્યતેલ બનાવવામાં એવી રીતે ખરીદેલ તેલીબીયાંનો ઓઈલ મીલર, ઉપયોગ કરે તો.
	(૩) ઓઈલ મીલર હોય તેવા વેપારીએ, એરંડાની કરેલી ખરીદી.	અધિનિયમની કલમ (૧૯-ખ હેઠળ ખરીદ વેરાની રકમ રૂપિયે ત્રણ પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	ગુજરાત રાજ્ય બહાર ન થાય તેવા વેચાણો માટે દીવેલ બનાવવામાં એવી રીતે ખરીદેલ એરંડાનો ઓઈલ મીલર ઉપયોગ કરે તો.

(૨) અનુક્રમાંક ૧૨ ની નોંધ કરી કરવી.

(૩) અનુક્રમાંક ૩૩ની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:——

"૩૪	(૧) શુધ્ધ કરેલ ખાદ્ય તેલ સિવાયના તમામ ખાદ્ય તેલોના વેચાણો.	વેચાણવેરાની રકમ રૂપિયે બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	આ મુકિત દીવેલને લાગુ પડશે નહિ.
૩૪	(૨) શુધ્ધ કરેલ ખાદ્ય તેલના વેચાણો.	વેચાણવેરાની રકમ રૂપિયે ત્રણ પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	

INDEX

૧	૨	૩	૪
૩૫	કપાસિયાના ખોળ સિવાયના ખોળના વેચાણો અથવા ખરીદીઓ.	અધિનિયમની કલમ ૧૯-ક હેઠળ વેરાની રકમ, રૂપિયે બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	–
૩૬	મગફળીના છોડા (ફોતરી)ના વેચાણો	વેચાણવેરાની રકમ રૂપિયે બે પૈસા કરતાં વધુ હોય તેટલે સુધી.	–
૩૭	ખાદ્યતેલ, ખોળ અને મગફળીના છોડા (ફોતરી) ના વેચાણો.	સમગ્ર ટર્નઓવર વેરો.	–

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 79 REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, DECEMBER 9, 1994/AGRAHAYANA 18, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી ડીસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ પાંચમી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૫૭૭-૯૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

બી. એલ. મહેતા
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૫૭૭-૯૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ.— ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪મા)ની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ ની પેટા કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ ૨૭૭ની પેટા કલમ (૧) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ઠરાવેલ દશ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ-શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સૂચિત જાહેરનામાના મુસદ્દા અંગે કોઈ વાંધા અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪મા) ની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ-૨૭૭ ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે.—

૧. ટૂંકી સંજ્ઞા:— આ નિયમો, ગુજરાત નગરપાલિકા (અનુ. જાતિ અનુ. આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ કહેવાશે.

૨. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવા બાબત.— નગરપાલિકાના પ્રમુખનો હોદ્દો, અનુસૂચિમાં દર્શાવેલ રોસ્ટર અનુસાર, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવામાં આવશે.

૩. પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ માટે અનામત ચાલુ રાખવા બાબત :

પ્રમુખના હોદ્દામાં પ્રસંગોપાત જગા ખાલી પડે તો તે ભરવા માટે કોઈ ચૂંટણી કરવાની હોય તો (જેની મુદત પૂરી થઈ ન હોય તેવી) અગાઉના પ્રમુખની ચૂંટણી માટે કોઈ અનામત લાગુ પાડી શકાય તો તે આવી ચૂંટણી માટે ચાલુ રહેશે.

૪. નગરપાલિકાની પુન:રચના થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ :

અગાઉની નગરપાલિકાની મુદત પૂરી થયા પછી અથવા અગાઉની નગર પાલિકાની મુદત પૂરી થયા પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું હોય તે પછી નગરપાલિકાની પુન: રચના કરવામાં આવે ત્યારે, આવી પુન: રચના પછી પ્રમુખની ચૂંટણી માટે છેલ્લે ઉપયોગમાં લીધેલ રોસ્ટર પોઈન્ટની પછીના રોસ્ટર પોઈન્ટનો શરૂઆતના પોઈન્ટ તરીકે ઉપયોગ કરવો જોઈશે.

૫. રોસ્ટરનો સમયગાળો :—

આ નિયમો અનુસાર યોજેલ પ્રથમ ચૂંટણીથી શરૂ થતી દસ વર્ષની મુદત માટે આ રોસ્ટરનો અમલ ચાલુ રહેશે.

૬. નવી નગરપાલિકા રચાય ત્યારે રોસ્ટર પોઈન્ટ :

નવા વિસ્તારોના જોડાણથી અથવા અન્યથા કોઈ નવી નગરપાલિકા રચાય ત્યારે, રાજ્ય સરકાર, આવી નગરપાલિકા માટે જે સિધ્ધાંતો હેઠળ આ રોસ્ટર નક્કી કરવામાં આવ્યું હોય તે જ સિધ્ધાંતો ઉપર તેનું રોસ્ટર પોઈન્ટ નક્કી કરશે. અને આ કિસ્સામાં બીજી નગરપાલિકાઓના રોસ્ટરને ખલેલ પહોંચાડી શકાશે નહિ.

INDEX

અનુસૂચિ

નગર પાલિકાના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર પોઈન્ટ

અનુ. ક્રમાંક	નગરપાલિકાનું નામ	રોસ્ટર પોઈન્ટ									
		૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
		વર્ગ-ક [અજા-૧, પ.વ.-૧, સ્ત્રી-૩, સામાન્ય-૫]									
૧.	અમરેલી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨.	બગસરા	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૩.	બાલાસિનોર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૪.	ભૂજ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૫.	બોટાદ	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૬.	ચાંદખેડા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૭.	છાયા	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૮.	ડીસા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૯.	દહેગામ	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૧૦.	ધંધુકા	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૧૧.	ધોળકા	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૧૨.	ધોળાજી	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૧૩.	ધ્રાંગધ્રા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૧૪.	દ્વારકા	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૧૫.	હિંમતનગર	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૧૬.	જંબુસર	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૧૭.	જેતપુર-નવાગઢ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૧૮.	જોધપુર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.જા.	સા.	સ્ત્રી.	સા.
૧૯.	જૂનાગઢ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૨૦.	કડી	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૨૧.	કપડવંજ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી.	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૨૨.	કેશોદ	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૨૩.	ખંભાળિયા	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા
૨૪.	ખંભાત	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૨૫.	કોડીનાર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૬.	લુણાવાડા	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૨૭.	મહેસાણા	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૨૮.	મહેમદાવાદ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૨૯.	મોડાસા	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩૦.	મોરબી	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૩૧.	નડીયાદ	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩૨.	પાદરા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી.	સા.	પ.વ.	સા.
૩૩.	પાલનપુર	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩૪.	પાલિતાણા	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૩૫.	પાટણ	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૩૬.	પેટલાદ	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૩૭	પોરબંદર	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩૮.	રાજુલા	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૩૯.	રાણીપ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪૦.	સાણંદ	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪૧.	સાવરકુંડલા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૪૨.	સિધ્ધપુર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૪૩.	શિહોર	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪૪.	સુરેન્દ્રનગર-દૂધરેજ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪૫.	ઉના	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪૬.	ઉંઝા	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.

INDEX

અનુ. ક્રમાંક	નગરપાલિકાનું નામ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૪૭.	ઉપલેટા	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૪૮.	વડનગર	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪૯.	વેજલપુર(અમદાવાદ)	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૫૦.	વિરમગામ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૫૧.	વિસનગર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૫૨.	વઢવાણ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૫૩.	વાંકાનેર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.

વર્ગ-ખ [અ.જા.-૧, અ.જા. સ્ત્રી-૧, પ.વ.--૧, સ્ત્રી--૨, સામાન્ય--૫]

૧.	બાવળા	સ્ત્રી	સા.	અ.જા.	સ્ત્રી	પ.વ.	સા.	સ્ત્રી	સ્ત્રી	અ.જા.સ્ત્રી	સા.
૨.	ગાંધીધામ	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	અ.જા.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩.	કલોલ	અ.જા.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪.	લિમડી	સા.	અ.જા.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.જા.	સા.	સ્ત્રી

વર્ગ-ગ [પ.વ.-૧, સ્ત્રી--૩, સામાન્ય--૬]

૧.	આણંદ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૨.	બોરસદ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩.	ચકલાસી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૪.	ચાંદલોડિયા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૫.	ઘાટલોડિયા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૬.	ગોંડલ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૭.	જસદણ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૮.	કડી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૯.	મહુવા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૧૦.	માંગરોળ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૧૧.	રૈયા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૧૨.	ઉમરેઠ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૧૩.	વેરાવળ--પાટણ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.

વર્ગ-ઘ [અ.જા--૧, અ. આ.--૧, પ.વ.--૧, સ્ત્રી--૩, સામાન્ય-૪]

૧.	અંજાર	અ.જા.	સા.	સ્ત્રી	સા.	અ.આ.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૨.	ભરૂચ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	અ.આ.	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૩.	ડભોઈ	અ.આ.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪.	ગોધરા	સ્ત્રી	સા.	અ.આ.	સા.	સ્ત્રી	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૫.	માંડવી	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સ્ત્રી	સા.	અ.આ.	સા.	સ્ત્રી
૬.	વિજલપુર (વલસાડ)	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	અ.જા.	સા.	સ્ત્રી	સા.	અ.આ.

INDEX

અનુ. ક્રમાંક	નગરપાલિકાનું નામ	રોસ્ટર પોઈન્ટ ૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
	વર્ગ ચ [અ.આ-૧, અ.આ.સ્ત્રી--૧, પ.વ.--૧, સ્ત્રી--૨, સામાન્ય--૫]										
૧.	અંકલેશ્વર	સ્ત્રી	સા.	અ.આ.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	સા.
૨.	બારડોલી	સા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩.	વલસાડ	અ.આ.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.આ.	સ્ત્રી
૪	વાપી	સા.	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.આ.	સા.	સ્ત્રી
	વર્ગ છ [અ.જા--૧, અ.આ.-૧, અ.આ.સ્ત્રી--૧, પ.વ.--૧, સ્ત્રી--૨, સામાન્ય--૪]										
૧.	બીલીમોરા	સ્ત્રી	સા.	અ.આ.	સા.	પ.વ.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	અ.આ.સ્ત્રી
૨.	નવસારી	અ.આ.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૩.	રાજપીપળા	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.	પ.વ.
	વર્ગ-જ [અ.આ-૧, પ.વ.-૧, સ્ત્રી-૩, સામાન્ય-૫]										
૧.	દાહોદ	સા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૨.	હાલોલ	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.
	વર્ગ ઝ [અ.આ-૩, અ.આ.સ્ત્રી--૧, પ.વ.--૧, સ્ત્રી--૨, સામાન્ય--૩]										
૧.	વ્યારા	અ.આ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	અ.આ.	પ.વ.	સ્ત્રી	અ.આ.	સા.

ઉપરની અનુસૂચિમાં વપરાયેલ સંક્ષિપ્ત રૂપો પર નોંધ:-

સા.--સામાન્ય
પ.વ.--પછાત વર્ગ
અ.જા.--અનુસૂચિત જાતિ
અ.જા.સ્ત્રી--અનુસૂચિત જાતિ સ્ત્રી
અ.આ.--અનુસૂચિત આદિજાતિ
અ.આ.સ્ત્રી--અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
સ્ત્રી(W)--સ્ત્રી

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

કમલ દયાણી,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

IX-Ex. 79-2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 80 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, DECEMBER 16, 1994/AGRAHAYANA 25, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચએન--૨૩) જીએસઆર-૧૦૯૪-(૭૬)-ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SALES TAX RULES, 1970.

ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા સંબંધી જાહેરનામું

નાણાં વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક (જીએચએન--૨૩) જીએસઆર--૧૦૯૪--(૭૬)--ઠ.-- ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૭ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ ૮૬ની પેટા--કલમ (૪) ના પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે ;

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ ના ગુજરાતના ૧લા) ની કલમ ૮૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો "ગુજરાત વેચાણવેરા (સુધારા) નિયમો, ૧૯૯૪" કહેવાશે.

૨. ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦માં, નિયમ ૪૨ ઈ માં, નીચેનો પરંતુક ઉમેરવો.

"પરંતુ વર્ષના અંતે સ્ટોકમાંના માલના સંબંધમાં, ઉપર નિર્દિષ્ટ કરેલી શરત (૪) ની છૂટછાટ મુજબ, તે જો કરદાતા, એવું સાબિતી કરીને કમિશનરને ખાતરી કરાવે કે આવો માલ પછીના વર્ષમાં ગુજરાત રાજ્યમાં વેચવામાં આવ્યો છે. તો કમિશનર, તે જ વર્ષમાં એવા માલ ઉપર ડ્રો બેક, સેટ--ઓફ અથવા રીફંડ આપશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આમ. એન. જોષી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 81 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, DECEMBER 17, 1994/AGRAHAYANA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના સંયુક્ત સચિવ

INDEX

GUJARAT BILL NO. 28 OF 1994.

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT (AMENDMENT AND VALIDATION) BILL, 1994

A BILL

further to amend the Gujarat Town Planning and Urban Development Act, 1976.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-આના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૮ .

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭નો.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૭નો સુધારો.

૨. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૭માં, પેટા-કલમ (૧)માં,-

(૧) "કાર્યો" એ શબ્દને બદલે, "સત્તા અને કાર્યો" એ શબ્દો મૂકવા ;

(૨) ખંડ (૪) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે:--

"(૪--ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજુ કરેલા દસ્તાવેજોની વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ચકાસણી ફી વસૂલ કરવા અને ઉઘરાવવા ;";

(૩) ખંડ (૭) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(૭--ક) ખંડ (૭) માં ઉલ્લેખેલ કામો કરવા માટે અને અન્ય સેવાઓ અને સગવડોનો પ્રબંધ કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી લેવા અને ઉઘરાવવા; ".

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૯નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૧)માં, "વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના થયા પછી" એ શબ્દો અને આંકડા પછી, "અથવા કલમ ૬ની પેટા કલમ (૧) હેઠળ કરેલા વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે સ્થાનિક સત્તામંડળને મુકરર કરવામાં આવે તે પછી" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૩નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૩ માં, પેટા--કલમ (૧) માં,—

(૧) "કાર્યો " એ શબ્દને બદલે, "સત્તા અને કાર્યો " એ શબ્દ મૂકવા;

(૨) ખંડ (૫) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :—

"(૫--ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળ સમક્ષ રજૂ કરેલા દસ્તાવેજોની ચકાસણી કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ચકાસણી ફી લેવી અને ઉઘરાવવી; " ;

(૩) ખંડ (૬) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

" (૬--ક) ખંડ (૬) માં ઉલ્લેખેલા કામો કરવા માટે અને અન્ય સેવાઓ અને સગવડોનો પ્રબંધ કરવા માટે વિનિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી લેવી અને ઉઘરાવવી; ".

INDEX

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૨૬નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૬માં, "વિકાસ ચાર્જ ભર્યો છે" એ શબ્દોને બદલે, "વિકાસ ચાર્જ અને ચકાસણી ફી ભર્યા છે" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૯૧નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૧માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ક)માં, "પેશગી તરીકે અથવા બીજી રીતે" એ શબ્દો ને બદલે, "પેશગી, ફી, વિકાસ ચાર્જ તરીકે અથવા બીજી રીતે" એ શબ્દો મૂકવા.

સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ની કલમ ૧૧૯નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૯માં, પેટા-કલમ (૨) માં, ——

(૧) ખંડ (ગ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :–

"(ગ–૧) કલમ ૭ની પેટા–કલમ (૧) ના ખંડ (૪–ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો; "

(૨) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ–૧) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :—

"(ગ–૨) કલમ ૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૭–ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવતા વિનિયમો;"

(૩) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ–૨) પછી, નીચેનો ખંડ દાખલ કરવો અને તે હંમેશા દાખલ કરેલો છે એમ ગણાશે :–

"(ગ-૩) કલમ ૨૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૫–ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવના વિનિયમો; " ;

(૪) એ રીતે દાખલ કરેલા ખંડ (ગ૩), પછી, નીચેનો ખંડ દાખલ કરવો:–

" (ગ–૪) કલમ ૨૩ ની પેટા–કલમ (૧) ના ખંડ (૬–ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી ઠરાવના વિનિયમો; " .

મુખ્ય અધિનિયમ હેઠળ ચકાસણી ફી લેવા અને ઉઘરાવવાનું માન્ય ઠરાવવા બાબત.

૮. કોઈ કોર્ટ અથવા અન્ય કોઈ સત્તાધિકારીના કોઈ ફેંસલા, હુકમનામા અથવા હુકમમાં ગમે તે મજકૂર હોય તે છતાં–

(ક) વિકાસ માટેની મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી કરવા માટે, ચકાસણી ફી લેવા માટે, મુખ્ય અધિનિયમ હેઠળ કોઈપણ સમુચિત સત્તામંડળે આ અધિનિયમના આરંભ પહેલાં કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવો કોઈપણ વિનિયમ, જાણે કે તમામ મહત્વના સમયે, આવો વિનિયમ કરવામાં આવ્યો ત્યારે, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેનો મુખ્ય અધિનિયમ અમલમાં હોત તેમ, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણે મુખ્ય અધિનિયમ હેઠળ, તે વિનિયમ કાયદેસર રીતે કરેલ છે અને તે હંમેશા કાયદેસર રીતે કરેલ હોવાનું ગણાશે; અને

(ખ) આ અધિનિયમના આરંભ પહેલાં આવા કોઈ વિનિયમ હેઠળ વિકાસ માટે મંજૂરી માટે સમુચિત સત્તામંડળને રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી માટે કોઈપણ ચકાસણી ફી લીધી હોય અથવા લીધેલ અને ઉઘરાવેલ હોય અથવા લીધેલ હોવાનું અથવા લીધેલ અને ઉઘરાવેલી હોવાનું અભિપ્રેત હોય તે બાબત હંમેશા કાયદેસર રીતે લીધેલ અથવા લીધેલ અને ઉઘરાવેલ હોવાનું ગણાશે;

અને કરેલ અથવા કરવાનું અભિપ્રેત હોય તેવો કોઈ વિનિયમ અથવા આવા કોઈ વિનિયમ હેઠળ લીધેલ અથવા લીધેલ અને ઉઘરાવેલ અથવા લીધેલ હોવાનું અથવા લીધેલ અને ઉઘરાવેલ હોવાનું અભિપ્રેત હોય તેવી ચકાસણી ફી ના, કોઈ કોર્ટ અથવા કોઈપણ સત્તામંડળ પછી તે ગમે તે હોય તો, તેમની સામે માત્ર એ કારણે જ વાંધો ઉઠાવી શકાશે નહિ કે સમુચિત સત્તામંડળને આવો વિનિયમ કરવાનો અથવા આવી ચકાસણી ફી લેવાનો અને ઉઘરાવવાનો મુખ્ય અધિનિયમ હેઠળ અને આ અધિનિયમના આરંભ પહેલાં લીધેલ આવી કોઈ ચકાસણી ફી લેવાનો અધિકાર ન હતો. પરંતુ આવા આરંભ પહેલાં ઉઘરાવી ન હોય તે ચકાસણી ફી, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમની જોગવાઈઓ અને તે હેઠળ કરેલા વિનિયમો અનુસાર ઉઘરાવી શકાશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા (અગાઉ વિકાસ ફી તરીકે ઓળખાતી) ચકાસણી ફી લેવાનું અને ઉઘરાવવાનું સીવીલ અપીલ નંબર ૧૦૧૧૧/૧૯૮૩ (અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ વિરૂધ્ધ શરદકુમાર) એ.આઈ.આર. ૧૯૯૨ એસ.સી. ૨૦૩૮માં સુપ્રીમ કોર્ટના ફેંસલામાં એવા કારણે ગેરકાયદેસર તરીકે જાહેર કર્યું હતું કે જે વિનિયમો હેઠળ તે લેવામાં આવી હતી તે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓની સત્તા બહારના હતા. આવી ચકાસણી ફી લેવા અને ઉઘરાવવા માટે વિનિયમો કરવા અને તેવી રીતે કરેલા વિનિયમો અનુસાર, તે ચકાસણી ફી લેવા અને ઉઘરાવવાની વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા શહેરી વિકાસ સત્તામંડળને સત્તા આપવા માટે સદરહુ અધિનિયમ સુધારવાનું, અને તેમણે કરેલા વિનિયમો હેઠળ, વિસ્તાર વિકાસ સત્તામંડળે અથવા શહેરી વિકાસ સત્તામંડળે ઉપર્યુકત રીતે ચકાસણી ફી લેવાનું અને ઉઘરાવવાનું કાયદેસર ઠરાવવાનું જરૂરી જણાયું છે.

(૧) કેટલાક કામો અને સેવાના અને સગવડોના પ્રબંધો કરવા માટે ફી લેવા અને ઉઘરાવવા માટે અને તે માટે વિનિયમો કરવા માટે, વિસ્તાર વિકાસ સત્તામંડળ અથવા શહેરી વિકાસ સત્તામંડળને સત્તા આપવાની;

(૨) સ્થાનિક સત્તામંડળને વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર કર્યું હોય તેવા કિસ્સાઓને લાગુ પાડી શકાય તેવી કલમ ૯ની જોગવાઈઓ કરવાની; અને

(૩) ચકાસણી ફી ભરવામાં આવી છે તે મતલબનું સમુચિત સત્તામંડળ પાસેથી પ્રમાણપત્ર મેળવ્યા સિવાય મકાન અથવા જમીનના કોઈપણ વિકાસ કરવાનું અટકાવવાના ઉદ્દેશથી કલમ ૨૬ સુધારવાની પણ તક લેવામાં આવી છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

નરહરિ અમીન,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેનાં બાબતમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે :–

કલમો ૨, (૧) અને ૭.– આ કલમોથી કલમ ૧૧૯ની પેટા–કલમ (૨)માં દાખલ કરવા ધારેલ ખંડો (૧-૧)થી અને (૧-૪) થી સમુચિત સત્તામંડળને, વિનિયમો દ્વારા કલમ ૨ થી દાખલ કરવા ધારેલ કલમ ૭ની પેટા–કલમ (૧) ના ખંડો (ક) અને (૭-ક) હેઠળ લેવાની અને ઉઘરાવવાની ફી, ઠરાવવાના અને કલમ ૪થી દાખલ કરવા ધારેલી કલમ ૨૭ની પેટા–કલમ (૧) ના ખંડો (૫-ક) અને (૬-ક) હેઠળ ફી લેવાની અને ઉઘરાવવાની સત્તા મળે છે.

સૂચિત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૪. નરહરિ અમીન.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,

ગાંધીનગર, તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪. ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

IX--EX. 81--2

INDEX

Extra No. 82

REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, DECEMBER 17, 1994/AGRAHAYANA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૨૯નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

INDEX

GUJARAT BILL NO. 29 OF 1994.

THE BOMBAY LAND REVENUE (GUJARAT AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Bombay Land Revenue Code, 1879.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિધ્ધ કર્યું છે :—

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૯.

મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) વિધેયક, ૧૯૯૪.

મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઈઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

સન ૧૮૭૯નો મુંબઈનો પમો.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમના પ્રકરણ ૧૦-ખનો સુધારો.

૨. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ (જેનો આમાં હવે પછી "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં, પ્રકરણ ૧૦--ખમાં, "તલાટી" એ શબ્દ જ્યાં જ્યાં આવે છે, ત્યાં ત્યાં તેને બદલે, "સક્ષમ સત્તાધિકારી" એ શબ્દો મૂકવા.

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં, નવી કલમ ૧૩૫--ઢઢ દાખલ કરવા બાબત.

૩. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૧૦--ખમાં, "ખેડૂત--પાસ--બુક ખાતાવહી બાબત". એ શીર્ષક પછી, પરંતુ કલમ ૧૩૫-ત પહેલાં, નીચેની નવી કલમ દાખલ કરવી :—

લાગુ પાડવા બાબત.

"૧૩૫-ઢઢ. (૧) આ પ્રકરણ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે જિલ્લાના તાલુકાને લાગુ પડશે.

(૨) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા જિલ્લાના તાલુકાને લાગુ પડવાનું બંધ થશે.

(૩) આ પ્રકરણ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાંથી નિર્દિષ્ટ કરે તે જિલ્લાના તાલુકાને ફરી લાગુ પડવાનું ચાલુ થશે;"

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫--તનો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ત માં,—

(૧) પેટા--કલમ (૧) માં, "જેના માટે તલાટી નીમવામાં આવ્યો હોય તેવા ગામ અથવા ગામના સમૂહમાં" એ શબ્દોને બદલે, "કલમ ૧૩૫--ઢઢની પેટા-કલમ (૧) હેઠળ જેને આ પ્રકરણ લાગુ પડતું હોય અને જેના માટે સક્ષમ સત્તાધિકારી નીમવામાં આવ્યા હોય તે તાલુકામાં" એ શબ્દો, કૌંસ અને આંકડા મુકવા ;

INDEX

(૨) પેટા-કલમ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૨) (ક) કલમ ૧૩૫-ઢઢની પેટા-કલમ (૧) હેઠળ જેને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ પુનઃ લાગુ પડતું હોય તે તાલુકામાં જમીન ધરાવતા ખેડૂતને ખેડૂત-પાસ-બુક, પૂરી પાડવી જોઈશે.

(ખ) ખંડ (ક) હેઠળ—

(૧) જે તારીખે તાલુકાને આ પ્રકરણ લાગુ પડતું હોય તે તારીખથી રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા નિર્દિષ્ટ કરે તેવી મુદતની અંદર; અને

(૨) આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યેથી, પાસ-બુક આપવામાં આવશે.

(ગ) ખેડૂત-પાસ-બુકની બીજી પ્રત સક્ષમ સત્તાધિકારી રાખશે.

સન ૧૮૭૯ ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫-થનો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫—થમાં, સ્પષ્ટીકરણમાં,—

(૧) "અને કલમ ૧૩૫ દમાં," એ શબ્દો, આંકડા અને અક્ષરને બદલે, "અને કલમો ૧૩૫-દ અને ૧૩૫-પમાં" એ શબ્દો, આંકડા અને અક્ષરો મૂકવા;

(૨) ખંડ (૪)માં, "૧૯૭૦" એ આંકડા પછી ("બેન્કીંગ કંપની" અન્ડરટેકિંગ સંપાદન અને તબદીલી) અધિનિયમ, ૧૯૮૦" એ શબ્દો, કૌંસ અને આંકડા દાખલ કરવા; **સન ૧૯૮૦ નો ૪૦મો**

(૩) ખંડ (૯) પછી, નીચેના ખંડો દાખલ કરવા:—

"(૯-ક) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ રજિસ્ટર થયેલ સહકારી મંડળી; **સન ૧૯૬૨ નો ગુજરાતનો ૧૦મો.**

(૯-ખ) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ રચાયેલ કોઈ પંચાયત.," **સન ૧૯૯૩ નો ગુજરાતનો ૧૮મો.**

સન ૧૮૭૯ના મુંબઈના પમા અધિનિયમમાં નવી કલમ ૧૩૫-દદ દાખલ કરવા બાબત.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-દ પછી, નીચેની નવી કલમ દાખલ કરવી :—

ખેતીની જમીનની તબદીલીના રજિસ્ટ્રેશન દસ્તાવેજ સાથે ખેડૂત પાસ બુક જોડવા બાબત.

"૧૩૫-દદ. (૧) કોઈપણ ખેતીની જમીન, વેચાણ દ્વારા, ખરીદી દ્વારા બક્ષિસ દ્વારા ગીરો દ્વારા પછી તે કબજા સાથે કે કબજા રહિત હોય, અદલા-બદલી દ્વારા, વિભાજન દ્વારા, પટ્ટે આપીને, સુપ્રત કરીને અથવા અન્યથા તબદીલ કરવાનો કોઈપણ દસ્તાવેજ, આવી જમીનને લગતી ખેડૂત પાસ-બુક અથવા દસ્તાવેજ સાથે જોડી હોય તે સિવાય, કલમ ૧૩૫-ઢઢની પેટા-કલમ (૧) હેઠળ જેને આ પ્રકરણ લાગુ પડતું હોય અથવા પેટા-કલમ (૩) હેઠળ પુનઃલાગુ પડતું હોય તે તાલુકામાં કોઈપણ રજિસ્ટર કરનાર સત્તાધિકારી, રજિસ્ટર કરી શકશે નહિ.

(૨) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, આવો દસ્તાવેજ રજિસ્ટર કર્યા પછી, ખેડૂતની ખેડૂત-પાસ-બુકમાં જરૂરી નોંધો કરવી જોઈશે અને ત્યાર પછી, પાસ-બુક ખેડૂતને પરત કરવી જોઈશે.

(૩) રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ, આવા રજિસ્ટ્રેશનનો લેખિત રિપોર્ટ સક્ષમ સત્તાધિકારીને કરવો જોઈશે.".

સન ૧૮૭૯ના મુંબઈના પમાં અધિનિયમમાં કલમ ૧૩૫-ધ બદલવા બાબત.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ-૧૩૫-ધને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

INDEX

"૧૩૫-ધ.—જ્યારે પણ કલમ ૧૩૫-ઘ હેઠળ હકપત્રના ફેરફારના રજિસ્ટરમાંથી નોંધો બદલવામાં આવે ત્યારે, સક્ષમ સત્તાધિકારીએ સંબંધિત ખેડૂત પાસેથી ખેડૂત-પાસ-બુક માંગવી જોઈશે અને તેમ થયે, ખેડૂતે, આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવવામાં આવે તેટલી મુદતની અંદર, સક્ષમ સત્તાધિકારી સમક્ષ, ખેડૂત-પાસ-બુક રજૂ કરવી જોઈશે અને આવી રીતે પાસબુક રજૂ કર્યેથી, સક્ષમ સત્તાધિકારીએ, હકપત્રમાંની તત્સમાન હોય તેવી નોંધો તેમાં કરવી જોઈશે.". ખેડૂત-પાસ-બુક અદ્યાવત રાખવા બાબત.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩૫-ધ સ્પષ્ટીકરણ સહિત ને બદલે નીચેનો મજકૂર મૂકવો :— સન ૧૮-૭૯ના મુંબઈના પમા અધિનિયમની કલમ ૧૩૫–ધ ને બદલે નવી કલમ મૂકવા બાબત.

"૧૩૫-ધ. (ક) સક્ષમ સત્તાધિકારીએ રાખેલી ખેડૂત પાસ-બુકની બીજી પ્રતમાંની, અથવા

(ખ) ખેડૂતની ખેડૂત પાસબુકમાંની,

બેન્કે અથવા રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ કરેલી નોંધ ન હોય તેવી કોઈપણ નોંધની પ્રમાણિત નકલ, તમામ કાનૂની કાર્યવાહીમાં, આવી નોંધ હોવાનો પ્રથમ દર્શનીય પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે અને હકપત્રમાં જાણે મૂળ નોંધ જ હોય તેમ તેટલા પ્રમાણમાં, તેમાં નોંધાયેલ બાબતો, લેવડદેવડ અથવા હિસાબોના પુરાવા તરીકે ગ્રાહ્ય ગણાશે પણ વિશેષ અથવા બીજી રીતે નહિ." ખેડૂત પાસ-બુકની નોંધો સાબિત કરવાની રીત.

૯. મુખ્ય અધિનિયમમાં, પ્રકરણ ૧૦-ખમાં, કલમ ૧૩૫–ધ પછી, નીચેની કલમો અને સ્પષ્ટીકરણ ઉમેરવા :— સન ૧૮-૭૯ના મુંબઈના પમા અધિનિયમના પ્રકરણ ૧૦-ખમાં નવી કલમો અને સ્પષ્ટીકરણ ઉમેરવા બાબત.

"૧૩૫-ફ. જે કોઈ ખેડૂત કલમ ૧૩૫-ઘની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે. કલમ ૧૩૫–ધનું ઉલ્લંઘન કરવા માટે શિક્ષા કરવા બાબત.

૧૩૫-બ. જે કોઈ વ્યકિત, પાસ બુકમાં અનધિકૃત રીતે કોઈ નોંધ કરે, તેમાં ફેરફાર કરે અથવા તે રદ કરે અથવા પાસ-બુક સંબંધી ખોટી માહિતી સક્ષમ સત્તાધિકારીને પૂરી પાડે, તેને ત્રણ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવશે. પાસબુકમાં અનધિકૃત ફેરફાર કરવા અથવા ખોટી માહિતી પૂરી પાડવા માટે શિક્ષા કરવા બાબત.

સ્પષ્ટીકરણ :—આ પ્રકરણના હેતુઓ માટે,—

(૧) "ખેડૂત" એ શબ્દપ્રયોગનો અર્થ, ખેતીના હેતુ માટે જમીન ધરાવનાર જમીન ધારક એવો કરવો;

(૨) "સક્ષમ સત્તાધિકારી"એ શબ્દપ્રયોગનો અર્થ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવા મહેસૂલી અધિકારી એવો કરવો;

INDEX

(૩) "રજિસ્ટર કરનાર સત્તાધિકારી" એ શબ્દ પ્રયોગનો અર્થ, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ નીમાયેલ રજિસ્ટર કરનાર સત્તાધિકારી.". સન ૧૯૦૮ નો ૧૬મો.

સન ૧૮-૭૯ના મુંબઈના ૫મો અધિનિયમની કલમ ૨૧૪નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૧૪માં, પેટા--કલમ (૨) માં, ખંડ (ભ) પછી, નીચેનો ખંડ ઉમેરવો :--

"(મ) ખેડૂત પાસ-બુક પૂરી પાડવાનું નિયમન કરવા બાબત."

ઉદ્દેશો અને કારણો.

આ વિધેયકથી ખેડૂત પાસ બુકને લગતા મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯નું પ્રકરણ ૧૦-ખ, નીચેની બાબતો સંબંધી સુધારા કરવા ધાર્યું છે :—

(૧) રાજ્યમાં તાલુકાવાર પ્રકરણ ક્રમશ: લાગુ પાડવા માટેની જોગવાઈ કરવા;

(૨) આ પ્રકરણ તાલુકામાં લાગુ પડવાની તારીખથી ઠરાવેલી મુદતની અંદર તાલુકામાંના ખેડૂતોને પાસબુકો પૂરી પાડવાની જોગવાઈ કરવા;

(૩) કોઈપણ જમીનની, તબદીલીના દસ્તાવેજો રજિસ્ટર કરનાર સત્તાધિકારીએ ખેડૂત પાસબુકમાં જરૂરી નોંધો કરવા માટે જોગવાઈ કરવા;

(૪) ખેડૂતની પાસ-બૂકમાં સક્ષમ સત્તાધિકારીઓએ કરેલ નોંધોનું પુરાવાજન્ય મૂલ્યની જોગવાઈ કરવા;

(૫) પાસ--બુકમાં અનધિકૃત ફેરફાર કરવા અને સક્ષમ સત્તાધિકારીને ખોટી માહિતી પૂરી પાડવાને ગુનો ગણવા અને તે માટે શિક્ષા ઠરાવવા બાબત,

(૬) અમલ કરનાર અધિકારી તલાટીની જગ્યાએ સક્ષમ સત્તાધિકારી મૂકવા બાબત.

દલસુખભાઈ ગોધાણી.

નાણાંકીય યાદી.

આ વિધેયકની કલમ ૨ની પેટા-કલમ (૨)થી મૂકવા ધારેલી કલમ ૧૩૫-તની નવી પેટા-કલમ (૨)માં જેને પ્રકરણ ૧૦-ખ લાગુ પાડી શકાય તે તાલુકામાં ખેતીની જમીન ધરાવનાર ખેડૂતને ખેડૂત પાસ-બુક, નિયમોથી ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યે પૂરી પાડવા માટે જોગવાઈ કરી છે. પ્રકરણ-૧૦-ખની જોગવાઈઓ, રાજ્યમાં ક્રમશ: તાલુકાવાર લાગુ પાડવાનો ઈરાદો છે. સદરહુ પેટા-કલમ (૨)ની જોગવાઈઓ, શરૂઆતમાં ત્રણ જુદા જુદા તાલુકાઓમાં અધિનિયમિત કરવામાં અને અમલમાં લાવવામાં આવે તો, રાજ્યનો એકત્રિત ફંડમાંથી રૂપિયા એક કરોડનો અંદાજિત ખર્ચ થશે. સદરહુ ખર્ચ, બિન-આવર્તક પ્રકારનું ગણાશે. પાસ બુક પૂરી પાડવા માટે થનાર ખર્ચ, અંશત: ખેડૂત પાસ-બુક પૂરી પાડવા માટે ભરેલી ફીમાંથી વસૂલ કરવામાં આવશે.

દલસુખભાઈ ગોધાણી.

INDEX

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

આ વિધેયકમાં નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ ૧.—આ કલમની પેટા--કલમ (૨) થી રાજ્ય સરકારને, અધિનિયમની બાકીની જોગવાઈઓ અમલમાં લાવવાની તારીખ, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.—આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૩૫--ઢ૮ ની પેટા-કલમો (૧), (૨) અને (૩) થી રાજ્ય સરકારને સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા જિલ્લાના તાલુકાને પ્રકરણ ૧૦-ખ લાગુ પાડવાની અથવા લાગુ પડતું બંધ કરવાની અથવા ફરી લાગુ પાડવાનું ચાલુ કરવાની સત્તા મળે છે.

કલમ ૪.—(૧) આ કલમની પેટા-કલમ (૨) થી મૂકવા ધારેલી પેટા-કલમ (૨)ના ખંડ (ખ) થી. રાજ્ય સરકારને સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા પ્રકરણ ૧૦-ખ લાગુ પડવાની તારીખથી કેટલી મુદતની અંદર ખેડૂતને ખેડૂત પાસ-બુક પૂરી પાડવી જોઈશે તે નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

(૨) સદરહુ પેટા-કલમ (૨) ના ખંડ (ગ) ના પેટા-ખંડ (૨) થી. રાજ્ય સરકારને નિયમોથી ખેડૂતને પૂરી પાડેલી પાસબુક માટે તેણે ચૂકવવાની ફી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૭.—આ કલમથી મૂકવા ધારેલી કલમ ૧૩૫-ધ થી, રાજ્ય સરકારને, નિયમોથી ખેડૂતે કેટલી મુદતની અંદર ખેડૂત પાસબુક સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરવી તે મુદત, ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૯.—આ કલમથી દાખલ કરવા ધારેલા સ્પષ્ટીકરણના ખંડ (૨) થી રાજ્ય સરકારને, સરકારી રાજપત્રમાં જાહેરનામા દ્વારા મહેસૂલી અધિકારીને સક્ષમ સત્તાધિકારી તરીકે નીમવાની સત્તા મળે છે.

કલમ ૧૦.—આ કલમથી કલમ ૨૧૪ની પેટા-કલમ (૨)માં ઉમેરવા ધારેલા ખંડ (૫) થી રાજ્ય સરકારને, નિયમો કરીને, ખેડૂત પાસબુક પૂરી પાડવાનું નિયમન કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૪

દલસુખભાઈ ગોધાણી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,

ગાંધીનગર, તા. ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 83 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, DECEMBER 17, 1994/AGRAHAYANA 26, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમા પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૩૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

INDEX

GUJARAT BILL NO. 30 OF 1994.

THE GUJARAT BASIC EDUCATION BOARD BILL, 1994.

A BILL

to provide for establishment of a Board for promoting and regulating basic educational institutions in the State of Gujarat and for matters connected therewith or incidental thereto.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૨૭-અના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૩૦.

ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ વિધેયક, ૧૯૯૪.

ગુજરાત રાજ્યમાં બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓ અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતોને ઉત્તેજન આપવા અને તેનું નિયમન કરવા માટે બોર્ડ સ્થાપવાની જોગવાઈ કરવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :–

પ્રકરણ ૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ' ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) આ કલમ તરતજ અમલમાં આવશે અને આ અધિનિયમની બાકીની જોગવાઈઓ રાજ્ય સરકાર, રાજ્ય-પત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા.

૨. આ અધિનિયમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(ક) "બુનિયાદી શિક્ષણ" એટલે ઉત્પાદક કામ દ્વારા અપાતું શિક્ષણ.

(ખ) "બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓ" એટલે આવી સંસ્થાઓમાં રહેતા વિધાર્થીઓને શિક્ષણ આપતી સંસ્થાઓ—

(૧) નિવાસી આશ્રમ શાળાઓ તરીકે ઓળખાતી, પહેલા ધોરણથી સાતમા ધોરણ સુધીનું બુનિયાદી શિક્ષણ; અથવા

(૨) ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨ ના ખંડ (ભ) હેઠળ આઠમા ધોરણથી રાજ્ય સરકાર નક્કી કરે તેટલા ધોરણ સુધીનું ઉત્તર બુનિયાદી શિક્ષણ; અથવા

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(૩) ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની કલમ ૨ ના ખંડ (ભ) હેઠળ રાજ્ય સરકાર નક્કી કરે તેવા પછીના ધોરણથી બારમા ધોરણ સુધીનું ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શિક્ષણ; અથવા

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(૪) તેરમા ધોરણથી પંદરમાં ધોરણ સુધીનું ઉચ્ચત્તર ગ્રામ શિક્ષણ; અથવા

(૫) પૂર્વપ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતી અથવા પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતી સંસ્થાઓ; અથવા

(૬) યથાપ્રસંગ, રાજ્ય સરકારે માન્ય કરેલી ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ રજીસ્ટર થયેલી સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજ;

સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(ગ) "બોર્ડ" એટલે કલમ ૩ હેઠળ સ્થપાયેલું ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ;

(ઘ) "ઉપ-નિયમો" એટલે કલમ ૪૦ હેઠળ બોર્ડ કરેલા ઉપ-નિયમો;

(ચ) "અધ્યક્ષ" એટલે બોર્ડના અધ્યક્ષ;

(છ) "સમિતિ" એટલે કલમ ૧૮ હેઠળ નિમાયેલી સમિતિ;

(જ) "ઉપાધ્યક્ષ" એટલે બોર્ડના ઉપાધ્યક્ષ;

INDEX

(ઝ) "હેડ માસ્તર" એટલે બુનિયાદી શિક્ષણ આપતી કોઈ શાળાના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફના વડા, પછી તેના હોદ્દાને ગમે તે નામ આપવામાં આવ્યું હોય;

(ટ) "છાત્રાલય" એટલે કોઈ બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ચલાવાતું વિદ્યાર્થીઓના નિવાસનું એકમ;

(ઠ) કોઈ ઉત્તર બુનિયાદી સંસ્થાના સંબંધમાં "વ્યવસ્થાપક" એટલે સંસ્થાનું નિયંત્રણ અથવા સંચાલન જેને હસ્તક હોય તે વ્યકિત અથવા વ્યકિતઓનું મંડળ;

(ડ) "બિન-શૈક્ષણિક સ્ટાફ" એટલે બુનિયાદી શિક્ષણ આપતી શાળાનો, શિક્ષણ આપવા સિવાયની કોઈ ફરજ બજાવવા અથવા કાર્ય કરવા માટે નિમાયેલ સ્ટાફ;

(ઢ) "ઉત્તર બુનિયાદી શાળા" એટલે ઉત્તર બુનિયાદી શિક્ષણ આપતી અને ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ નોંધાયેલ કોઈ શાળા; સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

(ત) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા વિનિયમોથી ઠરાવેલું;

(થ) "માધ્યમિક શિક્ષણ અધિનિયમ" એટલે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, ૧૯૭૨;

(દ) "શિક્ષક" એટલે બુનિયાદી શિક્ષણ આપતી કોઈ શાળાનો શિક્ષક પણ તેમાં હેડ માસ્તરનો સમાવેશ થતો નથી. સન ૧૯૭૩નો ગુજરાતનો ૧૮મો.

પ્રકરણ ૨

બોર્ડની રચના, સંસ્થાપન અને સત્તા

બોર્ડની સ્થાપના, સંસ્થાપન અને રચના.

૩. (૧) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને આ માટે નિર્દિષ્ટ કરે તે તારીખે અને ત્યારથી અમલમાં આવે તે રીતે, આ અધિનિયમના હેતુ માટે, ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ એ નામનું બોર્ડ સ્થાપવામાં આવશે.

(૨) બોર્ડ સંસ્થાપિત મંડળ રહેશે અને તેને શાશ્વત ઉત્તરાધિકાર અને સામાન્ય સીલ રહેશે અને સદરહુ નામે તે દાવો માંડી શકશે અથવા તેના પર દાવો માંડી શકાશે અને તેને જંગમ અને સ્થાવર, એ બન્ને પ્રકારની મિલકત સંપાદન કરવાની, તે ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને આ અધિનિયમના હેતુઓ માટે કરાર કરવાની અને બીજા તમામ જરૂરી કાર્યો કરવાની સત્તા રહેશે.

(૩) બોર્ડ, રાજ્ય સરકાર નીમે તેવા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને નીચેના સભ્યોનું બનશે :—

(૧) તેરમા ધોરણથી પંદરમા ધોરણ સુધી ઉચ્ચતર ગ્રામ શિક્ષણ આપતી બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓના પ્રિન્સીપાલોમાંથી એક સભ્ય;

(૨) સ્નાતક બુનિયાદી તાલીમ આપતી કોલેજના પ્રિન્સીપાલોમાંથી એક સભ્ય;

(૩) પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતી કોલેજોના પ્રિન્સીપાલોમાંથી એક સભ્ય;

(૪) હેડ માસ્તરોમાંથી ત્રણ સભ્યો;

(૫) તેરમા ધોરણથી પંદરમા ધોરણ સુધી ઉચ્ચતર ગ્રામ શિક્ષણ આપતી બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકોમાંથી એક સભ્ય;

(૬) પૂર્વપ્રાથમિક અને પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતી કોલેજોના શિક્ષકોમાંથી એક સભ્ય;

(૭) શિક્ષકોમાંથી બે સભ્યો;

(૮) બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓના સંચાલનના પ્રતિનિધિઓમાંથી બે સભ્યો;

(૯) ગુજરાત નઈ તાલીમ સંઘના પ્રમુખ અને તેની કારોબારી સમિતિના સભ્યોમાંથી બે સભ્યો;

(૧૦) બુનિયાદી શિક્ષણના ઉત્તેજનમાં રોકાયેલી વ્યકિતઓમાંથી બે સભ્યો;

(૧૧) અગ્રીમ શિક્ષણશાસ્ત્રીઓમાંથી બે સભ્યો;

(૧૨) ઉચ્ચતર શિક્ષણના કમિશનર, ગાંધીનગર;

(૧૩) ટેકનીકલ શિક્ષણ નિયામક, ગાંધીનગર;

(૧૪) પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગર;

(૧૫) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ, ગાંધીનગર;

(૧૬) ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળના નિયામક, ગાંધીનગર;

(૧૭) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદના નિયામક, અમદાવાદ;

(૧૮) ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ;

(૧૯) ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષ ;

(૨૦) નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના એક અધિકારી;

(૨૧) નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા ગુજરાત સરકારના નાણાં વિભાગના એક અધિકારી.

બોર્ડનું મુખ્ય મથક.

૪. બોર્ડનું મુખ્ય મથક, રાજ્ય સરકાર નક્કી કરે તે સ્થળે રહેશે.

INDEX

બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત અને તેમની સેવાની શરતો.

૫. (૧) અધ્યક્ષને અને ઉપાધ્યક્ષને, રાજ્ય સરકાર, તે દરેક માટે નક્કી કરે તે પ્રમાણે તેમની નિમણૂકની તારીખથી, ચાર વર્ષથી વધુ નહિ તેટલી મુદત માટે નિમવામાં આવશે.

(૨) રાજ્ય સરકાર વખતોવખત અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત લંબાવી શકશે, તેમ છતાં જે કુલ મુદત સુધી અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ હોદ્દો ધરાવી શકે તે મુદત ૮ વર્ષથી વધવી જોઈએ નહીં.

(૩) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ફરી નિમણૂકને પાત્ર થશે નહિ.

(૪) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના, યથાપ્રસંગ, પગાર અથવા માન-વેતન ભથ્થાં અને સેવાની અન્ય શરતો રાજ્ય સરકાર નક્કી કરે તેવાં રહેશે.

(૫) પેટા-કલમો (૧) અને (૨)માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, તેને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, સદરહુ પેટા-કલમો હેઠળ નક્કી કરેલી અથવા લંબાવેલી નિમણૂકની મુદત પૂરી થતાં પહેલાં કોઈપણ સમયે અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષની નિમણૂક સમાપ્ત કરી શકશે અને કલમ ૮ના ખંડ (ક) અથવા (ગ)માં નિર્દિષ્ટ કરેલી કોઈપણ ગેરલાયકાતને પાત્ર થાય, તો તેની નિમણૂક સમાપ્ત થશે.

બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત.

૬. બોર્ડના સભ્યો, જે તારીખે તેમનાં નામ રાજપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષની મુદત માટે હોદ્દો ધરાવશે.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની જગા કામ-ચલાઉ ખાલી પડવા બાબત.

૭. અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષના હોદ્દાની જગા, તે હોદ્દાધારીની રજા અથવા માંદગીના કારણે અથવા બીજા કોઈ કારણે હંગામી રીતે ખાલી પડે, ત્યારે રાજ્ય સરકાર, પોતે નક્કી કરે તે પગાર અથવા યથા પ્રસંગ, માન-વેતન, ભથ્થાં અને સેવાની બીજી શરતોએ, આવા હોદ્દાની જગા ખાલી રહે ત્યાં સુધી યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ તરીકે અન્ય વ્યકિતને નીમી શકશે.

બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની ગેર-લાયકાતો.

૮. કોઈ વ્યકિત આ અધિનિયમ હેઠળ નિમવામાં આવેલા બોર્ડના અથવા સમિતિના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અથવા સભ્ય તરીકે નિમાવા અથવા ચાલુ રહેવા માટે ગેરલાયક ગણાશે:

જો તે વ્યકિત—

(ક) પોતે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે અથવા પોતાના ભાગીદાર મારફતે,

(૧) ગુજરાત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા બોર્ડ નક્કી કરે તેવી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અથવા બીજી કોઈ પરીક્ષા માટે ઠરાવેલ અથવા રાજ્ય સરકારે બોર્ડને સોંપેલા કોઈ પાઠયપુસ્તક અંગે પ્રસિધ્ધ કરેલી કોઈ માર્ગદર્શિકામાં અથવા બુનિયાદી શિક્ષણ સંસ્થા માટેની કોઈ પરીક્ષામાં, કોઈ ભાગ કે હિત ધરાવતી હોય કે ધરાવતી હતી ;

(૨) બોર્ડના હુકમથી કરવામાં આવેલા કોઈ કામમાં અથવા બોર્ડ અથવા બોર્ડ વતી કરવામાં આવેલા કોઈ કરારમાં કોઈ ભાગ કે હિત ધરાવતી હોય :

પરંતુ પેટા—ખંડ (૧)માં ઉલ્લેખેલી કોઈ માર્ગદર્શિકામાં કોઈ ભાગ કે હિત ધરાવતી વ્યકિત, એવી માર્ગ-દર્શિકા પ્રસિધ્ધ થાય તે તારીખથી પાંચ વર્ષ વીતી ગયા હોય, તો તે પેટા-ખંડ હેઠળ ગેરલાયક બની છે એમ ગણાશે નહિ;

(ખ) જેની સામે હોદ્દા પરથી દૂર કરવા માટેનો હુકમ, કલમ ૧૪ની પેટા-કલમ (૧) હેઠળ કરવામાં આવ્યો હોય તેવી વ્યકિત હોય અને હોદ્દા ઉપરથી તેને દૂર કર્યાના હુકમની તારીખથી પાંચ વર્ષ વીતી ગયા ન હોય તો;

(ગ) જો તેને—

(૧) કોર્ટે કાયદાથી અસ્થિર મગજની ઠરાવી હોય;

(૨) મુકત નહિ થયેલ નાદાર હોય;

(૩) નૈતિક અધ:પતનના ગુના માટે કોર્ટે કાયદાથી દોષિત ઠરાવી હોય તો.

ગેરલાયકાતને લીધે સભ્યને જગા ખાલી પડવા બાબત

૯. બોર્ડના અથવા કોઈ સમિતિના કોઈ સભ્ય કલમ ૮માં દર્શાવેલી કોઈપણ ગેરલાયકાતને પાત્ર બને, તો તેમ થતા તેનો હોદ્દો ખાલી પડશે.

INDEX

પરવાનગી વિના ગેર-હાજર રહેવાને લીધે સભ્યની જગા ખાલી પડવા બાબત.

૧૦. બોર્ડનો સભ્ય, બોર્ડની લાગલાગટ ત્રણ બેઠકોમાં અધ્યક્ષની પરવાનગી વિના ગેરહાજર રહે, તો તેમ થતાં, તેનો હોદ્દો ખાલી પડશે.

જગા ખાલી પડવા અંગેના પ્રશ્નનો નિર્ણય.

૧૧. કલમ ૯ અથવા ૧૦ હેઠળ કોઈ સભ્યનો હોદ્દો ખાલી પડયો છે કે કેમ તે અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય, તો તે પ્રશ્ન નિર્ણય માટે રાજ્ય સરકારને મોકલવો જોઈએ અને રાજ્ય સરકાર તે સભ્યને સુનાવણીની વાજબી તક આપ્યા પછી તે પ્રશ્નનો નિર્ણય કરશે અને તેનો નિર્ણય આખરી ગણાશે.

જગા ખાલી પડે તો તે જાહેર કરવા બાબત.

૧૨. કલમ ૯ અથવા કલમ ૧૦ હેઠળ કોઈ જગા ખાલી પડે તો તે બાબત બોર્ડે રાજપત્રમાં જાહેર કરવી જોઈશે.

સભ્યનું રાજીનામું.

૧૩. સરકારી સભ્ય ન હોય તેવો બોર્ડનો કોઈ સભ્ય બોર્ડના અધ્યક્ષને પોતાનું રાજીનામું લેખિત રીતે આપીને કોઈપણ સમયે પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે.

સભ્યને દૂર કરવા બાબત.

૧૪. (૧) બોર્ડનો સભ્ય, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ સભ્ય તરીકે ચાલુ રહેવા માટે તેને ગેરલાયક ઠરાવે તેવી કોઈ ગેરવર્તણૂંક માટે દોષિત ઠર્યો હોય તો રાજ્ય સરકાર પોતાની મેળે અથવા બોર્ડની ભલામણ પરથી અને પોતાને યોગ્ય લાગે તેવી કોઈ તપાસ કર્યા પછી, લેખિતમાં હુકમ કરીને તેને હોદ્દા પરથી દૂર કરી શકશે:

પરંતુ જે સભ્યના સંબંધમાં ભલામણ કરવામાં આવી હોય અથવા જે સભ્યને દૂર કરવાનો હોય તેને, યથાપ્રસંગ શા માટે આવી ભલામણ ન કરવી અથવા શા માટે તેને દૂર ન કરવો તેનું કારણ દર્શાવવાની વાજબી તક તેને આપવામાં આવી હોય તે સિવાય, બોર્ડથી એવી ભલામણ કરી શકાશે નહિ અને રાજ્ય સરકારથી તેને દૂર કરી શકાશે નહિ.

(૨) જેને પેટા-કલમ (૧) હેઠળ હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવ્યા હોય તે સભ્યનું નામ બોર્ડે રાજપત્રમાં પ્રસિધ્ધ કરવું જોઈશે.

બોર્ડની બેઠકો.

૧૫. (૧) બોર્ડની બેઠક દર વર્ષે ઓછામાં ઓછી ત્રણવાર મળશે અને સામાન્ય રીતે લાગલાગટ બે બેઠકો વચ્ચે ચાર મહિનાનો ગાળો હોવો જોઈશે નહિ.

(૨) અધ્યક્ષ કોઈપણ સમયે બોર્ડની ખાસ બેઠક બોલાવી શકશે અને બોર્ડના સભ્યોની કુલ સંખ્યાના ઓછામાં ઓછા એક તૃતિયાંશ જેટલા સભ્યોએ લેખિત વિનંતી કર્યેથી, અધ્યક્ષે એવી વિનંતી મળ્યા પછી, એકવીસ દિવસથી મોડી ન હોય તેવી તારીખે એવી ખાસ બેઠક બોલાવવી જોઈશે.

ચોક્કસ હેતુઓ માટે વ્યક્તિઓનો બોર્ડ સાથે કામચલાઉ સંબંધ.

૧૬. (૧) બોર્ડ, આ અધિનિયમ હેઠળ, કોઈ ફરજ બજાવવા માટે, એવી રીતે અને એવા હેતુઓ માટે, વિનિયમોમાં કરેલ જોગવાઈ અનુસાર, કોઈપણ વ્યકિતની મદદ અથવા તો સલાહ માટે, તે ઈચ્છે ત્યારે, તેનો સાથ લઈ શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ, બોર્ડ સાથે સંકળાયેલી કોઈપણ વ્યકિતને, કોઈપણ હેતુ માટે તે હેતુ સંબંધી બોર્ડની ચર્ચામાં ભાગ લેવાનો હક રહેશે, પરંતુ બોર્ડની બેઠકમાં મત આપવાનો તેને હક રહેશે નહિ.

બોર્ડની સત્તા અને ફરજો.

૧૭. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડની સત્તા અને ફરજો નીચે પ્રમાણે રહેશે :—

(૧) સામાન્ય રીતે પોતાને પૂછાયેલી બાબતો ઉપર અથવા પોતાની મેળે બુનિયાદી શૈક્ષણિક સંસ્થાના શિક્ષણ અંગેની નીતિ વિષયક બાબતો પરત્વે અને ખાસ કરીને, નીચેની બાબતો પરત્વે રાજ્ય સરકારને સલાહ આપવાની :—

(ક) બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓએ (જેનો આમાં હવે પછી "સંસ્થાઓ" તરીકે ઉલ્લેખ થયો છે તેણે) આપવાના બુનિયાદી શિક્ષણની યોગ્ય પધ્ધતિના ક્રમિક વિકાસની;

(ખ) બુનિયાદી શિક્ષણની આવી પધ્ધતિ માટે શૈક્ષણિક ધોરણો ઠરાવવાની અને તે જાળવવાની;

(ગ) બુનિયાદી શિક્ષણના સંબંધમાં રાષ્ટ્રની અને રાજ્યની નીતિનો સમન્વય સાધવાની;

(ઘ) બુનિયાદી શિક્ષણના આયોજન, કાર્યક્રમ અને વ્યવસ્થાને લગતી બાબતો;

INDEX

(૨) સંસ્થામાં બુનિયાદી શિક્ષણને લગતા અભ્યાસક્રમ તથા પાઠયપુસ્તકો વિષે રાજ્ય સરકારને ભલામણ કરવાની અને આવી સંસ્થાઓમાં ઉપયોગ માટેના પાઠયપુસ્તકો મંજૂર કરવાની અને રાજ્ય સરકારને તેની ભલામણ કરવાની;

(૩) આવી સંસ્થાઓના વિદ્યાર્થીઓના શારીરિક, નૈતિક અને સામાજિક ઉત્કર્ષ માટે અને તેમનામાં શિસ્તની ભાવના કેળવવા માટે લેવાનાં પગલાં નક્કી કરવાની અને છાત્રાલયોમાં રહેવા માટેની સગવડતા પૂરી પાડવા અંગેના ધોરણો ઠરાવવાની;

(૪) બુધ્ધિશાળી વિદ્યાર્થીઓ પારખી કાઢવામાં અને તેમની શકિતને પૂર્ણ વિકાસ તરફ દોરી જવાના તેમના પ્રયાસમાં સંસ્થાઓને માર્ગદર્શન અને સહાય આપવાની;

(૫) બુનિયાદી શિક્ષણમાં ઉપયોગી શૈક્ષણિક પ્રયોગો અને સંશોધન કરવા માટે સંસ્થાઓને પરવાનગી અને પ્રોત્સાહન આપવાની અને આવા પ્રયોગો અને સંશોધન કરવાની શરતો ઠરાવવાની;

(૬) માધ્યમિક શિક્ષણ અધિનિયમ હેઠળ સંસ્થાને રજીસ્ટર્ડ કરાવવાની અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકાર દ્વારા માન્ય કરાવવાની ભલામણ કરવાની;

(૭) માધ્યમિક શિક્ષણ અધિનિયમ હેઠળ રજીસ્ટર્ડ થયેલી સંસ્થાના નામને રજીસ્ટરમાંથી દૂર કરવા અથવા માન્ય સંસ્થાને અમાન્ય કરવા ભલામણ કરવાની;

(૮) સંસ્થાના સંચાલકોને સૂનાવણીની વાજબી તક આપ્યા પછી, બોર્ડનો એવો અભિપ્રાય થાય કે સંસ્થાનું સંચાલન બુનિયાદી શિક્ષણના હિતને પ્રતિકૂળ હોય તે રીતે કરવામાં આવે છે અથવા બુનિયાદી શિક્ષણમાં શૈક્ષણિક ધોરણ જળવાય તે માટે બોર્ડે કરેલા કોઈ સૂચનોનું પાલન તેણે કર્યું નથી, તો તેની નિભાવ ગ્રાન્ટમાં કાપ મૂકવાની રાજ્ય સરકારને ભલામણ કરવાની;

(૯) સંસ્થાઓના સંબંધમાં અભ્યાસક્રમ, પ્રશિક્ષણ અને પરીક્ષાના મૂલ્યાંકન અને સુધારણાના હેતુ માટે આંકડા વિષયક અને અન્ય સંશોધન કાર્ય કરવાની અને એવું સંશોધન કરવામાં સંસ્થાઓને માર્ગદર્શન આપવાની;

(૧૦) પરીક્ષાઓના સંચાલન માટે અને પહેલાં ધોરણથી સાત ધોરણ સુધી બુનિયાદી શિક્ષણ તથા તેરમા ધોરણથી પંદરમા ધોરણ સુધી ઉચ્ચ ગ્રામ્ય શિક્ષણ આપતી સંસ્થાઓમાં અને સ્નાતક બુનિયાદી તાલીમ આપતી (જેનો આમાં હવે પછી "નિર્દિષ્ટ સંસ્થાઓ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સંસ્થાઓમાં એક ધોરણથી પછીના ઉપલા ધોરણમાં વિદ્યાર્થીઓને ચઢાવવા માટે વિદ્યાર્થીઓની કસોટી માટેનાં ધોરણો નકકી કરવાની;

(૧૧) નિર્દિષ્ટ સંસ્થાઓના સ્ટાફની નિમણૂક માટેની લાયકાતો સહિતના ધોરણો ઠરાવવાની અને એવી નિર્દિષ્ટ સંસ્થાઓના સંચાલન માટે મકાન, પ્રયોગશાળા, ગ્રંથાલય, કૃષિ ફાર્મ, પશુપાલન શેડ, હસ્તકલા કાર્યશાળા, ફર્નિચર, સાધનસામગ્રી, સ્ટેશનરી અને બીજી ચીજ વસ્તુઓ અને ઉત્તર બુનિયાદી તથા ઉચ્ચતર ઉત્તર-બુનિયાદી શિક્ષણ આપતી સંસ્થાઓના સંચાલન સંબંધમાં કૃષિ ફાર્મ, પશુપાલન શેડ અને હસ્તકલા કાર્યશાળા માટેની જરૂરિયાતોનું ધોરણ ઠરાવવાની;

(૧૨) પૂરક વાંચનના પુસ્તકો તથા ગ્રંથાલયના પુસ્તકો માટે સંસ્થાઓને ભલામણ કરવાની;

(૧૩) નિર્દિષ્ટ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની શરતો નક્કી કરવાની;

(૧૪) નિર્દિષ્ટ સંસ્થાઓમાં કોઈપણ ધોરણના વર્ગમાં વિદ્યાર્થીઓની પ્રવેશ સંખ્યા ઠરાવવાની;

(૧૫) એક માન્ય સંસ્થામાંથી અન્ય માન્ય સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની ફેર-બદલી માટે શરતો ઠરાવવાની;

(૧૬) નિર્દિષ્ટ સંસ્થાઓમાં સત્ર, રજાઓ અને વેકેશનો માટેની વ્યવસ્થાનું નિયમન કરવાની;

(૧૭) સંસ્થાઓને શૈક્ષણિક બાબતોના સંબંધમાં રજીસ્ટરો અને અન્ય રેકર્ડો તૈયાર કરવાની અને રાખવાની પધ્ધતિનું નિયમન કરવાની;

(૧૮) સંસ્થાઓની પોતે અધિકૃત કરેલી વ્યકિત દ્વારા શૈક્ષણિક તપાસણી કરાવવાની અને તેમાં બુનિયાદી શિક્ષણનું યોગ્ય ધોરણ જળવાતું હોય અને તેમાં ગ્રંથાલયો, પ્રયોગશાળા, રહેવાની અને જમવાની સુવિધા તથા સ્વાસ્થ્ય સેવાઓ માટે પૂરતી જોગવાઈ થઈ હોય તેની ખાતરી કરવા માટેના પગલાં લેવાની;

(૧૯) કોઈપણ સંસ્થાઓમાંથી કોઈ રિપોર્ટ અને માહિતી મંગાવવાની;

(૨૦) પ્રિન્સીપાલની અથવા યથાપ્રસંગ, નિર્દિષ્ટ સંસ્થાઓના હેડમાસ્તર અને શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની લાયકાતો, પસંદગીની પધ્ધતિ અને નિમણૂક અને બઢતીની શરતો, નોકરીની સમાપ્તિ અને વર્તણૂક અને શિસ્ત માટેના નિયમો નક્કી કરવાની;

(૨૧) શિષ્યવૃત્તિઓ, વૃત્તિકા, ચંદ્રકો, પારિતોષિકો અને બીજા ઈનામો કાઢવાની અને એનાયત કરવાની અને તે માટેની શરતો ઠરાવવાની;

(૨૨) પોતાના ફંડનો વહીવટ કરવાની;

(૨૩) ગ્રાન્ટો, વસિયતી બક્ષિસો, દાન, દેણગીઓ, ટ્રસ્ટો અને અન્ય કોઈ મિલકતની અથવા તેના હિત અથવા તેના હકની તબદીલી સ્વીકારવાની;

(૨૪) ખંડ (૨૩)માં ઉલ્લેખેલી કોઈ મિલકત, હિત અથવા હક ધરાવવાની અને તેનો વહીવટ અને તેનો વ્યવહાર કરવાની;

(૨૫) વાર્ષિક રિપોર્ટો ઉપર વિચારણા કરવાની અને તે મંજૂર કરવાની અને નાણાંકીય અંદાજો તૈયાર કરવાના અને રાજ્ય સરકારને મંજૂરી માટે તે મોકલવાની;

(૨૬) આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે વિનિયમો કરવાની;

(૨૭) બોર્ડ અને સમિતિઓએ અનુસરવાની કાર્યરીતિ, બોર્ડ અને સમિતિઓના સભ્યોને આપવાનાં મુસાફરી ભથ્થા જેવી બાબતો અને આ અધિનિયમ અને તે હેઠળ કરેલા, વિનિયમોથી, જેના માટે જોગવાઈ કરી ન હોય તેવી બોર્ડ અને તેની સમિતિઓને જ લગતી બીજી કોઈ બાબત માટે ઉપનિયમો કરવાની;

(૨૮) આ અધિનિયમથી અથવા તે હેઠળ સોંપવામાં આવે તે સત્તા વાપરવાની અને તેના ઉપર મૂકવામાં આવે તે ફરજો બજાવવાની;

(૨૯) આ અધિનિયમના હેતુઓ સિધ્ધ કરવા માટે જરૂરી હોય તેવા તમામ કૃત્યો અને કાર્યો કરવાની.

સમિતિઓ.

૧૮. (૧) પોતાનાં કાર્યો બજાવવા માટે બોર્ડ પોતાના સભ્યોમાંથી કારોબારી સમિતિ અને પોતાને જરૂરી લાગે તેવી બીજી સમિતિઓ નીમી શકશે અને બોર્ડ જે કોઈ વ્યકિત, બોર્ડનો સભ્ય ન હોય તેને એવી કોઈ સમિતિના સભ્ય તરીકે નીમે તો તે કાયદેસર ગણાશે:

પરંતુ અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષનું નામ એવી કોઈ સમિતિના સભ્ય તરીકે બોર્ડ નિર્દિષ્ટ કરે તેમાં આ પેટા-કલમના કોઈપણ મજકૂરથી બાધ આવે છે એમ ગણાશે નહિ :

વધુમાં અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષનું નામ કોઈ સમિતિના સભ્ય તરીકે નિર્દિષ્ટ કરવામાં આવે, તો યથાપ્રસંગ, અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ એવી સમિતિના અધ્યક્ષ રહેશે.

(૨) પેટા-કલમ (૧)માં જણાવેલી જોગવાઈને અધીન રહીને, પેટા-કલમ (૧) હેઠળ બોર્ડે નીમેલી દરેક સમિતિની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને તેણે બજાવવાના બોર્ડનાં કાર્યો ઠરાવવામાં આવે તેવાં રહેશે.

સ્પષ્ટીકરણ :—આ કલમના હેતુ માટે બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તેના સભ્યો છે એમ ગણાશે.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની સત્તા.

૧૯. (૧) અધ્યક્ષ, હાજર હોય, ત્યારે બોર્ડની બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે અને તેમની ગેરહાજરીમાં ઉપાધ્યક્ષ એવી બેઠકોનું અધ્યક્ષસ્થાન લેશે:

પરંતુ બોર્ડની કોઈ બેઠકમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, બંને ગેરહાજર હોય, તો હાજર રહેલા સભ્યો તે બેઠકનું અધ્યક્ષસ્થાન લેવા માટે પોતાનામાંથી એક સભ્યને ચૂંટશે.

(૨) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમો અને ઉપ-નિયમોની જોગવાઈઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવે છે તે જોવાની અધ્યક્ષની ફરજ રહેશે અને તેને આ હેતુ માટે તમામ જરૂરી સત્તા રહેશે.

(૩) અધ્યક્ષના અભિપ્રાય મુજબ જેમાં તાત્કાલિક પગલાં લેવાં જરૂરી હોય તેવા તાકીદના પ્રસંગે, તેઓ પોતાને જરૂરી લાગે તે પગલાં લેશે અને ત્યારબાદ પોતે લીધેલા પગલાં અંગે બોર્ડની આગામીબેઠકમાં બોર્ડને જાણ કરશે.

INDEX

(૪) કલમ ૧૫માં ઠરાવ્યા પ્રમાણે, બોર્ડની બેઠકો બોલાવવાની અને બેઠક સમક્ષ મૂકવાનું કામકાજ જણાવવાની અધ્યક્ષને સત્તા રહેશે.

(૫) અધ્યક્ષ, ઠરાવવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

(૬) ઉપાધ્યક્ષ, ઠરાવવામાં આવે તેવાં અથવા અધ્યક્ષ વખતોવખત તેને સોંપે તેવા ફરજો અને કાર્યો બજાવશે.

(૭) કલમ ૭ની જોગવાઈઓને આધીન રહીને, ઉપાધ્યક્ષ, અધ્યક્ષની ગેરહાજરીમાં અધ્યક્ષ તરીકે કામગીરી બજાવશે અને તે પ્રમાણે કામગીરી બજાવતા હોય, ત્યારે તેઓ અધ્યક્ષની તમામ સત્તા વાપરશે અને તેની તમામ ફરજો અને કાર્યો બજાવશે.

(૮) અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ, બોર્ડની અને તેની જે સમિતિમાં તેમનાં સભ્યો તરીકે નામ હોય તેની તમામ કાર્યવાહીઓમાં મત આપવાનો હક વાપરવા સહિત ભાગ લેવા હકદાર રહેશે, પરંતુ અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, તેઓ બોર્ડના સભ્યો છે એમ ગણાશે નહિ.

બોર્ડના સેક્રેટરીની અને સંયુકત અને મદદનીશ સેક્રેટરીઓની નિમણૂક, સત્તા અને ફરજો.

૨૦. (૧) બોર્ડને એક સેક્રેટરી રહેશે, જેની નિમણૂંક રાજ્ય સરકાર કરશે.

(૨) અધ્યક્ષના નિયંત્રણને અધીન રહીને, સેક્રેટરી, બોર્ડના કારોબારી અધિકારી રહેશે અને બોર્ડ હેઠળ તે સમયે નોકરી કરતા બીજા તમામ અધિકારીઓ અને નોકરો તેના તાબામાં રહેશે.

(૩) તે, ઠરાવવામાં આવે તેવી સત્તા વાપરશે.

(૪) બોર્ડની અને તેની સમિતિઓની બેઠકોમાં હાજર રહેવાને તે હકદાર રહેશે, પરંતુ તેને મત આપવાનો હક રહેશે નહિ.

(૫) બોર્ડની જરૂરિયાતો લક્ષમાં લેતાં, રાજ્ય સરકાર, બોર્ડ માટે પોતાને નીમવા યોગ્ય લાગે તેટલા એક અથવા વધારે સંયુકત સેક્રેટરીઓને અથવા મદદનીશ સેક્રેટરીઓને નીમી શકશે.

(૬) સેક્રેટરી, અધ્યક્ષના સામાન્ય અથવા ખાસ હુકમોથી અનુક્રમે સંયુકત સેક્રેટરી અથવા મદદનીશ સેક્રેટરીને સોંપે તેવી સેક્રેટરીની સત્તા તેઓ વાપરશે અને તેવી ફરજો બજાવશે.

બોર્ડના અન્ય અધિકારીઓ અને નોકરો.

૨૧. બોર્ડ, આ અધિનિયમ હેઠળનાં કાર્યો બજાવી શકે તે માટે જરૂરી હોય તેવા બીજા અધિકારીઓ અને નોકરોને રાજ્ય સરકાર નીમી શકશે:

પરંતુ રાજ્ય સરકાર હુકમ કરીને, અધ્યક્ષ અથવા સેક્રેટરીને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે વર્ગોના નોકરો નીમવાની સત્તા સોંપી શકશે.

બોર્ડના સેક્રેટરી, સંયુકત અથવા મદદનીશ સેક્રેટરીઓ અને નોકરોનાં પગાર અને ભથ્થાં અને નોકરીની બીજી શરતો.

૨૨. આ અધિનિયમ હેઠળ નીમવામાં આવેલાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સેક્રેટરી, સંયુકત અને મદદનીશ સેક્રેટરીઓ અને અન્ય અધિકારીઓ અને નોકરો, રાજ્ય સરકારના નોકરો ગણાશે અને તેઓ તેમનાં પગાર અથવા યથાપ્રસંગ, માનવેતન અને ભથ્થાં રાજ્યના એકત્રિત ફંડમાંથી મેળવશે. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ સિવાયના આ અધિકારીઓનાં પગાર અને ભથ્થાં અને સેવાની અન્ય શરતો રાજ્ય સરકાર નકકી કરે તેવાં રહેશે.

INDEX

પ્રકરણ ૩

નાણાં, હિસાબ અને ઓડિટ

બોર્ડનું ફંડ, તેની કસ્ટડી અને તેનું રોકાણ.

૨૩. (૧) બોર્ડને તેનું પોતાનું ફંડ રહેશે અને તેમાં નીચેના નાણાં જમા કરવામાં આવશે:—

(ક) રાજ્ય સરકારે કોઈ ગ્રાન્ટ, એસાઈનમેન્ટ, ફાળા અને લોન આપી હોય, તો તે;

(ખ) તેને કોઈ વસિયતી બક્ષિસ, દાન અને દેણગી અથવા બીજા ફાળા આપવામાં આવ્યા હોય તો તે ;

(ગ) તેનામાં નિહિત થયેલી જામીનગીરીઓ ઉપરનું વ્યાજ અને તેના વેચાણની ઉપજો;

(ઘ) તેનામાં નિહિત થયેલી મિલકતમાંથી મળતાં તમામ ભાડા અને નફા ;

(ચ) તેને અથવા તેના વતી મળેલાં તમામ નાણાં.

(૨) બોર્ડનું ફંડ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અધિનિયમ, ૧૯૩૪માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની કોઈ અનુસૂચિત બેંકમાં પોસ્ટલ સેવિંગ્ઝ બેંકમાં અથવા મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૩૫ હેઠળ રાજ્ય સરકારે મંજૂર કરેલી સહકારી બેંકમાં રાખવામાં આવશે; અથવા બોર્ડની વિવેકબુધ્ધિ અનુસાર, તે ફંડનું રોકાણ ભારત ટ્રસ્ટ અધિનિયમ, ૧૮૮૨ થી અધિકૃત કરેલી સરકારી જામીનગીરીઓમાં કરવામાં આવશે.

સન ૧૯૩૪નો ૨જો. સન ૧૯૫૦નો મુંબઈનો ૨૯મો. સન ૧૮૮૨નો ૨જો.

બોર્ડે ફંડમાંથી પગાર, પેન્શન વગેરે પેટે ખર્ચ આપવા બાબત.

૨૪. બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, સેક્રેટરી, સંયુકત સેક્રેટરીઓ અને મદદનીશ સેક્રેટરીઓ અને બીજા અધિકારીઓ અને સ્ટાફના પગાર અથવા માનવેતન, પેન્શન, રજા અને અન્ય ભથ્થાં પેટે રાજ્ય સરકાર નકકી કરે તેટલી રકમ, બોર્ડે દર વર્ષે પોતાના ફંડમાંથી રાજ્ય સરકારને ચૂકવવી જોઈશે.

બોર્ડને ગ્રાન્ટ

૨૫. રાજ્ય વિધાનમંડળે આ માટે કાયદાથી કરેલા યોગ્ય વિનિયોગ પછી, રાજ્ય સરકાર, આ અધિનિયમ હેઠળ બોર્ડ પોતાનાં કાર્યો બજાવી શકે તે માટે પોતાને જરૂરી લાગે તેટલી ગ્રાન્ટ બોર્ડને આપશે.

નાણાં ઉછીના લેવાની બોર્ડની સત્તા.

૨૬. (૧) આ માટે ઠરાવવામાં આવે તે શરતોને અધીન રહીને, બોર્ડ, પોતાના માટે પૂરતા આવકના સાધનોની જોગવાઈ કરવા માટે ખુલ્લા બજારમાં અથવા બીજી રીતે નાણાં ઉછીના લઈ શકશે.

(૨) પેટા કલમ (૧) હેઠળ નાણાંઉછીના લેવામાં આવે તે વખતે, રાજ્ય સરકાર નકકી કરે તે દરે અને શરતોએ મુદ્દલની રકમની ભરપાઈ અંગે અને વ્યાજની ચૂકવણી અંગે, રાજ્ય સરકાર એ રીતે ઉછીનાં લીધેલાં તમામ નાણાં માટે બાંહેધરી આપી શકશે.

(૩) પોતાના માટે પૂરતાં આવકના સાધનોની જોગવાઈ કરવાના હેતુ માટે બોર્ડ, સંસ્થાઓ અથવા લોકો પાસેથી અનામતો પણ સ્વીકારી શકશે.

ફંડનો ઉપયોગ.

૨૭. આ અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને, બોર્ડના ફંડનો ઉપયોગ, આ અધિનિયમમાં નિર્દિષ્ટ કરેલી બાબતોને આનુષંગિક ચાર્જ અને ખર્ચ ચૂકવવા પેટે જ અને આ અધિનિયમ હેઠળ અને તેની રૂએ બીજા જે કોઈ હેતુઓ માટે બોર્ડને સત્તા સોંપવામાં આવે અથવા તેના ઉપર ફરજો લાદવામાં આવે તે હેતુઓ માટે જ કરવો જોઈએ.

ફંડમાંથી નાણાં કઈ રીતે ઉપાડવા.

૨૮. બોર્ડે આ માટે યોગ્ય રીતે અધિકૃત કરેલા બે અધિકારીઓએ સહી કરેલ ચેક અથવા લેટર ઓફ ક્રેડિટ સિવાય કોઈ બેન્કમાંથી બોર્ડ નાણાં ઉપાડી શકશે નહીં.

વાર્ષિક બજેટ અંદાજો તૈયાર કરવા બાબત.

૨૯. ઠરાવવામાં આવે તે તારીખ પહેલાં અને તે રીતે બોર્ડે આગામી નાણાંકીય વર્ષ માટે બોર્ડની આવક અને ખર્ચના બજેટના અંદાજો તૈયાર કરવા જોઈશે અને નાણાંકીય વર્ષના આરંભ પહેલાંના ત્રણ મહીના અગાઉ રાજ્ય સરકારને તે સાદર કરવા જોઈશે. રાજ્ય સરકાર, બોર્ડના બજેટ અંદાજોના સંદર્ભમાં પોતાને યોગ્ય લાગે તેવા હુકમો કરી શકશે અને જે તારીખે તે અંદાજો તેને સાદર કરવામાં આવે તે તારીખથી ત્રણ મહિનાની મુદતની અંદર, બોર્ડને તે જણાવી શકશે અને બોર્ડે તેવા હુકમોનો અમલ કરવો જોઈએ.

INDEX

વાર્ષિક હિસાબો અને ઓડિટ.

૩૦. (૧) બોર્ડના હિસાબો, ઠરાવેલ નમૂનામાં તૈયાર કરવા જોઈશે અને તેવી રીતે તેમને રાખવા જોઈશે.

(૨) બોર્ડ ઠરાવેલ નમૂનામાં, દરેક નાણાંકીય વર્ષ માટે વાર્ષિક હિસાબી પત્રકો તૈયાર કરાવવાં જોઈશે.

સન ૧૯૫૬નો ૧૬૦.

(૩) બોર્ડના હિસાબો, કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૨૨૬ હેઠળ કંપનીઓના ઓડિટર તરીકે કાર્ય કરવા યોગ્ય લાયકાત ધરાવનાર કોઈ ઓડિટર પાસે ઓડિટ કરાવવા જોઈશે.

(૪) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ સાથે પરામર્શ કરીને, રાજ્ય સરકાર, સદરહુ ઓડિટરને નીમશે.

(૫) આ અધિનિયમ હેઠળ બોર્ડના હિસાબો ઓડિટ કરવા નિમાયેલ દરેક ઓડિટરને, હિસાબના ચોપડા, સંબંધિત વાઉચરો અને બીજા દસ્તાવેજો અને કાગળો રજૂ કરવાની માંગણી કરવાનો, બોર્ડની ઓફિસોની તપાસ કરવાનો અને ઓડિટર તરીકેની તેની ફરજ બજાવવા માટે તે જરૂરી ગણે તેવી માહિતી બોર્ડ પાસેથી માંગવાનો હક રહેશે.

(૬) ઓડિટર, હિસાબોની ઓડિટ કરેલી નકલની સાથે તેના અહેવાલની એક નકલ બોર્ડને મોકલશે અને તે ઓડિટ અહેવાલ મળ્યા પછી બોર્ડે બનતી ત્વરાએ તે અહેવાલ રાજ્ય સરકારને મોકલવાનો રહેશે.

(૭) પેટા--કલમ (૬) હેઠળ ઓડિટ અહેવાલ મળ્યા પછી, બનતી ત્વરાએ રાજ્ય સરકાર તેને રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવશે.

પ્રકરણ ૪

પ્રકીર્ણ

પ્રસંગોપાત જગાઓ ખાલી પડવા બાબત.

૩૧. બોર્ડના અથવા કોઈ સમિતિના સભ્યોમાં પ્રસંગોપાત્ત ખાલી પડતી તમામ જગાઓ બનતી ત્વરાએ નિમણૂકથી ભરવી જોઈશે અને પ્રસંગોપાત્ત ખાલી પડેલી જગામાં નિમાયેલ વ્યકિત, જેની જગા પર તેને નિમવામાં આવે તે સભ્ય, તે ખાલી પડી ન હોત તો જ્યાં સુધી હોદ્દો ધરાવત ત્યાં સુધી જ હોદ્દો ધરાવશે.

જગા ખાલી હોવાને કારણે અથવા રચનામાં ખામી હોવાને કારણે કાર્યો અને કાર્યવાહીઓ અમાન્ય ઠરશે નહીં.

૩૨. આ અધિનિયમમાં જણાવેલી જોગવાઈઓને આધીન રહીને, બોર્ડનું અથવા કોઈ સમિતિનું કોઈ કાર્ય અથવા કાર્યવાહી, યથાપ્રસંગ, બોર્ડ અથવા સમિતિમાં કોઈ જગા ખાલી હોવાને અથવા તેની રચનામાં કોઈ ખામી હોવાને કારણે જ અમાન્ય થશે નહીં.

બોર્ડ માહિતી પત્રકો વગેરે પૂરા પાડવા બાબત.

૩૩. રાજ્ય સરકાર ફરમાવે, તેવા અહેવાલ, પત્રકો અને નિવેદનો અને બોર્ડના કામકાજ સાથે સંકળાયેલી કોઈ બાબત સંબંધી રાજ્ય સરકાર મંગાવે તેવી વધુ માહિતી બોર્ડે રાજ્ય સરકારને પૂરી પાડવી જોઈએ.

આદેશો કાઢવાની રાજ્ય સરકારની સત્તાઓ.

૩૪. (૧) બોર્ડ આપેલી સલાહ પર વિચારણા કર્યા પછી, રાજ્ય સરકારને, કલમ ૧૭માં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા કોઈપણ બાબતના સંબંધમાં પોતાને જરૂરી લાગે તેવા આદેશો બોર્ડને આપવાની સત્તા રહેશે. બોર્ડે આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૨) બોર્ડે જે બાબતનં સંચાલન કર્યું હોય અથવા જે બાબત કરી હોય અથવા બોર્ડ જે બાબતનું સંચાલન કરતું હોય અથવા જે બાબત કરતું હોય અથવા બોર્ડ જે બાબતનું સંચાલન કરવા અથવા જે બાબત કરવા ધારતું હોય તે બાબતના સંદર્ભમાં બોર્ડને સંબોધન કરવાનો અને તે બાબતમાં પોતાના મંતવ્યો બોર્ડને જણાવવાનો પણ રાજ્ય સરકારને હક રહેશે.

(૩) ઉપર પ્રમાણે જણાવવામાં આવે તે ઉપરથી બોર્ડ કોઈ પગલાં લેવા ધારતું હોય અથવા તેણે કોઈ પગલાં લીધાં હોય, તો તેના વિષે તેણે રાજ્ય સરકારને રિપોર્ટ કરવો જોઈશે અને જો બોર્ડ એવા પગલાં લે નહીં, તો તેણે ખુલાસો કરવો જોઈશે.

(૪) રાજ્ય સરકારને ખાતરી થાય તે રીતે વાજબી સમયની અંદર, બોર્ડ પગલાં ન લે તો, તેણે કરેલા ખુલાસા અથવા રજૂઆત ઉપર વિચારણા કર્યા પછી, રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તેવા આ અધિનિયમ સાથે સુસંગત હોય તેવા આદેશો કરી શકશે અને બોર્ડ આવા આદેશોનું પાલન કરવું જોઈશે.

(૫) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ, જેમાં તાત્કાલિક પગલાં લેવાનું જરૂરી હોય એવી કોઈ તાકીદની પરિસ્થિતિમાં રાજ્ય સરકાર બોર્ડ સાથે અગાઉથી વિચાર વિનિમય કર્યા વિના પોતાને જરૂરી લાગે તેવું આ અધિનિયમ સાથે સુસંગત પગલું લઈ શકશે અને પોતે લીધેલાં પગલાં વિષે બોર્ડને તરત જાણ કરશે.

(૬) રાજ્ય સરકારનો એવો અભિપ્રાય થાય કે બોર્ડનો કોઈ ઠરાવ, હુકમ અથવા તેનું કોઈ કાર્ય, આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને આપેલી સત્તા બહારનું છે, તો રાજ્ય સરકાર લેખિત હુકમથી તેના કારણો નિર્દિષ્ટ કરીને, બોર્ડના તે ઠરાવ અથવા હુકમની બજવણી મોકૂફ રાખી શકશે અને બોર્ડને જે પગલાં લેવાનો હુકમ કર્યો હોય અથવા હુકમ કર્યાનું અભિપ્રેત હોય તે પગલાં લેવાનો પ્રતિબંધ કરી શકશે.

અધ્યક્ષ, ઉપાધ્યક્ષ વગેરે રાજ્ય સેવકો ગણાશે.

૩૫. બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, તેના સભ્યો અને કલમો ૨૦ અને ૨૧માં ઉલ્લેખેલા તમામ અધિકારીઓ અને નોકરો, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ ના અર્થ મુજબ રાજ્ય સેવકો ગણાશે. **સન ૧૮૬૦ના ૪૫મો.**

શુધ્ધબુધ્ધિથી કરેલા કાર્યો માટે ક્ષતિ-પૂર્તિ.

૩૬. આ અધિનિયમ હેઠળ પોતાની સત્તા વાપરતી વેળા અથવા પોતાની ફરજો બજાવતી વેળા શુધ્ધબુધ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યના સંબંધમાં, બોર્ડના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અથવા તેના કોઈ સભ્ય સામે અથવા કલમ ૨૦ અથવા ૨૧માં ઉલ્લેખેલા કોઈ અધિકારી અથવા નોકર સામે અથવા બીજા કોઈ વ્યકિત સામે કોઈ દાવો, ફોજદારી કામ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહીં.

અમુક સંજોગોમાં બોર્ડનું વિસર્જન અથવા પદચ્યુતિ.

૩૭. (૧) રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા વિનિયમોની રૂએ અથવા તે હેઠળ અથવા બીજી રીતે કાયદાથી તેના ઉપર મૂકેલી ફરજો બજાવી શકે તેમ નથી અથવા યોગ્ય રીતે બજાવતું નથી અથવા બજાવવામાં જાણી જોઈને કસૂર કરે છે અથવા તેની સત્તા બાહ્ય વર્તે છે અથવા તેની સત્તાનો દુરૂપયોગ કરે છે અથવા આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા વિનિયમોની જોગ-વાઈઓની વિરૂધ્ધ કાર્ય કરે છે અથવા કર્યું છે અથવા કલમ ૩૪ હેઠળ તેને આપેલા કોઈ આદેશનું પાલન કર્યું નથી તો રાજ્ય સરકાર બોર્ડને ખુલાસો આપવાની તક આપ્યા પછી રાજપત્રમાં હુકમ અને તે માટેના કારણો પ્રસિધ્ધ કરીને, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ત્રણ વર્ષથી વધુ નહીં તેટલી મુદત માટે બોર્ડનું વિસર્જન અથવા તેને પદચ્યુત કરી શકશે અને આવી મુદત બોર્ડને આ કલમ હેઠળ પદચ્યુત કરવામાં આવ્યું ન હોત તો બોર્ડના સભ્યો જે મુદત સુધી કલમ ૬ હેઠળ હોદ્દો ધરાવતા હોત તે મુદત પછી લંબાવો શકશે.

(૨) બોર્ડનું વિસર્જન અથવા તેને પદચ્યુત કરવામાં આવે, ત્યારે નીચેના પરિણામો ઉદ્‌ભવશે :—

(ક) બોર્ડના તમામ સભ્યો, બોર્ડને પદચ્યુત કર્યું હોય, તો પદચ્યુતિના હુકમની તારીખથી અને બોર્ડનું વિસર્જન કર્યું હોય તો વિસર્જનના હુકમમાં નિર્દિષ્ટ કરેલી તારીખથી એવા સભ્યો તરીકેના પોતપોતાના હોદ્દા ખાલી કરશે;

(ખ) બોર્ડ અને તેની સમિતિઓની તમામ સત્તા, ફરજો અને કાર્યો વિસર્જન અથવા પદચ્યુતિની મુદત દરમિયાન, રાજ્ય સરકાર, તે માટે વખતોવખત નીમે તે વ્યકિત અથવા વ્યકિતઓ વાપરશે અને બજાવશે;

(ગ) બોર્ડમાં નિહિત થયેલી તમામ મિલકત, વિસર્જન અથવા પદચ્યુતિની મુદત દરમિયાન, રાજ્ય સરકારમાં નિહિત થશે ;

(૩) બોર્ડના વિસર્જન પછી, પેટા--કલમ (૧) હેઠળ વિસર્જનના હુકમમાં રાજ્ય સરકાર નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તે પહેલાં આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે બોર્ડની ફરી સ્થાપના કરવામાં આવશે અને તેની ફરી રચના કરવામાં આવશે.

(૪) બોર્ડને પદચ્યુત કરવામાં આવે, તો પદચ્યુતિની મુદત પૂરી થયેથી, આ અધિનિયમમાં જોગવાઈ કરેલી રીતે બોર્ડની ફરી સ્થાપના કરવામાં આવશે અને તેની ફરી રચના કરવામાં આવશે.

INDEX

વિનિયમો કરવાની બોર્ડની સત્તા.

૩૮. (૧) બોર્ડ, આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવાના હેતુ માટે વિનિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા વિનિયમોથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત વિષે જોગવાઈ કરી શકાશે:—

(ક) કલમ ૧૬ની પેટા--કલમ (૧) હેઠળ બોર્ડ જે હેતુઓ માટે કોઈ વ્યકિતને, પોતાની સાથે જોડવા માંગતું હોય તે હેતુઓ અને તે માટેની રીત;

(ખ) કલમ ૧૭ના ખંડ (૧) ના પેટા ખંડ (ખ) હેઠળ બુનિયાદી શિક્ષણની પધ્ધતિ માટેના શૈક્ષણિક ધોરણો;

(ગ) કલમ ૧૭ના ખંડ (૩)માં ઉલ્લેખેલી બાબતો માટેના પગલાં અને ધોરણો;

(ઘ) કલમ ૧૭ના ખંડ (૧૧)માં ઉલ્લેખેલી બાબતો માટેના ધોરણો;

(ચ) કલમ ૧૭ના ખંડ (૧૪) હેઠળ, નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓમાં કોઈપણ ધોરણના વર્ગમાં દાખલ કરવાની વિદ્યાર્થીઓની સંખ્યા;

(છ) કલમ ૧૮ની પેટા--કલમ (૨) હેઠળ સમિતિની રચના, તેના સભ્યોના હોદ્દાની મુદત અને આવી સમિતિએ બજાવવાના બોર્ડના કાર્ય;

(જ) કલમ ૧૯ની પેટા--કલમો (૫) અને (૬) હેઠળ અધ્યક્ષે બજાવવાની બીજી ફરજો અને વાપરવાની બીજી સત્તાઓ અને ઉપાધ્યક્ષો બજાવવાની ફરજો અને કાર્યો;

(ઝ) કલમ ૨૦ની પેટા--કલમ (૩) હેઠળ સેક્રેટરીએ બોર્ડના કારોબારી અધિકારી તરીકે વાપરવાની સત્તાઓ;

(ટ) શરતો કે જેને આધીન બોર્ડ, કલમ ૨૬ ની પેટા--કલમ (૧) હેઠળ ખુલ્લા બજારમાંથી અથવા અન્યથા નાણાં ઉછીના લઈ શકે;

(ઠ) કલમ ૨૯ હેઠળ બોર્ડે કઈ તારીખ પહેલાં અને કઈ રીતે પોતાના બજેટ અંદાજો તૈયાર કરવા તે બાબત;

(ડ) કલમ ૩૦ની પેટા કલમ (૧) હેઠળ બોર્ડે કયા નમૂનામાં અને કેવી રીતે તેના હિસાબો તૈયાર કરવા અને જાળવવા તે બાબત;

(ઢ) બોર્ડે કલમ ૩૦ની પેટા--કલમ (૨) હેઠળ કયા નમૂનામાં દરેક નાણાંકીય વર્ષ માટે હિસાબોનું વાર્ષિક પત્રક તૈયાર કરાવવું તે બાબત;

(ત) આ અધિનિયમ હેઠળ ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી બીજી કોઈ બાબત.

પહેલી વારના વિનિયમો.

૩૯. કલમ ૩૮માં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર પહેલી વારના વિનિયમો કરશે અને તે કલમ હેઠળ નવા વિનિયમો યોગ્ય રીતે કરવામાં અને મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી તે અમલમાં ચાલુ રહેશે.

બોર્ડે ઉપનિયમો ઘડવા બાબત.

૪૦. બોર્ડ, નીચેની તમામ અથવા કોઈપણ બાબતોની જોગવાઈ કરવા માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા વિનિયમો સાથે સુસંગત ઉપનિયમો કરી શકશે :—

(ક) બોર્ડની અને બોર્ડે નીમેલી સમિતિઓની બેઠકોમાં અનુસરવાની કાર્યરીતિ અને આવી બેઠકોમાં કોરમ માટે જરૂરી સભ્યોની સંખ્યા ;

(ખ) બોર્ડના અથવા કોઈ સમિતિના સભ્યોને મળવાપાત્ર મુસાફરી અને દૈનિક ભથ્થાં;

(ગ) આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા વિનિયમોની રૂએ જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી માત્ર બોર્ડ અને તેની સમિતિઓને સંબંધકર્તા હોય તેવી બીજી કોઈ બાબત.

શંકાની બાબતમાં અર્થઘટન.

૪૧. આ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા કોઈ વિનિયમ અથવા ઉપનિયમની કોઈપણ જોગવાઈના અર્થઘટન સંબંધી કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે બાબત નિર્ણય માટે, રાજ્ય સરકારને મોકલી શકાશે અને બોર્ડના એક દ્વિતીયાંશ સભ્યો કરતાં ઓછા ન હોય તેટલા સભ્યો તેવી માંગણી કરે, તો તે બાબત રાજ્ય સરકારને મોકલવી જોઈશે. રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

મુશ્કેલીઓ નિવારવાની સત્તા.

૪૨. આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય તો મુશ્કેલી નિવારવા માટે, રાજ્ય સરકાર, પોતાનું જરૂરી અથવા ઈષ્ટ જણાય એવી અને આ અધિનિયમની જોગવાઈઓ સાથે અસંગત ન હોય એવી જોગવાઈઓ, રાજપત્રમાં પ્રસિધ્ધ કરેલા સામાન્ય અથવા ખાસ હુકમથી કરી શકશે.

INDEX

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે તેમના ઠરાવથી શિક્ષણ વિભાગના તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૦માં, રાજ્યમાં બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓને લગતી બાબતોમાં સરકારને સલાહ આપવા માટે ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડની રચના કરી છે. આથી બિન વૈધાનિક બોર્ડને સ્થાને વૈધાનિક બોર્ડ કરીને મુકવાનું અને રાજ્યમાં બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓને ઉત્તેજન આપવાનું અને તેનું નિયમન કરવાનું કામ, વૈધાનિક બોર્ડને સોંપવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને રાજ્યમાં બુનિયાદી શૈક્ષણિક પધ્ધતિ અંગેના મહાત્મા ગાંધીના ખ્યાલને સાકાર કરી શકાય. આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોમાં આ વિધેયકની અગત્યની જોગવાઈઓ સમજાવવામાં આવી છે :—

કલમ ૧.— આ કલમ ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભને લગતી છે.

કલમ ૨.— આ કલમથી વિધેયકમાં આવતા શબ્દો અને શબ્દપ્રયોગોની વ્યાખ્યા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૩.— આ કલમથી ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડની સ્થાપના, સંસ્થાપન અને તેની રચના કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૫.— આ કલમથી બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના હોદ્દાની મુદત અને સેવાની શરતોની જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૬.— આ કલમથી બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૮.— આ કલમથી બોર્ડના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ અને સભ્યોની ગેરલાયકાતો માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૩.—આ કલમથી, સભ્યના રાજીનામા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૪.—આ કલમથી, સભ્યને દૂર કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૫.—આ કલમથી, બોર્ડની બેઠકો બોલાવવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૬.—આ કલમથી, ખાસ હેતુઓ માટે બોર્ડ સાથે વ્યકિતઓના હંગામી એસોસિયેશન માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૭.—આ કલમથી, બોર્ડની સત્તા અને ફરજો માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૮.—આ કલમથી, બોર્ડની સમિતિઓ માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૧૯.—આ કલમથી, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની સત્તા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૦.—આ કલમથી, બોર્ડના સેક્રેટરી, સંયુકત અને મદદનીશ સેક્રેટરીઓની નિમણૂક, સત્તા, અને ફરજો માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૧.—આ કલમથી, બોર્ડના બીજા અધિકારીઓ અને નોકરોની નિમણૂક માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૨.—આ કલમથી, બોર્ડના સેક્રેટરી, સંયુકત અને મદદનીશ સેક્રેટરીઓ અને બીજા અધિકારીઓ અને નોકરોના પગાર અને ભથ્થાં અને સેવાની અન્ય શરતો માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૩.—આ કલમથી, બોર્ડના ફંડ, તેની કસ્ટડી અને રોકાણ માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૫.—આ કલમથી, બોર્ડને ગ્રાન્ટ આપવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૬.—આ કલમથી, નાણાં ઉછીના લેવાની બોર્ડની સત્તા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૨૭.—આ કલમથી બોર્ડના ફંડનો [illegible] માટે જોગવાઈ કરવામાં આવી છે.

INDEX

કલમ ૨૯.—આ કલમથી, વાર્ષિક અંદાજ પત્રો તૈયાર કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૩૦.—આ કલમથી, વાર્ષિક હિસાબો અને ઓડિટ માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ ૩૪.—આ કલમથી, રાજ્ય સરકાર ને કલમ ૧૭માં નિર્દિષ્ટ કરેલ બાબતો અંગે બોર્ડને સૂચનાઓ આપવાની સત્તા રળે છે.

કલમ ૩૭.—આ કલમથી, કેટલાક સંજોગોમાં બોર્ડનુ વિસર્જન કરવા અથવા તેને પદચ્યુત કરવા માટે જોગવાઈ કરવામાં આવી છે.

કલમ-૩૮.—આ કલમથી, આ અધિનિયમની જોગવાઈઓનો સામાન્ય રીતે અમલ કરવાના હેતુ માટે અને ખાસ કરીને તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતોના સંબંધમાં વિનિયમો કરવાની બોર્ડને સત્તા પ્રાપ્ત થાય છે.

કલમ ૩૯.—આ કલમથી, રાજ્ય સરકારને પ્રથમ વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૪૦.—આ કલમથી બોર્ડને ઉપ-નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૪૨.—આ કલમથી, રાજ્ય સરકારને અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં કોઈપણ મુશ્કેલી ઉભી થાય તે દૂર કરવાની સત્તા પ્રાપ્ત થાય છે.

નાણાકીય યાદી

બોર્ડ પોતાના કાર્યો કરી શકે તે શકય બનાવવા માટે, વિધેયકની કલમ ૨૫ થી રાજ્ય સરકાર, બોર્ડને ગ્રાન્ટની ચુકવણી કરી શકે તે માટે જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ અધિનિયમિત કરવામાં આવે અને તેનો અમલ કરવામાં આવે તો, તેમાં બોર્ડને આપવાની ગ્રાન્ટ પેટે રાજ્યના એકત્રિત ફંડમાંથી છ લાખ રૂપિયાના આવર્તક પ્રકારના અંદાજેલ વાર્ષિક ખર્ચનો સમાવેશ થાય છે.

ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડનો હાલનો સ્ટાફ અને અધિકારીઓમાંના કેટલાક અધિકારીઓ અને શિક્ષણ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ કચેરીઓમાં કામ કરતા અધિકારીઓ અને સ્ટાફ, બોર્ડને હસ્તક મૂકવામાં આવશે. તેથી કરીને, બોર્ડ માટે અધિકારીઓ અને સ્ટાફના કારણસર વધારાનો ખર્ચ વહોરવો પડશે નહિ.

નરહરિ અમીન

ધારાકીય સત્તા સોંપવાની યાદી.

આ વિધેયકથી નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાઓ સોંપવાની જોગવાઈ કરવામાં આવે છે.

કલમ ૧.— આ કલમથી પેટા-કલમ (૩) થી રાજ્ય સરકારને સરકારી રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, અધિનિયમની કલમ બાકીની જોગવાઈઓ જે તારીખે અમલમાં આવે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.— આ કલમની પેટા--કલમ (૧) થી રાજ્ય સરકારને, સરકારી રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, ગુજરાત બુનિયાદી શિક્ષણ બોર્ડ સ્થાપવામાં આવશે જેનો કઈ તારીખે અને કઈ તારીખથી અમલ કરવામાં આવશે તે તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૬.—આ કલમની પેટા--કલમ (૧) થી, બોર્ડને જે રીતે અને જે હેતુઓ માટે બોર્ડ પોતાની મેળે જે વ્યકિતઓની મદદ અથવા સલાહ લેવાની તે ઈચ્છા રાખે તે વ્યકિતઓ સાથે જોડાવા માટે વિનિયમોથી જોગવાઈ કરવાની સત્તા મળે છે.

કલમ ૧૭.(૧)—આ કલમની પેટા-કલમ (૧) ના પરિચ્છેદ (ખ) થી બોર્ડને, પોતે નિર્માણ કરેલ બુનિયાદી શિક્ષણના ઢાંચા માટે શૈક્ષણિક ધોરણો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

INDEX

(૨) આ કલમથી પેટા-કલમ(૩)થી બોર્ડને બુનિયાદી શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓમાં શિસ્તની ભાવના વારંવાર કેળવવા માટે અને તેમના શારીરિક, નૈતિક અને સામાજિક કલ્યાણને ઉત્તેજન આપવા માટે અને છાત્રાલયમાં તેમને આપવા માટેની રહેવાના સગવડતા ધોરણ માટે પગલાં લેવાનું વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ (૧૧)થી બોર્ડને નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓના સ્ટાફના ધોરણો અને તેમાં નિર્દિષ્ટ કરેલી વસ્તુઓના સંબંધમાં જરૂરિયાતના ધોરણને વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૪) આ કલમની પેટા-કલમ(૧૪)થી બોર્ડને, નિર્દિષ્ટ કરેલી સંસ્થાઓમાં કોઈપણ ધોરણના વિભાગમાં પ્રવેશ આપવાના વિદ્યાર્થીઓની સંખ્યા વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૫) આ કલમની પેટા-કલમ(૨૬) થી બોર્ડને, આ અધિનિયમના હેતુઓનો અમલ કરવા માટે વિનિયમો કરવાની સત્તા મળે છે.

(૬) આ કલમની પેટા-કલમ (૨૭)થી બોર્ડને, તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સંબંધી ઉપ-નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ-૧૮.—આ કલમની પેટા-કલમ(૨)થી બોર્ડને, સમિતિની રચના, તેમના સભ્યોના હોદ્દાની મુદત અને તે બોર્ડ કરવાના કાર્યો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૯.—(૧) આ કલમની પેટા-કલમ(૫) થી બોર્ડને, અધ્યક્ષે ચલાવવાની બીજી સત્તા અને બજાવવાની બીજી ફરજો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ(૬)થી બોર્ડને ઉપાધ્યક્ષે બજાવવાની ફરજો અને કાર્યો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૦.—આ કલમની પેટા-કલમ (૩)થી બોર્ડને, બોર્ડના સેક્રેટરીએ ચલાવવાની સત્તા વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૬.—આ કલમની પેટા-કલમ (૧)થી બોર્ડને, બોર્ડ ખુલ્લા બજારમાંથી અથવા અન્યથા જે શરતોને અધીન રહીને બોર્ડ નાણાં ઉછીના લઈ શકે તે શરતો વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૯.—આ કલમથી બોર્ડને જે તારીખ પહેલાં અને જે રીતે બોર્ડ દ્વારા બજેટ અંદાજપત્રો તૈયાર કરી શકાય તે તારીખ વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૦.—(૧) આ કલમની પેટા-કલમ(૧)થી બોર્ડને નમૂનો અને જે રીતે બોર્ડના હિસાબો તૈયાર કરવામાં આવશે અને નિભાવવામાં આવશે તે રીતે વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ(૨)થી બોર્ડને જે નમૂનામાં પ્રત્યેક નાણાંકીય વર્ષ માટે હિસાબોનું વાર્ષિક પત્રક તૈયાર કરવામાં આવશે તે નમૂનો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૭. આ કલમથી રાજ્ય સરકારને સરકારી રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને બોર્ડને વિસર્જન કરવાની અથવા પદચ્યુત કરવાની સત્તા મળે છે.

કલમ ૩૮.—આ કલમથી બોર્ડને આ અધિનિયમની જોગવાઈઓનો સામાન્ય રીતે અમલ કરવાના હેતુ માટે અને ખાસ કરીને તેમાં નિર્દિષ્ટ કરેલી બાબતોના સંદર્ભમાં વિનિયમો કરવાની સત્તા પ્રાપ્ત થાય છે.

કલમ ૩૯.—આ કલમથી રાજ્ય સરકારને પહેલીવારના વિનિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૪૦.—આ કલમથી બોર્ડને તેમાં નિર્દિષ્ટ કરેલી તમામ અથવા તે પૈકીના કોઈ બાબતની જોગવાઈ કરવા માટે ઉપ-નિયમો કરવાની સત્તા મળે છે.

કલમ ૪૨.—આ કલમથી રાજ્ય સરકારને આ અધિનિયમની જોગવાઈઓને અમલમાં લાવવા માટે ઉભી થતી કોઈપણ મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે પોતાને જરૂરી અથવા ઈષ્ટ જણાય તેવી કોઈપણ જોગવાઈ સરકારી રાજપત્રમાં હુકમ પ્રસિધ્ધ કરીને કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૪

નરહરિ અમીન,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,

ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત સરકારના વૈદ્યાનિક અને
સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 84 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, DECEMBER 21, 1994/AGRAHAYANA 30, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૧૮૯૧-૯૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૫૯૧-૯૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ :—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૩૩ની પેટા—કલમ ૩ સાથે વાંચતા કલમ ૨૭૭થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત નગરપાલિકા (અનુ. જાતિ, અનુ.આદિ-જાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૫૭૭-૯૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-એમ હેઠળ, તારીખ ૫મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ--૧--એના પાના ૪૯૯--૧ થી ૪૯૯--૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો, અને તેનાથી અસર થવા સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી દસ દિવસમાં વાંધા અને સૂચનો મંગાવ્યા હતા;

અને સદરહુ મુસદ્દા પર એ રીતે મળેલ વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૩૩ની પેટા--કલમ ૩ સાથે વાંચતા કલમ ૨૭૭ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા : આ નિયમો, ગુજરાત નગરપાલિકા (અનુ. જાતિ, અનુ. આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ કહેવાશે.

૨. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાતવર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં (હોદ્દા) અનામત રાખવા બાબત :— નગરપાલિકના પ્રમુખનો હોદ્દો, અનુસૂચિમાં દર્શાવેલ રોસ્ટર અનુસાર અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓની તરફેણમાં અનામત રાખવામાં આવશે.

૩. પ્રસંગોપાત ખાલી પડતી જગાઓ માટે અનામત ચાલુ રાખવા બાબત :—પ્રમુખના હોદ્દામાં પ્રસંગોપાત જગા ખાલી પડે તો તે ભરવા માટે કોઈ ચૂંટણી કરવાની હોય, તો (જેની મુદત પૂરી થઈ ન હોય તેવા) અગાઉના પ્રમુખની ચૂંટણી માટે કોઈ અનામત લાગુ પાડી શકાય તો તે આવી ચૂંટણી માટે ચાલુ રહેશે.

૪. નગરપાલિકાની પુન: રચના થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ :—અગાઉની નગરપાલિકાની મુદત પૂરી થયા પછી અથવા અગાઉની નગરપાલિકાની મુદત પૂરી થયા પહેલાં તેનું વિસર્જન કરવામાં આવ્યું હોય તે પછી, નગરપાલિકાની પુન: રચના કરવામાં આવે ત્યારે, આવી પુન: રચના પછી પ્રમુખની ચૂંટણી માટે છેલ્લે ઉપયોગમાં લીધેલ રોસ્ટર પોઈન્ટની પછીના રોસ્ટર પોઈન્ટનો શરૂઆતના પોઈન્ટ તરીકે ઉપયોગ કરવો જોઈશે.

૫. રોસ્ટરનો સમયગાળો :—આ નિયમો અનુસાર યોજેલ પ્રથમ ચૂંટણીથી શરૂ થતી દસ વર્ષની મુદત માટે આ રોસ્ટરનો અમલ ચાલુ રહેશે.

૬. નવી નગરપાલિકા રચાય ત્યારે રોસ્ટર પોઈન્ટ :—નવા વિસ્તારોના જોડાણથી અથવા અન્યથા કોઈ નવી નગરપાલિકા રચાય ત્યારે, રાજ્ય સરકાર, આવી નગરપાલિકા માટે જે સિધ્ધાંતો હેઠળ આ રોસ્ટર નકકી કરવામાં આવ્યું હોય તે જ સિધ્ધાંતો ઉપર તેનું રોસ્ટર પોઈન્ટ નકકી કરશે. અને આ કિસ્સામાં, બીજી નગરપાલિકાઓના રોસ્ટરને ખલેલ પહોંચાડી શકાશે નહિ.

INDEX

અનુસૂચિ

નગરપાલિકાના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર પોઇન્ટ

અનુ. ક્રમાંક	નગરપાલિકાનું નામ	રોસ્ટર પોઇન્ટ ૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
		વર્ગ-ક : [અ.જા.-૧, પ.વ.-૧, સ્ત્રી-૩, સામાન્ય-૫]									
૧.	અમરેલી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨.	બગસરા	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૩.	બાલાસિનોર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૪.	ભૂજ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૫.	બોટાદ	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૬.	ચાંદખેડા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	પ. વ.	સા.	સ્ત્રી	સા.
૭.	છાયા	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૮.	ડીસા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૯.	દહેગામ	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૧૦.	ધંધુકા	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૧૧.	ધોળકા	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૧૨.	ધોરાજી	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૧૩.	ધ્રાંગધ્રા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૧૪.	દ્વારકા	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૧૫.	હિંમતનગર	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૧૬.	જંબુસર	સ્ત્રી	સા.	પ.વ.	સા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ જા.	સા
૧૭.	જેતપુર-નવાગઢ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૧૮.	જોધપુર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.જા.	સા.	સ્ત્રી.	સા.
૧૯.	જૂનાગઢ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૨૦.	કડી	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૨૧.	કપડવંજ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૨૨.	કેશોદ	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૨૩.	ખંભાળિયા	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૨૪.	ખંભાત	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી.	સા.	અ.જા	સા.
૨૫	કોડીનાર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૨૬.	લુણાવાડા	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૨૭.	મહેસાણા	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા	પ.વ.	સા.	સ્ત્રી
૨૮.	મહેમદાવાદ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૨૯.	મોડાસા	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૩૦.	મોરબી	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૩૧.	નડીયાદ	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩૨.	પાદરા	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી.	સા.	પ.વ.	સા.
૩૩.	પાલનપુર	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩૪.	પાલિતાણા	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૩૫.	પાટણ	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી.	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૩૬.	પેટલાદ	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૩૭.	પોરબંદર	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૩૮.	રાજુલા	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી.	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સ્ત્રી.
૩૯.	રાણીપ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪૦.	સાણંદ	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪૧.	સાવરકુંડલા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૪૨.	સિધ્ધપુર	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૪૩.	શિહોર	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી

INDEX

[અનુસૂચિ ચાલુ)

અનુ. ક્રમાંક	નગરપાલિકાનું નામ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૪૪.	સુરેન્દ્રનગર-દૂધરેજ	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪૫.	ઉના	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪૬.	ઉંઝા	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.
૪૭.	ઉપલેટા	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૪૮.	વડનગર	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪૯.	વેજલપુર(અમદાવાદ)	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી
૫૦.	વિરમગામ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૫૧.	વિસનગર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૫૨.	વઢવાણ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૫૩.	વાંકાનેર	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.

વર્ગ ખ [અ. જા—૧ અ. જા. સ્ત્રી—૧, પ.વ.—૧, સ્ત્રી—૧, સામાન્ય—૫]

૧.	બાવળા	સ્ત્રી	સા.	અ.જા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.સ્ત્રી	સા.
૨.	ગાંધીધામ	સા.	અ.જા.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સ્ત્રી	સા	પ.વ.	સા.	સ્ત્રી.
૩.	કલોલ	અ.જા.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સા.
૪.	લિંબડી	સા.	અ.જા.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.જા.	સા.	સ્ત્રી

વર્ગ-ગ [પ.વ.-૧, સ્ત્રી--૩, સામાન્ય--૬]

૧.	આણંદ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૨.	બોરસદ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૩.	ચકલાસી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૪.	ચાંદલોડિયા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૫.	ઘાટલોડિયા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૬.	ગોંડલ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.
૭.	જસદણ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૮.	કડી	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૯.	મહુવા	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા..
૧૦.	માંગરોળ	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા
૧૧.	રૅયા	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.
૧૨.	ઉમરેઠ	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.
૧૩.	વેરાવળ--પાટણ	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.

વર્ગ-ઘ : [અ.જા--૧, અ. આ.--૧, પ.વ.--૧, સ્ત્રી--૩, સામાન્ય:-૪]

૧.	અંજાર	અ.જા.	સા.	સ્ત્રી	સા.	અ.આ.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૨.	ભરૂચ	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી	અ.આ.	સા.	સ્ત્રી	સા.	પ.વ.
૩.	ડભોઈ	અ.આ.	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	સ્ત્રી
૪.	ગોધરા	સ્ત્રી	સા.	અ.આ.	સા.	સ્ત્રી	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૫.	માંડવી	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.જા.	સ્ત્રી	સા.	અ.આ.	સા.	સ્ત્રી
૬.	વિજાપુર (વલસાડ)	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	અ.જા.	સા.	સ્ત્રી	સા.	અ.આ.

INDEX

[અનુસૂચિ ચાલુ]

વર્ગ ચ : [અ.આ-૧, આ.આ.સ્ત્રી--૧, પ.વ.--૧, સ્ત્રી--૨, સામાન્ય--૫]

અનુ. ક્રમાંક	નગરપાલિકાનું નામ	૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧.	અંકલેશ્વર	સ્ત્રી	સા.	અ.આ.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	સા.
૨.	બારડોલી	સા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૩.	વલસાડ	અ.આ.સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.આ.	સ્ત્રી
૪.	વાપી	સા.	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	અ.આ.	સા.	સ્ત્રી

વર્ગ છ [અ.જા--૧, અ.આ-૧, અ.આ.સ્ત્રી--૧, પ.વ.--૧, સ્ત્રી--૨ સામાન્ય--૪]

૧.	બીલીમોરા	સ્ત્રી	સા.	અ.આ.	સા.	પ.વ.	સ્ત્રી	સા.	અ.જા.	સા.	અ.આ-સ્ત્રી
૨.	નવસારી	અ.આ.	સા.	પ.વ.	સા.	સ્ત્રી	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.
૩.	રાજપીપળા	અ.આ.સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	અ.જા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.	પ.વ.

વર્ગ-ઝ : [અ.આ-૧, પ.વ.-૧; સ્ત્રી-૩, સામાન્ય-૫]

૧.	દાહોદ	સા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી
૨.	હાલોલ	સ્ત્રી	સા.	પ.વ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.	સા.	સ્ત્રી	સા.

વર્ગ ઝ : [અ.આ-૩, અ.આ.સ્ત્રી--૧, પ.વ.--૧, સ્ત્રી--૨, સામાન્ય--૩]

૨.	વ્યારા	અ.આ.	સા.	સ્ત્રી	સા.	અ.આ.સ્ત્રી	અ.આ.	પ.વ.	સ્ત્રી	અ.આ.	સા.

ઉપરની અનુસૂચિમાં વપરાયેલ સંક્ષિપ્ત રૂપો પર નોંધ:-

સા.--સામાન્ય
અ.જા--અનુસૂચિત જાતિ
અ.આ.--અનુસૂચિતઆદિજાતિ
પ.વ.--પછાત વર્ગ
સ્ત્રી(w)--સ્ત્રી
અ.જા.સ્ત્રી-અનુસૂચિત જાતિ સ્ત્રી
અ.આ.સ્ત્રી--અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

ગુજરાતના રાજ્યપાલના નામે અને તેમના હુકમથી,

કમલ દમાણી,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

IX-Extra-84-2

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 85

REGISTERED NO. G/GNR. 2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, DECEMBER 23, 1994/PAUSA 2, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ ના ગુજરાત વિધેયક ક્રમાંક : ૩૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

INDEX

Gujarat Bill No. 31 of 1994.

THE GUJARAT LEGISLATIVE ASSEMBLY MEMBERS (REMOVAL OF DISQUALIFICATIONS) (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Legislative Assembly Members (Removal of Disqualifications) Act, 1960

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૩૧.

ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) (સુધારા) અધિનિયમ' ૧૯૯૪, કહેવાશે.

સન ૧૯૬૦ ના ગુજરાત ના ૧લા અધિનિયમની અનુસૂચિનો સુધારો.

સન ૧૯૬૦નો ગુજરાતનો ૧લો.

૨. ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦માં, અનુસૂચિમાં,

નોંધ ૩૦ પછી, નીચેની નોંધો ઉમેરવી: —

"૩૧. ગુજરાત ખનિજ વિકાસ કોર્પોરેશન લિમિટેડના અધ્યક્ષ અથવા ડિરેક્ટરનો હોદ્દો ;

સન ૧૯૬૪ નો ગુજરાત-નો ૨૦ મો.

૩૨. ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ હેઠળ સ્થપાયેલ ગુજરાત ખેત બજાર વ્યવસ્થા બોર્ડના અધ્યક્ષનો હોદ્દો.".

INDEX

ઉદ્દેશો અને કારણો.

રાજ્ય સરકારે રચેલા કેટલાક બોર્ડો અને કોર્પોરેશનો કાર્યદક્ષતાથી ચલાવી શકે તેવા વેપાર, વાણિજ્ય, ઉદ્યોગ નાણાં, વ્યવસ્થાપન અથવા જાહેર જીવનના ક્ષેત્રમાં અનુભવવાળા કુશળ વડાઓની જરૂર હોય છે. ખાસ કરીને આ એવી સંસ્થાઓને લાગુ પડે છે કે જેઓ પ્રત્યક્ષ રીતે જાહેર અને સામાજીક પ્રવૃત્તિઓ કરતી હોય કેટલીકવાર, ગુજરાત વિધાનસભાના અમુક સભ્યો તે હેતુ માટે યોગ્ય છે, પણ સંવિધાનની કલમ ૧૯૨ના ખંડ (૧)માંની ગેરલાયકાત અંગેની જોગવાઈને કારણે, ગુજરાત વિધાનસભાના સભ્ય એવી સંસ્થાઓના અધ્યક્ષ, સભ્ય અથવા ડિરેક્ટરનો હોદ્દો સ્વીકારે, તો તેઓ સરકાર હેઠળ લાભદાયી હોદ્દો ધરાવવાના કારણે ગેરલાયક ઠરશે કે કેમ તે સંબંધી શંકા ઉપસ્થિત થાય છે. તેથી, ગુજરાત વિધાનસભા સભ્ય (ગેરલાયકાત નિવારણ) અધિનિયમ, ૧૯૬૦ની અનુસૂચિમાં નોંધો ૩૧ અને ૩૨ ઉમેરીને ગુજરાત ખનિજ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ અથવા ડિરેક્ટર અથવા ગુજરાત રાજ્ય ખેત બજાર વ્યવસ્થા બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂંક થયેથી, આવો સભ્ય જે ગેરલાયકાત વહોરત તે નિવારવાનું જરૂરી જણાયું છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશ સિધ્ધ કરવા માટે સદરહુ અનુસૂચિ સુધારવા ધાર્યુ છે.

તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪. દિનશા પટેલ,

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪. કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને
સંસદીય બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 86 REGISTERED NO. G/GNR.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, DECEMBER 23, 1994/PAUSA 2, 1916

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર (અસાધારણ)માં અંગ્રેજીમા પ્રસિધ્ધ થયેલા સન ૧૯૯૪ના ગુજરાત વિધેયક ક્રમાંક ૩૨નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

INDEX

GUJARAT BILL NO. 32 OF 1994.

THE GUJARAT MARITIME BOARD (AMENDMENT) BILL, 1994.

A BILL

further to amend the Gujarat Maritime Board Act, 1981.

સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાંક ૩૨.

ગુજરાત મેરિટાઈમ બોર્ડ (સુધારા) વિધેયક, ૧૯૯૪.

ગુજરાત મેરિટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી ભારતના ગણરાજ્યના પિસ્તાળીસમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

ટૂંકી સંજ્ઞા.

૧. આ અધિનિયમ 'ગુજરાત મેરિટાઈમ બોર્ડ (સુધારા) અધિનિયમ, ૧૯૯૪' કહેવાશે.

સન ૧૯૮૧નો ગુજરાતનો ૩૦મો.

સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિ-નિયમની કલમ ૩નો સુધારો.

૨. ગુજરાત મેરિટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, કલમ ૩ માં, પેટા-કલમ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:–

"(૪) બોર્ડ, રાજ્યસરકાર, નીચે પ્રમાણે નીમે તેવા પાંચ કરતાં ઓછા નહિ અને બાર કરતાં વધુ નહિ તેટલા સભ્યોનું બનશે :–

(ક) રાજ્ય સરકારના અધિકારીઓમાંથી તેમના હોદ્દાની રૂએ, નીમેલા ત્રણ સભ્યો, જેમાંનો ––

(૧) એક સભ્ય, રાજ્યના નાના બંદરોના વહીવટનો હવાલો ધરાવતા ખાતાનો પ્રતિનિધિ હોવો જોઈશે,

(૨) એક સભ્ય, મત્સ્યોદ્યોગ કમિશનર હોવા જોઈશે, અને

(૩) એક સભ્ય, નાણાં વિભાગનો પ્રતિનિધિ હોવો જોઈશે,

(ખ) બીજા સભ્યો, રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ વહાણવટા, નૌસંચાલન, બંદરો, સફરી વહાણો, મત્સ્યો-દ્યોગ, વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગ, નાના બંદરના કામદારોના એક અથવા વધુ હિતોનું અને રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં જેની રજૂઆત કરવી જોઈએ તેવા બીજા હિતોનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી વ્યકિતઓમાંથી નીમેલા હોવા જોઈશે.".

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિ-નિયમની કલમ ૮નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮ માં, પેટા-કલમ(૧) માં, "પેટા-કલમ(૧)" એ શબ્દ, કૌંસ અને આંકડાને બદલે, "પેટા-કલમ (૬)" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિ-નિયમની કલમ ૧૦નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં કલમ ૧૦માં પેટા-કલમ (૪) માં, "અને કોરમ બનતા સભ્યો" એ શબ્દોથી શરૂ થતો અને " કોઈ કામકાજ કરી શકાશે નહિ" એ શબ્દોથી પૂરો થતો ભાગ કમી કરવો.

INDEX

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૧ ને બદલે નવી કલમ મૂકવા બાબત.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫ને બદલે, નીચેની કલમ મૂકવી :—

સત્તા સોંપણી.

"૧૫. બોર્ડ, રાજ્ય સરકારની મંજૂરી લઈને, એવો આદેશ કરી શકશે કે આ અધિનિયમથી અથવા તે હેઠળ બોર્ડને મળેલી અથવા તેના પર નાંખેલી આવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી સત્તા અને ફરજો, આવા આદેશમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને નિયંત્રણોને આધીન રહીને, મુખ્ય કારોબારી અધિકારી પણ વાપરી શકશે અથવા બજાવી શકશે:

પરંતુ મુખ્ય કારોબારી અધિકારી, બોર્ડના દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને, આ આદેશમાં નિર્દિષ્ટ કરેલ સત્તાઓ વાપરશે અને ફરજો બજાવશે.".

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦ મા અધિનિયમની કલમ ૧૭ નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭ માં,—

(૧) પેટા-કલમ (૧)માં, ખંડ (ક) ને બદલે, નીચેનો ખંડ મૂકવો :—

"(ક) રાજ્ય સરકાર, પોતાને યોગ્ય જણાય તેવી વ્યકિતને બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમશે." ;

(૨) પેટા-કલમ (૨)માં, પરંતુક કમી કરવો.

(૩) પેટા--કલમ (૩) માં, —

(ક) ખંડ (ક)માં "બે હજાર રૂપિયાથી વધુ હોય" એ શબ્દોને બદલે, "પાંચ હજાર રૂપિયા કરતાં ઓછું ન હોય" એ શબ્દો મૂકવા ;

(ખ) ખંડ (ખ) માં, " એક હજાર રૂપિયાથી " એ શબ્દને બદલે, "(ભથ્થા સિવાય) બે હજાર પાંચસો રૂપિયાથી" એ શબ્દો, અને કૌંસ મૂકવા.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૧૮નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૮ માં, પેટા-કલમ (૧) માં, ખંડ (ક) માં, "બે હજાર રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચ હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૧ ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૯નો સુધારો.

૮. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૯માં, પેટા-કલમ (૧)માં,—

(૧) ખંડ (ક)માં, "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "રાજ્ય સરકાર" એ શબ્દો મૂકવા;

(૨) પરંતુક કમી કરવો

INDEX

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં,—

(૧) ખંડ (ક)માં, "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા;

(૨) ખંડ (ખ)માં, "ત્રીસ વર્ષ" એ શબ્દોને બદલે, "એક વર્ષ" એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦ મા અધિનિયમની કલમ ૨૪ નો સુધારો.

૧૦. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૦માં, "અધ્યક્ષ" એ શબ્દ જે બે જગ્યાએ આવે છે ત્યાં તેને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૦નો સુધારો

૧૧. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૨માં, પેટા-કલમ (૨)માં, જ્યાં જ્યાં "અધ્યક્ષ" એ શબ્દ આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૨નો સુધારો.

૧૨. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮૭માં, પેટા-કલમ (૨)માં, "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૮૭નો સુધારો.

૧૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૯૨ ને, તે કલમની પેટા-કલમ (૧) તરીકે ફરી નંબર આપવો અને એવી રીતે ફરી નંબર આપેલ પેટા-કલમ (૧) પછી, નીચેની નવી પેટા-કલમ દાખલ કરવી:—

સન ૧૯૮૧ના ગુજરાતના ૩૦મા અધિનિયમની કલમ ૯૨નો સુધારો.

"(૨) રાજ્ય સરકાર, સરકારને બંદરોના વહીવટીનો વાર્ષિક રિપોર્ટ મળે તે પછી, બનતી ત્વરાએ ત્રીસ દિવસ કરતાં ઓછા ન હોય તેટલા દિવસ માટે આવો દરેક રિપોર્ટ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવડાવશે. "

INDEX

ઉદ્દેશો અને કારણો.

ગુજરાત મેરિટાઈમ બોર્ડ અધિનિયમ, ૧૯૮૧ની કલમ ૩ની પેટા-કલમ (૪)ની વિદ્યમાન જોગવાઈઓમાં કેટલીકવાર સદરહુ પેટા-કલમ (૪)ના ખંડો (ખ) થી (ઝ)માં નિર્દિષ્ટ કરી હોય તેવી વ્યકિતઓમાંથી બોર્ડમાં સભ્યો નીમવા બાબતમાં સ્થિતિસ્થાપકતા માટે કોઈ અવકાશ રહયો હોવાનું જણાતું નથી. તેથી બોર્ડ, રાજય સરકાર નીમવા યોગ્ય ગણે તેવા પાંચ કરતાં ઓછા નહિ અને બાર કરતાં વધુ નહિ એટલા સભ્યોનું બનશે તેવી જોગવાઈ કરવા અને રાજય સરકારના અભિપ્રાય મુજબ વહાણવટા, નૌસંચાલન, સફરી વહાણો, મત્સ્યોદ્યોગ, વ્યાપાર, વાણિજય ઉદ્યોગ, નાના બંદરના કામદારોના એક અથવા વધુ હિતોનું અને રાજય સરકારના અભિપ્રાય મુજબ બોર્ડમાં રજૂ કરવા જોઈએ તેવા અન્ય હિતોનું પ્રતિનિધિત્વ કરી શકે તેવી વ્યકિતઓમાંથી હોદ્દાની રૂએ હોય તે સિવાયના સભ્યોને નીમવા માટે રાજય સરકારને સત્તા આપવા સદરહુ પેટા-કલમ (૪) સુધારવાનું જરૂરી જણાયું છે. સદરહુ પેટા-કલમ (૪)ના ખંડ (ક)થી બે સભ્યો નીમવા માટે જોગવાઈ કરી છે જેમાંની એક નાના બંદરોના વહીવટનો હવાલો ધરાવતા રાજય સરકારના ખાતાનો પ્રતિનિધિ હોવો જોઈશે, અને બીજો સભ્ય, નાણા વિભાગનો પ્રતિનિધિ હોવો જોઈશે, બોર્ડના સભ્ય તરીકે મત્સ્યોદ્યોગના કમિશનર હોવાનું પણ જરૂરી ગણ્યું છે. તદનુસાર જોગવાઈ કરવા માટે સદરહુ કલમ ૩ની પેટા-કલમ (૪)નો ખંડ (ક) સુધારવા ધાર્યું છે.

કલમ ૧૦ની પેટા-કલમ (૪)ની વિદ્યમાન જોગવાઈઓ મુજબ, સમગ્ર બેઠક દરમિયાન જરૂરી કોરમના અભાવે બેઠકનું કામકાજ ચલાવીશકાતું નથી. સમગ્ર બેઠકમાં કોરમ સિવાય કામકાજ ચલાવવા માટેની જરૂરીયાત રદ કરવા ધાર્યું છે.

અધ્યક્ષ, બોર્ડનાં અસરકારક કામકાજ માટેની નીતિ ઘડવા માટે વધુ સમય ફાળવી શકે તે માટે બોર્ડના વહીવટી કામના બોજમાંથી મુકત કરવાનું અને આવું કામ મુખ્ય કારોબારી અધિકારીને સોંપવાનું જરૂરી જણાયું છે. તેથી, બોર્ડની સત્તા મુખ્ય કારોબારી અધિકારીને આપવા ધાર્યું છે. તદનુસાર અધિનિયમની કલમો ૧૫, ૨૪, ૮૦, ૮૨ અને ૮૭માં "અધ્યક્ષ" એ શબ્દને બદલે, "મુખ્ય કારોબારી અધિકારી" એ શબ્દો મૂકીને સુધારા કર્યા છે.

વિદ્યમાન કલમ ૧૭ હેઠળ, બંદરોના સિવિલ કામો, કાર્યો અને વહીવટનો અનુભવ ધરાવતી વ્યકિત, બોર્ડના મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમી શકાય છે. અનુભવ ઉપરથી એવું જણાયું છે કે એવા અનુભવવાળી યોગ્ય વ્યકિત, મુખ્ય કારોબારી અધિકારી તરીકે નીમાવા માટે ઉપલબ્ધ થતી નથી. તેથી એવા અનુભવની જરૂરીયાત રદ કરવા ધાર્યું છે.

વિદ્યમાન કલમ ૧૭ અને ૧૮ની જોગવાઈઓ, રાજય સરકારે તેમાં નિર્દિષ્ટ કરેલી મર્યાદિત પગાર ધોરણની જગાઓ ઉભી કરવા અને તે જગા ઉપર વ્યકિતઓ નીમવા માટે જોગવાઈ કરે છે. તે જગાના પગાર ધોરણની સદરહુ મર્યાદા વધારવા ધાર્યું છે.

વિદ્યમાન કલમ ૨૪માં એવી જોગવાઈ કરી છે કે કરારની મુદત ત્રીસ વર્ષ કરતાં વધુ હોય ત્યારે, બોર્ડ કરાર કરે તે પહેલા રાજય સરકારની મંજૂરી મેળવવાનું જરૂરી છે. બોર્ડ કરવાના કરારોના સંબંધમાં બોર્ડ ઉપર યોગ્ય કાબુ અને નિયંત્રણ રાખવા માટે કરારની ત્રીસ વર્ષની મુદત ઘટાડીને એક વર્ષની કરી છે.

બોર્ડના વહીવટને લગતો રિપોર્ટ રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા માટે કલમ ૯૨માં કોઈ જોગવાઈ નથી. આ કલમમાં તે મતલબની જોગવાઈ કરવામાં આવી છે.

આ વિધેયકથી ઉપર્યુકત ઉદ્દેશો સિધ્ધ કરવા ધાર્યું છે.

મનોહરસિંહજી જાડેજા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

વિધેયકમાં નીચેની બાબતો સંબંધી ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:—

કલમ—૫ :— આ કલમથી બોર્ડને, રાજય સરકારની મંજૂરી લઈને, પોતાની સત્તા અને ફરજો મુખ્ય કારોબારી અધિકારીને સોંપવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ : ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪. મનોહરસિંહજી જાડેજા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪. કુ. એચ. કે. ઝવેરી,
ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય
બાબતોના વિભાગના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX